15 MILLION BOOKS SOLD WORLDWIDE

રોબિન શર્મા

વિશ્વમાં #૧ બેસ્ટસેલર પુસ્તક 'ધ મૉન્ક હુ સોલ્ડ હિઝ ફરારી'ના લેખક



THE 5 AM CLUB

GUJARATI EDITION

પરોઢનો ઉપયોગ કરો

જીવનમાં પરિવર્તન લાવો

INTERNATIONAL BESTSELLER



15 MILLION BOOKS

રોબિ

વિશ્વમાં #૧ બેસ્ટસેલર પુસ્તક 'ધ



ધ 5 એ.એમ. ક્લબ

THE 5 AM CLUB

NOW IN GUJARATI

પરોઢનો ઉપયોગ કરો

જીવનમાં પરિવર્તન લાવો

રોબિન શર્મા

અનુવાદ : અલકેશ પટેલ



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદરાબાદ કલક્તા લખનૌ મુંબઇ

Published by Jaico Publishing House

A-2 Jash Chambers, 7-A Sir Phirozshah Mehta Road

Fort, Mumbai - 400 001

jaicopub@jaicobooks.com

www.jaicobooks.com

Published in arrangement with

HarperCollins Publishers Ltd

Toronto, Canada

To be sold only in India, Bangladesh, Bhutan,

Pakistan, Nepal, Sri Lanka and the Maldives.

THE 5 AM CLUB

ધ 5 એ. એમ. કલબ

ISBN 978-93-89305-47-0

Translator: Alkesh Patel

First Jaico Impression: 2019

Interior illustrations by Mae Besom and Lola Landekic.

લેખક તરફથી સંદેશ + અર્પણ

આ પુસ્તક તમારા હાથમાં છે એ બદલ મને અત્યંત આનંદ થાય છે. હું હૃદયના ઊંડાણથી આશા વ્યક્ત કરું છું કે આ પુસ્તક તમારી ક્ષમતા અને કુશળતા પૂર્ણસ્વરૂપે વ્યક્ત કરવામાં મદદરૂપ થાય. તમારી રચનાત્મકતા, ઉત્પાદકતા, સમૃદ્ધિ તથા દુનિયાની સેવા કરવાની બાબતમાં ક્રાંતિકારી પરિવર્તન આવે.

૫ એ.એમ. ક્લબના વિચાર અને પદ્ધતિનો આધાર - હું ટોચના ઉદ્યોગ સાહસિકો, ટોચની કંપનીઓના સીઇઓ, ટોચના રમતવીરો, નામાંકિત સંગીતકારો તથા રાજવી પરિવારોના સભ્યોને વીસ કરતાં વધુ વર્ષથી અત્યંત સફળતાપૂર્વક શીખવું છું તેના ઉપર છે.

આ પુસ્તક મેં ચાર વર્ષના ગાળામાં ઇટાલી, દક્ષિણ આફ્રિકા, કેનેડા, સ્વિટ્ઝર્લેન્ડ, રશિયા, બ્રાઝિલ તથા મોરિશિયસમાં લખ્યું છે. ક્યારેક મારા શબ્દો ઉનાળામાં મંદ પવનની જેમ સરળતાથી વહે છે, તો ક્યારેક તેમાં મુશ્કેલી અનુભવાય છે. ક્યારેક મને મારું આ સર્જન અટકાવી દેવાની લાગણી થતી હતી તો ક્યારેક આધ્યાત્મિકતાના સર્વોચ્ચ ગાળામાં મારી પોતાની જરૂરિયાતો કરતાં જવાબદારીની ભાવના મને કામ ચાલુ રાખવા પ્રોત્સાહિત કરતી હતી.

આ પુસ્તક દ્વારા મેં તમને આપવા લાયક બધું જ આપી દીધું છે. અને ૫ એ.એમ. ક્લબ પુસ્તક પૂર્ણ કરવામાં આખી દુનિયામાં જેટલા પણ લોકોએ મને સહયોગ આપ્યો એ તમામનો ખૂબ આભાર.

આથી, હૃદયપૂર્વક આ પુસ્તક હું વાચકને અર્પણ કરું છું. વિશ્વને વધુ હીરોની જરૂર છે અને તેમના માટે રાહ જુએ છે - તમે તેને અપનાવશો ત્યારે તમે પણ તેમાંના એક બની જશો, જેની શરૂઆત આજથી થશે.

પ્રેમ અને સન્માન સાથે ,

રોબિન શર્મા

અનુક્રમ

“વિજયનો ઉત્સવ માણવા આપણી પાસે અનંત સમય હશે, પરંતુ સૂર્યાસ્ત પહેલાં વિજય મેળવવા માટે માત્ર થોડા કલાક જ હશે.” – **એમી કાર્મિશેલ**

“જે કીમતી છે તે મેળવવામાં કદી મોડું નથી થતું, અથવા મારા કિસ્સામાં તમે જે બનવા માગતા હોવ તે ઘણું વહેલું હોય છે… આશા રાખું કે તમને જેના માટે ગૌરવ હોય તેવું જીવન જીવી શકો. જો તમને એવું લાગે કે તમે એવું નથી જીવતા, તો બધું જ નવેસરથી શરૂ કરવા માટે તમને ક્ષમતા મળે તેવી આશા રાખું છું.” – **એફ. સ્કૉટ ફિટ્ઝેરાલ્ડ**

“જે લોકો સંગીત માણી નથી શકતા તેવા લોકો નૃત્ય કરનાર લોકોને ગાંડા ગણતા હોય છે.” – **ફ્રેડરિક નિત્શે**

પ્રકરણ ૧

જોખમી પગલું

બંદૂક થોડી અઘરી પડશે. ગળાફાંસો પ્રાચીન ગણાશે અને ચપ્પાની ધારથી નસ કાપવામાં કોઈ અવાજ નહી આવે. આથી, હવે પ્રશ્ન એ હતો કે એક સમયના આ ભવ્ય જીવનનો અંત કેટલો સચોટ રીતે અને ઝડપથી આણવો જેથી ઓછામાં ઓછી મુશ્કેલી છતાં વધુમાં વધુ અસર પડે?

હજુ એક વર્ષ પહેલાંના સંજોગો ઘણા ઉત્સાહજનક હતા. આ મહિલા ઉદ્‌યોગસાહસિકની ગણતરી પોતાના ક્ષેત્રની સર્વોચ્ચ વ્યક્તિ તરીકે, સામાજિક અગ્રણી તરીકે તેમજ એક સમાજસેવક તરીકે થતી હતી. કૉલેજ હૉસ્ટેલના રૂમમાં ટૅક્નોલૉજી કંપની સ્થાપનાર અને હાલ ત્રીસીની ઉંમરનો પડાવ પસાર કરી રહેલાં આ મહિલાનું બજારમાં ખૂબ પ્રભુત્વ હતું અને તેઓ જે ઉત્પાદન કરતાં તેને ગ્રાહકો પણ ખૂબ પસંદ કરતા.

પણ હવે તેમને ખૂણામાં ધકેલી દેવામાં આવ્યાં છે, તેમણે ઈર્ષા અને અપમાનજનક સ્થિતિનો સામનો કરવો પડે જેને કારણે બિઝનેસમાં તેમનો હિસ્સો એ હદે ઘટી ગયો કે તેમણે નવી કામગીરી શોધવાની ફરજ પડી.

ઘટનાચક્રમાં આવેલું આવું ક્રૂર પરિવર્તન આ ઉદ્‌યોગસાહસિક માટે અસહ્ય બની રહ્યું છે. તેમની અંદર અન્ય લોકોની કાળજી લેતું, માયાળુ અને પ્રેમથી છલકતું હૃદય ધબકી રહ્યું છે, છતાં તેમને લાગે છે કે જીવને તેમની સાથે દગો કર્યો છે. પોતાની આટલી ખરાબ સ્થિતિ તો ન થવી જોઈએ એવું તેમને લાગે છે.

હિંમત ગુમાવી ચૂકેલાં આ મહિલા ઉદ્‌યોગસાહસિક હવે ઊંઘની ગોળીઓ ગળી જવાનું વિચારી રહ્યાં છે. આ રીતે તેમનું જોખમી પગલું કોઈ હોબાળા વગર શાંતિપૂર્ણ રહેશે. બસ બધી જ ગોળીઓ ગળી જવાની અને કામ પૂરું, એવો તેમણે વિચાર કર્યો - કેમ કે તેઓ પીડામાંથી મુક્ત થવા માગતાં હતાં.

અને એ જ સમયે તેમનાં વસ્ત્રોના ભવ્ય કબાટમાં પડેલી એક વસ્તુ ઉપર તેમની નજર પડી. એ હતી વ્યક્તિત્વ વિકાસની કૉન્ફરન્સમાં જવા માટેની ટિકિટ, જે તેમની માતાએ તેમને આપી હતી. સામાન્ય રીતે અત્યાર સુધી આ ઉદ્‌યોગસાહસિક આવી કૉન્ફરન્સ કે સંમેલનમાં ભાગ લેતા લોકો ઉપર હસતાં અને એવા લોકોને નિષ્ફળ ગણાવીને કહેતાં કે એ લોકો તો દંભી ગુરુઓ પાસેથી જીવનના જવાબ મેળવવા પ્રયાસ કરે છે, પણ ખરેખર તો તેમણે તેમની અંદર રહેલા ઉત્સાહી અને સફળ જીવનને માણવાની જરૂર છે.

જોકે હવે પોતાના એ અભિપ્રાય વિશે ફરીથી વિચાર કરવાનો સમય હતો. તેમને કોઈ ખાસ વિકલ્પ દેખાતા નહોતા. કાંતો પોતે આ સેમિનારમાં હાજરી આપે અને પોતાનું જીવન બચાવવા માટેનો કોઈક મંત્ર મેળવે અથવા જીવનનો અંત આણીને શાંતિ મેળવી લે!

પ્રકરણ ૨

સુવિખ્યાત બનવા માટેની દૈનિક ફિલૉસૉફી

જે પ્રતિકૂળ સંજોગો અસ્તિત્વમાં નથી તેના વિશે વિચારો કરીને અથવા એ વિશેની કલ્પનાથી ડરીને તમારી અંદર રહેલી જીવનની તીવ્રતાને ખતમ ન થવા દેશો. તમે જે જીવનને લાયક છો અને છતાં એકલતાની હતાશામાં તેના સુધી પહોંચી શક્યા નથી ત્યારે તમારી અંદર રહેલા હીરોને ખતમ થવા ન દેશો. તમે જેવી દુનિયાને લાયક છો તેને જીતી શકાય છે. તેનું અસ્તિત્વ છે. તે વાસ્તવમાં છે. તે શક્ય છે. એ તમારી છે. – **ઍન રૅન્ડ**

તે એક ઉત્તમ વક્તા છે. ખરેખર મંત્રમુગ્ધ કરી દે એવા વક્તા.

ઉંમરના ૮૦મા દાયકામાં હવે તેમની અત્યાર સુધીની દંતકથા સમાન કારકિર્દી પૂર્ણ થવાને આરે હતી, પણ આ સમગ્ર ગાળા દરમિયાન દુનિયાભરમાં તેમની પ્રતિષ્ઠા એક પ્રેરણાસ્રોત તરીકેની, નેતૃત્વના સીમાચિહ્ન તરીકેની તથા એક એવા ધીરગંભીર રાજદ્વારી તરીકેની છે જે રોજેરોજ લોકોને તેમનું અમૂલ્ય જીવન શોધવામાં મદદરૂપ થાય છે.

અસ્થિરતા, અનિશ્ચિતતા તેમજ અસલામતીભર્યા વાતાવરણમાં પણ આ ઉત્તમ વક્તાના કાર્યક્રમમાં આખું સ્ટેડિયમ ભરાઈ જાય એટલી મોટી સંખ્યામાં શ્રોતા હાજરી આપતા. આ એ શ્રોતા હતા જેઓ સર્જનાત્મક, ઉત્પાદક તેમજ સમૃદ્ધ જીવન તો જીવવા માગતા જ હતા, સાથે માનવતાને ઉચ્ચ સ્તરે લઈ જવા માગતા હતા. પરિણામે તેમને એવો વિશ્વાસ રહે કે તેમણે એક શ્રેષ્ઠ વારસો આપ્યો છે તથા એવી અસર છોડી છે જેનો પ્રભાવ આગામી પેઢીઓ ઉપર રહેશે.

આ વ્યક્તિની કામગીરી અસાધારણ છે. તેમની વાતોમાં એક એવું મિશ્રણ છે જે આપણા ચારિત્ર્યમાં રહેલા શૌર્યનું આપણી અંદરના ઋજુ હૃદયના કવિ સાથે મિલન કરાવે છે. તેઓ જે સંદેશ આપે છે તેનાથી એક સામાન્ય વ્યક્તિને બિઝનેસમાં સર્વોચ્ચ સ્તરે પહોંચવાની સાથે સાથે સુખી જીવન જીવવાનું માર્ગદર્શન મળે છે. તેમને સાંભળ્યા પછી આપણે જીવનની એ મૂળભૂત નિર્દોષ લાગણીઓ તરફ પાછા વળીએ છીએ જે જટિલતા, કૃત્રિમતા તથા ટૅક્નોલૉજીના આક્રમણમાં ક્યાંક દબાઈને કચડાઈ રહી હતી.

આ વક્તા આમ તો શારીરિક રીતે ઊંચા હતા, પરંતુ ઉંમરને કારણે હવે આગળથી સ્હેજ ઝૂકી ગયા હતા. મંચ ઉપર તેઓ ચાલે ત્યારે કાળજીપૂર્વક છતાં ગૌરવપૂર્ણ ડગ માંડતા. સફેદ કિનાર સાથેનો તેમનો ગ્રે સ્યૂટ સુઘડ ફિટિંગને કારણે

તેમની સુંદરતામાં વધારો કરતો અને આછા બ્લૂ ચશ્માં તેમના પીઢ વ્યક્તિત્વને કૂલ બનાવતા.

હજારોની મેદનીને સંબોધતાં એ વક્તાએ કહ્યું, જીવન એટલું ટૂંકું છે કે તમારી કુશળતાઓ સાથે પ્રયોગ કરવાનો સમય જ નથી. તમારો જન્મ અસાધારણ બનવા માટેની એક તક અને જવાબદારી બંને છે. તમારું નિર્માણ શ્રેષ્ઠ યોજનાઓ પૂર્ણ કરવા માટે, તમારી ડિઝાઇન અસાધારણ અગત્યની યોજનાઓને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે તથા તમારું સર્જન આ ટચૂકડી પૃથ્વી પર શ્રેષ્ઠતાના પરિબળ તરીકે થયું છે. જંગલિયત તરફ આગળ વધી રહેલા આ સમાજમાં તમારી મહાનતાનું સાર્વભૌમત્વ હાંસલ કરવાની ક્ષમતા તમારી અંદર છે. તમારે તમારી ઉત્તમતા એક એવા સમાજમાં પુનઃ પ્રસ્થાપિત કરવાની છે જ્યાં આત્માના ઉદ્ધાર માટે મૂડીરોકાણ કરવાને બદલે જૂતાં તથા અન્ય મોંઘી ચીજોના શો-રૂમ માટે મૂડીરોકાણ થાય છે. તમારે જ તમારું નેતૃત્વ કરવાનું છે. સમયની માંગ એ છે કે ઇન્ટરનેટની દુનિયામાં ખેંચાઈને ડિજિટલ સાધનોમાં ખૂંપી જવાને બદલે તમારા જીવનનું પુનઃઘડતર કરીને ઉમદાપણાનું ઉદાહરણ પૂરું પાડો તથા સારા લોકોને એક મર્યાદામાં બાંધી દેતા સ્વાર્થીપણાનો ત્યાગ કરો. દુનિયાનાં તમામ મહાન સ્ત્રી-પુરુષો યાચક નહીં પણ દાતા હતાં. એવી સામાન્ય ધારણાનો ત્યાગ કરો કે જે વધુ ધન કમાય એ જ વિજેતા કહેવાય. તેના બદલે એવું કામ કરો જેમાં શૌર્ય છલકતું હોય, તમારું પોતાનું કહી શકાય એવું કામ હોય તેમજ બીજાને મદદરૂપ થાય એવું હોય, જેને કારણે સમાજમાં તમારું અલગ સ્થાન બને. તમે આ દિશામાં આગળ વધી રહ્યા હોવ ત્યારે મારી ભલામણ એ છે કે, તમે તમારા અંગત જીવનમાં મજબૂત મૂલ્યોની રચના કરો જે સૌંદર્યથી સમૃદ્ધ હોય તથા તમારી આંતરિક શાંતિનું રક્ષણ કરી શકે. મિત્રો, આ રીતે જ તમે પરીની જેમ આકાશમાં ઊડવાનો અને દેવોની સાથે ચાલવાનો અનુભવ કરી શકશો.

વક્તા બોલતાં બોલતાં અટક્યા. તેમનો ઊંડા શ્વાસ લેવાનો અવાજ પણ સ્પષ્ટ સંભળાતો હતો. તેમણે તેમના સ્ટાઇલિશ કાળા બૂટ તરફ નજર કરી જે કોઈ લશ્કરી અધિકારીના બૂટની જેમ સર્વશ્રેષ્ઠ રીતે પૉલિસ કરવામાં આવેલા હતા.

જે શ્રોતા સૌથી આગલી હરોળમાં બેઠા હતા તેમના ધ્યાનમાં આવ્યું કે આ મહાન વક્તાની આંખમાંથી એક આંસુ નીકળીને તેમના વૃદ્ધ છતાં હેન્ડસમ ચહેરા ઉપર સરકીને નીચે પડી ગયું.

તેઓ હજુ નીચે જ જોઈ રહ્યા હતા. તેમનું મૌન સૌને અકળાવનારું હતું. વક્તા અસ્વસ્થ જણાતા હતા.

થોડી ક્ષણની આ શાંતિ દરમિયાન સભાગૃહમાં પણ કેટલાક લોકો આઘાપાછા થતા જોવા મળ્યા. વક્તાએ તેમના ડાબા હાથમાં પકડેલું માઇક્રોફોન નીચે મૂકી દીધું

અને ખીસામાંથી હાથરૂમાલ કાઢી ગાલ પરથી આંસુ લૂછી કાઢ્યું.

તમારા જીવનનો નિર્ણય તમારે પોતે કરવાનો છે. તમારા પ્રત્યેકમાં શ્રેષ્ઠતા માટેની સ્વયંસ્ફુરણા હયાત હોય છે. આ રૂમમાં જે હાજર છે તેમાંથી કોઈએ સમાજમાં વ્યાપ્ત સરેરાશ જીવન જીવવાનું નથી અને મધ્યમ માર્ગને શરણે થવાનું નથી. મર્યાદા એ માનસિક સ્થિતિથી વિશેષ કંઈ નથી જેને વાસ્તવિક માનીને રોજેરોજ અનેક લોકો તેમાં સપડાય છે. શક્તિશાળી બનવાની સંભાવના ધરાવતા અનેક લોકો પોતે વ્યવસાયી અને અંગત જીવનમાં શા માટે અસાધારણ બની શકે તેમ નથી એ વિશેની વાતો કરે ત્યારે મને અતિશય દુખ થાય છે. તમારે એ યાદ રાખવાની જરૂર છે કે તમારાં બહાનાં ગેરમાર્ગે દોરનારાં છે, તમારો ભય ખોટો છે અને તમારી આશંકાઓ ચોર છે.

અનેક લોકોએ માથું હલાવી સંમતિ દર્શાવી. કેટલાકે તાળી પાડી અને પછી તાળીઓનો ગડગડાટ થઈ ગયો.

વક્તાએ પોતાની વાત ચાલુ રાખી. હું તમને લોકોને ખરેખર સારી રીતે સમજું છું. હું જાણું છું કે જીવનમાં તમારે મુશ્કેલ સમયમાંથી પસાર થવું પડ્યું હશે. આપણે બધાને એવા અનુભવ છે. મને ખ્યાલ છે કે તમે બાળક હતા અને પૂરા જુસ્સાથી ભરપૂર હતા તે સમયે જે વિચારતા હતા એ પ્રમાણે જીવન આગળ નથી વધ્યું એવી લાગણી તમને થતી હશે. તમે રોજેરોજ એકસરખી યોજના નથી બનાવતા, ખરું ને? નોકરીમાં તમારી મૂળભૂત ક્ષમતા અને ઊર્જાને કચડી નાખનાર ચિંતા તથા અમર્યાદ જવાબદારીનું વહન કરતી વખતે તમારો આત્મા ચોક્કસ કચવાતો હશે - ગૂંગળાતો હશે. મહત્ત્વના ન હોય તેવા પ્રયાસો પછી લાલસા રાખવી તથા સામાન્ય ઇચ્છાઓ પૂરી કરવા માટેની ભૂખ હોવી એ ટૅક્નોલૉજીને કારણે આવેલી ગુલામીનું પરિણામ છે. અઠવાડિયા દરમિયાન હજારો વખત એકસરખી ઘરેડ ચાલતી હોવા છતાં તેને આપણે જીવન કહીએ છીએ. મારે તમને કહેવું જોઈએ કે આપણામાંથી ઘણાબધા લોકો ૩૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામીએ છીએ અને ૮૦ વર્ષની વયે અંતિમક્રિયા કરવામાં આવે છે. આમ મેં તમારી વાસ્તવિકતા જાણી લીધી. તમે એવી આશા રાખતા હોવ છો કે સંજોગો બદલાશે, વધુ રસપ્રદ બનશે, વધુ રોમાંચક બનશે, વધુ સંતોષજનક અને વિશિષ્ટ બનશે.

વક્તા એ છેલ્લા શબ્દો બોલ્યા તે સાથે તેમના અવાજમાં ડૂમો ભરાઈ આવ્યો. તેમને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી. ચિંતાને કારણે તેમના કપાળમાં કરચલીઓ સ્પષ્ટ ઊપસી આવી. મંચ ઉપર ખૂણામાં ખાસ તેમના માટે મૂકવામાં આવેલી ખુરશી ઉપર તેઓ બેસી ગયા.

અને હા, મને એ પણ ખ્યાલ છે કે તમારામાંથી ઘણા જેવું જીવન ચાહતા હતા તેવું જીવી પણ રહ્યા છો. વિશ્વમાં તમારી સફળતા સર્વોચ્ચ છે. ધારેલી સફળતા મેળવીને તમે તમારા પરિવાર તેમજ દુનિયામાં બીજા ઘણાને સુખી કરી રહ્યા છો. ખૂબ સરસ અને

આમ છતાં, તમે પણ એવો સમય પસાર કર્યો હશે જ્યારે જીવનમાં મુશ્કેલીઓ તથા અંધકારનો અનુભવ થયો હોય. તમે પણ સુવિધાઓ અને ડરના નાના કૂંડાળાઓમાં સપડાઈને તમારી અંદર રહેલાં સાહસ અને હિંમત સામે હારી ગયા હશો. તમે પણ ક્યારેક જીવનમાં આવેલા નબળા તબક્કાથી હતાશ થયા હશો. તમારાં પણ બાળપણનાં ઘણાં સ્વપ્ન પૂરાં નહી થઈ શક્યાં હોય. તમે પણ જેમના ઉપર વિશ્વાસ મૂક્યો હશે તેમના વર્તનથી ઘવાયા હશો. તમારા આદર્શો પણ વેરવિખેર થઈ ગયા હતા. તમારા નિર્દોષ હૃદયને પણ ધક્કો પહોંચ્યો હશે.

આ શબ્દો સાંભળીને આખા હૉલમાં નીરવ શાંતિ છવાઈ ગઈ.

તમે જીવનના કોઈ પણ તબક્કે હોવ, પરંતુ તમારા ભૂતકાળની કોઈ પીડાને તમારા ભવ્ય ભવિષ્ય આડે અવરોધ બનવા ન દેશો. તમે ધારતા હોવ તેના કરતાં તમે ઘણા વધારે શક્તિશાળી છો. ભવ્ય વિજયના આશીર્વાદ તમને મળી રહ્યા છે અને તમે બરાબર એ સ્થાને આવી પહોંચ્યા છો જ્યાં તીવ્ર સંઘર્ષ દ્વારા તમે જે અસાધારણ ઉત્પાદક અને પ્રભાવશાળી જીવન માટે જરૂરી એવી મહેનત કરી હતી. બધું વેરવિખેર થઈ રહ્યું છે એવું આ ક્ષણે લાગતું હોય તો તેમાં કશું ખોટું નથી. તમને જો હાલ એવું લાગતું હોય કે તમારું જીવન ડામાડોળ થઈ ગયું છે તો તેનું કારણ માત્ર એટલું જ છે કે તમારી શ્રદ્ધાની સરખામણીમાં તમારો ડર વધી ગયો છે. થોડી પ્રૅક્ટિસની મદદથી તમે તમારા ડરના એ અવાજને ધીમો કરી દઈ શકો છો, અને તેની સામે તમારા વિજયી અવાજની માત્રા વધારી શકો છો. હકીકત એ છે કે તમે જે પ્રત્યેક પડકારનો સામનો કર્યો, પ્રત્યેક ખરાબ વ્યક્તિનો મુકાબલો કર્યો તેમજ તમે જે સ્થિતિમાંથી પસાર થયા એ બધું જ તમારા હાલના સંજોગોને આકાર આપવા માટે જવાબદાર છે. હાલ તમારી અંદર જે કુશળતા તેમજ શક્તિનો ખજાનો ખૂલી રહ્યો છે તે માટે તમારે આ બધા અનુભવોની જરૂર હતી. કશું જ અકસ્માતે નથી થતું. તમે જીવનના બરાબર એ તબક્કે છો જ્યાંથી તમારે તમારી સર્વોચ્ચ ઇચ્છાઓ પરિપૂર્ણ કરવા માટેના જીવનનો પ્રારંભ કરવાનો છે. તમારે એવું કામ કરવાનું છે જે એક સામ્રાજ્યના સ્થાપકની સાથે સાથે વિશ્વને બદલી નાખનાર વ્યક્તિ તરીકેની છાપ ઊભી કરે અને કદાચ એ રીતે તમે ઇતિહાસના રચયિતા પણ બની શકો.

સભાખંડમાં પાંચમી લાઇનમાં લાલ બેઝબૉલ ટોપી પહેરીને બેઠેલા એક સજ્જને મોટેથી કહ્યું, આ બધું કહેવું સરળ છે પરંતુ વાસ્તવિકતામાં અતિશય અઘરું છે. તેમણે ગ્રે ટીશર્ટ અને જીન્સ પહેર્યું હતું. તેમનો આ બળાપો પ્રથમ દૃષ્ટિએ અપમાનજનક લાગી શકે પરંતુ તેમના અવાજ અને બૉડી લૅન્ગ્વેજમાં સ્પેલબાઇન્ડર પ્રત્યે વાસ્તવિક પ્રશંસાનો ભાવ વ્યક્ત થતો હતો.

હું તમારી સાથે સંમત છું, તેમ કહી સ્પેલબાઇન્ડર ખુરશીમાંથી ઊભા થયા. તેમના અવાજમાં જે પ્રભાવ હતો તે તમામ શ્રોતાઓને અસર કરી ગયો. વિચારોનો જો અમલ ન થાય તો તેનો કશો અર્થ નથી. ઇરાદા ગમે તેટલા ભવ્ય હોય પરંતુ તેની સામે નાનામાં નાના અમલનું મહત્ત્વ વધારે હોય છે અને જો શ્રેષ્ઠ વ્યક્તિત્વની સાથે ભવ્ય જીવન વિકસાવવાનું એટલું સરળ હોત તો દરેક વ્યક્તિ એ કરી શકત. હું શું કહેવા માગું છું એ ખ્યાલ આવે છે?

સજ્જને જવાબ આપ્યો - હા, ચોક્કસ.

સ્પેલબાઇન્ડરે પોતાની વાત આગળ વધારી. સમાજે આપણને શ્રેણીબદ્ધ અસત્ય આપ્યાં છે. આનંદની સાથે સાથે એ ભવ્ય વાસ્તવિકતા જોડાયેલી છે કે તમામ સંભાવનાઓ માટે સખત મહેનત, કંઈક નવું કરવાની નિયમિતતા તેમજ સલામત જીવનના કિનારાથી આગળ વધીને દરિયામાં ઊંડે જવાની તૈયારી હોવી જોઈએ. હું માનું છું કે સાહસ કરીને આગળ વધવાની સરખામણીમાં સરળ જીવન જીવવાની આ લાલસા સો ગણી વધારે જોખમી છે. સફળ થયેલા, પ્રભાવશાળી અને હંમેશાં ખુશ રહેતા લોકો એ નિયમ સારી રીતે જાણે છે કે - તમારા કમ્ફર્ટ ઝોનનો અંત આવે ત્યાંથી વૈશ્વિક સ્તરનો પ્રારંભ થાય છે.

લાલ કૅપ પહેરેલા પેલા સજ્જન સહિત સભાખંડમાં બીજા ઘણાએ આ વાત સાથે સંમતિસૂચક માથું હલાવ્યું.

નાનપણથી આપણામાં એવા વિચાર દાખલ કરવામાં આવેલા છે કે મૂલ્ય આધારિત અને સત્યનિષ્ઠ જીવન જીવવા માટે ખાસ મુશ્કેલી પડતી નથી. આથી જ્યારે પણ માર્ગ થોડો આકરો લાગે અને ધીરજની આવશ્યકતા હોય ત્યારે આપણને એવું લાગતું હોય છે કે આપણે ખોટા માર્ગે છીએ, એમ બોલતાં બોલતાં સ્પેલબાઇન્ડર ફરી ખુરશીમાં બેઠા.

આપણે એવા સામાન્ય, નબળા અને નાજુક લોકોની સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું છે જેઓ કોઈ પ્રતિબદ્ધતા દાખવી નથી શકતા અને સ્હેજ નાનો અવરોધ દેખાય તો પણ માર્ગ છોડીને ચાલ્યા જાય છે.

આટલું બોલ્યા પછી વક્તાએ મોટેથી ઊંડો શ્વાસ લીધો અને પોતાની વાત આગળ વધારી. મુશ્કેલી હોય એ સારું છે. ખરી મહાનતા તેમજ તમારામાં રહેલી પ્રતિભાને બહાર લાવવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડે. જેઓ ઝનૂનપૂર્વક પોતાની પૂરી ક્ષમતાનો ઉપયોગ કરે છે તેઓ જ પોતાની પ્રતિભાનો વિસ્તાર કરી શકે છે અને તમારી વિશિષ્ટ ક્ષમતાઓ, મક્કમ શક્યતાઓ તેમજ સૌથી પ્રેરણાદાયક આકાંક્ષાઓનો ઉપયોગ કરતી વખતે જે પીડા થાય છે એ જ માનવીય સંતોષનો સૌથી વિશાળ સ્રોત છે. ખુશીનો તેમજ આંતરિક શાંતિનો અનુભવ કરવાની મુખ્ય ચાવી જ એ છે કે તમે તમારી શ્રેષ્ઠ

ક્ષમતા હાંસલ કરવા માટે જે કંઈ કરવું પડે તે કરવા માટે પૂરી નિષ્ઠા દાખવી છે. અત્યંત વિખ્યાત જાઝ કલાકાર માઇલ્સ ડેવિસે પોતાની શક્તિઓનો સર્વોત્તમ શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે પોતાની ક્ષમતાઓને અસાધારણ સ્તરે વિસ્તારી હતી. માઇકલેન્જેલોએ પોતાની લાગણીઓ તેમજ શારીરિક અને માનસિક ક્ષમતાઓનો આધ્યાત્મિક સ્તરે ભોગ આપ્યો ત્યારે સર્વોત્કૃષ્ટ કળાનું સર્જન કરી શક્યા હતા. રોસા પાર્ક નામની એક સામાન્ય છતાં અસાધારણ હિંમત ધરાવતી મહિલાએ બસમાં પોતાની સીટ ઉપરથી ઊભા થઈ જવાના આદેશનું પાલન કરવાનો ઇનકાર કર્યો અને તેને કારણે તેમણે જે અપમાન સહન કરવું પડ્યું એ ઘટનાએ જ માનવ અધિકાર ચળવળને જન્મ આપ્યો. ચાર્લ્સ ડાર્વિને ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત આપ્યો તે પહેલાં આઠ વર્ષ સુધી ધીરજ રાખીને છીપલાંનો અભ્યાસ કર્યો હતો. હૉલમાં ચાલતાં ચાલતાં અને શ્રોતાઓ સાથે નજર મિલાવતાં મિલાવતાં સ્લેપબાઇન્ડરે કહ્યું, આવા પ્રકારની પ્રતિબદ્ધતાને આજે ગાંડપણમાં ખપાવી દેવામાં આવે છે કેમ કે આજની પેઢી સેલ્ફીમાં વ્યસ્ત છે, આજના લોકોને ઇન્ટરનેટ ઉપર મિત્રો બ્રેકફાસ્ટના ફોટા મૂકે તેમાં વધારે મજા આવે છે અને બાળકો હિંસક વીડિયો ગેમ્સમાં સપડાઈ ગયા છે.

વક્તાએ પોતાની વાત આગળ વધારતાં કહ્યું, સ્ટીફન કિંગ તેમની નવલકથા કૅરીથી વિખ્યાત બન્યા તે પહેલાં હાઇસ્કૂલ રાઇટિંગ ટીચર તરીકે તેમજ એક ઔદ્યોગિક લોન્ડ્રીમાં કામ કરતા હતા. એ યાદ રાખો કે તેમનાં લખાણની જે હદે ટીકા થઈ હતી અને તેનો સ્વીકાર કરવામાં નહોતો આવતો ત્યારે તેનાથી હતાશ થઈને કિંગે એ નવલકથાની હસ્તપ્રત કચરાપેટીમાં ફેંકી દીધી હતી. જોકે, લેખક બહાર ગયા હતા ત્યારે ઘરની સફાઈ દરમિયાન એ હસ્તપ્રત તેમનાં પત્ની તબિથાના હાથમાં આવી અને તેમણે એ વાંચ્યા પછી પતિને પ્રોત્સાહન આપ્યું ત્યારે જ સ્ટીફન કિંગ તે પ્રકાશિત કરાવવા માટે તૈયાર થયા હતા અને ખૂબીની વાત એ છે કે એ નવલકથાના પ્રકાશનની ઍડવાન્સ રકમ પેટે લેખકને માત્ર ૨૫૦૦ ડૉલર મળ્યા હતા.

આવું સાંભળી સ્ટેજની નજીક રુંછાવાળી લશ ગ્રીન હૅટ પહેરીને બેઠેલી મહિલા ધીમેથી બોલી ઊઠી, તમે શું બોલો છો એ તમને ખ્યાલ છે?

સ્પેલબાઇન્ડરે કહ્યું, હા, મને ખ્યાલ છે કે હું શું કહું છું. વિન્સેન્ટ વાન ગોગે તેમના જીવન દરમિયાન ૯૦૦ પેઇન્ટિંગ અને એક હજારથી વધુ ચિત્રો દોર્યાં હતાં, તેમ છતાં દુનિયાએ તેમની મહાનતાનો સ્વીકાર તેમના મૃત્યુ પછી કર્યો. આવી કળાનું સર્જન કરવાની તેમની કામગીરી કોઈ સન્માન મેળવી લેવાના કે પછી પોતાનો અહંકાર સંતોષવાના આશયથી નહોતી થઈ, પરંતુ સ્પષ્ટપણે એ સર્જન માનવીય સંવેદનાઓની અભિવ્યક્તિને રજૂ કરવાના માધ્યમ માટે થયું હતું, અને એ પ્રયાસો જરાય સરળ નહોતા. હું જાણું છું કે આવો પ્રવાસ મુશ્કેલ હોવાને કારણે જ રોજેરોજ અનેક લોકો પોતાનાં સ્વપ્ન અધવચ્ચે જ છોડી દે છે.

ટૂંકમાં, સરળ ભાષામાં હું એ જ કહેવા માગું છું કે જે બાબતમાં તમને સૌથી વધુ મુશ્કેલી અને સંઘર્ષનો સામનો કરવો પડે ત્યાં જ તમારી સૌથી મોટી સફળતાની સંભાવના રહેલી હોય છે. જે માન્યતાઓ તમને ખલેલ પહોંચાડે, જે લાગણીઓ તમને જોખમી લાગે, જે યોજનાઓ તમને હતાશ બનાવે તથા તમારી કુશળતાઓને દબાવી દેવા પ્રયાસ થાય ત્યાં જ તમારે મક્કમપણે સંઘર્ષ કરવાની જરૂર હોય છે. આવા પડકારો સામે રચનાત્મક પ્રોડ્યુસર, વ્યાવસાયિક સ્વતંત્રતાના ચાહક તેમજ સંભાવનાઓને ઉજાગર કરનાર વ્યક્તિ તરીકે પોતાને રજૂ કરો અને ત્યારબાદ તમને હતાશ કરવા માગતાં તત્ત્વોની સદંતર ઉપેક્ષા કરીને તમારા પોતાના ધ્યેયમાં આગળ વધો. જે સ્થિતિ અને સંજોગો તમને ડરાવવા માગતાં હોય તેમનો સામે ચાલીને મુકાબલો કરવો એ જ તમારી ભુલાયેલી ક્ષમતાઓને પુનઃમેળવવાની શરૂઆત છે. બાળપણ પસાર થઈ ગયા પછી તમે જે નિર્દોષતા તેમજ કુતૂહલ ગુમાવી દીધું હોય તે પરત કેવી રીતે મેળવવું?

વાત પૂરી થાય એ પહેલાં સ્પેલબાઇન્ડરને એકાએક ઉધરસ આવી. પહેલાં સામાન્ય ઉધરસ લાગી, પરંતુ પછી તો તેની તીવ્રતા અતિશય વધી ગઈ.

તીવ્ર ખાંસીના એ હુમલામાં સ્પેલબાઇન્ડર પોતાની જાતને સંભાળી શકે તેવી સ્થિતિમાં નહોતા. વારંવાર બેવડ વળી જતા હતા. તેમની નજીક રહેલા શ્રોતાઓને કશું જ સમજાતું નહોતું કે શું કરવું. એ દરમિયાન એક સુંદર મહિલા ખૂબ જ ઝડપથી સ્પેલબાઇન્ડર તરફ આગળ વધવા લાગી. એ મહિલા વક્તાની કંપનીની કર્મચારી હતી અને પોતાના માલિકની આવી સ્થિતિમાં તેમને મદદ કરવા તેમના તરફ જઈ રહી હતી. જોકે એ પહોંચે એ પહેલાં સ્પેલબાઇન્ડર નીચે પટકાઈ ગયા અને માથામાં સ્ટેજનો ધારદાર ખૂણો વાગી જતાં તેમના માથામાંથી લોહી વહેવા લાગ્યું. તેમની આંખો બંધ થઈ ગઈ હતી.

પ્રકરણ ૩

અજાણી વ્યક્તિ સાથે આશ્ચર્યજનક મુલાકાત

"તમારું આયુષ્ય દસ હજાર વર્ષનું છે, એવું માનીને ન જીવશો. તમારું નસીબ તમારા જીવનનું નિર્ધારણ કરે છે. જ્યાં સુધી હયાત છો, જ્યાં સુધી આ પૃથ્વી પર તમારું અસ્તિત્વ છે ત્યાં સુધી તમારા વ્યક્તિત્વને મહાન બનાવવા માટે સતત સંઘર્ષરત રહો."

– માર્કોસ ઔરેલિયસ, રોમન શાસક

સેમિનારમાં જે લોકો મળ્યા તેમની સમક્ષ એ મહિલા ઉદ્યોગસાહસિકે જુઠ્ઠાણું ચલાવ્યું કે, સ્પેલબાઇન્ડર ઔદ્યોગિક અગ્રણીઓ સાથે જે એક્સપોનેન્શિયલ પ્રોડક્ટિવિટી તેમજ ન્યુરોસાયન્સનાં રહસ્યોની વાત કરી રહ્યા છે તે શીખવા પોતે સ્પેલબાઇન્ડરના રૂમમાં ગઈ હતી. તેની ધારણા એવી હતી કે અહીં તેને જે ગુરુચાવી પ્રાપ્ત થશે તેને પરિણામે સ્પર્ધામાં તે પોતાની કંપનીને ઉચ્ચસ્તરે લઈ જઈ શકશે અને તેની કંપનીનું નિર્વિવાદ વર્ચસ્વ સ્થપાશે. હકીકતમાં તો તે પોતાના આત્મવિશ્વાસને ટકાવવા અથવા કહો કે જીવ બચાવવા જ ત્યાં આવી હતી.

કલાકાર અહીં એટલે આવ્યો હતો કે પોતાની કલાને વધુ રચનાત્મક બનાવી શકે તથા પોતે રચેલાં ચિત્રોમાં વૈવિધ્ય લાવીને પોતાના ક્ષેત્રમાં અસાધારણ સ્થાયી છાપ છોડી શકે.

જ્યારે ઘરવિહોણી એક વ્યક્તિએ કોઈનું ધ્યાન ન પડે તે રીતે ચૂપચાપ આ કૉન્ફરન્સમાં પ્રવેશ કર્યો હતો.

મહિલા ઉદ્યોગકાર અને કલાકાર બંને બાજુ બાજુમાં બેઠાં હતાં. તેઓ પહેલી વાર મળી રહ્યાં હતાં.

બૉબ માર્લે સ્ટાઇલના વાળ રાખતો એ કલાકાર તેની નજર સામે જે કંઈ બન્યું તેનાથી અસ્વસ્થ જણાતો હતો ત્યારે જ ઉદ્યોગકારે તેને પૂછ્યું, શું તમને લાગે છે કે એ મૃત્યુ પામ્યા હશે?

એ મહિલા ઉદ્યોગકારનો ચહેરો લંબગોળ હતો. તેમના કપાળ પર રેખાઓ જાણે ખેતરમાં પડેલા તાજા ચાસ જેવી લાગતી હતી. કથ્થાઈ રંગના મધ્યમ લંબાઈના તેમના વાળ અને સમગ્ર દેખાવમાં એક પ્રકારની ગંભીરતા વ્યક્ત થતી હતી. બ્લૂ ડિઝાઇનર સ્કર્ટમાં સજ્જ આ મહિલાના સપ્રમાણ હાથ અને પગ પણ તેમના વ્યક્તિત્વને ઉજાગર કરતા હતા. જોકે ભૂતકાળના વણરુઝાયેલા ઘા તેમજ હાલ તેમની પ્રિય કંપનીમાં ફેલાયેલી અંધાધૂંધીનો વિષાદ તેમની આંખોમાં સ્પષ્ટ દેખાઈ આવતો હતો.

ચોક્કસ તો ન કહી શકાય, પણ એ વૃદ્ધ છે અને જોશથી પછડાયા. હે ભગવાન, એ ઘણું ડરામણું દૃશ્ય હતું, એવું તો ક્યારેય જોયું નથી, તેમ કલાકારે કાનની બૂટ ખેંચતાં બેચેનીપૂર્વક કહ્યું.

હું તેમની કામગીરી પ્રથમ વખત જોઈ રહી છું, અગાઉ હું આવી બાબતમાં ક્યારેય સંકળાઈ નથી, તેમ ઉદ્યોગકારે કહ્યું. તેઓ હજુ તેમના સ્થાને બેઠેલાં જ હતાં. તદ્દન નવી ઢબના ફેશનેબલ નેકટાઈ સાથેના ક્રીમ કલરના ટૉપમાં સજ્જ તેઓ અદબ ભીડીને બેઠાં હતાં. તેમણે બોલવાનું ચાલુ રાખ્યું, ધ્યાન વિચલિત કરી દે તેવાં આ વૈજ્ઞાનિક ઉપકરણોના સમયમાં, ઉત્પાદકતા અંગેની તેમની ઘણીખરી માહિતી મને ગમી. તેમના શબ્દોને કારણે મને ખ્યાલ આવ્યો કે મારી વૈચારિક પ્રક્રિયાનું વધુ સારી રીતે રક્ષણ કરવું પડશે, તેમ તેઓ ઔપચારિક રીતે બોલી તો રહ્યાં હતાં, પરંતુ વાસ્તવમાં પોતે કઈ મનોસ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં છે તે કહેવામાં તેમને રસ નહોતો. સ્વાભાવિક રીતે જ, શિખર તરફ આગળ વધવા માગતી એક બિઝનેસ વુમન તરીકેની પોતાની છાપ યથાવત્ રહે તેવી તેમની ઇચ્છા હતી.

હા, તે અદ્ભુત માણસ છે, તેમણે મને ખૂબ મદદ કરી છે. વિશ્વાસ નથી થતો કે તેમને આ શું થઈ ગયું. વાસ્તવિકતાથી પર લાગે છે, ખરું ને?

તે ચિત્રકાર હતો. પોતાની કળાને વધુ સુદૃઢ બનાવવા તેમજ પોતાના અંગત જીવનને પણ સુધારવા માટે તે સ્પેલબાઇન્ડરનું અનુસરણ કરતો હતો. પણ, કોઈ અકળ કારણોસર તેના મન ઉપર કોઈ અનિષ્ટ કબજો હતો જેને પરિણામે જ તે પોતાની ભવ્ય મહત્ત્વાકાંક્ષા તેમજ મૂળભૂત રચનાત્મક વિચારોનું પાલન કરી શકતો નહોતો.

ભારેખમ શરીર ધરાવતા કલાકારની હડપચી પર ઘાસ જેવી દાઢી ઊગી નીકળી હતી. તેણે કાળું ટીશર્ટ અને ઘૂંટણથી જરા નીચે સુધી પહોંચતું હાફપૅન્ટ પહેર્યું હતું. પરંપરાગત ઑસ્ટ્રેલિયન વસ્ત્રોમાં તેનો દેખાવ જ તેના કલાકાર હોવાની સાબિતી આપતો હતો. બંને હાથ તેમજ ડાબા પગ ઉપર ટૅટૂની હારમાળા હતી. આસપાસથી કોઈ બોલ્યું, ધનિક લોકો જૂઠા હોય છે. તો વળી બીજી કોઈ વ્યક્તિએ સુવિખ્યાત સ્પૅનિશ કલાકાર સાલ્વાડોર ડેલ્ફના વિધાનનો પુનરોચ્ચાર કર્યો, આઈ ડોન્ટ ડુ ડ્રગ્સ, આઈ એમ ડ્રગ્સ (હું ડ્રગ્સ લેતો નથી, હું પોતે જ ડ્રગ્સ છું.)

મહિલા ઉદ્યોગકાર અને કલાકાર બેઠાં હતાં ત્યાંથી બે-ત્રણ રો પાછળ બેઠેલા ગરીબ જેવા દેખાતા માણસે સાવ અયોગ્ય રીતે મોટેથી બૂમ પાડી, હાય ગાય્ઝ. સભાખંડ હજુ ખાલી થઈ રહ્યો હતો. કાર્યક્રમનું આયોજન કરનાર સ્ટાફ સભાખંડની સાફસફાઈમાં લાગ્યો હતો અને બૅકગ્રાઉન્ડમાં ધીમેથી નાઇટમેર્સ ઑન વૅક્સ ગીત વાગી રહ્યું હતું.

કલાકાર અને ઉદ્યોગકારે પાછળ ફરીને તેના તરફ જોયું. તેનો દેખાવ એવો હતો જાણે ઘણા દાયકાથી શેવિંગ કર્યું નહોતું. તેણે પહેરેલાં કપડાં ગંદાં અને અસ્તવ્યસ્ત હતાં.

તેની સામે જોઈને ઉદ્યોગકારે સાવ શુષ્ક રીતે પૂછ્યું, હા, બોલો, તમારી કોઈ મદદ કરી શકું?

તો કલાકારે થોડી વધારે આત્મીયતાથી પૂછ્યું, કેમ છો ભાઈ, શું ચાલે છે?

એ વ્યક્તિ ખુરશીઓ આઘીપાછી કરીને આગળ આવી અને બંનેની નજીક બેસી ગઈ. તેણે બંનેને પૂછ્યું, તમને શું લાગે છે, ગુરુ મૃત્યુ પામ્યા હશે?

કલાકારે કહ્યું, ખ્યાલ નથી અને આશા રાખીએ કે એવું ન હોય.

શું તમને લોકોને સેમિનાર ગમ્યો? તમે તો પહેલાં પણ આવ્યા હશો, તો શું કહો છો તમે? એ ગરીબ માણસે વાત ચાલુ રાખી.

કલાકારે કહ્યું, હા, મને તેમનું કામ ગમે છે. મને આ બધું સમજતાં અને પચાવતાં મુશ્કેલી પડી હતી, પરંતુ તેમની વાતોમાં જ્ઞાનનું ઊંડાણ હોય છે અને ખૂબ પ્રભાવક હોય છે.

જોકે ઉદ્યોગસાહસિકે થોડી અસંમતિ વ્યક્ત કરતાં કહ્યું, મને ખાસ એવું નથી લાગતું. આજે તેમણે જે કંઈ વાત કરી એ ગમી, પરંતુ કેટલીક બાબતો સાથે હજુ સંમત નથી. એ બધું સમજવા માટે મને હજુ થોડો સમય લાગશે.

ગરીબ જેવી દેખાતી વ્યક્તિએ કહ્યું, મને તો લાગે છે કે આ સર્વશ્રેષ્ઠ વ્યક્તિ છે. સ્પેલબાઇન્ડરના ઉપદેશને કારણે જ હું ધનિક થઈ શક્યો હતો. તેમને કારણે જ હું વૈશ્વિક સ્તરનું ઉમદા જીવન માણી શક્યો. મોટાભાગના લોકો તેમના જીવનમાં ચમત્કાર થાય તેવું ઇચ્છતા હોય છે. મને તેમણે એવા લોકો વિશે જણાવ્યું હતું જેઓ તેમના ઉપદેશનું પાલન કરીને સફળતાના શિખરે પહોંચ્યા હોય. મહત્ત્વની બાબત એ છે કે તેમણે મને સફળતા મેળવવા માટેનું રહસ્ય અને ટેક્નોલૉજી શીખવ્યાં એટલું જ નહી પરંતુ તે હાંસલ કરવા માટેની જરૂરી કળા અને સાધનો વિશે પણ જાણકારી આપી હતી. વહેલી સવારના રૂટિન અંગેનાં તેમનાં ક્રાંતિકારી સૂચનોને કારણે હું મારા ક્ષેત્રમાં અસાધારણ પ્રભાવ પાડી શક્યો.

એ ઘરવિહોણી વ્યક્તિના કપાળ ઉપર જમણી આંખ પાસે અગાઉ વાગેલા ઘાનું નિશાન દેખાતું હતું. તેની વધેલી દાઢી ભૂખરી થઈ ગઈ હતી. ગળામાં તેણે ભારતીય સાધુ પહેરે એવી મણકાની માળા પહેરી હતી. તેનો સર્વગ્રાહી દેખાવ અસ્થિર વ્યક્તિ જેવો હતો અને એવું લાગતું હતું કે તે ઘણાં વર્ષથી ફૂટપાથ પર જ રહેતો હશે, છતાં તેનો

અવાજ એક પ્રકારે સત્તાવાહી જણાતો હતો, તેની આંખોમાં સિંહ જેવી વેધકતા અને આત્મવિશ્વાસ હતો.

મહિલા ઉદ્યોગસાહસિક આવી કોઈ વાત માનવા તૈયાર નહોતાં. તેમણે માત્ર કલાકારને સંભળાય એટલું ધીમેથી કહ્યું, મને લાગે છે આ વ્યક્તિ ગપગોળા ચલાવે છે.

કલાકારે એટલા જ ધીમા અવાજે જવાબ આપ્યો :તમારી વાત સાચી લાગે છે. આ વ્યક્તિ અસ્થિર મગજની લાગે છે. પરંતુ તેણે પહેરેલી મોંઘીદાટ ઘડિયાળ તરફ જુઓ.

આશરે ૬૭-૬૮ વર્ષના આ ઘરવિહોણા માણસના ડાબા હાથના કાંડા ઉપર જે કીમતી ઘડિયાળ હતી એવી ઘડિયાળ બ્રિટિશ મૂડીરોકાણકારો વિશેષ ડિનર સમારંભ વખતે પહેરતા જોવા મળતા હોય છે. સ્ટેનલેસ સ્ટીલની રિમવાળી એ ઘડિયાળમાં કલાકનો સમય બતાવતો કાંટો લાલ રંગનો અને નાનો કાંટો ઑરેન્જ રંગનો હતો. ઘડિયાળનો પહોળો કાળો પટ્ટો તેની ભવ્યતામાં વધારો કરતો હતો.

એક હજાર ડૉલરની તો હશે જ, તેમ કહી ઉદ્યોગસાહસિકે કડવાશ સાથે ઉમેર્યું, અમારો આઇપીઓ બહાર પડ્યો તે દિવસે લોકો અમારી દુકાનેથી આવી ઘડિયાળ ખરીદતા હતા. જોકે, કમનસીબે અમારા શૅરભાવ ઘટી ગયા, પરંતુ જેમણે આવી ઘડિયાળ ખરીદી હતી તેમણે યાદગીરી રૂપે રાખી મૂકી હતી.

ઘરવિહોણી વ્યક્તિએ હાથે ખંજવાળતાં ખંજવાળતાં પોતાની વાત ચાલુ રાખી :તો તમને લોકોને સ્પેલબાઇન્ડરના પ્રવચનનો કયો ભાગ ગમ્યો? તેમણે પ્રારંભમાં જે સાયકોલૉજિકલ જિનિયસની વાત કરી એ? કે પછી વચ્ચે તેમણે અબજોપતિઓને ઉત્પાદકતા વિશે શીખવેલા અસાધારણ મૉડલની વાત? કદાચ તમને ટોચના પરફૉર્મન્સ માટે જવાબદાર ન્યુરોબાયોલૉજીનાં ઉદાહરણ પસંદ પડ્યાં હશે, અથવા માનવતા માટે લાભદાયક આપણી જવાબદારી નિભાવીને ભવ્ય સ્થાને પહોંચવા માટેની થિયરી અંગેની તેમની વાત પસંદ આવી હશે? છેલ્લા વાક્યમાં તે મજાક કરતો હોય એ રીતે આંખ મિચકારી અને પછી પોતાની ઘડિયાળમાં સમય જોવા નજર કરી.

અરે સાથીઓ, હું તો મજાક કરતો હતો. પરંતુ સમય સૌથી કીમતી છે અને એ વાત મેં પાકા પાયે શીખી લીધી છે. શ્રેષ્ઠ રોકાણકાર વૉરન બફેટે કહ્યું છે :સુખી લોકો સમયમાં રોકાણ કરે છે. ગરીબો નાણાંમાં રોકાણ કરે છે. તો પછી હું તમારા બધા સાથે લાંબા સમય સુધી વાતચીત ન કરી શકું. મારે જૅટ અને રનવે સાથે મિટિંગ છે. હું શું કહેવા માગું છું તેનો તમને ખ્યાલ છે?

આ વ્યક્તિ ભ્રામક વાતો કરે છે, તેમ કહી ઉદ્યોગસાહસિકે કહ્યું, બફેટે તો એમ પણ કહ્યું હતું કે, હું મોંઘા સ્યૂટ ખરીદું છું, પણ તે મારા શરીર ઉપર સસ્તા લાગે

છે. કદાચ તમને બધાને એ વિધાન પણ યાદ હશે. ઘરવિહોણી વ્યક્તિને સંબોધીને તેમણે ઉમેર્યું, હું તમારા પ્રત્યે કઠોર થવા નથી માગતી, પરંતુ મને સમજાતું નથી કે તમે અહીં આવ્યા કેવી રીતે? તમે આ મોંઘી ઘડિયાળ ક્યાંથી લીધી એ પણ મને સમજાતું નથી અને તમે કયા જેટની વાત કરો છો એ મને ખ્યાલ નથી અને મહેરબાની કરીને વક્તા સાથે જે કંઈ થયું તે અંગે આ રીતે વાત કરવાનું બંધ કરો. તેમાં કશું ફની નહોતું. એ વ્યક્તિ હયાત રહી હશે કે નહી તેની પણ મને ખાતરી નથી.

કલાકારે પણ તેમાં સૂર પુરાવ્યો અને કહ્યું, એ વાત સાચી છે. આ કંઈ સારી વાત નથી અને તમે શા માટે એક સર્ફરની જેમ વાત કરો છો?

અરે સાથીઓ, શાંતિ રાખો. સૌથી પહેલાં તો હું સર્ફર છું જ. મારી કિશોરાવસ્થા મેલિબુમાં પસાર થઈ છે. ત્યાં હું રાઇડિંગ કરતો હતો. હવે તેમરિન બે ખાતે નાનાં મોજાં પર સર્ફ કરું છું. મને લાગે છે તમે એ સ્થળ વિશે સાંભળ્યું નહી હોય.

ઉદ્યોગસાહસિકે થોડા છણકા સાથે કહ્યું, એવા સ્થળનું નામ સાંભળ્યું નથી. તમે કંઈક વધારે પડતું બોલી રહ્યા છો.

પણ ઘરવિહોણી એ વ્યક્તિએ સતત બોલવાનું ચાલુ રાખ્યું.

અને બીજી વાત, હું બિઝનેસની દુનિયામાં અત્યંત સફળ રહ્યો છું. અબજો ડૉલર કમાવા છતાં પૂરતો નફો નહી કરી શકતી અનેક કંપનીઓના આ સમયગાળામાં મેં એવી કેટલીક કંપની સ્થાપી છે જે અત્યંત નફો કરે છે. શું મજાક ચાલી રહી છે. દુનિયા ઝનૂની બની રહી છે. લોભ અતિશય વધી ગયો છે અને કોઈ સમજ નથી અને ત્રીજી વાત, અહીંથી થોડેક જ દૂર રસ્તા ઉપર મારા માટે વિમાન રાહ જોઈ રહ્યું છે. આથી જતાં પહેલાં હું જાણવા માગું છું કે સ્પેલબાઇન્ડરના પ્રવચનનો કયો હિસ્સો તમને સૌથી વધારે ગમ્યો?

કલાકારે જવાબ આપ્યો, બધું જ ગમ્યું. મને તો બધી વાતો એટલી ગમી કે એ બધું જ રેકૉર્ડ કરી લીધું છે.

ઘરવિહોણા માણસે ચેતવણી આપતાં કહ્યું, એ ગેરકાયદે છે. આવું કરવા બદલ તમે ગંભીર કાનૂની મુશ્કેલીમાં સપડાઈ શકો છો.

ઉદ્યોગસાહસિકે પણ એ વાતમાં સૂર પુરાવતાં કહ્યું, એ નિયમ વિરુદ્ધ છે. તમે આવું શા માટે કર્યું?

કેમ કે હું રેકૉર્ડ કરવા માગતો હતો. મારે કરવું હતું તે મેં કર્યું. નિયમો તોડવા માટે જ બનાવવામાં આવે છે, એ તમે જાણો છો? પિકાસોએ કહ્યું છે, તમારે એક વ્યક્તિ તરીકે નિયમો જાણી લેવા જોઈએ જેથી એક કલાકાર તરીકે તમે તે તોડી શકો. મારું સ્વતંત્ર વ્યક્તિત્વ છે અને ઘેટાના ટોળાનો ભાગ નથી જે ઊંધું ઘાલીને એક

તરફ ચાલ્યા કરે અને એ રસ્તો ક્યાંય જતો જ ન હોય. મોટાભાગના લોકો અને તેમાંય ખાસ કરીને ધનિક લોકો છેતરપિંડી કરનારા જ હોય છે, તેમ કલાકાર એક શ્વાસે બોલી ગયા. આ તો સ્પેલબાઇન્ડર કહે છે એવી જ સ્થિતિ છે કે, કાંતો તમે સાનુકૂળ થઈ જાવ અથવા દુનિયાને બદલી નાખો. તમે બંને કામ કરી શકો નહી. તેથી મેં બધું રેકૉર્ડ કર્યું છે. મને ઠાર મારી દો. નહી તો જેલ વધારે અનુકૂળ રહેશે, કેમ કે ત્યાં મને કેટલાક રસપ્રદ લોકો મળશે.

ઘરવિહોણી વ્યક્તિએ કહ્યું, ઠીક છે. મને તમારો નિર્ણય નથી ગમ્યો, પરંતુ તમારી પ્રતિબદ્ધતા પસંદ આવી. આગળ વધો અને તમને પ્રવચનનો જે ભાગ ગમ્યો હોય તે વગાડો.

મેં જે કંઈ રેકૉર્ડ કર્યું છે એ સાંભળી તમે હચમચી જશો, તેમ કહી કલાકારે પોતાનો હાથ ઊંચો કર્યો તો ગિટાર કલાકાર જિમી હેન્ડ્રીક્સનું ટૅટૂ તેમના હાથ ઉપર દેખાયું. ટૅટૂમાં ચીતરેલા એ સુપરસ્ટારના ચહેરા ઉપર લખેલું હતું : જ્યારે પ્રેમની તાકાત એ તાકાતના પ્રેમ ઉપર હાવી થઈ જશે ત્યારે વિશ્વને શાંતિનો અનુભવ થશે. તમને હવે કંઈક વિશિષ્ટ સાંભળવા મળશે.

મહિલા ઉદ્યોગસાહસિક ઊભાં થતાં થતાં બોલ્યાં, હા, આગળ વધો અને તમને જે વાતો પસંદ આવી હોય તે સંભળાવો. તેમને કારણ તો ખબર નહોતી પડતી, પરંતુ એટલું ચોક્કસ હતું કે તેમની અંદર કંઈક ફેરફાર થઈ રહ્યો હતો. તેમણે વિચાર્યું, કદાચ જીવન મને કોઈ નવા સ્તરે લઈ જઈ રહ્યું હશે જેથી હું કંઈક હાંસલ કરી શકું.

આ કાર્યક્રમમાં આવવું, કલાકાર સાથે મુલાકાત થવી, સ્પેલબાઇન્ડરના શબ્દો સાંભળવા અને ભલે તેમની સાથે પૂરેપૂરા સંમત થવાય તેમ ન હોવા છતાં એ શબ્દો કંઈક અસાધારણ તરંગ પેદા કરી રહ્યા હતા. તેમને હજુ જે કંઈ બની રહ્યું હતું તે વિશે આશંકા હતી છતાં તેમનામાં કશોક નવો સંચાર થઈ રહ્યો હતો અને એ વધી રહ્યો હતો. તેમણે મનોમન નક્કી કર્યું કે આ નવી લાગણીનો પ્રતિકાર કરવાને બદલે પોતે તેને અનુસરશે. તેની અત્યાર સુધીની સ્થિતિ મદદરૂપ થઈ નહોતી, અને તેથી પરિવર્તનનો સમય આવ્યો હતો.

આ મહિલા ઉદ્યોગસાહસિકને પોતાને પ્રિય એવું થિયોડૉર રુઝવેલ્ટનું જાણીતું વિધાન યાદ આવ્યું : ટીકા કરનાર ગણતરીમાં લેવાતા નથી, કે પછી એક મજબૂત માણસ કેવી રીતે ગોથું ખાઈ જાય એવી વાત કરનારને અથવા કામ કરનાર વ્યક્તિએ વધારે સારું કામ કેવી રીતે કર્યું હોત એવું કહેનારને પણ કોઈ ધ્યાનમાં લેતું નથી. પણ કદર એવી જ વ્યક્તિની થાય છે જે ખરેખર કામ કરે છે, જે ખરેખર પરસેવો પાડે છે. જે હિંમત કરે છે, પરાક્રમ કરે છે, જે ભૂલ કરે છે અને જે પીછેહઠ થવા છતાં - હારવા છતાં સતત પ્રયાસ ચાલુ રાખે છે, જે કામગીરી કરવા ખરેખર મક્કમ છે, જે ઉત્સાહિત

હોય છે, પૂરી નિષ્ઠા રાખે છે, જે મૂલ્યવાન હેતુ માટે પોતાની જાતને ખપાવી દે છે તેમજ એ બધું કરવાના પ્રયાસ દરમિયાન કદાચ નિષ્ફળ જાય તો એ સ્થિતિમાં પણ ઉચ્ચ મૂલ્યો જાળવી રાખે છે જેથી તેમના સ્થાને ટકી રહે. આ બાબત એવા લોકો કોઈ દિવસ નહી સમજી શકે જેમણે કદી કોઈ પ્રયાસ કર્યો અને પરિણામે જીત કે હાર વિશે કશું જાણતા નથી.

તેમને સ્પેલબાઇન્ડરે તેમના પ્રવચનમાં કહેલી એ વાત પણ યાદ આવી કે - તમને જે ક્ષણે પ્રયાસ છોડી દેવા જેવું લાગે એ ક્ષણે તમારે અચૂક આગળ વધવું જોઈએ અને તેથી આ ઉદ્યોગકાર મહિલાએ પોતાની જ અંદર મનોમંથન કરીને પોતાના પ્રશ્નોના જવાબ શોધવા તેમજ પોતાની જ સમસ્યાઓનો ઉકેલ શોધવાનો નિર્ણય કર્યો અને એ રીતે ભવિષ્ય સુધારવા પ્રતિબદ્ધ બન્યાં. ધીમે ધીમે તેમનામાં આશાનો સંચાર વધી રહ્યો હતો અને ચિંતાઓ સંકોચાઈ રહી હતી. તેમને અંતરમાંથી એવો ધીમો ગણગણાટ સંભળાઈ રહ્યો હતો કે જીવનનું કોઈક વિશેષ સાહસ શરૂ થવાનું છે.

પ્રકરણ ૪

સમાધાનકારી વલણનો અસ્વીકાર

"ક્યારેક બ્રેકફાસ્ટ પહેલાં શા માટે હું ઓછામાં ઓછી છ અશક્ય બાબતોમાં વિશ્વાસ કરું છું."

– લેવિસ કૅરોલ, એલિસ ઇન વન્ડરલૅન્ડ

તમે ચિત્રકાર છો, ખરું? તેમ ઘરવિહોણી વ્યક્તિએ પોતાના ગંદા શર્ટના ખુલ્લા બટન સાથે રમતાં રમતાં પૂછ્યું.

થોડા હતાશ અવાજ સાથે કલાકારે કહ્યું, હા. હું સારો ચિત્રકાર છું, પણ મહાન નથી.

ઘરવિહોણી વ્યક્તિએ સ્મિત સાથે કહ્યું, ઝુરિકમાં મારા ફ્લૅટમાં મેં ઘણાં ચિત્રો રાખ્યાં છે. મકાનોના ભાવ તીવ્ર ગતિએ વધ્યા તેના થોડા સમય પહેલાં જ બેહોફરેસે ખાતે એ ફ્લૅટ ખરીદ્યો હતો. હું જ્યાં પણ જઉં ત્યાં માત્ર સર્વોચ્ચ ગુણવત્તા પસંદ કરવાની કળા શીખી ગયો છું. મેં જે જીવનઘડતર કર્યું છે તેના સર્જન માટે વિજયની મારી શ્રેષ્ઠ વ્યૂહરચનાઓ પૈકી એક છે. મારા બિઝનેસમાં હું માત્ર ટોચના લોકોને જ સામેલ કરું છું, કેમ કે સી-લેવલના કર્મચારીઓની ભરતી કરીને તમે એ-લેવલની કંપની ઊભી કરી ન શકો. અમે માત્ર એવાં જ ઉત્પાદનો બહાર પાડીએ છીએ જે અમારા બજારને સંપૂર્ણપણે ખળભળાવી દે અને ત્યારબાદ તેના મૂલ્યને આધારે જે તે ક્ષેત્રમાં સંપૂર્ણ પરિવર્તન લાવી દે. મારા તમામ બિઝનેસ માત્ર એવી જ સેવાઓ ઑફર કરે છે જે અમારા ગ્રાહકોને વ્યાવહારિક રીતે સમૃદ્ધ બનાવે, અભૂતપૂર્વ યુઝર અનુભવ આપે તથા એવા મક્કમ ચાહકો ઊભા કરે જે બીજા કોઈની સાથે બિઝનસ કરવાનું વિચારી પણ ન શકે અને મારા અંગત જીવનમાં પણ એવું જ છે :હું માત્ર શ્રેષ્ઠ ભોજન લઉં છું, હા, વધારે ખાતો નથી. હું માત્ર સૌથી મૌલિક અને વિચારપ્રેરક પુસ્તકો જ વાંચું છું, સૌથી આનંદ અને પ્રેરણાદાયક જગ્યાએ જ સમય પસાર કરું છું અને સૌથી આકર્ષક સ્થળોની મુલાકાત લઉં છું. સંબંધોની વાત આવે ત્યારે હું માત્ર એવા લોકોની સાથે રહું છું જે મને વધુ આનંદ આપે, મારી શાંતિની કદર કરે તથા મને વધુ સારો માણસ બનવા માટે પ્રોત્સાહન આપે. જીવનનો માર્ગ એટલો કીમતી છે કે તમને સમજી ન શકે એવા લોકો સાથે રહેવાય નહી, જેમની સાથે તમારાં સ્પંદનો મળે નહી, જેમનાં મૂલ્યો અલગ હોય તથા તમારા કરતાં ધોરણો નીચાં હોય, જે અલગ માનસિકતા, હૃદયના ભાવ, આરોગ્ય તેમજ આત્મા ધરાવતા હોય. એ બાબત જાદુઈ છે કે આપણા પ્રભાવ તેમજ વાતાવરણ કેટલાં શક્તિશાળી અને આક્રમકતાથી આપણી ઉત્પાદકતા તેમજ આપણી અસરને ઘડે છે.

રસપ્રદ વાત છે, તેમ કહી ઉદ્યોગસાહસિકે તેમના ફોન તરફ નજર કરી અને ત્યાં જ જોતાં જોતાં માત્ર કલાકારને સંભળાય એ રીતે ધીમેથી બોલ્યાં, આ ભાઈ શું બોલી રહ્યા છે એ તેમને ખ્યાલ તો હશે.

તેમના ચહેરા પરની કરચલીઓ થોડી હળવી થઈ. તેમના એક હાથના કાંડા પર ચાંદીના વરખ ચઢાવેલાં બે બ્રેસલેટ હતાં. એકની ઉપર કહેવત લખેલી હતીઃહું નહી કરી શકું એ વાતને હું કરી શકીશ તેમાં ફેરવી દો, જ્યારે બીજા ઉપર લખ્યું હતું, પરફેક્ટ બનાવવાના પ્રયાસો કરતાં થઈ ચૂકેલી કામગીરી વધુ સારી. ઉદ્યોગસાહસિકે પોતાની કંપની પ્રારંભિક તબક્કામાં હતી અને પોતે અત્યંત આત્મવિશ્વાસની સ્થિતિમાં હતાં ત્યારે તેમણે આ બ્રેસલેટ ખરીદ્યાં હતાં.

કલાકારે કહ્યું, માનસિકતા અંગે હું જાણું છું, પણ હૃદય, આરોગ્ય કે આત્મા અંગે કદી સાંભળ્યું નથી.

ઘરવિહોણી વ્યક્તિએ જવાબ આપ્યો, તમને સાંભળવા મળશે અને એક વખત એ સાંભળી લીધા પછી તમે જે કંઈ રચના કરો છો, ઉત્પાદન કરો છો તેમજ દુનિયા સમક્ષ રજૂ થાવ છો એ બધું જ બદલાઈ જશે. કોઈ સામ્રાજ્ય ઊભું કરનાર અથવા દુનિયાને બદલનાર પાસે ક્રાંતિકારી વિચારો હોય છે અને તેથી જ દુનિયામાં હાલ બહુ જૂજ બિઝનેસમૅન અને અન્ય લોકો તેના વિશે જાણે છે. બીજા જાણે તો તેમના જીવનનાં પ્રત્યેક પાસાંની પ્રગતિ ખૂબ ઝડપથી થશે. હાલ તો, હું માત્ર મારી આસપાસ સર્વોત્તમ ગુણવત્તા પ્રત્યેની મારી પ્રતિબદ્ધતા જાળવી રાખવા માગું છું. તમારી આસપાસ જે કંઈ હોય તેને આધારે તમારા વિચારો, તમારી પ્રેરણા તેમજ તમારી કામગીરીનો અમલ પ્રભાવિત થતો હોય છે. કલાથી મારા આત્માને રાહત મળે છે. સારાં પુસ્તકો મારી આશા જીવંત રાખે છે. ઉમદા વાતચીત મારી રચનાત્મકતાને વધુ નક્કર બનાવે છે. શ્રેષ્ઠ સંગીત મારા હૃદયન આનંદિત કરે છે. સુંદર દૃશ્યો મારી ચેતનાને જીવંત રાખે છે અને આ બધું જ સવારના સમયગાળામાં હકારાત્મકતાથી ભરપૂર વિચારો અને પ્રવૃત્તિઓનું પરિણામ છે, અને એ જ એક આખી પેઢીને આગળ લઈ જાય છે, એ તમે જાણો છો. મારે કહેવું જોઈએ કે માનવજાતને ઉપર ઉઠાવવી એ બિઝનેસની શ્રેષ્ઠ રમત છે જે ટોચના પાંચ ટકા લોકો રમે છે. વેપારનો ખરો હેતુ તમારી અંગત સમૃદ્ધિ વધારવાનો માત્ર નથી. તેમાં પ્રવેશવાનું ખરું કારણ તો સમાજને મદદરૂપ થવાનું છે. નાણાં, સત્તા અને પ્રતિષ્ઠા તો માત્ર અનિવાર્ય આડપેદાશો છે જે મને મારી કામગીરી દરમિયાન મળી છે. હું યુવાન હતો ત્યારે એક ઉંમરલાયક અને ઉમદા મિત્રે મને આ માર્ગ સૂચવ્યો હતો. તેને કારણે સમૃદ્ધિની વ્યાખ્યા તેમજ મારી અંગત સ્વતંત્રતાની સીમા સદંતર બદલી નાખી અને ત્યારથી આ વિરોધાભાસી બિઝનેસ ફિલૉસૉફી મારા જીવન ઉપર પ્રભાવિત રહી છે. ખ્યાલ નથી, પરંતુ ક્યારેક હું મારા ગુરુની તમારી સાથે મુલાકાત કરાવીશ.

ઘરવિહોણી વ્યક્તિ થોડી ક્ષણ માટે ચૂપ રહી. તેમણે તેમની ઘડિયાળ તરફ જોયું. પછી આંખ બંધ કરીને કહ્યું : તમારી સવારને તમારી બનાવો. તમારા જીવનને ઉચ્ચસ્તરે લઈ જાવ. જાણે કોઈ જાદુની જેમ તેમના ડાબા હાથની હથેળીમાં નાનો અને જાડો સફેદ કાગળ દેખાયો. એ જાદુઈ કળા જ હતી. તમે પણ જો ત્યાં વ્યક્તિની સાથે ઊભા હોવ તો ભારે પ્રભાવિત થઈ જાવ એવી સ્થિતિ હતી.

જે કાગળ હતો તેનો દેખાવ કંઈક આવો હતો :



આ જોઈને ઉદ્યોગસાહસિક તેમજ કલાકારનાં મોં ખુલ્લાં રહી ગયાં. બંને જાણે મૂંઝવણમાં મુકાઈ ગયાં હતાં, બંને ઉપર જાણે સંમોહન થઈ ગયું હતું.

તમારા બંનેની અંદર પણ એક હીરો છે. તમે બાળક હતાં ત્યારે આ વાત જાણતાં જ હતાં, પરંતુ ત્યારબાદ વડીલોએ તમને તમારી શક્તિની ક્ષમતાને મર્યાદિત કરી, તમારી પ્રતિભાને બંધનમાં બાંધી દીધી તેમજ તમારા હૃદયમાં ઊઠતા સત્યના ભાવો દબાવી દેવા ફરજ પાડી, તેમ એ ઘરવિહોણી વ્યક્તિએ કહ્યું. તેની આ રજૂઆત બિલકુલ સ્પેલબાઇન્ડર જેવી જ હતી.

તેણે આગળ બોલવાનું ચાલુ રાખ્યું. વડીલો જ બાળકોને કુંઠિત કરે છે. તમે ઘણા નાના હતા ત્યારે કેવી રીતે જીવવું એ તમે જાણતા જ હતા. આકાશના તારા તમે ભાવવિભોર થઈ જોતા હતા. બગીચામાં દોડાદોડ કરવાથી તમારામાં ઉત્સાહનો સંચાર થતો હતો અને પતંગિયાંની પાછળ દોડવામાં તમે અવર્ણનીય આનંદ અનુભવતા હતા. અરે, તમને એ પતંગિયાં કેટલાં પસંદ હતાં! પછી જેમ જેમ મોટા થયા તેમ તેમ તમે માનવીય સંવેદનાઓ ભૂલતા ગયા. તમે ઉત્સાહ, પ્રેમ અને જીવંતતાનો અનુભવ કરવાનું ભૂલતા ગયા. તમારું આશાનું અમૂલ્ય સરોવર સુકાતું ગયું. સરેરાશ સાધારણ વ્યક્તિ બની રહો એ સ્વીકૃત બની ગયું. સર્જનાત્મકતા, હકારાત્મકતા તેમજ તમારી પ્રતિભા પ્રત્યેનો તમારો લગાવ ઓછો થતો ગયો કેમ કે સરેરાશ જીવનમાં લોકો સાથે ભળવાની અને એ રીતે લોકપ્રિય થવાની ચિંતા વધુ કરવા લાગ્યા. હું તમને એટલું જ કહેવા માગું છું કે, સરેરાશ લોકો જે કંઈ કરી રહ્યા છે તેમાં સામેલ ન થશો. હું તમને એક એવી ગુપ્ત વાસ્તવિકતામાં પ્રવેશવા નિમંત્રણ આપું છું જેના વિશે માત્ર ખરા વિદ્વાનો, મહાન પ્રતિભાશાળી વ્યક્તિઓ તેમજ ઇતિહાસમાં ચિરસ્થાયી છાપ છોડી જનાર વ્યક્તિઓ જ જાણે છે અને એ રીતે તમે તમારી અંદર પહેલેથી હયાત, છતાં તમને જાણ નથી એવી અસાધારણ ક્ષમતાને ઓળખી શકશો. તમે તમારી કામગીરી તેમજ અંગત જીવનમાં જાદુઈ પરિવર્તન લાવી શકો છો. મારામાં તો પરિવર્તન આવ્યું જ છે અને તમને પણ હું એ માટે મદદ કરી શકું છું.

કલાકાર અને ઉદ્યોગસાહસિક કંઈ પણ બોલે તે પહેલાં એ ઘરવિહોણી વ્યક્તિએ પોતાની વાત ચાલુ રાખી. - અરે, હું તો કળાના મહત્ત્વ તથા તમારા જીવન સાથે સંકળાઈ ચૂકેલા આર્થિક વ્યવસ્થાતંત્રની વાત ઉપર અટકી પડ્યો હતો. મને પોર્ટુગીઝ લેખક ફર્નાન્ડો પેસોના શબ્દો યાદ આવે છેઃ કળા આપણને આપણા અસ્તિત્વની દરિદ્રતામાંથી ભ્રમણા દ્વારા મુક્ત કરે છે. ડેન્માર્કના પ્રિન્સ હેમલેટનાં કૃત્યો અને પીડાનો અનુભવ કરતી વખતે એ અધમ કૃત્યો આપણાં પોતાનાં છે એવું આપણે માનતા નથી, પણ આપણે માત્ર એટલું જ વિચારીએ છીએ કે બસ એ અધમ છે. મને તો વિન્સેન્ટ વાન ગોગની એ વાત પણ યાદ આવે છે કે, મારા પક્ષે મને કશી જ નિશ્ચિત જાણકારી નથી, પરંતુ આકાશના તારાનું દૃશ્ય મને સ્વપ્નની દુનિયામાં લઈ જાય છે.

ઘરવિહોણી વ્યક્તિએ ઊંડો શ્વાસ લીધો. આંખો ઝડપથી પટપટાવી. ગળું ખોંખારીને સાફ કર્યું.

મિત્રો, મેં જીવનમાં ઘણું સહન કર્યું છે, અનેક વખત પડતી જોઈ છે. ગંભીર બીમારીમાં સપડાઈ ચૂક્યો છું. મારા પર હુમલા થયા છે. મારો દુરુપયોગ થયો છે. મારી આ વાતો લોકગીત જેવી લાગે છે ને ! મારી ગર્લફ્રેન્ડે મારી સાથે ચીટિંગ કર્યું છે અને મારો પ્રિય શ્વાન મૃત્યુ પામ્યો છે.

ઘરવિહોણો એ માણસ હસ્યો. તેનું એ હાસ્ય વિચિત્ર પ્રકારનું હતું. તેણે તેની વાત ચાલુ રાખી. ઠીક છે, હવે બધું સારું છું. પીડા એ તો જીવનને વધારે સારી રીતે જાણવાનો માર્ગ છે. તમને સમજાય છે હું શું કહું છું? આપત્તિ એ કુદરતની શુદ્ધિપ્રક્રિયા છે. તેનાથી અહંકારને કારણે સર્જાયેલી નકલી છબી, ભય અને અહંને બાળી નાખે છે. જે ચીજ આપણને પીડા આપે તેને ઓળખવાની હિંમત હોય તો આપણે શ્રેષ્ઠતા પરત મેળવી શકીએ છીએ. પીડા આપણને સહાનુભૂતિ, મૂળભૂત સ્થિતિ, વિશ્વસનીયતા તેમજ મક્કમતા આપે છે. જોનાસ સાલ્કે કહ્યું હતું, મેં સ્વપ્ન સેવ્યાં હતાં અને મારે ખરાબ સંજોગોનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ મારાં સ્વપ્નને કારણે મારા ખરાબ સંજોગો ઉપર વિજય મેળવ્યો.

આ વ્યક્તિ અતિશય અકળ છે. અસાધારણ તરંગી. પણ તેનામાં કંઈક વિશેષતા હોય એવું પણ લાગે છે, તેમ ઉદ્યોગસાહસિકે માત્ર કલાકારને સંભળાય એટલું ધીમેથી કહ્યું. તેમની એક સમયની ભવ્ય કારકિર્દી માટે રક્ષા-કવચ બની રહેલું મહોરું ધીમે ધીમે દૂર થઈ રહ્યું હતું. તેમણે કહ્યું, આ માણસે હમણાં જે કંઈ કહ્યું એ જ મારે સાંભળવું જરૂરી હતું. મને એવું લાગે છે કે આ વ્યક્તિ ફૂટપાથ ઉપર કાચા ઝૂંપડામાં રહે છે, પરંતુ તેના શબ્દો તો સાંભળો. ક્યારેક તે કવિની જેમ બોલે છે. તે આટલી સુંદર રીતે રજૂઆત કેવી રીતે કરી શકતા હશે? આટલું ઊંડાણ ક્યાંથી મેળવ્યું હશે? અને એ જે જૂના મિત્રની આટલી બધી વાતો કરે છે એ કોણ હશે? આ વ્યક્તિ મને મારા પિતાની યાદ અપાવે છે. હું હજુ મારા પિતાને મિસ કરું છું. તેમને કારણે મને આત્મવિશ્વાસ મળતો હતો. એ મારા સૌથી મજબૂત ટેકેદાર હતા અને મારા શ્રેષ્ઠ મિત્ર હતા. મને દરરોજ તેમની યાદ આવે છે.

ઘરવિહોણી વ્યક્તિની વાતના જવાબમાં હવે કલાકારે કહ્યું, ઠીક છે, તમે મને સવાલ કર્યો કે સ્પેલબાઇન્ડરના વક્તવ્યમાં મને સૌથી વધુ શું ગમ્યું. તો મને એ હિસ્સો વધારે ગમ્યો જેમાં તેમણે સ્પાર્ટન યોદ્ધાની એ વાતનો ઉલ્લેખ કર્યો કે - જે વ્યક્તિ તાલીમ દરમિયાન જેટલો વધારે પરસેવો પાડે છે તેનું યુદ્ધમાં રક્ત ઓછું વહે છે અને મને તેમનું એ વાક્ય ગમ્યું કે, વહેલી પરોઢે બધા સૂતા હોય ત્યારે અને કોઈ જોતું ન

હોય ત્યારે શ્રેષ્ઠ જીત હાંસલ થાય છે. વહેલી સવારની કામગીરી અંગેનો તેમનો ઉપદેશ ખરેખર શ્રેષ્ઠ છે.

ઉદ્યોગસાહસિક તેમના ફોન તરફ નજર રાખીને બોલ્યાં, મેં કેટલાક અગત્યના મુદ્દા નોંધ્યા છે ખરા, પરંતુ હાલ તમે જે કહ્યું એ હું ચૂકી ગઈ છું.

ઘરવિહોણી વ્યક્તિએ એક સંતની અદાથી કહ્યું, આપણને માત્ર એટલું જ સંભળાય છે જે આપણે સાંભળવા માગતા હોઈએ છીએ. આપણે જેટલું ગ્રહણ કરવા સમક્ષ હોઈએ એટલું જ જ્ઞાન મળતું હોય છે. જેમ જેમ સમજણ વધતી જાય તેમ તેમ વધારે જ્ઞાન મળે છે.

એકાએક સ્પેલબાઇન્ડરનો અવાજ સંભળાયો. ઘરવિહોણી વ્યક્તિની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. એ પરિચિત અને સુવિખ્યાત અવાજ ક્યાંથી આવે છે એ જોવા તેણે આજુબાજુ નજર કરી. જોકે તરત જ તેને ખ્યાલ આવી ગયો.

કલાકારે જે ખોટી રીતે રેકૉર્ડિંગ કર્યું હતું તે હાલ વગાડી રહ્યા હતા.

કલાકારે કહ્યું, દોસ્ત, મને શું ગમ્યું તેવા તમારા સવાલનો સંપૂર્ણ જવાબ આ છે, એમ કહી તેમણે રેકૉર્ડિંગ ચાલુ કર્યું :

> સાયબર સંસ્કૃતિના આ યુગમાં, સતત અવરોધ અને વિનાશની દિશામાં આગળ વધી રહેલા આ સમયમાં સૌથી સમજદારીનો માર્ગ એ છે કે તમે વહેલી પરોઢે કામગીરી શરૂ કરવાનું રૂટિન અપનાવીને વ્યવસાયી તેમજ અંગત જીવનનાં મહત્ત્વનાં ક્ષેત્રોમાં સર્વશ્રેષ્ઠ પરિણામો મેળવી શકો છો. તમારા પ્રારંભમાં વિજયનો પાયો રહેલો હોય છે. પ્રારંભના થોડા કલાકમાં જ હીરોનું ઘડતર થતું હોય છે.
>
> નબળાઈ સામે યુદ્ધ છેડો અને ડરની વિરુદ્ધ અભિયાન ચલાવો. તમે ખરેખર વહેલા ઊઠી શકો છો અને એમ કરવું એ અસાધારણ શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે જરૂરી છે.
>
> તમારા દિવસના પ્રારંભની સર્વોત્તમ કાળજી લો અને પછીનો દિવસ તેની મેળે પોતાની કાળજી લેશે. સવારનો સમય તમારો પોતાનો રાખો. જીવનને ઉચ્ચ સ્તરે લઈ જાવ.

સ્પેલબાઇન્ડરનો અવાજ અસ્ખલિત પ્રવાહની જેમ સંભળાઈ રહ્યો હતો. કલાકારે વૉલ્યુમ મોટો કરતાં અવાજ થોડો તરડાઈ રહ્યો હતોઃ

> આ એક એવું કીમતી રહસ્ય છે જેના વિશે ઉદ્યોગના અગ્રણીઓ, કળાક્ષેત્રના ટોચના મહાનુભાવો તેમજ માનવતાની સર્વોચ્ચ સિદ્ધિ હાંસલ કરનાર લોકો તમને જાણ નહી કરેઃવિશાળ પરિણામો તમારા વારસાગત જિનેટિક્સ કરતાં ઘણાં ઓછાં અને તમારી રોજિંદી આદત કરતાં ઘણાં વધારે હોય છે અને એ માટે તમારું દૈનિક રૂટિન નિશ્ચિત કરવું અને ત્યારબાદ તેને કાયમી બનાવવું અત્યંત આવશ્યક છે.
>
> આપણે જ્યારે મહાનુભાવોને કામગીરી કરતા જોઈએ ત્યારે આપણા નાગરિકતંત્ર દ્વારા જે ભવ્યતાની વાતો કરવામાં આવી છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ હંમેશાં મહાન હતા. તેઓ અસાધારણ કામગીરી માટે જન્મ્યા હતા. તેઓ ડીએનએ લૉટરી જીતવા નસીબદાર હતા. તેમની શ્રેષ્ઠતા વારસાગત હતી. છતાં હકીકત એ છે કે આપણે તેમને વર્ષોની એક પ્રક્રિયા અનુસાર તેમની ભવ્યતામાં જોતા હોઈએ છીએ. બિઝનેસ, રમતગમત, વિજ્ઞાન તેમજ કળાનાં ક્ષેત્રોમાં આપણે શ્રેષ્ઠતા હાંસલ કરનાર લોકોનું નિરીક્ષણ કરીએ ત્યારે તેને એક વ્યક્તિના સઘન પ્રયાસો, કુશળતા ઉપર કેન્દ્રિત ધ્યાન, હેતુ સિદ્ધ કરવા માટે આપેલા બલિદાનની તીવ્રતા, વિગતવાર તૈયારીનું ઉચ્ચસ્તર તથા અસાધારણ ધીરજ વગેરે વિશે વિચારતા

હોઈએ છીએ. એક બાબત યાદ રાખો, પ્રત્યેક વ્યવસાયી એક સમયે શિખાઉ હતા અને ટોચ ઉપર પહોંચેલી પ્રત્યેક વ્યક્તિ એક સમયે પ્રારંભ કરનાર હતી. સામાન્ય લોકો પણ જો સાચી ટેવોનું નિયમિત પાલન કરે તો અસાધારણ સિદ્ધિ હાંસલ કરી શકે છે.

આ બહુ સરસ વાત કરી, તેમ કહી ઘરવિહોણો માણસ મોટેમોટેથી તાળી પાડવા લાગ્યો. તેણે ફરી તેની ઘડિયાળમાં નજર કરી. પછી હાથ-પગ હલાવીને કૂદવા લાગ્યો. કમર લચકાવવા લાગ્યો. સાથે સાથે આંખો બંધ કરીને જાણે કંઈક ગણગણવા લાગ્યો. તેની આ સ્થિતિ જોઈને કોઈને પણ આનંદ આવે એવું હતું.

પણ કલાકારને ન ગમ્યું. તેમણે મોટેથી પૂછ્યું, અરે આ શું કરો છો?

પેલા માણસે જવાબ આપ્યો, ડાન્સ કરું છું. મને આવું સરસ જ્ઞાન આપવાનું ચાલુ રાખો. સૉક્રેટિસે કહ્યું હતું, શિક્ષણ એ જ્યોત પ્રગટાવવા માટેનો તણખો છે અને ઇસાક એસિમોવે લખ્યું હતું, હું માનું છે કે સ્વશિક્ષણ એ જ એક સાચું શિક્ષણ છે. તેથી તમે આ વૃદ્ધ ગુરુનું રેકૉર્ડિંગ વગાડવાનું ચાલુ રાખો. તેમની વાતો પ્રચંડ રીતે પ્રભાવક છે.

કલાકારે ફરી રેકૉર્ડિંગ વગાડવાનું શરૂ કર્યું :

શ્રેષ્ઠતા તરફ આગળ વધવાના તમારા પ્રયાસો દરમિયાન કોઈ પણ પ્રકારના લોભ-લાલચ વચ્ચે આવે તો તેનો સખત મુકાબલો કરો. તમારું ધ્યાન સર્વોચ્ચ શિખરની દિશામાં આગળ વધવા તરફ કેન્દ્રિત રાખો અને તમારી ક્ષમતાઓને અટકાવતા હોય એવાં તમામ પરિબળોને આજે જ દૂર કરી દો. એક એવી કલ્પનાશીલ વ્યક્તિ તરીકે શરૂઆત કરો જે ભાગ્યે જ જોવા મળે અને જે તમને તમારા ભૂતકાળનાં બંધનની બેડીઓમાંથી મુક્ત કરીને ઉમદા ભવિષ્ય તરફ લઈ જાય. આપણે બધા દિવસો સુધી નાના નાના ચમત્કારોની અપેક્ષા રાખીએ છીએ. આપણે દરેક જણ આપણે પોતે હીરો બનવાની તથા દુનિયાથી કંઈક અલગ કરવાની અપેક્ષા રાખીએ છીએ. અત્યારે જીવિત દરેક વ્યક્તિમાં એવી મનોવૈજ્ઞાનિક સંરચના આકાર લેતી હોય છે જેથી તે અસાધારણ કામગીરી દ્વારા બીજા લોકોના જીવનને સમૃદ્ધ બનાવવાની અપેક્ષા રાખે છે. કવિ થૉમસ કૅમ્પબેલે આ બાબતને સરસ રીતે વ્યક્ત કરી હતી કે, ટુ લિવ ઇન હાર્ટ્સ વી લીવ બિહાઇન્ડ ઇઝ નોટ ટુ ડાઈ.

ખરેખર તો આપણે સૌ આપણી પોતાની રીતે ઇતિહાસનું નિર્માણ કરવા સર્જાયા છીએ. કોઈના માટે તેનો અર્થ શ્રેષ્ઠ રચનાકાર અથવા ઉમદા શિક્ષક હોઈ શકે જે યુવાનોને પ્રોત્સાહિત કરે. બીજા માટે આ તકનો અર્થ અસાધારણ માતા અથવા ઉત્તમ મૅનેજર બનવાનો હોઈ શકે. તો ત્રીજી કોઈ વ્યક્તિ માટે આ સારા નસીબનો અર્થ ગ્રાહકોની ઉત્તમ રીતે સેવા કરનાર શ્રેષ્ઠ બિઝનેસમૅન અથવા સેલ્સપર્સન હોઈ શકે. ભાવિ પેઢીઓ યાદ રાખે એવું અસાધારણ જીવન જીવવાની આ તક સામાન્ય ન કહેવાય. આ જ સત્ય છે. છતાં, આપણામાંથી ઘણા ઓછા એ બાબત જાણે છે અને વહેલી પરોઢના રૂટિનનો સતત એકધારો અમલ કરીને એવી ખાતરીપૂર્વકની સ્થિતિ ઊભી નથી કરતા જે આપણા માટે શ્રેષ્ઠ હોય એવાં પરિણામ આપી શકે. આપણે સૌ સર્વોચ્ચ કુશળતા, અમર્યાદ આનંદ તેમજ ભયથી મુક્ત થવાના આપણા જન્મસિદ્ધ અધિકાર ઇચ્છીએ છીએ, પરંતુ આપણામાંથી સાવ જૂજ લોકો તે સાકાર કરવા માટે પોતાની ગુપ્ત શક્તિઓનો ઉપયોગ કરવા આતુર હોય છે. આ વિચિત્ર લાગે છે, ખરું ને? અને ઘણું દુઃખદ પણ છે. આપણામાંથી મોટા ભાગના તેમની પોતાની તેજસ્વિતાના સંમોહનમાં હોય છે. આ યુગમાં આપણામાંથી મોટા ભાગના લોકો વ્યસ્ત હોવાની માન્યતામાં જ ઘણોખરો સમય ખર્ચી નાખે છે. વાસ્તવિક જીવનની ઉપેક્ષા કરીને સાવ સામાન્ય બાબતો અને કૃત્રિમ આનંદની પાછળ ફરતા હોય છે. અંતે આ સ્થિતિ પીડાદાયક બની રહેતી હોય છે. તમારી સવારનો શ્રેષ્ઠ સમય અને રચનાત્મક દિવસોને નકામી અને ખોટી ચીજો પાછળ વેડફી નાખવાનો શો અર્થ છે? આ સ્થિતિ દુઃખદ છે.

ઉદ્યોગસાહસિક થોડા લાગણીશીલ થઈને વચ્ચે જ બોલી ઊઠ્યાં, આ શબ્દો ખરેખર મને લાગુ પડે છે. હું ટેક્નોલૉજીની ખરેખર બંધાણી થઈ ગઈ છું. દરેક વસ્તુ ચેક કર્યા કરું છું, એ લાલચ રોકી શકતી નથી. સવારે ઊઠું ત્યારે તરત જ અને રાત્રે સૂતાં પહેલાં પણ. તેને પરિણામે મારી એકાગ્રતા ઓછી થઈ રહી છે. મારી ટીમ અને મારી કામગીરી ઉપર ભાગ્યે જ ધ્યાન કેન્દ્રિત કરી શકું છું. તેને કારણે જીવનમાં ફેલાતો ઘોંઘાટ મારી તમામ ઊર્જા નષ્ટ કરી નાખે છે. આ બધું ગૂંચવાડા ભરેલું લાગે છે. હવે મને મારા માટે સમય હોય એવું લાગતું નથી. મેસેજ, નોટિફિકેશન, જાહેરાતો એમ બધું જ ખૂબ માત્રામાં આવ્યા કરે છે અને સ્પેલબાઇન્ડર કહે છે તેમ મારે આગેવાન તરીકે મારું ધોરણ ઊંચું લાવવું જ જોઈએ. સ્થગિત થવાના આરે પહોંચી ગઈ છું. મારી ધારણા કરતાં વધુ ઝડપથી મારી કંપનીએ પ્રગતિ કરી છે. મારી કલ્પના કરતાં વધુ સફળતા મને મળી છે. પરંતુ કેટલીક બાબતો મારા માટે અતિશય તણાવભરી બની રહી છે. આટલું બોલી તેમણે બીજી દિશામાં નજર કરી અને અદબ વાળી દીધી.

તેમણે મનોમન વિચાર્યું, હું ખરેખર કેવી સ્થિતિમાં છું એ આ લોકોને કહી શકું તેમ નથી.

આ મહિલા ઉદ્યોગસાહસિકે પોતાની વાત આગળ ચાલુ રાખીઃમને જે લોકો ગમતા હતા તેમને મારે જવા દેવા પડ્યા, કેમ કે મને ખ્યાલ આવ્યો કે બિઝનેસની પ્રગતિમાં એક તબક્કે જે લોકો ઉપયોગી હોય છે તેઓ કંપની જેમ જેમ પ્રગતિ કરે તેમ તેમ તેમાં અનુકૂલન સાધી શકતા નથી. એ પીડાદાયક સ્થિતિ હોય છે. એ લોકો પ્રારંભિક સમયમાં યોગ્ય કર્મચારીઓ હોય છે પરંતુ લાંબો સમય ટકી રહેતા નથી અને મારા સ્ટોરમાં એવી ઘટનાઓ બની રહી છે જેણે મારા જીવનને ઊલટસૂલટ કરી નાખ્યું છે. હું તેમાં સામેલ થવા નથી માગતી. મારા માટે હાલનો સમય ઘણો ઊથલપાથલનો છે.

ઘરવિહોણી વ્યક્તિએ કહ્યું, ખેર, નેતૃત્વ અંગેની વાતના સંદર્ભમાં એટલું યાદ રાખો કે એક અગ્રણીની ભૂમિકા જે લોકો વિશ્વાસ ન કરતા હોય તેમને તમારી વાતમાં વિશ્વાસ કરતાં કરવાની, નબળા લોકોને તેમની નબળાઈમાંથી બહાર આવવા માટે મદદ કરવાની તથા હતાશ લોકોમાં શ્રદ્ધા જગાવવાની છે અને પ્રારંભથી જોડાયેલા અને બિઝનેસ વધે ત્યારે ચાલ્યા જતા એવા ગમતા કર્મચારીઓને જવા દેવા અંગે જે કહ્યું તે વધતા બિઝનેસની એક સામાન્ય પ્રક્રિયા છે. આવું થવાનું કારણ એ હોય છે કે તમારો બિઝનેસ જેમ પ્રગતિ કરે તેમ તેની સાથે એ લોકો પ્રગતિ કરવામાં નિષ્ફળ જાય છે. તેઓ મહેનત કરવાનું બંધ કરી દે છે. તેઓ શીખવાનું, નવું સંશોધન કરવાનું કે પછી જે કંઈ હોય તેને વધુ સારું બનાવવાના પ્રયાસો છોડી દે છે. પરિણામે તેઓ તમારા સાહસના ઉત્સાહી કર્મચારી રહેતા નથી. તેમની પ્રગતિ નહી થવાથી એ લોકો તમને જવાબદાર ઠેરવવા પ્રયાસ કરે છે, પણ વાસ્તવમાં એ પોતે જ જવાબદાર હોય

છે. આ અજાણી વ્યક્તિએ આખી વાત એવી રીતે રજૂ કરી જાણે પોતે સફળ બિઝનેસ કરી ચૂકી હોય.

ઉદ્યોગસાહસિકે જવાબ આપ્યો, હા, તમારી વાત સંપૂર્ણ સાચી છે. એવા લોકો આપણી ઇચ્છા મુજબ પરિણામો આપી શકે તેમ ન રહેવાથી આપણે તેમને પાછળ છોડી દેવા પડે છે અનેક વખત પરસેવે રેબઝેબ અવસ્થામાં હું રાત્રે બે વાગ્યે જાગી જાઉં છું. કદાચ એફ-૧ રેસર મારિઓ આન્દ્રેતિએ કહ્યું છે તેમ, જો બધું જ નિયંત્રણ હેઠળ લાગતું હોય તો શક્ય છે તમે જરૂરી ઝડપે આગળ વધતા નથી. મને મારી સ્થિતિ અનેક વખત આવી લાગી છે. જે ઝડપે સ્થિતિ બદલાય છે એ વિચારીને તો મારું માથું ભમી જાય છે. ટીમમાં નવા આવેલા સાથીદારોને તાલીમ આપવાની, નવી બ્રાન્ડની વ્યવસ્થા કરવાની, નવા માર્કેટમાં પ્રવેશ કરવાનો, નવા સપ્લાયરો ઉપર ધ્યાન રાખવાનું, નવાં ઉત્પાદનો તૈયાર કરવાનાં, નવા રોકાણકારો તેમજ શૅરધારકોને ખુશ કરવાના તથા બીજી અનેક નવી જવાબદારી ઉપાડવાની. ખૂબ કામ કરવું પડતું હોય એવું લાગે છે. હું ઘણી મોટી જવાબદારીઓ નિભાવી શકું છું, પરંતુ મારા ખભે પ્રમાણમાં વધારે જવાબદારીઓ છે.

આટલું બોલતાં બોલતાં ઉદ્યોગસાહસિકે વાળેલી અદબ વધુ ટાઇટ કરી. બંને પાતળા હોઠ વધુ જોશથી ભીંસી દીધા. તેમની આંખમાં વેદનાની તીવ્રતા સ્પષ્ટ દેખાઇ આવતી હતી.

વાતનું અનુસંધાન સાધતા ઘરવિહોણી વ્યક્તિએ કહ્યું, ટૅક્નોલૉજી પ્રત્યે વધારે પડતા લગાવ અંગેની તમારી વાત વિશે એટલું યાદ રાખો કે તેનો ઉપયોગ જો બુદ્ધિપૂર્વક થાય તો વ્યક્તિની પ્રગતિમાં સહાયરૂપ થાય છે. ટૅક્નોલૉજીનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાથી આપણું જીવન વધુ સારું બને છે, આપણું જ્ઞાન વધુ સમૃદ્ધ બને છે તથા આપણી નાની દુનિયા વધુ શ્રેષ્ઠ બને છે. હકીકતે ટૅક્નોલૉજીનો દુરુપયોગ વ્યક્તિનું મગજ બગાડે છે, તેમની ઉત્પાદકતાને નુકસાન કરે છે તેમજ આપણા સામાજિક માળખાનો નાશ કરે છે. જો તમે તમારા ફોનમાં આખો દિવસ રમત રમ્યા કરો તો એ તમારા ભાવિ માટે જોખમી છે અને તમે હમણાં કહ્યું, તમારા ઉપર કામનું ઘણું ભારણ છે, તો એ તો કેવી સરસ વાત છે. ટેનિસ લેજન્ડ બિલી જીન કિંગે કહ્યું હતું, દબાણ હોવું એ શ્રેષ્ઠ બાબત છે. ભારણ વધવાથી તમારી પ્રગતિ થશે. વ્યક્તિ તરીકે આગળ વધતા રહેવું એ બાકીના જીવનને સરસ રીતે પસાર કરવાનો સર્વશ્રેષ્ઠ માર્ગ છે. પ્રત્યેક પડકાર સાથે એક અગ્રણી, પરફૉર્મર તેમજ માનવી તરીકે નવી ઊંચાઈએ પહોંચવા માટેની તક આવતી હોય છે. અવરોધો તો વાસ્તવમાં તમે તમારી મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા માટે કેટલા પ્રમાણમાં ગંભીર છો તેની પરીક્ષા લેવા માટે હોય છે. અવરોધ એટલા માટે આવતા હોય છે કે તમે સફળતા સુધી પહોંચી શકશો કે નહીં તેની ચકાસણી થઈ શકે. નિષ્ફળતા માત્ર વરુનું મહોરું પહેરીને આવતી હોય છે.

વ્યક્તિ પોતાના જીવનની સંભાવનાઓનો વિસ્તાર કરે તેનાથી વધારે અગત્યનું કશું જ હોતું નથી. ટૉલ્સ્ટોયે લખ્યું હતું, દરેક વ્યક્તિ દુનિયાને બદલવાનું વિચારે છે પરંતુ પોતાની જાતને બદલવાનું કોઈ વિચારતું નથી. મોટી વ્યક્તિ બનો અને તમને આપોઆપ વધુ સારા અગ્રણી, એક વધુ સારા ઉત્પાદક બની શકશો અને હા, હું એ વાતે સંમત છું કે પ્રગતિ એ ડરામણી પણ હોઈ શકે. પરંતુ મારા ગુરુએ એક વખત મને શીખવ્યું હતું કે તમારા અસ્તિત્વના જે ભાગમાં તમને ડર લાગે તેનો બલિદાન તરીકે અનુભવ કરવો જોઈએ જેથી જે ભાગ સન્માનને લાયક છે તે પુનર્જન્મ જેવો લાગે. મને આ જ શબ્દો કહેવામાં આવ્યા હતા. આ શબ્દો વ્યાપક અને ગૂઢાર્થવાળા છે, ખરું ને?

કોઈના જવાબની રાહ જોયા વિના તેણે પોતાની વાત ચાલુ રાખી.

મારા ખાસ શિક્ષકે મને એવું પણ કહ્યું હતું કે, તમારી અંદર રહેલી શ્રેષ્ઠ બાબત મેળવવા માટે તમારી નબળી બાબત અચૂક ગુમાવવી પડે અને તે હાંસલ કરવા માટે નિરંતર સુધારો, સતત પ્રતિભાવ તથા આત્મખોજની કાયમી પ્રક્રિયા જરૂરી છે. જો તમે રોજેરોજ આગળ નહી વધો તો બાકીના જીવન માટે તમારી જિંદગી સ્થગિત થઈ જશે. પત્રકાર નોર્મન કોસિન્સે કહ્યું હતું એ બાબત મને વિચારણા કરવા પ્રેરે છેઃ જીવનની કરુણતા મૃત્યુ નથી પરંતુ આપણે જીવતા હોઈએ ત્યારે આપણી અંદર જે હોય તેને મૃત્યુ પામવા દઈએ એ કરુણતા છે.

ઘરવિહોણી વ્યક્તિ એકાએક સાધારણ ઊંચા અવાજે બોલવા લાગી, મારા ખાસ શિક્ષકે મને શીખવ્યું છે કે, એક વખત આપણે આપણી જાત સાથેના પ્રાથમિક સંબંધ ટ્રાન્સફૉર્મ કરીએ પછી આપણે જોઈ શકીએ છીએ કે અન્ય લોકો, આપણા કામ, આપણી આવક તેમજ આપણી અસર સાથેના સંબંધો પણ પરિવર્તન પામે છે. મોટાભાગના લોકો પોતાની જાત સાથે રહી શકતા નથી. આથી તેઓ કદી એકલા રહેતા નથી અને મૌન પણ રહેતા નથી. તેમને સતત અન્ય લોકોનો સાથ જોઈતો હોય છે જેથી પોતાની લાગણીઓમાંથી છટકબારી શોધી શકે. અથવા તેઓ સતત ટીવી જોયા કરતા હોય છે ત્યારે તેમને એ વાતનો ખ્યાલ નથી રહેતો કે તેમની કલ્પનાશક્તિ નાશ પામવાની સાથે સાથે તેમની નાણાકીય સ્થિતિ પણ કથળી શકે છે.

મારું જીવન જટિલ બની ગયું હોય એવું લાગે છે. હું અસાધારણ થાક અનુભવું છું. મને મારા માટે જરાય સમય નથી, તેમ જણાવી ઉદ્યોગસાહસિકે ઉમેર્યું, મારા જીવનને શું થયું છે એ ખ્યાલ જ નથી આવતો. મારા માટે સંજોગો કપરા થઈ ગયા છે.

હું તમારી વાત સમજી શકું છું, તેમ કહી કલાકારે તેનો એક હાથ એ નવા મિત્રના ખભા ઉપર મૂક્યો. મારી અંતઃસ્ફુરણા તો એવું કહે છે કે તમે જે કંઈ કહો છો તેના કરતાં ઘણી વધારે કપરી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં છો અને એવું બનતું હોય છે. સાચું કહું તો જીવનમાં કેટલાક દિવસ એવા પીડાદાયક આવી જતા હોય છે કે હું

પથારીમાંથી પણ ઊભો નથી થઈ શકતો. બસ એમ જ પડી રહું છું. આંખો બંધ કરી દઉં છું અને મને ઘેરી વળેલાં નિરાશાનાં વાદળો દૂર થાય તેવી અપેક્ષા રાખું છું. ક્યારેક તો વિચારોની સ્થિરતા પણ નથી લાગતી અને એવા દિવસોમાં મારું હૃદય નિરાશાથી ભરેલું હોય છે. હૃદય જાણે ચુસાતું હોય એવી લાગણી થાય અને જાણે ઘણા લોકો એમાં સંડોવાયેલા હોય એવું લાગે. હું અસામાજિક નથી પરંતુ મૂર્ખામીભરી વાત કરનારાઓનો વિરોધી છું. આજકાલ એવા મૂર્ખ લોકોની સંખ્યા વધી છે. એવાં વસ્ત્રોમાં ફૅશન સાથે ફોટા પડાવે છે જે વસ્ત્રો તેમની ક્ષમતા બહારનાં હોય છે. એવા લોકો સાથે હળતા મળતા હોય છે જેમને ખરેખર તેઓ પસંદ કરતા નથી હોતા. હું તો તેના બદલે વિચારપૂર્વકનું જીવવાનું પસંદ કરું. જોખમી, પણ વાસ્તવિક જીવન જીવું જે કલાકારનું જીવન હોય. લોકો જે રીતે કૃત્રિમ બની રહ્યા છે એ જોઈને તો મને ચીડ ચડે છે.

આટલું બોલી કલાકારે હતાશા, નિરાશા અને ઉશ્કેરાટના હાવભાવ વ્યક્ત કર્યા. તેની હડપચી પર કરચલીઓ ઊપસી આવી અને તેના જાડા ગળાની ભૂરી નસ તંગ થઈ ગઈ.

ઘરવિહોણી વ્યક્તિએ કહ્યું, તમારી વાત સાચી છે. જીવન સરળ નથી. આમ છતાં લોકો એકધાર્યા મંડેલા રહે છે. પરંતુ જ્હોન લેનોને કહ્યું છે તેમ, અંતે બધું સરસ થઈ જશે અને જો સરસ ન થયું હોય તો એ અંત નથી. ઘરવિહોણી વ્યક્તિ આવા બધા સુવિચારો એવી સરળતાથી બોલતી હતી જાણે તેના મનમાં તેનો અખૂટ જથ્થો પડેલો હોય.

કલાકારનો મૂડ થોડો હળવો થયો અને મધુર સ્મિત આપ્યું. તેણે ભારપૂર્વક શ્વાસ છોડ્યો. હમણાં જ કહેવાયું હતું એ તેને ઘણું પસંદ પડ્યું હતું.

ઘરવિહોણી વ્યક્તિએ પોતાની વાત ચાલુ રાખીઃવ્યક્તિગત તેમજ વ્યવસાયી શ્રેષ્ઠતાના ભાગ્યે જ જોવા મળતા આ માર્ગમાં આપણે ત્રણે સાથે છીએ એ ઘણી અગત્યની બાબત છે. જીવનને ઉચ્ચ સ્તરે લઈ જવાથી તમે ખરો આનંદ માણી શકો છો તથા કુશળતાને વધુ સક્ષમ બનાવવાથી તમે તમારા ક્ષેત્રમાં મુશ્કેલીઓમાંથી બહાર નીકળી શકો છો. મારે પ્રામાણિક રહેવું જોઈએ. પરંતુ હું ચાવીરૂપ બાબત એ શીખ્યો કે, ખેદ વ્યક્ત કરવાની ઘાતક અસરોની સરખામણીમાં પ્રગતિની ખારાશ ઓછી નુકસાનકારક હોય છે.

કલાકારે એ શબ્દો પોતાની નોટબુકમાં નોંધતાં નોંધતાં પૂછ્યું, આ વાત તમે ક્યાંથી શીખ્યા?

એ અત્યારે તમને ન કહી શકું, તેમ જણાવી એ ઘરવિહોણી વ્યક્તિએ પોતે આટલું બધું કેવી રીતે જાણે છે એ વાત રહસ્ય જ રાખી.

ઉદ્યોગસાહસિકે કલાકારથી થોડે દૂર ખસીને પોતાના ડિવાઇસમાં કેટલીક બાબતોની નોંધ કરી. બીજી તરફ ઘરવિહોણી વ્યક્તિએ પોતાના ફાટેલા શર્ટના ખીસામાં હાથ નાખીને એક નોંધપોથી કાઢી. તેના દેખાવ પરથી એવું લાગતું હતું કે તેનો ખૂબ મોટી માત્રામાં ઉપયોગ થતો હશે. તેણે હાથમાં રાખીને કલાકાર અને ઉદ્યોગસાહસિક તરફ એ રીતે ધરી જે રીતે બાળમંદિરનું બાળક પોતાની કોઈ અમૂલ્ય વસ્તુ બીજા બાળકોને બતાવતું હોય.

હું ઘણો યુવાન હતો અને મારી પ્રથમ કંપની સ્થાપી રહ્યો હતો ત્યારે એક પ્રતિષ્ઠિત વ્યક્તિએ મને આ નોંધપોથી આપી હતી. હું લગભગ તમારા જેવો જ હતો, મારાં પણ સ્વપ્ન હતાં અને દુનિયામાં મારી છાપ ઊભી કરવા માગતો હતો. મારી જાતને પુરવાર કરવાની લાલસા હતી. રમતમાં પ્રભુત્વ મેળવવાનું ઝનૂન હતું. તમે જાણો છો કે આપણા જીવનનાં પ્રથમ પચાસ વર્ષ આપણે સૌની માન્યતા મેળવવા પ્રયાસ કરતા હોઈએ છીએ. આપણને સામાજિક સન્માનની લાલસા હોય છે. આપણે ઇચ્છતા હોઈએ છીએ કે આપણા સાથીદારો આપણા પ્રત્યે માન ધરાવે. આપણે આશા રાખતા હોઈએ છીએ કે આપણા પાડોશીઓ આપણને પસંદ કરે. ખરેખર જરૂર ન હોય એવી તમામ ચીજો આપણે ખરીદતા હોઈએ છીએ અને નાણાં કમાવા મથ્યા રહીએ છીએ જેનો ખરેખર આનંદ માણી શકતા નથી.

સંપૂર્ણ સંમત, એમ કહી કલાકારે ઊભા રહેવાની પોઝિશન બદલી. તેના લાંબા વાળ ખભા ઉપર ઝૂલી રહ્યા હતા.

સભાનું સ્થળ હવે ખાલી થઈ ચૂક્યું હતું.

જો આપણામાં આપણી અંદર જોવાની હિંમત હોય તો આપણને ખ્યાલ આવશે કે આપણે આવું કરીએ છીએ કેમ કે આપણામાં ઘણી ખામી છે. આપણે એવી ખોટી માન્યતા ધરાવીએ છીએ કે બહારની કોઈ ચીજ આપણામાં રહેલા ખાલીપાને ભરી દેશે. પણ એવું ક્યારેય નથી થતું. જોકે, આપણામાંથી ઘણાખરા લોકો અડધું જીવન પસાર કર્યા પછી સાચા માર્ગે વળતા હોય છે. આપણને ખ્યાલ આવવા લાગે છે કે આપણે અનંતકાળ સુધી જીવવાના નથી અને આપણા દિવસો ગણાઈ રહ્યા છે અને તેથી આપણે આપણી મૃત્યુની સંભાવના સાથે જોડાઈએ છીએ. અહીં મુખ્ય મુદ્દો એ છે કે મૃત્યુ નિશ્ચિત છે એ વાતનો આપણને ખ્યાલ આવે છે. જે સૌથી અગત્યનું છે તેના ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત થાય છે. આપણે વધુ વિચારશીલ બનીએ છીએ. આપણે વિચારતા થઈએ છીએ કે શું આપણે આપણી કુશળતાનો ઉપયોગ કરીએ છીએ, આપણાં મૂલ્યો પ્રત્યે વફાદાર છીએ તથા આપણને જે સાચું લાગે છે એ દિશામાં સફળ થયા છીએ ખરા. આપણે એવું પણ વિચારીએ છીએ કે આપણે જેમને પ્રેમ કરીએ છીએ એ લોકો આપણા ગયા પછી આપણા માટે શું વિચારશે અને એ તબક્કે આપણામાંથી મોટાભાગના નિર્ણાયક વૈચારિક

પરિવર્તન કરતા હોઈએ છીએ. સમાજમાં માન્યતા મેળવવાનો પ્રયાસ કરવાને બદલે અર્થપૂર્ણ વારસો ઊભો કરવા પ્રયાસ કરીએ છીએ અને તેથી પછીનાં પચાસ વર્ષ હું-માંથી આપણે-તરફની ગતિનાં હોય છે. સ્વાર્થની ભાવના ઘટતી અને સેવાની ભાવના વધતી જાય છે. જીવનમાં ભૌતિક ચીજોનો ઉમેરો કરવાનું અટકાવીને જે હોય તેમાં ઘટાડો કરવાનું, સરળ બનાવવાનું શરૂ કરીએ છીએ. આપણે સાદગીના સૌંદર્યને માણવાનું શરૂ કરીએ છીએ, નાના ચમત્કારો પ્રત્યે અહોભાવ વ્યક્ત કરીએ છીએ, માનસિક શાંતિને પ્રાધાન્ય આપીએ છીએ, માનવીય સંબંધો કેળવવામાં વધુ સમય પસાર કરીએ છીએ તથા આપણને એ સમજાય છે કે વધુ ને વધુ આપવાની દાનત ધરાવતા લોકો વિજેતા બને છે અને ત્યારપછી જે જીવન રહે છે તે પ્રેમાળ બની જાય છે અને બીજા અનેક લોકો એ પ્રેમનો અનુભવ કરી શકે છે. સંભવત આ જ સ્થિતિ તમને ચિરંજીવ બનવા તરફ દોરી જાય છે.

ઉદ્યોગસાહસિક મહિલાએ માત્ર કલાકારને સંભળાય એટલું ધીમેથી કહ્યું, આ વ્યક્તિ ખરેખર વિશિષ્ટ છે. આવા આશાવાદ અને ઊર્જાનો અનુભવ મેં ઘણા મહિના પછી કર્યો. હું મુશ્કેલીમાં હોઉં ત્યારે મારા પિતા મને નકારાત્મકતામાંથી બહાર નીકળવામાં મદદ કરતા. તેમના ગયા પછી કોઈનો સહારો નથી.

કલાકારે પૂછ્યું, શું થયું હતું તમારા પિતાને?

આજે સવારે અહીં આવી તેની સરખામણીમાં હાલ વધારે સારું લાગે છે. છતાં પિતાની યાદ આવતાં લાગણીશીલ થઈ જવાય છે. મને લાગે છે કે મારા પિતાએ તેમના જીવનનો જાતે અંત આણ્યો હતો. તેઓ અત્યંત સફળ ઉદ્યોગપતિ હતા. તેઓ વિમાન ઉડાડતા, રેસિંગ કાર ચલાવતા અને શ્રેષ્ઠ વાઇનનો શોખ ધરાવતા. એ ખૂબ જીવંત વ્યક્તિ હતા. પણ તેમના બિઝનેસ ભાગીદારે તેમની પાસેથી બધું છેતરપિંડીથી આંચકી લીધું. એ બાબતનો આઘાત અને તાણ તેઓ સહન ન કરી શક્યા. લગભગ એવી જ સ્થિતિ હું પણ હાલ અનુભવી રહી છું. પિતાને લાગ્યું હતું કે તેઓ હવે આ સ્થિતિમાંથી બહાર નહીં નીકળી શકે, એટલું કહેતાં કહેતાં એ ઉદ્યોગસાહસિક મહિલાની આંખમાં આંસુ આવી ગયાં.

તમે મારા ઉપર આધાર રાખી શકો છો, એમ કહી કલાકારે પોતાના હૃદય ઉપર હાથ મૂકતાં લાગણી દર્શાવી.

બંને એકબીજા પ્રત્યે અંતરંગ લાગણી વ્યક્ત કરી રહ્યાં હતાં ત્યારે જ ઘરવિહોણી વ્યક્તિએ ખલેલ પહોંચાડી.

લો આ વાંચો, તેમ કહી તેણે બંનેને નોંધપોથી આપતાં ઉમેર્યું, તમે બંને જીવનમાં આગળ વધવા માગો છો ત્યારે આ તમને ઉપયોગી થશે. આ તમને માનવ સંબંધોને

આગળ વધારવા સાહસ કરવા માટે, વ્યક્તિગત શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે તેમજ અસામાન્ય ઉત્પાદકતાની કારકિર્દી ઘડવા માટે ઉપયોગી નીવડશે.

નોંધપોથીની ઉપર મૂળ લાલ અક્ષરમાં પરંતુ સમય વીતવા સાથે પીળાશ પડી રહેલા અક્ષરમાં લખ્યું હતું : પ્રત્યેક પરિવર્તન સૌપ્રથમ મુશ્કેલ લાગે છે, મધ્યમાં ગૂંચવાડા ભરેલું લાગે છે અને અંતે ભવ્ય લાગે છે.

ઉદ્યોગસાહસિકે કહ્યું, આ ખૂબ સરસ છે. મારા માટે ઘણી મૂલ્યવાન માહિતી છે. આભાર.

અને ત્યારપછી કલાકારે પોતે ખોટી રીતે કરેલું સ્પેલબાઇન્ડરનું રેકૉર્ડિંગ વગાડવાનું શરૂ કર્યું :

તમારા પ્રત્યેકના હૃદયમાં એક જિનિયસ અને વિજયી હીરો અસ્તિત્વ ધરાવે છે. આ વાતને તમે ઇચ્છો તો વૃદ્ધ ઉપદેશકના આદર્શવાદી શબ્દો ગણીને નકારી કાઢી શકો છો. પરંતુ મને આદર્શવાદી હોવાનું ગર્વ છે. દુનિયાને અમારા જેવા વધુ લોકોની જરૂર છે અને છતાં સાથે સાથે હું વાસ્તવવાદી પણ છું. આ રહી હકીકત : દુનિયામાં મોટાભાગના લોકો કમનસીબે આજે પોતાના વિશે પૂરતું વિચારતા નથી. તેઓ તેમની બાહ્ય ઓળખને જ મુખ્ય ઓળખ તરીકે રજૂ કરે છે. તેઓ તેમની સિદ્ધિની સમીક્ષા તેમણે જે કંઈ હાંસલ કર્યું હોય તેની અને તેમણે જે ચરિત્ર નિર્માણ કર્યું હોય તેની વચ્ચેના તફાવતને આધારે કરે છે. તેઓ પોતાની સરખામણી તેમની આસપાસના લોકો દ્વારા ઉપજાવી કાઢેલી અને નકલી છબીને આધારે કરે છે. તેઓ તેમના પોતાના મૂલ્યનું તેમની મિલકતના આધારે આકલન કરે છે અને તેઓ એવી ખોટી માન્યતામાં સપડાયેલા રહે છે કે કોઈક બાબત બની નથી તેથી તે કદી બની શકે નહી - આ દ્વારા તેઓ તેમની પોતાની ભવ્યતમ સંભાવનાઓને સાવ ઓછી આંકે છે. આપણે જોઈએ છીએ કે આ જ કારણે મોટાભાગના લોકો અનિશ્ચિતતા, કંટાળો, વ્યગ્રતા તથા મૂંઝવણ અનુભવ્યા કરે છે.

ઘરવિહોણો માણસ ફરી વચ્ચે બોલી ઊઠ્યો, હું તો એવાં સ્ત્રી-પુરુષોને નાટકબાજ કહું જેઓ પોતે સંજોગોના શિકાર હોવાનું કહ્યા કરતાં હોય છે. તેઓ સ્થિતિ-સંજોગો સુધારવા માટે પોતાની ક્ષમતાનો ઉપયોગ કરવાને બદલે એ સ્થિતિ-સંજોગો તેમના માટે કેટલા કપરા છે એવી ફરિયાદ કર્યા કરતાં હોય છે. તેઓ આપવાને બદલે લેવામાં માનતા હોય છે, સર્જનને બદલે ટીકા કરતા હોય છે અને કામ કરવાને બદલે ચિંતા કરતા હોય છે. તમારું વ્યાવસાયિક જીવન હોય કે પછી અંગત જીવન, દરેક જગ્યાએ સરેરાશ સ્થિતિને ટાળવા માટે સંજોગો સામે લડવું જોઈએ. કદી નાટકબાજી ન કરવી જોઈએ.

પોતાની વાત રજૂ કરતી વખતે ઘરવિહોણી વ્યક્તિએ જે હાવભાવ કર્યા અને હાથ અને આંગળીઓથી જે ઇશારા કર્યા એ જોઈને ઉદ્યોગસાહસિક તેમજ કલાકારે એકબીજાની સામે જોયું અને મસ્તીમાં હસી પડ્યાં.

ફરી રેકર્ડમાંથી સ્પેલબાઇન્ડરના પ્રવચનના શબ્દો સંભળાયા :

સ્પષ્ટ છે કે, તમારા બાકીના જીવનમાં રોજેરોજ તમારી સમક્ષ તમે જ્યાં હોવ અને જે કંઈ કરતા હોવ તેમાં નેતૃત્વક્ષમતા બતાવવાની તક ઊભી થશે. નેતૃત્વનો અર્થ માત્ર વૈશ્વિક પ્રસિદ્ધિ કે પછી કોઈ ક્ષેત્રમાં પ્રસિદ્ધિ એવો નથી થતો. આ એવી બાબત છે જે દરેક વ્યક્તિ માટે સંભાવના સર્જે છે. નેતૃત્વનો અર્થ એ છે

કે, સામાન્ય ઘરેડમાં રહેવાનો ઇનકાર કરવો, નકારાત્મકતાને તમારી સંવેદનશીલતા ઉપર હાવી ન થવા દેવી તેમજ મધ્યમ માર્ગ અપનાવીને તમારી જાતને ગુલામીમાં સપડાવા ન દેવી. નેતૃત્વ એટલે તમે જ્યાં હોવ ત્યાં કંઈક અલગ અસર ઊભી કરવી. ખરા નેતૃત્વનો અર્થ ગમે તેવી સ્થિતિમાં મક્કમપણે ઊભા રહીને જે કામગીરી હાથમાં લીધેલી હોય તેને સફળતાપૂર્વક પાર પાડવાનો પણ થાય છે.

અને કદી માત્ર કમાણી કરવા માટે કામ ન કરશો. અસર ઊભી કરવા માટે મહેનત કરો. અસાધારણ જાદુઈ અસર ઊભી કરવા માટે અસાધારણ પ્રયાસ કરો. એક માનવી માટે જે સ્તરનો પ્રયાસ કરવાનો શક્ય હોય એ કરો. વૈશ્વિક સ્તરની સર્વોચ્ચ ગુણવત્તાનું પરિણામ મેળવવા માટે ધૈર્યપૂર્વક કામ કરવાનું ચાલુ રાખો, પછી ભલે આવા પ્રયાસથી તમારા સમગ્ર જીવન દરમિયાન માત્ર એક જ સર્વોત્તમ કૃતિનું સર્જન થાય. આવું સ્તર હાંસલ કરવા તમારા જીવનના પ્રવાસને મૂલ્યવાન બનાવવો પડશે.

કંઈક વિશિષ્ટ બનો. બીજા બધા કરતાં અલગ, અસાધારણ બનો. દુનિયામાં જે ટોચના પાંચ ટકા લોકો છે તેઓ પ્રસિદ્ધિ, નાણાં કે પછી લોકો તરફથી માન્યતા મળશે કે નહી તેની પરવા કરતા નથી. તેઓ તો પોતે જે કોઈ ક્ષેત્રમાં કામ કરે છે તેમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી દે છે જેથી તેમના દ્વારા જે સર્જન થાય તે લાખો લોકોને પ્રભાવિત પણ કરે અને લાખો લોકો માટે ઉપયોગી પણ સાબિત થાય. આ જ કારણે એ પાંચ ટકા લોકો લાખો અને કરોડોની કમાણી કરતા હોય છે. આથી કદી કોઈ બાબતને શરણે ન થઈ જશો, પરંતુ તેમાંથી કશુંક વિશિષ્ટ તારવો.

ઘરવિહોણી વ્યક્તિએ તેની આંખો બંધ કરી દીધી. પછી જમીન પર આડા પડીને એક હાથે પુશ-અપ કરવાનું શરૂ કરી દીધું. પુશ-અપ કરતાં કરતાં તેણે એક સૂત્રનું ઉચ્ચારણ ચાલુ રાખ્યું - સવાર તમારી છે, તમારું જીવન ઉચ્ચતર બનાવો.

તેને અચાનક આવું કરતો જોઈ કલાકાર તેમજ ઉદ્યોગસાહસિકે એકબીજા સામે જોયું.

કલાકારે કહ્યું, મારાં પ્રિય પુસ્તકો પૈકી એક 'ધ પ્રોફેટ' પણ છે. કાવ્યનાં શ્રેષ્ઠ પુસ્તકોમાં તેનો સમાવેશ થાય છે. મેં તો એ વિશે વાંચ્યું હતું કે ખલિલ જિબ્રાન ચાર વર્ષ સુધી તેની હસ્તપ્રત સાથે લઈને ફર્યા હતા અને સતત તેમાં ફેરફાર તથા સુધારા-વધારા કર્યા કરતા હતા જેથી શ્રેષ્ઠ કૃતિ તૈયાર થાય. ત્યારપછી જ તેમણે પ્રકાશન માટે આપી હતી. આ સર્જનપ્રક્રિયા વિશે પત્રકારે તેમનો ઇન્ટરવ્યૂ કર્યો ત્યારે જિબ્રાને આપેલો જવાબ મને હજુ યાદ છે. હું સ્ટુડિયોમાં કામ ન કરતો હોઉં ત્યારે તેમના એ શબ્દો મને સતત પ્રેરણા આપે છે. તેમના શબ્દો એક કલાકાર તરીકે મારી પોતાની મર્યાદામાંથી બહાર આવવામાં મદદ કરે છે. જેમ કે, હું સારો કલાકાર છું. પરંતુ હું જાણું છું કે હું મહાન થઈ શકું છું. એ માટે મારી મર્યાદાઓ ઉપર વિજય મેળવવો પડે, મારા ઉપર હાવી થતી આસુરી શક્તિઓને હરાવવી પડે.

ઘરવિહોણી વ્યક્તિ હવે પુશ-અપ કરીને ઊભી થઈ ગઈ હતી. તેણે સવાલ કર્યો, જિબ્રાને એ ઇન્ટરવ્યૂમાં શું કહ્યું હતું?

કલાકારે કહ્યું, તેમના ચોક્કસ શબ્દો આ પ્રમાણે હતા - હું એ બાબતની ખાતરી કરવા માગતો હતો કે આ કવિતાઓનો દરેકેદરેક શબ્દ પોતે સર્વશ્રેષ્ઠ સંદેશો બની જાય.

સામાન્ય રીતે શ્રેષ્ઠ વ્યક્તિઓ હંમેશાં આવું જ ઉચ્ચ સ્તર જાળવતા હોય છે, તેમ ઘરવિહોણી વ્યક્તિએ કહ્યું.

એટલામાં અચાનક કલાકાર પાસેના રેકૉર્ડિંગમાંથી સ્પેલબાઇન્ડરની સખત ખાંસીનો અવાજ આવ્યો અને ત્યારપછી તેઓ જે બોલ્યા એ શબ્દો એવા લાગતા હતા જાણે કોઈ નવજાત બાળક તેની માતાના ગર્ભમાં અનુભવાતી શાંતિ અને સલામતીમાંથી બહાર આવવાનો ઇનકાર કરતું હોય.

હું જે પ્રોત્સાહન આપું છું તેને અનુસરીને કોઈ પણ વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં નેતૃત્વના સ્થાને પહોંચી શકે છે. સરળ લાગતું હોય કે મુશ્કેલ લાગતું હોય, પણ આજથી શરૂ કરો અને જો તમે એવું કરશો તો તમને ભવિષ્યમાં વિજય મળશે એ નિશ્ચિત છે અને હું એ વાત ખાસ ઉમેરવા માગું છું કે હયાત હોય એવી કોઈ પણ વ્યક્તિ રોજેરોજ એકધારા પ્રયાસ અને મહેનત કરીને પોતાના વિચારો તેમજ કામગીરીને પોતાની આદત બનાવી દે તો શ્રેષ્ઠ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. મારાં પ્રવચનમાં હું આ એક સૌથી અગત્યના સિદ્ધાંત વિશે વાત કરું છું કે, તમારી કામગીરીમાં વિજય મેળવવાની શરૂઆત કરવી હોય અને ઉત્તમ જીવન જીવવું હોય તો તે માટેની ગુરુચાવી છે ૫ (ફાઇવ) એ.એમ. કલબ. દુનિયામાં સર્વશ્રેષ્ઠ સ્થાન હાંસલ કરવા માટે વહેલી સવારનો થોડો સમય તમારા પોતાના માટે અલગ તારવવો આવશ્યક છે.

ઉદ્યોગસાહસિક આ બધા મુદ્દાની ખૂબ ધ્યાનપૂર્વક અને ઝડપથી નોંધ કરી રહ્યાં હતાં. કલાકારના ચહેરા ઉપર કોઈક ઉત્તમ વાત જાણીને સંતોષ થયાનો ભાવ દેખાતો હતો. તો બીજી તરફ ઘરવિહોણી વ્યક્તિ પોતે જાણે શ્રેષ્ઠતા તરફ આગળ વધવા સજ્જ હોય એમ ફરી જમીન ઉપર આડા પડીને શારીરિક કસરત શરૂ કરી દીધી.

સ્પેલબાઇન્ડરની ખાંસી ફરી સંભળાઈ. આ વખતે તેની તીવ્રતા અગાઉ કરતાં વધારે હતી, તેમણે બોલતાં બોલતાં અટકી જવું પડ્યું હતું. પછી આગળ શરૂ કર્યું -

વહેલી સવારે પાંચ વાગ્યે ઊઠી જવું એ સાચા અર્થમાં તમામ દૈનિક પ્રક્રિયાનું મૂળ છે. ફાઇવ એ.એમ. કલબમાં જોડાવું એ પ્રત્યેક માનવ વર્તણૂકને ઉચ્ચ સ્તરે લઈ જવા માટેનું પગલું છે. આ જીવનપદ્ધતિ જ અજેય સંભાવનાઓ પ્રાપ્ત કરવાનો મૂળ આધાર છે. તમે જે રીતે દિવસનો પ્રારંભ કરો તેના ઉપર જ તમારી ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા, ઊર્જા, ઉત્સાહ તેમજ શ્રેષ્ઠતાનો આધાર રહેલો છે. પ્રત્યેક વહેલી સવાર એ એક એવી વાર્તા બની રહે છે જે તમારો વારસો બનશે. પ્રત્યેક નવી સવાર તમને શ્રેષ્ઠતા હાંસલ કરવા, તમારી નબળાઈઓમાંથી મુક્ત થવા તથા સર્વોત્કૃષ્ટ પરિણામો મેળવનાર લોકોની શ્રેણીમાં સ્થાન મેળવવા માટેની તક આપે છે. તમારામાં આવી ક્ષમતા રહેલી છે અને પ્રત્યેક વહેલી સવારે તમે તેનો અનુભવ કરી શકો છો. તમારા ભૂતકાળનાં દુખ તથા વર્તમાનની હતાશાઓને તમારા જીવનની પ્રગતિ આડે અવરોધક બનવા ન દેશો. તમને નીચે પાડી રાખવા માટે મથામણ કરતી આ દુનિયામાં તમારે પોતે ઊઠીને ઉપર આવવાનું છે. તમને અંધકારમાં રાખવા માગતા સંજોગો સામે લડીને તમારે જાતે પ્રકાશમાં આવવાનું છે. તમારી ક્ષમતાઓને કચડી નાખવા માટે થતા પ્રયાસોની સામે પડીને તમારી ફરી શ્રેષ્ઠતા હાંસલ કરો. આપણા પ્રત્યેકમાં આવી તીવ્ર લાગણી પેદા થાય એવી આ દુનિયાની જરૂરિયાત છે. આપણી ક્ષમતાઓને ચૅમ્પિયન, આપણી પ્રગતિના યોદ્ધા તથા સમગ્ર માનવજાત માટે બિનશરતી પ્રેમના વાહક બનીએ એ જ આજની જરૂરિયાત છે.

આ ટચૂકડા ગ્રહ ઉપર હયાત તમામ માણસો પ્રત્યે તેમની જાતિ કે રંગની પરવા કર્યા વિના માન અને પ્રેમ વ્યક્ત કરો. જ્યાં અનેક લોકો બીજાને પછાડવામાં પોતાની ઊર્જા ખર્ચે છે ત્યાં તમે બીજાને ઉપર ઉઠાવો. બીજા લોકોને તેમનામાં પડેલા ઉમદા ગુણ ઓળખવામાં મદદ કરો. એવાં મૂલ્યો દર્શાવો જેથી બીજા લોકોને તેનું પાલન કરવા માર્ગદર્શન મળે. હું જે કંઈ કહું છું એ બધું જ તમારા જીવનના એ હિસ્સાને અસર કરશે જે બાહ્ય આક્રમણોથી પ્રભાવિત થયો નથી. તમે જ તમારા જીવનના હીરો છો અને તમારી ફરજ બને છે કે

દુનિયાના એક સર્જનશીલ વ્યક્તિ તરીકે તમે આ બાબત અપનાવીને શ્રેષ્ઠતા હાંસલ કરો અને એક વખત એ હાંસલ થયા પછી તમારા બાકીના દિવસો તેની સાથે આપોઆપ જોડાઈ જશે.

માનવીય શ્રેષ્ઠતા માટેની આ તકનો સ્વીકાર કરો અને હું તમને ખાતરી આપું છું કે તમને સફળતા મળશે એટલું જ નહીં પરંતુ તમારા જીવનના બાકીના સમયમાં તમે વધુ ઉચ્ચ સ્તરે પહોંચી શકશો અને તે સાથે તમારી સર્વોત્તમ ક્ષમતાઓની વિશાળ સંભાવનાઓ નિયમિત રીતે તમારી સમક્ષ આવશે. વાસ્તવમાં, અસંભવિત ચમત્કારોની એક આખી શ્રેણી સ્વપ્નના સ્વરૂપે તમારી સમક્ષ ઉપસ્થિત થશે જેને તમે વાસ્તવિકતામાં બદલી શકશો અને એ દ્વારા તમે એવા જૂજ અને મહાન વ્યક્તિ બની શકશો જે આપણા સૌની વચ્ચે રહી આખી દુનિયાને ઉચ્ચ સ્થાને લઈ જઈ શકશે.

કૉન્ફરન્સ હૉલમાં હવે અંધારુ થઈ ગયું હતું. ઉદ્યોગસાહસિકે ખૂબ ઊંડો શ્વાસ લીધો. કલાકાર તદ્દન સ્થિર અવસ્થામાં હતા અને ઘરવિહોણી વ્યક્તિ રડવા લાગી.

એ પછી તે ખુરશી ઉપર ઊભો થઈ ગયો અને ધાર્મિક પ્રવચન કરનાર વ્યક્તિની જેમ બે હાથ પહોળા કરીને આઇરિશ નાટ્યલેખક જ્યોર્જ બર્નાડ શૉના શબ્દો મોટે અવાજે બોલવા લાગ્યો:

તમારામાં રહેલી સર્વશ્રેષ્ઠ ક્ષમતાનો ઉપયોગ કરવો; દુનિયા તમને ખુશ રાખવા પ્રયાસ નથી કરતી એવા બીમાર અને ફરિયાદી વલણને બદલે પોતે જ આક્રમક પરિબળ બનવું એ જ જીવનનો આ સાચો આનંદ છે.

હું એમ માનું છું કે મારું જીવન સમગ્ર સમુદાય માટે છે અને જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી હું જે કંઈ કરી શકું એ કરવાનો મારો વિશેષાધિકાર છે.

હું ઇચ્છું છું કે મારા મૃત્યુ સુધી મારી તમામ ક્ષમતાઓનો પૂરેપૂરો ઉપયોગ થાય, કેમ કે હું જેટલી વધારે મહેનત કરીશ તેટલું વધારે જીવીશ. હું સંપૂર્ણ જીવનનો આનંદ માણું છું. મારા માટે જીવન ટૂંકા ગાળાની મીણબત્તી નથી. એ મારા માટે એક એવી મશાલ છે જેને ઊંચે પકડી રાખીને ભાવિ પેઢીઓ માટે પ્રકાશ પાથરવા માગું છું.

ત્યારપછી એ ઘરવિહોણી વ્યક્તિ ઘૂંટણિયે પડી ગઈ. પોતે પહેરેલી પવિત્ર માળાને ચુંબન કર્યું અને સાથે ડૂસકાં લેવાનું ચાલુ રાખ્યું.

પ્રકરણ ૫

પ્રભાતના પ્રયોગનું જોખમી સાહસ

"આકૃતિના ઘડતર પહેલાં કાચી સામગ્રી જે રીતે એક શિલ્પીના હાથમાં હોય છે એ જ રીતે દરેકનું ભાવિ પણ તેમના પોતાના હાથમાં હોય છે... આપણે જે ઇચ્છતા હોઈએ તે પ્રકારે તેને ઘાટ આપવાનું શીખવું પડે તથા સભાન રીતે કેળવવું પડે."

– યોહાન વોલ્ફન્ગ વાન ગોથે

કલાકાર તથા ઉદ્યોગસાહસિકને સંબોધીને ઘરવિહોણી વ્યક્તિએ કહ્યું, જો તમને બંનેને રસ હોય તો દરિયા નજીકના મારા સ્થાને તમને થોડા દિવસ વહેલી સવારના રૂટિનની તાલીમ આપવાનું મને ગમશે. હું તમને મારા સવારનું રૂટિન બતાવીશ અને સાથે એ સમજાવીશ કે અંગત જીવનમાં શ્રેષ્ઠતા અને વ્યવસાયી જીવનમાં સફળતા હાંસલ કરવા માટે વહેલી પરોઢે ઊઠવાથી કેવો લાભ થઈ શકે છે. તમે ટૂંક સમયમાં જ તમારા જીવનમાં ભવ્યતાનો અનુભવ કરી શકશો અને મારી સાથેનો એ પ્રયોગ મજાનો પણ રહેશે. હા, મંચ ઉપરથી કહેવાયું એમ આ પ્રયોગ સહેલો જ હોય છે એવું નથી, પરંતુ મૂલ્યવાન, ઉત્સાહપ્રેરક અને સુંદર છે એ નિશ્ચિત.

વાતવાતમાં જ એ ઘરવિહોણી વ્યક્તિએ તેનો શર્ટ ઊંચો કરીને ગ્રીક દેવતાની મૂર્તિમાં જોવા મળે એવા પોતાના અત્યંત સુદૃઢ અને કસાયેલા ઍબ્સ બતાવ્યા.

એ જોઈને કલાકાર તો એકદમ બાળકની જેમ ઊછળી પડ્યો. તેણે પૂછ્યું, તેં આ કેવી રીતે બનાવ્યા?

ઘરવિહોણી વ્યક્તિએ ગૌરવ સાથે કહ્યું, આ કંઈ મેં મોડી રાતના ટીવી શો ઉપર જોયેલી જાહેરખબરોના આધારે પ્લાસ્ટિક ઍબ મશીનથી નથી બનાવ્યા. મેં આ માટે સખત મહેનત કરી છે. મારા વિશેષ બીચ ઉપર મેં પુષ્કળ પુશ-અપ, પુલ-અપ, ઊઠ-બેસ ઉપરાંત પરસેવો પડી જાય એટલી કસરત કરી છે, એટલું કહી તેણે ખૂબ મોંઘું લાગતું લેધરનું વૉલેટ કાઢ્યું અને તેમાંથી પ્લાસ્ટિકનો એક નાનો ટુકડો કાઢ્યો જેના ઉપર એક ચિત્ર દોરેલું હતું. એ ચિત્ર બંનેને બતાવતાં કહ્યું, જુઓ આ જગ્યા છે:



કલાકાર કે ઉદ્યોગસાહસિક બેમાંથી કોઈને પણ પ્રતિભાવ આપવાની તક આપ્યા વિના જ એ ઘરવિહોણી વ્યક્તિએ પોતાની વાત ચાલુ રાખી. પ્રતિબદ્ધતા, શિસ્ત, ધીરજ અને કામગીરી - આ એવાં મૂલ્યો છે જેમાં આજકાલ ઓછા લોકો માને છે. લોકોને માલિકીહક ગમે છે, તેઓ ધનિક થવા માગે છે અને એ દ્વારા ક્ષણિક સફળતા મેળવવા ધારે છે. તેમની અપેક્ષા એવી હોય છે કે આવી સફળતાને તેમની આસપાસના લોકો વખાણે. પણ એ પદ્ધતિમાં નેતૃત્વનો ગુણ ક્યાં આવ્યો?

હાલ દુનિયામાં મને પુખ્ત લોકોનો એવો સમાજ જોવા મળે છે જે તોફાની બાળકો જેવું વર્તન કરે છે. હું કોઈ નિર્ણય નથી આપતો, પરંતુ ખાલી કહું છું. ફરિયાદ નથી કરતો, માત્ર વાત કરું છું. પણ સાથીઓ, મારા કસાયેલા ઍબ્સ બતાવીને હું માત્ર કહેવા એ માગું છું કે, જે લોકો કામ નથી કરતા તે કશું હાંસલ કરી શકતા નથી. ઓછી વાતો કરો અને વધુ કામ કરો એમ કહેવા માગું છું અને આ પણ જુઓ. એમ કહી એ ઘરવિહોણી વ્યક્તિએ તેના બટન વિનાના અને કાણાંવાળા શર્ટને આઘોપાછો કરીને પીઠ ઉપરનું ટૅટૂ બતાવ્યું, જેના ઉપર આવું વિધાન લખેલું હતું, - હારેલા લોકોને મનોરંજન ગમતું હોય છે. વિજેતાઓને શિક્ષણ પસંદ હોય છે.

ચાલો મારી સાથે દરિયાની વચ્ચે આવેલા મારા નાનકડા ટાપુ ઉપર. કેપટાઉનથી પાંચ કલાકનો રસ્તો છે, તેમ જણાવી તેણે પ્લાસ્ટિક કાર્ડ ઉદ્યોગસાહસિક મહિલાને આપી તેમાં દોરેલા ચિત્ર ઉપર હાથ રાખીને ખુશ થતાં કહ્યું, આ બધી મારી ડૉલ્ફિન છે.

તેણે તેની વાત ચાલુ રાખી. આ પ્રવાસ મજાનો રહેશે. જીવનમાં યાદ રહી જાય એવું સાહસ બની રહેશે એ હું તમને ખાતરી આપું છું. ત્યાં તમારા જીવનની કેટલીક મૂલ્યવાન અને લાગણીશીલ ક્ષણો તાજી થશે. તમારે મારા ઉપર વિશ્વાસ રાખવો પડશે. વહેલી પરોઢના વૈશ્વિક સ્તરના રૂટિન અંગે હું જે કંઈ જાણું છું એ બધું હું તમને

શીખવીશ. તમને બંને ફાઇવ એ.એમ. ક્લબના સભ્ય બની શકો એ માટે મદદ કરીશ. હું તમને નિયમિત રીતે વહેલી સવાર ઊઠવાનું શીખવીશ જેથી મોટાભાગના લોકો જે કામ આખા અઠવાડિયા દરમિયાન કરે છે એ જ કામ તમે બપોર સુધીમાં પૂર્ણ કરી દઈ શકો અને એ રીતે તમે તંદુરસ્ત આરોગ્ય, ખુશી તેમજ મનની શાંતિ મેળવી શકશો. વિશ્વમાં સર્વોચ્ચ સિદ્ધિ મેળવનાર લોકો સૂર્યોદય પહેલાં જાગી જાય છે તેની પાછળ કારણ છે - દિવસનો આ સૌથી વિશિષ્ટ સમય હોય છે. હું તમને જણાવીશ કે મારું સામ્રાજ્ય ઊભું કરવા મેં આ પદ્ધતિનો કેવી રીતે ઉપયોગ કર્યો. એક બાબત સમજો કે, સામ્રાજ્ય ઘણાં સ્પરૂપનાં હોય છે, અને આર્થિક સામ્રાજ્ય એ તેમાંનું એક છે. તમે કળાના ક્ષેત્રમાં, ઉત્પાદક્તામાં, માનવતામાં, સેવાકાર્યોમાં, વ્યક્તિગત સ્વતંત્રતાના ક્ષેત્રમાં કે પછી આધ્યાત્મિકતામાં સામ્રાજ્ય ઊભું કરી શકો છો. મારું જીવન બદલી નાખનાર ગુરુ પાસેથી ઘણું મેળવી શકાય એમ છે. તમે ઘણું હાંસલ કરી શકો તેમ છો. તમે જીવનના ઊંડા રહસ્ય સુધી પહોંચી શકશો. તમે એક નવા જ પ્રકારનાં ચશ્માંથી દુનિયા જોઈ શકશો. તમને શ્રેષ્ઠ ભોજન કરવા મળશે અને સૌથી આકર્ષક સૂર્યાસ્તનાં દૃશ્યો માણી શકશો. તમે દરિયામાં સ્વિમિંગ કરી શકશો, ડૉલ્ફિન સાથે પાણીમાં ડૂબકી લગાવી શકશો તથા મારી માલિકીના હૅલિકૉપ્ટરમાં બેસીને શેરડીનાં ખેતર જોઈ શકશો અને જો તમે મારું આ હૃદયપૂર્વકનું નિમંત્રણ સ્વીકારો તો હું આગ્રહ કરીશ કે તમે મારા ઘરે જ રોકાજો.

આ બધું સાંભળી કલાકાર એકદમ બોલી ઊઠ્યા, માય ગૉડ! તમે મજાક કરો છો, ખરું ને? એ બાબત સતત સ્પષ્ટ થઈ રહી હતી કે તેમના ક્ષેત્રના બીજા અનેક લોકોની જેમ તે પણ અતિશય લાગણીશીલ હતા, નાનામાં નાની બાબતો ઉપર ધ્યાન રાખતા સંવેદનશીલ હતા. જે લોકો વધારે લાગણીશીલ હોય છે તેઓ એવું માનતા હોય છે કે તેમની સાથે અન્યાય થયો છે. હકીકતે આવા લોકો એક વિશિષ્ટ ક્ષમતા ધરાવતા હોય છે:અન્ય લોકો જે ચૂકી જતા હોય એ બાબતો તેમના ધ્યાનમાં આવી જતી હોય છે, મોટાભાગના લોકો જેની ઉપેક્ષા કરતા હોય તેનો તેઓ અનુભવ કરી શકતા હોય છે, તથા સામાન્ય લાગતી ક્ષણોમાં તેઓ ભવ્યતા શોધી શકતા હોય છે. હા, એ પણ સાચું કે આવા લોકોને સરળતાથી ખોટું પણ લાગી જતું હોય છે, છતાં એવા જ લોકો મહાન સંગીતરચના કરતા હોય છે, ભવ્ય મકાનોના નિર્માણની ડિઝાઇન તૈયાર કરતા હોય છે તથા બીમાર લોકોની સારવાર માટે દવા શોધતા હોય છે. ટૉલ્સ્ટૉયે એક વખત નોંધ લીધી હતી કે, જે લોકો ભરપૂર પ્રેમ કરી શકવાની ક્ષમતા ધરાવતા હોય એ લોકોને જ તીવ્ર પીડા સહન કરવી પડે છે. જ્યારે સૂફી કવિ રુમીએ લખ્યું હતું, તમારા હૃદયનાં દ્વાર ઊઘડી ન જાય ત્યાં સુધી હૃદય તોડતા રહેવું જોઈએ. એવું લાગતું હતું કે આ બધું સાંભળીને કલાકારને પોતાના વિશે વાત થતી હોવાની લાગણી થતી હતી.

સાથીઓ, હું એકદમ ગંભીર છું, તેમ ઘરવિહોણી વ્યક્તિએ ઉત્સાહપૂર્વક કહ્યું. સોલિટ્યુડ નામના ગામથી મારું ઘર નજીક છે અને વિશ્વાસ કરો, એ સાચું જ નામ છે. તમે ઘોંઘાટ અને ભીડથી દૂર શાંત જગ્યાએ જાવ ત્યારે જ તમને તેનું મહત્ત્વ સમજાય. જીવનનો સ્વીકાર કરો અને આટલું કરો! મંચ પરથી ગુરુએ કહ્યું હતું તેમ અકસ્માતે તમારી સમક્ષ આવેલી તક ઝડપી લેશો તો તમને જાદુઈ પરિણામ મળવા લાગશે. તમે જે રમત રમો જ નહીં એ જીતી શકતા નથી, ખરું ને? હકીકત એ છે કે જીવન તમારી પાછળ આવતું હોય છે અને મોટાભાગે એ વિશે ખ્યાલ હોતો નથી. આ સંજોગોમાં તમારી ફરજ એ હોય છે કે તકની બારીઓ શોધી કાઢવી અને તેનો ઉપયોગ કરવો અને જો તમે ટાપુ ઉપર મારા ઘરે આવશો તો હું તમને વધારે સમય રહેવા વિનંતી કરીશ જેથી મારા ગુપ્ત સલાહકારે મને શીખવેલી સફળતાની ફિલૉસૉફી અને પદ્ધતિ તમને શીખવી શકું. ફાઇવ એ.એમ. ક્લબમાં જોડાવા માટે થોડો સમય લાગે છે.

તેણે એક ક્ષણ રોકાઈને પછી ઉમેર્યું, તમારો બધો ખર્ચો પણ હું ઉઠાવીશ. બધું જ સામેલ છે. તમને લેવા માટે મારું અંગત જૅટ મોકલીશ.

ઉદ્યોગસાહસિક અને કલાકારે એકબીજા સામે જોયું. તેમને આશ્ચર્ય થતું હતું અને જે કંઈ સાંભળી રહ્યા હતા એ વાતો તેમના માન્યામાં આવતી નહોતી.

શું હું અને મારી મિત્ર થોડી મિનિટ એકલા વાત કરીએ તો તમને વાંધો છે?

હા, ચોક્કસ. કેમ નહીં! તમારે જેટલો સમય જોઈએ એટલો લો. હું ત્યાં મારી સીટ ઉપર પરત જઉં છું અને મારી વહીવટી ટીમ સાથે ફોન પર વાત કરી લઉં.

ઘરવિહોણી વ્યક્તિના દૂર ગયા પછી, કલાકારે ઉદ્યોગકારને કહ્યું, આ બધું સાવ વિચિત્ર લાગે છે. સાવ મૂર્ખ જેવી વાતો લાગે છે. હું તમારી સાથે સંમત છું કે આ વ્યક્તિ કંઈક વિશેષ છે. કદાચ કંઈક જાદુઈ છે. એ માણસ જે ગુરુની વાતો કર્યા કરે છે એ રસપ્રદ છે અને જે શિક્ષક જેવી વ્યક્તિનો ઉલ્લેખ કરે છે તે આધુનિક સમયના માસ્ટર હોય એવું લાગે છે. મને એટલું ચોક્કસ લાગે છે કે આ રખડુ વ્યક્તિ પાસે કંઈક ભવ્ય બાબત છે. તેને ઘણો અનુભવ હોય એવું પણ લાગે છે. પરંતુ તેની સામે તો જુઓ! કેટલી હદે અસ્તવ્યસ્ત અને ગંદો છે. કેટલાંય અઠવાડિયાથી સ્નાન કર્યું ન હોય એવું લાગે છે. તેનાં કપડાં ફાટેલાં છે. તે હદ વિનાનો વિચિત્ર દેખાય છે. ક્યારેક તો તેની વાતો પણ ગાંડપણ ભરેલી લાગે છે. એ કોણ છે તેની આપણને ખબર નથી. આ જોખમી હોઈ શકે. એ વ્યક્તિ જોખમી હોઈ શકે.

હા, ખરેખર બેહદ તરંગી છે. આજે અહીં જે કંઈ બન્યું એ બધું જ અસાધારણ વિચિત્રતાઓથી ભરેલું હતું, તેમ ઉદ્યોગકારે કહ્યું. તેમના ચહેરા પર થોડી હળવાશ આવી. જોકે, આંખોમાં હજુ વિષાદ દેખાઈ આવતો હતો. તેમણે કહ્યું, હું જીવનમાં એવા તબક્કે છું જ્યાં મારે મોટા પરિવર્તનની જરૂર છે. હાલ જે ચાલી રહ્યું છે તે ચાલી શકે

તેમ નથી. તમે જે કહ્યું એ મેં સાંભળ્યું. હું ૧૧ વર્ષની હતી ત્યારે મારા પિતાને ગુમાવી દીધા ત્યારથી દરેક બાબતે મને શંકા જાય છે. પિતા વિના એક દીકરીનો ઉછેર અસાધારણ રીતે ડરામણો હોય છે. સાચું કહું તો હું હજુ પણ ઘવાયેલી લાગણીઓની પીડા અનુભવું છું. મને દરરોજ પિતાના વિચાર આવે છે. મને મારા અંગત સંબંધોમાં ખરાબ અનુભવ થયા છે. મારો આત્મવિશ્વાસ સાવ તળિયે બેસી ગયો હતો અને સંબંધોની પસંદગીમાં પણ થાપ ખાધી છે.

ઉદ્યોગકારે પોતાની વાત ચાલુ રાખી:એકાદ વર્ષ પહેલાં મેં થેરપિસ્ટની સારવાર લેવાનું શરૂ કર્યું હતું અને હું જે વર્તન કરી રહી છું તેનું કારણ શું છે એ તેમણે મને જણાવ્યું હતું. મનોચિકિત્સકો તેને પિતા વિનાની પુત્રીનાં લક્ષણો તરીકે ઓળખાવે છે. ઊંડે ઊંડેથી મને તરછોડાયાનો ભય સતાવ્યા કરે છે અને એ ઘાની સાથે ભારે અસલામતી અનુભવાય છે. હા, આ બધાને કારણે બહારથી હું અસાધારણ રીતે મજબૂત બની ગઈ છું, અને ક્યારેક નિષ્ઠુર પણ. પિતા ગુમાવવાને કારણે મારા ઉપર જે જવાબદારી આવી છે એ જ મને આગળ વધવાની પ્રેરણા આપતી રહી છે. છતાં તેમને ગુમાવી દેવાથી હું અંદરથી ખૂબ ખાલીપો અનુભવું છું. પિતા જે ખાલીપો છોડી ગયા તે ભરવાનું હું શીખી રહી છું અને એ માટે હું મારા કામમાં સંપૂર્ણપણે ખૂંપી જાઉં છું. હું એવી માન્યતા સાથે સખત કામ કરું છું કે હું જ્યારે સફળ થઈશ ત્યારે મેં જે પ્રેમ ગુમાવી દીધો છે તે મને મળશે. મારી લાગણીમાં જે ખાલીપો રહી ગયો છે તે હું વધુ ને વધુ નાણાંની પાછળ ભાગીને ભરી દેવા મથામણ કરું છું. હું સામાજિક દરજ્જા માટે તલસી રહી છું અને ઉદ્યોગક્ષેત્રમાં માન્યતા મળે તેની લાલસા રાખું છું. ઝડપી આનંદ મેળવવા માટે હું ઑનલાઇન પ્લૅટફૉર્મ પર છટકી જાઉં છું. મેં કહ્યું તેમ, મને ખ્યાલ આવી રહ્યો છે કે મારી મોટાભાગની વર્તણૂકનું કારણ કિશોર અવસ્થામાં મારી સામે ઊભા થયેલા પડકારોને પરિણામે મારામાં પ્રવેશી ગયેલો ભય છે. સ્પેલબાઇન્ડરે માત્ર નાણાં પાછળ ભાગવાને બદલે દુનિયામાં કંઈક અલગ માર્ગ ઘડીને નેતૃત્વક્ષમતા વિકસાવવાની વાત કરી તેનાથી મને પ્રેરણા મળી છે. તેમના શબ્દોએ મારામાં આશા જન્માવી છે. તેમણે જે કહ્યું એ રીતે હું જીવવા માગું છું, પરંતુ હાલ હું એ જગ્યાની આસપાસ પણ ક્યાંય નથી અને તાજેતરમાં મારી કંપનીમાં જે કંઈ થયું તેને કારણે હું ભાંગી પડવાને આરે પહોંચી ગઈ છું. મારા જીવનમાં હાલ ખરાબ સમય પસાર થઈ રહ્યો છે. હું આ સભામાં માત્ર એ કારણે આવી કે મારી માતાએ મને ટિકિટ આપી છે અને હું પરિવર્તન માટે ઝંખી રહી છું.

ઉદ્યોગકારે ઊંડો શ્વાસ લીધો. પોતે જે કંઈ બોલી ગયાં એ પ્રત્યે ક્ષોભ અનુભવતાં તેમણે કહ્યું, સૉરી. હું તમને ખાસ ઓળખતી નથી છતાં શા માટે આ બધી વાત તમને કરું છું એ ખબર નથી. મને લાગે છે કે હું તમારી સાથે સલામત છું. શા માટે એ ખબર નથી. છતાં મેં કંઈ વધારે પડતું કહ્યું હોય તો દિલથી માફી માગું છું.

કલાકારે કહ્યું, કંઈ વાંધો નહી. તેના વર્તન પરથી લાગતું હતું કે ઉદ્યોગકારની વાતમાં તેણે પૂરો રસ લીધો હતો.

એ જોઈને ઉદ્યોગકારે પોતાની વાત ચાલુ રાખી. તેમણે કહ્યું, આપણે ટેક્સી ડ્રાઇવરો તથા અન્ય લોકો, જેમને ખરેખર ઓળખતા પણ નથી હોતા તેમની સાથે વાત કરતી વખતે આપણે પ્રામાણિક હોઈએ છીએ, ખરું ને? હું એ જ કહેવા માગું છું કે પરિવર્તન માટે હું તૈયાર છું અને મારો અંતરાત્મા કહે છે કે, વહેલી સવારના રૂટિન દ્વારા આપણા વ્યક્તિગત અને વ્યવસાયી જીવનને સફળતાના શિખરે લઈ જવાનો દાવો કરનાર આ રખડુ જેવી લાગતી વ્યક્તિ મને ખરેખર મદદરૂપ થશે અને હા, આપણને મદદરૂપ થશે.

અને, તેની ઘડિયાળ યાદ છે ને... તેમ તેમણે ઉમેર્યું.

કલાકારે કહ્યું, મને એ વ્યક્તિ ગમે છે. તેનામાં કંઈક વિશિષ્ટતા છે. તે ક્યારેક કાવ્યમય રીતે અને ક્યારેક આક્રમકતાથી પોતાની વાત કરે છે એ રીત મજાની છે. તેના વિચારો જીવંત છે અને જ્યોર્જ બર્નાર્ડ શૉને એવી રીતે ટાંકે છે જાણે તેનું જીવન તેના ઉપર આધારિત હોય. સારી વાત છે, પરંતુ ખરેખર હજુ મને તેનામાં વિશ્વાસ નથી બેસતો, તેમ કહી એક હાથનો મુક્કો બીજા હાથની હથેળીમાં માર્યો, અને ઉમેર્યું, શક્ય છે એ ઘડિયાળ કોઈ મૂર્ખ ધનિક પાસેથી આંચકી લીધી હોય.

તમે કેવી લાગણી અનુભવી રહ્યા હશો એ હું સમજી શકું છું, તેમ કહી ઉદ્યોગકારે ઉમેર્યું, હું પણ ઘણુંખરું એવું જ અનુભવું છું. આપણી મુલાકાત પણ હજુ સાવ નવી છે. તમારી સાથે પ્રવાસ કેવો રહેશે એ હું જાણતી નથી. આશા રાખું છું કે હું આવું કહું છું તેનાથી તમને ખરાબ નહીં લાગે. તમે સારા માણસ લાગો છો. હા, કેટલીક ખરાબ બાબતો છે અને એ શા કારણે છે એ હું સમજું છું. પરંતુ તમે અંતરથી સારા માણસ છો, હું જાણું છું.

એક મહિલાના મોંએ આવું સાંભળી કલાકારના ચહેરા ઉપર આનંદની લાગણી તરવરી રહી હતી. તેણે ઘરવિહોણી વ્યક્તિ સામે નજર કરી ત્યારે તે જમરૂખ ખાઇ રહ્યો હતો.

ઘરવિહોણી વ્યક્તિ તરફ નજર રાખીને ઉદ્યોગકારે કહ્યું, મારે મારી ઑફિસમાં તપાસ કરીને જાણી લેવું પડશે કે આપણે આ વ્યક્તિ સાથે સમય પસાર કરી શકીએ તેમ છીએ કે નહી. મને તો નાનકડા ટાપુ ઉપર સોલિટ્યુડ નામના ગામ નજીક સમય પસાર કરવાનો વિચાર ગમવા લાગ્યો છે. ઉત્તમ ભોજન અને દરિયાઈ ડૉલ્ફિન સાથે સ્વિમિંગ કરવાનો વિચાર રોમાંચક છે. હું ફરી જીવંતતા અનુભવી રહી છું.

કલાકારે કહ્યું, ખેર, તમને એવું લાગતું હોય તો હવે હું પણ એ જ દિશામાં વિચારું છું. મને લાગે છે કે આ બધું રસપ્રદ બની રહેશે. નવી દુનિયાને તેના મૂળ સ્વરૂપમાં જોવાની આ વિશેષ તક છે. મારી કળા માટે પણ કદાચ આ શ્રેષ્ઠ તક સાબિત થઈ શકે. મને આ તબક્કે લેખક ચાર્લ્સ બુકોવ્સકીએ કહ્યું હતું એ યાદ આવે છે કે, કેટલાક લોકો કદી ક્રેઝી થતા નથી. એવા લોકો ખરેખર પીડાદાયક જીવન જીવે છે અને સ્પેલબાઇન્ડરે પણ આપણને કંઈક વિશિષ્ટ હાંસલ કરવા માટે તેમજ મજબૂત થવા માટે આપણા સામાન્ય જીવનથી આગળ વધવા પ્રોત્સાહન આપ્યું છે. કોઈક અંતસ્ફુરણા પણ મને આ દિશામાં આગળ વધવા જણાવે છે. તેથી, જો તમે જતા હોવ તો હું પણ આવીશ.

ખેર, તમને એક વાત કહું! હું તો આ પગલું લેવા તત્પર છું. હકીકતે હું તો તૈયાર જ છું, તો ચાલો જઈએ, તેમ ઉદ્યોગકારે કહ્યું.

કલાકારે પણ પૂરી સંમતિ વ્યક્ત કરી.

તેઓ બંને ઊભા થઈને ઘરવિહોણી વ્યક્તિ પાસે ગયાં જે આંખો બંધ કરીને બેઠો હતો.

કલાકારે સહજભાવે પૂછ્યું, હાલ શું કરી રહ્યા છો?

એ વ્યક્તિએ જવાબ આપ્યો, જીવનના જે ઉચ્ચ સ્તરનું સર્જન કરવા માગું છું તેની કલ્પના કરી રહ્યો છું. એક વખત એક તુર્કિશ યુદ્ધવિમાનના પાઇલટે મને કહ્યું હતું કે, તે પ્રત્યેક ઉડ્ડયન કરતાં પહેલાં ઉડ્ડયન કરે છે, અર્થાત્ મનોમન સમગ્ર ઉડ્ડયનનું કલ્પનાચિત્ર તૈયાર કરી લે છે. વાસ્તવિક કામગીરી કરતાં પહેલાં આ રીતે મનોમન તેની તૈયારી કરવાથી કામ અવરોધ વિના પાર પાડી શકાય છે. આપણા મનની સ્થિતિ ભવ્યતા અને ઉચ્ચતમ સફળતા હાંસલ કરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે. જો તમે મારા નિમંત્રણનો સ્વીકાર કરશો તો આ બધી બાબતો હું તમને શીખવીશ. ખેર, મેં આંખો શા માટે બંધ કરી હતી તેવા તમારા સવાલનો જવાબ એ છે કે, લગભગ દરરોજ સવારે હું મારી એ દિવસની કામગીરીનો એક માનસિક નકશો તૈયાર કરું છું. સાથે એ કામગીરી પૂર્ણ કરીશ ત્યારે મને કેવી લાગણી થશે તેની પણ કલ્પના કરી લઉં છું. હું મારી જાતને અત્યંત આત્મવિશ્વાસથી સભર બનાવી દઉં છું જેથી આગામી મિશનમાં નિષ્ફળતાનો પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય. ત્યારપછી હું મારી કામગીરી શરૂ કરું છું અને સફળતા માટે સચોટ રીતે કામગીરી કરું છું.

ઉદ્યોગકારે પ્રભાવિત થતાં કહ્યું, આ તો રસપ્રદ વાત છે.

ટોચ ઉપર રહેવા માટે હું દરરોજ જે કંઈ કામગીરી કરું છું તેનું આ એક જ ઉદાહરણ છે. વિજ્ઞાન એ વાત સાબિત કરે છે કે આ પ્રથા મને મારા અગાઉના સુષુપ્ત

મનને જાગૃત કરવામાં મદદરૂપ થાય છે. તમે જાણો છો કે તમારું ડીએનએ એ કંઈ તમારું ભાગ્ય નથી. પણ ચિંતા ન કરશો સાથીઓ. તમે ટાપુ ઉપર આવશો પછી જિનેટિક્સની આ ક્ષમતા વિશે તમને શીખવા મળશે. ધ્યાન કેન્દ્રિત ન થવા દે એવાં સાધનોના આ જમાનામાં સફળતાના શિખર તરફ લઈ જઈ શકે એવા ન્યુરોસાયન્સના પ્રયોગો પણ તમને શીખવા મળશે. યોજનાઓ તૈયાર કરવા બાબતે હું જે કંઈ શીખ્યો છું એ બધું તમને શીખવીશ. તમને ધ્યાન કેન્દ્રિત કરવાના તેમજ શારીરિક ક્ષમતા મજબૂત કરવાના ઉપાય શીખવા મળશે. તમે જાણી શકશો કે દુનિયાના સર્વોત્કૃષ્ટ ઉદ્યોગપતિઓએ કેવી રીતે તેમનું સામ્રાજ્ય ઊભું કર્યું છે તથા એ પદ્ધતિ શીખવા મળશે જેનો દરરોજ વહેલી સવારે અમલ કરીને કેવી રીતે ખુશ રહી શકાય. આ મારી એસઓપી છે, અર્થાત્ સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રોસિજર. મારા વિશેષ સલાહકારે જીવનના સંઘર્ષમાં જીત મેળવવા માટે શું જરૂરી છે તે વિશે બોલતી વખતે આ શબ્દપ્રયોગ કર્યો હતો. મને લાગે છે કે તમે આવો છો?

હા, અમે આવીએ છીએ, તેમ ઉત્સાહ સાથે બોલીને ઉદ્યોગકારે ઉમેર્યું, આ ઑફર બદલ આભાર.

હવે થોડી વધારે રાહતની લાગણી અનુભવતાં કલાકારે પણ કહ્યું, આભાર દોસ્ત.

ઉદ્યોગકારે વિનંતી કરતાં કહ્યું, સૌથી સફળ બિઝનેસપર્સન બનવા માટે વહેલી પરોઢના રૂટિન અંગે તમે જે કંઈ જાણતા હોવ એ બધું જ પ્લીઝ અમને શીખવજો. હું મારો રોજિંદો ક્રમ તેમજ રોજિંદી ઉત્પાદકતા વધારવા ખૂબ આતુર છું. મારે નવેસરથી જીવન શરૂ કરવા માટે પણ તમારી મદદની જરૂર છે. સાચું કહું તો, ઘણા સમય પછી આજે મને વધારે પ્રેરણા મળી હોય એવું લાગે છે. પરંતુ હાલ હું શ્રેષ્ઠ સ્થિતિમાં નથી.

કલાકારે પણ કહ્યું, હા દોસ્ત, અમને વહેલી પરોઢના રૂટિનનું રહસ્ય જણાવ જેથી હું શ્રેષ્ઠ ચિત્રકાર અને ઉમદા વ્યક્તિ બની શકું. પોતાની નોટબુક હવામાં લહેરાવતાં કલાકારે કહ્યું, અમને લેવા તમારું પ્લેન મોકલો. અમને તમારા ગામમાં લઈ જાવ. અમને નાળિયેર આપો. તમારી ડૉલ્ફિન સાથે સ્વિમિંગ કરવા દો અને અમારું જીવન સુધારો. અમે બંને તૈયાર છીએ.

તમે જે કંઈ જોશો-અનુભવશો એ બધું પ્રેરણાદાયક નહી હોય, તેમ ઘરવિહોણી વ્યક્તિએ સાવ અલગ અવાજ અને ભાવ સાથે કહ્યું. જે કંઈ જોવા-શીખવા મળશે એ બધું પરિવર્તન માટે હશે અને તેના સમર્થનમાં ઔદ્યોગિક ક્ષેત્રની સફળતાની સમીક્ષા માટે ખૂબ ચીવટપૂર્વક કરવામાં આવેલા અભ્યાસ અને સમીક્ષાના આધારે તૈયાર થયેલા આંકડા રજૂ કરવામાં આવશે. સાથીઓ સૌથી રોમાંચક અનુભવ માટે તૈયાર થઈ જાવ.

ખૂબ સરસ, તેમ કહી ઉદ્યોગકારે આગળ વધીને અજાણી ઘરવિહોણી વ્યક્તિ સાથે હાથ મિલાવ્યો અને ઉમેર્યું, હું સ્વીકારું છું કે અમારા માટે આ આખી સ્થિતિ સાવ નવી છે. પરંતુ કોઈ પણ કારણસર હવે અમે તમારા ઉપર વિશ્વાસ રાખીએ છીએ અને હા, આ નવા અનુભવ માટે અમે સંપૂર્ણ સજ્જ છીએ.

આ ઑફર માટે તમારો આભાર, તેમ કલાકારે કહ્યું અને પોતાની આવી વિનમ્રતા બદલ તેમને જ આશ્ચર્ય થયું.

ખૂબ સરસ. સાથીઓ તમે સારો નિર્ણય કર્યો છે, તેમ કહી ઘરવિહોણી વ્યક્તિએ બંનેને સૂચના આપી કે, આવતી કાલે સવારે આ કૉન્ફરન્સ સેન્ટરની બહાર હાજર રહેજો. થોડા દિવસ માટેનાં કપડાં સાથે લાવજો. બસ એટલું જ. મેં કહ્યું છે તેમ, બાકીની તમામ બાબતોની કાળજી હું લઈશ. તમામ ખર્ચ હું કરીશ. તમારો આભાર.

ઉદ્યોગકારે આશ્ચર્ય સાથે પૂછ્યું, તમે શા માટે અમારો આભાર માનો છો?

ઘરવિહોણી વ્યક્તિએ સ્મિત સાથે પોતાની દાઢીમાં હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, પોતાની હત્યા થઈ તે પહેલાંના આખરી પ્રવચનમાં માર્ટિન લ્યુથર કિંગ જુનિયરે કહ્યું હતું, દરેક વ્યક્તિ મહાન બની શકે છે કેમ કે દરેક વ્યક્તિ સેવા કરી શકે છે. સેવા કરવા માટે તમારે કૉલેજની ડિગ્રીની જરૂર નથી. સેવા કરવા માટે તમારે તમારા વિષયો અને ભાષા તૈયાર કરવાની જરૂર નથી. સેવા કરવા માટે તમારે પ્લેટો અને એરિસ્ટોટલ વિશે જાણવાની જરૂર નથી. સેવા કરવા માટે તમારે આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદનો સિદ્ધાંત જાણવાની જરૂર નથી. સેવા કરવા માટે તમારે થર્મોડાયનેમિક્સ તથા ફિઝિક્સના બીજા સિદ્ધાંત જાણવાની જરૂર નથી. જરૂર છે માત્ર લાગણીસભર હૃદયની, એક એવા આત્માની જે પ્રેમથી સભર હોય.

આટલાં વર્ષોમાં હું સૌથી અગત્યનો પાઠ એ શીખ્યો છું કે અન્ય લોકોને કંઈક આપવું એ તમારી જાતને ભેટ આપવા સમાન છે. બીજાને ખુશ કરો અને તમને ખુશી મળશે. તમારી આસપાસના માણસોની સ્થિતિમાં સુધારો કરો અને કુદરતી રીતે તમારી પોતાની સ્થિતિ સુધરવા લાગશે. સફળતા શ્રેષ્ઠ બાબત છે. પરંતુ મહત્ત્વ કામગીરીનું છે. તમામ મહાન સ્ત્રી-પુરુષોએ તેમની ઉદારતા દ્વારા આપણી દુનિયાને આગળ વધારી છે અને આપણને સાચા આગેવાનોની જરૂર છે, નાર્સિસિસ્ટ જેવા સ્વાર્થી આગેવાનોની નહીં.

ઘરવિહોણી વ્યક્તિએ પોતાની ઘડિયાળમાં નજર કરતાં વાત આગળ ચલાવી :તમે મૃત્યુ પામો ત્યારે તમારી ઓળખ, તમારી મિલકત કે પછી આધુનિક સાધનો સાથે લઈ જઈ શકતાં નથી, બરાબર ને? મેં આજ સુધી કોઈ શબની પાછળ શબવાહિની દોરવાતી હોય એવું નથી જોયું, તેમ કહેતા તેને ડૂમો ભરાઈ આવ્યો. કલાકાર અને ઉદ્યોગકાર પણ લાગણીશીલ બની ગયાં.

ઉદ્યોગકારે કહ્યું, એ સાચું કહે છે.

જવાબમાં કલાકારે પણ જણાવ્યું, હા સાચી વાત છે.

બંનેની વાતચીત ઉપર ધ્યાન આપ્યા વિના ઘરવિહોણી વ્યક્તિએ કહ્યું, સૌથી અગત્યની વાત એ છે કે પૃથ્વી ઉપર તમારા છેલ્લા દિવસે તમે શું કર્યું હતું. તમે કેવું શૌર્ય દર્શાવ્યું હતું અને માનવજીવનની કેટલી મદદ કરી હતી. પછી શાંત થઈને ઊંડો શ્વાસ લીધો અને ઉમેર્યું, તમે આવો છો એ ખૂબ સારી વાત છે. એ સમય મજાનો હશે.

કલાકારે વિનમ્રપણે પૂછ્યું, હું મારા ચિત્રકામના બ્રશ સાથે લઈ શકું?

ઘરવિહોણી વ્યક્તિએ આંખ મિચકારતાં કહ્યું, તમે સ્વર્ગમાં ચિત્ર દોરવા માગતા હોવ તો જ સાથે લેજો.

ઉદ્યોગકારે પૂછ્યું, આવતી કાલે સવારે આ કૉન્ફરન્સ સેન્ટરની બહાર કેટલા વાગ્યે મળવાનું છે?

સવારે પાંચ વાગ્યે, તેમ કહી ઘરવિહોણી વ્યક્તિએ જણાવ્યું, વહેલી સવાર તમારી પોતાની છે, તમારા જીવનને ઉચ્ચ સ્થાને લઈ જાવ.

અને પછી એ અદૃશ્ય થઈ ગયો.

પ્રકરણ ૬

ઉત્પાદકતા, કલા અને અજેયતાની ઉડાન

"તમારો સમય મર્યાદિત છે તેથી કોઈ બીજાનું જીવન જીવવામાં સમય ન બગાડશો. બીજા લોકોની વિચારસરણીનું પરિણામ હોય એવા કોઈ સિદ્ધાંતમાં સપડાશો નહીં. બીજાના અભિપ્રાયના ઘોંઘાટમાં તમારા અંતરાત્માનો અવાજ ડૂબવા ન દેશો અને સૌથી અગત્યનું, તમારું પોતાનું હૃદય અને અંતરમન કહે તેને અનુસરવાની હિંમત રાખો, (કેમ કે) તમે ખરેખર શું બનવા માગો છો એ વાત એ બંને વધારે સારી રીતે જાણે છે."

– સ્ટીવ જૉબ્સ

હું તો ખૂબ થાકી ગઈ છું, તેમ ઉદ્યોગકારે કહ્યું. તેમના હાથમાં કૉફીનો મોટો કપ હતો. તેમણે વાત ચાલુ રાખીઃહું ધારું છું તેના કરતાં આ પ્રવાસ અઘરો હશે. મને એવી લાગણી થઈ રહી છે જાણે હું સદંતર નવી દુનિયા તરફ જઈ રહી હોઉં. ગઈકાલે સેમિનાર પછી મેં તમને કહ્યું હતું તેમ, હું પરિવર્તન માટે ખરેખર તૈયાર છું. એક નવા પ્રારંભ માટે સજ્જ છું. પરંતુ આ બધી બાબતોનો વિચાર આવતાં ગભરામણ પણ થાય છે. ગઈ રાત્રે મને સરખી ઊંઘ જ નથી આવી. ડરામણાં સ્વપ્ન આવ્યા કરતાં હતાં અને હા, આપણે જે અનુભવ લેવા તૈયાર થયા છીએ તે જોખમી પણ હોઈ શકે.

જવાબમાં કલાકારે કહ્યું, અરે મને તો મૃત્યુ જેવી લાગણી થાય છે. આટલા વહેલા જાગવાનો વિચાર જ ખતરનાક છે.

તેઓ બંને એ હૉલની બહારની ફૂટપાથ ઉપર ઊભાં હતાં જ્યાં ગઈકાલે સ્પેલબાઇન્ડર પ્રવચન આપતાં આપતાં ફસડાઈ પડ્યા હતા, અને એ દૃશ્ય જોઈ અનેક લોકો દુખી થઈ ગયા હતા.

અત્યારે વહેલી સવારના ૪.૪૯ વાગ્યા હતા.

કલાકાર એકદમ ઉશ્કેરાટમાં બોલી ઊઠ્યા, એ નહીં આવે. તેમના વર્તનમાં હતાશા સ્પષ્ટ દેખાઈ આવતી હતી. નિર્જન રસ્તા પર બધી બાજુ નજર કરી, પછી આકાશ તરફ જોયું અને પછી અદબ વાળી દીધી.

ઉદ્યોગકારે સિલ્કનું ટૉપ અને ડિઝાઇનર બ્લૂ જીન્સ પહેર્યું હતું. ઊંચી એડીનાં ચપ્પલ અને સનગ્લાસમાં સજ્જ આ મહિલા ઉદ્યોગકારના હોઠ ભીડેલા હતા અને ચહેરા ઉપર તંગદિલી દેખાઈ આવતી હતી.

તેઓ તેમની હતાશા વ્યક્ત કરવા લાગ્યાંઃમને ખાતરી છે કે એ ઘરવિહોણી વ્યક્તિ નહીં જ આવે. વાતચીતમાં ભલે એ માણસ સજ્જન લાગતો હતો, પરંતુ હવે મને

તેના ઉપર જરાય વિશ્વાસ બેસતો નથી. એ માણસ કદાચ સેમિનારમાં એટલે આવ્યો હશે કે તેને થોડા કલાક આરામ કરવો હશે. 5 એ.એમ. ક્લબના વહેલી સવારના રૂટિન વિશે તેને જાણકારી હોવાનું કારણ એ હશે કે કાંતો તેણે એ વિશે સાંભળેલું હશે અથવા સ્પેલબાઇન્ડરના પ્રેઝન્ટેશનની વિગતો ચોરી લીધી હશે અને તે જે ખાનગી વિમાનની વાત કરતો હતો એ કદાચ તેને ગમતી ભ્રમણાનો એક ભાગ હશે.

ઉદ્યોગકારનો મૂળભૂત શંકાશીલ સ્વભાવ ફરી સક્રિય થઈ ગયો. આગલા દિવસે જે આશાવાદ જણાતો હતો તે અત્યારે અદૃશ્ય થઈ ગયો હતો.

અને બરાબર એ જ વખતે અંધારાને ચીરતી બે હેલોજન લાઇટ નજરે પડી.

કલાકાર અને ઉદ્યોગકારે એકબીજાની સામે જોયું. ઉદ્યોગકારે માંડ સ્મિત કરવા પ્રયાસ કર્યો, અને માત્ર પોતાને સંભળાય એટલા ધીમેથી બોલ્યાં, ઠીક છે. ક્યારેક કારણ કરતાં મનમાં ઉદ્ભવતા ભાવ વધારે મજબૂત હોય છે.

કાળા રંગની ચમકતી રૉલ્ય-રૉયસ તેમની નજીક આવીને ઊભી રહી ગઈ. સફેદ ગણવેશમાં સજ્જ માણસ તેમાંથી ઊતર્યો અને બંનેનું પરંપરાગત રીતે અભિવાદન કર્યું - ગુડ મૉર્નિંગ મેડમ, ગુડ મૉર્નિંગ સર અને વાત કરતાં કરતાં જ બંનેનો સામાન ખૂબ ત્વરાથી કારમાં ગોઠવી દીધો.

કલાકારે જાણે પોતે મજાક કરતા હોય એ રીતે પૂછ્યું, ક્યાં છે પેલો નકામો માણસ?

ડ્રાઇવરને એકાએક હસવું આવી ગયું, પરંતુ તરત જ સ્વસ્થ થઈને તેણે કહ્યું, માફ કરજો સર, પણ હા, તમારી વાત સાચી છે, મિ. રિલે ક્યારેક એવાં વસ્ત્રો પહેરી લેતા હોય છે. ખાસ કરીને તેમને અવ્યવસ્થિત રહેવાની ઇચ્છા થાય ત્યારે એવી રીતે રહેતા હોય છે. તેઓ મોટેભાગે અતિ વિશિષ્ટ જીવન જીવે છે અને જે મેળવવું હોય તે કોઈ પણ ભોગે મેળવી લેતા હોય છે અને તેથી ક્યારેક ક્યારેક એવું કરતા હોય છે જેથી તેમની સાદગી અને વિનમ્રતા જળવાઈ રહે. મિ. રિલે એવી રીતે જીવવા ટેવાયેલા છે, તેમ કહી ડ્રાઇવરે બે એન્વેલપ બંનેને આપતાં કહ્યું, આ તમને આપવાની સૂચના છે.

કલાકાર અને ઉદ્યોગકારે આશ્ચર્ય સાથે એન્વલપ હાથમાં લીધાં. તેને સ્પર્શ કરતાં જ એ ખૂબ કીમતી કાગળના બનેલા હોવાનો ખ્યાલ આવ્યો. બંનેએ પોતપોતાના એન્વેલપ ખોલીને અંદરનો કાગળ વાંચવાનું શરૂ કર્યું :

હેલો સાથીઓ! તમે મજામાં હશો. ગઈકાલે તમને બંનેને ડરાવવાનો મારો કોઈ આશય નહોતો. મારે મારા પગ જમીન સાથે જોડાયેલા રાખવાની જરૂર હોય છે. મારા પ્રિય ફિલૉસૉફરો પૈકી એક એપિક્ટસે લખ્યું હતુંઃએક બળદ કે પછી એક દિવ્ય

આત્મા ધરાવતી વ્યક્તિને કશું જ પ્રથમ પ્રયાસે મળી નથી જતું. તેમણે સખત તાલીમ લેવી જ પડે અને પોતાના માટે જે યોગ્ય ન હોય તે મેળવવા ઊંધું ઘાલીને દોડી જવું ન જોઈએ.

સ્વૈચ્છિક રીતે સ્વીકારેલી અસુવિધા, જેમ કે ફાટેલાં-ગંદાં વસ્ત્રો પહેરવાં કે પછી અઠવાડિયામાં એક વખત ઉપવાસ કરવો કે પછી મહિનામાં એક વખત જમીન ઉપર સૂઈ જવું - આ બધી બાબતો મને મજબૂત, શિસ્તબદ્ધ રાખે છે તથા મારા જીવનની આસપાસની જૂજ પ્રાથમિકતાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત રાખવામાં મદદરૂપ થાય છે. ખેર, ફ્લાઇટની મજા લો અને હું તમને ટૂંક સમયમાં જ સ્વર્ગમાં મળીશ. બિગ હગ.

ડ્રાઇવરે પોતાની વાત હવે આગળ વધારી:પ્લીઝ એટલું યાદ રાખો કે બહારનો દેખાવ ગેરમાર્ગે દોરનારો હોઈ શકે છે અને વસ્ત્રોથી સાચા ચરિત્રની ઓળખ થતી નથી. ગઈકાલે તમે એક મોટા માણસને મળ્યા હતા. દેખાવ પરથી ખરેખર કોઈ વ્યક્તિના ગુણ-દોષનો પરિચય મળતો નથી.

મને તો લાગે છે શેવિંગના આધારે પણ વ્યક્તિની ઓળખ થતી નથી, તેમ કહી કલાકારે હતાશા વ્યક્ત કરતા હોય એ રીતે તેમનો એક પગ કારના વ્હીલ સાથે ધીમે રહીને ટકરાવ્યો.

હું જે કહીશ એ મિ. રિલે તમને કદી નહી કહે, કેમ કે તેઓ અતિશય વિનમ્ર અને સાદા છે. પરંતુ તમે જેમના માટે નકામો માણસ એવું સંબોધન કર્યું એ વિશ્વના સૌથી ધનિક લોકો પૈકી એક છે.

ઉદ્યોગકારની આંખો આશ્ચર્યથી પહોળી થઇ ગઈ. તેમણે પૂછ્યું, શું તમે સાચું બોલો છો?

હું સાચું જ કહું છું, તેમ કહી ડ્રાઇવરે કારનો દરવાજો ખોલી બંનેને અંદર બેસવા ઇશારો કર્યો.

કારની સીટમાંથી તાજા ચામડાની સુવાસ આવતી હતી. કારનું ઇન્ટિરિયર ખૂબ કાળજીપૂર્વક કરવામાં આવ્યું હતું અને તેમાં પણ વૂડન પેનલની ઝીણી કારીગરી અત્યંત આકર્ષક હતી.

મિ. રિલે ઘણાં વર્ષ પહેલાં વિવિધ બિઝનેસ દ્વારા ધનિક થયા હતા. હાલ આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ બનેલી એક કંપનીમાં પ્રારંભિક રોકાણ તેમણે કર્યું હતું. પ્રતિબંધને કારણે હું એ કંપનીનું નામ નહી લઈ શકું. મિ. રિલેને ખબર પડે કે હું તમારી સાથે આવી નાણાકીય બાબતોની ચર્ચા કરતો હતો તો અતિશય ગુસ્સે થશે. તેમણે મને તમને બંનેને કોઈ મુશ્કેલી ન પડે એ રીતે લઈ જવા અને હેંગર-૨૧ સુધી પહોંચાડવા જણાવ્યું છે.

કારમાં બેસતાં બેસતાં કલાકારે આશ્ચર્ય સાથે પૂછ્યું, હેંગર-૨૧?

એ જગ્યાએ મિ. રિલેનાં વિમાનોનો કાફલો રાખવામાં આવે છે, તેમ ડ્રાઇવરે ટૂંકો જવાબ આપ્યો.

હવે આ સાંભળી ઉદ્યોગકારને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું - કાફલો?

"હા" - બસ એટલું કહીને ડ્રાઇવર ચૂપ રહ્યો.

વહેલી સવારે રસ્તા સૂમસામ હતા તેથી ડ્રાઇવરે કારની ઝડપ વધારી, વાતચીત પણ બંધ થઈ ગઈ. કલાકાર બારી બહાર જોઈ રહ્યા હતા. તેમણે ઘણાં વર્ષથી સૂર્યોદય જોયો નહોતો. આ બધું ખરેખર ઘણું સુંદર છે, તેમ કહી તેમણે ઉમેર્યું - આ સમયે દરેક બાબતે નીરવ શાંતિ છે. કોઈ ઘોંઘાટ નહી, ઘણી શાંતિ. હાલ હું થાકેલો છું તેમ છતાં મારી વિચારપ્રક્રિયા સક્રિય છે. દરેક બાબત સ્પષ્ટ દેખાય છે. ક્યાંય ધ્યાનભંગ થતો નથી. એવું લાગે છે જાણે બાકીની દુનિયા ઊંઘમાં છે. કેવી પરમ શાંતિ લાગે છે!

ઉદ્યોગકારે ડ્રાઇવરનું થોડું નિરીક્ષણ કર્યા બાદ વિનંતીના સ્વરમાં કહ્યું, તો તમારા બૉસ વિશે થોડી વધારે વિગત આપો.

હું તેમના વિશે તમને વધારે કહી ન શકું. તેઓ અતિશય ધનિક છે. તેમણે તેમના મોટાભાગનાં નાણાં દાન-સખાવતમાં આપી દીધા છે. મિ. રિલે અત્યંત ઉમદા, ઉદાર અને સમજદાર વ્યક્તિ છે. તેઓ અસાધારણ મનોબળ ધરાવે છે, સાથે પ્રામાણિકતા, સ્વસ્થતા, નિષ્ઠા અને વફાદારી જેવાં મજબૂત મૂલ્યોના સ્વામી છે અને હા, મોટાભાગના અતિશય ધનાઢ્ય લોકોની જેમ વિચિત્ર પણ છે.

ઉદ્યોગકારે કહ્યું, હા, એ બાબત અમે નોંધી છે અને તેમાં મજા પડે છે. પરંતુ તમે કયા આધારે તેમને વિચિત્ર કહો છો.?

ડ્રાઇવરે બસ એટલો જ જવાબ આપ્યો કે, એ બધું તમને જોવા મળશે.

રૉલ્ય રૉયસ ખાનગી વિમાન મથકે આવી પહોંચી. ત્યાં મિ. રિલે જોવા મળ્યા નહી. ડ્રાઇવર કારને એક આઇવરી જૅટ વિમાન તરફ લઈ ગયો. નજીક પહોંચ્યા ત્યારે તેના ઉપર ત્રણ અક્ષર વંચાયા :5એસી.

ઉદ્યોગસાહસિકે થોડા ઉચાટ સાથે પૂછ્યું, આ 5એસી એટલે શું?

5 એ.એમ. ક્લબ. સવાર તમારી છે, તમારું જીવન ઉચ્ચતર બનાવો. મિ. રિલેએ તેમના ઘણા બધા બિઝનેસ માટે અપનાવેલા સિદ્ધાંતો પૈકી આ એક છે અને હવે, મારે તમને વિદાય કહેવી પડશે. તેમ કહી ડ્રાઇવરે બંનેનો સામાન કારમાંથી બહાર કાઢીને તેમને વિમાન પાસે દોરી જતાં કહ્યું.

વિમાનના દાદર પાસે બે ફ્લાઇટ એટેન્ડન્ટ સજ્જ ઊભાં હતાં. એક સુંદર રશિયન છોકરીએ બંનેનું રશિયન ભાષામાં આવકાર આપી અભિવાદન કર્યું.

ડ્રાઇવર તેની કારમાં ગોઠવાયો અને વિમાન તરફ નજર કરીને જતાં જતાં બોલ્યો, મિ. રિલેને મળો ત્યારે મારી યાદ આપજો અને હા, મોરિશિસમાં આનંદ માણજો.

મોરિશિસ? કલાકાર અને ઉદ્યોગકાર બંને એકસાથે બોલી ઊઠ્યાં. તેમને આશ્ચર્યનો પાર નહોતો.

પ્લેનમાં બેસતાં બેસતાં કલાકારે કહ્યું, આ તો માની ન શકાય એવી વાત છે. મોરિશિસ! ઘણાં વર્ષોથી ત્યાં જવાની મારી ઇચ્છા હતી. મેં તેના વિશે ઘણું વાંચ્યું, સાંભળ્યું છે. ખૂબ સુંદર જગ્યા છે અને ત્યાંના લોકો પણ ખુશખુશાલ છે.

ઉદ્યોગકારે પણ પ્લેનમાં બેસીને કૉફીનો ઘૂંટડો પીતાં પીતાં કહ્યું, મારા તો આશ્ચર્યનો પાર નથી. પાઇલટ તથા પ્લેનના અન્ય સ્ટાફનું નિરીક્ષણ કરતાં કરતાં તેમણે ઉમેર્યું, મેં સાંભળ્યું છે કે મોરિશિસ ખૂબ સરસ જગ્યા છે. ત્યાંના લોકો અત્યંત મૈત્રીપૂર્ણ છે, હંમેશાં મદદ કરવા તત્પર હોય છે અને આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ઘણા આગળ છે.

પ્લેન ટેકઑફ થયું અને આકાશમાં વાદળો વચ્ચે આગળ વધવા લાગ્યું. પૂરતી ઊંચાઇએ પહોંચીને સ્થિર થયા પછી બંને વિશિષ્ટ પ્રવાસીઓને શેમ્પેન તથા અન્ય સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું. પણ ઉદ્યોગકારને પોતાની કંપનીની હાલત અને તેમાં પોતાની સાથે જે કંઈ કાવાદાવા થઈ રહ્યા હતા એ બધું યાદ આવ્યું. તેમને વિચાર આવ્યો કે પોતાની તેમજ કંપનીની આવી અસ્થિર હાલતમાં 5 એ.એમ. ક્લબની ફિલૉસૉફીનો પ્રયોગ કરવા જોઇએ કે કેમ? કે પછી પોતાની મુશ્કેલ સ્થિતિમાંથી બ્રેક લઇને દુનિયાના સૌથી સફળ અને ખુશ લોકોએ એ સ્થિતિ કેવી રીતે હાંસલ કરી છે એ શીખવું જોઇએ?!

શેમ્પેનના થોડા ઘૂંટડા અને હળવા નાસ્તા પછી ઉદ્યોગકારને તો ઊંઘ આવી ગઈ. જ્યારે કલાકાર તેમની પાસેનું પુસ્તક વાંચવામાં વ્યસ્ત થઈ ગયા. તેઓ કલાકો સુધી વાંચતા રહ્યા, અને તેના પરથી જ ખ્યાલ આવતો હતો કે તેમને આ પ્રવાસ કેટલો સુખદ લાગ્યો હશે!

વિમાને ખૂબ સરસ રીતે લૅન્ડિંગ કર્યું અને પાઇલટે સર સીવુસગુર રામગુલામ આંતરરાષ્ટ્રીય વિમાન મથકે પહોંચવાની ઘોષણા કરવા સાથે બંને મહેમાનનો વીઆઈપી તરીકે ઉલ્લેખ કરીને તેમનો આભાર માન્યો. પાઇલટે એમ પણ કહ્યું કે, આપણે થોડા દિવસ પછી ફરીથી અહીં મળીશું કેમ કે મિ. રિલેના અંગત સહાયકે અમને તમારા

કાર્યક્રમ વિશે માહિતી આપેલી છે. અમારી સાથે ઉડ્ડયન બદલ વધુ એક વખત આભાર અને અમને વિશ્વાસ છે કે તમારી મુસાફરી સરસ અને સલામત રહી હશે.

ફ્લાઇટ એટેન્ડન્ટ બંને મહેમાનને વિમાનમાંથી બહાર લઈ ગઈ ત્યારે ત્યાં સામે જ ચકચકિત બ્લેક એસયુવી તેમને લેવા ઊભી જ હતી જેમાં બંને ગોઠવાઈ ગયાં. ફ્લાઇટ એટેન્ડન્ટે બંનેને કહ્યું, તમારો સામાન ટૂંક સમયમાં જ તમને મિ. રિલેના નિવાસસ્થાન સ્પાસિબા ખાતે તમારા ગેસ્ટરૂમમાં તમને મળી જશે, ચિંતા ન કરશો.

આ બધી અદ્ભુત અને યાદગાર ક્ષણો છે તેમ કહી ખુશખુશાલ જણાતાં ઉદ્યોગકારે અલગ અલગ ઍન્ગલથી કેટલીક સેલ્ફી લીધી.

હમમમ, સાચી વાત છે એમ કહી કલાકારે સેલ્ફીમાં વચ્ચે માથું નાખીને કૅમેરા સામે જીભ બહાર કાઢી ચાળો કર્યો, જેવો ચાળો આઇન્સ્ટાઇને એક ફોટોગ્રાફમાં કર્યો હતો અને એ દ્વારા એ મહાન વિજ્ઞાનીએ પોતાનામાં જીવંત બાળસહજ વૃત્તિ દર્શાવી હતી.

રેન્જ રોવર હાઇવે ઉપર પસાર થઈ રહી હતી ત્યારે હિંદ મહાસાગરની હવા સડકના કિનારે આવેલાં શેરડીનાં ખેતરો ઉપરથી પસાર થઈને મીઠી સુવાસ લાવી રહી હતી. ડાર્ક ગ્રે ગણવેશ અને સફેદ કૅપમાં સજ્જ ગાડીનો શૉફર શાંત હતો. તેના સમગ્ર દેખાવમાં એક પ્રકારનું પ્રોફેશનાલિઝમ ઝલકતું હતું. સ્પીડ લિમિટનું બોર્ડ આવે ત્યારે તે ચૂક્યા વિના ગાડી ધીમી કરતો અને વળાંક વખતે સિગ્નલ લાઇટ બતાવવાનું ભૂલતો નહીં. દેખાવથી તે ઉંમરલાયક હોય એવું લાગતું હતું છતાં ગાડી ચલાવવાની તેની કુશળતા એક એવા શિખાઉ યુવાન જેવી હતી જે આ કામગીરીમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા પ્રતિબદ્ધ હોય. આખા રસ્તે તેનું ધ્યાન સંપૂર્ણપણે કાર ચલાવવામાં કેન્દ્રિત હતું જેથી મહેમાનોને કોઈ મુશ્કેલી ન પડે.

રસ્તામાં નાનાં ગામો પસાર થતાં હતાં. બોગનવેલને કારણે રસ્તાની સુંદરતામાં ઉમેરો થતો હતો. ક્યાંક ક્યાંક મેદાનમાં બાળકો રમતાં જોવા મળતાં હતાં તો ક્યારેક રખડુ શ્વાન અચાનક એસયુવીની પાછળ દોડીને ભસતાં પણ હતાં. થોડા થોડા સમયે કૂકડા બોલવાનો અવાજ પણ સંભળાતો અને નેતરની ખુરશીઓ પર વૃદ્ધ નાગરિકો આરામ કરતા પણ જોવા મળતા. નિવૃત્તિના આ ગાળામાં તેમની પાસે સમયની કોઈ અછત ન હોય એવું સ્પષ્ટ દેખાતું હતું અને સમય વીતવા સાથે પીઢતા અને સમજદારી ચહેરા ઉપર છલકાતી હતી. પક્ષીઓનો કિલકિલાટ પણ કાને પડતો હતો અને પતંગિયાં તો થોડા થોડા અંતરે ચારે તરફ નજરે પડતાં હતાં.

બધું જ જાણે આ ટાપુના સમય પ્રમાણે ચાલતું હતું. લોકો ખુશ જણાતા હતા. સામાન્ય રીતે અન્ય સ્થળોએ જોવા મળતી ઉતાવળ, હો-હા, દોડધામ, તંગદિલી - એવું કશું અહીં જોવા મળતું નહોતું. બીચનું સૌંદર્ય વર્ણવવા શબ્દો ઓછા પડે એવું હતું.

બગીચા ભવ્ય હતા. પર્વતમાળાને કારણે સમગ્ર દૃશ્ય સોળમી સદીની અદ્‌ભુત કલાકૃતિ જેવું દેખાતું હતું.

ઘણા લાંબા સમયથી ચૂપ ડ્રાઇવરે એકાએક પર્વતની ટોચ તરફ આંગળી બતાવીને પૂછ્યું, દૂર પેલી આકૃતિ દેખાય છે? પર્વતનો એટલો ભાગ માનવ-આકૃતિ જેવો હતો. તેણે પોતાની વાત આગળ વધારતાં કહ્યું, એ સ્થળ પીટર બોથ તરીકે ઓળખાય છે અને મોરિશિયસના ટોચના શિખર પૈકી એક છે. તેનો આકાર માનવીના માથા જેવો દેખાય છે, ખરું ને?

કલાકારે જવાબ આપ્યો, હા, સાચી વાત. એવું જ દેખાય છે.

ડ્રાઇવરે કહ્યું, અમે પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે અમને એક માણસની વાર્તા કહેવામાં આવતી હતી જેને પર્વતના એ શિખર પાસે ઊંઘ આવી ગઈ હતી. એકાએક તેની આસપાસ અવાજ થતાં એ જાગી ગયો અને જોયું તો તેની આસપાસ પરીઓ નૃત્ય કરતી હતી. પરીઓએ એ વ્યક્તિને સ્પષ્ટ સૂચના આપી કે પોતે શું જોયું છે એ કોઈને કહીશ નહી, નહી તો તું પથરો બની જઈશ. એ માણસ એ વખતે તો સંમત થયો, પરંતુ પછી તેનાથી રહેવાયું નહી અને પોતે જે કંઈ જોયું અને અનુભવ્યું એ વિશે અનેક લોકોને ઉત્સાહપૂર્વક જાણ કરી. તેને કારણે નારાજ થયેલી પરીઓએ તેને પથ્થર બનાવી દીધો અને એ માનવ આકારના પર્વત શિખરનું માથું એ રીતે રાખ્યું જેથી જે પણ તેને જુએ તેને એ વાતની યાદ અપાવે કે તમે જે વચન આપ્યું હોય તે પાળવું જોઈએ, વચન નહી પાળવાથી આવી દશા થઈ શકે.

એસયુવી વધુ એક વસાહત પાસેથી પસાર થઈ. તેના ચૉકમાં બે કિશોર અને ત્રણ કિશોરી સંગીતના તાલે ઝૂમી રહ્યાં હતાં. ક્યાંકથી વધુ એક શ્વાનનો ભસવાનો અવાજ પણ આવ્યો.

ડ્રાઇવરે કહેલી વાતનું અનુસંધાન સાધતાં ઉદ્‌યોગકારે કહ્યું, સરસ વાર્તા છે. તેઓ બેઠાં હતાં એ તરફની બારી ખુલ્લી હતી અને તેમાંથી આવતા પવનમાં તેમના વાળ હવામાં લહેરાતા હતા. સામાન્ય રીતે ચિંતામાં જણાતો તેમનો ચહેરો હાલ શાંત હતો. તેમના અવાજમાં અસાધારણ શાંતિનો અનુભવ જણાતો હતો. તેમનો એક હાથ સીટ ઉપર મૂકેલો હતો જ્યાં બરાબર બાજુમાં કલાકારનો પણ ટૅટૂ ચીતરેલો હાથ હતો.

માર્ક ટ્વેઇને લખ્યું હતું, મોરિશિયસનું નિર્માણ પહેલાં થયું હતું અને ત્યારબાદ સ્વર્ગનું. સ્વર્ગે મોરિશિયસની નકલ કરી છે, તેમ કહી ડ્રાઇવરે એવી રીતે ગૌરવ વ્યક્ત કર્યું જાણે કોઈ રાષ્ટ્ર અધ્યક્ષ શપથ લીધા પછી ગૌરવ અનુભવે.

કલાકારે કહ્યું, આવું સૌંદર્ય અગાઉ કદી નથી જોયું. તેમની પરિચિત ઉગ્રતા અને વિહ્‌વળતા ગાયબ હતી, તેઓ પણ હાલ શાંતિનો અનુભવ કરતા હોય એવું લાગતું

હતું. તેમણે ઉમેર્યું, હું જે વાઇબ્રેશન અનુભવી રહ્યો છું તે મારી સર્જન ક્ષમતાને ઊંડે સુધી અસર કરી રહી છે.

ઉદ્યોગકાર સામાન્ય સમય કરતાં વધારે સમય સુધી કલાકાર સામે જોઈ રહ્યાં અને પછી દરિયા તરફ ચહેરો કરીને સ્મિત કર્યું.

આપણે સ્થળ ઉપર પહોંચવાથી પાંચ મિનિટ દૂર છીએ તેમ કહી ડ્રાઇવરે બંનેને ટૅબ્લેટ આપતાં કહ્યું, આ વાંચી લો. તેમાં પાંચ નિયમો લખ્યા હતા :

નિયમ #૧

ખલેલ પડવાની આદત એ તમારી ઉત્પાદક સર્જનાત્મકતાનો અંત લાવી શકે. મોટા મોટા સામ્રાજ્યનું સર્જન કરનાર તથા ઇતિહાસ રચનાર પરોઢ થતાં પહેલાં તેમના પોતાના માટે એક કલાક ફાળવે છે, એ સમયમાં સ્વસ્થતા કેળવે છે જે જટિલતાઓથી મુક્ત હોય અને શ્રેષ્ઠ દિવસ પસાર થાય એ માટે પોતાની જાતને તૈયાર કરે છે.

નિયમ #૨

બહાનાં કાઢવાથી જિનિયસ બની શકાતું નથી. તમને અગાઉ વહેલી પરોઢે ઊઠવાની આદત નહોતી તેનો અર્થ એ નથી કે હવે તમે એ ન કરી શકો. તમારી દલીલો કરવાની આદતમાંથી મુક્ત થાવ અને યાદ રાખો કે દરરોજ એક નાનો ફેરફાર નિયમિત રીતે કરવામાં આવે તો સમય જતાં આશ્ચર્યજનક પરિણામ મળે છે.

નિયમ #૩

દરેક પરિવર્તન પ્રારંભમાં મુશ્કેલ હોય છે, પછી ગૂંચવાડા ભરેલું હોય છે અને અંતે ભવ્ય હોય છે. હાલ તમને જે દરેક બાબતો સરળ લાગે છે તે પહેલી વખત કરી હશે ત્યારે મુશ્કેલ લાગી હશે. સતત પ્રૅક્ટિસ કરવાથી, સૂર્યોદયની સાથે જ જાગી જવાની બાબત પણ સામાન્ય બાબત બની જશે, અને સાથે સ્વયંભૂ પણ થશે.

નિયમ #૪

ટોચના પાંચ ટકા લોકો જે પરિણામ મેળવે છે એવું પરિણામ તમારે મેળવવું હોય તો બાકીના ૯૫ ટકા લોકો જે કામ કરવા તૈયાર નથી એ તમે શરૂ કરી દો. તમે એ રીતે જીવવાનું શરૂ કરશો તો મોટાભાગના લોકો તમને ગાંડા ગણશે. યાદ રાખો, ગાંડપણનું લેબલ લાગે એ તમારી મહાનતાનું મૂલ્ય છે.

નિયમ #૫

તમને શરણે થઈ જવા જેવું, અટકી જવા જેવું લાગે ત્યારે જ કામગીરી ચાલુ રાખો. જીતને નિરંતર પ્રયાસ અને મહેનત ગમે છે.

વાહન હવે ધીમું પડી ગયું હતું. નાના ઘરની શૃંખલા પાસેથી કાર પસાર થઈ. એક તરફ પિક-અપ વાન પડી હતી. મકાનોની શૃંખલામાં છેલ્લા ઘર પાસે કેટલાક બાળકો રમી રહ્યાં હતાં અને કોઈ વાતે ખડખડાટ હસી રહ્યાં હતાં.

દરિયાની સપાટી બ્લૂ અને ગ્રીન બંને રંગનો અનુભવ કરાવતી હતી. પવનની સાથે ઊઠતાં મોજાં રેતાળ દરિયાકિનારા સાથે અવાજ સાથે અફળાતાં હતાં. હવામાં હવે દરિયાઈ સૃષ્ટિની સુવાસ ભળી હતી. એક વૃદ્ધ વ્યક્તિ પરિવારને સાંજે ભોજન કરાવવા માટે માછલી પકડી રહી હતી. તેના માથા ઉપરથી તેણે મોટરસાઇકલ ચલાવતી વખતે પહેરવાનું હેલ્મેટ યથાવત રાખ્યું હતું.

સૂર્યાસ્ત થઈ રહ્યો હતો અને તેનાં સોનેરી કિરણો ચારે તરફ ફેલાઈને જાણે મહેમાનોનું સ્વાગત કરી રહ્યાં હતાં. પક્ષીઓનો કિલકિલાટ હજુ સંભળાતો હતો. પતંગિયાં હજુ પણ દેખાતાં હતાં. સમગ્ર દૃશ્ય જાણે જાદુઈ હતું.

શૉફરે કહ્યું, આપણે આવી પહોંચ્યા છીએ. વિશાળ બંગલાની દીવાલની રચના એ રીતે કરવામાં આવી હતી જેથી હિંસક પ્રાણીઓ અંદર પ્રવેશી ન જાય.

દરવાજો ધીમેથી ખૂલ્યો.

એસયુવી અંદરના પહોળા રસ્તા ઉપર આગળ વધી. રસ્તાની બંને તરફ બોગનવેલ સહિત અનેક પ્રકારના ફૂલના છોડ સૌંદર્યમાં વધારો કરી રહ્યા હતા. ડ્રાઇવરે તેનો કાચ નીચે કર્યો જેમાંથી ઠંડી સુગંધીદાર હવા અંદર પ્રવેશી. સ્માર્ટ ગણવેશમાં બાગકામ કરી રહેલા બે માણસોએ કાર તરફ હાથ હલાવીને મહેમાનોને આવકાર આપ્યો.

અબજોપતિનું એ ઘર એક રીતે દેખાવે સામાન્ય છતાં અસાધારણ ભવ્યતા દર્શાવતું હતું. સૌંદર્ય મોહક હતું છતાં બધાની નજર ન પડે એવી રચના હતી.

ઘરની પાછળના ભાગમાં ખૂબ મોટો વરંડો હતો જે દરિયાકિનારા સુધી જતો હતો. દીવાલ પાસે માઉન્ટેન બાઇક પડ્યું હતું જેના ઉપર માટી ચોંટેલી હતી. ડ્રાઇવ-વે ના છેડે સર્ફબોર્ડ પડેલું હતું. ફ્લોરથી સીલિંગ સુધીની વિશાળ બારીઓ મકાનના સૌંદર્યમાં વધારો કરતી હતી. ફ્રેશ લેમન ટીની સર્વિસ ટ્રૉલી તાજા ફૂલથી સજાવેલી હતી. આકર્ષક બીચ તરફ જતાં દાદર ઉપર સૂર્યનાં કિરણો પડતાં હતાં. એવું દૃશ્ય જે મોટેભાગે ધનિક વર્ગ માટેના સામયિકમાં છપાયેલા ફોટામાં જોવા મળતું હતું.

આ બધા ભવ્ય દૃશ્યોની વચ્ચે બીચની સફેદ રેતી ઉપર કોઈ ઊભેલું દેખાયું. એ વ્યક્તિ તદ્દન સ્થિર ઊભી હતી.

એ વ્યક્તિની ઊંચાઈ ઘણી હતી. શર્ટ નહોતો પહેર્યો તેથી કસાયેલું શરીર દેખાતું હતું. લૂઝ શોર્ટ, ચલો સેન્ડલ અને સ્ટાઇલિશ સનગ્લાસ પહેર્યા હતા. તેની નજર દરિયાના પાણી ઉપર સ્થિર હતી.

તેને જોતાં જ ઉદ્યોગકાર ખૂબ ઉત્સાહથી બોલી ઊઠ્યાં, છેવટે આપણા યજમાન સુધી આપણે પહોંચી ગયા. એ રહ્યા મિ. રિલે. તેમ કહી ઉદ્યોગકાર દરિયાકિનારા તરફ જતી લાકડાની સીડી તરફ આગળ વધ્યાં. તેમણે કહ્યું, જુઓ એ પાણી પાસે ફરે છે અને જીવનનો આનંદ માણે છે. મેં તમને કહ્યું હતું આ વ્યક્તિ વિશિષ્ટ છે. મેં મારા આત્માના અવાજ ઉપર વિશ્વાસ રાખ્યો અને અહીં આવવા તૈયાર થઈ તેનો મને આનંદ છે. તેમણે પોતાનું વચન પાળ્યું છે. તેમણે આપણી ખૂબ સારી આગતાસ્વાગતા કરી છે. આપણને ઓળખતા નથી તોપણ આપણને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ચાલો, તેમને મળવા જઈએ તેમ કહી ઉદ્યોગકારે પોતાના સાથીદાર કલાકારને કહ્યું. સામાન્ય રીતે બધી બાબતોમાં ધીમા એવા કલાકાર પણ હાલ ઉત્સાહમાં આવી ગયા અને પોતે પહેરેલું કાળું શર્ટ કાઢી નાખ્યું.

હું પણ આવું છું, તેમ કહી કલાકાર પણ ઝડપથી ચાલવા લાગ્યા જેથી ઉદ્યોગકારની નજીક પહોંચી શકે. તે ઊંડા શ્વાસ લઈ રહ્યા હતા.

બંને મહેમાન દરિયાના ખોળામાં હોય તેવા આંગણામાં આગળ વધી રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે આસપાસ બીજું એક પણ રહેણાક મકાન નહોતું. મિ. રિલેના મકાન સિવાય બીજું કોઈ મકાન દૂર દૂર સુધી દેખાતું જ નહોતું. એ સિવાય દરિયાકિનારે બે-ચાર હોડી પડેલી હતી જે ક્યારેક ફિશિંગ માટે ઉપયોગમાં લેવાતી હોય એમ લાગતું હતું. અન્ય કોઈ માણસો પણ આસપાસ દેખાતા નહોતા.

કલાકારે થોડે દૂરથી જ બૂમ પાડી, મિ. રિલે...

પણ પેલી સ્થિર ઊભેલી વ્યક્તિ જરાય હલી નહીં.

હવે ઉદ્યોગકારે પણ બૂમ પાડી, મિ. રિલે...

પણ કોઈ જવાબ નહોતો. દરિયાકિનારે ઊભેલી એ વ્યક્તિની નજર દૂર ક્ષિતિજે પસાર થઈ રહેલાં જહાજો તરફ હોય એવું લાગ્યું.

કલાકાર છેક એ વ્યક્તિની નજીક પહોંચી ગયા અને તેના ડાબા ખભે ત્રણ વખત ટપલી મારીને બોલાવ્યા. એ વ્યક્તિએ તરત જ પાછળ જોયું. બંને મહેમાનની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. તેમને વિશ્વાસ જ નહોતો બેસતો કે તેઓ શું જોઈ રહ્યા છે. ઉદ્યોગકારે તો આશ્ચર્યની મુદ્રામાં પોતાનો હાથ મોં પર મૂકી દીધો. કલાકાર એક ડગલું પાછા હઠી ગયા, અને દરમિયાન પડતાં પડતાં રહી ગયા.

બંને જે કંઈ જોઈ રહ્યા હતા તેનાથી ચોંકી ગયા હતા.

એ વ્યક્તિ હતા સ્પેલબાઇન્ડર.



પ્રકરણ ૭

સ્વર્ગ જેવા વાતાવરણમાં પરિવર્તનની તૈયારી

"બાળકને કે પછી જિનિયસને કે પછી અસ્થિર વ્યક્તિને અસામાન્ય-અણધાર્યું વર્તન કરવાનો કોઈ ડર હોતો નથી. એ તો માત્ર તમારા અને મારા જેવા લોકો મોટાં મગજ અને નાનાં હૃદય ધરાવે છે, જેઓ શંકાથી ભરેલા છે અને વધારે પડતું વિચારીને ખચકાટ અનુભવે છે તેમને જ બધી સમસ્યા નડતી હોય છે. "

– સ્ટીવન પ્રેસફિલ્ડ

આશ્ચર્ય અને આનંદ સાથે ઉદ્યોગકારે કહ્યું, અરે વાહ! અમે તમારા સેમિનારમાં હતા. તમે ઉમદા વકતવ્ય આપ્યું હતું. મારી ટૅક્નોલૉજી કંપની છે. અમે અસાધારણ પ્રગતિ કરતા હોવાથી અમારા ક્ષેત્રના પંડિતો જેને રૉકેટ શિપ ગણાવે એવી સ્થિતિએ પહોંચી ગયા હતા. થોડા સમય પહેલાં બધું જ સરસ રીતે ચાલતું હતું... આટલું બોલતાં બોલતાં ઉદ્યોગકારના ગળામાં ડૂમો ભરાઈ આવ્યો.

તેમણે સ્પેલબાઇન્ડર પરથી નજર હટાવીને કલાકાર તરફ જોઈ રહ્યાં. તેમનો હાથ જે રીતે બ્રેસલેટ ઉપર ફરી રહ્યો હતો તેના પરથી તેમની હતાશા વ્યક્ત થતી હતી. ચહેરા ઉપરની રેખાઓ હાલ વધારે સ્પષ્ટ દેખાઈ રહી હતી. તેમના ચહેરા ઉપર સ્થિતિ સામેની લાચારી અને પીડા તરત જ દેખાઈ આવતી હતી.

સ્પેલબાઇન્ડરે પૂછ્યું, તમારા બિઝનેસને શું થયું?

મારી કંપનીમાં મૂડીરોકાણ કરનાર કેટલાક લોકોને એવું લાગતું હતું કે કંપનીમાં મારી મૂડી વધારે પડતી છે. તેઓ તેમના માટે વધારે હિસ્સો ઇચ્છતા હતા. હદ વિનાના લાલચુ લોકો છે. આથી તેમણે મારી વહીવટી ટીમમાં દખલ કરી, કેટલાક મુખ્ય કર્મચારીઓને મારી વિરુદ્ધ ભડકાવ્યા અને હવે મને કંપનીમાંથી હાંકી કાઢવા પ્રયાસ કરે છે. એ કંપની અને તેમાં મારું સ્થાન જ મારું સમગ્ર જીવન છે, એમ કહેતાં કહેતાં ઉદ્યોગકારને ફરી ડૂમો ભરાઈ આવ્યો.

કિનારા પાસે જ ટોળાબંધ તરતી સુંદર માછલીઓ તરફ નજર સ્થિર રાખીને તેમણે પોતાની વાત આગળ વધારી. તમારા સેમિનારમાં આવી નહોતી ત્યાં સુધી મને મારા જીવનનો અંત આણવાના વિચારો આવતા હતા. તમારી ઘણી વાતોએ મને આશા બંધાવી છે. તમારા શબ્દોને કારણે હું ફરી મક્કમ બની છું. કશું ચોક્કસ ખબર નથી, પરંતુ એટલું નિશ્ચિત છે કે તમારે કારણે મને મારી જાતમાં અને મારા ભવિષ્યમાં ફરી વિશ્વાસ બેઠો છે. હું તમારો આભાર માનવા માગું છું. તમે મારા જીવનને ઊર્ધ્વ દિશા આપી છે, તેમ કહી ઉદ્યોગકાર સ્પેલબાઇન્ડરને ભેટી પડ્યાં.

સ્પેલબાઇન્ડરે પણ જવાબમાં કહ્યું, તમારા આ ભાવભીના શબ્દો બદલ આભાર. સેમિનારની સરખામણીમાં થોડા અલગ વાણી-વર્તનમાં દેખાતા સ્પેલબાઇન્ડરે ઉમેર્યું, તમે જે કંઈ કહ્યું એ બદલ તમારો આભારી છું, પરંતુ હકીકત એ છે કે તમારું જીવન સુધારવા માટેના પ્રયાસની શરૂઆત મેં નથી કરી. તમે પોતે જ મારી વાતો અને પદ્ધતિનો અમલ કરીને તમારા જીવનમાં સુધારો લાવવાની પ્રક્રિયા શરૂ કરી છે અનેક લોકો સરસ વાતો કરતા હોય છે. એ બધા પોતાની મહત્ત્વાકાંક્ષાઓ વિશે અને એ કેવી રીતે પૂર્ણ કરશે એ વિશે કહ્યા કરતા હોય છે. હું કોઈ નિર્ણય નથી આપતો, માત્ર વાત કરું છું. ફરિયાદ નથી કરતો, માત્ર વાત કરું છું કે, મોટાભાગના લોકો તેમનું સમગ્ર જીવન માત્ર એક જ ઘરેડમાં પસાર કરી દેતા હોય છે. ગઈકાલ સુધી જે રીતે જીવ્યા હોય તેમાં પરિવર્તન કરવાથી મોટાભાગના લોકો ડરતા હોય છે. તદ્દન સાધારણ પ્રથા અને સલામતીના કોચલામાં રહેલા લોકો વ્યક્તિગત પ્રગતિ તેમજ ઊર્ધ્વગતિની તક ઝડપી લેવા તૈયાર નથી હોતા. આપણી વચ્ચે ઘણાબધા સારા લોકો હોય છે, પરંતુ શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે સાહસના ઊંડા દરિયામાં ડૂબકી લગાવવા તૈયાર નથી હોતા. એ સેમિનારમાં મેં જે માહિતી આપી તેનો અમલ કરવાનું તમે યોગ્ય માન્યું. તમે આજના સમયના એવા સાવ જૂજ લોકો પૈકી એક છો જે વધુ યોગ્ય નેતૃત્વ પૂરું પાડવા, સારા ઉત્પાદક બનવા તેમજ ઉમદા માનવી બનવા તત્પર હોય. તમારા માટે એ સારું જ છે અને હું જાણું છું કે પરિવર્તન સહેલું નથી હોતું અને છતાં, પતંગિયા જેવું સુંદર સ્વરૂપ ધારણ કરવા માટે કેટરપિલરના જીવનનો અંત આવવો જરૂરી હોય છે. તમારામાં રહેલી શ્રેષ્ઠતાનો જન્મ થાય તે પહેલાં તમારામાં રહેલી જૂની ઘરેડનો અંત આવશ્યક છે. તમે એટલા સમજદાર છો કે જીવન અને કામગીરી માટેની સ્થિતિ સાનુકૂળ થાય એ માટેની રાહ જોવા માટે બેસી રહેવા માગતા નથી. એક પ્રકારે પ્રારંભ કરી દેવાથી અસાધારણ ક્ષમતાનાં દ્વાર ખોલી શકાય છે. તમારી આકાંક્ષાઓને કારણે જે સંભાવનાઓ ઊભી થાય તેને વાસ્તવિક સ્વરૂપ આપવાનું શરૂ કરો ત્યારે તમને તમારી અંદરથી એક ગુપ્ત બળ મળતું હોય છે. કુદરત તમારા પ્રયાસોની નોંધ લેતી હોય છે અને પછી આગળ વધીને તે તમે જ્યાં વિશ્વાસ મૂક્યો હોય તેમાં તમને વિજેતા બનાવે છે. તમારા આત્મબળમાં વધારો થાય છે. તમારો આત્મવિશ્વાસ વધે છે અને તમારું બુદ્ધિચાતુર્ય સર્વોચ્ચ સ્થાને પહોંચે છે. એક વર્ષ પછી તમને એ વાતનો એટલો બધો આનંદ થશે કે તમે આજે આ નવા સાહસની શરૂઆત કરી હતી.

ઉદ્યોગકારે કહ્યું, આભાર.

સ્પેલબાઇન્ડરે પોતાની વાત ચાલુ રાખી:મેં એક માણસને એવું કહેતાં સાંભળ્યો હતો કે પોતે દોડવાનું શરૂ કરવા માટે વજન ઓછું થાય એની રાહ જુએ છે. કલ્પના કરો, દોડવાનું શરૂ કરવા માટે વજન ઓછું થવાની રાહ જોવાની! આ તો એના જેવું જ થયું કે કોઈ લેખક પુસ્તક લખવા માટે પ્રેરણા મળે તેની રાહ જુએ, અથવા કોઈ

મૅનેજર તેના વિભાગનું નેતૃત્વ કરવા માટે પ્રમોશનની રાહ જુએ, કે પછી નવો ઉદ્યોગ-વ્યવસાય શરૂ કરવા માગતી વ્યક્તિ પૂરેપૂરું નાણાકીય ભંડોળ મળવાની રાહ જોયા કરે. સતત આગળ વધતા રહેતા જીવનનાં સારાં પરિણામ માત્ર હકારાત્મક પગલાં લેનાર લોકોને મળે છે અને સ્થગિત રહેનાર લોકોને સજા મળે છે. ખેર, મને એ વાતનો આનંદ છે કે તમારી પ્રગતિમાં હું નાના પાયે મદદરૂપ થઈ શકીશ. લાગે છે કે તમે તમારા વ્યક્તિગત જીવનમાં મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યાં છો છતાં સાહસિક પગલું ભરવા તત્પર છો. જ્યારે તમારા અહંકારને આઘાત લાગે ત્યારે એ દિવસ તમારા આત્માની ઉન્નતિનો શ્રેષ્ઠ દિવસ હોય છે અને તમારા અવાજમાં જે ડર છે તે આગળ જતાં જ્ઞાનની ઉમદા ભેટમાં પરિવર્તિત થશે.

ઉદ્યોગકારે કહ્યું, અમને તો લાગ્યું હતું કે તમે મૃત્યુ પામ્યા છો. ભગવાનનો આભાર કે તમે સાજા છો અને તમે આટલા વિનમ્ર છો એ ગમ્યું.

હું માનું છું કે જે વિનમ્ર હોય એ જ મહાન હોય. સાચા અગ્રણીઓ બીજાના જીવનને ઊર્ધ્વ દિશામાં લઈ જવામાં જ પોતાના જીવનની સાર્થકતા માને છે. આવા લોકો અંતરથી આત્મગૌરવ, આનંદ અને શાંતિનો અનુભવ કરતા હોય છે કે તેમને સમાજમાં પોતાની જાહેરાત કરવાની જરૂર રહેતી નથી. હકીકતે વાસ્તવિક શક્તિ અને નકલી શક્તિમાં ઘણો મોટો તફાવત હોય છે, તેમ કહેતાં સ્પેલબાઇન્ડર હવે એ અસલ ગુરુની ભૂમિકામાં આવી રહ્યા હતા જેના માટે દુનિયામાં તે પ્રસિદ્ધ હતા.

આપણી સંસ્કૃતિ આપણને પદવી અને ઘરેણાં, પ્રશંસા અને સન્માન, નાણાં અને મિલકતો મેળવવા જણાવે છે. આ બધું જ શ્રેષ્ઠ છે, ઉમદા છે - જો તમે આ બધાના પ્રભાવ હેઠળ ન આવી જાવ તો. તેનો આનંદ લો, પરંતુ તેના મોહમાં ન પડશો. એ બધું મેળવો, પરંતુ તમારી ઓળખ તેને આધારે હોય એવું ન કરશો. એ બધાની પ્રશંસા કરો, પરંતુ તેને જરૂરિયાત ન બનાવો. આ બધી એવી નકલી બાબતો છે જેને સફળતા ગણાવીને આપણો સમાજ તે મેળવવાની દોડમાં સૌને ધકેલી દે છે. હકીકત તો એ છે કે આમાંનું કંઈ પણ જો તમે ગુમાવી દો તો તેને કારણે મળેલી સત્તા કે ક્ષમતા પણ હવામાં અદૃશ્ય થઈ જાય છે. એ જે રીતે અદૃશ્ય થાય છે તેના પરથી એ બાબતો કેટલી કાલ્પનિક હતી તેનો અંદાજ આવે છે.

પ્રત્યેક શબ્દ સાથે જાણે એકાકાર થઈ રહ્યાં હોય એમ ઉદ્યોગકારે કહ્યું, પ્લીઝ અમને આ બાબતે હજુ વધુ જણાવો.

સ્પેલબાઇન્ડરે પોતાની વાત ચાલુ રાખી:ખરી તાકાત કોઈ બાહ્ય ચીજથી મળતી નથી. પુષ્કળ નાણાં ધરાવતા અનેક લોકો ખરેખર સુખી નથી. ખરી સત્તા અને ક્ષમતા- જે વિશ્વના મહાનુભાવો ધરાવે છે તે કોઈ બાહ્ય ચીજો પરના અધિકારથી આવતી નથી. બાહ્ય ચીજોની એ દુનિયા તો હમણાં નષ્ટ પામી જશે, પરંતુ સાચી અને શાશ્વત ક્ષમતા

એની મેળે વ્યક્ત થાય છે જ્યારે તમારી મૂળભૂત ક્ષમતાને જાણો તથા માનવ તરીકેની સૌથી ભવ્ય કુશળતાને ઓળખી લો. હું તો એમ પણ કહીશ કે સાચી સમૃદ્ધિ ઉત્પાદકતા, સ્વયંશિસ્ત, હિંમત, પ્રામાણિકતા, નિષ્ઠા તેમજ ઘેટાની જેમ બધાની સાથે માથું નીચું રાખીને દોરવાવાને બદલે પોતાની શરતે જિંદગી જીવવાથી આવે છે. હાલ મોટેભાગે ઘેટાશાહી જોવા મળતી હોય છે. શ્રેષ્ઠ બાબત એ છે કે હું જે કહું છું તેવી ક્ષમતા આજે પૃથ્વી ઉપર દરેકને જીવંત રીતે ઉપલબ્ધ છે. આપણે કદાચ આ ભૂલી ગયા હોઈએ અને જીવને હતાશા, નિરાશા આપીને ગૂંચવાડો પેદા કર્યો હોઈ શકે. પરંતુ એ બધું હજુ આપણા માટે રાહ જુએ છે અને એ સંબંધ વિસ્તારવા પણ માગે છે. ઇતિહાસનાં તમામ મહાન પાત્રો પાસે પોતાની કહી શકાય એવી સાવ જૂજ ભૌતિક ચીજો હતી એ તમે જાણો છો. મહાત્મા ગાંધીનું અવસાન થયું ત્યારે તેમની માલિકીની કહી શકાય એવી માત્ર દસ ચીજો હતી જેમાં - તેમનાં ચપ્પલ, એક ઘડિયાળ, ચશ્માં તથા ભોજન માટેના સાદા વાડકાનો સમાવેશ થતો હતો.

રેતી ઉપર આરામની સ્થિતિમાં પડેલા કલાકારે પૂછ્યું, માનવ સમુદાયના અનેક હીરો પાસે એટલી ઓછી ચીજો શા માટે હતી?

કેમ કે તેઓ એવી વ્યક્તિગત પુખ્તતાની કક્ષાએ પહોંચી ગયા હતા જ્યાં તેઓ જીવનને અંતે નકામી હોય એવી ચીજોની પાછળ દિવસ પસાર કરવાની નિરર્થકતા જાણી ગયા હતા. તેમણે તેમના ચારિત્ર્યનું નિર્માણ એવા સ્તરે કરી દીધું હતું જેથી તેમને કોઈ ખલેલ, આકર્ષણ, છટકબારી કે પછી ભૌતિક ભવ્ય ચીજોથી પોતાનો ખાલીપો ભરવાની જરૂર રહેતી નહોતી. જેટલા પ્રમાણમાં તેમની કૃત્રિમ ચીજો પ્રત્યેની લાલસા ઓછી થતી ગઈ તેમ તેમ તેઓ તેમની આંતરિક ક્ષમતા, રચનાત્મક દૃષ્ટિકોણ તરફ વળતા ગયા અને એ દ્વારા પોતાની સહજ શ્રેષ્ઠતા બહાર લાવ્યા. તેઓ ખૂબ સારી રીતે સમજતા હતા કે પ્રેરણાદાયી બનવું, શ્રેષ્ઠ બનવું તેમજ નીડર બનવું એ બધું જ આંતરિક ક્ષમતા ઉપર આધારિત છે અને એક વખત આ આંતરિક સાચી ક્ષમતા હાંસલ થઈ જાય પછી બાહ્ય ભૌતિક બાબતો આપોઆપ દૂર ખસતી જાય છે અને હા, ઇતિહાસના આ મહાન માણસોએ તેમની અંદર રહેલી આ સર્વશ્રેષ્ઠ બાબતો શોધી કાઢવાની સાથે સાથે એવું પણ સમજી ગયા હતા કે આ ઉમદા જીવનનો પ્રાથમિક હેતુ કંઈક પ્રદાન કરવાનો છે, અસર પાડવાનો છે, ઉપયોગી થવાનો છે તેમજ મદદરૂપ થવાનો છે. ઉદ્યોગપતિઓ આ બાબતને અનલૉકિંગ સ્ટેકહોલ્ડર વૅલ્યૂ તરીકે ગણાવી શકે. મારા સેમિનારમાં હું મૂર્છિત થઈને પડી ગયો એ પહેલાં મેં કહ્યું હતું એમ, નેતૃત્વ લેવું એટલે સેવા કરવી. ફિલૉસૉફર રૂમીએ આ બાબત સૌથી સરસ રીતે સમજાવી છે, બુંદ બનવાનું છોડી દો, સમુદ્ર બનો.

આ બધું શૅર કરવા બદલ આભાર, તેમ કહી ઉદ્યોગકાર પણ હવે રેતીમાં બેસી ગયાં અને પોતાનો એક હાથ કલાકારના હાથની નજીકમાં મૂક્યો.

કલાકારે કહ્યું, તમારી તબિયત સારી થઈ રહી છે એ જોઈને સારું લાગે છે. પણ તમને ખરેખર થયું શું હતું?

થાક, એમ કહી સ્પેલબાઇન્ડરે ઉમેર્યું, અનેક શહેરો, અનેક વિમાન, અનેક મીડિયામાં હાજરી, અનેક પ્રેઝન્ટેશન. લોકોને તેમના જીવનમાં આગળ વધવા માટે મદદ કરવાના એકધાર્યા પ્રયાસોને કારણે હું પોતે જ થાકી ગયો.

ત્યારપછી સ્પેલબાઇન્ડરે તેમના સનગ્લાસ કાઢી નાખ્યા અને પોતાના બંને વિદ્યાર્થીઓ સાથે હાથ મિલાવતાં કહ્યું, તમને બંનેને અહીં મળીને ખૂબ આનંદ થયો.

તમને મળીને અમને પણ આનંદ થયો તેમ કહી કલાકારે જણાવ્યું, તમારી કામગીરીએ મને મુશ્કેલ સમયમાં રાહત આપવામાં મદદ કરી છે.

કલાકાર આ શબ્દો બોલી રહ્યા હતા એ જ ક્ષણે થોડે દૂર એક તરાપા ઉપર ફરવા નીકળેલા થોડા પ્રવાસીઓ દેખાયા. સ્પેલબાઇન્ડરે એ લોકો તરફ બારીકાઈથી જોયું, મોટેથી હસ્યા અને પછી પોતાની વાત ચાલુ રાખી.

તો, હું અહીં શા માટે છું એ વાતનું તમને આશ્ચર્ય થતું હશે.

હા, એ વાત સાચી છે, તેમ કહી ઉદ્યોગકાર વધારે સાનુકૂળતાથી બેસવાનો પ્રયાસ કર્યો.

ખેર, મિ. રિલે 33 વર્ષના હતા ત્યારથી હું તેમનો સલાહકાર છું. જે રીતે ટોચના રમતવીરો કોચ રાખતા હોય છે તેમ અસાધારણ ઉદ્યોગપતિઓ પણ સલાહકાર રાખતા હોય છે. તમે એકલા એકલા મહાન સિદ્ધિ હાંસલ કરી શકતા નથી. અમે જ્યારે મળ્યા ત્યારે તેઓ હજુ બિઝનેસની શરૂઆત કરી રહ્યા હતા, પરંતુ ત્યારે પણ એ સમજતા હતા કે વ્યક્તિ જેટલું વધારે શીખે એટલું વધારે હાંસલ કરી શકે. પ્રગતિ એ એવી વાસ્તવિક રમત છે જે રોજેરોજ રમવાની હોય છે. શિક્ષણ ખરેખર કોઈ પણ પ્રકારની ખલેલ સામે સુરક્ષા કવચ બની રહે છે. તમે જેમ જેમ વધારે સારું શીખો તેમ તેમ જીવનના પ્રત્યેક પાસાંમાં શ્રેષ્ઠ કામગીરી કરી શકો છો. હું તેને 2 X 3 X માઇન્ડસેટ કહું છું:અર્થાત્ તમારી આવક અને અસર ડબલ કરો, બે મુખ્ય ક્ષેત્ર - તમારી વ્યક્તિગત શ્રેષ્ઠતા તથા તમારી અંગત ક્ષમતામાં તમારું રોકાણ ત્રણ ગણું કરો.

સરસ વાત છે, તેમ કહી કલાકારે પણ બેસવાની પોઝિશન બદલી.

મિ. રિલે એ બાબત વહેલી સમજી ગયા હતા કે વિશ્વકક્ષાના બનવા માટે તમારે વિશ્વકક્ષાના સહકારની જરૂર પડે. અમે વર્ષોથી શ્રેષ્ઠ મિત્ર બની ગયા છીએ. અમે ઘણો સારો સમય સાથે વિતાવ્યો છે, અને એક વખત તો તેમના પ્રાઇવેટ બીચ ઉપર અમારું લંચ પાંચ કલાક સુધી ચાલ્યું હતું.

સ્પેલબાઇન્ડરે તેમના હાથ હવામાં ઊંચે ખેંચ્યા. ભવ્ય પર્વત તરફ નજર કરી અને થોડી ક્ષણ માટે શાંત રહ્યા.

અને અમે દુઃખનો સમય પણ સાથે વિતાવ્યો છે. જેમ કે મારા મિત્રને તેમના પચાસમા જન્મદિવસ પછી તરત જ કૅન્સરનું નિદાન થયું હતું. એક માણસ જે કંઈ ઇચ્છે એ બધું જ તેમની પાસે હતું, પરંતુ આરોગ્ય વિના બધું જ નકામું. એ બીમારી તેમનામાં પરિવર્તન લાવી. આરોગ્ય એ એવો રાજમુકુટ છે જે એક બીમાર વ્યક્તિ જ તંદુરસ્ત વ્યક્તિના માથા ઉપર જોઈ શકે છે. એક પરંપરામાં કહેવાયું છે એમ:આપણે યુવાન હોઈએ ત્યારે ધન કમાવા માટે આરોગ્યનું બલિદાન આપીએ છીએ, અને ઉંમર વધે તથા ડહાપણ આવે ત્યારે એકાદ દિવસ માટે પણ સારું આરોગ્ય મેળવવા આપણે તમામ મિલકતનું બલિદાન આપવા તૈયાર થઈ જઈએ છીએ. સ્મશાનમાં તમે સૌથી ધનિક હોવ એવું કદી કોઈ ઇચ્છતું નથી.

આટલું કહી સ્પેલબાઇન્ડરે જોકે તરત જ ઉમેર્યું, અલબત્ત, મિ. રિલેએ બીમારીને હરાવી દીધી. દૂર ઘોંઘાટ કરી રહેલા પ્રવાસીઓ તરફ નજર રાખીને સ્પેલબાઇનડરે કહ્યું, એ તેમના સ્વપ્નને કચડવા માગનાર કોઈ પણ પ્રયાસ સામે તે પોતાની જાતનું રક્ષણ કરે છે. હું તેમને ભાઈની જેમ પ્રેમ કરું છું.

ખેર, તમને બંનેને મળીને સારું લાગ્યું, તેમ કહી સ્પેલબાઇન્ડરે જણાવ્યું, તમે આવો છો એ મને કહેવામાં આવ્યું હતું. મિ. રિલે વહેલી સવારના રૂટિન દ્વારા જીવનમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા અંગે તમારી સાથે જે કંઈ વાતો કરી હતી એ અંગે અત્યંત ઉત્સાહી હતા. મને એ વાતનો આનંદ છે કે મેં તેમને જે કંઈ શીખવ્યું છે એ બધું એ બીજા સાથે શૅર કરે છે. તમને પણ ટૂંક સમયમાં એ બધું જાણવા-શીખવા મળશે ત્યારે મજા આવશે. ૫ એ.એમ. ક્લબ તમારા બંને માટે ક્રાંતિકારી બની રહેશે. મને ખ્યાલ છે કે આ બધું વિચિત્ર લાગતું હશે, પરંતુ તમને જે પદ્ધતિ જાણવા-શીખવા મળવાની છે તેનાથી તમારામાં અસાધારણ પરિવર્તન આવશે. આ વિષયની માહિતી માત્ર તમારી અંદર કંઈક વિશેષ ચેતના લાવી દેશે.

ઠીક છે, મિ. રિલેનો સંદેશો છે કે તમારે અહીં થોડા દિવસ ઘરની જેમ રહેવાનું છે. હું તમે વધારે નહીં મળું કેમ કે મોટાભાગનો સમય હું સ્નોરકેલિંગ, સેઇલિંગ અને ફિશિંગમાં પસાર કરીશ. ફિશિંગ મને સૌથી વધુ પસંદ છે. મોરિશસ હું માત્ર મિત્રને મળવા કે તાલીમ આપવા નથી આવતો, પરંતુ સતત તંગદિલી, હતાશા, મૂંઝવણ તરફ જઈ રહેલી દુનિયામાંથી આરામ કરવા માટે પણ અહીં આવું છું. હું અહીં તરોતાજા થવા માટે આવું છું. આરામ અને તરોતાજા થવું એ મહાન બનવા માટે અત્યંત આવશ્યક છે. આ સિદ્ધાંતો હું ઘણાં વર્ષથી આખી દુનિયામાં શિખવાડી રહ્યો છું, પરંતુ હું પોતે જ મારા માટે ભૂલી ગયો હતો અને તેથી મારે તેની કિંમત ચૂકવવી પડી અને પ્રવચન દરમિયાન

ફસડાઈ પડ્યો હતો. મને એ પણ શીખવા મળ્યું કે બધાથી અલગ થઈને એકલા પડવાથી, ડિજિટલ દુનિયાથી દૂર જવાથી પ્રેરણા મેળવી શકાય છે. ડિજિટલ સાધનોએ આજકાલ આપણા જીવન ઉપર કબજો જમાવેલો છો. તેનાથી દૂર થઈ શકાય તો જીવનનો ખરો આનંદ ફરી માણી શકાય તેમ છે. હિંદ મહાસાગરની વચ્ચે આવેલી આ નાની જગ્યા મને મારું નવજીવન પરત મેળવવામાં મદદરૂપ થાય છે. અહીંની સલામતી, સુંદરતા અને કુદરતી સૌંદર્ય ભવ્ય આકર્ષણ ઊભું કરે છે. મને મોરિશિસ ખૂબ પ્રિય છે. જીવનના નાના નાના સામાન્ય આનંદ જેમ કે પરિવાર સાથે ભોજન, મિત્રો સાથે સ્વિમિંગ અને પછી રોસ્ટ ચીકન અને આઇસકોલ્ડ ફિનિક્સનું ડિનર બધાને પસંદ હોય છે.

કલાકારથી એકાએક પુછાઈ ગયું, ફિનિક્સ?

એ મોરિશિસનો બિયર છે, તેમ સ્પેલબાઇન્ડરે જવાબ આપ્યો અને મારે કહેવું જોઈએ કે હું જ્યારે પણ આ ટાપુ પરથી પરત રવાના થાઉં છું ત્યારે એક સો ગણો વધુ મજબૂત, ઝડપી, લક્ષ્ય-કેન્દ્રિત અને ઉત્સાહથી સભર થઈને જાઉં છું. હું મારા દૈનિક જીવનમાં ખરેખર સખત મહેનત કરું છું. હું અભિમાન નથી કરતો, પરંતુ મને ખરેખર સમાજને આગળ વધારવાની ચિંતા છે અને સમાજમાંથી લોભ-લાલચ, ધિક્કાર અને સંઘર્ષ ઘટાડવા હું પ્રતિબદ્ધ છું. અહીં આવું ત્યારે મારામાં નવું જોમ આવી જાય છે. જીવનમાં જે કંઈ અગત્યનું છે એની સાથે હું ફરી જોડાઈ જાઉં છું. જેથી હું પરત જઈને દુનિયા માટે કામગીરી કરી શકું. શું તમે જાણો છો કે આપણે બધા જ દુનિયા માટે કામ કરીએ છીએ? ખેર, તમે બંને આનંદ માણો અને મારા સેમિનારમાં આવવા બદલ તેમજ એ વિશે જે સારી વાતો કરી એ બદલ ફરી એક વાર આભાર. એ શબ્દો મારા માટે ઘણા પ્રોત્સાહક છે. ટીકાકાર તો કોઈ પણ હોઈ શકે, પરંતુ કોઈનાં વખાણ કરીને પ્રોત્સાહન આપવા માટે હિંમત જોઈએ. ભવ્ય નેતૃત્વનાં લક્ષણ ધરાવનાર વ્યક્તિ કદી કોઈ વ્યક્તિનું અપમાન ન કરે. હું આશા રાખું છું કે આ સિદ્ધાંત વધુ ને વધુ અગ્રણીઓ-આગેવાનો સમજે.

અને હા, એક છેલ્લી વાત, તેમ સ્પેલબાઇન્ડરે તેમના કપડામાં ભરાયેલી બીચની રેતી ખંખેરવાનો પ્રયાસ કરતાં કહ્યું.

ઉદ્યોગકારે પૂછ્યું, શું?

પ્લીઝ, આવતી કાલે સવારે અહીં બીચ ઉપર આવી જજો. તમારી તાલીમની શરૂઆત થશે.

ચોક્કસ. કયા સમયે? ઉદ્યોગકારે પૂછ્યું.

જવાબ મળ્યો, 5 એ.એમ. સવાર તમારી પોતાની છે. તમારા જીવનને ઉન્નત બનાવો.

પ્રકરણ ૮

5 એ.એમ. પદ્ધતિ વૈશ્વિક અગ્રણીઓની પ્રભાત

"સૂર્યોદય થાય તે પહેલાં જાગવું શ્રેષ્ઠ છે. એ આદત આરોગ્ય, સંપત્તિ અને જ્ઞાનમાં વધારો કરે છે." – **એરિસ્ટોટલ**

5 એ.એમ. ક્લબમાં તમારું સ્વાગત છે! તેમ કહેતાં એ ધનિક મહાનુભાવ તેમના દરિયાકિનારા તરફના ઘરમાંથી બહાર આવ્યા. મહેમાનોનું અભિવાદન કરતાં કહ્યું, ગુડ મૉર્નિંગ. તમે સમયસર આવી ગયાં એ મને ગમ્યું. સમયપાલન એ રાજવી લક્ષણ છે. કમ સે કમ હું તો એવું માનું છું. મારું નામ સ્ટોન રિલે છે.

સેમિનારમાં તેમણે પહેરેલાં ફાટેલાં-ગંદા વસ્ત્રોનું સ્થાન અહીં સ્વચ્છ-સુઘડ બ્લેક શોટ્ર્સ અને પ્રેસ્ટિન વ્હાઇટ ટી-શર્ટે લીધું હતું – જેના ઉપર લખ્યું હતું, તમે કામ શરૂ ન કરી દો ત્યાં સુધી કોઈ આઇડિયા કામ કરતો નથી. તેમણે પગમાં કશું જ નહોતું પહેર્યું અને ચહેરો ક્લીન શેવ હતો. તેઓ અત્યંત ફિટ અને તંદુરસ્ત જણાતા હતા. માથે બેઝબૉલ કૅપ ઊંધી પહેરી હતી. સમગ્ર રીતે તેઓ તેમની ઉંમર કરતાં વધારે યુવાન દેખાતા હતા.

તેમની ગ્રીન આંખો અસાધારણ રીતે સ્વચ્છ હતી અને સ્મિત મોહક હતું. ઉદ્યોગકારને જે બાબતનો અગાઉથી અણસાર આવી ગયો હતો એવું જ હતું કે આ વ્યક્તિમાં કશીક વિશિષ્ટતા તો હતી જ.

એક સફેદ કબૂતર એ ઉદ્યોગપતિના માથા ઉપર દેખાયું, આશરે દસ સેકન્ડ ત્યાં રહ્યું અને પછી ઊડી ગયું. આ શું હતું તેની કલ્પના કરી શકો છો? આ કંઈક જાદુઈ બાબત હતી.

તમને લોકોને વાંધો ન હોય તો એક હગ આપું એમ કહી એ ધનિક ઉદ્યોગપતિએ બંને મહેમાનના પ્રતિભાવની રાહ જોયા વિના જ પોતાના બંને હાથ પહોળા કરીને બંનેને એકસાથે આલિંગન આપ્યું.

તેમણે સાનંદાશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, તમે બંને ખરેખર હિંમતવાળા છો. તમે એક એવી વૃદ્ધ વ્યક્તિ ઉપર વિશ્વાસ મૂક્યો જેણે ફાટેલાં-મેલાં વસ્ત્રો પહેર્યાં હતાં અને તમારા માટે તદ્દન અજાણી હતી. એવું નથી કે હું મારા દેખાવ બાબતે કાળજી નથી લેતો, પરંતુ હકીકતે હું કેવો દેખાઉં છું તેની ખાસ દરકાર કરતો નથી, એમ કહી તે પોતાની જ બેકાળજીની આદત ઉપર મોટેથી હસી પડ્યા. મને દરેક બાબત તેના વાસ્તવિક સ્વરૂપમાં રાખવાનું ગમે છે. સરળ અને સુંદર. સંપૂર્ણ વાસ્તવિક. આ

બાબતો મને એ પૌરાણિક સૂત્ર યાદ અપાવે છે :ખૂબ ધન હોય તેનાથી તમે અલગ પડતા નથી. એ તમને ધન કમાયા પહેલાં જે હતા એ સ્થિતિ દર્શાવે છે.

એ ધનિક ઉદ્યોગપતિએ દરિયાના પાણી તરફ ખૂબ ધ્યાનથી જોયું અને વહેલી પરોઢના સૂર્યનાં કિરણો પોતાના શરીર ઉપર પડવા દીધાં. આંખો બંધ કરીને ઊંડો શ્વાસ લીધો. પેટના કસાયેલા સ્નાયુના આકાર સફેદ ટી-શર્ટમાંથી સ્પષ્ટ જોઈ શકાતા હતા. એ પછી તેમણે બ્લેક શોર્ટ્સના ખીસામાંથી એક ફૂલ બહાર કાઢ્યું. ઉદ્યોગકાર અને કલાકાર બેમાંથી કોઈએ અગાઉ કદી આવું ફૂલ જોયું નહોતું. ખીસામાંથી કાઢ્યું હોવા છતાં ફૂલ સ્હેજ પણ ચીમળાયું નહોતું.

ફૂલ સૂંઘતાં સૂંઘતાં ધનિક ઉદ્યોગપતિએ કહ્યું, ફૂલો એવી દરેક વ્યક્તિ માટે અત્યંત મહત્ત્વનાં છે જેઓ તેમની કામગીરી અને અંગત જીવનમાં જાદુઈ પરિવર્તન લાવવા માગે છે. ખેર, હું એમ કહેવા માગતો હતો કે, મારા પિતા ખેડૂત હતા. મારો ઉછેર ખેતરમાં થયો હતો અને ત્યારપછી અમે દક્ષિણ કૅલિફૉર્નિયા સ્થળાંતર કર્યું હતું. અમારું જીવન સામાન્ય હતું, વિચાર સામાન્ય હતા, બોલચાલ સામાન્ય હતી અને ખોરાક પણ સામાન્ય હતો. તમે એક બાળકને દેશમાંથી લઈ જઈ શકો, પરંતુ બાળકની અંદર પડેલા દેશને બહાર ન કાઢી શકો, તેમ તેમણે દરિયાના પાણી ઉપર નજર રાખીને ઉત્સાહપૂર્વક કહ્યું.

ઉદ્યોગકાર અને કલાકાર બંનેએ આ ધનિક વ્યક્તિનો ખૂબ ભાવપૂર્વક આભાર માન્યો. તેમણે કહ્યું કે અત્યાર સુધીનો તેમનો આ સાહસિક અનુભવ ખૂબ સારો રહ્યો છે. તેમણે ધનિક ઉદ્યોગપતિને કહ્યું કે આ ટાપુ તેમજ તેમનો એક્સક્લુઝિવ બીચ અત્યંત સુંદર છે અને તેમણે આવો અનુભવ અગાઉ કદી કર્યો નથી.

યુટોપિયા જેવું લાગે છે, ખરું ને? તેમ કહીને સનગ્લાસ પહેરતાં ધનિકે કહ્યું, હું નસીબદાર છું એ નક્કી. મને આનંદ છે કે તમે અહીં આવ્યાં.

અચ્છા, તો તમારા પિતાજીએ તમારામાં વહેલા ઊઠવાની આદત પાડી? તેમ કલાકારે સવાલ કર્યો એટલી વારમાં બધા ચાલતાં ચાલતાં છેક કિનારા પાસે પહોંચી ગયાં.

ધનિક ઉદ્યોગપતિ એકાએક ગોળગોળ ફરવા લાગ્યા અને એ જ સ્થિતિમાં બોલ્યા, મારે તમારા રૂમના પડદા ઉપર એવું ચીતરાવી દેવા જેવું હતું કે, જો તમે વહેલા ઊઠી ન શકો તો તમે પ્રગતિ કરી શકતા નથી.

આ અર્લ ઑફ ચેથમના વિલિયમ પિટનું પ્રસિદ્ધ વાક્ય છે. મને લાગ્યું કે મારે અત્યારે જ તમારી સાથે આ શૅર કરવું જોઈએ. ઠીક છે, પણ તમે મારા પિતા વિશે પૂછ્યું

તેનો હવે જવાબ આપું.

તેનો જવાબ છે, હા અને ના. મારા બાળપણમાં મેં તેમને વહેલી પરોઢે જાગી જતાં જોયા છે. વહેલા ઊઠીને તેઓ તમામ પ્રકારના કામે લાગી જતા. પરંતુ તેઓ મને જગાડવાનો પ્રયાસ કરે તો મને ગમતું નહોતું. દુનિયાનાં મોટાભાગનાં બાળકોની જેમ મને પણ વહેલી સવારે સૂઈ રહેવાનું ગમતું હતું. છેવટે રોજેરોજ મારી સાથે માથાકૂટ કરવાને બદલે તેમણે મને પરોઢે ઉઠાડવાના પ્રયાસ છોડી દીધા, અને તેથી હું મોડા સુધી સૂઈ રહેતો.

સમજદાર પિતા કહેવાય, તેમ યોગ કરી શકાય એવાં વસ્ત્રોમાં સજ્જ ઉદ્યોગકારે કહ્યું. તેઓ જરૂરી નોંધ કરવા માટેનું ડિવાઇસ પણ સાથે લાવ્યાં હતાં.

હા, એ સમજદાર હતા, તેમ કહી ધનિક ઉદ્યોગપતિએ બંને વિદ્યાર્થીઓના ખભા ઉપર હાથ મૂકીને કિનારે કિનારે ચાલતા રહ્યા.

મિ. રિલેએ કહ્યું, હકીકતે મને 5 એ.એમ.ની પદ્ધતિ શિખવાડનાર સ્પેલબાઇન્ડર છે. હું તેમને પ્રથમ વખત મળ્યો ત્યારે હું યુવાન હતો. મેં મારી પ્રથમ કંપની હજુ શરૂ જ કરી હતી. મારે કોઈના માર્ગદર્શનની જરૂર હતી, જે પડકાર ઊભા કરીને ઉદ્યોગસાહસિક તરીકે વિકસવામાં, ટોચ ઉપર પહોંચવામાં, અગ્રણી બનવામાં મને મદદ કરે. બધા કહેતા હતા કે વિશ્વમાં તેઓ શ્રેષ્ઠ એક્ઝિક્યુટિવ માર્ગદર્શક છે. તેમને મળવા માટે ત્રણ વર્ષનું વેઇટિંગ લિસ્ટ હોય છે. આથી હું તેમને રોજેરોજ ફોન કરતો ત્યારે છેવટે તેઓ મારા માર્ગદર્શક બનવા તૈયાર થયા. એ સમયે તો તેઓ પણ યુવાન હતા. પરંતુ તેમની માર્ગદર્શન પદ્ધતિમાં ઊંડાણ છે, ક્ષમતાની શુદ્ધતા અને એક નવા પ્રકારની અસર છે જે તેમની ઉંમરના પ્રમાણમાં નોંધપાત્ર રીતે ઘણી આધુનિક કહી શકાય.

કલાકારે વચ્ચે પૂછી લીધું, તો શું વહેલી પરોઢે ઊઠવાની આ શિસ્તથી તમને લાભ થયો?

ધનિકે કલાકાર સામે સ્મિત કર્યું અને પછી ચાલતાં અટકી ગયા.

એ એક પદ્ધતિથી પરિવર્તન આવ્યું અને બાકીની તમામ આગળ વધી. સંશોધકો હવે તમારી કામગીરીની તમામ પદ્ધતિને કી-સ્ટોન હેબિટ ગણાવે છે. તેને માનસિક સ્થિતિ સાથે જોડી દઈને આગળ વધવાથી પ્રારંભિક મુશ્કેલીઓ છતાં મારામાં ખૂબ મજબૂત પ્રતિબદ્ધતા સ્થાપિત કરી છે. સાચું કહું તો આ રૂટિન શરૂ કર્યું ત્યારે એવા દિવસો હતા જ્યારે મને જાણે માથામાં કોઈ હથોડા મારતું હોય એવું લાગતું હતું. હું સૂઈ રહેવા માગતો હતો. પરંતુ એક વખત મેં વહેલી સવારે પાંચ વાગ્યે જાગી જવાનું શરૂ કરી દીધું અને તેને નિયમિત રૂટિન બનાવી લીધું ત્યારથી મને ખૂબ સારું લાગે છે.

ઉદ્યોગકાર અને કલાકાર બંને એકસાથે બોલી ઊઠ્યાં, કેવી રીતે?

ઉદ્યોગકારે પોતાની એક આંગળીથી કલાકારના હાથને સ્પર્શ કર્યો. એ દ્વારા તે એમ કહેવા માગતાં હતાં કે આપણે બંને હવે એકસાથે અને એકસરખું વિચારીએ છીએ. જવાબમાં કલાકારે ઉદ્યોગકારની આંખમાં આંખ નાખીને જોયું. બંનેએ સ્મિત કર્યું.

ધનિક ઉદ્યોગપતિએ પોતાની વાત ચાલુ રાખીઃઅસાધારણ પરિવર્તનના આ સમયમાં, અતિશય ખલેલ પાડતા સંજોગોમાં તથા ખૂબ વ્યસ્ત કામગીરી વચ્ચે સ્પેલબાઇન્ડરે મને શીખવેલો 5 એ.એમ. સિદ્ધાંત મારા માટે અત્યંત ઉપકારક સાબિત થયો. મારી સવાર હવે દોડાદોડવાળી નથી હોતી. વિચાર કરો માત્ર એ એક રૂટિનથી તમારા દિવસની ગુણવત્તા કેવી બદલાઈ જાય છે! દિવસનો ભવ્ય પ્રારંભ કરવાની તક તમને માત્ર વહેલી સવાર દ્વારા જ મળી શકે છે. હું જેમ જેમ આ રૂટિન અપનાવતો ગયો તેમ તેમ મેં જોયું કે કોઈ પણ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત રાખવાની મારી ક્ષમતામાં સતત વધારો થતો ગયો. ચૅમ્પિયન ઍથ્લેટ હોય કે પછી ટોચના એક્ઝિક્યુટિવ, સુપ્રસિદ્ધ આર્કિટેક્ટ હોય કે પછી સેલિસ્ટ હોય – એ દરેક તેમની કામગીરી ઉપર ઉચ્ચતર ધ્યાન કેન્દ્રિત કરીને જ શિખર ઉપર પહોંચ્યા છે. આ ક્ષમતા જ તેમને વિશ્વમાં ઉચ્ચ ગુણવત્તાનાં પરિણામ આપવા માટે પ્રેરિત કરે છે. તેની સામે આવાં ક્ષેત્રોના ઘણી મોટી સંખ્યામાં લોકો ધ્યાન કેન્દ્રિત નહી કરીને તથા અન્ય દુન્યવી બાબતોમાં ખલેલનો ભોગ બનીને સાવ સામાન્ય કક્ષાનાં પરિણામ આપતા હોય છે.

કલાકારે કહ્યું, હું આ વાત સાથે સંપૂર્ણ સંમત છું. આજકાલ કલાકોના કલાકો સુધી પોતાની કળામાં ધ્યાન કેન્દ્રિત કરતા હોય એવા લોકો સાવ જૂજ છે. સ્પેલબાઇન્ડરે તેમના વકતવ્ય દરમિયાન ઇલેક્ટ્રૉનિક સાધનોના બંધાણી લોકોને સાયબર ઝૉમ્બિસ તરીકે ઓળખાવ્યા એ સાચું જ હતું. હું આવા લોકોને દરરોજ જોઉં છું. એવું લાગે જાણે એવા લોકો હવે ખરા માનવ રહ્યા નથી. રોબૉટ જેવા બની ગયા છે અને તેમના ડિવાઇસના સ્ક્રીન સાથે ચોંટેલા રહે છે.

ધનિકે કહ્યું, મેં તમારી વાત સાંભળી. તમે જો તમારા ક્ષેત્રમાં જીત મેળવીને શિખર ઉપર પહોંચવા માગતા હોવ તો કામગીરીમાં ખલેલથી બચવું આવશ્યક છે. આપણે જે અંગે વાત કરી રહ્યા છીએ તેને ન્યુરોસાયન્ટિસ્ટ પીક મૅન્ટલ સ્ટેટ કહે છે, જ્યાં આપણી વિચારપ્રક્રિયા ઝડપી બને છે, મૂળભૂત આઇડિયાની સંભાવના વધે છે તેમજ આપણે આપણી ક્ષમતાનો ઉપયોગ કરવાનું એક નવું ઉચ્ચ સ્તર હાંસલ કરી શકીએ છીએ અને પાંચ વાગ્યે જાગવાથી આ ક્ષમતા વધુ ભવ્યતા હાંસલ કરે છે અને હા, બીજા બધા સૂતા હોય ત્યારે સૂર્યોદય પહેલાં ઊઠી જવાની પ્રથાને કારણે મારી પોતાની

સર્જનાત્મકતામાં અસાધારણ વધારો થયો, મારી ઊર્જા બેવડાઈ ગઈ, મારી ઉત્પાદકતા ત્રણ ગણી વધી ગઈ, મારી…

ધનિક ઉદ્યોગપતિ પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં મહિલા ઉદ્યોગકાર બોલી ઊઠ્યાં, શું તમે આ બધું સાચું કહો છો? તેમના માટે એ માની લેવાનું મુશ્કેલ હતું કે માત્ર વહેલી સવારનું રૂટિન બદલવાથી માનવજીવનમાં આટલું મોટું પરિવર્તન આવી શકે.

તદ્દન સાચી વાત છે. બિઝનેસની મારી સમગ્ર કારકિર્દી દરમિયાન પ્રામાણિકતાને સૌથી મુખ્ય સ્થાન આપ્યું છે. રાત્રે સૂતી વખતે એક પણ એવી બાબત ન હોય જે આત્માને ડંખે તો તેનાથી ઉત્તમ કશું નથી. એ મારા ખેડૂતપુત્ર તરીકેના સંસ્કારને કારણે હોઈ શકે એવું મને લાગે છે તેમ ધનિકે કહ્યું.

એકાએક ઉદ્યોગકારના ફોનમાં અર્જન્ટ મેસેજનો ટોન વાગ્યો. ઓહ, તમારા બંનેની માફી માગું છું. મેં મારી ટીમને સૂચના આપી હતી કે અહીં છું ત્યાં સુધી મને ફોન ન કરવો. મને સમજાતું નથી કે એ લોકો મને હાલ શા માટે તકલીફ આપે છે. એમ કહી તેમણે ફોનમાં જોયું.

તેમાં મોટા અક્ષરમાં માત્ર એટલું લખ્યું હતું :

કંપની છોડી દો, નહી તો તમારું મૃત્યુ થશે.

ઉદ્યોગકારને ચક્કર આવી ગયાં અને રેતીમાં પટકાઈ ગયાં. તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી.

કંઈક ગંભીર બન્યું છે એ સમજી ગયેલા કલાકારે પૂછ્યું, શું થયું?

પોતાની મિત્રના ચહેરા ઉપર લોહીના ટશિયા ફૂટી આવેલા જોઈને તથા તેના હાથ કાંપતા હોવાનું જોઈને કલાકારે વધારે જોરથી પૂછ્યું, શું થયું?

ધનિકને પણ ચિંતા થઈ. તેમણે પણ પૂછ્યું, બધું બરાબર છે? તમારે પાણી કે એવી કોઈ જરૂર છે?

હતપ્રભ થયેલાં ઉદ્યોગકાર માંડ માંડ બોલી શકતાં હતાં. તેમણે કહ્યું, મને હત્યાની ધમકી મળી છે…મારા રોકાણકારો તરફથી. એ લોકોને મારી કંપની જોઈએ છે. એ લોકો… મને હાંકી કાઢવા માગે છે… કેમ કે તેમને એવું લાગે છે કે કંપનીમાં મારો સૌથી મોટો હિસ્સો છે. તેમણે મને કહ્યું કે જો હું કંપનીમાંથી નીકળી નહી જાઉં તો તેઓ…મારી…હત્યા કરી દેશે..

ધનિકે તરત જ તેમના સનગ્લાસ ઉતારીને હાથ હવામાં ઊંચો કરી ગોળ ગોળ ફેરવ્યો. એ સાથે જ ગાઢ પામ વૃક્ષોની પાછળથી બે કદાવર માણસો પોતાની પાસેની રાઇફલો દરિયા તરફ તાકતા તાકતા અત્યંત ઝડપથી આવી પહોંચ્યા.

બેમાંથી વધારે કદાવર ઊંચા માણસે ચિંતા સાથે પૂછ્યું, બૉસ, તમે બરાબર છો?

સત્તાવાહી અવાજ સાથે ધનિકે કહ્યું, હા. પરંતુ તમે બંને તત્કાળ આ બાબતની તપાસ કરો. પછી તેમણે ઉદ્યોગકાર તરફ જોઈને કહ્યું, તમે ઇચ્છો તો હું મદદ કરી શકું.

એ પછી એ ધનિક પોતાની જાત સાથે કંઈક બોલ્યા અને થોડી જ ક્ષણમાં કેટલાંક સફેદ કબૂતર આવી પહોંચ્યાં.

મહિલા ઉદ્યોગકારે જવાબ આપ્યો, હા, ચોક્કસ. તમે મદદ કરો તો સારું. તેમનો અવાજ હજુ કાંપી રહ્યો હતો અને કપાળ ઉપર પરસેવો બાઝી ગયો હતો.

આ અમને આપી દો, એમ કહી ધનિકે વિનમ્ર છતાં સત્તાવાહી રીતે પોતાના સિક્યોરિટીના માણસોને સૂચના આપી:એવું લાગે છે કે મારા મહેમાનને કોઈ ગુંડા હેરાન કરી રહ્યા છે જે તેમનો ઉદ્યોગ આંચકી લેવા માગે છે. તમે શોધી કાઢો કે આ લોકો કોણ છે અને પછી તેના ઉકેલ સાથે મને મળો.

તેમણે ઉદ્યોગકારને કહ્યું, ચિંતા ન કરશો. મારા માણસો આ કામગીરીમાં શ્રેષ્ઠ છે. કોઈ સમસ્યા નહીં થાય.

ઉદ્યોગકારે હૃદયપૂર્વક આભાર માન્યો. મદદની આવી ઑફરથી તેમને રાહત થઈ હોય એવું તેમના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાતું હતું.

કલાકારે તેણીનો હાથ ભાવપૂર્વક પકડી રાખ્યો હતો.

ધનિકે બંને મહેમાનને પૂછ્યું, તો હું મારી વાત ચાલુ રાખું?

મહેમાનોએ માથું હલાવી સંમતિ આપી.

બીચ ઉપર દૂર બાંધેલી કલાત્મક અને વૈભવી ઝૂંપડીમાંથી એક સેવક આવી પહોંચ્યો હતો. તેણે સૌને સ્વાદિષ્ટ કૉફી આપી. આટલી રીચ અને સ્વાદિષ્ટ કૉફી ઉદ્યોગકાર અને કલાકાર પહેલી વખત પી રહ્યાં હતાં.

ધનિકે ઘૂંટડો ભરતાં કહ્યું, દરરોજ સવારે આ કૉફી પીવાનું લાભદાયક છે કેમ કે તેમાં ઍન્ટિઑક્સિડેન્ટ હોવાથી ઉંમર વધવાની પ્રકિરયાને ધીમી પાડે છે.

ખેર, તો આપણે ક્યાં હતા? હમમ, 5 એ.એમ. ક્લબમાં જોડાયા પછી તથા સ્પેલબાઇન્ડરે મને શીખવેલા વહેલી પરોઢના રૂટિનનું પાલન કરીને મને જે ફાયદો થયો એ વિશે હું તમને કહી રહ્યો હતો. તે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા તરીકે ઓળખાય છે, અને વિશ્વાસ રાખો કે એક વખત તમે આ પદ્ધતિ અપનાવો અને તે નિયમિત રીતે ચાલુ રાખો તો તમારી કામગીરી, ઉત્પાદકતા અને સમૃદ્ધિમાં અસાધારણ વધારો થશે. મારી સફળતામાં આ સિવાયની બીજી કોઈ બાબતે ફાળો આપ્યો હોય એવું મને લાગતું નથી.

બિઝનેસમાં મેં શું હાંસલ કર્યું છે એ હું ખાસ જાહેર નથી કરતો. પોતાના વિશે બડાઈ હાંકવાની બાબતને હું સાવ સાધારણ ચારિત્ર્યનું લક્ષણ ગણું છું. વ્યક્તિ વાસ્તવમાં જેટલી શક્તિશાળી હોય એટલા ઓછા પ્રમાણમાં તેને એ વિશે કહેવાની જરૂર પડે છે. આગેવાન અત્યંત સક્ષમ હોય તો તેને એ વિશે જાહેરાત કરવાની જરૂર પડતી નથી.

હવે અગાઉ કરતાં પ્રમાણમાં વધુ રિલેક્સ જણાતાં ઉદ્યોગકારે કહ્યું, તમે કેવી સિદ્ધિ હાંસલ કરી છે એ બાબતે સ્પેલબાઇન્ડરે અમને થોડું કહ્યું હતું.

અને કૉન્ફરન્સ દરમિયાન તમે જે પ્રમાણેનાં વસ્ત્રો પહેર્યાં હતાં તેના પરથી એ વાત સાબિત થતી હતી, તેમ કહી કલાકારે સ્મિત કર્યું ત્યારે તેમના બે-ત્રણ દાંત તૂટેલા હોવાનું દેખાઈ આવતું હતું.

દરરોજ સવારે પાંચ વાગ્યે ઊઠી જવાની પ્રથાથી મારા જીવનમાં ઘણું બધું બન્યું છે. તેને કારણે હું એક દીર્ઘદ્રષ્ટા વિચારક બની શક્યો. આંતરિક ચેતના વધુ સતેજ બની. શિસ્તને કારણે હું શારીરિક રીતે એટલો બધો મજબૂત બન્યો કે તેની હકારાત્મક અસર મારી આવક ઉપર પડી જેને પગલે આરોગ્ય પણ ખૂબ સુધર્યું. વહેલી સવારે જાગવાની ટેવને કારણે મારી નેતૃત્વક્ષમતામાં પણ અદ્ભુત સુધારો આવ્યો. તેને કારણે મને વધુ સારી વ્યક્તિ બનવામાં મદદ મળી. મને પ્રોસ્ટેટ કૅન્સર થયું હતું ત્યારે પણ વહેલી પરોઢના આ રૂટિને જ મને ઉગારી લીધો હતો. હવે પછીના લેસનમાં હું તમને ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા વિશે શીખવીશ જેથી તમે ચોક્કસપણે એ વાત જાણી શકો કે વહેલા ઊઠવાની આદતનાં કેવાં પરિણામ મેળવી શકાય છે. તમને હવે પછી જે માહિતી અને જાણકારી મળવાની છે તેની ક્ષમતા અને મૂલ્યનો તમને અંદાજ નથી. તમને બંનેને આ બધું શીખવવા હું આતુર છું. આ સ્વર્ગમાં તમારું સ્વાગત છે અને જીવન ઉન્નત બનાવવાની દિશામાં પગલાં લેવાના પ્રથમ દિવસે તમને આવકારું છું.

ઘણાં વર્ષ પછી એ રાત્રે મોરિશિસમાં ઉદ્યોગકારને સારી ઊંઘ આવી. કંપનીના કેટલાક લોકો તરફથી ધમકી મળી હોવા છતાં, અહીં ધનિક ઉદ્યોગપતિ તરફથી મળેલા આશ્વાસન તેમજ સ્વર્ગ જેવા કુદરતી વાતાવરણ, શુદ્ધ હવા, ભવ્ય દરિયાકિનારો અને એ બધા ઉપરાંત કલાકાર પ્રત્યે જાગેલી હૂંફાળી લાગણીને કારણે આ મહિલા ઉદ્યોગકાર માનસિક શાંતિ અનુભવી રહ્યાં હતાં.

મધ્યરાત્રિએ બરાબર 3.33 વાગ્યે તેમના બારણે ટકોરા પડ્યા.

તેમને આ ચોક્કસ સમય યાદ રહી જવાનું કારણ એ હતું કે ટકોરા પડ્યા ત્યારે આકર્ષક, વૈભવી ગેસ્ટહાઉસમાં તેમના રૂમમાં પથારીની પાસેના લાકડાના ટેબલ ઉપર મૂકવામાં આવેલી એલાર્મ ઘડિયાળ ઉપર તરત જ તેમની નજર પડી હતી. ઉદ્યોગકારે માની લીધું કે બારણું ખખડાવનાર તેમના કલાકાર મિત્ર જ હશે, જેમને કાંતો જૅટ

લેગને કારણે અથવા તો ગઈ રાત્રે તેમણે સાથે માણેલા ભવ્ય ડિનર પછી ઊંઘ નહી આવતી હોય. આથી બહાર કોણ છે એવું પૂછ્યા વિના જ તેમણે બારણું ખોલી દીધું.

પરંતુ બહાર કોઈ દેખાયું નહી.

તેઓ અસંખ્ય તારાથી ચમકતા આકાશ તરફ નજર નાખીને બોલ્યાં, હેલો?!

દરિયાનાં હળવાં મોજાંનો અવાજ સંભળાતો હતો અને હવામાં વિવિધ ફૂલની સુવાસ અનુભવી શકાતી હતી.

તેમણે ફરી ટહુકો કર્યો, કોણ છે?

કોઈ અવાજ ન આવ્યો.

ઉદ્યોગકારે બારણું બંધ કર્યું અને તેને યોગ્ય રીતે લૉક કરવાની કાળજી લીધી. એ પથારી તરફ પરત આવી રહ્યાં હતાં એ જ વખતે ફરીથી બારણા ઉપર ત્રણ ટકોરા પડ્યા.

હવે થોડા ડર સાથે તેમણે પૂછ્યું, યસ?

બહારથી અવાજ આવ્યો, મેડમ, તમે કૉફી ઑર્ડર કરી હતી તે લાવ્યો છું.

ઉદ્યોગકાર હવે ખરેખર ફફડી ગયાં. તેમના હૃદયના ધબકારા વધી ગયા અને ભયને કારણે પેટમાં જાણે આંટી પડવા લાગી. તેમણે મનોમન વિચાર્યું, આટલી વહેલી પરોઢે મારા માટે કૉફી લાવ્યા છે? માની શકાતું નથી!

તેમણે પરત જઈને ફરી બારણું ખોલ્યું, પરંતુ આ વખતે પૂરેપૂરું બારણું ખોલી નહીં નાખવાની કાળજી લીધી.

બહાર વિચિત્ર દેખાવવાળો માણસ ઊભો હતો. તે એક આંખે કાણો હતો અને માથે એકપણ વાળ વિનાની ચમકતી ટાલ હતી. તેના ગળે પાતળી બ્લૂ દોરી લટકતી હતી જેના નીચેના છેડે એ વ્યક્તિનું ફોટા સાથેનું ઓળખપત્ર લટકતું હતું.

એવા અંધારામાં ઉદ્યોગકારે એ ફોટામાં રહેલો ચહેરો વધારે ધ્યાનથી જોવા પ્રયાસ કર્યો. તેમને ખ્યાલ આવ્યો કે, ફોટાવાળી વ્યક્તિ મોટી ઉંમરની હતી અને જાણે પરિચિત હોય એવું લાગ્યું. એવી વ્યક્તિ જેને પોતે ખૂબ પ્રેમ કરતી હતી અને જેને ખૂબ મિસ કરે છે.

પ્લાસ્ટિકના ઓળખપત્રમાં દેખાતો એ ફોટો તેમના મૃત પિતાનો હતો.

ફફડી ઊઠેલાં ઉદ્યોગકારે ચીસ પાડીને પૂછ્યું, કોણ છો તમે? આ ફોટો તમને કેવી રીતે મળ્યો?

મને તમારા બિઝનેસ ભાગીદારો દ્વારા મોકલવામાં આવ્યો છે. અમે તમારા વિશે તમામ માહિતી જાણીએ છીએ. અમે તમારી તમામ અંગત વિગતો ટ્રેક કરી છે. અમે તમારી તમામ ફાઇલ હેક કરી લીધી છે. અમે તમારો સમગ્ર ઇતિહાસ તપાસી લીધો છે, તેમ કહી ટાલિયા માણસે તેણે પહેરેલા બેલ્ટની નીચેથી એકદમ ત્વરાથી છરી બહાર કાઢી અને ઉદ્યોગકારના ગળા પાસે રાખીને કહ્યું, હવે તમને કોઈ બચાવી શકે નહી. અમારી આખી ટીમ તમારું ધ્યાન રાખી રહી છે. હું તમને અત્યારે કોઈ નુકસાન પહોંચાડવાનો નથી. અત્યારે તો માત્ર તમારું ધ્યાન દોરવા આવ્યો છું, તમને જાતે સંદેશો પહોંચાડવા આવ્યો છું... તમારી કંપની છોડી દો. તમારી મૂડી આપી દો અને આવજો કહીને નીકળી જાવ. નહી તો પછી તમે ધાર્યું નહીં હોય ત્યારે, તમે પોતાની જાતને સૌથી વધારે સલામત માનતા હશો ત્યારે જ...કદાચ તમારા પેલા ચિત્રકાર મિત્રની સાથે હશો ત્યારે જ આ છરીથી તમારું ગળું કપાઈ જશે.

એ માણસે છરી ઉદ્યોગકારના ગળા પાસેથી ખસેડી પાછી પોતાના બેલ્ટમાં સરકાવી દેતાં બોલ્યો, ગુડ નાઇટ મેડમ. તમને મળીને આનંદ થયો. હું જાણું છું કે આપણે ટૂંક સમયમાં ફરી મળીશું અને પછી તેણે આગળ વધીને બારણું ધડાકા સાથે બંધ કરી દીધું.

ઉદ્યોગકાર અતિશય ગભરાઈ ગયાં અને ઘૂંટણિયે બેસીને આંખમાં આંસુ સાથે બોલ્યાં, હે ભગવાન! પ્લીઝ મને મદદ કરો. હવે મારાથી આ સહન નહી થાય. મારે જીવવું છે.

એ જ વખતે બારણા ઉપર ફરી વખત ત્રણ ટકોરા પડ્યા. પણ આ વખતે હળવા ટકોરા હતા.

હેય, એ હું છું. પ્લીઝ બારણું ખોલો.

ટકોરા ઉદ્યોગકારને સંભળાયા. તે જાગી ગયાં. ટકોરા પડવાનું ચાલુ હતું. તેમણે આંખો ખોલી અને અંધારિયા રૂમમાં ચારે તરફ નજર કરી – અને તેમને ખ્યાલ આવ્યો કે પોતે ખરાબ સ્વપ્ન જોઈ રહ્યાં હતાં.

ઉદ્યોગકાર તેમની પથારીમાંથી ઊભાં થયાં અને પરિચિત અવાજ કલાકારનો જ હતો તેથી બારણું ખોલ્યું.

તરત જ પોતાની વ્યથા કલાકાર સમક્ષ ઠાલવી દીધી મેં હમણાં જ ભયંકર સ્વપ્ન જોયું. એક ઘાતકી માણસ અહી આવી પહોંચ્યો હતો, તેના ગળામાં પ્લાસ્ટિકનું ઓળખપત્ર લટકતું હતું જેમાં મારા પિતાનો ફોટો હતો અને જો હું કંપની રોકાણકારોને સોંપી ન દઉં તો છરી વડે મારી હત્યા કરવાની ધમકી આપી.

કલાકારે મૃદુ સ્વરે પૂછ્યું, હવે તમને સારું છે?

મને સારું થઈ જશે, તેવો ઉદ્યોગકારે આશાવાદ વ્યક્ત કર્યો.

કલાકારે કહ્યું, મને પણ અસામાન્ય સ્વપ્ન આવ્યું. એ પછી હું સૂઈ ન શક્યો. તેને કારણે મને ઘણા બધા વિચાર આવે છે. મારી કળાની ગુણવત્તા, મારા ધર્મમાં મારી શ્રદ્ધા, મારાં બહાનાંની મૂર્ખતા, મારું વિચિત્ર વર્તન, મારી આક્રમકતા. હું મારા દૈનિક રૂટિનની સમીક્ષા કરી રહ્યો છું અને વિચારું છું કે બાકીનું જીવન કેવી રીતે પસાર કરીશ. પણ હેય, તમને ખાતરી છે કે તમને હવે સારું છે? તેમ પોતાની વાત વચ્ચે કલાકારે પૂછી લીધું, કેમ કે તેમને ખ્યાલ આવ્યો કે પોતે વધારે પડતું બોલી રહ્યા છે અને સાથીદારની સ્થિતિનો ખ્યાલ નથી રાખ્યો.

હવે સારું છે. સારું થયું કે તમે અહીં આવ્યા.

સાચું કહો છો?

હા.

હું તમને મિસ કરતો હતો. હું મારા સ્વપ્ન વિશે વધારે કહું તો તમને કંઈ વાંધો છે? કલાકારે સહાનુભૂતિ સાથે પૂછ્યું.

ઉદ્યોગકારે કહ્યું, હા, કહો.

ખેર, હું ઘણો નાનો હતો અને સ્કૂલમાં ભણતો હતો ત્યારે મારી જાત અંગે મને બે પ્રકારની કલ્પના થતીઃએક વિશાળ કદની અને બીજી ચાંચિયા તરીકેની. હું માનતો હતો કે મારામાં વિશાળ કદની વ્યક્તિ જેવી તાકાત અને કાયદાનો ભંગ કરતા ચાંચિયા જેવી વૃત્તિ છે. હું મારા શિક્ષકોને કહેતો કે મારામાં આ બે ચરિત્ર છે અને ઘરે મારાં માતા-પિતાને પણ એ જ વાત કરતો. મારા શિક્ષકો મારી વાતને હસી કાઢતા, અને મને વાસ્તવિક બનવાની તથા અન્ય બાળકો જેવું સામાન્ય વર્તન કરવાની સલાહ આપતા. તેઓ મને હાસ્યાસ્પદ સ્વપ્ન જોવાનું બંધ કરવાનું કહેતા.

હવે થોડી હળવાશ અનુભવી રહેલાં ઉદ્યોગકારે યોગની સ્થિતિમાં બેસીને પૂછ્યું, તમારાં માતા-પિતા શું કહેતાં? શું એ લોકો તમારી વાત ધ્યાનથી સાંભળતાં?

તેઓ પણ મારા શિક્ષકો જેવું જ કહેતાં. તેઓ મને કહેતાં કે હું શક્તિશાળી નથી, અને હું ચાંચિયો તો નથી જ. તેઓ મને કહેતાં કે હું તો નાનો છોકરો છું. તેઓ મને કહેતાં કે હું મારી આ કલ્પનાઓ બંધ નહી કરું તો મારી રચનાત્મકતા ઉપર અસર પડશે. તેઓ મને ચેતવતાં કે જો હું આવી કલ્પનાઓ કરવાનું બંધ નહી કરું તો તેઓ મને સજા કરશે.

તો પછી શું થયું?

મને જે કહેવામાં આવતું તે કરતો. હું એ લોકોની વાત માની લેતો. વડીલોની વાત માનીને હું શક્તિશાળી હોવાને બદલે નાનો બાળક હોઉં એવું વર્તન કરતો જેથી બધાની નજરમાં ગુડ બૉય લાગું. રોજેરોજ મોટાભાગના લોકો કરે છે એમ મેં પણ મારી આશાઓ તેમજ ક્ષમતાઓને હૃદયમાં ધરબી દીધી. મને ખ્યાલ આવવા લાગ્યો છે કે આપણને કેટલા બધા પ્રભાવિત કરીને આપણી શ્રેષ્ઠતાથી દૂર લઈ જવામાં આવે છે. સ્પેલબાઇન્ડર અને ધનિક ઉદ્યોગપતિ સાચું કહે છે.

ઉદ્યોગકારે વિનંતી કરી, મને તમારા સ્વપ્ન વિશે વધારે કહો.

મેં મારા સ્વભાવને જુદી દિશામાં વાળવાનું શરૂ કર્યું. હું ફોલોઅર – બીજાને અનુસરનાર થવા લાગ્યો. મેં એવું માનવાનું છોડી દીધું હતું કે હું શક્તિશાળી છું અને ચાંચિયાની જેમ બધા સામે લડી શકું છું. હું ટોળાની સાથે ભળીને તેમના જેવો જ થઈ ગયો. છેવટે હું એ વ્યક્તિ બન્યો જેની પાસે નાણાં ન હોય છતાં ખર્ચ કરવા લાગ્યો, જેની જરૂર ન હોય એવી ચીજો ખરીદવા લાગ્યો, જે લોકો મને પસંદ નહોતા તેમને સારું લગાડવા પ્રયાસ કરતો રહ્યો. કેવું દયામણું જીવન!

ઉદ્યોગકારે એકરાર કરતાં કહ્યું, હું પણ અમુક પ્રમાણમાં આવું વર્તન કરું છું. પણ હવે આ નવી જગ્યાએ આવ્યા પછી ઘણુંબધું શીખી રહી છું. મને એ સમજાવા લાગ્યું છે કે અત્યાર સુધી હું કેટલું કૃત્રિમ જીવતી હતી અને કેટલી સ્વાર્થી હતી અને ખરેખર મારા જીવનમાં કેટલી બધી સારી બાબતો છે. મારું જે સદ્નસીબ છે એવું સદ્નસીબ મેળવવાનું દુનિયામાં અનેક લોકો તો કલ્પના પણ ન કરી શકે.

સમજી ગયો, તેમ કહી કલાકારે પોતાની વાત આગળ વધારી. તો, મારા સ્વપ્નમાં હું બુકકીપર બન્યો. મેં લગ્ન કર્યાં અને પરિવાર બન્યો. હું નગરમાં રહેતો અને સારી કાર ચલાવતો. મારું જીવન પ્રમાણમાં સરસ હતું. કેટલાક સારા મિત્રો હતા. મારાં દેવાં ભરપાઈ કરી શકું એવું કામ કરતો તથા જે વેતન મળતું તેમાંથી મારા ખર્ચા પૂરા થતા. પરંતુ બધા દિવસ એકસરખા પસાર થતા. કોઈ નવીનતા નહી, બધું બોરિંગ. ઉંમર વધતી ગઈ તેમ બાળકો ઘર છોડીને ગયાં અને પોતાનાં ઘર વસાવ્યાં. શરીર વૃદ્ધ થયું અને શક્તિ ઓછી થઈ ગઈ અને કમનસીબે મારા સ્વપ્નમાં મારી પત્નીનું અવસાન થયું. હું વધારે વૃદ્ધ થયો ત્યારે મને દેખાવાનું ઓછું થયું, સંભળાવાનું ઓછું થયું અને યાદશક્તિ પણ સાવ ઘટી ગઈ.

આ જ બાબત મને દુખી કરે છે, તેમ ઉદ્યોગકારે વેદના અનુભવતા હોય એમ કહ્યું.

અને હું વધારે વૃદ્ધ થઈ ગયો ત્યારે તો હું એ પણ ભૂલી ગયો કે ક્યાં રહેતો હતો, મારું નામ મને યાદ નહોતું રહેતું અને મારી તમામ સંવેદનાઓ ખોઈ ચૂક્યો. પરંતુ – જુઓ – મને હવે ફરી બધું યાદ આવી રહ્યું છે કે હું ખરેખર કોણ હતો.

એક શક્તિશાળી અને બીજા ચાંચિયા. ખરું ને?

બરાબર એ જ, તેમ જણાવી કલાકારે કહ્યું, સ્વપ્નને કારણે મને સમજાયું કે મારે હવે મને ગમતી હોય એવી કામગીરી કરવાનું બંધ નહીં કરવું જોઈએ. મારી તબિયત સુધારવાના પ્રયાસો સ્થગિત ન કરી શકું, મારી ખુશી, મારો આત્મવિશ્વાસ અને મારા લવ લાઇફને અટકાવી ન શકું.

ખરેખર? ઉદ્યોગકારે પોતાનો રસ વ્યક્ત કરતાં આશ્ચર્ય સાથે પૂછ્યું.

કલાકારે જવાબ આપ્યો, હા, ખરેખર.

પછી તે થોડા આગળ ગયા અને મહિલા ઉદ્યોગકારના કપાળ ઉપર ચુંબન કર્યું.

પ્રકરણ ૯

મહાનતા વ્યક્ત કરવાની પદ્ધતિ

"જેઓ મહાન હોય છે તે એવી શાશ્વત બાબત સાથે જીવે છે, તેઓ અકુદરતી બાબત સ્વીકારતા નથી, તેઓ વાસ્તવિકતાને વળગી રહે છે, તેઓ દેખાડાને મહત્ત્વ આપતા નથી. તેઓ એક બાબતને નકારી કાઢે છે, બીજી બાબતને અપનાવી લે છે."

– લાઓ ત્સે

હેલો સાથીઓ, તમે હંમેશની જેમ સમયસર આવી ગયા છો. ખૂબ સરસ! તેમ ધનિકે અત્યંત ઉત્સાહ સાથે કહ્યું.

વહેલી સવારના પાંચ વાગ્યા હતા અને એક તરફ આથમી રહેલા ચંદ્રનાં કિરણો આકાશમાં ફેલાયેલાં દેખાતાં હતાં એ જ સમયે સૂર્યોદય થયા પહેલાંની નવી સવારનું અજવાળું આ સુંદર બીચ ઉપર ત્રણ વ્યક્તિનું અભિવાદન કરી રહ્યું હતું.

સમુદ્ર ઉપરથી વાતા મંદ પવનમાં ભળેલી આહ્‌લાદક સુવાસ મનને પ્રફુલ્લિત કરતી હતી. વિશ્વમાં અન્યત્ર ભાગ્યે જ જોવા મળતું મોરિશસ બાજ પક્ષી ઉપર ચક્કર લગાવી રહ્યું હતું અને દૂર પામનાં વૃક્ષોમાં પિંક કબૂતર ઊડાઊડ કરતું હતું. વિશાળ કાચબા સહિત અન્ય દરિયાઈ જીવો પણ વહેલી પરોઢે બીચની શાંતિનો અનુભવ લઈ રહ્યા હતા. આ સમગ્ર દૃશ્ય 5 એ.એમ. ક્લબના ત્રણે સભ્યોના આનંદ અને ઉત્સાહમાં વધારો કરી રહ્યું હતું.


ધનિકે દરિયાની સપાટી ઉપર તરતી એક બૉટલ તરફ ઇશારો કર્યો. તેમણે તેમની આંગળી એક દિશાથી બીજી દિશા તરફ ફેરવી તો એ જ રીતે બૉટલ પણ ફરી. તેમણે જેટલી વાર આંગળી નચાવી એટલી વાર એ જ રીતે બૉટલ પણ નાચતી જોવા મળી. તેમણે ધીમે રહીને હાથ ઊંચે લીધો તો એ સાથે જ બૉટલ પણ પાણીની સપાટીથી ઊંચે આવી ગઈ.

ટૂંક સમયમાં જ એ બૉટલ ભીની રેત ઉપર આવી પહોંચી અને તેની અંદર સિલ્કના કાપડનો એક ટુકડો દેખાયો. સમગ્ર દૃશ્ય રહસ્યમય લાગતું હતું.

ધનિકે ખુશ થઈને કહ્યું, બૉટલમાં સંદેશો છે અને પછી સાવ સામાન્ય વ્યક્તિની જેમ તાળીઓ પાડવા લાગ્યા. એ ક્ષણે આ માણસ ખરેખર વિચિત્ર લાગતો હતો. તેમણે કહ્યું, આ સાથે આજ સવારથી તમારી તાલીમનો પ્રારંભ થાય છે.

એ પછી ઉદ્યોગપતિએ બૉટલ ઉપાડી, તે ખોલી અને તેમાંથી કપડું બહાર કાઢ્યું જેના ઉપર લખ્યું હતું -

સફળ ફોર્મ્યુલાનાં ત્રણ પગલાં



યુવાન વયે સ્પેલબાઇન્ડરે મને જે તાલીમ આપવાની શરૂ કરી હતી તેનું આ સૌથી સરળ છતાં મહત્ત્વનું મૉડલ છે, તેમ ધનિકે સમજાવ્યું અને કહ્યું, અને હવે પછીના તમામ અભ્યાસ માટે આ મુખ્ય આધાર સાબિત થશે. તેથી હું ઇચ્છું છું કે તમે બંને તેને સંપૂર્ણ રીતે સમજી લો. પ્રથમ દૃષ્ટિએ આ બેઝિક મૉડલ લાગે છે, પરંતુ સમય જતાં તમે જેટલા વધારે તેમાં સામેલ થશો તો ખ્યાલ આવશે કે આ કેટલું અગત્યનું છે.

એ પછી મિ. રિલેએ આંખો બંધ કરી દીધી, તેમના કાન બંને હાથથી ઢાંકી દીધા અને બોલ્યા :

> પરિવર્તનની શરૂઆત એ સમજશક્તિમાં થતો વધારો છે. તમે જેટલું વધારે જુઓ એટલું વધારે હાંસલ કરી શકો અને એક વખત તમે વધુ સારી રીતે જાણો ત્યારે મોટી સફળતા હાંસલ કરી શકો. દુનિયાનાં મહાન સ્ત્રી-પુરુષો – જેમણે ઉમદા સંગીત રચનાઓ કરી છે, સુંદર નૃત્ય રચનાઓનું સર્જન કર્યું છે, વિજ્ઞાન અને ટૅક્નોલૉજીમાં પ્રગતિ સાધી છે – એ બધાએ તેમના વિચારોનું નવેસરથી ઘડતર કરીને તથા તેમની ચેતનાને પુનર્જાગૃત કરીને તેમની શરૂઆત કરી હતી. આવું કરીને તેઓ એક એવી રહસ્યમય દુનિયામાં પ્રવેશ્યાં જ્યાં મોટાભાગના સામાન્ય લોકો પહોંચી શકતા નથી અને તેને પરિણામે તેઓ માટે તેમની પોતાની પસંદગી કરવાનું સરળ બન્યું, જે જૂજ લોકો માટે શક્ય હોય છે. તેમના માટે રોજેરોજ આપોઆપ શ્રેષ્ઠ પરિણામો આપવાનું શક્ય બન્યું, જેનો અનુભવ જૂજ લોકોને થાય છે.

ધનિક ઉદ્યોગપતિએ તેમની આંખો ખોલી. તેમણે હોઠ ઉપર એવી રીતે આંગળી મૂકી જાણે કોઈ ગહન ચિંતનમાં ડૂબી ગયા હોય. સિલ્કના કપડા ઉપરના લખાણ સામે

ધ્યાનથી જોઈને તેમણે વાત આગળ વધારી, હીરો, દિગ્ગજો તેમજ સુપ્રસિદ્ધ વ્યક્તિઓની એક એવી વિશિષ્ટ લાક્ષણિકતા હોય છે જે સરેરાશ માણસોમાં નથી હોતી, એ તમે જાણો છો.

કલાકારે સવાલ કર્યો, કઈ લાક્ષણિકતા?

ધનિકે જવાબ આપ્યો, ઉત્કંઠા. દુનિયામાં શ્રેષ્ઠ બાબત ઊંડાણ છે. મોટાભાગના લોકો તેમની કામગીરીમાં કૃત્રિમતામાં સપડાઈ જાય છે. તેમનો સમગ્ર અભિગમ હળવો હોય છે. કોઈ પ્રકારની સાચી તૈયારી હોતી નથી. સાવ ઓછી વિચારણા કરે છે અને ત્યારપછી ઊંચા લક્ષ્યાંક રાખીને તે માટેના અમલનું આયોજન કરતા નથી જેને આધારે ઇચ્છિત પરિણામ મેળવી શકે. ૯૫ ટકા લોકો ઝીણામાં ઝીણી વિગતોને ધ્યાનમાં લઈને સૂક્ષ્મ આયોજન કરતા નથી જેને પરિણામે તેમને એવી સફળતા નથી મળતી જેવી જૂજ દિગ્ગજો મેળવી શકે છે. મોટાભાગના લોકો કામગીરીના માર્ગને અવરોધ વિનાનો માનતા હોય છે. તેઓ માનતા હોય છે કે જે મેળવવાનું હોય તે ઝડપથી ગમે તે રીતે મળી જવું જોઈએ. પ્રયાસને બદલે સંભાવના ઉપર આધાર રાખતા હોય છે. જ્યારે સર્વોચ્ચ સિદ્ધિ મેળવનાર જૂજ લોકો આનાથી તદ્દન વિરુદ્ધની ફિલૉસૉફીમાં માનતા હોય છે.

એ વિશે મને કહો, તેમ જણાવી કલાકારે ઉત્સુકતા બતાવી.

તેઓ કૃત્રિમતાની માનસિકતાને બદલે વાસ્તવિક વિગતોને અનુસરે છે. તેમણે ઊંડાણનું આજીવન મૂલ્ય સમજી લીધું હોય છે અને જે કોઈ કામગીરી કરે તેમાં સર્વોત્તમ રહેવા સતત પ્રયત્નશીલ રહે. અસાધારણ પરિણામ મેળવનાર લોકો પછી તે કડિયાકામ કરનાર હોય કે બૅકરીમાં કામ કરતા હોય, સીઇઓ હોય કે પછી ખેડૂત હોય, અવકાશ વિજ્ઞાની હોય કે પછી કૅશિયર હોય – તેઓ ખૂબ સારી રીતે સમજતા હોય છે કે તેમની સર્જનાત્મકતા તેમની પ્રતિષ્ઠાનું પ્રતિનિધિત્વ કરે છે. કોઈ પણ ક્ષેત્રમાં જે સર્વોચ્ચ લોકો હોય છે તેઓ સારી રીતે જાણતા હોય છે કે તેઓ જે કોઈ કામગીરી કરે તેમાં તેમનું નામ અંકિત હોય છે અને તેઓ એવી સિદ્ધિ મેળવતા હોય છે જેને તમે નાણાં દ્વારા મૂલવી ન શકો.

ધનિકે બૉટલને મસળી અને પછી તેને ઊંચે રાખીને તેની આરપાર હવે અસ્ત થઈ રહેલા ચંદ્રને જોવાનો પ્રયાસ કર્યો અને પછી પોતાની વાત ચાલુ રાખી.

પરંતુ આ બાબત સમાજની માન્યતા કરતાં વધુ ઊંડાઈએ જાય છે. તમે જે સ્તરનું કામ દુનિયાને આપો છો તેના આધારે તમારી જાત પ્રત્યેના તમારા માનની ક્ષમતા નક્કી થાય છે. જે લોકો વ્યક્તિગત સન્માનને સર્વોચ્ચ ગણે છે તેઓ સરેરાશ કામગીરીનું સમાધાન કરતા નથી.

મિ. રિલેએ વાત ચાલુ રાખી. જો તમે તમારા ક્ષેત્રમાં અગ્રેસર બનવા માગતા હોવ તો ઊંડાણને મહત્ત્વ આપો. સાવ સામાન્ય માનવી જેવું વર્તન કરવાને બદલે એવા અસાધારણ માનવ બનવા પ્રયાસ કરો જે શ્રેષ્ઠ કામગીરી દ્વારા સર્વોચ્ચ પરિણામ આપવા પ્રતિબદ્ધ હોય.

ઘણી ગહન વાત છે, તેમ કહી કલાકારે સૂર્યનો તડકો માણવા માટે પોતાનો શર્ટ કાઢી નાખ્યો.

સર્વોચ્ચ સ્થાને પહોંચેલા અગ્રણીઓ તેમની કામગીરીમાં અસાધારણ વૈચારિક ક્ષમતા ધરાવતા હોય છે. પોતે જે કંઈ કરી રહ્યા હોય એ બાબતે તેમના વિચાર સંપૂર્ણ સ્પષ્ટ હોય છે. તેઓ શ્રમનું શ્રેષ્ઠ મહત્ત્વ સમજતા હોય છે અને ઝીણામાં ઝીણી કામગીરી માટે પણ પરસેવો પડે એવી મહેનત કરતા હોય છે – જે રીતે મહાન શિલ્પી જિઆન લોરેન્ઝો બર્નિનીએ તેમના ફાઉન્ટેન ઑફ ધ ફોર રિવર્સનું શિલ્પ બનાવવામાં મહેનત કરી હતી. આ શિલ્પ રોમમાં પિઝા નેવોનાના કેન્દ્રમાં સ્થાપિત કરવામાં આવેલું છે. આવા સર્જકો તેમનાં સર્જનમાં સર્વોચ્ચ કુશળતા દાખવતા હોય છે. સાચી વાત એ છે કે તેઓ ખરા અર્થમાં કાળજી લેતા હોય છે.

ઉદ્યોગકાર વચ્ચે બોલી ઊઠ્યાં, પરંતુ આજે લોકોએ ઘણુંબધું કામ કરવું પડતું હોય છે. આ સત્તરમી સદી નથી. મારું ઇનબૉક્સ ફુલ છે. મારું સ્કેડ્યૂલ પૅક છે. આખો દિવસ મારે એક પછી એક મિટિંગ ચાલુ જ હોય છે. મારે દોડાદોડ કરવી પડતી હોય છે. મને એવું લાગે છે કે હું મારી તમામ કામગીરીને પહોંચી વળી શકતી નથી. શ્રેષ્ઠતા હાંસલ કરવાનું સહેલું નથી.

ધનિકે ખૂબ મૃદુ સ્વરે કહ્યું, હું સમજું છું. ઓછું હોય એ મહત્ત્વનું હોય છે એ જાણો છો? તમે ઘણોબધો પ્રયાસ કરો છો. ઉત્કૃષ્ટ લોકો જાણતા હોય છે કે એક હજાર સામાન્ય નિર્માણને બદલે એક ઉત્કૃષ્ટ સર્જન વધુ લાભદાયી હોય છે. શ્રેષ્ઠ કળાની આસપાસ રહેવાનું મારું એક કારણ તેમની સર્જન વિશેની વિચારપ્રક્રિયા છે જે લાગણીશીલ પ્રેરણા આપે છે તથા તેમની કામ કરવાની પદ્ધતિ મારા માટે મૂલ્યનિષ્ઠાના લેપ સમાન સાબિત થાય છે અને હું તમને ખાતરીપૂર્વક કહી શકું છું કે આજની દુનિયાના મોટાભાગના લોકોની સરખામણીમાં આવી ઉત્કૃષ્ટ કામગીરી કરનારા લોકોએ કંઈક અલગ જ વારસો આપ્યો છે.

બરાબર એ જ વખતે એક રંગબેરંગી પતંગિયું ઊડતું ઊડતું આવ્યું અને સ્ટોન રિલેના ડાબા કાન ઉપર બેસી ગયું. તેમણે સ્મિત કરીને કહ્યું, હેય લિટલ બડી, તને ફરી મળીને આનંદ થયો અને પછી તેમણે પોતાની વાત ચાલુ રાખીઃ જ્યારે તમે સુપરસ્ટારો, મૂલ્યનિષ્ઠ અગ્રણીઓ તેમજ વિદ્વાનોએ હાંસલ કરેલી સિદ્ધિની સમીક્ષા

કરો તો તમને સમજાશે કે તેમણે રોજેરોજ તેમની સમક્ષ આવતી તકો પ્રત્યે સજાગ રહીને તેમાંથી કાળજીપૂર્વક પસંદગી કરી છે જેને કારણે તેઓ સારાં પરિણામ આપી શક્યા છે.

મિ. રિલેએ અભ્યાસના મૉડલ તરફ ધ્યાન દોર્યું.

સ્વ-શિક્ષણની આ તાકાત છે. તમે નવા આઇડિયા પ્રત્યે સજાગ થાવ ત્યારે તમે એક સર્જક અને એક વ્યક્તિ તરીકે પ્રગતિ કરી શકો છો. તમે તમારા અંગત અને વ્યવસાયી વિકાસમાં આગળ વધો અને જે સ્તરે તેને અમલમાં મૂકો તે સાથે તમારી મહત્ત્વાકાંક્ષાઓ ઊંચે જશે અને હા, જે પ્રમાણમાં તમારાં સ્વપ્ન અને દૃષ્ટિકોણને વાસ્તવમાં લાવવાની તમારી ક્ષમતામાં વધારો થશે તે પ્રમાણમાં તમારી આવક અને પ્રભાવમાં વધારો થશે, તેમ જણાવી તેમણે ચિત્રમાં દર્શાવેલા ડાયાગ્રામ ઉપર આંગળી મૂકીને વાત સમજાવવા પ્રયાસ કર્યો. આ જ કારણે મારી પાસે આ તાલીમ લેવા માટે સંમત થયા એ સારો નિર્ણય છે અને અહીં આ જ બાબત તમને શીખવવા માટે તૈયાર કરવામાં આવી છે.

ધનિકે એક ઊંડો શ્વાસ લઈને પછી કહ્યું, હું એમ કહેવા માગું છું કે દુનિયાની ઉત્કૃષ્ટ વ્યક્તિઓએ તેમનાં સર્જનમાં શ્રેષ્ઠતા દાખવી અને મોટાભાગના લોકો જે દિશામાં વિચારતા હોય છે તેના કરતાં અલગ દિશામાં વિચાર્યું તેને કારણે તેમને પાગલ, અસ્થિર ગણાવી દેવામાં આવતા હતા. પરંતુ તેઓ એવા નહોતા, તેમ ધનિક ઉદ્યોગપતિએ ભારપૂર્વક કહ્યું.

તેઓ અન્ય કરતાં વધુ ઊંચા સ્તરે કામગીરી કરતા હતા. તેઓ જે કંઈ કરતા તેમાં પ્રાણ રેડી દેતા. તેઓ તેમનાં સર્જનને ઉત્તમ બનાવવા માટે દિવસો, અઠવાડિયા, મહિના અને ક્યારેક વર્ષો પસાર કરતા. તેઓ એકલતા, ડર કે કંટાળો અનુભવતા ત્યારે માત્ર તેમના કામ ઉપર ધ્યાન કેન્દ્રિત રાખતા. રોજિંદા વાસ્તવિક જીવનમાં જ્યારે તેમના વિશે ગેરસમજ ફેલાતી, તેમની હાંસી ઉડાવવામાં આવતી કે પછી ક્યારેક હુમલા કરવામાં આવતા તેમ છતાં તેઓનું ધ્યાન માત્ર તેમના વિઝનને વાસ્તવિક સ્વરૂપ આપવા ઉપર જ રહેતું. આ દુનિયાના એવા ઉત્કૃષ્ટ લોકો પ્રત્યે મને ખરેખર માન છે.

કલાકારે આ અંગે અભિપ્રાય આપતાં કહ્યું, સમાજ સત્યથી જેટલો દૂર જશે એટલા વધુ પ્રમાણમાં એવા લોકોને ધિક્કારશે જેઓ સત્ય બોલે છે.

મહિલા ઉદ્યોગકારે તરત જ નજર ફેરવીને કલાકારની સામે જોઈ રહ્યાં.

કલાકારે પોતાની વાત ચાલુ રાખીઃએ વાત જ્યોર્જ ઓરવેલે કહી હતી અને એલિસ વૉકરે કહ્યું હતું, અને જ્યારે પણ તમે તમારી આસપાસ સુંદરતાનું સર્જન કરતા હોવ ત્યારે તમારા આત્માનું પુનઃસ્થાપન થતું હોય છે.

એ વાતનું અનુસંધાન સાધતાં ઉદ્યોગપતિએ કહ્યું, ઉત્કૃષ્ટ લોકો જે સર્જન કરતા હોય છે તેને સામાન્ય લોકો વળગણમાં ખપાવી દેતા હોય છે. પરંતુ હકીકત એ છે કે જે ૯૫ ટકા લોકો એક મહત્ત્વની યોજનાને વળગણમાં ખપાવવા પ્રયાસ કરતા હોય છે તેમાંથી જ પાંચ ટકા ઉત્કૃષ્ટ લોકો વિશ્વસ્તરનું શ્રેષ્ઠ પરિણામ મેળવતા હોય છે. આ મૉડલ ફરીથી જુઓ જેથી તેના વિશેની તમારી સમજમાં વધારો થાય તેમ કહી ધનિકે સિલ્કનાં કપડાં પરનો ડાયાગ્રામ ફરી બંનેને બતાવ્યો.

તેમણે ભારપૂર્વક કહ્યું, પૃથ્વી પર મોટાભાગના લોકો આજે કૃત્રિમતામાં સપડાયેલા છે. તેમની ક્ષમતાની કૃત્રિમ સમજ વધશે. તેમની ક્ષમતાઓની સંભાવનાઓ સાથે કૃત્રિમતા ગાઢ બનશે. શ્રેષ્ઠતાની ન્યુરોબાયોલૉજી અંગેનું કૃત્રિમ જ્ઞાન, વિશ્વના શ્રેષ્ઠ સર્જકોના રોજિંદા રૂટિન તથા તેમની મહત્ત્વાકાંક્ષાની પ્રાથમિકતા તેમના જીવનના કેન્દ્રમાં હોય છે. મોટાભાગના લોકો સાવ સામાન્ય સ્તરની નકામી વિચારધારામાં સપડાયેલા રહે છે. સામાન્ય અને નકામી વિચારધારા દ્વારા પરિણામો પણ સામાન્ય અને નિરર્થક જ સાંપડે છે. એક સામાન્ય દાખલો જોઈએ :કોઈ સરેરાશ વ્યક્તિને તમે સરનામું પૂછશો તો મોટાભાગે તમને અનુભવ થશે કે જે દિશા બતાવવામાં આવી છે તે અસ્પષ્ટ છે. તેનું કારણ એ છે કે તેઓની વિચારધારામાં જ અનિશ્ચિતતા હોય છે.

ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરનારા સાવ અલગ હોય છે. તેઓ જાણતા હોય છે કે ચેતનાનું પ્રાથમિક શિખાઉ સ્તર કદી ઉચ્ચ સ્તરનાં પરિણામ આપી ન શકે. મને લાગે છે કે અહી મારે તમને બંનેને વધુ એક ઉદાહરણ આપવું જોઈએ. હું ફોર્મ્યુલા વન રેસિંગનો ખૂબ ચાહક છું. તાજેતરમાં તેમના સ્પર્ધા માટેની તૈયારી થાય એ વિસ્તારની મુલાકાત લેવા મને મારી ટીમ સાથે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. મેં જોયું કે નાનામાં નાની વિગતો ઉપર તેઓ ધ્યાન આપતા હતા, સ્પર્ધા માટેની દરેકે દરેક પૂર્વતૈયારી ઉપર સંપૂર્ણ ધ્યાન આપીને તેમાં કોઈ કચાશ ન રહી જાય એ ખાતરી કરવાની તેમની પ્રતિબદ્ધતા પ્રેરણાદાયક હતી. હવે આવી જગ્યાએ જો કોઈ સામાન્ય વ્યક્તિ હોય તો તે આવી તૈયારીઓ અને વિગતો ઉપર સંપૂર્ણ કાળજીપૂર્વક ધ્યાન રાખવાની વૃત્તિને હાસ્યાસ્પદ ગણાવે. પરંતુ એફ૧ નો એ સ્ટાફ સર્વોત્કૃષ્ટ કામગીરી કરતો હતો. પ્રત્યેક રેસિંગ કારની ચકાસણી કરવાની તેમની પદ્ધતિ આશ્ચર્ય પમાડે એવી હતી. એ ઉપરાંત રેસિંગ કાર પસાર થઈ ગયા પછી એ માર્ગને વૅક્યૂમ ક્લિનરથી એવી રીતે સ્વચ્છ કરી દેવામાં આવતો કે ધૂળનો એક કણ પણ જોવા ન મળે. તેમની એ કામગીરી અસાધારણ હતી. હું આ જ વાત કહેવા માગું છું. ટોચના પાંચ ટકા લોકો તેમની નિષ્ઠા, વર્તન અને પ્રવૃત્તિઓ દ્વારા એવી કામગીરી કરે છે જે તેમને કૃત્રિમ દુનિયામાં રહેતા મોટાભાગના લોકોથી અલગ પાડે છે.

કલાકારે આશ્ચર્ય સાથે પૂછ્યું, શું એ લોકો રેસિંગ કાર પસાર થઈ ગયા પછી માર્ગને ધૂળથી મુક્ત કરવા માટે એટલી બધી કાળજી લઈને મહેનત કરે છે?

ધનિકે કહ્યું, હા. એ લોકો નિષ્ઠાપૂર્વક મહેનત કરીને, પરસેવો પાડીને આખો રસ્તો સ્વચ્છ કરી દે છે. મેં તેમને આવું કરવાનું કારણ પૂછ્યું ત્યારે તેમણે મને જણાવ્યું હતું કે, એક નાનો કણ પણ જો કારના એન્જિનમાં પ્રવેશી જાય તો રેસર માટે જીતવાનું અશક્ય બની જાય અને ક્યારેક તો એ કણ જીવન માટે જોખમી પણ સાબિત થઈ શકે! હકીકતે, ટીમના કોઈ એક સભ્યની નાની ભૂલ પણ ગંભીર જોખમ ઊભું કરી શકે. ટીમનો કોઈ સભ્ય બેધ્યાનપણે એકાદ સ્ક્રૂ પૂરો ફિટ ન કરે અને તેનાથી ઢીલો રહી જાય તો જીવલેણ અકસ્માત થાય. ટીમનો કોઈ સભ્ય માનસિક વ્યથિત હોય અને ચેકલિસ્ટનો એકાદો મુદ્દો ચૂકી જાય તો એ ઘાતક સાબિત થઈ શકે. અથવા સ્પર્ધા પહેલાં ટીમનો કોઈ સભ્ય ફોન ઉપર વાત કરવામાં વ્યસ્ત હોય અને વિવિધ માપ તપાસવામાં તે એકાદી બાબત ચૂકી જાય તો તેની ટીમ વિજયથી વંચિત રહી શકે.

ઉદ્યોગકારે કહ્યું, તમે જે અભિગમની વાત કરો છો તે અગત્યના છે એ મને હવે સ્વીકાર્ય લાગે છે. સાવ જૂજ ઉદ્યોગપતિ તથા કળા, વિજ્ઞાન અને રમતગમત જેવાં ક્ષેત્રોના જૂજ લોકો આ પ્રમાણે વિચાર અને વર્તન કરતા હોય છે. મને લાગે છે આ બાબત સામાન્ય છે. આપણે જે કરતા હોઈએ તેના પ્રત્યે સર્વોચ્ચ જાગૃતિ વિકસાવવી અને આપણા કામને ઉત્કૃષ્ટ બનાવવા માટે અસાધારણ કાળજી લેવાનું વલણ ભાગ્યે જ જોવા મળે છે. વિગતોની પુનચકાસણી કરવી, નાનામાં નાના મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું, બિનવ્યવસાયી અને બેકાળજીભર્યા અભિગમને બદલે ચોકસાઈથી સર્જન કરવું, કામગીરીના ઊંડાણમાં ઊતરવું – એ બધું જાણે રૅર હોય એવું લાગે છે, તમારા શબ્દોમાં કહું તો વાસ્તવિકતા વિરુદ્ધ કૃત્રિમતાનો આ સમગ્ર મામલો છે.

ધનિકે કહ્યું, મારે પ્રામાણિકપણે ક્રૅડિટ આપવી જોઈએ. આ ભાષા અને આ મૉડલ મને સ્પેલબાઇન્ડરે શીખવ્યા છે. પરંતુ હા, શ્રેષ્ઠતા મેળવવાની વાત હોય ત્યારે નાની નાની બાબતોનું મહત્ત્વ હોય છે. મેં ક્યાંક વાંચ્યું હતું કે અવકાશયાન ચૅલેન્જરની દુર્ઘટનાનું કારણ એક નાની ઓ-રિંગ સીલની નિષ્ફળતાનું હતું, જેની કિંમત માત્ર ૭૦ સેન્ટ હતી. આવી નાની વિગત નહીં ચકાસવાની બેકાળજીએ કેટલી મોટી દુર્ઘટના સર્જી હતી અને એ બાબત અસંખ્ય લોકોને કાયમી પીડા આપી ગઈ.

કલાકારે કહ્યું, આ સમગ્ર બાબત મને ડચ જિનિયસ વર્મીરની યાદ અપાવે છે. તે એવા ચિત્રકાર હતા જેઓ કામમાં સર્વોચ્ચ ગુણવત્તાની કાળજી લેતા. તેમણે એવી અલગ ટૅક્નિકનો ઉપયોગ કર્યો હતો જેનાથી કુદરતી પ્રકાશ એવી રીતે પડે જેને કારણે તેમની કળા ત્રિ-પરિમાણીય (થ્રી-ડાયમેન્શનલ) દેખાય. તેમના સર્જનમાં એવું ઊંડાણ હતું. પ્રત્યેક રેખામાં આકર્ષણ અને પ્રત્યેક દૃશ્યમાં સર્વોચ્ચ ચોકસાઈ. તેથી હું

પણ સંમત થાઉં છું કે, એક સરેરાશ કલાકાર તેના ચિત્ર પ્રત્યે હળવો, સાવ સાધારણ અને અધીરો અભિગમ ધરાવે છે. તેમનું ધ્યાન કળાને બદલે નાણાં ઉપર હોય છે. તેમનું ધ્યાન શ્રેષ્ઠતાને બદલે પ્રસિદ્ધિ ઉપર હોય છે. મને લાગે છે કે કદાચ એ જ કારણે મોટાભાગના આવા કલાકારો કલાના ઉમદા નમૂનાનું સર્જન કરી શક્યા નથી અને તેથી જ તેમના ક્ષેત્રમાં તેઓ ઉત્કૃષ્ટ ગણાતા નથી. મને હવે સમજાઈ રહ્યું છે કે આ સરળ મૉડલ કેટલું શક્તિશાળી છે.

ધનિકે પોતે શ્રેષ્ઠ કળાની કદર કરતા હોવાની વાતનું ઉદાહરણ આપતાં કહ્યું, મને વર્મીરના વુમન ઇન બ્લૂ રેડિંગ એ લેટર તેમજ ગર્લ વિથ એ પર્લ ઇયરિંગ જેવા કળાના નમૂના ખૂબ પસંદ છે.

તમે અમને જે માહિતી આપી રહ્યા છો તે મને ગમ્યું, તેમ ઉદ્યોગકારે ધનિક ઉદ્યોગપતિને સંબોધીને કહ્યું અને પછી કલાકારનો હાથ પકડી લીધો. એ દૃશ્ય જોઈ ધનિકે આંખ મિચકારી.

ઉદ્યોગકાર અને કલાકાર વચ્ચે વધી રહેલી નિકટતાના સંદર્ભમાં ધનિકે કહ્યું, મને ખબર હતી કે આ સ્થિતિ આવશે. તેમણે ફરી એક વખત આંખ બંધ કરી દીધી. પતંગિયું હજુ પણ એ ઉદ્યોગપતિના કાન ઉપર બેઠું હતું. તેણે રંગીન પાંખો ફફડાવી. મિ. રિલે રૂમીની કવિતા યાદ કરીઃ

જો તમે સાચા માનવી હોવ તો પ્રેમ માટે ગમે તે કરી છૂટો.

જો ન હોવ, તો આ મેળાપ છોડી દો.

અધકચરી લાગણી ઉચ્ચ સ્થાને નથી પહોંચતી.

ઉદ્યોગકારે આશ્ચર્ય સાથે પૂછ્યું, શું તમને એક પ્રશ્ન પૂછું?

ધનિકે જવાબ આપ્યો, હા, ચોક્કસ.

ઉગ્રતા અને શ્રેષ્ઠતાની આ ફિલૉસૉફી અંગત સંબંધોમાં કેવી રીતે કામ આવી શકે?

સારી રીતે નહીં, તેમ ધનિકે જવાબ આપ્યો અને પછી ઉમેર્યું, સ્પેલબાઇન્ડરે મને ધ ડાર્ક સાઇડ ઑફ જિનિયસ નામે એક વિચાર વિશે જ્ઞાન આપ્યું હતું, મૂળભૂત રીતે આ વિચાર એ છે કે પ્રત્યેક માનવીય ભેટ સાથે નબળું પાસું જોડાયેલું હોય છે અને જે એક ગુણ તમને એક ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન અપાવે એ જ ગુણ અન્ય ક્ષેત્ર માટે યોગ્ય ન નીવડે. હકીકત એ છે કે દુનિયાની અનેક ઉત્કૃષ્ટ વ્યક્તિઓનું અંગત જીવન દુખ-વેદના-પીડાથી ભરેલું હતું. કળા અથવા અન્ય સર્જન માટેની સર્વોત્કૃષ્ટ દૃષ્ટિ, તેમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટેની એકાગ્રતા, નાનામાં નાની વિગતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની કુશળતા અને એ બધાના મિશ્રણ દ્વારા ઉચ્ચતમ કળાકૃતિ અથવા સર્જન

કરવાની ક્ષમતા છતાં અંગત સંબંધોમાં એ બાબતોનો અભાવ જોવા મળતો હોય છે. અંગત સંબંધોની બાબતમાં તેમને અયોગ્ય, અલગ, જિદ્દી, અસ્થિર વગેરે ધારી લેવામાં આવ્યા હતા.

એ પછી ધનિકે રેતી ઉપર ખૂબ જ તીવ્ર ગતિથી પુશ-અપ્સ કરવાનું ચાલુ કરી દીધું. ત્યારપછી પોતાના ઘરની ઉપર ઊડી રહેલા સફેદ કબૂતર ઉપર નજર નાખતાં નાખતાં તેમણે વીસ સૂર્યનમસ્કાર કર્યા અને પછી પોતાની વાત ચાલુ રાખી.

દંતકથા સમાન આવા અનેક સર્જકો, કલાકારો સંતુલન જાળવી શક્યા નથી. તેઓ પર્ફેક્શનિસ્ટ, સ્વૈરવિહારી અને આક્રમક વિચારો ધરાવનાર હતા. જિનિયસની આ ડાર્ક સાઇડ છે. જે બાબત તમને તમારી કળા દ્વારા ઉચ્ચ સ્થાને લઈ જાય એ જ બાબત તમારું પારિવારિક જીવન નષ્ટ કરી શકે. આ તો માત્ર તમને બંનેને જાણ કરું છું, તેમ કહી ધનિકે બૉટલમાંથી પાણી પીધું. તેની ઉપરના લખાણ તરફ ધ્યાન દોરતાં તેમણે કહ્યું, શું આ તમને વંચાય છે?

મેસેડોનિયાના ફિલિપનો સ્પાર્ટાને સંદેશ:તમને કોઈ વિલંબ વિના શરણે થવાની સલાહ આપું છું, કેમ કે જો હું મારું લશ્કર તમારી ધરતી ઉપર લાવીશ તો હું તમારા ખેતરોનો નાશ કરી દઈશ, તમારી પ્રજાની હત્યા કરી દઈશ અને તમારા શહેરનો નાશ કરી દઈશ.

સ્પાર્ટાનો જવાબ હતો:"જો".

ધનિકે સ્ફૂર્તિથી કહ્યું, પરંતુ તમારી લાગણી બાબતે કોઈ વાંધો હોય તેનો અર્થ એ નથી કે તમારે એ વ્યક્ત નહીં કરવાની! તમારે બસ એટલી સતર્કતા કેળવવી પડે કે કઈ બાબત તમને મુશ્કેલીમાં મૂકી શકે તેમ છે અને તેને આધારે તમારે તમારા અંગત જીવનનું આયોજન કરવું જોઈએ અને એ સાથે મને આજ સવારના એ અભ્યાસ મૉડલનું પુનરાવર્તન કરવાનું યોગ્ય લાગે છે જેના આધારે તમે 5 એ.એમ. ક્લબમાં શીખવવામાં આવતાં પરિવર્તનશીલ મૂલ્યો જાણી શકશો તથા તેને કાયમી આદત બનાવી શકશો.

સર્વોચ્ચ સિદ્ધિ મેળવવા માટે આ જે મૉડલ તૈયાર કરવામાં આવ્યું છે તેનું કેન્દ્રબિંદુ હંમેશાં યાદ રાખજો:વધુ સારી દૈનિક જાગૃતિ સાથે તમે રોજેરોજ વધારે સારી પસંદગી કરી શકશો, અને વધારે સારી પસંદગીના આધારે તમે રોજેરોજ વધારે સારાં પરિણામ આપી શકશો. આ પ્રથાને સ્પેલબાઇન્ડર ત્રણ તબક્કાની સફળતાની ફોર્મ્યુલા કહે છે. વધારે જાગૃતિ સાથે તમે યોગ્ય સિદ્ધિ મેળવવાની તમારી કુદરતી ક્ષમતાને ઓળખી શકશો. દા.ત. 5 એ.એમ. પદ્ધતિનો અમલ કરવાથી તમે તમારી ઉત્પાદકતા સુધારી શકશો, તમે કૃત્રિમતા ઉપર આધાર રાખતા સમુદાય કરતાં આગળ વધી શકશો. ચેતના અને જાગૃતિનું આ ઉચ્ચ સ્તર તમને તમારા દૈનિક નિર્ણયો સુધારવામાં મદદરૂપ થશે અને તાર્કિક રીતે એક વખત તમે તમારી રોજિંદી પસંદગી સાચી રીતે કરતા થાવ તે સાથે તમારી નેતૃત્વ ક્ષમતામાં ઝડપ આવે અને એ દ્વારા

કામગીરી તેમજ અસરમાં નાટ્યાત્મક સુધારો થાય. આમ તમારો પોતાનો નિર્ણય તમારાં પરિણામોને અસર કરે છે.

ધનિકે વાત ચાલુ રાખી. અમારા એક કોચિંગ સત્ર માટે હું અને સ્પેલબાઇન્ડર સ્વિટ્ઝર્લૅન્ડના લુસેનમાં મળ્યા હતા. ખૂબ સુંદર શહેર છે. ચારે બાજુ પહાડી અને વચ્ચે સરોવર કાંઠે આ શહેર વસેલું છે. એક સવારે તેમણે ગરમ પાણી અને થોડી લીંબુની ચીરીઓનો ઑર્ડર આપ્યો, જેથી તેઓ ફ્રેશ લેમન ટી માણી શકે, જે તેઓ દરરોજ સવારે કરતા હતા. પણ અહીં એક મુદ્દો છે...

આ વાત રસપ્રદ હશે તેમ કહી વચ્ચે બોલતાં બોલતાં કલાકારે પોતાના હાથને થોડો ખંજવાળ્યો, જ્યાં ટૅટૂ હતું અને તેના ઉપર એન્ડી વૉરહૉલનો ક્વોટ હતો:લોકો મૃત્યુ પામે છે એવું હું કદી નથી માનતો. તેઓ માત્ર ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં જાય છે.

ધનિકે વાત આગળ વધારી. ટ્રે આવી. શુદ્ધ ચાંદીનાં વાસણો. દરેક વસ્તુ ઉત્તમ રીતે ગોઠવેલી હતી. હવે જુઓ:રસોડામાં જે પણ વ્યક્તિએ લીંબું કાપ્યું હશે તેણે એ કામગીરીમાં મહેનત કરીને શ્રેષ્ઠતા હાંસલ કરી હશે તો જ તે બીયાં વિનાની સુંદર ચીરી તૈયાર કરી શક્યો હશે, ખરું ને?

ધનિકે કૉન્ફરન્સ સેન્ટરમાં જે ગાંડપણભરી રીતે નૃત્ય કર્યું હતું એવું જ નૃત્ય અહીં કરવા લાગ્યા અને પછી અટકી ગયા. એ નૃત્ય જોઈને કલાકાર અને ઉદ્યોગકારે એકબીજા સામે જોયું.

ઉદ્યોગકારે કહ્યું, હા સાચી વાત છે. એ રીતે લીંબુ ચીરવામાં ખૂબ કાળજી અને કુશળતા દાખવવામાં આવી હશે. આવું બોલીને તેઓ એમ દર્શાવવા માગતા હતા કે ધનિકે જે અજુગતું નૃત્ય કર્યું તેનાથી તેમને કોઈ ફેર પડ્યો નથી.

ધનિકે કહ્યું, સ્પેલબાઇન્ડર આવી સ્થિતિને ધ કલેક્ટિવ ડી-પ્રોફેશનલાઇઝેશન ઑફ બિઝનેસ તરીકે ઓળખાવે છે. જે લોકો કામ કરતા હોય, ગ્રાહકોનું મનોરંજન કરતા હોય, વધારાની કુશળતા દર્શાવતા હોય, પોતાની સંસ્થાની કોઈ વિશિષ્ટ બાબતો રજૂ કરતા હોય જેને કારણે તેમને તેમજ તેમની કંપનીને સફળતા મળે – એવા લોકો તેમના ફોનમાં વીડિયો જોતા હોય કે પછી શૂઝ માટે ઑનલાઇન શૉપિંગ કરતા હોય કે પછી સોશિયલ મીડિયામાં ડૂબેલા રહેતા હોય એવું મેં કદી જોયું નથી. કામના સ્થળે મેં કદી લોકોને બેધ્યાન જોયા નથી કે થાકેલા જોયા નથી અને લોકો આટલી બધી ભૂલો કરતા હોય એવું પણ કદી જોયું નથી.

ધનિકે ત્યારપછી પોતાના હાથમાં રહેલી સોટી વડે ફરી ત્રણ તબક્કાની સફળતાની ફોર્મ્યુલા તરફ ધ્યાન દોર્યું.

લીબુની ચીરીઓ તરફ વારંવાર તમારું ધ્યાન દોરવાનો આશય કૃત્રિમતા અને કામની ગંભીરતા વચ્ચે રહેલો તફાવત બતાવવાનો છે અને એ બાબતે તમારી સામે આવનાર પડકાર તરફ ધ્યાન દોરવાનો છે. તમારા અભિગમની ખરી ગંભીરતા તમારા કામ બાબતે નથી, પરંતુ અંગત જીવનમાં તમે કેવી રીતે તેનો અમલ કરો છે તે અંગે છે. સાચું ઊંડાણ તમે કેવી રીતે વિચારો છે, વર્તન કરો છો તથા કેવું પરિણામ આપો છો તેમાં રહેલું છે. આ સુંદર બીચ ઉપર હું તમને બંનેને એક પ્રકારની તંદુરસ્ત શ્રેષ્ઠતા દ્વારા તમે કંઈક હાંસલ કરી શકો તેમ છો એવો વિશ્વાસ અપાવવા માગું છું. આ દ્વારા તમને સ્પેલબાઇન્ડર જેને જીસીએ:ગાર્ગેન્ટુન કૉમ્પિટિટિવ એડવાન્ટેજ મળશે. બિઝનેસમાં આજે ઉચ્ચ સ્થાન મેળવવાનું જેટલું સહેલું છે એટલું અગાઉ કદી નહોતું કેમ કે ઉદ્યોગ ક્ષેત્રમાં પ્રભુત્વનું સ્થાન મેળવવા માટે જરૂરી પ્રયાસો કરવા સાવ જૂજ લોકો તત્પર છે. શ્રેષ્ઠતા એ ભાગ્યે જ જોવા મળતી બાબત છે અને ઉચ્ચ સ્તરે કામગીરી કરવા માગતા લોકોની સંખ્યા સાવ નહિવત્ છે. તેથી આ ક્ષેત્ર તમારું છું. એ માટે તમારે હું જે માર્ગ બતાવું છું તેને અનુસરવું પડે. આ માટે એક શક્તિશાળી સૂત્ર છે:સામાન્ય સ્તરે ખૂબ મોટી સ્પર્ધા છે, પરંતુ અસામાન્ય સ્તરે લગભગ સ્પર્ધા નથી. સર્વોચ્ચ સ્થાને પહોંચવા માટેની આવી ઉમદા તક અગાઉ ક્યારેય નહોતી, કેમ કે હાલ મોટાભાગના લોકો તેમના કામમાં બેધ્યાન છે તેમના પોતાનામાં તેમની શ્રદ્ધામાં ઘટાડો થયો છે. આ બાબતની ચકાસણી તમે એ રીતે કરી શકો કે કોઈ સ્ટોર કે રેસ્ટોરાંમાં હવે તમને કેટલા લોકો એવા મળે છે જેમની ચેતના સંપૂર્ણ સતેજ હોય, જેઓ વિનમ્ર હોય, અસાધારણ જ્ઞાન ધરાવતા હોય, ઉત્સાહથી ભરેલા હોય, ખૂબ મહેનત કરતા હોય, આશ્ચર્યજનક રીતે કલ્પનાશીલ હોય, નવી નવી શોધ કરવા તત્પર હોય અને પોતે જે કંઈ કરતા હોય તેમાં પૂરેપૂરો રસ દાખવતા હોય? આવા લોકો હવે ભાગ્યે જ જોવા મળે છે, ખરું ને?

ઉદ્યોગકારે સંમતિ વ્યક્ત કરતાં કહ્યું, હા. આવી એકાદ વ્યક્તિને શોધવા માટે મારે હજારો લોકોના ઇન્ટરવ્યૂ લેવા પડે.

તો, સાથીઓ તમે જીસીએ છો. નસીબદાર છો! તેમ મોટેથી બોલી ધનિકે ઉમેર્યું, તમે તમારાં ક્ષેત્રોમાં અગ્રણી બની શકો તેમ છો કેમ કે હવે એવા લોકો સાવ જૂજ છે. તમારી પ્રતિબદ્ધતા વિકસાવો. તમારાં ધોરણો ઊંચાં કરો અને પછી એ રીતે સખત મહેનત કરવા લાગી જાવ જાણે એ તમારા માટે સહજ હોય અને એ જ ખરેખર અગત્યનું છે:તમારે તમારી દૈનિક કામગીરીનો મહત્તમ વિસ્તાર કરવો પડશે. નિરંતરતા જ શ્રેષ્ઠતા માટેનું ડીએનએ છે અને નાના પાયે રોજેરોજ સુધારા કરતા રહેવાથી છેવટે ઉત્તમ પરિણામ મળે છે. એટલું યાદ રાખો કે સફળ કંપનીઓ અને શ્રેષ્ઠ જીવન એકાએક ક્રાંતિથી હાંસલ નથી થતા. એ માટે સતત પ્રગતિશીલ પ્રયાસ કરવા પડે. નાનકડા રોજિંદા પ્રયાસોથી લાંબા ગાળે શ્રેષ્ઠતા હાંસલ કરી શકાય છે. પરંતુ આજના

સમયમાં આપણામાંથી બહુ ઓછા લોકોને આવા લાંબા ગાળાના પ્રયાસો માટેની ધીરજ હોય છે. પરિણામે આપણામાંથી વધુ લોકો અસાધારણ સિદ્ધિ મેળવી શકતા નથી.

કલાકારે પોતાનું શર્ટ ફરીથી પહેરી લેતાં કહ્યું, આ તમામ માહિતી અદ્ભુત છે અને મારી કળા માટે ઘણી મૂલ્યવાન પણ છે.

એ સાંભળીને ગમ્યું, તેમ જણાવી ધનિકે કહ્યું, જુઓ હું જાણું છું કે તમે બંને ઘણા ઓછા સમયમાં ઘણુંબધું શીખી લો એવા અનુભવી છો. હું સમજું છું કે આટલા વહેલા ઊઠવું એ તમારા માટે સાવ નવી બાબત છે તથા મોટાભાગના લોકોને પાછળ છોડીને ઉચ્ચ સ્થાન હાંસલ કરવા બાબતે તમે જે કંઈ સાંભળ્યું એ પણ નવું છે. તેથી હવે ઊંડા શ્વાસ લો અને રિલેક્સ થાવ. અસાધારણ બનવું એ એક પ્રવાસ છે. મૂલ્યનિષ્ઠ બનવું એ એક પ્રકારની યાત્રા છે. રોમનું નિર્માણ કંઈ એક દિવસમાં નહોતું થયું, ખરું ને?

કલાકારે કહ્યું, હા ખરું.

ઉદ્યોગકારે પણ સંમતિ દર્શાવતાં કહ્યું, સાચી વાત છે.

અને હું એ પણ સમજું છું કે તમારી શ્રેષ્ઠ ક્ષમતા હાંસલ કરવા માટે તથા ઉત્તમ માનવીય ગુણો હાંસલ કરવા માટેની પ્રક્રિયા મુશ્કેલ અને ડરામણી છે. હું તેમાંથી પસાર થયો છું અને તમે પણ 5 એ.એમ. પદ્ધતિ દ્વારા એવું કરશો તો તમે પણ સાધારણ કક્ષાની પ્રતિષ્ઠા કે નાણાંને બદલે એક ઉચ્ચ શાશ્વત સ્થાન હાંસલ કરી શકશો. મેં આજે તમને વહેલી પરોઢે જાગી જવાની અને તમારી જાતને ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર લોકોની શ્રેણીમાં પહોંચાડવાની જરૂરી પ્રક્રિયા શીખવી છે જેના અમલ દ્વારા તમે કામગીરીના ઊંડાણના મહત્ત્વને સમજી શકશો અને આજનું સત્ર પૂરું કરતાં પહેલાં હું તમને ખાસ એ કહેવા માગું છું કે, સર્જક તરીકેની તેમજ વ્યક્તિ તરીકેની પ્રગતિ મુશ્કેલ છે છતાં હકીકતમાં આ જ એવી બાબત છે જે માનવજાત કરી શકે તેમ છે અને યાદ રાખો કે તમારું હૃદય જોરથી ધબકારા લે ત્યારે જ તમે જીવંત હોવ છો અને જ્યારે આપણો ડર સૌથી વધુ ગભરાવે ત્યારે આપણે સૌથી વધુ સતેજ હોઈએ છીએ.

તો, અમારે આગળ વધતા રહેવાનું છે, ખરું ને? તેમ ઉદ્યોગકારે ધનિકની વાતના સમર્થનમાં કહ્યું.

ઓકે. તમારા વ્યવસાયી તેમજ અંગત જીવનમાં જીસીએ હાંસલ કરીને સર્વોત્કૃષ્ટ સ્થિતિ મેળવીને તમારા જીવનને સાર્થક બનાવવા માટે એક છેલ્લું ઉદાહરણ આપું. ત્યારપછી તમે સ્વિમિંગ કરો, સ્નોર્કલિંગ કરો તેમજ સનબાથ લો તે મને ગમશે. મારી ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલું અસાધારણ લંચ તમે માણી શકશો. મારે એક મિટિંગ

માટે પોર્ટ લુઇ જવાનું છે, પરંતુ હું આશા રાખું છું કે તમે બંને તમારું ઘર સમજીને અહી આનંદથી રહેશો. તેથી...

મિ. રિલે એક ક્ષણ માટે ચૂપ થઈ ગયા, નીચા વળ્યા અને તેમના તેમના અંગૂઠાને ચાર વખત સ્પર્શ કરીને બોલ્યા :આજે શ્રેષ્ઠ દિવસ છે અને તે ભવ્ય રીતે, અસાધારણ ઉત્સાહથી, અમર્યાદ પ્રતિબદ્ધતાથી, મારા દૃષ્ટિકોણ પ્રત્યે વફાદારીથી તથા હૃદયમાં ભરપૂર પ્રેમ રાખીને જીવીશ.

તેમણે તેમની વાત ચાલુ રાખી. મેં વાંચેલો એક લેખ યાદ આવે છે જેમાં ઇટાલિયન ફૅશન કંપની મોનક્લેરના સીઇઓને તેમના પસંદગીના ભોજન વિશે પૂછવામાં આવ્યું હતું. જવાબમાં તેમણે કહ્યું હતું, સ્પેગેટી પોમોદોરો. પાસ્તા, તાજા ટોમેટો, ઓલિવ ઑઇલ તથા બેસિલથી બનતી આ ડિશ વિશે વાત કરતાં એ એક્ઝિક્યુટિવે કહ્યું હતું કે, આ તમામ ચીજોનું સપ્રમાણ અને સાચું મિશ્રણ થાય તો જ આ ડિશ ઉત્તમ બને. આપણા ત્રણે માટે પણ આ સૌથી અગત્યનો શબ્દ છે – મિશ્રણ. શ્રેષ્ઠ વર્તણૂક સાથે નાનામાં નાની વિગતો ઉપર ધ્યાન આપીને શ્રેષ્ઠ સર્જન કરવા માટે મહેનત કરવાથી જિનિયસ બની શકાય, ઉત્તમ પરિણામ મેળવી શકાય અને એથી વિશેષ જીવનમાં જાદુઈ પરિવર્તન લાવી શકાય.

એ પછી એ ધનિક ઉદ્યોગપતિએ બૉટલમાંથી કાઢેલું સિલ્કનું કપડું પોતાની શોર્ટના ખીસામાં મૂક્યું અને ત્યાંથી રવાના થઈ ગયા.

પ્રકરણ ૧૦

ઇતિહાસ રચનારની ચાર મુખ્ય બાબત

"કુદરત દ્વારા આપણને આપવામાં આવેલું જીવન ટૂંકું છે, પરંતુ સારી રીતે જીવન પસાર કરવાની પ્રક્રિયા દરમિયાન જે યાદોનો સંગ્રહ થાય છે તે અનંત રહે છે."

— સિસેરો

બીજા દિવસે સવારે તાલીમ વર્ગ માટે દરિયાકિનારે નક્કી થયેલા સ્થળે ધનિકને મળવા જઈ રહેલાં ઉદ્યોગકાર અને કલાકાર એકબીજાનો હાથ પકડી ચાલી રહ્યાં હતાં ત્યારે એ વહેલી પરોઢ અત્યંત રોમાંચક અને આહ્‌લાદક લાગતી હતી.

તેઓ બંને આવી પહોંચ્યાં ત્યારે મિ. રિલે ત્યાં હાજર જ હતા. બીચની રેત પર બેસીને તેઓ આંખો બંધ કરી મેડિટેશન કરી રહ્યા હતા.

તેમણે શર્ટ નહોતું પહેર્યું, પણ એક દિવસ અગાઉ આ સ્થળે સ્પેલબાઇન્ડર મળ્યા ત્યારે તેમણે જેવી શોટ્ર્સ પહેરી હતી એવી જ શોટ્ર્સ હાલ મિ. રિલેએ પહેરી હતી. એ ઉપરાંત તેમણે પહેલા શૂઝ ઉપર જાતજાતનાં સ્માઇલી લગાવેલાં હોવાથી ભારે રમૂજી લાગતા હતા.

ધનિકના ઘરમાંથી એક સહાયક ખૂબ ઝડપથી બહાર આવ્યો. તેણે ઊંચે આકાશ તરફ જોયું અને જાણે કૃતજ્ઞતા વ્યક્ત કરતો હોય એમ બે આંગળીથી વિક્ટરી સાઇન (V) દર્શાવી. તેણે કાળી લેધર બૅગમાંથી ત્રણ કાગળ કાઢ્યા અને ધનિકને આપ્યા. સ્ટોન રિલેએ સાધારણ નમીને આભાર વ્યક્ત કર્યો અને પછી એક એક કાગળ પોતાના વિદ્યાર્થીઓને આપ્યો.

સવારને બરાબર પાંચ વાગ્યા હતા.

એ પછી ધનિકે રેતમાંથી એક સીશેલ ઉઠાવ્યો અને દરિયાના પાણીની સપાટી ઉપર સમાંતર ઘા કર્યો. એવું લાગતું હતું કે આજે સવારે તેમના મનમાં કંઈક નોંધપાત્ર બાબત ચાલી રહી છે. સામાન્ય રીતે જોવા મળતો ઉત્સાહ, હળવો મૂડ અને વિચિત્ર વર્તન — એ બધું અત્યારે ગાયબ હતું.

બધું બરાબર છે? તેમ સવાલ કરીને ઉદ્યોગકારે તેમની સહજ કુદરતી આદત મુજબ બ્રેસલેટને સ્પર્શ કર્યો. તેના ઉપર લખેલું હતું, સાચી દિશામાં ઉતાવળે આગળ વધું છું. ઉપર તરફ જાઉં છું અને સખત મહેનત કરું છું. હું મૃત્યુ પામીશ ત્યારે જ સૂઈ જઈશ.

ધનિકે એ બ્રેસલેટ પરના શબ્દો વાંચ્યા. તેમણે એક આંગળી હોઠ ઉપર મૂકી અને પછી સવાલ કર્યો, તમે મૃત્યુ પામશો ત્યારે કોણ રડશે?

કલાકારે આશ્ચર્ય સાથે પૂછ્યું, શું?

ધનિકે એ જ સવાલ અલગ રીતે પૂછ્યો:લાંબા સમય સુધી જેમની સાથે જીવન પસાર કર્યું હતું તેમને જાણ થશે કે તમે હયાત નથી તો તેઓ કેવી રીતે શોક વ્યક્ત કરશે? તમે એવી રીતે જીવ્યા હોવ જાણે તમે હંમેશ માટે જીવવાના હોવ, તમારી ગેરહાજરી વિશેનો વિચાર તમને કદી આવ્યો ન હોય, તમે કેટલો સમય પસાર કર્યો તેના તરફ ધ્યાન ન આપ્યું હોય. એ રીતે કોઈની સાથે જીવન માણતા હોવ અથવા જે વ્યક્તિને મળ્યા હોવ કે પછી કોઈ કામગીરી કરતા હોવ ત્યારે તમે જીવન એવી રીતે પસાર કરો જાણે તમારી પાસે સંપૂર્ણ માત્રામાં હોય અને કાયમી પુરવઠો મળતો હોય.

કલાકારે કહ્યું, શું આ તમારા વિચારો છે? ખૂબ સરસ.

ધનિક થોડા ઝંખવાણા પડી ગયા. તેમણે કહ્યું, કાશ એ મારા હોત. પરંતુ એવું નથી. આ વિચારો ફિલૉસૉફર સેનેકાના છે. આ શબ્દો તેમના એક પુસ્તક ઑન ધ શોર્ટનેસ ઑફ લાઇફમાં લખેલા છે.

તો આજે આવી સુંદર સવારે તમે મૃત્યુ વિશે શા માટે વાતો કરો છો? તેમ થોડાં અસહજ બનેલાં ઉદ્યોગકાર મહિલાએ પૂછ્યું.

કેમ કે આજે જે લોકો જીવિત છે તેમાંના મોટાભાગના એવું ઇચ્છે છે કે કાશ તેમની પાસે વધારે સમય હોત. છતાં આપણે સમયનો બગાડ કરતા હોઈએ છીએ. મૃત્યુનો વિચાર કરવાથી બધી અગત્યની બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત થાય છે. તમે તમારા બાકી રહેલા સમયનો મહત્તમ શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે તમે ડિજિટલ સાધનોમાં, સાયબર દુનિયામાં તેમજ ઑનલાઇન નકામી બાબતો ઉપર ધ્યાન આપવાનું બંધ કરી દેશો. તમે તમારા દિવસો કદી પરત મેળવી શકતા નથી, તેમ જણાવી ધનિકે કહ્યું, ગઈકાલે મેં મારી એક મિટિંગ પછી ચેઝિંગ ડેલાઇટ પુસ્તક ફરીથી વાંચ્યું. આ એક શક્તિશાળી સીઇઓ યુગેન ઓ'કેલીની સાચી વાર્તા છે, જેમના મગજમાં ત્રણ ગાંઠ છે એવું નિદાન થયા પછી તેમને ખ્યાલ આવ્યો કે હવે સમય ઘણો ઓછો છે.

કલાકારે વચ્ચે પૂછી લીધું, તો પછી તેમણે શું કર્યું?

તેમણે જીવનભર જે વ્યવસ્થિત રીતે બિઝનેસનું સંચાલન કર્યું હતું એ જ રીતે તેમના છેલ્લા દિવસોનું પણ આયોજન કર્યું. ઓ'કેલીએ પોતે જે મિસ કરી હતી તે સ્કૂલ કોન્સેર્ટનું આયોજન કર્યું, જે પારિવારિક પ્રવાસ પોતે ચૂકી ગયા હતા તેનું આયોજન કર્યું તથા જે મિત્રો ભુલાઈ ગયા હતા તે બધાને યાદ કર્યા. પુસ્તકના એક ભાગમાં તેમણે એ વાત શૅર કરી કે કેવી રીતે તેમણે તેમના એક મિત્રને કુદરતી વાતાવરણમાં

ચાલવાનું નિમંત્રણ આપ્યું અને ત્યારે એવું કહ્યું પણ હતું કે આપણે આ છેલ્લી વખત સાથે ચાલી રહ્યા છીએ એટલું જ નહી પરંતુ પહેલી વખત પણ સાથે ચાલી રહ્યા છીએ.

પોતાના બ્રેસલેટ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં અને ચહેરા ઉપર ચિંતા અને વ્યથાની લાગણી સાથે ઉદ્યોગકારે ફક્ત એટલું કહ્યું – દુખદ.

ધનિકે પોતાની વાત ચાલુ રાખી. તેમણે કહ્યું, અને પછી ગઈ રાત્રે મેં મારી પસંદગીની ફિલ્મ ધ ડાઇવિંગ બેલ ઍન્ડ ધ બટરફ્લાય જોઈ. એ પણ ફ્રેન્ચ સામયિક ઇલેના મુખ્ય તંત્રી જેવી ટોચની વ્યક્તિની સાચી વાર્તા ઉપર આધારિત ફિલ્મ છે. જેન-ડોમિનિક બોબે પાસે બધું જ હતું અને પછી એક વખત તેમને લકવાનો એવો પ્રચંડ હુમલો થયો કે માત્ર ડાબી આંખની પાંપણ સિવાય શરીરનું બીજું કોઈ અંગ તેઓ જાતે હલાવી શકતા નહોતા. એ સ્થિતિને લૉકડ-ઇન સીન્ડ્રોમ કહે છે. તેમનું મગજ સંપૂર્ણ સ્વસ્થ રીતે ચાલતું હતું, પરંતુ તેમનું શરીર સંપૂર્ણ લકવાગ્રસ્ત થઈ ગયું હતું.

હવે કલાકારે પણ ઉદ્યોગકારની જેમ જ કહ્યું – દુખદ.

મિ. રિલેએ કહ્યું, એ સ્થિતિમાં જેન-ડોમિનિક બોબેના ડૉક્ટરે તેમને પાંપણની મદદથી શબ્દો વ્યક્ત કરવાની સાઇલેન્ટ આલ્ફાબેટ પદ્ધતિ શિખવાડી અને પછી તેની મદદથી તેમણે પોતાના અનુભવો તેમજ જીવનના અર્થ વિશે પુસ્તક લખ્યું. આ માટે તેમણે ૨,૦૦,૦૦૦ (બે લાખ) વખત પાંપણ હલાવવી પડી, પણ છેવટે પુસ્તક લખ્યું ખરું.

ઉદ્યોગકાર બોલી ઊઠ્યાં, આ હિસાબે મારે તો જીવનમાં ફરિયાદ કરવા જેવું કશું જ નથી.

ધનિકે પોતાની વાત ચાલુ રાખી. પુસ્તક પ્રકાશિત થયા પછી ટૂંક સમયમાં તેમનું નિધન થયું. પરંતુ આ બધી વાતો દ્વારા હું કહેવા એ માગું છું કે જીવન અત્યંત નાજુક છે. એવા પણ લોકો હોય છે જે સવારે જાગે, સ્નાન કરે, કપડાં પહેરે, ચા-કૉફી અને નાસ્તો કરે અને પછી ઑફિસે જતી વખતે ગંભીર વાહન અકસ્માતમાં તેમનું મૃત્યુ થઈ જાય. જીવનમાં આવું જ બનતું હોય છે. આથી મારી તમને બંને ઉમદા વ્યક્તિઓને એક જ સલાહ છે કે ઉત્તમ કામગીરી કરવામાં કે લાગણી વ્યક્ત કરવામાં જરાય અચકાશો નહી. તમને જે સાચું લાગતું હોય એ રીતે જીવો તથા રોજેરોજ જે ચમત્કાર બનતા હોય છે તેના ઉપર ધ્યાન આપો.

કલાકારે કહ્યું, તમારી વાત સાચી છે.

ઉદ્યોગકારે પણ સૂર પુરાવ્યો, હા, વાત તો સાચી છે.

કલાકારે ઉમેર્યું, પ્રત્યેક સૅન્ડવિચ (ખોરાકના પ્રત્યેક કોળિયાનો) નો આનંદ લેવો જોઈએ.

મિ. રિલે બોલી ઊઠ્યા, વાહ ઘણી જ્ઞાનસભર વાત કરી.

જોકે કલાકારે તરત જ સ્પષ્ટતા કરી કે, આ શબ્દો મારા નથી. આ શબ્દો તો ગીતકાર વૉરેન ઝેવોનના છે. પોતે જીવલેણ બીમારીમાં સપડાયા છે એવું નિદાન થયું ત્યારે તેમણે આ શબ્દો કહ્યા હતા.


પ્રત્યેક ક્ષણનો આભાર માનો. તમારી પોતાની લાગણીઓ વ્યક્ત કરવામાં શરમ-સંકોચ અનુભવો નહીં. સામાન્ય કક્ષાની બાબતો ઉપર સમય વેડફવાનું બંધ કરો અને સર્જનાત્મકતા, ઉત્સાહ તેમજ તમારી અંદર પડેલી સુષુપ્ત સંભાવનાઓને જાગ્રત કરી પ્રાધાન્ય આપો. આ બધું સૌથી અગત્યનું છે. તમારી જાતને ઓળખો – એવું પ્લેટોએ શા માટે કહ્યું હતું? તેઓ ખૂબ સારી રીતે જાણતા હતા કે આપણી અંદર વિશાળ સંભાવનાઓ પડેલી છે જેને ઓળખીને અમલ કરવાથી ઊર્જાવાન, આનંદિત, શાંતિપૂર્ણ અને અર્થપૂર્ણ જીવન જીવી શકાશે. આપણી અંદર રહેલી આ ક્ષમતાઓ પ્રત્યે ઉપેક્ષા કરવાથી જીવન દુ:ખદ, હતાશાભર્યું બની રહેશે.

થોડે ઊંચેથી એક બાજ પક્ષી પસાર થઈ ગયું. કિનારા પાસે અત્યંત સ્વચ્છ પાણીમાં રંગબેરંગી સુંદર માછલીઓનું ઝુંડ પસાર થઈ ગયું.

ધનિકે કહ્યું, તો આપણી આ બધી વાતો સાથે હું આજે સવારે જે મુદ્દા પર વાત કરવા માગતો હતો ત્યાં જ આપણે આવી પહોંચ્યા. તમને જે કાગળ આપવામાં આવ્યો છે તે ધ્યાનથી જુઓ, પ્લીઝ.

બંને વિદ્યાર્થીઓ પાસે જે અભ્યાસ મૉડલ હતું તે આ પ્રમાણે હતું :

ઇતિહાસ રચનારનું ફોકસ



ઇતિહાસ રચનારનું ફોકસ #૧: કૅપિટલાઇઝેશન આઇક્યુ

અગ્રણી મનોવિજ્ઞાની જેમ્સ ફ્લીન દ્વારા વિકસાવવામાં આવેલી કૅપિટલાઇઝેશનની અવધારણાની સમજ આપી. તેમની અવધારણા કે વિચારનો મૂળ ભાવ એ છે કે, ટોચ સુધી પહોંચેલા મહાનુભાવો માત્ર તેમની કુદરતી ક્ષમતાને કારણે નહી પરંતુ એ ક્ષમતાનો વાસ્તવિક ઉપયોગ કરવાને કારણે એ સ્થાને પહોંચે છે. મિ. રિલેએ કહ્યું, વિશ્વના અનેક શ્રેષ્ઠ રમતવીરો પાસે તેમના હરીફ કરતાં ઘણી ઓછી કુશળતા હોય છે. પરંતુ તેમની અસાધારણ પ્રતિબદ્ધતા, કટિબદ્ધતા તેમજ પૂરી ક્ષમતાનો ઉપયોગ કરવાની તૈયારીને કારણે તેઓ સર્વોચ્ચ સ્થાને પહોંચે છે.

ધનિકે કહ્યું, આ જૂનું છે અને આ શ્વાનની લડાઈ જેવી સામાન્ય લડાઈ નથી, પરંતુ વાત ખરાખરીના સંઘર્ષની છે, જેમાં વર્ચસ્વ સ્થાપવા માટે છેવટ સુધી ટકી રહેવાનું હોય છે.

હું 5 એ.એમ. ક્લબમાં જોડાયો તે દિવસે વહેલી સવારે સ્પેલબાઇન્ડરે મને શીખવ્યું હતું કે, દરરોજ સવારે મારી સમક્ષ એક ભવ્ય તક ઊભી થશે જેથી મારી સર્વોચ્ચ ક્ષમતાનો ઉપયોગ કરી શકું, મને મારા માટે થોડો સમય મળશે અને મારા માટે

જરૂરી તૈયારી કરી શકીશ જેથી દરરોજ એક કીમતી બાબત સુનિશ્ચિત કરી શકું. તેમણે મને એ સમજવામાં મદદ કરી હતી કે સફળ લોકો વહેલી સવારનો શ્રેષ્ઠ ઉપયોગ કરે છે અને જો હું પણ વહેલી સવારે જાગી જાઉં તો તે દિવસ માટે જીત મેળવવાનો હું શુભારંભ કરી દઈ શકીશ.

ઉદ્યોગકારે કહ્યું, મેં ક્યારેય મારો સમય હોય એવું અનુભવ્યું નથી. હું સતત કામગીરીમાં વ્યસ્ત હોઉં છું. સવારના સમયે મારી ઊર્જાની બૅટરી રિચાર્જ કરવા માટે સમય મળશે તો મને ગમશે જેથી હું એવું કંઈક કરી શકું જેનાથી હું ખુશ અને વધુ સારી વ્યક્તિ બની શકું.

બરાબર એ જ વાત છે, તેમ કહી ધનિકે જણાવ્યું, આપણામાંથી ઘણા બધા સમયના અભાવની જિંદગી જીવીએ છીએ. સવારમાં આપણા માટે થોડો એવો સમય હોવો જરૂરી છે જેથી નવી ઊર્જા સંચિત કરી શકીએ, પ્રગતિ કરી શકીએ તથા વધુ તંદુરસ્ત અને શાંતિપૂર્ણ જીવન જીવી શકીએ. વહેલી સવારે પાંચ વાગ્યે જાગી જવાથી અને ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાને અનુસરવાથી તમે તમારા દિવસની શ્રેષ્ઠ શરૂઆત કરી શકશો. તમારે દિવસની પ્રવૃત્તિઓને અનુસરવું પડે તેના બદલે તમે પોતે ઉચ્ચ ગુણવત્તાની પ્રવૃત્તિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકશો. તમે એવી ઊર્જાનો અનુભવ કરી શકશો જે પહેલાં કદી અનુભવી ન હોય. તમને જે આનંદની અનુભૂતિ થશે તે અસાધારણ હશે અને વ્યક્તિગત સ્વતંત્રતાની લાગણી ઉચ્ચ સ્થાને હશે.

ત્યારપછી મિ. રિલેએ પોતે પીઠ ઉપર ચિતરાવેલું કામચલાઉ ટેટૂ બતાવવા પાછળ ફર્યા. ત્યાં ફ્રેન્ચ ફિલૉસૉફર આલ્બર્ટ કામુનું એક વિધાન લખેલું હતું કે, વ્યસ્ત દુનિયા સાથે કામ કરવાનો એકમાત્ર રસ્તો એ હદે ફ્રી થઈ જવાનો છે કે જેથી તમારું પોતાનું એ પગલું ક્રાંતિકારી ગણાય.

ઉદ્યોગપતિની પીઠ ઉપર આ શબ્દોની નીચે જ્વાળામાંથી બેઠા થતા ફિનિક્સ પક્ષીનું ચિત્ર હતું, જે બરાબર આવું દેખાતું હતું -



મારે તેની ખરેખર જરૂર છે, તેમ જણાવી ઉદ્યોગકારે કહ્યું, મને લાગે છે કે દરરોજ સવારે જો મને થોડો અંગત સમય મળે તો મારી સર્જનાત્મકતા, ઉદારતા અને ધીરજમાં ઘણો વધારો થઈ શકે.

કલાકારે કહ્યું, મને પણ એવું જ લાગે છે. દરરોજ સવારે મને મારા માટે એક કલાક મળે તો મારી કળા માટે તેમજ મારા જીવન માટે પણ પરિવર્તનકારક સાબિત થાય.

સ્પેલબાઇન્ડરે મને પ્રારંભમાં જ શીખવ્યું હતું કે વહેલી સવારની પ્રથમ ૬૦ મિનિટ વિક્ટરી અવર ગણાય છે અને તે વ્યક્તિગત કુશળતાને સર્વોચ્ચ સ્થાને લઈ જઈને જીવનનું માનસિક, શારીરિક તેમજ આધ્યાત્મિક પરિવર્તન કરવા માટે નિર્ણાયક સાબિત થાય છે. તેમણે મને ખાતરી આપી હતી કે તેનાથી મને ગાર્ગેન્ટુન કૉમ્પિટિટીવ એડવાન્ટેજ મળશે, જેના વિશે આપણે ગઈકાલે ચર્ચા કરી હતી અને તેના આધારે સર્જનાત્મકતા, નાણાં, આનંદ તેમજ માનવતાની મદદ જેવાં જીવનનાં સર્વોત્તમ પાસાં તરફ ગતિ થશે અને મારે કહેવું જોઈએ કે તેઓ સંપૂર્ણ સાચા હતા.

ખેર, તો આપણે ફરી કૅપિટલાઇઝેશન તથા આપણી પાસે જે કંઈ છે તેનો મહત્તમ ઉપયોગ કરવાના મૂળ મુદ્દા ઉપર પાછા ફરીએ. આપણામાંથી ઘણાબધા એવા સામૂહિક સંમોહનમાં છીએ કે જે લોકો અસાધારણ કુશળતા ધરાવે છે તેઓ કોઈ અલગ માટીના બનેલા છે અને તેઓ ધ ગૉડ્સ ઑફ એક્સેપ્શનલ ટેલેન્ટના આશીર્વાદ ધરાવે છે. પરંતુ એવું કશું જ નથી.

પ્રતિબદ્ધતા અને શિસ્ત રોજેરોજ શ્રેષ્ઠતા અને કુશળતાને વધારે મજબૂત બનાવે છે. સર્વોત્કૃષ્ટ વ્યક્તિઓ નસીબથી નથી બનતી, તેઓ તો જાતે નસીબનું ઘડતર કરે છે. તમે જ્યારે જ્યારે લાલચનો પ્રતિકાર કરો અને કામગીરી ઉપર મહત્તમ

ધ્યાન આપો ત્યારે તમે શ્રેષ્ઠતા તરફ આગળ વધો છો. તમને જે બાબત સરળ લાગે તેના બદલે સાચી લાગે તેનું પાલન કરશો તો તમે સર્વોત્કૃષ્ટ સિદ્ધિ મેળવનારની યાદીમાં સમાવેશ પામશો.

મેં અગાઉ કહ્યું હતું તેમ, સફળ લોકો અંગે ઘણાબધા તાજા સંશોધન એ વાતને સમર્થન મળે છે કે આપણી પોતાની સંભાવનાઓ અંગેના વ્યક્તિગત પ્રયાસો દ્વારા એ નિર્ધારિત થાય છે કે એ સંભાવનાઓનો આપણે ખરેખર ઉપયોગ કર્યો છે કે નહી.

ઉદ્યોગકારે પોતાના ડિવાઇસમાં નોંધ ટપકાવવાનું બંધ કરીને વચ્ચે પૂછી લીધું, તમે શું કહેવા માગો છો? ધનિક ઉદ્યોગપતિએ હવે ટી-શર્ટ પહેરી લીધું હતું જેના ઉપર સૂત્ર લખ્યું હતું – સામાન્ય લોકોના ઘરમાં મોટાં ટીવી હોય છે. આગેવાનોના ઘરમાં મોટી લાઇબ્રેરી હોય છે.

ખેર, જો તમે એવી માન્યતા સાથે ચાલતા હોવ કે બિઝનેસમાં શ્રેષ્ઠ અગ્રિમ સ્થાને પહોંચવા માટે અથવા તમારા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ શિખરે પહોંચવા માટેની ક્ષમતા તમારામાં નથી તો પછી તમે એ માટે પ્રયાસ જ કરવાના નથી, ખરું ને? અને વિશ્વ-સ્તર હાંસલ કરવું એ એક નિરંતર પ્રક્રિયા છે, કોઈ એક દિવસની ઘટના નથી. મર્યાદિત સંકુચિત બાબતોનો વિચાર કરવો જેમ કે- સરેરાશ લોકો મહાન બની શકતા નથી, અથવા જિનિયસ કેળવી શકાતા નથી, એ તો પેદા થાય છે – તો પછી તમારી વિચારધારા એ દિશાની રહેશે કે ખૂબ અભ્યાસ કરવાનો કે પછી ખૂબ પ્રૅક્ટિસ કરવાનો કોઈ અર્થ નથી. તમને એવું જ લાગશે કે ઉત્સાહપૂર્વક મહેનત કરવાનો કે પછી કોઈ પણ પ્રકારનાં બલિદાન આપવાનો કોઈ અર્થ નથી અને પછી તમારું દૈનિક વર્તન તમારી આવી માન્યતાઓને આધારે ઘડાય કે જિનિયસ તો જન્મે છે, બની શકાતું નથી તો પછી તમે કદી નિષ્ઠા, પ્રામાણિકતા અને મહેનત કરીને તમારાં સ્વપ્ન સાકાર કરવા પ્રયત્ન કરવા તૈયાર જ નહી થાવ. દરેક વ્યક્તિ તેની પોતાની વિચારપ્રક્રિયાને આધારે સફળતા-નિષ્ફળતા માટેનો પોતાનો જ માર્ગ નિર્ધારિત કરતી હોય છે, તેમ ધનિક ઉદ્યોગપતિએ ભારપૂર્વક જણાવ્યું.

આ પછી તેમણે દરિયામાં નજર કરી જ્યાં થોડે દૂર એક માછીમારી બોટ પસાર થઈ રહી હતી. એ તરફ નજર રાખીને ધનિક બોલ્યા :હું કૃતજ્ઞ છું. હું માફી આપી દઉં છું. મારું જીવન સુંદર, સર્જનાત્મક, રચનાત્મક, સમૃદ્ધ તથા જાદુઈ છે.

અને પછી તેમણે કૅપિટલાઇઝેશન અંગેની ચર્ચા ચાલુ રાખી.

આપણે આપણા પોતાના માટે જે રીતે સમય પસાર કરતા હોઈએ તથા એ દરમિયાન આપણે શું હાંસલ કરી શકીએ છીએ તેમજ તે અંગે આપણું વર્તન કેવા પ્રકારનું હોય છે એ બાબતોને હકારાત્મક મનોવિજ્ઞાનીઓ દ્વારા ધ સેલ્ફ-ફુલફિલિંગ પ્રોફેસી તરીકે ઓળખાવવામાં આવે છે. આપણે પ્રારંભિક જીવનમાં જે લોકોથી

પ્રભાવિત હોઈએ છીએ તેમની પાસેથી જે શીખ્યા હોઈએ છીએ તે અનુસાર અજાણપણે આપણી વિચારપ્રક્રિયા ઘડાતી હોય છે. આવા લોકોમાં આપણાં માતા-પિતા, શિક્ષકો તથા મિત્રોનો સમાવેશ થઈ શકે અને ત્યારબાદ આપણું વર્તન પણ એ પ્રમાણે હોય છે અને આપણને જે પરિણામ મળે છે તે સામાન્ય રીતે વ્યક્તિગત ભૂલનાં પરિણામ સ્વરૂપ હોય છે જે અંતે આપણા પોતાના માટેની વાસ્તવિકતા બની જાય છે. આશ્ચર્યજનક લાગે છે, ખરું ને? પરંતુ મોટાભાગે આપણે જીવનભર એ જ રીતે વર્તન કરતા હોઈએ છીએ. વિશ્વ એ અરીસો છે. તેથી જીવન પાસેથી આપણે ઇચ્છીએ તે નહી પરંતુ આપણે ખરેખર જે હોઈએ તે મળતું હોય છે.

કલાકારે કહ્યું, અને મને લાગે છે કે, આપણે જે કોઈ આશા રાખતા હોઈએ તે દિશામાં શ્રેષ્ઠ પરિણામ હાંસલ નહી કરી શકીએ તેવી ધારણા કરીએ તો તેને કારણે એ બાબત વધારે મક્કમ થતી જશે એટલું જ નહી પરંતુ તેની સાથે જોડાયેલું વર્તન રોજિંદી પ્રક્રિયાનો ભાગ બની જશે.

ખૂબ સરસ રીતે રજૂઆત કરી, તેમ ધનિકે ખૂબ ઉત્સાહથી કહ્યું અને ઉમેર્યું, મને વિશ્વાસપૂર્વકની ખાતરીનો આઇડિયા ગમ્યો. એ ખરેખર સરસ છે. આજે તમે જો સ્પેલબાઇન્ડરને મળો તો એ વાત તમારે તેમને કરવી જોઈએ. મને લાગે છે કે હાલ તે ફિશિંગ માટે ગયા છે, પરંતુ હું તેમને ઓળખું છું એટલે કહી શકું કે વહેલી સવારનો સૂર્યોદય માણવા તેઓ આ બીચ ઉપર આવશે.

ધનિકે પોતાની વાત ચાલુ રાખતાં કહ્યું, પ્રત્યેક માનવમાં મહાનતા માટેની લાલસા પડી હોય છે, અગ્રણી નેતૃત્વ તરીકે પ્રસ્થાપિત થવા માટેની ભૂખ પ્રજ્વલિત હોય છે જેને કારણે વ્યક્તિ પોતાની ક્ષમતાનો પૂરો ઉપયોગ કરે. આપણામાંથી ઘણા બધા અનિચ્છનીય અને અયોગ્ય પ્રભાવ હેઠળ આવી જતા હોઈએ છીએ કે આપણે ખરેખર શું છીએ એ જ ભૂલી જઈએ છીએ. આપણે સમાધાન કરતા થઈ જઈએ છીએ. ધીમે ધીમે એવા મધ્યમમાર્ગી સમાધાનમાં પ્રવેશી જઈએ છીએ કે છેવટે એ આપણી સહજ પ્રક્રિયા બની જાય છે. ખરા અગ્રણીઓ તેમનાં ધોરણો સાથે સમાધાન કરતા નથી. તેઓ જાણતા હોય છે કે સુધારો કરવા માટે હંમેશાં તક રહેલી હોય છે. તેઓ સમજતા હોય છે કે આપણે આપણા મૂળ સ્વભાવ સાથે જોડાયેલા હોઈએ છીએ. એલેક્ઝાન્ડરે એક વખત કહ્યું હતું, મને ઘેટાના નેતૃત્વવાળા સિંહના લશ્કરની બીક નથી લાગતી. મને સિંહના નેતૃત્વવાળા ઘેટાના લશ્કરનો ડર લાગે છે.

ધનિકે ઊંડો શ્વાસ લીધો. એક પતંગિયું ત્યાંથી પસાર થઈ ગયું અને એક કરચલો ઉદ્યોગપતિની નજીકથી ઝડપથી પસાર થઈ ગયો.

તેમણે તેમની વાત ચાલુ રાખી. હું અહી તમને એ યાદ કરાવવા માગું છું કે આપણા પ્રત્યેકમાં નેતૃત્વની અસાધારણ ક્ષમતા રહેલી છે અને હવે તમે જાણો છો તેમ

નેતૃત્વ એટલે કોઈ હોદ્દાની, કોઈ લાભદાયક પદની કે પછી ઔપચારિક સત્તાની વાત હું નથી કરતો. હું જે વાત કરું છું તે એ બધા કરતાં ઘણી વધારે અગત્યની છે. આ વાત કોઈ પણ વ્યક્તિના હૃદયમાં રહેલી ખરી ક્ષમતા વિરુદ્ધ મોટી ઑફિસ, વૈભવી કાર તથા વિશાળ બૅન્ક બૅલેન્સની દેખાવ પૂરતી ક્ષમતા અંગેની છે. હું જે વાત કરું છું તે એ તમે એવી રીતે કામગીરી કરો કે તમારા તરફ સૌનું ધ્યાન ખેંચાય. તમારા ક્ષેત્રમાં પ્રચંડ મૂલ્યની ક્ષમતા ઊભી કરો. સમગ્ર ઉદ્યોગ પર અસર પડે તેવી ક્ષમતા ઊભી કરો. તેમજ સન્માન, વૈભવી, હિંમત તથા નીતિમત્તા સાથે જીવવાની ક્ષમતા કેળવો. જેથી તમે તમારી પોતાની આગવી રીતે ઇતિહાસ બનાવવાની તક મેળવી શકો. આ સ્થિતિ હાંસલ કરવા માટે તમે સીઈઓ છો કે પછી કોઈ સામાન્ય કર્મચારી, ધનિક કે પછી શ્રમિક, ફિલ્મસ્ટાર કે પછી વિદ્યાર્થી છો તેનો કોઈ ફેર પડતો નથી. જો તમે જીવંત છો તો તમારામાં કોઈ પદ કે હોદ્દા વિના વિશ્વમાં કંઈક અસાધારણ સિદ્ધિ મેળવવાની ક્ષમતા છે, પછી ભલે તમને તમારી હાલની ક્ષમતાઓ અંગેની માન્યતાઓને આધારે એવું લાગતું ન હોય. તમારી માન્યતા વાસ્તવિક નથી. એટલું યાદ રાખો કે એ તમારી હાલની વાસ્તવિકતા અંગેની માન્યતા જ છે. વિશ્વકક્ષાની સિદ્ધિ હાંસલ કરવા માટે આ ક્ષણની વાસ્તવિકતાને જોવાનો તે એક માત્ર લેન્સ છે. આ તબક્કે મને જર્મન ફિલૉસૉફર આર્થર સ્કોફેનોરના શબ્દો યાદ આવે છે:મોટાભાગના લોકો તેમના દૃષ્ટિકોણની મર્યાદાને દુનિયાની મર્યાદા ગણતા હોય છે. (પણ) જૂજ લોકો એવું નથી માનતા (અને) તેમની સાથે જોડાઇ જાવ.

ઉદ્યોગકારે સ્પષ્ટતા કરવા પૂછ્યું, તો વાસ્તવિકતા અને એ અંગેની આપણી માન્યતા વચ્ચે ઘણો તફાવત છે, ખરું ને? તમે જે કહો છો તેના પરથી એવું લાગે છે કે આપણે આપણી તમામ વ્યક્તિગત માન્યતાઓની ચાળણીથી દુનિયાને જોઈએ છીએ અને આપણે એ વ્યક્તિગત માન્યતાઓ ઉપર એ હદે આધારિત હોઈએ છીએ કે આપણું બ્રેઇનવૉશ થઈ જાય છે અને જે જોઈએ છીએ તે જ સાચી દુનિયા છે એવું માનવા લાગીએ છીએ, ખરું ને? અત્યાર સુધી હું જે વિચારતી હતી તે અંગે તમે મને પુનર્વિચાર કરતી કરી દીધી, તેમ તેમણે સ્વીકાર કર્યો.

મહિલા ઉદ્યોગકારે પોતાની વાત ચાલુ રાખી. મને ઘણાબધા પ્રશ્ન થઈ રહ્યા છે. મેં મારો બિઝનેસ શરૂ જ શા માટે કર્યો. મારા માટે સામાજિક દરજ્જાનું આટલું મહત્ત્વ શા માટે છે. મારામાં એવી લાલસા શા માટે છે કે મારે શ્રેષ્ઠ રેસ્ટોરાંમાં જમવું જોઈએ, શ્રેષ્ઠ વિસ્તારમાં જ રહેવું જોઈએ અને સૌથી મોંઘી કાર વાપરવી જોઈએ. મને લાગે છે કે મારી કંપની આંચકી લેવાના પ્રયાસોથી હું આટલી બધી ડરી ગઈ છું તેનું કારણ એ હશે કે મેં મારી ઓળખ એક સ્થાપક તરીકે બનાવી છે. સાચું કહું તો, હું મારી કારકિર્દીમાં એટલી વ્યસ્ત થઈ ગઈ કે સ્થિતિ ક્યાં જઈ રહી છે તે જોવા રોકાઈ જ નહી અને આ બાબત ગઈકાલે તમે શીખવેલી ત્રણ તબક્કાની સફળતાની ફોર્મ્યુલા જેવી

છે. મારા પોતાના અંગે રોજિંદી જાગૃતિ વિકસી રહી છે ત્યારે ખ્યાલ આવે છે કે હું જે કરું છું તે શા માટે કરું છું. હવે હું રોજેરોજ વધારે સારી પસંદગી કરીશ જેથી મને વધુ સારા રોજિંદા પરિણામ મળે.

ઉદ્યોગકાર હજુ પણ સતત બોલી રહ્યાં હતાં.

મારું વાસ્તવિક મૂલ્ય શું છે, મુખ્ય વ્યક્તિ તરીકે હું શાનું પ્રતિનિધિત્વ કરું છું, હું જે કંઈ નિર્માણ કરું છું તે શા માટે કરું છું, મને ખરેખર શાનાથી ખુશી થાય છે, અને હું હયાત નહી હોઉં તો મને લોકો કેવી રીતે યાદ કરશે – એ બધા વિશે મને જરાય ખબર નથી. પેલા સીઇઓ તથા તંત્રીની વાર્તાઓ મને ખરેખર અસર કરી ગઈ. જીવન ખરેખર અસાધારણ રીતે નાજુક હોય છે અને હવે હું સ્પષ્ટ વાત કરી રહી છું ત્યારે મને લાગે છે કે હું ખોટી ચીજો પાછળ દિવસો પસાર કરી રહી હતી. મારી કારકિર્દી અને મારા અંગત જીવનમાં ખરેખર તફાવત લાવી શકે તેવાં ઉચ્ચ મૂલ્યોના સંકેત સાંભળવાને બદલે જટિલતાઓના ઘોંઘાટમાં સપડાઈ ગઈ હતી. ઉદ્યોગકારે સાહજિક ચિંતામાં અજાણપણે આદત મુજબ પોતાના બ્રેસલેટ ઉપર હાથ ફેરવતાં કહ્યું, મને ભૂતકાળના ખૂબ વિચારો આવે છે. બાળપણમાં મારી સાથે શું થયું હતું. મૈત્રી કેળવવા પણ મારી પાસે સમય નહોતો. જીવનમાં કોઈ પૅશન નહોતા. અત્યાર સુધી મેં કદી સૂર્યોદય જોયો નહોતો અને કદી સાચો પ્રેમ મળ્યો નહોતો.

પછી કલાકાર તરફ જોઈને ઉમેર્યું, હમણાં સુધી.

આ સાંભળી કલાકારની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

તેમણે કહ્યું, આ દુનિયામાં અબજો ગ્રહ છે, આપણા ગ્રહ ઉપર કરોડો લોકો છે અને તેમાં હું નસીબદાર છું કે તમારી સાથે મુલાકાત થઈ.

ઉદ્યોગકારનો ચહેરો સ્મિતથી ખીલી ઊઠ્યો અને તેમણે પ્રેમાળ અને મૃદુ સ્વરે કહ્યું, હું આશા રાખું છું કે હું તમને કદી ખોઈશ નહીં.

ધનિકે તરત જ કહ્યું, તમારી જાત પ્રત્યે આવો ભાવ ન રાખશો. આપણે બધા જ આપણા માર્ગ ઉપર છીએ. હું શું કહેવા માગું છું ખ્યાલ આવે છે? આપણે બરાબર એ જ સ્થળે છીએ જ્યાં હોવા જોઈએ અને આપણી પ્રગતિ માટે આપણે જે શીખવું જરૂરી છે તે શીખવું જોઈએ. જે જરૂરી છે તે નહી શીખીએ ત્યાં સુધી સમસ્યા રહેશે. હું તમારી સાથે એ વાત સાથે સંમત છું કે માણસો એવી કરુણ વાતો યાદ રાખતા હોય છે જે ભૂલી જવી જોઈએ અને એવી ઉમદા બાબતો ભૂલી જતા હોય છે જે ખરેખર યાદ રાખવી જોઈએ. ખેર, હું તમારી વાત સમજી શકું છું. પણ એટલો વિશ્વાસ રાખો કે તમારી સર્વોચ્ચ ક્ષમતા તમારા જીવનનું માર્ગદર્શન કરે છે. શ્રેષ્ઠતા હાંસલ કરવાના આ માર્ગમાં કોઈ અકસ્માતો નથી અને જીવનમાં જે જરૂરી છે એ જ બને છે. મને પૂછો તો હું કહીશ

કે ઉત્તમ ઘર હોવું, વૈભવી કાર અને પુષ્કળ ધન હોવું એમાં કશું ખોટું નથી. મારી વાત ધ્યાનથી સાંભળો. જૂની કહેવત છેઃ માનવીય અનુભવો ધરાવનાર આપણે સૌ આધ્યાત્મિક લોકો છીએ. પુષ્કળ નાણાં હોવાં એ જ તો જીવન તમારી પાસે ઇચ્છે છે. કુદરતમાં બધું જ વિપુલ માત્રામાં છે. ફૂલો, લીંબુનાં વૃક્ષો કે પછી આકાશમાં તારાની કોઈ અછત નથી. નાણાંની મદદથી તમે તમારી જાત માટે તેમજ તમારા પરિજનો માટે જે ઇચ્છો તે કરી શકો છો અને તેના દ્વારા જ તમને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાની તક મળે છે.

એ જ સમયે એક પ્રવાસી સ્પીડબોટમાં વૉટરસ્કીઇંગ કરતો ત્યાંથી પસાર થયો. તેને ખૂબ આનંદ આવતો હતો એ વાત તેની ચિચિયારીઓ પરથી સમજી શકાતી હતી.

ધનિકે પોતાની વાત ચાલુ રાખી. હું તમને એક ગુપ્ત વાત કહેવા માગું છું. મેં મારી મોટાભાગની જંગમ (લિક્વિડ) મિલકત દાનમાં આપી દીધી છે. હા, મારી પાસે હજુ વિમાનો છે, ઝુરિકનો ફ્લૅટ છે તથા દરિયાકિનારાનું આ ઘર છે. મારો બિઝનેસ પુરજોશમાં ચાલે છે જેને કારણે હું ધનિક છું તેમ છતાં મારે આમાંથી કશાની જરૂર નથી. એમાંથી એક પણ બાબત સાથે હું જોડાયેલો નથી.

કલાકારે કહ્યું, મેં એક પ્રસંગ વાંચ્યો હતો અને મને લાગે છે કે એ તમને પણ ગમશે. એક પ્રસિદ્ધ ફાઇનાન્સર દ્વારા લૉંગ આઇલૅન્ડમાં આપવામાં આવેલી પાર્ટીમાં લેખક કુર્ત વોનેટ તથા કૅચ-૨૨ના લેખક જોસેફ હેલર હાજર હતા. વોનેટે તેમના સાથીદારને પૂછ્યું હતું, તેમના યજમાને તેમના બેસ્ટસેલિંગ પુસ્તક દ્વારા જે કમાણી કરી છે તેના કરતાં વધારે કમાણી આ ભવ્ય પાર્ટી પહેલાં કરી છે એવું જાણવા મળે તો કેવી લાગણી થાય હેલરે જવાબ આપ્યો હતોઃમને એ મળ્યું છે જેને તે કદી મેળવી નહી શકે. વોનેટે પૂછ્યું, એવી કઈ ચીજ છે ? હેલરનો જવાબ અતિ મૂલ્યવાન હતો. તેમણે કહ્યું, મારી પાસે પૂરતી માત્રામાં જ્ઞાન છે.

આ સાંભળી ધનિક અતિશય ખુશ થઈ ગયા અને વાહ! ખૂબ સરસ, એમ કહી આદત મુજબ ઊછળ-કૂદ કરવા લાગ્યા. પછી આંખો બંધ કરીને ઊંડા શ્વાસ લેવા લાગ્યા.

કલાકારે પોતાની વાત ચાલુ રાખી. ખેર, એ જ કારણે તમે હાલ અમને કૅપિટલાઇઝેશન અને આત્મસંતોષ અંગે જે કંઈ શીખવી રહ્યા છો એ હું સમજી શકું છું. આપણે પોતે જ્યાં સુધી આપણી જાતમાં વિશ્વાસ મૂકીને શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે શ્રેષ્ઠ કામગીરી નહી કરીએ ત્યાં સુધી બીજું કોઈ આપણી ક્ષમતામાં વિશ્વાસ મૂકશે નહી. પાબ્લો પિકાસોએ એક વખત શું કહ્યું હતું એ જાણો છો?

ઉદ્યોગકારે ઉત્સુકતા દર્શાવતાં કહ્યું, પ્લીઝ કહો, શું કહ્યું હતું તેમણે?

પિકાસોએ જણાવ્યું, મારી માતા મને કહેતી હતી કે જો હું સૈનિક બનીશ તો જનરલના હોદ્દા સુધી પહોંચી શકીશ. જો હું સંત બનીશ તો પોપ બની શકીશ. પણ તેના બદલે હું ચિત્રકાર હતો અને પિકાસો બન્યો.

ધનિકે કહ્યું, એ જ વાસ્તવિકતા છે. શ્રદ્ધા અને આત્મવિશ્વાસ જ વ્યક્તિની સંભાવનાનો માપદંડ હોય છે.

મોટાભાગના લોકો તેમના બાળપણના ઉછેરના દિવસો દરમિયાન તેમની માનસિક ક્ષમતાને મર્યાદિત કરવા માટે મજબૂર હોય છે એ માટે માત્ર તેમનાં માતા-પિતા એકલાં જવાબદાર નથી હોતાં. મેં અગાઉ કહ્યું તેમ શુભ આશય ધરાવતા છતાં સાચી વાતથી અજાણ શિક્ષકો પણ વિદ્યાર્થીઓમાં એવી માન્યતાનું રોપણ કરતા હોય છે કે કળા, વિજ્ઞાન, રમતગમત તેમજ અન્ય શ્રેષ્ઠ માનવીય ગુણો કંઈક 'વિશિષ્ટ' બાબત છે અને આપણે બધા તો 'સામાન્ય' માણસો છીએ તેથી ઉચ્ચ ક્ષમતાની વિશેષ કુશળતા હાંસલ કરી શકાય નહી, એ તો અસાધ્ય છે. તે ઉપરાંત આપણા મિત્રો તેમજ મીડિયા દ્વારા પણ આપણને સતત આવી વાતો જ 'હકીકત' છે એમ કહીને કહેવામાં આવતી રહે છે. છેવટે આ બધી જ બાબતો એક એવા સંમોહનનું કામ કરે છે જ્યાં આપણી અંદર રહેલો એક સમયનો શ્રેષ્ઠતાનો પ્રજ્વલિત દીવો આપણી જાણ વિના જ મંદ પડતો જાય છે અને એક સમયે આશાવાદથી ભરપૂર રહેલો અવાજ ધીમો પડતો જાય છે. આપણે આપણી ક્ષમતાઓને ઓછી કરી નાખીએ છીએ તથા એ ક્ષમતાઓની આસપાસ એવા અંતરાય ઊભા કરી દઈને તેને એવી જેલમાં પૂરી દઈએ છીએ કે તેના મહત્તમ ઉપયોગની સંભાવનાઓ સાવ કુંઠિત થઈ જાય. આપણે આગેવાન તરીકે, સર્જનાત્મક નિર્માતા તરીકે તથા સંભાવનાઓના સ્રોત તરીકે વર્તવાનું બંધ કરી દઈએ છીએ. આપણે સંજોગોના શિકાર બનેલા હોઈએ એવું વર્તન કરવા લાગીએ છીએ.

ઉદ્યોગકારે કહ્યું, અસંખ્ય સારા લોકો સાથે આવું થાય છે એ નિરાશાજનક બાબત છે. આપણામાંથી મોટાભાગના આપણી શ્રેષ્ઠ કામગીરી કરી નથી શકતા એ માટે આ બ્રેઇનવૉશિંગ જવાબદાર છે તેનો ખ્યાલ પણ નથી આવતો.

ધનિકે કહ્યું, સાચી વાત છે. હું તો એથી આગળ ભારપૂર્વક કહેવા માગું છું કે, જે સંભાવના વ્યક્ત કર્યા વિનાની રહી જાય છે તે પીડાદાયક હોય છે.

તમે શું કહેવા માગો છો? તેમ પૂછીને કલાકારે પોતાનું ધ્યાન વાતચીત ઉપરથી હટાવીને બીજે ક્યાંક દૂર સ્થિર કર્યું અને મનોમન વિચારવા લાગ્યા, કદાચ શક્ય છે વર્ષોથી હું મારી અંદર રહેલી સંભાવનાનો મહત્તમ ઉપયોગ કરવાનું ટાળીને મહાન કલાકારો જે સર્જન કરે છે તેવું અસાધારણ સર્જન કરી શકતો નહી હોઉં.

ખેર, સાચી વાત તો આપણો અંતરાત્મા જાણતો હોય છે કે, આપણી માનવીય ક્ષમતાઓ ભરપૂર હોય છે અને આપણી સર્જનાત્મક કુશળતા દ્વારા એ અસાધારણ

શક્તિનો ઉપયોગ કરી શકીએ તેમ હોય છે. આજની તારીખે હયાત પ્રત્યેક વ્યક્તિ પાસે તેના હૃદયમાં તેમજ અંતરઆત્મામાં આ ક્ષમતા પડેલી હોય છે. તદ્દન ખોટી રીતે આપણી આસપાસ ઊભા થઈ ગયેલા અથવા આપણે ઊભા કરી દીધેલા બિનતંદુરસ્ત માનસિક ઘોંઘાટને આપણે જેટલો ઓછો કરી શકીશું એટલા પ્રમાણમાં આપણને આપણી જ અંદર રહેલા એક ઉમદા વ્યક્તિત્વની સંભાવનાનાં લક્ષણો દેખાવા લાગશે. આપણે કોઈ મોટી સંસ્થામાં સુપરવાઇઝર હોઈએ, કે પછી નાની કમ્પ્યૂટર કંપનીમાં પ્રોગ્રામર હોઈએ કે પછી શાળામાં શિક્ષક અથવા રેસ્ટોરાંમાં શૅફ હોઈએ – દરેક માટે આ બાબત સાચી છે. તમારી કામગીરીને કળાના શ્રેષ્ઠ નમૂનાના સ્તરે લઈ જવાની અને એ દ્વારા માનવજીવનને વધુ સારું બનાવવાની તમારામાં ક્ષમતા પડેલી જ છે અને છતાં આપણે આવી ઉદાસીનતામાં જીવીએ છીએ તેનું કારણ આપણે ખરેખર શું છીએ તથા ખરેખર શું કરી શકીએ છીએ તે વિશેની ભૂલભરેલી માન્યતા છે. આ સમગ્ર સ્થિતિનું પરિણામ એ આવે છે કે આપણે આપણી સાચી ક્ષમતાને દગો કરવાનું શરૂ કરીએ છીએ તે સાથે આપણો એક હિસ્સો મૃત્યુ પામવા લાગે છે.

નાટ્યાત્મક વાસ્તવિકતા છે, એમ આખી વાતનો સ્વીકાર કરીને કલાકારે કહ્યું, મારે ખરેખર મોટાપાયે ફેરફારો કરવાની જરૂર છે. થાકના અનુભવથી હું થાકી ગયો છું અને તેથી મારી સર્જનાત્મક ક્ષમતાઓની ઉપેક્ષા કરી રહ્યો છું. મને હવે સમજાવા લાગ્યું છે કે હું કંઈક ખાસ છું.

ઉદ્યોગકારે પ્રેમથી બે વખત ભારપૂર્વક કહ્યું, તમે ખાસ છો જ, તમે ખાસ છો જ.

મને એ પણ ખ્યાલ આવી રહ્યો છે કે મારી કળા વિશે બીજા શું કહે છે તેના ઉપર હું વધારે ધ્યાન આપી રહ્યો છું. મારાં ચિત્રો જોઈને મારા કેટલાક મિત્રો મજાક કરે છે. તેઓ મારી ગેરહાજરીમાં એવી પણ વાતો કરતા હોય છે કે મારું મગજ છટકી ગયું છે. મને ખ્યાલ આવી રહ્યો છે કે તેઓ મને સમજતા નથી અને મારી કળા પ્રત્યેનું મારું વિઝન તેમને સમજાતું નથી.

ધનિકે ધીમેથી કહ્યું, તમે જાણો જ છો કે ઘણા મહાન કળાકારોની કળાની કદર તેમના મૃત્યુના ઘણા દાયકા પછી થઈ હતી.

અને તમારા મિત્રો અંગેની તમારી વાત ઉપરથી મને એવું લાગે છે કે તમારું મિત્રવર્તુળ યોગ્ય નથી. કદાચ આ જ સમય છે કે તમારે બીજાના અભિપ્રાય ઉપર આધાર રાખીને તમારી કળા તથા તમારી જાતને મર્યાદિત કરવાને બદલે મિત્રવર્તુળ વિશે વિચારવું જોઈએ. આ બાબત મારા કરતાં કુર્ત કોબેને વધારે સારી રીતે કહી છે: લોકો સાથે મૈત્રી કરવામાં, માત્ર મૈત્રી ખાતર મૈત્રી કરીને હું કંઈક વિશિષ્ટ છું એવી ભ્રમણામાં રાચવાથી હું થાકી ગયો હતો.

કલાકારે માત્ર એટલો જ પ્રતિભાવ આપ્યો, હમમમ.

ધનિકે પોતાની વાત ચાલુ રાખી:હું જે કંઈ વાતચીત કરી રહ્યો છું તે સચોટ છે. આપણે આપણા જ સાથીદાર બનવું જોઈએ. નકારાત્મક લોકોની સાથે રહીને તમે ક્યારેય તમારા ક્ષેત્રમાં હકારાત્મક પ્રભાવ પાડી શકતા નથી તેમજ તમારા જીવનને વધુ સારું બનાવી શકતા નથી. હું આ જે પીડાની વાત કરું છું તેના ઉપર ધ્યાન આપવામાં ન આવે અને તેમાંથી મુક્તિ મેળવવામાં ન આવે તો આપણામાં ઊંડે ઊંડે ભય અને જાત પ્રત્યે ધિક્કારનું વાતાવરણ સર્જી દે છે. દબાયેલી પીડાના આ કૂવામાંથી બહાર નીકળવા માટે આપણામાંના મોટાભાગનાની પાસે જાગૃતિ કે સજ્જતા હોતાં નથી. આપણે આપણી જાત પ્રત્યે અજાણપણે કરેલી આ ઉપેક્ષાને કારણે રચાયેલા વેદનાના જાળા બાબતે જ અજાણ હોઈએ છીએ અને તેથી કોઈ આપણને એ વિશે કશું કહે તોપણ એ સ્વીકારવા તૈયાર હોતા નથી. એ બાબત વ્યક્ત કરવાની આપણને તક મળે તોપણ એ છોડીને નાસી જતા હોઈએ છીએ અને આ સ્થિતિમાં જે પીડાનો અનુભવ કરતા હોઈએ તેમાંથી છટકવા માટે આપણે આપણી જાતને જ દોષિત ઠેરવતાં શ્રેણીબદ્ધ બહાનાં શોધી લઈએ છીએ.

એટલે કેવાં? તેમ ઉદ્યોગકારે પ્રશ્ન કર્યો.

જવાબમાં ધનિકે કહ્યું, નશો અથવા કુટેવ. જેમ કે વારંવાર મેસેજ ચેક કરવા અથવા કેટલી લાઇક્સ મળી તે જોયા કરવું. અથવા તો રોજિંદા જીવનમાં મોટાભાગના કલાકો ટીવી જોયા કરવું. આજકાલ તો ટીવી કાર્યક્રમો પણ એવા આવે છે કે સરળતાથી તેનું વળગણ થઈ જાય. કોઈ એક ચૅનલ ઉપર એક કાર્યક્રમ પૂરો થાય પછી તરત જ નવો કાર્યક્રમ શરૂ થઈ જતો હોય છે. આપણામાંના મોટાભાગના વાતો કરવામાં અને ગપ્પાં મારવામાં પુષ્કળ સમય પસાર કરતા હોય છે અને એ દરમિયાન વ્યસ્તતા અને સર્જનાત્મકતા વચ્ચેના તફાવતની સમજ જ નથી હોતી.

સર્વોચ્ચ કલાકારો તેમજ દુનિયાને ઘડનાર સાચા લોકો એટલા સરળતાથી ગમે તેની સમક્ષ ઉપલબ્ધ હોતા નથી. તેમની પાસે પહોંચવું મુશ્કેલ હોય છે, તેઓ ભાગ્યે જ સમય બગાડતા હોય છે અને કૃત્રિમ કામગીરીને બદલે વાસ્તવિક કામગીરી ઉપર તેમનું ધ્યાન કેન્દ્રિત હોય છે – આથી તેઓ એવા અદ્‌ભુત પરિણામ આપી શકતા હોય છે જે આપણી દુનિયાની પ્રગતિ માટે લાભદાયક હોય. દબાવી રાખેલી પીડામાંથી અન્ય છટકબારીઓમાં – કલાકો સુધી ઑનલાઇન સર્ફિંગ કરવું, ઇલેક્ટ્રૉનિક શૉપિંગ, વધારે પડતી કામગીરી, વધારે પડતાં પીણાં પીવાં, વધારે પડતું ખાધા કરવું, વધારે પડતી ફરિયાદો કર્યા કરવી તથા વધારે પડતું સૂઈ રહેવા જેવી બાબતો ગણી શકાય.

ધનિકે તેમની બૉટલમાંથી પાણી પીધું. એ દરમિયાન વધુ એક ફિશિંગ બોટ ત્યાંથી પસાર થઈ. તેમાં સવાર મહિલાએ મિ. રિલે સામે હાથ હલાવી અભિવાદન કર્યું,

જવાબમાં ઉદ્યોગપતિએ પણ કમરેથી ઝૂકીને અભિવાદન કર્યું.

સ્પેલબાઇન્ડર આ સમગ્ર અવધારણાને લર્નેડ વિક્ટિમહૂડ તરીકે ઓળખાવે છે, તેમ કહી ધનિકે જણાવ્યું, આપણે યુવાન વયથી આગળ વધીએ પછી એક પ્રકારે સમાધાનનું વલણ શરૂ થાય છે. આપણે મહેનત કર્યા વિના પ્રગતિ કરી શકીએ, જે કંઈ પરિચિત હોય તેમાં સંતોષ માની લેતા હોઈએ છીએ અને આપણી શક્યતાઓ અને ક્ષમતાઓ વિકસાવવાની ઇચ્છાનો ત્યાગ કરી દઈએ છીએ. આપણે સ્થિતિ-સંજોગોના શિકાર બની ગયા હોવાની માન્યતા ધારણ કરી લઈએ છીએ. આપણે બહાનાં કાઢીએ છીએ અને પછી તેને એટલી બધી વાર મનોમન દોહરાવીએ છીએ કે છેવટે આપણું મન તેને જ સાચું માનવા લાગે. આપણા સંઘર્ષ માટે આપણે બીજા લોકો તેમજ સંજોગોને જવાબદાર ઠેરવીએ છીએ તથા અંગત અનિચ્છનીય સ્થિતિ માટે ભૂતકાળને દોષિત ઠેરવીએ છીએ. આપણે બાલિશ વર્તન પણ કરતા હોઈએ છીએ, અને દયાજનક બની જતા હોઈએ છીએ. આ બધું સતત ચાલવાથી આપણે એક પ્રકારે મધ્યમાર્ગી બનીને બધું ચલાવી લેવા તૈયાર થઈ જઈએ છીએ અને આ માનસિકતા રોજેરોજ આપણી અંદર ઘડાતી રહે છે જેને કારણે દૃષ્ટિકોણ વાસ્તવિક લાગવા માંડે છે. આપણે હકીકતે માનવા લાગીએ છીએ કે આપણે જે વિચારીએ છીએ એ જ સાચું છે, કેમ કે આપણે જ તેની નજીક હોઈએ છીએ. આથી જે તે ક્ષેત્રમાં નેતૃત્વ દર્શાવવાને બદલે, આપણી કળાનો સર્વોત્કૃષ્ટ નમૂનો તૈયાર કરવાને બદલે આપણે એક સાવ સામાન્ય સરેરાશ બનીને રહી જઈએ છીએ. જોયું! આ બધું કેવી રીતે થાય છે?

હા, છેવટે હવે બધું સ્પષ્ટ થઈ રહ્યું છે, તેમ કહી સંમત થતાં ઉદ્યોગકારે પૂછ્યું, તો મુદ્દાની વાત એ છે કે આપણા અંગત જીવનને નવેસરથી ઢાળવું જોઈએ, ખરું ને?

ધનિકે કહ્યું, એકદમ સાચું. જ્યારે પણ તમે નિરાશા ખંખેરીને તમારી જાત બાબતે સભાન થાવ તેમજ હિંમતભર્યો નિર્ણય લો ત્યારે-ત્યારે જીવનમાં નવું ઉમેરણ કરો છો. તમે તમારી ઓળખને, તમારા સન્માનને તેમજ તમારા આત્મવિશ્વાસને ઊંચે લઈ જાવ છો. જ્યારે પણ તમે તમારી શ્રેષ્ઠ બાબતને ધ્યાનમાં લો છો ત્યારે તમારી નબળાઈ સંકોચાતી જાય છે. શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે આવું તમે સતત કરો તમારા કૅપિટલાઇઝેશન આઇક્યુમાં વધારો થાય છે.

ધ ફોકિસસ ઑફ ધ હિસ્ટ્રી મેકર્સ પાઠ વિશે વાતચીત ચાલુ રાખવા ધનિક તેમના બંને વિદ્યાર્થીને પોતાના ઘરની છત ઉપર લઈ ગયા.

ઇતિહાસ રચનારનું ફોકસ #૨: ખલેલમાંથી મુક્તિ

ધનિકે મૉડલમાં દર્શાવવામાં આવેલા આ મુદ્દા તરફ ધ્યાન દોર્યું.

સફળ લોકોના બ્રેઇનનું ચિત્ર યાદ છે ને? ત્યાં લખ્યું હતું, ખલેલ પાડે તેવાં સાધનોની લત એ તમારી સર્જનાત્મક ક્ષમતાનું મૃત્યુ છે. આજની સવારની સૅશનનો એ જ મુદ્દો છે અને મેં ખલેલ પાડતી બાબતો તેમજ સાયબર ન્યુસન્સની સામેનું યુદ્ધ જીતવા માટે ઊંડે સુધી જવાનો નિર્ણય કર્યો છે કેમ કે આપણી સંસ્કૃતિનો આ ગંભીર મુદ્દો બની ગયો છે. આ નવી ટૅક્નોલૉજી તેમજ સોશિયલ મીડિયા અમુક રીતે આપણામાં રહેલી ભવ્ય સર્જનાત્મક સંભાવનાને નષ્ટ કરે છે, એટલું જ નહી પરંતુ આપણામાં રહેલી માનવતાને પણ ધીમે ધીમે નષ્ટ કરે છે. આપણે હવે સાવ ઓછા પ્રમાણમાં વાતચીત કરીએ છીએ, સાવ ઓછા પ્રમાણમાં સંપર્કો જાળવીએ છીએ તેમજ સાવ ઓછા પ્રમાણમાં અર્થપૂર્ણ ઇન્ટરૅક્શન કરીએ છીએ.

ઉદ્યોગકારે આ બાબતનો સ્વીકાર કરતાં કહ્યું, હમમ, સાચું. આ બીચ ઉપર જેમ જેમ સમય પસાર થઈ રહ્યો છે તેમ તેમ મને આ બાબતનો વધુ ને વધુ ખ્યાલ આવી રહ્યો છે.

ધનિકે તેમની વાત ચાલુ રાખી. તદ્દન નિરર્થક કામગીરી દ્વારા મૂલ્યવાન સમય વેડફવો એ મોટાભાગના લોકોની આદત બની ગઈ છે. બૌદ્ધિક રીતે આપણે જાણીએ છીએ કે આપણે સાવ નકામી પ્રવૃત્તિઓમાં સમય બગાડવો ન જોઈએ, પરંતુ માનસિક રીતે એ લાલસાને રોકી શકતા નથી. એ માટેના ગાળિયામાંથી આપણે બચી શકતા નથી. આ જ સ્થિતિને કારણે સંસ્થાઓ ઉત્પાદકતાના કલાકો તેમજ તેની નબળી ગુણવત્તાને કારણે અબજો ડૉલર ગુમાવે છે અને મેં અગાઉ કહ્યું તેમ, વર્તમાન સંજોગોમાં લોકો તેમની કામગીરીમાં વધારે ભૂલ કરવા લાગ્યા છે કેમ કે તેઓ જે કરી રહ્યા છે તેમાં તેમનું ધ્યાન હોતું જ નથી. ટૅક્નોલૉજીના મૂર્ખતાપૂર્ણ ઉપયોગને કારણે લોકોનું ધ્યાન ખોરવાઈ ગયું છે, પરિણામે તેમની શ્રેષ્ઠ રચનાત્મક ક્ષમતા દ્વારા જીવનને ઉચ્ચતમ સ્તરે લઈ જવાની તક ગુમાવી રહ્યા છે.

જુઓ સાથીઓ, મને આધુનિક દુનિયા ગમે છે, ખરેખર ગમે છે. હાલ જે કોઈ ટૅક્નોલૉજી ઉપલબ્ધ છે તેના વિના જીવન મુશ્કેલ હોત. મને બિઝનેસમાં જે સફળતા મળી છે તે ન મળી હોત, હું જેટલો સક્ષમ છું તેટલો ન હોત, અને કદાચ અહીં તમારી સાથે પણ ન હોત.

કલાકારે આશ્ચર્ય સાથે પૂછ્યું, કેમ?

મિ. રિલે પ્રસન્ન થયા હોય એવું લાગ્યું. ચમત્કારિક વ્યક્તિત્વ કેવી રીતે વિકસાવી શકાય એ મેં શોધી કાઢ્યું તેથી મને આનંદ છે, અને મારે આ બંનેને પણ એ શીખવવું જોઈએ, તેમ લગભગ પોતાની જાત સાથે વાત કરતા હોય તેમ ધીમેથી બોલ્યા પછી પોતાના બંને વિદ્યાર્થીઓ સાથે વાત આગળ વધારી.

હું બીમાર હતો ત્યારે આરોગ્ય ક્ષેત્રની તમામ ટેક્નોલૉજીએ મારું જીવન બચાવ્યું. ટેક્નોલૉજીનો સાચો ઉપયોગ કરવો એ શ્રેષ્ઠ બાબત છે. મને તો ચિંતા એ છે કે લોકો તેનો સાચો ઉપયોગ નથી કરતા. અસાધારણ ક્ષમતા ધરાવતા અનેક લોકો ધ્યાનભંગ થવાની આ સ્થિતિનો સામનો કરી રહ્યા છે, કેમ કે તેઓ તેમના વ્યવસાયી તેમજ અંગત જીવનમાં આ બધાં ગેજેટના પ્રભાવમાં આવી ગયા છે. જો તમે જીતવા માગતા હોવ તો ઇતિહાસમાં થઈ ગયેલા તમામ ઉત્તમ લોકોનું અનુસરણ કરો અને તમારા જીવનમાંથી જટિલતાનાં તમામ આવરણ દૂર કરી દો. સરળ બનો, દરેક બાબતને સૂત્રબદ્ધ કરો. શુદ્ધતાના આગ્રહી બનો. જરૂરિયાતો જેટલી ઓછી હોય એ ઉત્તમ ગણાય. માત્ર જૂજ કામો ઉપર ધ્યાન કેન્દ્રિત કરો જેથી ધ્યાન કેન્દ્રિત કરી શકો. સામાજિક રીતે પણ, સાવ જૂજ મિત્રો રાખો પરંતુ તેમની સાથેના સંબંધો સમૃદ્ધ બનાવો. સાવ જૂજ નિમંત્રણનો સ્વીકાર કરો, આનંદપ્રમોદની જૂજ પ્રવૃત્તિઓમાં સામેલ થાવ અને પછી વધુ પડતાં પુસ્તકોને બદલે ઓછી સંખ્યામાં પણ સૌથી અગત્યનાં પુસ્તકો વાંચો. જે સૌથી અગત્યની બાબત હોય તેના ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત રાખવાથી વિજય હાંસલ કરી શકાય છે. દરેક બાબત શક્ય તેટલી સરળ બનાવો.

ધનિક ઉદ્યોગપતિએ ઉમેર્યું, તમારા સમયનું સંચાલન કરવાનું બંધ કરીને ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કરો અને આપણે જે સમાજમાં રહીએ છીએ તેનો મુખ્યત્વે આ જ સિદ્ધાંત છે.

કલાકારે ધનિકને કહ્યું, અત્યાર સુધી તમે જે કંઈ શીખવ્યું એ બદલ આભાર. કેમ કે, હવે મને ખ્યાલ આવે છે વ્યસ્ત હોવું તેનો અર્થ એ નથી કે સર્જનાત્મક હોવું. મને એ પણ ખ્યાલ આવી રહ્યો છે કે, જ્યારે હું કોઈ નવું ચિત્ર દોરી રહ્યો હોઉં અને મારી કળાના સર્વોચ્ચ મુકામ ઉપર હોઉં ત્યારે જ મારી અંદર રહેલું કોઈ નબળું પાસું બહાર આવી જાય છે અને તેને કારણે મને ખલેલ પડે છે. પરિણામે કળાનો ઉત્તમ નમૂનો સર્જવાનું છોડી દઉં છું અને મારી કામગીરીનું રૂટિન ખોરવાઈ જાય છે. હું ઑનલાઇન સર્ફિંગ કરવા લાગું છું અથવા મિત્રો સાથે ચૅટિંગ કરવાનું શરૂ કરી દઉં છું. ક્યારેક તેમની સાથે આખી રાત ઑનલાઇન વીડિયો ગેમ રમવા લાગું છું. સૂવા-ઊઠવાના કોઈ સમયનું ભાન રહેતું નથી અને ક્યારેક તો સાવ સસ્તો રેડ વાઇન પીધા કરું છું.

ધનિકે સંમત થતાં કહ્યું, તમે જેમ જેમ શ્રેષ્ઠતાની નજીક પહોંચો તેમ તેમ તમારા જાતજાતના ભય તમારા ઉપર હાવી થતા જાય છે. તમને સમૂહથી અલગ થઈ જવાનો ભય સતાવવા લાગે છે. તમારા સ્પર્ધકો તમારી ઈર્ષા કરશે એવા કાલ્પનિક ડરથી તમે તમારી શ્રેષ્ઠ કામગીરી કરતા અટકી જાવ છો. તમે શ્રેષ્ઠતા તરફ જેટલા આગળ વધશો તેમ તમને નિષ્ફળતાનો ડર સતાવશે, તમારામાં કશુંક ખૂટે છે એવી નિરર્થક ચિંતા ઊભી થશે અને નવા સ્થાને પહોંચ્યા પછી ત્યાં કેવાં જોખમ હશે તેની કલ્પના તમારા ઉપર હાવી થઈ જાય છે. આથી તમારા મગજનો એક હિસ્સો ડરની કલ્પનાઓને વધુ

પ્રજ્વલિત કરશે. એ સાથે તમે સર્જનાત્મક કામગીરીમાં ઊંચે સુધી પહોંચ્યા છો ત્યાંથી પાછા પડવાનું શરૂ થશે. આપણા દરેકની અંદર એક પ્રચ્છન્ન દુશ્મન હોય છે જે આપણને ગુલામીમાં જકડી રાખવા માગતો હોય છે, શું એ જાણો છો? પણ તેની સારી બાબત એ છે કે એક વખત મને આ અંગે ખ્યાલ આવી જાય...


કલાકારે પણ કહ્યું, હું રોજેરોજ વધારે સારી પસંદગી કરી શકું છું જેથી દરરોજ વધુ સારાં પરિણામ મેળવી શકું.

તદ્દન સાચું. એક વખત તમને જાણ થાય કે તમે તમારી કળાના સર્વોચ્ચ સ્થાનની નજીક છો એ સમયે જ તમારી અંદર રહેલો ડર માથું ઊંચકે છે અને તમે જે શ્રેષ્ઠ રચના કરવા પ્રયાસ કરતા હોવ તેને ખોરવી નાખવા પ્રયાસ કરે છે. તમે તેમાંથી બહાર નીકળી શકો. તમારી શ્રેષ્ઠતાને નષ્ટ કરવાના પ્રયાસ થતા હોય તેની સામે જાગ્રત થાવ ત્યારે તમે સરળતાથી તેને હરાવી શકો છો.

ઉદ્યોગકારે કહ્યું, આ ખરેખર ખૂબ જરૂરી જાણકારી છે. હવે એ સ્પષ્ટ થાય છે કે મારી કંપનીમાં મારી ઉત્પાદકતા, કામગીરી તેમજ પ્રભાવને મર્યાદિત કરી રહી છું. હું મહત્ત્વના લક્ષ્યાંક નિર્ધારિત કરું છું. હું તેમાં ટીમને સામેલ કરું છું. મુખ્ય કામગીરીનો ક્રમાંક નિર્ધારિત કરીએ છીએ અને પછી હું કામથી ભટકી પડું છું. મારું ધ્યાન બીજી તક તરફ દોરવાઈ જાય છે અને પરિણામે મારા બિઝનેસમાં જટિલતા આવે છે. રોજેરોજ હું એવા લોકો સાથે મિટિંગોમાં સમય બગાડું છું જેમને તેમની પોતાની વાત કહેવામાં જ માત્ર રસ હોય છે. મને નોટિફિકેશન્સ ચેક કર્યા કરવાની તેમજ બ્રેકિંગ ન્યૂઝ જોયા કરવાની ટેવ પડી ગઈ છે. આજે સવારે એ વાત સંપૂર્ણ સ્પષ્ટ થઈ ગઈ કે હું મારી અસરકારકતાને કેવી રીતે નષ્ટ કરી રહી છું. એ સાચું જ છે કે તમે જે ડિજિટલ વળગણની વાત કરો છો તેમાં હું સપડાયેલી છું. પ્રામાણિકતાથી કહું તો હું મારા કેટલાક ભૂતપૂર્વ અંગત મિત્રોને ભૂલી શકતી નથી અને તેઓ જીવનમાં શું કરી રહ્યા છે તેના ઉપર નજર રાખવાનું સોશિયલ મીડિયા દ્વારા સરળ બને છે. હવે મને સમજાય છે કે વધારે સમય ઑનલાઇન રહેવાને બદલે હું ઘણા કલાક સુધી રચનાત્મક કામગીરી કરી શકું તેમ છું. મિ. રિલે, તમે કહ્યું તેમ પરિસ્થિતિથી છટકવાનું જ આ એક સ્વરૂપ છે. હું મારા ડિવાઇસ મારફત શૉપિંગ કરતાં મારી જાતને રોકી શકતી નથી. આ બધી બાબતો મને થોડી મિનિટ માટે આનંદ આપે છે. હવે મને સમજાય છે કે સ્ટીવ જૉબ્સ પોતે જે ફોન દુનિયાને વેચતા હતા તે પોતાના બાળકોને શા માટે આપતા નહોતા. તેમને આ સાધનનો યોગ્ય ઉપયોગ કરવામાં ન આવે તો તેનું કેવી રીતે વળગણ થઈ જાય તે વિશે ખ્યાલ હતો. આ સાધનોની ટેવથી આપણે ઓછા માનવતાવાદી અને ઓછા જીવંત થઈ રહ્યા છીએ.

ધનિકે હાથ ઊંચો કર્યો અને ક્ષણભરમાં જ તેમનો એક સહાયક એક રહસ્યમય ચિત્ર ધરાવતી ટ્રે લઈને આવ્યો. ચિત્રમાં બરાબર વચ્ચે માનવ મગજનું એક મૉડલ પણ હતું.

એ બરાબર આવું દેખાતું હતું –



આપણે આપણી જાતને કેવી રીતે દગો કરીએ છીએ તેની પાછળનું મનોવિજ્ઞાન જાણીએ, જેથી તમે તેને સારી રીતે સમજીને પછી તેના ઉપર વિજય મેળવી શકો. યાદ રાખો કે સ્પેલબાઇન્ડર જેને પ્રાચીન મગજ તરીકે ઓળખાવે છે – તે આપણા દરેકમાં હોય છે. મગજના આ ભાગની મૂળભૂત કામગીરીએ જ ભૂખમરો, હવામાનના તીવ્ર ફેરફારો, આદિજાતિઓ વચ્ચેના યુદ્ધ તેમજ જંગલી પશુઓનાં જોખમો સામે આપણને હજારો વર્ષથી બચાવ્યા છે. તેની સંરચના એક મુખ્ય કામગીરી કરે છેઃસ્થાયીત્વ જાળવી રાખવા સાથે આપણને જોખમો સામે ચેતવે છે જેથી આપણે ટકી શકીએ અને આપણા વંશને આગળ વધારી શકીએ.

મારી વાત સમજાય છે ને? ધનિકે વિનમ્રતાથી પૂછ્યું.

કલાકાર અને ઉદ્યોગકાર બંને એકસાથે બોલ્યાં, હા, સમજાય છે અને એ સમયે હાઉસકીપરે આવીને સૌને ફ્રેશ લેમન ટી આપી.

ખૂબ સરસ. આપણા પ્રાચીન મગજની સંરચનાની એક આશ્ચર્યજનક બાબત તેનો નકારાત્મક પૂર્વગ્રહ છે. આપણને સલામત રાખવા તે આપણી આસપાસ જે કંઈ હકારાત્મક છે તેમાં ઓછો રસ દાખવે છે અને તેની મુખ્ય કામગીરી કઈ બાબતો ખરાબ અથવા અયોગ્ય છે તેના વિશે આપણને જાણ કરવાની છે.

ધનિકે પોતાની વાત ચાલુ રાખી. આ મગજનું મૂળભૂત કર્તવ્ય જોખમ શોધવાનું છે. આથી ભૂતકાળમાં જ્યારે જીવન વધારે જોખમોથી ભરેલું હતું ત્યારે આપણે ઝડપી પગલાં લઈ શક્યા હતા અને જીવંત રહી શક્યા. એ વ્યવસ્થાએ આપણા પૂર્વજોની સારી

સેવા કરી હતી. પરંતુ આજની દુનિયામાં આપણામાંથી મોટાભાગનાએ રોજેરોજ મૃત્યુના જોખમનો સામનો કરવો પડતો નથી. હકીકત તો એ છે કે થોડી સદી પહેલાં રાજા-રજવાડાંના પરિવારો જે જીવન જીવતા હતા તેના કરતાં ઘણું વધારે ગુણવત્તાસભર જીવન આજના સામાન્ય માણસો જીવે છે. આ આશીર્વાદ અંગે વિચાર કરો.

અને છતાં, આપણા પ્રાચીન મગજમાં આ સાહજિક નકારાત્મક પૂર્વગ્રહ હોવાને કારણે આપણે આપણી સલામતીમાં કોઈ જોખમ છે કે કેમ તે વિશે સતત ધ્યાન રાખતા રહીએ છીએ. આપણે અસાધારણ તકેદારીની સ્થિતિમાં છીએ, અને બધું સરસ રીતે ચાલી રહ્યું છે છતાં ઉશ્કેરાટ અને તંગદિલી અનુભવીએ છીએ. આશ્ચર્યજનક છે, ખરું ને?

ઉદ્યોગકારે કહ્યું, આપણી વિચારપ્રક્રિયા આવી શા માટે છે તેના વિશે ઘણી સ્પષ્ટતા થઈ. મને હવે ખ્યાલ આવે છે કે, હું ઓળખું છું એવા કોઈ પણ લોકો કરતાં મેં વધારે કામગીરી કરી હોવા છતાં મને હંમેશાં એવું લાગ્યા કર્યું છે કે મેં પૂરતી સિદ્ધિ હાંસલ નથી કરી. મારો બિઝનેસ સફળ છે, ખૂબ માત્રામાં મિલકત છે અને મારા રોકાણકારો લાલચુ થયા તે પહેલાં મારું જીવન પણ ખૂબ સરસ હતું. બધું જ હોવા છતાં મારું મગજ હંમેશાં મારા જીવનમાં કઈ બાબત ખૂટે છે, મારી પાસે કઈ બાબત પૂરતી નથી અને અપેક્ષા કરતાં ઊણી કેમ ઊતરું છું – તેના ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ બધું મને અસ્વસ્થ કરે છે. મેં ભાગ્યે જ શાંતિનો અનુભવ કર્યો છે.

ધનિકે કહ્યું, થિયોડૉર રુઝવેલ્ટે એક વાત કહી છે તે મને લાગે છે આપણા સૌ માટે અગત્યની છે.

ઉદ્યોગકારે ઉત્સાહથી પૂછ્યું, શું કહ્યું છે તેમણે?

સરખામણી એ આનંદ હણી લે છે. તમારા કરતાં બીજા પાસે વધુ મિલકત, પ્રસિદ્ધિ અને નસીબ હોવાનું. મારા અગાઉના મુદ્દા વિશે વિચારો જેમાં બધી બાબતથી અલગ થઈ જઈને ક્યારે ક્યાં અટકવું તે વિશે જ્ઞાન મેળવવાની વાત કરવામાં આવી હતી.

ઉદ્યોગકારે કહ્યું, હા, મને એ યાદ છે.

આવી લાગણી અભાવમાંથી પેદા થતી હોય છે અને તેમાંથી ઘણીબધી બાબતો તમારા પ્રાચીન મગજની કામગીરીમાંથી બહાર આવે છે. એ તમારી આસપાસની પરિસ્થિતિની સમીક્ષા કરીને નકારાત્મક પૂર્વગ્રહને સજીવન કરે છે જેને પગલે તમે જે કોઈ સારી બાબતોનો આનંદ માણી રહ્યા હોવ તેને અટકાવી દે છે. આ વાત વધુ ઊંડાણમાં સમજીએ. સમય આગળ વધતો ગયો તેમ તેમ આપણા મગજનો વિસ્તાર થયો. તેમાં બીજાં બાહ્ય આવરણ વિકસ્યાં. મગજનો આ ભાગ ઉચ્ચ વિચારસરણી માટે

જવાબદાર છે. ન્યુરોલૉજીના નિષ્ણાતો તેને આધુનિક તાર્કિકતાની શ્રેષ્ઠ સ્થિતિ ગણાવે છે. સ્પેલબાઇન્ડર તેને ધ માસ્ટરી બ્રેઇન કહે છે. પરંતુ અહીં એક મુદ્દો એ છે કે, જેવા આપણે મોટાં સ્વપ્ન જોવાનું શરૂ કરીએ, ઝડપથી શીખવાનું શરૂ કરીએ તથા સર્જનાત્મકતા, ઉત્પાદકતા તેમજ કામગીરીનું સ્તર ઊંચે લઈ જઈએ તે સાથે જ પ્રાચીન મગજ અને માસ્ટરી બ્રેઇન વચ્ચે સંઘર્ષ શરૂ થાય છે. તેમની વચ્ચે લડાઈ થાય છે. પ્રાથમિક સ્તરના મગજને આપણી પ્રગતિનો ખ્યાલ આવે છે, તેને ખ્યાલ આવે છે કે આપણે આપણો સલામત કિનારો છોડીને આગળ વધી રહ્યા છીએ તેથી તે સક્રિય થઈ જાય છે કેમ કે આપણે પરંપરાગત માર્ગથી દૂર જતા હોઈએ છીએ. આપણો એ પ્રયાસ આપણી વ્યક્તિગત પ્રગતિ માટે આવશ્યક હોવા છતાં પ્રાચીન મગજ તેમાં જોખમ જુએ છે. આપણે એ અજાણ્યા ક્ષેત્રોમાં સાહસ ખેડવું જ જોઈએ જે આપણને શ્રેષ્ઠતાએ પહોંચાડી શકે, જેના માટે આપણે સર્જાયા છીએ. આ જ્ઞાન એક એવા વિશાળ ખજાનાનો ભાગ છે જે જીવનને જીવવાલાયક બનાવે છે. પ્રતિષ્ઠિત મનોવિજ્ઞાની અબ્રાહમ મેસ્લોએ એક વખત કહ્યું હતું, તમે જે કામગીરી કરવા સક્ષમ છો તેના કરતાં ઓછું કામ કરવા માટેનું આયોજન કરશો તો સંભવત જીવનમાં રોજેરોજ તમે દુખી થશો. પરંતુ આપણે જેનાથી પરિચિત હોઈએ તે છોડીને કંઈક નવું કરવાનો પ્રયાસ કરીએ તે સાથે જ આંતરવિરોધ સપાટી ઉપર આવવા લાગે છે. પરંતુ વેગસ નળી ઉત્તેજિત થાય છે, ડરના કોર્ટિસોલ હોર્મોન મુક્ત થાય છે અને તે સાથે આપણે આપણા એ જ ઇરાદા અને કામગીરીને નષ્ટ કરવા લાગીએ છીએ જેના માટે આપણને આપણા માસ્ટરી બ્રેઇન દ્વારા આદેશ આપવામાં આવ્યો હોય છે.

કલાકારે કહ્યું, આને આધારે સ્પષ્ટ થાય છે કે શા માટે સાવ જૂજ લોકો અત્યંત સર્જનાત્મક અને શ્રેષ્ઠ રચનાત્મક હોય છે. આપણે આપણી સાનુકૂળ સ્થિતિ છોડીએ તે સાથે પ્રાચીન મગજ સક્રિય થઈ જાય છે. આપણે આપણી કુશળતા આગળ વધારીએ અને આપણા પ્રભાવને ઉચ્ચ સ્થાને લઈ જઈએ ત્યારે એવા પરિવર્તનથી આ મગજ ડરી જાય છે.

મિ. રિલેએ કહ્યું, બરાબર છે. ત્યારપછી આપણું કોર્ટિસોલ મુક્ત થાય છે, આપણી માન્યતા સંકોચાય છે, આપણો શ્વાસોચ્છ્વાસ ઘટે છે અને આપણે કાંતો લડી લેવા અથવા ભાગી જવાની સ્થિતિમાં આવી જઈએ છીએ. ભયના ત્રણ વિકલ્પ હોય છે – ભાગી જાવ, લડી લો અથવા ચૂપ થઈ બેસી જાવ.

કલાકારે કહ્યું, આપણી ઉચ્ચ વિચારક્ષમતા આપણને વિકસવા, આગળ વધવા, વધુ શ્રેષ્ઠ કામ કરવા, સારું જીવન જીવવા તથા દુનિયાને પ્રેરણા આપવા ઇચ્છે છે. પરંતુ આપણાં બે મગજ વચ્ચે લડાઈ ચાલતી હોય છે. આપણા સૌની અંદર રહેલું પ્રાચીન, મૂળભૂત કક્ષાનું મગજ આપણને આગળ વધતાં અટકાવવા માગે છે.

ઉદ્યોગકારે પૂછ્યું, અને શું તેથી જ તમે અમને આ મૉડલ દર્શાવીને નાની બાબતે મૂળ માર્ગથી ભટકી જઈને શ્રેષ્ઠતાની દિશામાં આગળ વધતાં અટકાવતાં પરિબળો વિશે જાણકારી અને માહિતી આપી રહ્યા છો?

સાચું અને અસુવિધાથી બચવા જે આપણી સમક્ષ આવે છે તે આપણી સાહજિક શ્રેષ્ઠતા સાથે વધુ જોડાણ અનુભવે છે, તેમ ધનિકે સંમત થતાં કહ્યું.

કલાકાર પોતાનો ઉત્સાહ રોકી ન શક્યા અને કહ્યું, આ તો મારા માટે ઘણી મોટી વાત છે. તમે અમને ખલેલ પાડતી બાબતો સાથે જોડાયેલી ટેવ વિશે સભાન કર્યા અને મને લાગે છે કે મોટાભાગના લોકો તેમની શ્રેષ્ઠતાને ઓળખી શકતા નથી. રચનાત્મક અને સર્જનાત્મક લોકો આપણા સમાજના ખરા યોદ્ધા છે. આપણે નકારાત્મક લોકોના અપમાન તેમજ કળાને સમજી નહી શકતાં ટીકાકારોનાં અપમાન સહન કરવાં પડે છે એટલું જ નહી પરંતુ આપણે એવી હિંમત કેળવવાની પણ જરૂર છે જેથી શ્રેષ્ઠતા સુધી પહોંચવામાં અવરોધરૂપ બનતા આપણા પ્રાચીન મગજના પ્રયાસોને હરાવવાની જરૂર છે.

તમે તો કાવ્યાત્મક વાત કરી મિત્ર, એમ કહી ધનિકે ફરી નૃત્ય કર્યું.

તમે મૃત્યુ પામી રહ્યા છો એવું લાગતું હોય ત્યારે પણ સાચા વ્યક્તિગત અને વ્યવસાયી પ્રગતિનો અનુભવ કરવા તેમજ એ માર્ગ ઉપર ચાલતા રહેવા માટે અસાધારણ હિંમત જોઈએ. પરંતુ ડરના એ સમયમાં પણ આગળ વધતા રહો તો તમે સર્વોત્કૃષ્ટ બની શકો છો, દંતકથા સમાન બની શકો છો. તમે બંને પણ ભવ્ય બાબતો ઘડી શકો છો અને આવા દરેક નિર્માતા તેમના ભય સામે રોજેરોજ લડતા હોય છે, ક્ષમતાનું વધુ ઊંચું સ્તર હાંસલ કરતા હોય છે અને એ દ્વારા માનવ સ્વતંત્રતા ઉપર પ્રભાવ પાડતા હોય છે અને તમે તમારા ભવ્ય પ્રયાસો દ્વારા પૂર્ણ ક્ષમતા વ્યક્ત કરશો તો ઉમદા પરિણામ મેળવી શકશો. શ્રેષ્ઠતા મેળવવાની પ્રક્રિયા દરમિયાન તમે તમારા ભયની જ્વાળાઓ તેમજ પડકારોના તાપમાંથી પસાર થઈને તમે જે હાંસલ કરો છો એ જ તમારું હોય છે. તમે જાણી શકો છો કે તમે કોણ છો, તમે તમારી ક્ષમતાઓ વધારે સ્પષ્ટતાથી જોઈ શકો છો, તમારો આત્મવિશ્વાસ ઊંચાઈએ પહોંચે છે, તમારે ટોળાના ધક્કાની ઓછી જરૂર પડે છે અને તમે કૃત્રિમતાને બદલે વાસ્તવિક જીવન જીવી શકો છો.

ધનિકે પોતાના બે શ્રોતાને સંબોધતાં આગળ કહ્યું, અને ત્યારે 5 એ.એમ. કલબના સભ્ય તરીકે તમે પણ જાદુ કરી શકો છો. દુનિયાનાં મહાન સ્ત્રી-પુરુષોએ તેમના પ્રારંભિક જીવનમાં સ્થિરતા અને સ્વસ્થતા દાખવીને જટિલ બાબતોમાંથી બચી શક્યા હતા. આવી શિસ્તને કારણે તેઓ તેમનું જીવન બચાવી શક્યા હતા, રચનાત્મક ક્ષમતા પુનઃહાંસલ કરી શક્યા હતા, સર્વોચ્ચ આત્મસન્માન વિકસાવી શક્યા હતા,

આશીર્વાદ મેળવી શક્યા હતા તથા મૂલ્યોનું જતન કરી શક્યા હતા જેને આધારે તેમણે તેમનું શેષ જીવન પસાર કર્યું. આપણી સંસ્કૃતિની પ્રગતિને ગતિ આપનાર અનેક લોકો સૂર્યોદય પહેલાં જાગી જવાની ટેવ ધરાવે છે.

ઉદ્યોગકારે સવાલ કર્યો, શું શું તમે એવાં થોડાં નામ આપી શકો એમ છો? જવાબમાં ધનિકે કહ્યું, જ્હોન ગ્રિશામ, વોલ્ફગેંગ એમેદસ મોઝાર્ટ, જ્યોર્જિયા ઓકીફ, ફ્રેન્ક લોઇડ રાઇટ તથા અર્નેસ્ટ હેમિંગ્વે. હેમિંગ્વેએ તો કહ્યું હતું કે, વહેલી સવારે તમને કોઈ ખલેલ પહોંચાડતું નથી અને વાતાવરણની ઠંડકમાં લખવાનો અસાધારણ આનંદ આવે છે.

કલાકારે કહ્યું, બીથોવન પણ વહેલી પરોઢે જાગી જતા.

તમામ મહાન લોકોએ તેમનો ઘણોબધો સમય એકાંતમાં પસાર કર્યો છે, તેમ કહી ધનિકે ઉમેર્યું, સૂર્યોદય પહેલાં જો તમને એકાંત મળે તો એ તમારી ક્ષમતામાં, કુશળતામાં વધારો થાય છે અને તમારા ઉત્થાન માટે તમારું એકાંત જરૂરી છે. તમે આખો દિવસ દુનિયા સાથે હોવ છો, જ્યાં તમારા ફોન ઉપર એક હજાર બિનજરૂરી વાતો કરી શકો અથવા તમારી કુશળતાનો ઉપયોગ કરીને દુનિયાને બદલી શકો છો, તમારી કુશળતાને વધુ સુદૃઢ બનાવી શકો છો અને એ રીતે આપણા સૌના ઉત્થાન માટે પ્રકાશ પાથરી શકો છો. પરંતુ તમે બંને કામ એકસાથે ન કરી શકો. પ્રિન્સ્ટોન સાયકોલૉજિસ્ટ એલ્ડર શેફિર વહેલી સવારની આપણી મર્યાદિત ક્ષમતાને ચિંતનકારી બૅન્ડવિથ તરીકે ઓળખાવે છે. આપણે સમાચાર, સંદેશા તેમજ અન્ય ઑનલાઇન માધ્યમો ઉપરાંત પરિવાર, કામગીરી, તંદુરસ્તી તથા આધ્યાત્મિકતા – વગેરેના પ્રભાવમાં રહીએ ત્યાં સુધી પ્રત્યેક ઉપર આપણું ધ્યાન સાવ જૂજ પ્રમાણમાં રહે છે. આ બાબત ઉપર સૌથી વધુ ધ્યાન આપવાની જરૂર છે. બપોર થતાં સુધીમાં આપણામાંથી મોટાભાગનાને મહત્ત્વની કામગીરી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે તો તેમાં આશ્ચર્યની વાત નથી. આપણે આપણી બૅન્ડવિથ ખર્ચી નાખી હોય છે. યુનિવર્સિટી ઑફ મિનેસોટા ખાતે બિઝનેસ પ્રોફેસર સોફી લોરી ખલેલ પાડતી બાબતો ઉપર ધ્યાન આપવાની આપણી પ્રવૃત્તિને એટેન્શન રેસિડ્યુ તરીકે ઓળખાવે છે. સંશોધન દ્વારા તેમણે એવું સ્થાપિત કર્યું છે કે લોકો આખા દિવસ દરમિયાન સતત અલગ અલગ પ્રકારની પ્રવૃત્તિઓ ઉપર ધ્યાન આપતા હોવાથી એક પણ પ્રવૃત્તિ ઉપર ગુણવત્તાસભર ધ્યાન આપી શકતા નથી. તેનો સચોટ ઉપાય હું જે સૂચવું છું એ જ છે:એક સમયે અનેક પ્રકારનાં કામ કરવાને બદલે એક જ કામગીરી ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરો- અને એ કામ પણ શાંત વાતાવરણમાં કરો. આલ્બર્ટ આઇન્સ્ટાઇન પણ આ જ વાત કરે છે:માત્ર એવી વ્યક્તિઓ જ શ્રેષ્ઠતા હાંસલ કરી શકે છે જે એક સમયે એક જ કામગીરી ઉપર હૃદય અને મનથી ધ્યાન કેન્દ્રિત રાખે. બીજા શબ્દોમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે જે તે કામગીરી ઉપર ખંડિત નહીં પણ અખંડિત ધ્યાન આપવું જરૂરી છે. સર્વોત્કૃષ્ટ

સફળતા હાંસલ કરનાર અને ઇતિહાસ રચનાર મહાન વ્યક્તિઓની સફળતા પાછળનું આ જ એક સૌથી અગત્યનું પાસું છું. તેઓ તેમની કોગ્નિટિવ બૅન્ડવિથને ડિફ્યુઝ થવા નથી દેતા. તેઓ તેમની સમક્ષ આવતી તમામ બાબતો અને તમામ તક ઉપર નજર કરવા લલચાતા નથી અને એ રીતે પોતાની રચનાત્મકતાને ખંડિત થવા દેતા નથી. તેના બદલે તેઓ માત્ર જૂજ બાબતો ઉપર જરૂરી ધ્યાન આપવા માટેની કડક શિસ્તનું પાલન કરે છે જે વૈશ્વિક સ્તર માટે આવશ્યક છે. મેં અગાઉ કહ્યું તેમઃ કોઈ વિશેષ મૂલ્ય અને અસર ઊભી નહીં કરી શકતાં હજારો કામો કરવાને બદલે કોઈ એક વાસ્તવિક કામગીરી ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરીને તેનું એવું સર્જન કરવું જોઈએ જે અનેક પેઢીઓ સુધી પ્રભાવક રહે અને પ્લીઝ યાદ રાખો, ૯૫ ટકા સમય બરબાદ થતો હોય છે, પાંચ ટકા સમય જ કીમતી હોય છે. વહેલી સવારનો પાંચ વાગ્યાનો સમય એવો છે જ્યારે લગભગ કોઈ ખલેલ પડતી નથી, જ્યારે સર્વોચ્ચ માનવીય ગૌરવ હાંસલ કરી શકાય છે અને સર્વોચ્ચ શાંતિનો સમય હોય છે. આથી વિજય સમાન એ સમયનો લાભ લો. તેનાથી તમારી કામગીરીમાં તેમજ અંગત જીવનમાં અસાધારણ ઉચ્ચ પરિણામો મેળવી શકશો. આજે સવારે ન્યુરોસાયન્સ વિશે જે કંઈ કહ્યું તેમાં હવે વધારે ઊંડે ઊતરવા માગતો નથી અને હવે તમારા માટે એક સરપ્રાઇઝ છે. પરંતુ હજુ એક બાબત છે જે હું તમારા બંને સાથે શૅર કરવા માગું છું અને તે છે – ટ્રાન્ઝિઅન્ટ હાઇપોફ્રન્ટાલિટી.

કલાકારને આ સાંભળી એકદમ હસવું આવી ગયું અને તેમણે પૂછ્યું, ટ્રાન્ઝિઅન્ટ પછી શું કહ્યું..?

ધનિક એક ઊંચા પામ ટ્રી તરફ ચાલ્યા. ત્યાં લાકડાનું એક ટેબલ હતું. તેના ઉપર ખૂબ સુંદર કોતરણીથી એક મૉડલ તૈયાર કરવામાં આવ્યું હતું. તેમણે બંનેને સંબોધીને કહ્યું, આ તમે જોશો તો અત્યંત પ્રભાવિત અને ચકિત થઈ જશો.

તમે વહેલી સવારે જાગી જાવ અને એકલા હોવ, લોકોની ભીડ અને ઘોંઘાટથી દૂર હોવ ત્યારે તમારું ધ્યાન ટેક્નોલૉજી, મિટિંગ કે પછી અન્ય પરિબળોથી બીજે દોરાતું નથી અથવા ખલેલ પડતી નથી. આથી બૌદ્ધિક વિચારણા ઉપરાંત સતત ચિંતાશીલ રહેતા મગજના હિસ્સાને એટલા ટૂંકા સમય માટે આરામ મળે છે. સરસ માહિતી છે, ખરું ને? અને તેને જ ટ્રાન્ઝિઅન્ટ હાઇપોફ્રન્ટાલિટી કહે છે. આ સ્થિતિ માત્ર થોડી ક્ષણ માટે કામચલાઉ હોય છે. સતત સમીક્ષા-મૂલ્યાંકનની પ્રક્રિયા, નિરંતર ચાલતી વિચારપ્રક્રિયા તેમજ કોઈ બાબતની વધારે પડતી ચિંતાજનક વિચારણા એટલો સમય અટકી જાય છે. સંભવતઃજે કદી થવાનું નથી એ વિશેની ચિંતામાંથી થોડો સમય તમને આરામ મળે છે. તમારું મગજ બેટા-માંથી આલ્ફા તરફ ગતિ કરે છે, અને ક્યારેક તો તે હકીકતમાં થેટાની સ્થિતિમાં પહોંચી જાય છે.

ઉદ્યોગપતિએ કહ્યું, પ્રવાહી સ્થિતિ એ મગજની સર્વોચ્ચ સ્થિતિ છે જે ટોચના વાયોલિન વાદકો, શ્રેષ્ઠ રમતવીરો, ઉત્કૃષ્ટ શેફ, પ્રખર વિજ્ઞાનીઓ, વિશાળ મકાનોનું નિર્માણ કરનાર સાહસિક બિલ્ડરો તેમજ દંતકથા સમાન નેતાઓમાં જોવા મળતી હોય છે.

પરોઢની શ્રેષ્ઠતાનું રહસ્ય

ટ્રાન્ઝિઅન્ટ હાઇપોફ્રન્ટાલિટી

પ્રવાહી
સ્થિતિમાં
પ્રવેશ

પ્રિ-ફ્રન્ટલ કોર્ટેક્ષ ક્વિટ્સ

- શ્રેષ્ઠતાના સ્તરની સ્થિતિ
- ઉચ્ચતમ સર્જનાત્મકતા
- વિશ્વસ્તરનું પરફોર્મન્સ

તમારા મગજમાં શ્રેષ્ઠતાની રાસાયણિક
પ્રક્રિયા થાય છે જે તેને સક્રિય બનાવે છે.

- કોર્ટિસોલ ઘટે છે
- ડોપામાઇન વધે છે
- સેરોટોનિન ટોચ ઉપર જાય છે

મગજના તરંગોની ગતિ
બેટા > આલ્ફા > થેટા

એકાંત

ધ

ધ
૫ એ.એમ.
ક્લબ

અવર

સ્થિરતા

શાંતિ

તમે તમારી વ્યસ્તતામાંથી દૂર જઈને વહેલી પરોઢે શાંતિનો અનુભવ કરો ત્યારે સર્વોચ્ચ શ્રેષ્ઠતા હાંસલ કરવા માટેની પ્રત્યેક માનવીય મગજની ક્ષમતા સક્રિય થાય છે. તમારા બંને માટે સારા સમાચાર એ છે કે, યોગ્ય દિશામાં પગલાં લઈને તમે અસાધારણ પરફૉર્મન્સની ટેવ પાડી શકો છો.

ઉદ્યોગકારે કહ્યું, આ ટ્રાન્ઝિઅન્ટ હાઇપોફ્રન્ટાલિટી ઘણું ઉપયોગી મૉડલ છે.

કલાકારે સૂર પુરાવતાં કહ્યું, જો આ માહિતી સૌને મળી જાય તો સમગ્ર દુનિયામાં પરિવર્તન આવી જાય.

ઉદ્યોગકારે કહ્યું, સ્કૂલોમાં તમામ બાળકોને આ શીખવવું જોઇએ.

બંનેની સાથે સંમત થતાં ધનિકે કહ્યું, સાચી વાત છે. પરંતુ ફરી એક વખત હું કહેવા માગું છું કે હાલ હું તમને જે કંઈ કહી રહ્યો છું અને આગળ જતાં તમને જે શીખવીશ જેનાથી તમે જીવનમાં ઉચ્ચ સ્થાને પહોંચી શકો – તેની બધી જ ક્રૅડિટ સ્પેલબાઇન્ડરને જાય છે. એ જ મારા શ્રેષ્ઠ શિક્ષક છે અને ઉમદા માનવી છે તેમાં પણ મને શંકા નથી. નિષ્ઠા વિનાનું જ્ઞાન મને આકર્ષિત કરતું નથી. અસાધારણ દયાભાવ વિનાની મોટામાં મોટી કામગીરીનું પણ ખાસ કોઈ મૂલ્ય હોતું નથી અને હા, જો પૃથ્વી પરની દરેક વ્યક્તિને આ પ્રમાણેનું શિક્ષણ આપવામાં આવ્યું હોત અને તેઓ પોતાની કામગીરીમાં તેનો અમલ કરતા હોત તો આ દુનિયા ઘણી આગળ હોત.

ઇતિહાસ રચનારનું ફોકસ #3: અંગત શ્રેષ્ઠતાની પ્રૅક્ટિસ

સૂર્યોદયના પ્રથમ કિરણનું અજવાળું આકાશમાં પથરાઈ રહ્યું હતું ત્યારે ધનિક તેમના બંને વિદ્યાર્થીઓને લઈને એ ભવ્ય ટેરેસ ઉપરથી નીચે ઊતરવા માટે આગળ વધ્યા. એ જ વખતે બંગલાના ડ્રાઇવ-વેમાં બ્લેક એસયુવી આવીને ઊભી રહી.

ઉદ્યોગકારે પૂછ્યું, આપણે ક્યાં જઈએ છીએ?

કૉન્ફરન્સ દરમિયાન આપણી મુલાકાત થઈ ત્યારે મેં તમને વચન આપ્યું હતું કે તમે મારા ટાપુ ઉપર આવશો તો હું તમને ડૉલ્ફિન સાથે સર્ફિંગ કરાવીશ. એ વચન પાળવાનો સમય આવ્યો છે. આપણે આ ટાપુના પશ્ચિમ ભાગમાં ફ્લિક-એન-ફ્લેક નામના દરિયાકાંઠે આવેલા નાનકડા ગામે જઈશું જ્યાં બે યુવાનો તમારી રાહ જોઈ રહ્યા છે. દરિયામાં ડૉલ્ફિનને શોધવાની તેમની કુશળતા આશ્ચર્યજનક છે. ડૉલ્ફિન સાથે સર્ફિંગનો અનુભવ લેવા તૈયાર થઈ જાવ. તમારા માટે આ અવિસ્વમરણીય અનુભવ બની રહેશે.

એસયુવી પશ્ચિમ દિશામાં પૂરપાટ દોડવા લાગી. રસ્તો ખૂબ સુંદર હતો. વચ્ચે વચ્ચે સાવ નાના કહી શકાય એવા ગ્રામ્યવિસ્તારો પસાર થઈ રહ્યા હતા. થોડા સમયમાં જ બધા નિર્ધારિત સ્થળે આવી પહોંચ્યા જ્યાં બે યુવાન માછીમારોએ ધનિકને ભેટીને તેમનું અભિવાદન કર્યું. બધા એક બોટમાં ગોઠવાયા અને બોટ વિશાળ હિન્દ મહાસાગરમાં આગળ વધવા લાગી. બોટના એક છેડે અવ્યવસ્થિત રીતે બાંધવામાં આવેલા સ્પીકરમાંથી જમૈકાના ગાયક શેગ્ગીનું લોકપ્રિય ગીત સ્ટ્રેન્થ ઑફ એ વુમન વાગી રહ્યું હતું. બોટની સાથે મોજાં અફળાવાને કારણે પાણીની છાલક સૌના મોઢા સુધી આવતી હતી અને પરિણામે ધનિક ઉદ્‌યોગપતિ, કલાકાર તેમજ મહિલા ઉદ્‌યોગકાર બાળકની જેમ ખુશખુશાલ થઈ જતાં હતાં.

થોડા પ્રયાસ પછી ડૉલ્ફિનનું એક નાનું જૂથ મળી આવ્યું. હંમેશ મુજબ એ જૂથ પોતાની મસ્તીમાં દરિયાની સપાટી ઉપર ઊછળકૂદ કરી આગળ વધતું હતું.

મિ. રિલે ઊભા થઈ ગયા અને બોટની પાછળના ભાગમાંથી દરિયામાં જંપ લગાવવા જતાં જતાં બોલ્યા, સાથીઓ, ચાલો!

મહિલા ઉદ્‌યોગકાર તરત જ મિ. રિલેને અનુસર્યાં, અને ત્યારબાદ કલાકારે પણ દરિયામાં ઝંપલાવ્યું. એ ત્રણે એક અનુભવી અને કુશળ માછીમારના માર્ગદર્શન હેઠળ ડૉલ્ફિનના જૂથની સાથે સાથે તરતાં રહ્યાં. ડૉલ્ફિન જે કરે તેનું અનુકરણ કરવાની એ લોકોને મજા પડી ગઈ. આ અનુભવ માત્ર ૧૫ મિનિટ માટે મળ્યો, પરંતુ એ યાદગાર બની ગયો.

બોટમાં પરત આવવા માટે પ્રયાસ કરતાં કરતાં કલાકારે કહ્યું, આ તો માની ન શકાય એવો અસાધારણ અદ્‌ભુત અનુભવ હતો.

ઉદ્‌યોગકારે પણ પોતાના જીવનના આ અસાધારણ અનુભવ અંગે અત્યંત આનંદ વ્યક્ત કરીને કલાકારને ચુંબન કરી લીધું.

છેલ્લે ધનિક પણ દરિયાના ઊંડાણમાંથી સપાટી ઉપર આવ્યા અને પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

કિનારે પરત આવ્યા પછી સવારની ચર્ચાનું સત્ર ચાલુ રહ્યું. દૂર આકાશમાં બે મેઘધનુષ દેખાઈ રહ્યાં હતાં.

ધનિકે આકાશ તરફ તેમનો ડાબો હાથ ઊંચો કર્યો અને એ જ ક્ષણે અચાનક ચાર સફેદ કબૂતર નજીક આવી પહોંચ્યાં. ઉપરાંત ગુલાબી અને પીળાં પતંગિયાં પણ એકાએક દેખાયાં.

તેમણે ગળું ખંખેરીને ધ ફોર ફોકિસસ ઑફ ધ હિસ્ટ્રી મેકર્સના (The 4 Focuses of Histroy-Makers) ત્રીજા મુદ્દા ઉપર વાત શરૂ કરી. તેના ઉપર

પર્સનલ માસ્ટરી પ્રૅક્ટિસ લખ્યું હતું.

ઠંડીથી ધ્રૂજી રહેલાં ઉદ્યોગકારને હૂંફ આપવા માટે તેમના ફરતે હાથ વીટાળીને કલાકારે મિ. રિલેને સવાલ કર્યો, આપણે હવે અહી કયા વિષય ઉપર વાત કરવાની છે?

ધનિકે જવાબ આપ્યો, તમારામાં રહેલી શ્રેષ્ઠ બાબતને તાલીમ આપવાની છે. સ્પેલબાઇન્ડરે સેમિનાર દરમિયાન સ્પાર્ટાના યોદ્ધાએ કહેલી વાત કરી હતી તે યાદ છે. તેમણે કહ્યું હતું, પ્રૅક્ટિસ દરમિયાન વધુ પરસેવો પાડો, યુદ્ધમાં ઓછું લોહી વહેશે. એ સંદર્ભમાં તમારી આ સવારની સેશનમાં પ્રૅક્ટિસની ગુણવત્તા તમારી દૈનિક કામગીરીનું ધોરણ નક્કી કરશે. અસાધારણ તાલીમ બાદ દુશ્મન બેધ્યાન હોય ત્યારે આક્રમણ કરીને યુદ્ધ જીતી શકાતું હોય છે. યોદ્ધા યુદ્ધમેદાનમાં જાય તે પહેલાં વિજય હાંસલ કરી લેતા હોય છે. જે લોકો સૌથી વધુ તૈયારી કરતા હોય તેમને જીત મળતી હોય છે. એ સંદર્ભમાં એ સ્પષ્ટ છે કે તમે બિઝનેસના ક્ષેત્રમાં હોવ કે કળાના, ચેસ ખેલાડી હોવ કે અન્ય કોઈ રમતના, મૅનેજર હોવ કે મિકેનિક – જ્યાં હોવ ત્યાં તમારી કુશળતાને શ્રેષ્ઠ સ્થાને લઈ જવા માટે તમારે પૂરતા પ્રમાણમાં પ્રૅક્ટિસ કરવી જરૂરી છે. ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટીના સુવિખ્યાત સાયકોલૉજિસ્ટ એન્ડર્સ એરિક્સને તેમના સંશોધન દ્વારા સાબિત કર્યું છે તેમ, કોઈ પણ વ્યક્તિએ તેના ક્ષેત્રમાં સર્વોચ્ચ સ્થાને આવવું હોય તો દસ વર્ષ સુધી રોજેરોજ ઓછામાં ઓછા બે કલાક અને ૪૫ મિનિટ સુધી પ્રૅક્ટિસ કરવી જરૂરી છે. જિનિયસ બનવા માટેની દિશામાં ધ્યાન કેન્દ્રિત કરીને પ્રૅક્ટિસ કરવા માટેની આ ઓછામાં ઓછી જરૂરિયાત છે. છતાં આપણામાંથી સાવ જૂજ લોકો વધુ સારા માનવ બનવા માટે દસ હજાર કલાકની તાલીમ જરૂરી છે એવું સમજતા નથી. તેથી જ આપણામાંથી સાવ જૂજ લોકો સંજ્ઞાના એ સંકેતોને ઓળખી શકે છે જેના આધારે આપણે ગુલામીનાં બંધન તોડીને ડહાપણ, સર્જનાત્મકતા, હિંમત, પ્રેમ તથા માનસિક શાંતિ મેળવી શકીએ છીએ. આવું ત્યારે જ શક્ય બને જ્યારે આપણા જીવનમાં સુધારો થાય. હું શું કહેવા માગું છું સમજાય છે? હું તમને બંનેને કહેવા માગું છું કે વ્યક્તિગત શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે તમારે પ્રૅક્ટિસ કરવાની જરૂર છે. તમારા જીવનની મૂળભૂત બાબતોને ઓળખો, તેને મજબૂત બનાવો અને એ રીતે તમારું જીવન અનેકગણું સુધરી જશે એવું તમને વિશ્વાસપૂર્વક કહી શકું છું. તમે બાહ્ય દુનિયામાં જે કંઈ કહો છો તેનો સીધો સંબંધ તમારા અંતરમાં જે કંઈ ચાલી રહ્યું છે તેની સાથે છે અને તેથી જ તમારે વહેલી સવારે તૈયારી કરવી જરૂરી છે. ત્યારે જ તમે એવા મજબૂત ઇરાદા અને નક્કર કામગીરી સાથે દુનિયામાં આવશો જ્યાં અજેય વૈચારિક અને કામગીરીની શ્રેષ્ઠતા હાંસલ કરી શકશો. તમારે તમારી જાતને ગિફ્ટ આપવાની છે.

ઉદ્યોગકારે કહ્યું, સ્પેલબાઇન્ડરના સેમિનારમાં હાજરી આપી તે પહેલાં હું કદી આત્મ-સુધારણામાં વિશ્વાસ નહોતી કરતી. ખરેખર તો તેમાં મને કશું વાસ્તવિક લાગતું

નહોતું.

ધનિકે સવાલો કર્યો, અગાઉ આ અંગે કદી પ્રયાસ કર્યો હતો ખરો? લાંબા સમય સુધી એ દિશામાં પ્રૅક્ટિસ કરી હતી ખરી?

ના, લગભગ નહી. અહી 5 એ.એમ. ક્લબમાં જોડાઈ ત્યાં સુધી તો નહી જ, તેમ ઉદ્યોગકારે સ્વીકાર્યું.

ઠીક છે. સરસ. ચાલો હવે આગળ વધીએ અને મુખ્ય બાબતો જાણીએ. તમારા વિજયના કલાક દરમિયાન અર્થાત્ વહેલી સવારે પાંચ વાગ્યાથી છ વાગ્યા દરમિયાન સ્પેલબાઇન્ડર જેને ચાર આંતરિક સામ્રાજ્ય તરીકે ઓળખાવે છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. આ સૌથી શ્રેષ્ઠ અને ક્યારેક તમારા જીવનનાં સૌથી મુશ્કેલ કાર્યો પૈકી એક બની રહેશે. તમારી જાતને ઊંડાણથી ઓળખવી. મુખ્ય ચાર આંતરિક બાબતો જેના વિશે હું હવે તમને કહેવા જઈ રહ્યો છું જે પરિવર્તન માટે ચાવીરૂપ છે. હું ફરી ભારપૂર્વક કહું છું કે એ સરળ નથી, પરંતુ સંપૂર્ણ લાભદાયક છે.

ઉદ્યોગકારે પૂછી લીધું, એવું શા માટે?

કેમ કે, તમે બહારની દુનિયાને જુઓ તે પહેલાં આંતરિક સામ્રાજ્યોને સંપૂર્ણપણે ઓળખવાં જરૂરી છે અને તમારું ભાગ્ય હંમેશાં તમારી નીડરતાનું અનુસરણ કરે છે. સાથીઓ, વિશ્વમાં તમારા પ્રભાવનો આધાર તમે જાતે મેળવેલી પ્રતિષ્ઠા, શ્રેષ્ઠતા, જીવનશક્તિ તથા તેજસ્વિતા ઉપર રહેલો છે. આજના કૃત્રિમતાના જમાનામાં સાવ જૂજ લોકો જીવનના આ મૂળ સત્ય વિશે જાણે છે. બાહ્ય બાબત હંમેશાં આંતરિક સ્થિતિનું પ્રતિબિંબ પાડે છે. આ પૃથ્વી ઉપર તમારી સર્જનાત્મકતા, ઉત્પાદકતા, કામગીરી તેમજ અસરનો આધાર હંમેશાં તમારી અંદર શું ચાલી રહ્યું છે તેની સૂક્ષ્મ અભિવ્યક્તિ ઉપર હોય છે. દા.ત. તમને તમારી મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરવાની તમારી ક્ષમતામાં વિશ્વાસ ન હોય તો તમે તે કદી હાંસલ નહી કરી શકો. તમે વિપુલતાને લાયક છો એવું તમને જાતે નહી લાગે ત્યાં સુધી એ કદી હાંસલ કરવા માટે શું જરૂરી છે એ તમે નહી સમજી શકો અને શ્રેષ્ઠતા હાંસલ કરવા માટેની તમારી પોતાની ઇચ્છા નબળી હશે, તમારામાં એ આગ ઓછી હશે તેમજ મહત્તમ હાંસલ કરવા માટેનો સ્ટેમિના ઘટેલો હશે તો તમે કદી શ્રેષ્ઠતા હાંસલ કરવાની દિશામાં આગળ વધી નહી શકો અને પ્રભાવક સ્થાન હાંસલ નહી કરી શકો. બાહ્ય બાબત હંમેશાં આંતરિક સ્થિતિનું પ્રતિબિંબ પાડે છે. તમારા બાહ્ય જીવનમાં એવી સત્તા ભોગવવી હોય તો તમારે સૌથી પહેલાં આંતરિક ક્ષમતા વિકસાવવી જરૂરી છે, તેમ ધનિકે ભારપૂર્વક કહ્યું.

આ દરમિયાન તેઓ જે ગ્લાસમાંથી લીલા રંગનું પ્રવાહી પી રહ્યા હતા તેના ઉપર મહાત્મા ગાંધીના આ શબ્દો અંકિત હતા:વિશ્વમાં જે કોઈ અનિષ્ટ છે તે માત્ર આપણી અંદર છે અને ત્યાં જ લડાઈ લડવાની છે.

મિ. રિલેએ પોતાની વાત આગળ વધારી. તમારી અંદર સ્વાભાવિક રીતે રહેલી ક્ષમતામાં તમે સતત વધારો કરતા જશો તેમ તેમ તમને અસાધારણ તક તેમજ ભવ્ય સંભાવનાઓનો ખ્યાલ આપશે. તમે શ્રેષ્ઠતાની એક એવી દુનિયામાં પહોંચી જશો જ્યાં પહોંચવાનું દુનિયાના મોટાભાગના લોકો વિચારી પણ નથી શકતા. તેનું કારણ એ છે કે તેમની નજર આશંકા, અવિશ્વાસ અને ભયથી ઢંકાઈ ગઈ છે. મહાનતા એક પ્રકારે આંતરિક બાબત છે, તેમ કહી ધનિકે એ વાત દર્શાવતા મૉડલ તરફ ધ્યાન દોર્યું.

ચાર આંતરિક સામ્રાજ્ય



ખેર, તો ચાલો હવે આ ફ્રેમવર્કની વિગતો ઉપર ધ્યાન આપીએ જેથી તમને બંનેને તમારા વિજયી કલાક દરમિયાન તમારી આંતરિક ક્ષમતા સુધારવાનાં પાસાં વિશે સ્પષ્ટતા મળી રહે. હું તમને ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા વિશે શીખવીશ ત્યારે સવારના રૂટિનની સંપૂર્ણ વિગતો આપીશ. હાલ માત્ર એટલું જાણી લો કે, સૂર્યોદય પહેલાં જે ચાર બાબતોને તાલીમ આપવાની, કેળવવાની તેમજ પુનરાવર્તન કરવાની છે એ છે મન, હૃદય, આરોગ્ય અને આત્મા. આ ચારેય આંતરિક બાબતો સાથે મળીને સાચી શક્તિના સ્રોત માટેનો આધાર રચે છે. આપણામાંથી મોટાભાગના લોકોએ આ મહત્ત્વનાં

પરિબળોની ઉપેક્ષા કરી છે, કેમ કે આપણે આખો દિવસ બાહ્ય પરિબળોની પાછળ જ ભાગતા રહીએ છીએ. પરંતુ આપણા દરેકમાં આ ઉચ્ચ અને ભવ્ય ક્ષમતા રહેલી હોય છે. આ ચાર આંતરિક સત્તાનો મહત્તમ લાભ લેવાનો શ્રેષ્ઠ સમય વહેલી સવારે પાંચથી છ વાગ્યા વચ્ચેનો છે. દિવસનો એ સૌથી વિશેષ સમય હોય છે. સવાર તમારી છે, તમારું જીવન ઉચ્ચતર બનાવો – તેમ ધનિક ઉદ્યોગપતિએ ભારપૂર્વક કહ્યું.

ઉદ્યોગકારે કહ્યું, મારો એક પ્રશ્ન છેઃશું આ પદ્ધતિ હું અઠવાડિયાના પાંચ દિવસ અપનાવીને વીકએન્ડના બે દિવસ રજા પાડી શકું? આ સમગ્ર 5 એ.એમ. પદ્ધતિ કેટલા અંશે સ્ટ્રિક્ટ છે?

આ તમારું જીવન છે. તમને જે યોગ્ય અને સારું લાગે તે કરો. હું તો તમને માત્ર એ જ માહિતી આપું છું જે સ્પેલબાઇન્ડરે મારી સાથે શૅર કરી છે. તેને કારણે મને સંપત્તિમાં લાભ થયો. રોજિંદા આનંદ અને નિરંતર શાંતિનો અનુભવ કરવામાં મને મદદ મળી. હકીકતે, આ બધી બાબતોએ મને વ્યક્તિગત સ્વતંત્રતાનો અનુભવ કરાવ્યો છે. તમને તમારી પ્રગતિ માટે જે કોઈ શ્રેષ્ઠ રીત લાગતી હોય એ પ્રમાણે આ બધાનો અમલ કરો. છતાં એટલું જાણી લો કે, પાર્ટટાઇમ કામ કરવાથી પરિણામ પણ પાર્ટટાઇમ જેવું જ મળશે.

ઉદ્યોગકારે કહ્યું, શું તમે ધ ૪ ઇન્ટિરિયર એમ્પાયર્સ વિશે વધારે વિગતે જણાવશો? તમે હાલ જે શીખવી રહ્યા છો તેનાથી મને મારા રોકાણકારો સામે લડવા માટે વધારે મજબૂત બનાવશે, એટલું જ નહીં પરંતુ મારી આશા, ખુશી અને આત્મવિશ્વાસ પરત મેળવવામાં મદદરૂપ થશે. મેં તમને કહ્યું નથી, પરંતુ તમે મળ્યા ત્યારથી એટલે કે છેલ્લા થોડા દિવસથી તમે જે કંઈ શીખવી રહ્યા છો તેનો હું અમલ કરી રહી છું. તમારા ધ્યાનમાં આવ્યું હશે કે, પ્રારંભમાં મેં સ્પેલબાઇન્ડરના વિચારોનો ઘણો વિરોધ કર્યો હતો. તમે જાણો છો કે હું તો સેમિનારમાં જવા પણ તૈયાર નહોતી. પરંતુ તેમ છતાં તેમની તેમજ તમારી વાતો સાંભળવા તો તૈયાર હતી. હું જીવનને પ્રેમ કરું છું અને હવે વધારે સારી રીતે જીવવા આયોજન કરું છું.

સરસ... એમ કહીને કલાકારે ઉદ્યોગકારનો હાથ પકડીને રોમૅન્ટિક લાગણી વ્યક્ત કરી.

ઉદ્યોગકારે પોતાની વાત ચાલુ રાખીઃમારામાં કંઈક નોંધપાત્ર સુધારા થઈ રહ્યા હોવાનું મને લાગે છે. સવારે પાંચ વાગ્યે ઊઠીને હું વધારે ધ્યાન કેન્દ્રિત રાખી શકું છું, તાણ ઓછી લાગે છે, સલામતી વધારે લાગે છે અને ઊર્જા પણ વધુ અનુભવાય છે. મારા જીવનનાં તમામ પાસાં અંગે મારો દૃષ્ટિકોણ વ્યાપક બન્યો છે. તમામ પૉઝિટિવ બાબતો અંગે હું વધુ કદર કરવા લાગી છું. મારી કંપની ઉપર હુમલા થવાની ચિંતા ઓછી થઈ છે અને હવે મારા ભવિષ્ય બાબતે ઘણી ઉત્સાહિત છું. જુઓ, એ રોકાણકારો ખરાબ

માણસો છે. તેમનો સામનો કરવા હજુ હું સજ્જ નથી. જોકે, સજ્જ થઈ જઈશ, પરંતુ એ અંગે મને જે કંઈ ડર હતો, ચિંતા હતી એ બધું સાવ ઓછું થઈ ગયું છે.

ધનિકે કહ્યું, તમે સમજદાર છો. આ તમામ માહિતી અમૂલ્ય છે. પરંતુ તમને સમજાયું છે તેમ, તેની દરરોજ અને સતત પ્રૅક્ટિસથી તમે ઉમદા માનવ બનીને બિઝનેસ તથા અન્ય ક્ષેત્રોમાં પ્રેરણાદાયી બની શકો છો અને તમે ભૂતકાળના બંધનમાંથી બહાર નીકળી ગયાં એ બદલ હું તમને અભિનંદન આપું છું. તમારે બેજવાબદાર રીતે વર્તવું જોઈએ અથવા તમારી કંપનીમાં જે સ્થિતિનો સામનો કરી રહ્યાં છો તેનો સામનો ન કરવો જોઈએ એવું કોઈ કહેતું નથી. પરંતુ તમારે ભૂતકાળમાંથી શીખવાનું હોય છે, તેમાં ફસાઈ જવાનું નથી હોતું.

ત્રણે મિત્ર એસયુવીમાં બેસીને પરત આવવા નીકળ્યા ત્યારે ધનિકે જણાવ્યું, તો આપણે આ મૉડલ વિશે વધારે વિગતે વાત કરવી જોઈએ કેમ કે સફળતા અને આનંદ માટે તે અત્યંત આવશ્યક છે અનેક ગુરુઓ મનસ્થિતિની વાત કરતા હોય છે. તેઓ સંભાવનાની સાયકોલૉજીનું મહત્ત્વ શીખવતા હોય છે. તેઓ તમને દરરોજ આશાવાદી વિચારો કરવાનું શીખવતા હોય છે. આ ગુરુઓ તમને એવું કહેતા હોય છે કે તમારી વિચારપ્રક્રિયા તમારી વાસ્તવિકતા હોય છે અને માનસિક સ્થિતિ સુધારીને તમે તમારું જીવન સુધારી શકો છો. એટલું નિશ્ચિત છે કે તમારી મનસ્થિતિનું નવેસરથી ઘડતર કરીને તમે અંગત શ્રેષ્ઠતા તરફ આગળ વધી શકો છો જે છેવટે દંતકથા સમાન વાસ્તવિકતામાં પરિણમે છે.

છતાં, તમે બંને આ બાબત યોગ્ય રીતે સમજો એ અગત્યનું છે કેમ કે મોટાભાગના લોકો સમજી શકતા નથી સ્પેલબાઇન્ડરે મને શીખવ્યું છે કે, ચાર આંતરિક સામ્રાજ્ય પૈકી પ્રથમ એવી માનસિક સ્થિતિને ઉચ્ચ સ્થાને લઈ જવી એ તો અંગત શ્રેષ્ઠતા હાંસલ કરવાની દિશાનો માત્ર ૨૫ ટકા ભાગ જ છે.

કલાકારે આશ્ચર્ય સાથે પૂછ્યું, ખરેખર? હું તો હંમેશાં એમ જ માનતો હતો કે આપણી વિચારપ્રક્રિયા જ બધું નિર્ધારિત કરે છે. વિચારપ્રક્રિયાથી વિશેષ કશું નથી હોતું. વિચારપ્રક્રિયા બદલો અને જીવન બદલાઈ જશે, અને તમારી વર્તણૂક જ તમારું સ્થાન નક્કી કરશે – એવું મને લાગતું હતું.

ધનિકે કહ્યું, એ સાચું જ છે કે તમારી સ્પષ્ટ માન્યતાઓ તમારો રોજિંદો વ્યવહાર નિર્ધારિત કરે છે. હું એ માનું છું અને તમે જાણો છો કે હું એ વાતે પણ સંમત છું કે તમારા પરફૉર્મન્સના આધારે તમારું સ્થાન નક્કી થાય છે. છતાં, હૃદયના ભાવો સ્વચ્છ-સુઘડ કર્યા વિના માનસિક સ્થિતિનો શ્રેષ્ઠ વિકાસ કરવામાં આવે એ પોકળ બની રહે છે. માત્ર માનસિક સ્થિતિને બદલવાનો પ્રયાસ કરવાથી તમે કદી સર્વગ્રાહી સિદ્ધિ હાંસલ કરી શકતા નથી અને એ તમને સ્થાયી શ્રેષ્ઠતા આપી શકતી નથી.

કલાકારે કહ્યું, મને હવે તમારી વાત વધારે સમજાય છે. ચાર્લ્સ બુકોવસ્કીએ કહ્યું હતું, તમારું મસ્તક સાફ કરવાનું બંધ કરી દો...તેના બદલે તમારા હૃદયને સાફ કરો.

એ સાચા છે, તેમ ધનિકે કહ્યું.

ઉદ્યોગકારે વિનંતી કરી, હૃદયની આ વાત મને વધારે સ્પષ્ટતાથી સમજાવો.

હૃદયનો મામલો લાગણીશીલ જીવન સાથે જોડાયેલો છે. તમે સર્વોચ્ચ માન્યતાઓ તેમજ વિશ્વકક્ષાની વૈચારિક ક્ષમતા ધરાવતા હોવ તેમ છતાં તમારું હૃદય જો આક્રોશ, દુખ, નિરાશા, હતાશા અને ભયથી ઘેરાયેલું હોય તો તમે વિજય મેળવી શકતા નથી. જરા વિચાર કરો, તમારી લાગણીઓ પીડાથી ઘેરાયેલી હોય તો તમે શ્રેષ્ઠ કામગીરી કેવી રીતે કરી શકો અને ઉત્તમ પરિણામ કેવી રીતે મેળવી શકો? વર્તમાન સમયમાં એવું જોવા મળે છે કે, દરેક જણ સ્વસ્થ અને મજબૂત માનસિકતા કેળવવાની વાતો કરે છે. દરેક જગ્યાએ આવું સાંભળવા મળે છે. પરંતુ કોઈ હૃદય-આરોગ્ય-આત્માની વાત કરતું નથી. વહેલી સવારની પ્રૅક્ટિસ દ્વારા આ ચારેય આંતરિક સામ્રાજ્યનું ઘડતર કરવાનું હોય છે અને આ કુદરતી ક્ષમતા સાથેનું તમારું જોડાણ મજબૂત બનાવો તો જ તમે શ્રેષ્ઠતાની દિશામાં આગળ વધી શકો છો. તમે આ ચારેય સામ્રાજ્યને ઉચ્ચ સ્થાને લઈ જશો તે સાથે તમે બાહ્ય સ્તરે પણ એવી સફળતા હાંસલ કરશો જેના વિશે તમે કલ્પના પણ નહીં કરી હોય. એવી સફળતા તમને જાદુઈ લાગશે. તમે માત્ર તમારી હાજરીથી બીજા લોકોને પ્રભાવિત કરવા લાગશો. તમારી રોજિંદી કામગીરીમાં તમે જાદુઈ અસરો અનુભવી શકશો અને આનંદની એક એવી અનુભૂતિ જે તમને ભવ્ય સિદ્ધિ હાંસલ કર્યાનો અનુભવ કરાવશે.

આમ આપણામાંથી મોટાભાગના એ જાણતા હોય છે કે મનસ્થિતિ માટે શું કરવું, પરંતુ છતાં ઉત્તમ પરિણામ મેળવી શકતા નથી કેમ કે લાગણીની બાબતમાં અસમંજસ સ્થિતિમાં હોઈએ છીએ. આપણે ભૂતકાળમાં અટવાયેલા રહીએ છીએ. જે ભૂલી જવું જોઈએ તે ભૂલી શકતા નથી. આપણને દુખ પહોંચાડનાર એવી તમામ નકામી બાબતો સાથે આપણે જોડાયેલા રહીએ છીએ. સિગમન્ડ ફ્રોઇડે લખ્યું હતું કે, અવ્યક્ત લાગણીઓ કદી મરતી નથી. એ જીવતી દટાયેલી રહે છે અને પછીથી ગમે ત્યારે વિકૃત સ્વરૂપમાં બહાર આવે છે. આપણને ઘણી વાર આશ્ચર્ય થતું હોય છે કે હકારાત્મક પ્રયાસો કરવા છતાં તેનાં પરિણામ શા માટે નથી મળતાં. હું તમારી સાથે જે શૅર કરી રહ્યો છું તેનાથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિત્વ વિકાસનાં અનેક પુસ્તકો પણ શા માટે શાશ્વત ઉકેલ આપી શકતાં નથી, અને શા માટે અનેક સેમિનાર અને કૉન્ફરન્સ પણ દેખીતો તફાવત ઊભો કરી શકતા નથી. આપણા ઇરાદા તો સારા હોય છે. આપણે ખરેખર શ્રેષ્ઠ સર્જક અને સારા માણસ બનવા માગતા હોઈએ છીએ. પરંતુ એ માટે

આપણને માત્ર વૈચારિક સ્તરે જ માહિતી મળે છે અને પછી હૃદયભંગ થવાથી આપણી અપેક્ષાઓ પણ ધૂળમાં મળી જાય છે અને છેવટે કશું જ બદલાતું નથી. કોઈ જ સુધારો થતો નથી. કોઈ જ પરિવર્તન આવતું નથી. જો તમે અસાધારણ પ્રગતિ કરવા માગતા હોવ તો માનસિક સ્થિતિની સાથે સાથે હૃદયની સ્થિતિનું ધ્યાન રાખવું પણ આવશ્યક છે. એવું કરવાથી ભૂતકાળની તમામ દુઃખદ લાગણીઓ દૂર કરી શકાશે. તેમાંથી મુક્ત થઈને હૃદયને કાયમ માટે સ્વચ્છ કરી શકાશે. એવું થવાથી એક તબક્કે સ્થગિત થઈ ગયેલી તમારી પ્રગતિ ફરી ઉચ્ચસ્થાન તરફ ગતિ કરવા લાગશે.

ખરેખર સરસ વાત છે, એ વાતનો સ્વીકાર કરી ઉદ્યોગકારે પ્રશ્ન કર્યો, પરંતુ વહેલી સવારના પાંચ વાગ્યાથી છ વાગ્યા વચ્ચેના એ વિજયી કલાકમાં વાસ્તવમાં મારે શું કરવાનું?

ધનિકે જવાબ આપ્યો, 5 એ.એમ. પદ્ધતિના અમલ અંગે તમને ટૂંક સમયમાં જ શીખવા મળશે. તમે બંને હવે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાનો અમલ કરવા માટે સજ્જ થઈ રહ્યા છો અને આપણે મળ્યા ત્યારથી હું કહું છું તેમ તમે આ ફોર્મ્યુલા જાણી લેશો અને તેનો અમલ કરશો પછી તમારા જીવનમાં ભારે પરિવર્તન આવશે. હાલ માત્ર એટલું સમજો કે મનસ્થિતિ શ્રેષ્ઠ હોવા છતાં હૃદયની સ્થિતિ ઉચ્ચતમ ન હોય તો મહાનતા હાંસલ કરી શકાતી નથી.

મારે એ પણ કહેવું જોઈએ કે, હૃદયની શ્રેષ્ઠતાની દિશામાં કામ કરવાનો અર્થ માત્ર એવી નકારાત્મક લાગણીઓને દૂર કરવાનો નથી જે જીવનની હતાશા, નિરાશા અને ભૂલોને કારણે સર્જાઈ હોય છે. આ કામગીરીમાં તંદુરસ્ત બાબતોનો અમલ કરવાની વાત છે. એ જ કારણે તમારા સવારના રૂટિનમાં કદરની પ્રૅક્ટિસનો પણ સમાવેશ થાય છે. તમારે ધાક પણ ઊભી કરવાની છે અને વિપુલતાને બળ આપવાનું છે.

કલાકારે આનંદ વ્યક્ત કરતાં કહ્યું, ખૂબ સરસ. તમે જે કોઈ જાણકારી આપી રહ્યા છો તે ક્રાંતિકારી છે એ મારે સ્વીકારવું જોઈએ.

હા, સાચી વાત છે અને સ્પેલબાઇન્ડરે દરરોજ સવારે મારા વિજયના કલાક દરમિયાન હૃદય-શુદ્ધિ માટે કંઈક નક્કર કામ કરવાનું પણ શીખવ્યું છે. છતાં મુદ્દો એ છે કે તમે સૂર્યોદય પહેલાં આ બધી કવાયત સાથે મન-શુદ્ધિ અને હૃદય-શુદ્ધિ કરો છતાં સર્વોત્કૃષ્ટ બનવાની દિશાની એ માત્ર ૫૦ ટકા કામગીરી જ કહેવાય. મન અને હૃદયના શુદ્ધીકરણની પ્રક્રિયા પછી તમારે દરરોજ સવારે હેલ્થસેટ-આરોગ્ય ઉપર પણ ધ્યાન આપવું જરૂરી છે.

ઉદ્યોગકારે કહ્યું, મારા માટે હેલ્થસેટ નવો શબ્દ છે. મને ગમ્યો.

ધનિકે કહ્યું, આ શબ્દ તમારી શારીરિક સ્થિતિ-પરિણામને વ્યક્ત કરે છે. ઉત્તમતા સુધી આગળ વધવા માટેનું એક પરિબળ લાંબું જીવન છે. જો તમે તમારા ક્ષેત્રમાં ટોચના સ્થાને પહોંચવા માગતા હોવ અને તમારી મહત્તાની સતત પ્રગતિનો આનંદ લેવા માગતા હોવ તો – મૃત્યુ ન પામશો. જો તમારી હયાતી જ ન હોય તો તમે કદી તમારા ઉદ્યોગના શિખર બની શકતા નથી, કદી ઇતિહાસમાં સીમાચિહ્ન રૂપ બની શકતા નથી.

તમે શારીરિક ક્ષમતા બાબતે ગંભીર થાવ અને વધતી ઉંમર સામે લડત આપો તો શ્રેષ્ઠ કામો કરી શકો છો. વધુ થોડા દાયકા જીવવાની અને એ જીવન સંપૂર્ણ તંદુરસ્તીમાં પસાર કરવાની કલ્પના કરો. એ વધારાના થોડા દાયકા દરમિયાન તમે તમારી કળાને વધુ સંપૂર્ણ બનાવવાની દિશામાં કામગીરી કરી શકો છો, વધુ પ્રભાવક આગેવાન બની શકો છો, તમારી સમૃદ્ધિમાં વધારો કરી શકો છો તેમજ એક તેજસ્વી વારસો તૈયાર કરી શકો છો જે સમગ્ર માનવતાને સમૃદ્ધ કરે. શ્રેષ્ઠ સર્જકો તેમજ મહાન અગ્રણીઓ સમજતા હોય છે કે લેવરેજિંગ વિના તમે શ્રેષ્ઠતાની દિશામાં આગળ વધી શકતા નથી. થોડી કસરત સાથે પ્રત્યેક નવા દિવસને વધુ સારો બનાવી શકાય છે. હું એ વાત ફરીથી કહેવા માગું છું કે જીવનને સુંદર રીતે જીવવા માટે, રોજેરોજ થોડી કસરત આવશ્યક છે અને થોડી કસરતથી શારીરિક રીતે ફિટ રહી શકાય છે. હું માનું છું કે હું તમને જે હેલ્થસેટ આપી રહ્યો છું તે તમારાં શારીરિક પરિમાણો માટે છે જેથી તમારું મગજ જ્ઞાનના સર્વોચ્ચ સ્થાને કામગીરી કરે તથા તમારી ઊર્જાને બળ મળે તથા તમારી તાણ હળવી થાય અને તમારા આનંદનું વિસ્તરણ થાય. શું તમે જાણો છો કે હું તંદુરસ્ત અને ફિટ રહેવાને કારણે મારા બિઝનેસમાં મને આશ્ચર્યજનક લાભ થયા છે?

એમ કહીને ધનિકે ભારતીય પરંપરા મુજબ બે હાથ જોડીને નમસ્કારની મુદ્રા કરી.

પછી વાત આગળ ચલાવી. આ સાથે આપણે સોલસેટ – હૃદયની વાત ઉપર આવીએ છીએ. મને જાણવા મળ્યું છે કે, આપણા દરેકમાં એક વિશુદ્ધ ચેતના અને અણીશુદ્ધ આત્મા હોય છે. દુનિયામાં મોટાભાગનાને આત્માના અવાજ તથા તેની જરૂરિયાતોમાં રસ નથી હોતો. એક જાતિ તરીકે આપણે આપણી સૌથી સમજદાર, ઉમદા અને આંતરિક બાબતની ઉપેક્ષા કરી છે. સામાજિક બાબતોથી ઘેરાયેલા મોટાભાગના લોકો લોકપ્રિયતા, માન્યતા (કદર) તેમજ સેલ્ફી અને લોકપ્રિય પરિણામો જેવી બાબતોથી ખુશ થતા હોઇએ છીએ. જોકે, દરરોજ ચેતના પ્રત્યે ધ્યાન આપવું એ વાસ્તવિક નેતૃત્વની પ્રવૃત્તિ ગણાય.

ઉદ્યોગકારે પૂછ્યું, મિ. રિલે, મને એ જણાવો કે તમે સોલસેટ કહો છો તે ખરેખર શું છે?

કલાકારે પણ તેમની વાતમાં સૂર પુરાવતાં કહ્યું, હા, મને પણ હજુ એ બાબતે સ્પષ્ટતા થતી નથી.

ધનિકે કહ્યું, સપ્રમાણતા માટે કેટલીક વિચિત્રતા વિના સંપૂર્ણ સુંદરતા મળતી નથી, તેમ અંગ્રેજ કવિ ક્રિસ્ટોફર માર્લોએ કહ્યું હતું અને આ વાતમાં સત્ય છે. તમને આ ચોથું આંતરિક સામ્રાજ્ય સમજાવવા માટે હું કહીશ કે, માઇન્ડસેટ એ મનોવિજ્ઞાન માટે છે તથા હાર્ટસેટ તમારી લાગણીઓ માટે છે, જ્યારે હેલ્થસેટ શારીરિક ક્ષમતા માટે અને સોલસેટ તમારી આધ્યાત્મિકતા માટે છે. બસ એટલું જ. આમાં કશું રહસ્યમય નથી. કશું ધાર્મિક નથી. કશું જ અનિર્ણાયક કે અનિશ્ચિત નથી.

ઉદ્યોગકારે કહ્યું, આ બાબત વધુ વિગતે જણાવો પ્લીઝ. આ તમામ મુદ્દા મને ખૂબ અસર કરી રહ્યા છે.

ખેર, આ બધું જ સ્પેલબાઇન્ડરનું સંશોધન છે, મારું નહીં એટલું યાદ રાખજો. હું તો સંપૂર્ણ અધ્યાત્મવાદી બનવા પ્રોત્સાહિત કરું છું અને એ શબ્દ તમને કોઈ મૂંઝવણમાં ન મૂકે તે માટે એટલું જ કહીશ કે વહેલી પરોઢે જાગીને તમારી અંદર રહેલી હિંમત, પ્રતિબદ્ધતા તેમજ નિષ્ઠાને સજીવન કરો. હું તમને સૂર્યોદય પહેલાં કુદરતના ઉત્કૃષ્ટ સમયની સાથે રહીને તમારી કુશળતાની અસીમ ક્ષમતા એવા ઈશ્વર સાથે નૃત્ય કરવા પ્રોત્સાહિત કરું છું અને એ બાબત જ તમારી અંદર રહેલા જ્ઞાન અને સત્યને અંજલિ સમાન છે. માત્ર ત્યારે જ તમને મહાનતાની શાંગ્રિલા અને નિર્વાણનો પ્રકાશ સમજાશે જે તમારી અંદર છે. સોલસેટ – આત્માની ઓળખ એ તમે ખરેખર શું છે તેને યાદ કરવાની પદ્ધતિ છે. ઇતિહાસમાં તમામ ઋષિ, સંતો અને સાધુઓએ વહેલી પરોઢે ઊઠીને શિખરની એ ઊંચાઈ હાંસલ કરી છે. અસલામતી, અભાવ, સ્વાર્થ તેમજ દુખ એ બધું જ બાળસહજ ભય છે. તમને આવું શીખવવામાં આવ્યું છે. પણ હકીકતે એ તમારી સાહજિક સ્થિતિ નથી. જન્મ પછી આપણે આપણી આધ્યાત્મિક શક્તિથી દૂર જઈએ છીએ અને આ નુકસાનગ્રસ્ત દુનિયા ઇચ્છે એ દિશામાં આગળ વધીએ છીએ. આપણે સર્જન, મદદ તથા સાહસને બદલે વધુ ને વધુ મેળવવા, સંગ્રહ કરવા અને સરખામણી કરવા લાગીએ છીએ. જાગૃત થઈ ગયેલા લોકો વહેલી પરોઢના સમયમાં શાંતિ અને સ્થિરતાના વાતાવરણમાં પોતાના આત્માની ઉન્નતિ (સોલસેટ) માટે કામગીરી કરે છે. વહેલી પરોઢે મેડિટેશન દ્વારા તમે દિવસની આગળની કામગીરી નિર્ધારિત કરી શકો છો. ગહન વિચારપૂર્વકનું આયોજન કરી શકો છો. એ દ્વારા તમે તમારી ક્ષમતાઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને એ દુનિયાને વધુ સારી બનાવી શકો છો જે તમારા જન્મ સમયે નહોતી. આવી કેટલીક બાબતો છે જેના દ્વારા તમે તમારા આત્માની ઉન્નતિ (સોલસેટ) કરી શકો છો.

તમારા બંનેમાં પણ એક સાહસિક, પ્રેમાળ અને અમર્યાદ શક્તિશાળી હીરો પડેલો છે. હું જાણું છું કે મોટાભાગના લોકો આ વિચારને હાસ્યાસ્પદ ગણે. પરંતુ હું જે કહું છું તે સાચું છે અને વિજયી કલાક દરમિયાન તમારા આત્માની ઉન્નતિ માટે સમય ફાળવીને તમે તમારી જાગૃતિ સુધારી શકો છો અને સંબંધોમાં પણ સુધારો કરી શકો છો. આથી તમારા અહંકારના કૂંડાળામાં કેદ થયા વિના તમે સતત સમાજની સેવા કરી શકો છો.

ઉદ્યોગકારને આખી વાત સમજાઈ હોય એ રીતે કહ્યું, અને આપણા માઇન્ડસેટ, હાર્ટસેટ, હેલ્થસેટ તથા સોલસેટની દૈનિક ધોરણે વધુ જાગૃતિ દ્વારા આપણે વધુ સારી પસંદગી કરી શકીએ છીએ અને રોજેરોજ વધુ સારાં પરિણામ હાંસલ કરી શકીએ છીએ, ખરું ને?

ધનિકે ખુશ થઈને માથું હલાવતાં કહ્યું, બરાબર છે. તદ્દન સાચી વાત છે.

તેમણે ઉમેર્યું, અને પ્લીઝ, હંમેશાં જીવનની સૌથી અગત્યની બાબતો પ્રત્યે ગંભીર રહો. એવી કોઈ કૃત્રિમતાથી ભરમાઈ ન જશો જે માનવ આત્માને ગૂંગળાવી નાખે તથા આપણી અંદર રહેલી શ્રેષ્ઠ બાબતોથી આપણને દૂર કરી દે.

ધનિક ઉદ્યોગપતિએ ખીસામાંથી વૉલેટ કાઢ્યું અને તેમાં સાચવીને મૂકેલા કાગળ ઉપર લખેલા ટૉલ્સ્ટૉયના શબ્દો વાંચી સંભળાવ્યા:

> એક શાંત દૈનિક ક્રિયા સાથે જેમની સાથે સારું બને છે તેવા લોકો માટે તેમજ જે લોકો એવી બાબતથી ટેવાયેલા નથી તેમના માટે ઉપયોગી કામ કરવાની સંભાવના; અને ત્યારબાદ કંઈક ઉપયોગી કામગીરીની આશા, ત્યારબાદ આરામ, કુદરત, પુસ્તકો, સંગીત અને પાડોશી માટે પ્રેમ – આટલી બાબતોને હું આનંદ માનું છું.

ઇતિહાસ રચનારનું ફોકસ #૪: દિવસનો પ્રારંભ

યાદ રાખો, તમારા પ્રત્યેક અગત્યના દિવસો તમારા જીવનની પ્રતિકૃતિ હોય છે. રોજેરોજ તમારા જીવનનું ઘડતર થતું હોય છે. આપણે આપણા ભવિષ્ય બાબતે એટલે ચિંતિત હોઈએ છીએ કે દૈનિક ધોરણે આપણા માટે જે મહત્ત્વનું હોય છે તેની ઉપેક્ષા કરતા હોઈએ છીએ અને છતાં આજે આપણે જે કંઈ કરીએ છીએ તેનાથી આપણું ભવિષ્ય નિર્માણ પામતું હોય છે. દૂર દેખાતા એક જહાજ તરફ નિર્દેશ કરીને મિ. રિલેએ કહ્યું, જીવન પેલા જહાજ જેવું છે. તે કઈ દિશામાં વળે તેના આધારે તેનું ગંતવ્ય બ્રાઝિલ તરફનું છે કે પછી જાપાન તરફનું એ નિર્ધારિત થતું હોય છે. જીવન પણ એવું જ છે. દિશાને આધારે ગંતવ્ય નિશ્ચિત થાય છે. દૈનિક ક્રિયામાં એક ટકાનો સુધારો કરો અને તે સાથે તમે તમારાં આગામી અઠવાડિયા, આગામી મહિના અને આગામી વર્ષોનું ભાવિ નિશ્ચિત કરશો. આવા રોજિંદા વ્યક્તિગત અને વ્યવસાયી સુધારાત્મક પગલાંને સ્પેલબાઇન્ડર સૂક્ષ્મ-જીત ગણાવે છે. વહેલી પરોઢના રૂટિનથી

શરૂ કરીને તમારી બિઝનેસ કુશળતા અને અંગત સંબંધો અંગે એક ટકા જેટલી વિચારણા કરવાથી ૩૦ દિવસમાં એ ૩૦ ટકા થાય છે અને એ દ્વારા જીવનને ૩૦ ટકા ઊર્ધ્વગતિ તરફ લઈ જઈ શકાય છે. જો આ પ્રમાણે ગણતરી ચાલુ રાખીએ તો વર્ષ દરમિયાન તમે ઓછામાં ઓછા ૩૬૫ ટકા ઊર્ધ્વગતિ કરી શકો છો. કહેવાનું તાત્પર્ય એ છે કે દૈનિક જીવન સુધારશો તો સમગ્ર જીવન આપોઆપ ભવ્ય બની જશે.

ઉદ્યોગકારે કહ્યું, અર્થાત્ રોજેરોજ નાના નાના ઓછા મહત્ત્વના લાગતા સુધારા સતત કરતા રહેવાથી સમય જતાં ઇચ્છિત પરિણામ મળે છે.

ધનિકે ખુશ થઈને કહ્યું, હા, સાચી વાત છે. પછી પોતાની જાત સાથે વાત કરતા હોય એમ મિ. રિલે બોલ્યા- જીવન સુંદર છે, અને મોડું થઈ જાય તે પહેલાં મારે આ બંને શ્રેષ્ઠ વ્યક્તિઓને એ દિશામાં મદદ કરવી છે.

પછી મોટેથી કહ્યું, બસ આ જ મુખ્ય મુદ્દો છે. સમજદાર સર્જકો અને હીરો બનવાની દિશામાં રોજિંદા પ્રયાસ કરતા લોકો સમજી શકે છે કે દરેક દિવસનું કેટલું મહત્ત્વ હોય છે. સતત કામગીરી કરવી એ જ શ્રેષ્ઠતાનું મુખ્ય પરિબળ છે અને જો તમે ઇતિહાસ રચવા માગતા હોવ તો નિયમિતતા એ જરૂરિયાત છે.

એ જ ક્ષણે ઉદ્યોગકારના ફોનમાં નોટિફિકેશન આવ્યું. તેમણે ફોનમાં નજર કરી અને જે મેસેજ હતો તે વાંચીને ડરથી ફફડી ઊઠ્યાં.

મેસેજમાં માત્ર આટલું લખ્યું હતું –

એ કિલર ઇઝ કમિંગ (હત્યારો આવે છે)

આટલા દિવસમાં મહિલા ઉદ્યોગકારની ઘણી નજીક આવી ગયેલા કલાકારે પૂછ્યું, બેબી, શું થયું?

ધનિકે પણ ઉદ્યોગકારનો ગભરાયેલો ચહેરો જોઈને પૂછ્યું, હા, શું થયું?

ઉદ્યોગકારે ભાંગ્યાતૂટ્યા શબ્દોમાં કહ્યું, એ.. તો... વેલ.. એ તો...

તેઓ ગભરાટથી ઘૂંટણભેર બેસી ગયાં, પછી જોકે તરત ઊભા થઈને બોલ્યાં, વધુ એક હત્યાની ધમકી આવી છે. તેઓ મને કહે છે કે મારી હત્યા કરવા કોઈ આવી રહ્યું છે. રોકાણકારો ફરી કંપની છોડી દેવા ધમકી આપે છે. પછી બંને પુરુષને સંબોધીને ઉદ્યોગકારે કહ્યું, સાચું કહું તો હું કંપની છોડવાની નથી. તેનું નિર્માણ મેં કર્યું છે. હું જે કરું છું તે મને પસંદ છે. મારી ટીમ માટે હું ગમે તે કરીશ. અમારાં ઉત્પાદનો અસાધારણ છે અને બિઝનેસ વધ્યો હોવાથી મને ઘણી રાહતની લાગણી થાય છે. હું તેમની સામે લડી લેવા તૈયાર છું.

ધનિકે વિશ્વાસપૂર્વક કહ્યું, સ્થિતિ સંભાળી લઈશું. બસ માત્ર તમને જે કંઈ શીખવવામાં આવ્યું છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. અહીં મોરિશસમાં મારી સાથે આનંદથી જીવો અને મારા આ ટૅટૂવાળા (કલાકાર) મિત્ર સાથે તમારો જે પ્રેમસંબંધ પાંગરી રહ્યો છે તેને માણો. આગેવાન, પરફૉર્મર તેમજ માનવ તરીકેની તમારી કુદરતી ક્ષમતાઓ પ્રત્યે સભાનતા કેળવો. તમે બંને જે પ્રગતિ કરી રહ્યા છો એ જોઈને મને ખરેખર આનંદ થાય છે. તમે વધુ હિંમતવાન, તાણથી હળવા અને વધુ શાંતિનો અનુભવ કરતા હોય એવું સ્પષ્ટ દેખાય છે. તમારા માટે એ સારી વાત છે.

ફોનમાં આવેલા મેસેજને કારણે અનુભવેલા આઘાતમાંથી બહાર આવ્યાં હોય તેમ ઉદ્યોગકારે કહ્યું, જેમ જેમ દિવસો પસાર થઈ રહ્યા છે તેમ પાંચ વાગ્યે ઊઠવાનું સહેલું લાગે છે. તમે જે કંઈ વાતો કહો છો તે મૂલ્યવાન છે. મને ઘણું જાણવા મળે છે. હું વહેલી તકે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા શીખીને તેનો અમલ કરવા માગું છું. સૂર્યોદય થાય તે પહેલાં હું યોગ કરું છું તેમજ દરિયાકાંઠે ચાલું છું અને કોઈ વધુ નિર્ધારિત પ્રક્રિયા માટે મને મદદ મળે તો ગમશે. હું જાણું છું તમારી પાસે એવી પ્રક્રિયા છે, પરંતુ અત્યાર સુધી જે ફિલૉસૉફીની વાત થઈ તે ઘણી મદદરૂપ બની છે.

ચોક્કસ પ્રક્રિયા તો ટૂંક સમયમાં જણાવીશ. પણ હાલ તમને બંનેને એ જણાવવા માગું છું કે હું જે કૉન્સેપ્ટની વાત કરું છું તે ધ ડે સ્ટેકિંગ ફાઉન્ડેશન તરીકે ઓળખવામાં આવે છે. જીતવાની શરૂઆત નિશ્ચિતપણે પ્રારંભે થતી હોય છે. વહેલી સવાર તમારી છે અને જે તે દિવસની ગુણવત્તાનો આધાર પણ તેના ઉપર રહેલો છે. તમારો દિવસ વહેલી પરોઢે શરૂ થશે તો મુશ્કેલ સમયમાં પણ નિશ્ચિતપણે તમે વધુ ઊર્જાવાન, સર્જનાત્મક, આત્મવિશ્વાસથી સભર અને ખુશખુશાલ રહી શકશો. ઠીક છે, હવે તમે જાવ અને સાથે મળીને મજાનો દિવસ પસાર કરો. મને જ્હોન કિટ્સના એ શબ્દો ખૂબ ગમે છે, જેમાં તેમણે લખ્યું હતું – હું ઇચ્છું કે આપણે પતંગિયાં હોત અને ઉનાળાના ત્રણ દિવસ જીવ્યા હોત – પચાસ વર્ષના સહજીવન કરતાં તારી સાથેના આવા ત્રણ દિવસ વધારે આનંદદાયક હોત. કેટલું સરસ કહ્યું છે, ખરું ને?

તદ્દન સાચી વાત છે. સંપૂર્ણ સંમત, તેમ કલાકારે કહ્યું.

અને આવતી કાલે આપણે કેટલા વાગ્યે મળીશું સાથીઓ? ધનિકે પોતાને ઇચ્છિત જવાબની આશા સાથે પ્રશ્ન કર્યો.

ઉદ્યોગકાર અને કલાકાર બંને એકસાથે બોલ્યાં – સવારે પાંચ વાગ્યે.

પ્રકરણ ૧૧

જીવનચક્રનાં મોજાં ઉપર સવારી

"દુનિયાની શ્રેષ્ઠતમ વસ્તુઓને જોઈ કે સાંભળી નહી પરંતુ માત્ર હૃદયથી અનુભવી શકાય છે." – **હેલેન કેલર**

ઉદ્યોગકાર બાળપણમાં બોટિંગ શીખ્યાં હતાં. તેમના યુવા ચહેરા પર ખારા પાણીની છાલકનો રોમાંચ આ વિશાળ દરિયા પર તેમને સ્વતંત્રતાનો અનુભવ કરાવતો હતો. પોતે નૌકા ચલાવવાનું કેમ બંધ કરી દીધું તેનું પોતાને જ આશ્ચર્ય હતું. પળવાર તેમને લાગ્યું અને સ્વીકાર્યું કે, પોતે એવા અનેક પ્રયત્ન-વ્યવસાય પડતા મૂકી દીધા હતા જેને કારણે જીવનમાં સુમેળ સધાયો હતો. વિશાળ અને અનંત હિંદ મહાસાગર પર સરકી રહેલી એક નાનકડા જહાજ સમી નાવમાં સફર માણતાં તેમણે અનુભવ્યું કે પોતે સાચા અર્થમાં મુક્ત હતાં અને વિશાળ અર્થમાં જીવંત.

આપણી પાસે કેટલી સંપત્તિ છે, આપણે કેટલી સિદ્ધિ મેળવી છે, આપણો પ્રભાવ સમાજ પર કેવો છે તેના આધારે આપણો સમાજ અને સંસ્કૃતિ આપણી સફળતાને માપે છે. ઉદ્યોગકારે વિચાર્યું, જ્યારે સ્પેલબાઇન્ડર અને મિ. રિલે જ્યારે આવી જીત મહત્ત્વની છે તે વાત સાથે સંમત છે ત્યારે તે મને તે સ્વીકારવા પ્રેરે છે કે હું મારા જીવનને અન્ય ધોરણો વડે કેટલી સારી રીતે જીવી રહી છું. મારામાં રહેલી કુદરતી શક્તિઓ સાથેનું મારું જોડાણ અને મારી આધારભૂતતા સાથેની મારી આત્મીયતા અને મારા શારીરિક આભામંડળ તેમજ અદ્ભુત આનંદ દ્વારા હું આ જીવનને સાર્થક રીતે જીવી રહી છું. સફળતાને વધુ સારી રીતે જોવાનો આ વધુ સારો માર્ગ છે. બંને વસ્તુઓ પ્રાપ્ત કર્યા બાદ આત્મશાંતિ.

તેના સ્પેલબાઇન્ડરની કૉન્ફરન્સ વખતનો સમય અને પ્રિસ્ટિન ટાપુ પરના તેમના આ સુંદર દિવસો, અભિવાદન કરતા લોકો અને અજાણ્યા પ્રત્યે પણ અહોભાવની લાગણી દર્શાવતા લોકો તેમનામાં સર્જનાત્મક, સમૃદ્ધિભર્યા જીવન વિશેની સમજશક્તિની નાનામાં નાની અને મોટામાં મોટી બાબતોને પ્રોત્સાહિત કરતા હતા.

ઉદ્યોગકાર અનુભવી રહ્યાં હતાં કે તે જાણે પોતે મશીન મટીને નવેસરથી મનુષ્ય તરીકે આકાર પામી રહ્યાં હતાં. પોતાની મહાન ટેક્નોલૉજી હવે તેમના માટે અનિવાર્ય રહી ન હતી. તેમણે અગાઉ ક્યારેય પોતાને આટલાં રચનાત્મક માન્યાં નહોતાં કે ક્યારેય તે જીવનની કોઈ ચમત્કારિક અજાયબી માટે તૈયાર ન હતાં. દરરોજ પૃથ્વી પર અવતરતા આવા આશીર્વાદ માટે તે ક્યારેય એટલાં જાગૃત નહોતાં. તેમને એ યાદ પણ ન હતું કે છેલ્લે ક્યારે તે કોઈ માટે આભારવશ બન્યાં હતાં. હા, તેમણે જે અનુભવો મેળવ્યા હતા તે માટે પોતે નિર્વિવાદપણે કદરદાન બન્યાં હતાં. તેમને સમજાયું

હતું કે જીવનની મુશ્કેલીઓએ તેમને વધુ મજબૂત બનાવ્યાં હતાં અને તેમને વધારે વાસ્તવદર્શિતા, શાણપણ અને કુતૂહલ આપ્યાં હતાં. રસપ્રદ અને અનેકવિધ રંગો ધરાવતી જિંદગીએ તેમને ઘણા ઘાવોનાં નિશાન આપ્યાં હતાં અને પોતે તેને સમજવા લાગ્યાં હતાં.

પોતે હવે વધુ હિંમત દાખવીને રોકાણકારો સાથેની મુશ્કેલીઓ સામે બાથ ભીડશે તેવું તેમણે પોતાની જાતને વચન આપ્યું. ભાગીદારો દ્વારા તેમની કંપનીને 'ટેક ઓવર' કરવાના પ્રયત્નોને સ્વાભાવિકપણે તેમનામાં પણ આપણા તમામમાં હોય છે તેવી સામનો કરવાની વૃત્તિ જગાવી. આપણામાં ભય, અસુરક્ષિતતા અને મર્યાદાઓનું પડ હોય છે, જે આપણે આપણા જીવનના એક ભાગ તરીકે સ્વીકારી લેતા હોઈ છીએ. તેના અવિશ્વાસુ ભાગીદારોનું વર્તન હવે તેમને બહાદુર, વધુ યોગ્ય અને વધુ મક્કમ બનાવી રહ્યું હતું. ઘણી વાર, એક ખરાબ અનુભવ, આપણે જે બનવું હોય તે સારા અનુભવ કરતાં વધુ સારી રીતે શીખવી જતો હોય છે અને અનેક સખત માણસોની આ દુનિયામાં જેમણે પોતે ખરેખર તેઓ સાચા લોકો હોવાની ઓળખ ગુમાવી છે, તેણે પોતાની મૉડલ તરીકેની કુનેહ, આવડત અને ટકી રહેવાની ભાવના અને પોતાની દયાવૃત્તિ હંમેશાં યાદ રાખવાની મનોમન પ્રતિજ્ઞા લીધી.

કલાકાર અને ઉદ્યોગકાર સ્વચ્છ પાણીમાં પોતાની લાકડાની નાનકડા જહાજ જેવી નૌકા હંકારી રહ્યાં હતાં. દરિયાકાંઠાની આસપાસનાં જોખમી કોરલ પથ્થરો અને બીચથી દૂર દૂર જ્યાં ધનિકે સવારે સૂચના આપી હતી ત્યાં વિશાળ જમીન નજરે પડી જે અંગે મિસ્ટર રિલેએ સૂચવ્યું હતું કે ઉદ્યોગકાર અને તેમનો કલાકાર પ્રેમી એક અદ્ભુત પિકનિક માણી શકશે.

બાજુમાં બેઠેલી વ્યક્તિ માટે પોતાનામાં તેણે અદ્ભુત આકર્ષણ અનુભવ્યું. તેઓ બંને તદ્દન જુદા જ ક્ષેત્રનાં હોવા છતાં બંનેનું એકબીજા પ્રત્યેનું ખેંચાણ નકારી ન શકાય તેવું હતું. જાણે બે આકાશગંગા સ્વેચ્છાએ એકબીજા સાથે ટકરાઈ હતી. બંનેની જીવનપદ્ધતિ અને રીતભાત તદ્દન ભિન્ન હતાં છતાં બંને વચ્ચેનો સુમેળ એવો હતો જે ઉદ્યોગકારે અગાઉ ક્યારેય અનુભવ્યો ન હતો. તેમની માતાએ એક વાર તેમને કહ્યું હતું કે જો જીવન દરમિયાન બે કે ત્રણ વાર પ્રેમમાં પડવાનું સદ્ભાગ્ય સાંપડે તો એ તમામ સંબંધ પૂર્ણ રીતે માણવા અને યાદગાર બનાવવા જોઈએ.

તેના જોડીદારની કલાસૂઝે કામણ કર્યું હતું. મહાન કલાકાર બનવાની તેની જીદથી તેના પ્રત્યે તે આકર્ષાયાં હતાં. પ્રસંગોપાત્ત તેની કઠોરતા તેમને જાણે પડકાર આપી રહી હતી. તેનો મજાકિયો સ્વભાવ પ્રભાવિત કરતો હતો. તેની કરુણાએ તેમને અંદરથી આંદોલિત કર્યાં હતાં અને તેની કાળી ભમ્મર આંખોએ કામણ કર્યાં હતાં.

નૌકા થોડે દૂર પહોંચી ત્યારે કલાકારે કહ્યું, ‘આ રીતે અહીં, બહાર, બધાથી દૂર આવવા મળ્યું એ સારું થયું. સતત શીખવાની પ્રક્રિયામાંથી મારે ખરેખર એક નાનકડા અવકાશની જરૂર હતી. મને તમામ માહિતી ખૂબ ગમે છે. મિ. રિલે તરફથી મને ઘણું બધું જાણવા મળી રહ્યું છે. યાર, ખરેખર તેઓ એક ખજાનો છે. પણ મારું દિમાગ હવે ભરચક્ક છે, થોડી વાર માટે વિચારવાનું બંધ કરવું છે. થોડી વાર માટે આનંદ માણવો છે અને જિંદગી માણવી છે. અહીં બહાર, માત્ર તારી સાથે રહેવું એ મારા માટે ખાસ છે.’

આભાર, ઉદ્યોગકારે જવાબ આપ્યો. દરિયાપરની હવામાં તેના સુંદર વાળ ફરફરી રહ્યા હતા, પણ તેની આંખો સતત તેની સામેના પાણી પર ખોડાયેલી હતી.

હું તેને જ્યારે કૉન્ફરન્સમાં મળી ત્યારથી અત્યાર સુધીની આ શ્રેષ્ઠ ક્ષણ છે તેમ કલાકારે મનોમન વિચાર્યું. તેમણે ઉદ્યોગકારના ખભા ફરતે હાથ વીંટાળ્યો. તેમણે પણ કોઈ રીતે કોઈ વાંધો ન દર્શાવ્યો. સુંદર રંગો વડે રંગેલું નાનકડું જહાજ દરિયામાં અંદર ને અંદર સરકી રહ્યું હતું.

તેઓ જ્યાં જવા નીકળ્યાં હતાં તે ટાપુ થોડી જ વારમાં સ્પષ્ટ દૃશ્યમાન થવા લાગ્યો.

ધનિકની ટીમે ખૂબ જ અદ્ભુત પિકનિકની તક આપી છે, ઉદ્યોગકારે નોંધ્યું. ત્યાં છીછરા પાણીમાં આપણે લંગર નાખીએ અને કિનારાની સફેદ રેતીમાં લંચ કરીએ તો કેવું?

ભોજનથી તૃપ્ત થયેલાં સિગલ્સથી જાણે ટાપુ ઘેરાયેલો હોય તેવું લાગતું હતું, કેટલાક સિગલ્સ પોતાની પીળી ચાંચમાં તરફડતી જીવતી માછલીઓ સાથે ઉત્સાહમાં હોય તેમ જણાતાં હતાં. ભીના અને વિશાળ કિનારા પર વિશાળ કાચબા જાણે તેમનું શાસન હોય તેમ ટહેલી રહ્યા હતા.

સુંદર, કલાકારે જવાબ આપ્યો. મને તો આવું ખૂબ જ ગમે છે, બોલતાં બોલતાં જ તેણે બિન્ધાસ્તપણે પોતાનું શર્ટ ઉતાર્યું અને ધબાકાભેર દરિયામાં ઝંપલાવ્યું.

બંનેએ શેકેલા મસાલેદાર પ્રોન અને તાજી કેરીનું કચુંબર, ઇટાલીથી હવાઈમાર્ગે સવારમાં લવાતાં પીકોરીનો ચીઝના ભોજનનો આનંદ માણ્યો. જમ્યા પછી ડેઝર્ટમાં તેમને અનાનસ, તરબૂચ અને કીવીનાં લચીલાં ફળો પીરસવામાં આવ્યાં હતાં.

દુનિયાથી અલગ શાંતિપૂર્ણ એવા આ અભયારણ્યમાં ભોજન બાદ આરામ કરતાં કરતાં ઉદ્યોગકારે વિશ્વની સૌથી મોટી કંપનીઓના નિર્માણ માટે પોતાની ઇચ્છા વ્યક્ત કરી, પોતાનું એક પ્રામાણિક ઔદ્યોગિક સામ્રાજ્ય સ્થાપવાની અને પછી, કદાચ, ઇબિઝાની ગામઠી શૈલીમાં નિવૃત્ત થવાની ઇચ્છા અંગેનો ઉલ્લેખ કર્યો. પોતાના દુઃખદાયી

બાળપણ, પોતાના પિતાના હિંસક વલણને કારણે માતા-પિતાના છૂટાછેડાને પરિણામે તેણે ભોગવેલી માનસિક પીડાને કારણે તેણે ઘણું જ સહન કર્યું હતું. પોતાના નિષ્ફળ સંબંધો અંગે તેણે વિસ્તારથી જણાવ્યું, જેને કારણે તે પોતાના કામમાં ધ્યાન પરોવી શકતાં નહોતાં. સાથે જ જ્યારે પોતાનો વ્યવસાય આગળ ન ધપતો હોવાને કારણે તેમણે અનુભવેલી એકલતા અંગે પણ વાત કરી.

તે નિષ્ફળ સંબંધો ન હતા, તેમ તરબૂચ મમળાવતાં કલાકારે કહ્યું. તે સંબંધોએ તને એ બનાવી છે જે અત્યારે તું છે, ખરું? અને મને એ ગમે છે જે તું અત્યારે છે, ખરેખર તો હું, તેને પ્રેમ કરું છું જે તું છે.

કલાકારે એ મહિલા ઉદ્યોગકારને કિસ કરી.

ઉદ્યોગકારે પૂછ્યું, આ વાત કહેવામાં તમને આટલી વાર શા માટે લાગી?

કલાકારે સ્વીકાર્યું, મને ખબર નથી. મારા આત્મવિશ્વાસે મને લાંબા સમય સુધી સાથ ન આપ્યો. પરંતુ, સ્પેલબાઇન્ડરના સેમિનાર દરમિયાન તારી મુલાકાત, અને ત્યાં અનુભવાયેલા તારા વાઇબ્રેશન્સે મને આ સાહસ બક્ષ્યું...મને ખબર નથી. પણ હું માનું છું કે તેના કારણે ફરીથી મારો મારામાં વિશ્વાસ વધ્યો છે. કોઈ સામે ખુલ્લા દિલે વર્તવું ખૂબ સારું લાગી રહ્યું છે. મારે આજે તેનું ચિત્ર બનાવવું જોઈએ, મને ખબર છે કંઈક સુંદર બનવા જઈ રહ્યું છે.

હા, તારે તે કરવું જોઈએ, ઉદ્યોગકારે તેને ઉત્સાહ આપ્યો, મને પણ એવું લાગે છે. તું ખૂબ ખૂબ સફળ અને પ્રસિદ્ધ ચિત્રકાર બનવા જઈ રહ્યો છે.

અને થોડો સમય રોકાઈને ઉદ્યોગકારે ઉમેર્યું, હું પણ તને પ્રેમ કરું છું.

5 એ.એમ. ક્લબનાં આ બંને નવાં સભ્યો જ્યારે પ્રેમભરી વાતચીત દ્વારા એ ક્ષણ માણી રહ્યાં હતાં તે જ સમયે અચાનક જ જોરદાર હિપ-હોપ મ્યુઝિક શરૂ થયું. પાણીમાં સીધા લિસોટા અને વમળો શરૂ થયાં. બંનેએ એ તરફ જોયું તો સ્ટોન રિલે, માથા પર પહેરેલી અને ગળે બાંધેલી વિશાળ ફેલ્ટ હૅટ પહેરીને જેટ-સ્કી કરી રહ્યા હતા. વિશાળ ટોપી પર ચાંચિયાઓના ધ્વજ પર હોય તેવું બે હાડકાં વચ્ચે ખોપરીનું નિશાન દર્શાવેલું હતું.

થોડા જ સમયમાં તે પણ કિનારા પર પહોંચી બંને પ્રેમીઓ સાથે ગોઠવાયા. તેમણે પણ શેકેલા મસાલેદાર પ્રોન અને તાજી કેરીનું સલાડ અને તરબૂચનો આંનદ માણ્યો. થોડી જ વારમાં મિ. રિલે બંને પ્રેમીઓના હાથ ઝાલીને ટહેલતા દેખાયા.

આ માણસ ખરેખર વિચિત્રતાની હદે અદ્ભુત હતો અને શ્રેષ્ઠ માનવીય હીરો પણ હતો. ઉદ્યોગકાર અને કલાકારે એકબીજા સામે જોયું, ધનિકે જેમ કર્યું હતું તેમ તેમણે હાથ મિલાવ્યા, તાળીઓ પાડી અને હળવાશથી હસી પડ્યાં.

છીછરા પાણીમાં, પ્રચંડ સંગીત વચ્ચે પોતાની જેટ-સ્કી પરથી ધનિકે બૂમ પાડી, તમને બંનેને મેં ખૂબ યાદ કર્યા. આશા છે તમારી આ પિકનિકમાં હું કબાબમાં હડ્ડી નથી બન્યો. તેમણે વાત ચાલુ રાખી. કોઈ જવાબની રાહ જોયા વિના જ તેમણે મ્યુઝિકનું વૉલ્યુમ વધાર્યું અને સાથે જ ગાવાનું શરૂ કર્યું.

જોરદાર કર્કશ ધૂન, બરાબર ને? તેમણે મોટા અવાજે પૂછ્યું.

હા, ખરેખર કલાકારે સહજભાવે જવાબ આપ્યો.

સ્વિમિંગ, ડાન્સિંગ, સિંગિંગ અને ખૂબ બધી વાતોમાં ત્રણેયે યાદગાર બપોર વિતાવી. ધનિક તરફથી તે રાત્રે કિનારા પર એક અદ્ભુત ડિનર કાર્યક્રમ ગોઠવાયો જેમાં ક્રિમ રંગના દિવડા જાણે હજારો મીણબત્તી જેવા લાગતા હતા.

સુંદર મજાના લેનિનથી ઢંકાયેલા લાકડાના એક લાંબા ટેબલ પર, પ્લેટ્સમાં સુંદર રીતે ભોજન પીરસવામાં આવ્યું હતું. રાત્રિભોજનમાં સ્પેલબાઇન્ડરે પણ હાજરી આપી હતી.

ધનિક સાથેની વાતોને તેઓ એકબીજાને કહી રહ્યા હતા ત્યારે મિ. રિલેના કેટલાક મિત્રો પણ પછીથી બોંગો વગાડવા, અદ્ભુત ભોજન માણવા અને શ્રેષ્ઠ વાઇન પીવા માટે આવ્યા. પ્રોફેશનલ અને સ્વાભાવિક રીતે જ આવકાર કરવામાં હોશિયાર એવા એટેન્ડન્ટોને પણ આ ઉજવણીમાં ભાગ લેવા જોડવામાં આવ્યા હતા. આ ઉજવણી ખાસ હતી, વાસ્તવિક હતી.

ઘરના ફ્રીજ પર પોતાના પિતાએ લગાડેલું એક વાક્ય ઉદ્યોગકારને તરત જ યાદ આવ્યું. તે સ્વબળે આગળ આવેલા લેખક ડેલ કાર્નેગીનું વાક્ય હતું : માનવ સ્વભાવની સૌથી દુઃખદ વાત એ છે કે તે જીવવાનો આનંદ લેવાનું છોડી દે છે, ક્ષિતિજમાં તેના માટે ગુલાબનો બગીચો ઊગી આવે તેવા ચમત્કારનાં તે સ્વપ્નો જુએ છે પણ પોતાની બારીની બહાર ઊગેલા, મહોરી રહેલા ગુલાબનો આનંદ લેતો નથી.

ઉદ્યોગકારને પોતાના પર જ હસવું આવ્યું. તેમણે નક્કી કર્યું કે હવે આનંદપૂર્વક જીવવાની કોઈ તક નહી છોડે. તેમને એક સારા માણસ સાથે પ્રેમ થયો હતો એટલું જ નહી પરંતુ પોતાની અદ્ભુત જિંદગી જીવવાની લાલસાના અનુભવની આ શરૂઆત હતી.

વહેલી સવારે પાંચ વાગ્યે, શાંતિનો ભંગ કરતો હોય તેમ હેલિકૉપ્ટરનો અવાજ સંભળાયો. ધનિકને આપેલા વચન અનુસાર ઉદ્યોગકાર અને કલાકાર દરિયાકિનારે રાહ જોતાં હતાં. તેમણે મજબૂતીથી એકમેકના હાથ પકડ્યા હતા અને ધનિકે કહ્યા અનુસારના હવે પછીના તેમના પાઠ ભણવા માટે રાહ જોઈ રહ્યાં હતાં. પણ ધનિકનો તો ક્યાંય અતોપતો ન હતો.

ધનિક ઉદ્યોગપતિના ઘરમાંથી એક સહાયકે ઝડપથી આવી અને એકદમ વિનયી રીતે કહ્યું, મિ. રિલેએ તમને તેમના હેલિપૅડ સુધી લઈ જવા મને જણાવ્યું છે. તેમની પાસે તમારા માટે એક મોટી ભેટ છે. આપણે ઉતાવળ કરવી પડશે, પ્લીઝ, સમય કટોકટ છે.

ત્રણેયે દરિયાકિનારા પર લગભગ દોટ મૂકી. ભીના છોડ અને વૃક્ષો વચ્ચેથી, તેઓ જડીબુટ્ટીઓના બગીચા પાસેથી પસાર થયાં, જેના પર લાકડાની પટ્ટીઓ પર પ્રસિદ્ધ અગ્રણીઓનાં અવતરણો ટાંક્યાં હતાં, એક પર લખ્યું હતું, પરવાનગી વિના પ્રવેશ કરનારને ખાતર બનાવી નખાશે અને અંતે તેઓ સરસ મજાના ઘાસના મેદાનમાં આવી પહોંચ્યાં. તેની વચ્ચે વહેલી પરોઢના અજવાળામાં એક ચમકતું અને રોટરનો ઘોંઘાટ કરતું હેલિકૉપ્ટર દેખાયું.

હેલિકૉપ્ટરની અંદર માત્ર એક પાઇલટ દેખાતો હતો. તેણે એવિએટર ચશ્માં, કાળી અને સપાટ બેઝબૉલ કૅપ અને કાળો યુનિફૉર્મ પહેર્યાં હતાં. ઉદ્યોગકાર અને કલાકાર અંદર આવ્યાં પછી પાઇલટે હેલિકૉપ્ટરના કંટ્રોલ્સ સંભાળ્યા અને ક્લિપબોર્ડ પર લગાવેલા બોર્ડ પર કંઈક નોંધ્યું.

ઉદ્યોગકારે ખૂબ જ ઉત્સાહ સાથે પાઇલટને કહ્યું, ગુડ મૉર્નિંગ, મિ. રિલે ક્યાં છે? પાઇલટે કોઈ જવાબ ન આપ્યો. તેણે ડાયલ ઘુમાવ્યું, અને ફરીથી પેલા સફેદ કાગળ પર કંઈક નોંધ્યું.

ગુડલક, તમારી હવાઈ યાત્રા સુખદ રહો, જાહેરાત થતાંની સાથે જ મહિલા સહાયકે સીટબેલ્ટ સરખા કરીને એકમેકને વહાલથી ચીપકીને બેઠેલાં પોતાના બંને ખાસ મહેમાનોનાં માથાં પર માઇક્રોફોન્સ ધરાવતાં હેડફોન્સ પહેરાવી દીધાં.

ગુસ્સે થતાં કલાકારે પૂછ્યું, આપણે જઈ ક્યાં રહ્યા છીએ?

કોઈ જવાબ મળ્યો નહીં. ધડામ કરતો દરવાજો બંધ થયો.

એન્જિનનો અવાજ વધ્યો. પાઇલટ દેખીતી રીતે જરાય મૈત્રીપૂર્ણ ન હતો. અવિશ્વસનીય જેવાં ચિહ્નો સાથે તેણે કંટ્રોલ સ્ટિકને ધકેલી. ઘાસના મેદાન પરથી હેલિકૉપ્ટર ઊડવા લાગ્યું. અચાનક જ હેલિકૉપ્ટર ડાબી તરફ ઝૂક્યું અને જમીન સાથે ધડાકાભેર અથડાવાનું હોય તે રીતે ઊતર્યું અને પછી ધીરે ધીરે ઉપરની તરફ ઊંચકાયું.

સત્યાનાશ, કલાકાર બરાડ્યો, પાઇલટને આવડતું નથી લાગતું, મને નફરત થાય છે તેનાથી.

શાંત થાવ, બધું સારું થશે, ઉદ્યોગકારે તેને સાંત્વન આપ્યું. તે એકદમ શાંત, સુરક્ષિત અને પોતાના પર સંપૂર્ણ નિયંત્રણ હોય તેમ સ્વસ્થ જણાતાં હતાં. વહેલી

સવારની તાલીમ અત્યારે તેમને કામ આવી રહી હતી. તેમણે કલાકારને પોતાની પાસે ખેંચ્યો. હું, અહી જ છું, આપણે સુરક્ષિત રહીશું. આ મુશ્કેલીનો જલદીથી અંત આવશે.

થોડી જ વારમાં હેલિકૉપ્ટર ઊંચા આકાશમાં પહોંચ્યું અને સ્થિર અને શાંત રીતે ઊડવા લાગ્યું. પાઇલટ ચૂપચાપ, ડાયલ અને નિયંત્રણો સાથે કંટાળાજનક રીતે ગૂંથાયેલો હતો. પોતે બે મુસાફરોને લઈ જઈ રહ્યો હોય તે બાબતે જાણે બેખબર હતો.

મેં આવું ઘડિયાળ અગાઉ જોયું છે. પાઇલટના પાતળા કાંડા પર લાગેલું મોટું ઘડિયાળ જોઈ કલાકારે વિચાર્યું.

સ્પેલબાઇન્ડરના પ્રેઝન્ટેશન સમયે સ્ટોનના હાથમાં પણ આવું જ ઘડિયાળ હતું, દાળમાં કંઈક કાળું છે. તેણે મનોમન વિચાર્યું. કલાકારને પરસેવો છૂટી ગયો.

તમારી સવારના માલિક તમે બનો, તમારા જીવનને ઊંચે લઈ જાઓ હેલિકૉપ્ટરના આગળના ભાગમાંથી ગાવાનો અવાજ સંભળાયો.

સાથીઓ, 5 એ.એમ.ના સભ્યપદનો આનંદ માણી રહ્યાં છો ને? રૅપ સૉંગ ગાતો હોય તેવી અદામાં તેણે કહ્યું, હવે પછી તમને મળનારી સરપ્રાઇઝ તમને આશ્ચર્ય પમાડશે. તમે તેના પ્રેમમાં પડી જશો. પ્રસિદ્ધ નેતાઓ, સર્જનાત્મક પ્રતિભાઓ, મહાન મહિલાઓ અને પુરુષોની દુનિયામાં સવારના કાયમી રૂટિન પ્રમાણે નવો પાઠ શીખવા નવો દેશ.

પાઇલટે તેનું માથું પાછળ ફેરવ્યું, ઝડપથી પોતાના સનગ્લાસ ઉતાર્યા અને એક મોટો ઓડકાર ખાધો.

તે ધનિક જ હતા.

અરે, મિત્રો, તમારા જેવા સુંદર મિત્રોને ગભરાવવાનો મારો કોઈ ઇરાદો ન હતો. તમે જાણો છો મારી પાસે હૅલિકૉપ્ટર ઉડાવવાનું લાઇસન્સ છે. મિ. રિલેએ જાણે પોતે માફી માગી રહ્યા હોય તે રીતે કહ્યું.

કલાકારે કહ્યું, ચોક્કસ. જોકે, કલબમાંનો જુગારી પોતાની છેલ્લી ચિપને જે રીતે પકડી રાખે તે રીતે તેમણે ઉદ્યોગકારને પકડી રાખ્યાં હતાં.

ધનિકે કહ્યું, વર્ષો પહેલાં આ મેં લીધું હતું. હેલિકૉપ્ટર અદ્ભુત વાહન છે, પણ હમણાં ઘણા સમયથી મારી વ્યાવસાયિક દોડધામને કારણે સમય ફાળવી શકાતો નથી, ખરાબ ટેકઑફ બદલ માફી ચાહું છું, મને લાગે છે મારે વધુ પ્રૅક્ટિસની જરૂર છે.

તો આપણે ક્યાં જઈ રહ્યાં છીએ? ઉદ્યોગકારે ચામડાની આરામદાયી બેઠકમાં સરખી રીતે ગોઠવાતાં પૂછ્યું.

આગ્રા. ધનિકે માત્ર એક શબ્દમાં જવાબ આપ્યો.

તેનો અર્થ શું? કલાકારે પૂછ્યું, આગ્રા શું છે?

હું તમને લોકોને ઍરપૉર્ટ પર લઈ જઈ રહ્યો છું, ધનિકે કહ્યું, જીવનભરના શ્રેષ્ઠ એડવેન્ચર માટે આપણે ચાલતા રહેવાનું છે.

આપણે મોરિશિસ છોડી રહ્યાં છીએ? નિરાશા સાથે ઉદ્યોગકારે પૂછ્યું.

તમારે અમને હજુ ઘણું શીખવવાનું છે તેનું શું? કલાકારે પૂછ્યું. તમે તો કહ્યું હતું કે ૨૦/૨૦/૨૦ ફૉર્મ્યુલા જે અમારી જિંદગીમાં ક્રાંતિ લાવી દેશે, તે હજુ અમે શીખ્યા નથી. તમે કહ્યું હતું કે 5 એ.એમ. પદ્ધતિનો તે પાયો છે, હું તે શીખવાની રાહ જોઈ રહ્યો છું, પોતાની હથેળીમાં મુઠ્ઠી પછાડતાં ઉમેર્યું, અને મોરિશિસ મને ખૂબ ગમે છે, હું તેને છોડવા માટે તૈયાર ન હતો.

હું પણ, કહીને ઉદ્યોગકારે પણ તેમાં સહમતી દર્શાવી. મને યાદ છે, તમે અમને વચન આપ્યું હતું કે તમે સવારે વાગ્યે જાગ્યા પછીની તમામ યુક્તિઓ વિશે અમને વિગતે સમજાવશો અને સ્પેલબાઇન્ડરની કૉન્ફરન્સ વખતે તમે પ્રૅક્ટિકલ પ્રોડક્ટિવિટી હેક્સ શીખવવાનું વચન આપ્યું હતું જેનાથી હું મારા વ્યવસાયનો વિસ્તાર કરી શકું અને સાથે જ મારું ભાવિ ઘડવા માટે યોગ્ય ટેક્નિકનો ઉપયોગ કરી શકું અને મેં અને મારા મિત્રે હજુ માત્ર એક પિકનિક માણી છે, જેને પણ તમે અચાનક મોટા મ્યુઝિક અને જૅટ સ્કી વડે ખલેલ પહોંચાડી હતી..!

થોડી વાર માટે કોઈ કંઈ બોલ્યું નહીં. પછી ધીરે રહીને હેલિકૉપ્ટરમાં અન્ય તમામ મોટેથી હસવા લાગ્યાં.

શાંત થાઓ મિત્રો ધનિકે કહ્યું, મારું ઘર તમારું જ છે, તમે ઇચ્છો ત્યારે મોરિશિસ આવી શકો છો. હું તે જ વિમાન અને તે જ ચાલકને મોકલીશ. આ વખત જેટલો જ હું અને મારી ટીમ તમને આદર અને પ્રેમ આપીશું. કોઈ જહેમત નહીં પરંતુ હંમેશાં મદદ માટે તૈયાર.

હેલિકૉપ્ટરનું વધુ એક ડાયલ સેટ કરતાં તેમણે ઉમેર્યું, આપણા માટે રનવે પર પ્લેન રાહ જોઈ રહ્યું છે. તમે પ્રેમીપંખીડાં, ખૂબ સારા વિદ્યાર્થી સાબિત થયાં છો. પ્રથમ કક્ષાનાં. ધીરજપૂર્વક તમે સ્પેલબાઇન્ડરના તમારા પાઠ શીખ્યા છો. તમે હંમેશાં નિયમિત રહ્યાં છો. મેં તમારા તમામ અભ્યાસ અને તેની પ્રગતિ ધ્યાનપૂર્વક જોયાં છે. એટલે જ આજે હું તમને એક શ્રેષ્ઠ ભેટ આપવા ઇચ્છું છું.

ભેટ? કલાકારે પૂછ્યું, મારે મારા ઘરે, મારા સ્ટુડિયોમાં પહોંચવાની ઉતાવળ છે. મને મારી હસ્તકલા ઉપર નવેસરથી ધ્યાન આપવું છે અને આ બધું પત્યા પછી મારા જીવનને થાળે પાડવાનું છે.

અને મારે પણ મારી કંપનીમાં જલદીથી પરત જવું પડે તેમ છે, ઉદ્યોગકારે કહ્યું. તે આવું બોલ્યાં તે સાથે જ તેમના કપાળ પર ચિંતાની રેખાઓ ખેંચાઈ.

સારું, પણ હમણાં નહી, હમણાં નહી- પ્લીઝ ધનિકે આજીજી કરી. આપણે આગ્રા જઈએ છીએ.

મને તે ક્યાં છે તેનો કોઈ અંદાજ નથી. ઉદ્યોગકારે કબૂલ્યું.

આગ્રા, ભારતમાં છે, ધનિકે સમજાવ્યું. દુનિયાની સાત અજાયબીઓ પૈકીની એક જોવા લઈ જઈ રહ્યો છું, અને સાથે જ 5 એ.એમ.ની પદ્ધતિ શિખવાડવાની છે. અત્યાર સુધી તમે જે શીખ્યા તે, હવે પછીના પાઠ માટેની તૈયારી માત્ર હતી. સજ્જ બની જાઓ સાથીઓ. આપણે એડવાન્સ ઇન્ફોર્મેશન જે મહત્તમ ઉત્પાદકતા, સુપ્રસિદ્ધ નેતૃત્વ શીખવા માટે સજ્જ છીએ, જેનાથી વિશ્વ પણ અપગ્રેડ થાય છે. જેનાથી ભવ્ય જીવન જીવવામાં સહાય મળે છે. દુનિયા અને ઇતિહાસ ઘડનારા લોકોના સવારના રૂટિન દ્વારા જે તમે ક્યારેય ન મેળવી હોય તેવી માહિતી એકઠી કરવા તૈયાર થઈ જાઓ. શ્રેષ્ઠ પાઠ હવે નજીકમાં જ છે.

ધનિકે કુશળતાપૂર્વક હૅલિકૉપ્ટરને પ્રિસ્ટિનના પ્રાઇવેટ જૅટ પાસે લૅન્ડ કર્યું, જેના ટર્બાઇન પહેલેથી જ ચાલુ હતા. પહેલાની જેમ જ ભિન્ન રીતે તે પ્લેન કાળા રંગનું હતું.

ધનિકે નીચે ઊતરતાં કહ્યું, ચાલો અદ્ભુત ભારતની મુલાકાતે.

કલાકાર અને ઉદ્યોગકારે સાથે જવાબ આપ્યો ચાલો ત્યારે!.

એક અસાધારણ ચુંબક જેવા સ્ટોન રિલે સાથે અસાધારણ અને સૌથી મૂલ્યવાન અનુભવો પૈકી એક નવો અનુભવ મળવાનો હતો.

પ્રકરણ ૧૨

5 એ.એમ. ક્લબનું સંશોધન આદત કેળવી શકાય છે

"તાલીમની તમામ ક્ષણને મેં નફરત કરી છે, પણ મેં મારી જાતને કહ્યું હતું, 'પીછેહઠ ન કરીશ અત્યારે સહન કરી લે, અને પછી બાકીનું જીવન ચૅમ્પિયન તરીકે જીવવાની તક મળશે.' "

– મુહમ્મદ અલી

બીજા દિવસની સવારે સફળ નેતાઓ અને સર્જકોની એક અસાધારણ એવી આદત જે તેમને શ્રેષ્ઠતમ બનાવે છે તે શીખવા માટેનું શિડ્યુલ ગોઠવાયું હતું. મિ. રિલેની વિનંતીને ધ્યાનમાં લઈ કલાકાર અને ઉદ્યોગકાર બંનેએ પોતાનો સમય વધારવાની તૈયારી કરી લીધી હતી. તેમને આપવામાં આવનારી ખાસ તાલીમની ગંભીરતા અંગે તેઓ જાગૃત બન્યાં હતાં અને તેઓ જાણતાં હતાં કે તાલીમને સંપૂર્ણપણે અપનાવવી તેમાં તેમનું ભલું છે.

સાથીઓ! ધનિકે બૂમ પાડી.

સવારના બરાબર ૫ વાગ્યા હતા.

નહેરુ કોલરના કાળા શર્ટ, કાર્ગો શોટ્ર્સ, કાળા સેંડલ અને પાઘડીમાં સજ્જ ઉદ્યોગપતિએ કહ્યું, આજે હું કામગીરી વિકસાવવા માટેની સ્પેલબાઇન્ડરની એ બાબતો શીખવીશ જે તમને તમારા જીવન અને વ્યવસાયને ઉચ્ચસ્તરે લઈ જવામાં મદદ કરશે. જેમ મેં તમને અગાઉના પાઠમાં સમજાવ્યું છે કે, જે શ્રેષ્ઠને શ્રેષ્ઠ બનાવે છે તે તેને વારસામાં નથી મળતી પણ તેના માટે તેની આદતો કારણભૂત હોય છે અને તેની હદ તેમને મળેલી આવડતો પર નહી પરંતુ માણસમાં પડેલી વિરાટ શક્તિઓમાં હોય છે. આજના પાઠમાં તમને એ શીખવા મળશે કે વિજ્ઞાન અને સંશોધનો અનુસાર આપણે એવી આદતોથી છુટકારો મેળવવો જોઈએ જે આપણને નબળા બનાવે છે અને એક જ વખતમાં તે સંકેતને સાંકળી લેવાથી તે હંમેશાં કાર્યરત રહે છે.

માણસની વિરાટ શક્તિઓ એટલે શું? ઉદ્યોગકારે પૂછ્યું.

સોશિયલ સાયકોલૉજિસ્ટ એન્જેલા ડકવર્થે ખૂબ જ પ્રસિદ્ધિ અપાવેલી આ સામાન્ય શરત છે. તેમણે રમત, શિક્ષણ, વ્યવસાય અને મિલિટરીમાં સંકળાયેલા પરફૉર્મર્સનો અભ્યાસ કર્યો અને તેમને જાણવા મળ્યું કે લોકોને સૌથી વધુ સફળ બનાવવા માટે તેમની જન્મજાત આવડત નહી પરંતુ સફળ થવા માટે જે તે વ્યક્તિની પ્રતિબદ્ધતા, શિસ્ત, તમામ સંજોગોમાં સ્વસ્થ રહેવાની શક્તિ અને ખંત જ કામ આવે છે. માણસની વિરાટ શક્તિઓ મતલબ ઉપરોક્ત તમામ ગુણો થાય છે.

વાહ, ભાઈ, કલાકારે કહ્યું, જ્યારે હું કોઈ શંકામાં ઘેરાઉં ત્યારે તે મને હાર ન માનવા માટે અથવા તો જ્યારે હું મારી ધીમી પ્રગતિથી હતાશ થઉં ત્યારે, અથવા જ્યારે જૂનું કૉપી કરું અથવા અનુકરણ કરવાને બદલે કંઈક તાજું અને નવું ચિત્ર દોરું ત્યારે લોકો હસશે એવો મને ભય સતાવે ત્યારે આ બાબત મને પ્રેરણા આપશે.

સરસ, ધનિકે પ્રતિભાવ આપ્યો. આલ્બર્ટ આઇન્સ્ટાઇને લખ્યું હતું, ‘મહાન પ્રતિભાઓને હંમેશાં સામાન્ય લોકોના હિંસક પ્રતિભાવોનો સામનો કરવો પડે છે.’ સામાન્ય માણસો એવા વ્યક્તિત્વોને સમજી શકતા નથી જે અંધવિશ્વાસપૂર્વક આગળથી ચાલી આવતી પ્રથાઓ અને પૂર્વગ્રહો સમક્ષ ઝૂકતા નથી અને બહાદુરી અને પ્રમાણિકતાપૂર્વક પોતાના અભિપ્રાય પોતે જ ઘડે છે.

આ વાત ગમી. ઉત્સાહપૂર્વક કલાકારે કહ્યું. પોતાની કળા પ્રત્યે તેનો ગર્વ વધ્યો હોય તેવું તેણે દર્શાવ્યું.

ચાલો ફરીથી આપણી મુખ્ય વાત પર આવીએ અને અને વિશ્વકક્ષાની શ્રેષ્ઠ આદતો જે તેને મજબૂત બનાવવાના પ્રયાસના થોડાં અઠવાડિયા પછી વિખેરાઈ જાય છે તેને સ્થાપિત કરવાના સૌથી વધુ શક્તિશાળી રસ્તાઓ પર આપણે ચાલીએ. અલબત્ત, મૉર્નિંગ ક્લાસ તમારા માટે એકદમ જરૂરી છે કારણ કે, તમે દરરોજ ૫ વાગ્યે પહોંચી જાઓ છો. તેમ છતાં, ઇચ્છીએ કે આ શિસ્ત જીવનભર નિયમિત બની રહે. ઓહ, અને વિશ્વકક્ષાની આવી આદતો કેળવવાનો સૌથી જરૂરી ભાગ એ છે કે, પ્રોફેશનલ્સ કેવી નોંધપાત્ર રીતે પોતાના પર નિયંત્રણ રાખે છે અને પોતાના મનોબળને જાળવી રાખે છે. માટે, આપણે ત્યાંથી જ શરૂ કરવું જોઈએ.

ત્રણેય સાથીદારો તાજમહાલની સમક્ષ ઊભાં હતાં. તેઓ એકલાં હતાં. જગ્યા તેમને પસંદ પડી હતી.

હું ભારતને ખૂબ પ્રેમ કરું છું. ધનિકે કહ્યું. દુનિયાનાં શ્રેષ્ઠ દેશોમાંનો એક, અને આ જગ્યા, દુનિયાની સાતમી અજાયબી પૈકીની એક છે તેનું એક કારણ છે, તે શ્વાસ થંભાવી દે તેટલું સુંદર છે ખરું ને?

ખેરખર, ઉદ્‌યોગકારે ગરમ કૉફીનો ઘૂંટ ભરતાં સ્વીકાર્યું.

ધનિકના ડાબા હાથમાં પાણીની એક મોટી બૉટલ હતી. તેના પર કોઈક સ્ટેટમેન્ટ છાપેલું હતું. તેની વૉટરબૉટલો પર હંમેશાં આવું પ્રિન્ટિંગ જોવા મળતું, જે તેણે પોતાના બંને શિષ્યો સમક્ષ ઉત્સાહથી વાંચી સંભળાવ્યું :

> પોતાની સુવિધાઓના સમયમાં નાયક ક્યારેય મહાન નથી બનતો. આપણી દુનિયાના પ્રખ્યાત અને ઉમદા નાયકો મુશ્કેલીઓ, વિરોધ અને શંકાઓના તોફાન સામે ઝઝૂમીને જ બહાદુર અને નૈતિક બની શક્યા છે. જ્યારે તમે તમારી સૌથી મોટી નબળાઈ સામે ઝઝૂમી રહ્યા હોવ છો ત્યારે જ તમારી સૌથી મોટી તાકાતને ઉપયોગી બનાવવાની તક હોય છે. સાચી શક્તિ આરામદાયી જીવનમાંથી નહી પરંતુ સખત પરિશ્રમ, સમર્પિત

સંયમ અને તમારા આત્માના અવાજ વડે જે યોગ્ય પ્રમાણે કાર્ય કરવાથી મળે છે. જ્યારે દર્દ અસહ્ય બને ત્યારે પણ તમે કાર્યરત રહો. જ્યારે નાસીપાસ થઈ જવાની તૈયારી હોય ત્યારે પણ સતત મંડ્યા રહો તે સંજોગોમાં જ સફળતા મળે છે. સંજોગો જ્યારે તમને પ્રયત્ન છોડી દેવા માટે ભરપૂર દબાવ કરતા હોય ત્યારે જ તમે મહાન યોદ્ધાઓ અને પ્રતિષ્ઠિત નેતાઓ જેવા જ હોવાનો તમારા મન સાથે દાવો કરો જેમણે પોતાની અજેયતા સખત પરિશ્રમ અને સંઘર્ષ દ્વારા મેળવી છે. તમારી આ માનસિકતા તમને વધુ સારા પ્રયત્નો તરફ દોરી જાય છે.

વાહ કલાકારે જણાવ્યું, કોઈક મહાન કવિની રચના છે?

ના, ધનિકે કહ્યું, આ તમામ શબ્દો મારા છે.

મિ. રિલેએ પછી પોતાનો એક હાથ હવામાં ઊંચો કર્યો-અને તમે જાણો છો પછી શું થયું?

જાણે વહેલી સવારની ઝાકળમાંથી પ્રકટ થઈ હોય તેમ બિન્ધાસ્ત કપડાં પહેરેલી અને આકર્ષક એક સહાયક આવી, અમે બધાં ખૂબ ખુશ છીએ સર કે તમે પાછા ભારત આવ્યા, અમે તમને ખૂબ યાદ કર્યા, તે બોલી. તમે મંગાવેલી વસ્તુ આ રહી.

ધનિકે થોડા ઝૂકીને તેને અભિવાદન કર્યું.

એક અદ્‌ભુત રીતે શણગારેલી પશ્મિના શૉલ ધનિકને આપવામાં આવી, જે પ્રકાશમાં ચમકતી હતી. તમે જાણો છો, પશ્મિના એ કાશ્મીરનું અદ્‌ભુત ઊન છે. તેનો કાશ્મીરી ભાષામાં અર્થ થાય છે, નરમ સોનું અને જો તમે તેને જુઓ તો તમે પણ સહમત થઈ જાવ.

શૉલના ફેબ્રિકમાં થયેલા સ્ટિચિંગમાં બંને વિદ્‌યાર્થીઓએ ધ્યાન કેન્દ્‌રિત કર્યું તો તેઓ શૉલમાં ગૂંથવામાં આવેલા વિલપાવર વૉરિયરના ૫-૩-૧ પંથને જોઈ શક્યા. તે ખરેખર અદ્‌ભુત હતું.

હાથવણાટનો અદ્‌ભુત નમૂનો જે દર્શાવતો હતો તે આ રહ્યું :

શ્રેષ્ઠ આદતો પાછળનાં પાંચ વૈજ્ઞાનિક સત્ય :

સત્ય #૧: વિશ્વકક્ષાનું મનોબળ એ જન્મજાત શક્તિ નહીં પરંતુ અવિરત અભ્યાસ દ્વારા વિકસિત કરવામાં આવેલી આવડત છે. વહેલી સવારે ઊઠી જવું તે સ્વનિયંત્રણની શ્રેષ્ઠ તાલીમ છે.

સત્ય #૨: વ્યક્તિગત શિસ્ત એક સ્નાયુ છે, જેને તમે જેટલી વધારે તાલીમ આપશો એટલો તેનો વિકાસ થાય છે. માટે, સમૂરાઈ યોદ્ધાઓ સ્વ-નિયંત્રણ પર જાતે જ મુશ્કેલીઓ ઊભી કરી તેની સામે ઝઝૂમે છે જેનાથી તેમની સ્વાભાવિક શક્તિઓનો વિકાસ થાય છે.

સત્ય #૩: અન્ય સ્નાયુઓની જેમ જ મનોબળને થાક લાગે ત્યારે તેનો ઇલાજ પોતાની પ્રતિભાની નિપુણતા માટે અત્યંત જરૂરી છે. જેનાથી નિર્ણયશક્તિ સામેની હતાશા દૂર થાય છે.

સત્ય #૪: કોઈ પણ મહાન ટેવને જીવનમાં ઉતાર્યા બાદ તે આપોઆપ કાર્યરત બને તે માટે ફોર-પાર્ટ પેટર્નને સફળતાપૂર્વક અનુસરે છે.

સત્ય #૫: જીવનના કોઈ પણ ભાગમાં સ્વ-નિયંત્રણ લાદવાથી તે આપોઆપ તમામ જીવનમાં લાગુ પડી જાય છે. એ જ કારણથી 5 એ.એમ. ક્લબમાં જોડાવું જરૂરી છે જેના દ્વારા તમે જે કંઈ પણ કરશો તેમાં આપોઆપ ઉપર ઊઠશો.

હીરોઇક આદત કેળવનારા લોકોનાં ત્રણ મહત્ત્વનાં મૂલ્ય:

મૂલ્ય #૧: વિજય મેળવવા માટે સાતત્ય અને સંવાદિતાનો તાલમેલ જરૂરી છે.

મૂલ્ય #૨: પોતે જે માટે કૃતનિશ્ચયી હોઈએ તેને વળગી રહેવાની ભાવના જ આત્મસન્માન ઊભું કરે છે.

મૂલ્ય #૩: તમે ખાનગીમાં જે બાબતની પ્રૅક્ટિસ કરો છો તે ક્યારેક જાહેરમાં કરવાના જ છો.

સ્પાર્ટન્સના સ્વયંશિસ્તના સામાન્યનો એક સિદ્ધાંત:

નિયમિત રૂપે તેનો અમલ જરૂરી છે, જ્યારે તેમાં ખૂબ મુશ્કેલી અનુભવાય, તેવા સંજોગોમાં જ યોદ્ધાઓનો જન્મ થાય છે.

ધનિકે પોતાની આંખો બંધ કરીને આ વાક્ય દોહરાવ્યું, હું સરળ જીવન નથી ઇચ્છતો કારણ કે તેમાં મારી શક્તિઓનો વિકાસ સંભવ નથી. મને પડકારજનક જીવન આપો- જેમાંથી મારું શ્રેષ્ઠ બહાર આવે. આ માટે મારું મનોબળ લોખંડી બનાવો અને કોઈ હરાવી ન શકે તેવું વ્યક્તિત્વ આપો.

આ શૉલ મારા તરફથી તમને બંનેને ભેટ છે. તેમણે ઉમેર્યું, તેની અંદરનાં પાંચ વૈજ્ઞાનિક સત્યો, ત્રણ મૂલ્યો અને સામાન્ય સિદ્ધાંતોનો અભ્યાસ કરજો, જે વિલપાવર વોરિયર સંપ્રદાયની ૫-૩-૧ ની પદ્ધતિ દર્શાવે છે. તે તમને સુંદર રીતે સારી આદતો કેળવવા માટે સહન કરતાં શિખવાડશે.

થોડી વારમાં ઝડપથી એક ઑટોરિક્ષા પાર્કિંગ એરિયાથી થોડે દૂર આવીને ઊભી રહી. તેમાંથી ડાર્ક ગ્રે સ્યૂટ પહેરેલો સોહામણો, હસતા ચહેરાવાળો એક યુવાન બહાર આવ્યો. તેણે સપાટ ઇસ્ત્રી કરેલું પેન્ટ અને ચમચમતાં બ્રાઉન શૂઝ પહેર્યાં હતાં.

ધનિકે તેની સાથે હાથ મિલાવતાં કહ્યું, નમસ્તે અર્જુન.

બોલો બૉસ, ધનિકના આગંતુક સહાયકે ઉષ્માભર્યો જવાબ આપ્યો. તેના શબ્દો સામાન્ય હતા પણ તે તેના એમ્પ્લોયર માટે ઊંચો આદર દર્શાવતા હતા.

તમે બંને તાજમહાલનો ઇતિહાસ જાણો છો? ધનિકે બાજુમાં ઊભેલી અને મિ. રિલેને કોઈ પણ સહાય કરવા માટે તત્પર દેખાતી પોતાની સહાયકને પૂછ્યું.

પ્લીઝ, અમને કહો, ઉદ્યોગકારે વિનંતી કરી. તેમની પાસે એક લીગલ નોટપેડ અને સાદી કાળી બોલપેન હતી. ટૅક્નોલૉજીનો દુરુપયોગ કેવી રીતે સર્જનાત્મકતાને હાનિ પહોંચાડે છે અને ઉત્પાદકતામાં તીવ્ર ઘટાડો કેવી રીતે થાય છે તે અંગે ધનિકે આપેલા અગાઉના શિક્ષણ અને વાતોની તેના પર ઊંડી અસર હતી. આજે તેમણે જ્યારે તમે સૂતા હો છો ત્યારે સપનાં સાચાં નથી થતાં તેવું લખાણ કોતરેલું બ્રેસલેટ પહેર્યું હતું.

ચોક્કસ. આ માત્ર વાંચેલી વાર્તા છે. આ ઇમારત રચનાર મુગલ નવાબ શાહજહાં પણ તમારી બંનેની જેમ ખૂબ ઊંડા પ્રેમમાં હતો. તેની પત્ની મુમતાઝનું ૧૬૩૧માં મૃત્યુ થયા બાદ, તેની યાદ અને તેના સન્માનમાં તેણે દુનિયામાં કોઈએ પણ ન બનાવ્યું હોય તેવું પ્રતીક રચવા માટે આ બાંધકામ કરાવ્યું હતું.

આ જોઈને આનંદ આવે છે તેમ તાજમહાલ તરફ જોઈને કલાકારે કહ્યું. તે આજે વધુ શાંત, સ્વસ્થ, આત્મવિશ્વાસથી ભરપૂર અને અગાઉ ક્યારેય જોવા નહોતા મળ્યા એવી અદામાં ઊભા હતા.

ધનિકે માત્ર એક ફરવાલાયક સ્થળ જોયા પૂરતું જ સીમિત નથી. આ એક રીતે ભાવનાનું મૂર્તરૂપ છે. તે જગતના સૌથી જડ માણસને પણ જગાડી શકે છે, કે આપણે મનષ્યો શું છીએ, આપણી તાકાત શું છે. આપણે શું કરી શકવા સક્ષમ છીએ. રાજાએ નિર્ણય કર્યો અને તરત જ તેના કર્મચારીઓએ તેને વાસ્તવિક સ્વરૂપ આપવાની કામગીરી શરૂ કરી દીધી હતી. કારણ કે હવે તમે બંને જાણો છો કે, મહત્ત્વાકાંક્ષા તેના અમલીકરણ વગર માત્ર એક હાસ્યાસ્પદ ભ્રમણા બની રહે છે. તમે બંને હવે અંત:દૃષ્ટિમાં વધુ સ્પષ્ટ છો કે કોઈ પણ સુપ્રસિદ્ધ ઉદ્યોગ, કલાત્મકતામાં સફળતા માટે સાતત્યની ઊંડી માત્રામાં જરૂર પડે છે. કુશળતા સંજોગોવશાત્ આવતી નથી. તે ખરેખર એક અવિરત પ્રક્રિયા છે, જે વર્ષોની કઠિન કારીગરી, પ્રૅક્ટિસ, બલિદાન અને વેદના માગે છે ત્યારે જઈને પરિપૂર્ણ બને છે અને આવા લોકો વિશ્વને ચલાવે છે.

મિ. રિલેએ તેમની વાત ચાલુ રાખતાં કહ્યું, આ વધુ એક જીસીએ – વ્યાપક સ્પર્ધાત્મક ફાયદો છે. તમારા સ્વભાવના આદર્શ માટે વફાદાર રહેવા માટે, તમે સ્વપ્નની કલ્પના કર્યા પછી જ નહી, પરંતુ લાંબા સમયથી અને કદાચ તમે અમલમાં મૂક્યા ત્યારે સર્જનાત્મક અમલીકરણના પરાકાષ્ઠાવાળા રણમાં વર્ષો સુધી જ્યારે તમે અસ્વીકાર, થાક, ઈર્ષાળુ સાથીઓની ટીકા, સ્વજનો દ્વારા કરાતી શંકા અને આકર્ષક તકો દ્વારા તમારો માર્ગ ફંટાય ત્યારે પોતાના ઉપર જ શંકા જન્માવતી સ્થિતિ વચ્ચે

માર્ગ શોધવાનો હોય છે. આ જ બાબત તમને તમારા મહાન આદર્શથી અલગ કરે છે. એક ક્ષણ માટે તો કોઈ પણ મહાન બની શકે. પરંતુ મહાન આદર્શ સમા લોકો પોતાને એક જ લઢણમાં જીવનભર જાળવી રાખે છે અને ઉપરછલ્લા કહેવાતા સમાજમાં આ માટે વિરાટ માનવીય શક્તિ અને અખૂટ ધીરજની જરૂર પડે છે. હકીકત એ છે કે દુ:ખદ રીતે આ શક્તિઓને ખીલવવામાં મોટાભાગનો સમાજ નિષ્ફળ રહ્યો છે. તમે સમજ્યા હું શું કહેવા માગું છું?

ઘણા દાયકા પહેલાં આલ્બર્ટ ઈ.એન. ગ્રેએ વીમા ઉદ્યોગના સેલ્સ વિભાગના લોકોને એક પ્રવચન આપ્યું હતું. તેણે તેને 'કૉમન ડિનોમિનેટર ઑફ સકસેસ' નામ આપ્યું હતું, અને પોતાના ત્રીસ વર્ષના અભ્યાસ બાદ લેખકે લોકોના વ્યવસાય, કુટુંબ, સ્વાસ્થ્ય, નાણાકીય અને આધ્યાત્મિક જીવનમાં સફળતા માટેની સૌથી મોટી ચાવી તરીકે તેનું નિરૂપણ કર્યું છે.

તે શું છે? ઉદ્યોગકારે અત્યંત રસ દાખવતાં પૂછ્યું.

ધનિકે કહ્યું, એ પ્રવચનોમાંથી તૈયાર થયેલા પેમ્ફલેટને સેલ્સ પ્રોફેશનલ્સમાં મોટાપાયે વિતરિત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું, 'પરંપરાગત માન્યતા અનુસાર મને લાગ્યું હતું કે સફળતા મેળવવાનું રહસ્ય સખત પરિશ્રમ છે. પરંતુ મેં ઘણા લોકોને સખત મહેનત કરવા છતાં સફળ થતા ન જોયા જેને કારણે હું એવું માનવા લાગ્યો કે સખત પરિશ્રમ એ સફળતાનું વાસ્તવિક રહસ્ય નથી.

તો પછી એ શું છે? અધીરા થયેલા કલાકારે પૂછ્યું.

મિત્ર, હું તે કહેવા જ જઈ રહ્યો છું, ધનિકે રમતિયાળ રીતે જવાબ આપ્યો. તો આલ્બર્ટ ગ્રેએ કહ્યું છે, આ કૉમન ડિનોમિનેટર ઑફ સકસેસ ખૂબ વિશાળ છે, ખૂબ જ શક્તિશાળી...

અને તે શું છે? જવાબની રાહ ન જોઈ શકતાં કલાકાર વચ્ચે કૂદી પડ્યા.

ગ્રેએ સમજાવ્યા અનુસાર 'કોઈ પણ ક્ષેત્રમાં સફળ થયેલાં સ્ત્રી કે પુરુષનું રહસ્ય કૉમન ડિનોમિનેટર ઑફ સકસેસ જ હોય છે. હકીકતે તે લોકોએ એવી આદત કેળવી હોય છે જે નિષ્ફળ લોકો કરે તે વસ્તુઓ નથી કરતા.'

સરળ અને એકદમ ગહન. કલાકારે કહ્યું.

ઉચ્ચ કક્ષાના ઉત્પાદકો એવી આદત કેળવે છે કે તેઓ એવી ઊંચી ગુણવત્તાવાળી વસ્તુઓ જ કરે છે, જે કરતાં સરેરાશ લોકો ગભરાય છે- અથવા એ સરેરાશ લોકો એવું કામ કરે તો પણ અનિચ્છાએ જ કરતા હોય છે. ધનિકે ઉમેર્યું અને તેની ઇચ્છા મુજબની પ્રવૃત્તિ તેઓ વારંવાર કરે છે એટલે તે આદત બની જાય છે અને

તેના કારણે તેમની સ્વયંશિસ્ત અને કુશળતા આપોઆપ વધે છે અને સરવાળે તમામ બાબત તેનું દૈનિક રૂટિન બની જાય છે.

કલાકારે માથું ધુણાવ્યું અને પોતાની દાઢી પર હાથ ફેરવતાં પોતાની કલા વિશે વિચારી રહ્યા હતા.

નિષ્ફળ જવાના ભયે હું ખરેખર મારી જાત પર મર્યાદાઓ થોપી રહ્યો છું. તેમ તેમણે વિચાર્યું. લોકો શું કહેશે તે વિશે હું વધુ ચિંતિત રહું છું અને મિ. રિલેની વાત સાચી છે. મારામાં ધીરજનો અભાવ છે, મારે આત્મનિયંત્રણ કેળવવું પડશે. તે કરવું અઘરું છે પણ તે મોટી સફળતાઓ અપાવે છે. હું મારે જ્યારે જે કરવું હોય ત્યારે કરું છું તેવી આદત ધરાવું છું. ક્યારેક કામ કરવાનું મારામાં અદમ્ય ઝનૂન હોય છે તો કોઈક દિવસ હું ઊંઘ્યા કરું છું. ક્યારેક આળસુ બની જાઉં છું તો ક્યારેક સખત પરિશ્રમ કરું છું. હું પાણીમાં આમથી તેમ ફંગોળાતી બૉટલના ઢાંકણ જેવો છું જેની કોઈ નિશ્ચિત દિશા નથી. કોઈ નિશ્ચિત માળખું નથી. કોઈ સાચી શિસ્ત નહીં. હું ખૂબ વીડિયો ગેમ્સ પણ રમું છું, ક્યારેક તો કલાકો સુધી રમું છું, અને મારે જ્યારે નાણાંની જરૂર હોય ત્યારે ઉતાવળે ચિત્રો બનાવીને તેને વેચવાની આદત છે. તેના બદલે મારે ધીમા પડીને મારી આવડત પર ધ્યાન આપીને એક જ 'કામગીરી' પર એકાગ્ર બનવું જોઈએ. જેના આધારે મારી કલાની કુશળતાની વ્યાખ્યા ઘડાશે અને તેની સુવાસ ફેલાશે અને આ ક્ષેત્રમાં ટોચ સુધી પહોંચી શકાશે.

ધનિકે તાજમહાલ પરની વાર્તા પર પાછા આવતાં કહ્યું, બાવીસ દિવસ કે બાવીસ માસ સુધી નહીં, બાવીસ વર્ષ સુધી વીસ હજારથી વધુ કામદારોએ ભારતના આગ ઓકતા સૂર્યપ્રકાશમાં મજૂરી કરી હતી, એક હજારથી વધુ હાથી દ્વારા દૂર દૂરથી મોટા મોટા આરસના પથ્થરો લાવવામાં આવ્યા હતા. કલાકારોની વિશાળ ફોજ દ્વારા આ કોતરકામ કરવામાં આવ્યું હતું જે તમે જોઈ રહ્યા છો. તેમની બાવીસ વર્ષ લાંબી આ યાત્રામાં તેમણે સ્થાપત્યકળાની અને વાતાવરણની મુશ્કેલીઓ, અણધારી કરુણાંતિકાઓ ભોગવી હતી. છતાં, તેઓ તેમના કામમાં એકાગ્ર, ભયરહિત, થાકરહિત સંપૂર્ણ સમર્પિત રહ્યા હતા.

કલાકારે કહ્યું, ખરેખર અદ્ભુત. બરાબર એ જ સમયે એક પતંગિયું ઊડીને તેમના પરથી ગયું. તેમના ચહેરા પર થોડા વરસાદના છાંટા પડ્યા અને, તમે માનો કે નહીં પણ ધનિકના માથા ઉપરથી ઊંચેથી કબૂતરો ઊડતાં દેખાયાં હતાં.

ઉદ્યોગકારે ધનિકને પૂછ્યું, આ બધાં કબૂતર, વરસાદી પતંગિયાં અને મેઘધનુષ્યનું શું છે જે વારંવાર તમારી આસપાસ ગોઠવાઈ જાય છે?

આપણા બધા પાસે જાદુ હોય છે, તેનો ઉપયોગ શી રીતે કરવો તે આપણને ખબર નથી હોતી. ધનિકે રહસ્યમય જવાબ આપ્યો હતો.

તેણે કહ્યું, ફરીથી તાજમહાલની વાત પર આવીએ. બે દાયકા પછી આ મકબરો તૈયાર થયો હતો, અને માનવસભ્યતાને આ ભેટ મળી હતી.

કલાકારે ગદ્ગદિત સ્વરે કહ્યું, મને પ્રેરણા કરતાં પણ અહી વધુ કંઈક મળ્યું છે. અમને આગ્રા લઈ આવવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર. મને આટલી આભારની લાગણી અગાઉ ક્યારેય નથી થઈ.

પછી તેમણે ઇરાદાપૂર્વક ઉદ્યોગકાર સામે જોયું. તે શાંત, વધુ ગહન સૌમ્યતા ધરાવતાં હતાં, એવી સ્ત્રી જે સૂર્યપ્રકાશને વધુ ખાસ બનાવે છે અને ચંદ્રની ચમકમાં વધારો કરે છે. તેમણે વિચાર્યું આ મહિલામાં ક્યાંક ઊંડેથી ચુંબક તત્ત્વ સમાયું છે જે ક્યારેય આકર્ષક ચહેરાઓમાં અનુભવાતું નથી. તે સંઘર્ષથી જન્મેલી ચુંબકીય શક્તિ, દુ:ખરૂપી ઘર્ષણમાંથી પેદા થતી વીજળી, એક પ્રચંડ બુદ્ધિ દ્વારા ઉત્પન્ન થતી ઊર્જાના તેના નક્કર નિરાકરણ દ્વારા ઉત્પન્ન થયેલું સાચી શક્તિ, ડહાપણ અને નિતાંત પ્રેમ ધરાવતું વ્યક્તિત્વ હતાં.

જીવનમાં આવનારી કોઈ પણ મુશ્કેલી સામે ઝઝૂમી લેવા માટેની પ્રતિબદ્ધ રહેવાની આદત કેળવવા માટે તમારા બંને માટે તાજમહેલ એક રૂપક છે. સાથે જ તમારા આદર્શ માટે પ્રમાણિક રહેવા માટે, માત્ર રાહતના સમયમાં જ નહીં પરંતુ મોટી મુશ્કેલીઓ વખતે પણ તેમાં ટકી રહેવા માટે પણ તે એક રૂપક છે અને તેથી જ સવારનો અભ્યાસ વર્ગ ખૂબ જ મહત્ત્વનો છે. તમે જે શીખવા જઈ રહ્યા છો તે તમને અત્યાર સુધી તમારી સાથે વર્ણવેલી ફિલસૂફીઓને અમલમાં મૂકવામાં સહાય કરશે. સ્પેલબાઇન્ડરે ઉદ્યોગમાંધાતાઓ, સિદ્ધિઓ મેળવનારાઓ અને મારી જેમ પરિવર્તન લાવતા લોકો સાથે ઘણાં વર્ષો કામ કર્યા બાદ આ મૉડલને કાળજીપૂર્વક વિકસાવ્યું છે જે હું તમારી સમક્ષ જાહેર કરવા જઈ રહ્યો છું. આજનું સત્ર સૂર્ય ઊગે તે પહેલાં સવારથી વિધિઓ પૂરી કરવા પૂરતું સીમિત નથી. તે આ સવારનું રૂટિન કઈ રીતે નિભાવશો તે વિશે છે. જીવનભરની એક શિસ્ત.

કલાકારે કહ્યું, સરસ. આ અભિયાન પૂરું થયા પછી વ્યવહારમાં સવારે પાંચ વાગ્યે હું ઊઠવાનું બંધ ન કરી દઉં એટલા માટે મારે તેની જરૂર છે.

ધનિકે કહ્યું, અદ્ભુત, ચાલો ત્યારે.

બે ખડતલ સલામતી રક્ષકો ધનિક, ઉદ્યોગકાર અને કલાકારને સામાન્ય રીતે રાજ્યના વડા, રાજાના પરિવારના સભ્યો અને અન્ય વૈશ્વિક નેતાઓ માટે આરક્ષિત રહેતા ખાનગી પ્રવેશદ્વાર તરફ દોરી ગયા. સ્મારકની અંદર પ્રવેશ્યા બાદ ધનિકે વાત ચાલુ રાખી.

દુનિયાનો આ રસપ્રદ, તલ્લીન કરી દે તેવો, ઉત્તેજનાપૂર્ણ અને ગૂંચવાડાભર્યો તબક્કો છે. તેમના માટે જેઓ દરરોજ સવારે પોતાને દુ:ખનો ભોગ બનેલા માને છે, તેમના મતે ભવિષ્ય અંધકારમય હશે, ખતરનાક અને ગભરાવનારું હશે, તેમને એ પણ ખબર નથી હોતી કે તેમને કોણ પીડી રહ્યું છે. તેઓ આવી પડનારી ઊથલપાથલ માટે તેઓ પર્યાવરણ, આર્થિક અને સામાજિક રીતે તદ્દન અસુરક્ષિત હશે. હજુ સુધી સમર્પિત લઘુમતીએ, જેમણે તેમની પોતાની નૈસર્ગિક શક્તિઓનો બચાવ કરવા માટે યુદ્ધ પ્રણાલીની સવારની નિયમિત રીતભાત શીખી લીધી છે. તેમના બૌદ્ધિક અંગત સંયમનો પણ તેમણે વિકાસ કર્યો છે અને સ્વયંશિસ્તની સખત તાલીમ દ્વારા બુલેટપ્રૂફ જેવાં મજબૂત ચરિત્રોને વિકસિત કર્યાં છે. તે આગળ જતાં સમૃદ્ધ અને અતિ ઉત્પાદક બની રહેશે. જેમણે વિશ્વકક્ષાની પોતાની સવારની વિધિઓ દ્વારા સજ્જ રહીને પોતાને સ્થાપિત કરવાની કાળજી લીધી છે તે ખરેખર બધી ગૂંચવણોને પાર કરવાની તક ઝડપી લેવાની સ્થિતિમાં રહેશે અને તમામ ગૂંચવણોને તેવા લોકો સરળતામાં ફેરવી નાખશે, તેમની બુદ્ધિશક્તિ અને શાંતિભર્યો વ્યવહાર તેમને જીત અપાવશે.

પહેલો મુદ્દો, તમને હું જે કેળવવાનું કહું છું તે છે તમારું મગજ વિસ્તૃત થવા માટે ઘડાયું છે. હા હું સંમત છું કે લોકો તેમની અંગત જિંદગી અને ‘મારાથી ન થઈ શકે’ તેવી માનસિકતામાં અટવાઈ જાય અને ‘તેઓ કરી શકે છે’ તેવા મનોવિજ્ઞાન તરફ જવા તૈયાર નથી હોતા અને 5 એ.એમ. ક્લબમાં જોડાવા જેવી મહાન ટેવોમાં જોડાઈને તેમનામાં કોઈ સુધારણાની શક્યતા નથી એવી દલીલ કરે છે. પોતાની સર્જનાત્મકતા, ઉત્પાદકતા, સમૃદ્ધિ અને તેમના પ્રદર્શનમાં કોઈ સુધારો થઈ જ ન શકે તેવી કહેવાતી ‘વાસ્તવિકતા’ માટે તેઓ લડવા પણ તૈયાર થઈ જાય છે. તમારી અંગત જિંદગી ઉત્કૃષ્ટ હોઈ શકે કે તમે એક અદ્ભુત કારકિર્દી ઘડી શકો તેવી ધારણાઓ રાખવા સામે તેઓ અનેક તર્કો રજૂ કરી તમને પોતાની વાત મનાવવા પ્રયત્નો કરશે. પોતાનામાં પરિવર્તન લાવવાની શક્તિઓને તેમણે લાંબા સમયથી ત્યજી દીધી હોય છે, અને પોતાની શક્તિવિહીનતાને જ તેઓ સત્ય માનતા હોય છે. તમે તમારી આંતરિક શક્તિઓનો થોડા સમય માટે અનાદર કરી જુઓ, અને તમે પણ એમ માનતા થઈ જશો કે તમારી પાસે તે ક્યારેય હતી જ નહીં. પરંતુ આવા લોકોની સ્થિતિની પણ એક અલગ જ કહાની છે. હકીકતમાં આવા લોકો જે શક્તિઓથી ભરપૂર હોય છે, તેમના હેતુઓ સારા હોય છે, પરંતુ આવા લોકો નકારાત્મક શક્તિઓ સમક્ષ કોઈ પણ પ્રતિકાર વિના શરણાગતિ સ્વીકારી લે છે અને સ્વૈચ્છિક રીતે પોતાને દૂષિત થવા દે છે. હા, મોટાભાગના લોકો પોતાની મહત્ત્વાકાંક્ષા માટે સક્રિય રીતે પોતાનું ઘડતર કરવાને બદલે સંજોગોની શરણાગતિ સ્વીકારી લેતા હોય છે અને અજાણતાં જ તેઓ તે કેમ ન કરી શક્યા તે અંગે બહાનાંઓની વાર્તાઓ રચતા થઈ જાય છે કે શા માટે તેઓ અન્ય સફળ લોકો જેઓ તેમના કાર્યમાં અને જીવનમાં સક્ષમ સર્જકો તરીકે ખૂબ જ

સુધારણાઓ કરી ખળભળાટ મચાવી કીર્તિ મેળવી શકતા નથી કારણ કે તેઓ તેમની કહેવાતી સલામતીને છોડતાં ગભરાતા હોય છે.

ધનિકે શ્વાસ લેવા માટે થંભીને આગળ ચલાવ્યું.

વિજ્ઞાને હવે સાબિત કર્યું છે કે, આપણું મગજ જીવનભર વિકાસ પામતું રહે છે. આ અદ્ભુત ઘટનાને ‘ન્યુરોપ્લાસ્ટિસિટી’ કહેવાય છે. મનુષ્યના અંગત મનોબળની જેમ જ તેનું મગજ પણ શરીરના અન્ય સ્નાયુની જેવું જ છે તે એ વાતની સાબિતી છે. એ તેના પ્રકારનું એક પ્લાસ્ટિક છે. તેને દબાવો તો તે વિસ્તૃત બનશે, તેને ખેંચો તો તે પણ વિસ્તાર પામશે- તે માણસની આંતરિક શક્તિઓને વાચા આપવા માટે વધુ ફળદ્રૂપ બનશે. માટે તમે તમારા મગજની પણ વહેલી સવારે ઊઠવા જેવી ખૂબ અસરકારક રીતે કસરત કરવા ઇચ્છો છો. મગજની અંદર આવેલા ન્યુરોન્સ એકબીજામાં નવું કરવાની આગ પ્રસરાવે છે, એકબીજા સાથે જોડાઈને કાર્યરત બને છે, તમને ખબર છે? જો તમે તે વારંવાર કરો, તમારા જીવનનો એક ભાગ બનાવવા ઇચ્છો તો તે તદ્દન સરળ-પરિચિત બની જાય છે. આ એક અતિ મહત્ત્વનો મુદ્દો છે, અને તેના પર કાર્યરત રહેવાનું છે.

ઉદ્યોગકારે ઉત્સાહથી કહ્યું, મને તો આવો ક્યારેય ખ્યાલ ન હતો કે આપણી પાસે આપણા મગજનો વિકાસ કરવાની શક્તિઓ પડેલી છે. હું ધારું છું કે તમે એમ કહી રહ્યા છો કે આપણે આ આદતનો જેટલો વધુ અભ્યાસ કરીએ, એટલું જ આપણું મગજ વધુ કાર્યરત બને અને આપણી આંતરિક શક્તિઓને જગાડવાનું કાર્ય કરે. બરાબર?

હા, ધનિકે જવાબ આપ્યો. પોતાના માર્ગદર્શનને કારણે તેમના બંને વિદ્યાર્થીઓમાં જે રીતે સુધારો દેખાઈ રહ્યો હતો તેનો તેમને આનંદ થઈ રહ્યો હતો. સાચા ગુરુઓને હંમેશાં પોતાના પ્રકાશથી દેદીપ્યમાન થતા શિષ્યોને જોઈને આનંદ થાય છે.

ખૂબ જ ઉત્તમ વિચાર, તેમણે કહ્યું, તમારી પાસે તમારે જે જોઈએ છે તે દિમાગ નથી હોતું, તમારે તે કમાવું પડે છે. અથવા બીજી રીતે કહું તો તમને જોઈતું દિમાગ તમારી પાસે નથી હોતું, તમને તે મળે છે જેને તમે લાયક બનો છો- તેનો આધાર એ છે કે તમે તેનો ઉપયોગ કેવી રીતે કરો છો. થોડા દિવસો તમારા ઇલેક્ટ્રોનિક ડિવાઇસ સાથે રહી જુઓ, ટેલિવિઝનના ખીલે બંધાઈ જુઓ, બિનઉપજાઉ પ્રવૃત્તિઓમાં થોડા દિવસ જોતરાઈ જુઓ અને તમારા આ દુર્વ્યવહારને કારણે તમારું દિમાગ નબળું અને પોચું બની જશે. ખરેખર તે શરીરના અન્ય અવયવની જેમ જ શિથિલ બની જશે અને તેનું પરિણામ એ આવશે તમે ઓછી જાણકારી કે જ્ઞાન મેળવી શકશો, તમારી શીખવાની ધગશમાં ઘટાડો થશે. સાથે જ તમારી તમામ પ્રક્રિયામાં શિથિલતા આવશે. તમારી સામે

આવતી સ્પર્ધાઓ તમને હરાવશે, તમારાં લક્ષ્યો તમારા હાથમાંથી છટકી જશે. બીજી રીતે જોઈએ તો જ્યારે તમે તમારી માનસિક શક્તિઓનો ચતુરાઈપૂર્વક ઉપયોગ કરીને તેને એક પ્રચંડ તાકાત તરીકે પ્રયોજો ત્યારે તે તરત જ વિસ્તૃત બનશે અને ઉત્પાદકતા, કુશળતા જેવા વધુ લાભ મેળવી આપશે. લંડનના ટૅક્સીચાલકો પર તેમના આકાશી તુક્કાઓ માટે જવાબદાર તેમના મગજના 'હિપ્પોકેમ્પસ' પર એક અભ્યાસ કરવામાં આવ્યો હતો, અને સાધારણ લોકોની સરખામણીએ તેમનાં મગજ નોંધપાત્ર રીતે વધુ શક્તિમાન જણાયાં હતાં, તમને ખબર છે શા માટે?

લંડનની ગૂંચવાડાભરી શેરીઓને કારણે. કલાકારે આત્મવિશ્વાસપૂર્વક જવાબ આપ્યો.

બરાબર, તમે પકડી પાડ્યું, ધનિકે તાળી પાડીને કલાકારના જવાબને વધાવતાં ઉમેર્યું, તમે જીમનેશિયમમાં જઈને ડંબેલ્સ ઉઠાવીને કે પુશ-અપ્સ કરીને જે રીતે તમારાં બાવડાં વિકસાવી શકો છો તે જ રીતે લંડનના ટૅક્સી-ડ્રાઇવરો તેમની માનસિક શક્તિઓ 'હિપ્પોકેમ્પી'ને વિસ્તૃત કરે છે અને, જેમ મેં અગાઉ કહ્યું તેમ, ન્યુરોએનેટોમિસ્ટો પહેલેથી જ જેમ શરીરના અવયવો માટે સમજ્યા હતા તેમ જ માનસિક શક્તિઓ પણ ઝડપથી વિકાસ પામે છે. આપણે મનુષ્યો ખરેખર કેટલા શક્તિશાળી છીએ, નહીં? આપણા માટે ન્યુરોપ્લાસ્ટિસિટી એ આપણી ઇચ્છા મુજબ ઉપયોગ કરી શકાય તેવું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે. જો આપણે ઇચ્છીએ તો આપણી દિમાગી શક્તિઓને વિકસિત, સર્જનશીલ અને આપણી ઇચ્છા અનુસારનું બનાવી શકીએ છીએ. જ્યારે તમે લોકો ઘરે જાઓ ત્યારે ન્યુરોજેનેસિસની આ અસાધારણ ઘટનાનો અભ્યાસ કરજો, જેનાથી તમને મગજની નવા ન્યુરોનનું સર્જન કરવાની કુદરતી શક્તિનો પરિચય મળશે. દરેક મનુષ્યમાં આ કળા વિકસાવવાની શક્તિઓ શીખવા અંગે ઊભરતા ન્યુરોસાયન્સમાંથી માહિતી મળે છે. તેઓ ક્યાં રહે છે, તેની ઉંમર શું છે, કે તેમનો ભૂતકાળ કેટલો મુશ્કેલ હતો તેનાથી આ આવડત વિકસાવવામાં કશો ફરક નથી પડતો, તે ખરેખર ઉત્તેજનાસભર છે.

તેમણે ઉમેર્યું કે, કોઈ પણ રીતે અત્યારે એટલું જાણી લો કે મગજમાં નબળાઈ અને સ્નાયુબદ્ધતા જેવા ગુણો છે અને મહાન વ્યક્તિને તેનો એ ગુણ મહાન બનાવે છે કે તે એ જાણે છે કે રોજબરોજની તકલીફો સફળતાને સ્થાયી બનાવવા માટેની પ્રક્રિયાનો એક ભાગ છે અને આ જ લાગણી આપણા મગજને લશ્કર જેવી શિસ્તમાં ઢાળે છે. મહામાનવોનું જીવન ખૂબ જ આરામદાયી હોય છે તે એક ખરેખર કિંવદંતી જ છે!

ધનિકે પોતાના ખિસ્સામાંથી એક સિલબંધ કવર કાઢ્યું અને ઉદ્યોગકારને આપ્યું.

આ ઉઘાડો, અને મોટેથી વાંચી સંભળાવો.

સરસ રીતે વાળવામાં આવેલા આ કવરમાં રાખવામાં આવેલા સુંદર કાગળમાંથી મહિલા ઉદ્યોગકારે પ્રસિદ્ધ તત્ત્વચિંતક ફ્રેડરિક નીત્ઝેકનું નીચે મુજબ અવતરણ વાંચ્યું :

ઈશ્વર તરફથી મળતી ભેટ, જન્મસમયે જ મળતી આવડતો અંગે વાતો ન કરો! જેને ખૂબ જ થોડું મળ્યું હોય છે તે પણ મહાન બની શકે છે. કોઈ પણ વ્યક્તિ એવા મહાન માણસોનાં નામ આપી શકે છે, જેમને જન્મથી બહુ જ થોડું મળ્યું હતું. છતાં તેમણે મહાનતા પ્રાપ્ત કરી હતી, પોતે કેળવેલા ગુણો દ્વારા, જે અંગે કોઈ જાણતું ન હતું કે તેઓ કેવું ગૌરવ મેળવશે: આ મહાન લોકોએ એક કાર્યક્ષમ અને કાર્યદક્ષ મનુષ્યની ગંભીરતા કેળવી હતી. જે સૌપ્રથમ સાહસ કરતાં પહેલાં તેનાં યોગ્ય પાસાંઓને ઘડે છે અને પછી તેને જોડીને પૂર્ણ કક્ષાની સફળતા મળવે છે. તેણે પોતાને માટે સમય ફાળવ્યો હતો, કારણ કે તેઓ પરિણામના ઝાકઝમાળભર્યા પૂર્ણ પ્રભાવની પહેલાં નાનકડી, અને માધ્યમિક વસ્તુઓને સારી બનાવવામાં પણ વધુ આનંદ અનુભવે છે, અને અંતે તેમની આ મહેનતમાંથી પૂર્ણ સફળતા પ્રગટે છે.

પાનું ફેરવો પ્લીઝ, ધનિકે કહ્યું.

ઉદ્યોગકારે અંગ્રેજ કવિ વિલિયમ અર્નેસ્ટ હેનલીની રચના વાંચવાનું શરૂ કર્યું,

રસ્તો કેટલો સીધો છે તે મહત્ત્વનું નથી,

નસીબમાં સજા પણ કેટલી લખાઈ હશે,

મારા ભાગ્યનો નિર્માતા તો હું જ છું,

હું જ મારા આત્માનો કૅપ્ટન છું.

માનવ સભ્યતાના માસ્ટર્સ અને જિનિયસ લોકો તથા મહાનાયકો કપરું અને મુશ્કેલ જીવન જીવ્યા હતા. તેમણે અઘરી તાલીમ મેળવી હતી. દુ:ખ વચ્ચે તેમણે રમતો રમી હતી. તેમણે તેમની તાકાતનો પૂરો ઉપયોગ કર્યો હતો. જ્યારે પોતાની ક્ષમતાઓના મૂલ્યાંકનની વાત આવે ત્યારે તેઓ મહત્ત્વાકાંક્ષી, આક્રમક બની જતા હતા. ઝનૂનનો અંગ્રેજી શબ્દ પેશનનો ખરેખર લૅટિન મૂળ અર્થ થાય છે સહન કરવું. આ મહિલાઓ અને પુરુષોએ પોતાના દૃષ્ટિકોણ, આકાંક્ષાઓ અને આદર્શો માટે ઘણું વેઠ્યું હતું. પોતાની કુશળતા વધારવા માટે અને પોતાની તાકાતને ઓળખવા માટે તેમણે સહન કર્યું હતું. તેઓ પ્રચંડ ત્રાસ સામે ટકી રહ્યા અને લાલસાઓનો ત્યાગ કર્યો હતો અને મારે ખાસ કહેવું જોઈએ કે આ મહાનુભાવોએ દેશ માટે પણ ઘણું સહન કર્યું હતું. તમે જાણો છો કે છીછરી-નાની રમતો તમારી દુનિયાને નીચે ઉતારી પાડે છે. કારણ કે આ ગ્રહ પણ તમારી શક્તિઓ વિના દરિદ્ર બની જાય છે.

ધનિકે આગળ ચલાવ્યું, તમારા મનોબળને ઘડવાનો એકમાત્ર શ્રેષ્ઠ ઉપાય એ છે કે તમે જાતે જ તમારા માટે અગવડતાઓ ઊભી કરો. સ્પેલબાઇન્ડર આ માટે 'સ્ટ્રેન્ધનિંગ સીનરીઝ' એવો શબ્દ પ્રયોજે છે. જ્યારે હું ખૂબ નાનો હતો અને મારા

માટે જે કરવાની જરૂર હતી તે કરવા માટે મારી જાતને નિયંત્રિત કરવાની ક્ષમતા હતી, ત્યારે મને એવું લાગ્યું ન હતું તેમાં કોઈ નબળાઈ હોય. મારી સ્વયંશિસ્તના સ્નાયુઓ કોમળ હતા કારણ કે હું કસરત કરતો ન હતો. 5 એ.એમ. રૂટિન લાગુ કરવા માટે મારે વધુ મજબૂત બનવાની જરૂર હતી તે સ્પેલબાઇન્ડર જાણતા હતા, એ સ્થિતિ મારી સમગ્ર કારકિર્દી દરમિયાન રહી હતી, માટે તેમણે મને જાતે પોતાને મુશ્કેલ પરિસ્થિતિઓમાં તૈયાર કર્યો અને તેણે જાદુઈ કામ કર્યું.

કેવા પ્રકારની પરિસ્થિતિઓ? કલાકારે પૂછ્યું.

સપ્તાહમાં એક વાર હું જમીન પર સૂતો હતો.

તમે સાચું કહો છો?

સંપૂર્ણપણે, ધનિકે કહ્યું અને અઠવાડિયામાં બે વાર સવારે મેં ઠંડા પાણીના શાવરમાં નહાવાનું શરૂ કર્યું. જે રીતે વિશ્વના સૌથી વધુ સફળ પુરુષો અને મહિલાઓ તેમની મૂળ શક્તિનું મૂલ્યાંકન કરતા હોય છે. જ્યારે હું કશું જમતો નહી ત્યારે ઉપવાસ દરમિયાન હું કેટલો સમય બચાવતો તે નોંધપાત્ર હતું અને મારી વિચારસરણી કેટલી સ્પષ્ટ હતી અને મારી પાસે કેટલી ઊર્જા જાગ્રત થતી તે આશ્ચર્યજનક હતું. ઓહ અને જ્યારે ઝુરિકના મારા નિવાસે હું હતો ત્યારે મારી શક્તિઓ વિસ્તારવા માટે ત્યારે હું વિન્ટર ટ્રેનિંગ દરમિયાન સ્નોમાં માત્ર એક ટી-શર્ટ અને શોર્ટ પહેરીને દોડવા જતો.

આપણે અહીં આવ્યા ત્યારનો હું જે સૂચન કરી રહ્યો હતો તે જ વાત છે આ. તમારામાં વિશ્વકક્ષાની આત્મનિયંત્રણની શકિત છે. વિજ્ઞાન આ વાતને અનુમોદન આપે છે. નવા ન્યુરલ પાથવેઝ-માનસિક શક્તિઓ વિકસાવવા માટે અને મનોબળને મજબૂત અને વિકસિત બનાવવા માટે મગજને તૈયાર કરવાની મુખ્ય ચાવી એ છે કે, આ કુદરતી સ્રોત પર સતત કાર્યરત રહેવું. આ પદ્ધતિ દ્વારા જ કોઈ પણ વ્યકિત મજબૂત, હિંમતવાન અને અપરાજિત બની શકે છે, પછી ભલે તેની સામે ગમે તેવા પડકારો અને મુશ્કેલીઓ આવે, તે ઝઝૂમે છે અને પોતાનું લક્ષ્ય મેળવે છે. તમે એવું કયા આધારે વિચારો છો કે નેવી સીલ અને એસએએસના સભ્યો (સાચા અર્થમાં ઇચ્છાશક્તિના યોદ્ધાઓ) જ્યાં ભાવનાઓ પણ કચડાઈ જાય તેવી પરિસ્થિતિઓ સામે પણ મજબૂતીથી ઊભા રહી શકે છે? તેઓ ધોધમાર વરસાદમાં લાંબા અતંરની દોડ લગાવે છે, તેમની પીઠ પર મોટું વજન પણ લદાયેલું હોય છે. અંધારી રાત્રે તેઓ કીચડમાં ઘૂંટણિયાભેર પસાર થાય છે, મોંમાં પણ ન પેસે તેવું ભોજન ખાય છે અને સ્પાર્ટનની જેમ રહે છે. પાછા પગે દરિયામાં ખાબકવું, આંખે પાટા બાંધીને ઊંધા પગે દોડવું, માનસિક વેદના અને તાણ આપતી કસરતો દ્વારા તેઓ તેમને હંમેશાં મર્યાદામાં રાખતા ભય સામે વિજય મેળવે છે. જુઓ, સાથીઓ, બહાદુરી-અને મુશ્કેલ કામો કરવાની ક્ષમતા જે જીવનને સાચી રીતે માણવા અને તમે મહાન છો તેવી ભાવના પ્રેરે છે- તે ઈશ્વરીય વરદાન નથી જ. જરા

પણ નહી. તે એક સ્વૈચ્છિક રીતે કરાતો અભ્યાસ છે. મનોબળની મજબૂતી અને સંપૂર્ણ સમર્પણથી જ તે મળે છે. માટે, હું તમને લોકોને ફરી વાર આગ્રહ કરું છું કે, તમારી અંદરના ભયરૂપી રાક્ષસને ગૂંગળાવી દો, અંદરના આ દૈત્યને મારી નાખો અને જે જરૂરી છે તેવો અભ્યાસ વધુ ને વધુ કરો. આ એક ખાતરીપૂર્ણ માર્ગ છે એક સફળ જીવન અને જે જોઈએ તે મેળવીને અંત સુધી તેનું ગૌરવ લેવાનો. તમે જાણો છો આ બાબત મને આઇરિશ નાટ્યલેખક જ્યોર્જ બર્નાર્ડ શૉની યાદ અપાવે છે. 'છોકરાએ તે માણસ જેવી દાઢી રાખી,' ધનિકે વિચિત્ર રીતે કહ્યું.

તેમણે પૂછ્યું, કોઈએ ક્યારેય જોયું છે?

મેં તો નથી જોયું. કલાકારે જવાબ આપ્યો.

તમારે જોવું જોઈએ, તે ખરબચડી છે, ધનિકે કહ્યું.

આ પછી તેણે આઠ વખત આંગળીઓ હલાવી. તરત જ, મકબરાના કોઈક ખૂણેથી એક અજાણ્યો અવાજ સંભળાયો: યોગ્ય વ્યક્તિ પોતાના વિશ્વને અપનાવી લે છે. અયોગ્ય વ્યક્તિ વિશ્વને પોતાની અનુકૂળ બનાવવાનો પ્રયત્ન કરે છે. પરિણામે, બધી જ પ્રગતિ અયોગ્ય વ્યક્તિ પર આધારિત છે.

અવાજ શાંત થઈ ગયો.

જ્યોર્જ બર્નાર્ડ શૉએ તેમના 'મૅન ઍન્ડ સુપરમૅન' નામના નાટકમાં આવું લખ્યું હતું. ચાર અંકના આ નાકટનું તેણે ૧૯૦૩માં નિર્માણ કર્યું હતું. હું કહેવા એ માગું છું કે: જ્યારે તમારી યોગ્ય મહત્ત્વાકાંક્ષાઓ, નૈસર્ગિક આવડત, કુશળતાઓ અને દુનિયા બદલવાની ઇચ્છાની વાત આવે જેના માટે તમારી પાસે સૌથી વાજબી કારણ હોય ત્યારે ક્યારેય પણ તમારી સાથે વાજબી થવાનો પ્રયત્ન ન કરતા.

ધનિક થોડી વાર માટે અટક્યા અને પછી તેમણે બંને વિદ્યાર્થીઓ સાથે જે કર્યું તે ક્યારેય કોઈએ જોયું ન હોય તેવું હતું. તેમણે પોતાની પહેલી આંગળી અને અંગૂઠા વચ્ચે ચુંબન કર્યું. તમે જ્યારે વિશ્વને પોતાનું કરવા ઇચ્છતા હો ત્યારે સૌપ્રથમ તમને જ પ્રેમ કરવો પડશે.

પ્રેરણાદાયક, કલાકારે કબૂલ્યું. જે જ્યોર્જ બર્નાર્ડ શૉએ કહ્યું હતું.

સંશોધનોએ એ સાબિત કર્યું છે કે રાજ્યાભિષેકનો અધિકાર મેળવવાની સિદ્ધિ અપાવવા સુધી મનોબળની આ તાલીમ લઈ જઈ શકે છે. વેલ્શને ધમરોળી નાખનારા હેન્રી મોર્ટને નોંધ્યું હતું કે ગનપાવડર કરતાં પણ આત્મ-નિયંત્રણ વધુ અનિવાર્ય છે.

ઉદ્યોગકારે કહ્યું, ચોક્કસ પ્રેરણાદાયક.

જુઓ, ધનિકે કહ્યું, પ્રસિદ્ધ કલાકારો, માનવતાવાદી અગ્રણીઓ, મહિલા અગ્રણીઓ, ઍથ્લેટ્સ વગેરેમાં સામાન્ય લોકો કરતાં વધુ મનોબળ હોય તેવી ભ્રામક વાતો ચાલી આવે છે. આ ખરેખર તો મોટું જુઠ્ઠાણું છે. સાચું એ છે કે, ત્યાં સુધી પહોંચવાની અપેક્ષાઓ તેમનામાં એક સામાન્ય માણસની જેમ જ જન્મી હતી અને અથાક અભ્યાસ, અને પોતાની સારી આદતોને વળગી રહેવાનું ઝનૂન, તેમની સામે આવતી લાલચો, તૃષ્ણાઓને નિયંત્રિત કરવાની તેમની શક્તિ વડે તેઓ મહામાનવ બની શક્યા હતા.


કલાકારે કહ્યું, નાના પણ દરરોજ, મોટેભાગે નજીવા સુધારા, જ્યારે એક નિશ્ચિત સમય સુધી સતતપણે કરવામાં આવે ત્યારે આશ્ચર્યકારક પરિણામો આવે છે.

સાચી વાત છે, ધનિકે સમર્થન કર્યું અને ઉમેર્યું, પ્રશિક્ષણના વધારવામાં આવેલા સમયગાળા દરમિયાન માનવને જે અદૃશ્ય અને અનંત લાગે છે તે તમને માઇકલેન્જેલો અથવા ડિઝની અથવા ચોપિન અથવા કોકો ચેનલ અથવા રોજર બૅનિસ્ટર અથવા પેલે અથવા માર્ક્સ ઑરેલિયસ અથવા કોપરનિકસ બનાવે છે. સાચી પ્રતિભાઓએ તેમનું જીવન સામાન્ય માણસની જેમ જ શરૂ કર્યું હોય છે. પણ પોતાની પ્રતિભા વિકસાવવા માટે તેમણે તનતોડ મહેનત કરી હોય છે જે પછીથી તેઓ આપોઆપ જ વિશ્વકક્ષાના બની જાય છે. લો, આ બીજું બ્રેઇન ટૅટૂ જે સ્પેલબાઇન્ડરે મને શીખવ્યું હતું : પ્રસિદ્ધ લોકો અદ્ભુત રીતે લાંબા સમયથી અભ્યાસરત રહે છે કે તેમને કેવી રીતે વર્તવું તે પણ યાદ નથી રહેતું.

ઉદ્યોગકારે પૂછ્યું, તો, વ્યાવહારિક રીતે આપણે ક્યાંથી શરૂ કરવું જોઈએ? કારણ કે અમે બંને આત્મનિયંત્રણ ઇચ્છીએ છીએ, સાથે જ એવી શ્રેષ્ઠ આદતો પણ કેળવીએ છીએ જે જીવનભર રહે. ખાસ કરીને સવારે પાંચ વાગ્યે જાગી જવું.

મારી સાથે ચાલો. ઉદ્યોગપતિએ તેમને સૂચના આપી.

મિ. રિલે તેમને સ્મારકના કોરિડોરમાં દોરી ગયા. ઝાંખા પ્રકાશવાળા ઓરડાઓ પસાર કર્યા બાદ તેઓ એક ચેમ્બરમાં પહોંચ્યા. એક ખૂણામાં બ્લેકબોર્ડ ગોઠવાયું હતું. ધનિકે ચોકનો એક ટુકડો ઉઠાવ્યો અને એક ડાયાગ્રામ દોરવાનું શરૂ કર્યું,



આદતો કેવી રીતે કેળવવી તે પરના તાજેતરના અભ્યાસ પર આ મૉડલ આધારિત છે. તમારો સ્ટાર્ટિંગ પૉઇન્ટ એક પ્રકારના ટ્રિગરની રચના કરે છે. વહેલી સવારે જાગવાની પ્રથા તેમાં વણાયેલી છે. તમે શાળામાં ભણતા ત્યારે મૂકતા એલાર્મ જેટલું જ આ સરળ છે, જે સવારે પાંચ વાગ્યે તમને જગાડે છે. જ્યારે આપણે રોમ જઈશું ત્યારે હું તમને એ સમજાવીશ કે તમારે સૂવાના ઓરડામાં શા માટે ટેક્નોલૉજીનો ઉપયોગ ન કરવો જોઈએ.

રોમ? ઉદ્યોગકાર અને કલાકાર બંને એકસાથે ઉત્સાહમાં આવી ગયાં.

જોકે, ધનિકે તેને અવગણી ઉમેર્યું. એક વખત તમારા એલાર્મની ટ્રિગર ગોઠવાઈ જાય પછી બીજું પગલું – જે તમે ડાયાગ્રામમાં જોઈ શકો છો – તમને ગમતા રોજિંદા કાર્યક્રમ શરૂ કરવાનું છે.

તો, આપણે પથારીમાંથી બહાર આવવાનું છે, બરાબર?

હમમ, ધનિકે કહ્યું, તે બહુ જ સ્વાભાવિક લાગે છે, પથારીમાંથી કૂદકો મારીને બહાર આવશો તે પહેલાં 'ધ પ્રિફ્રન્ટલ વૉર્ટેક્સ તમને તમારે ફરીથી સૂઈ જવું જોઈએ તેવા મતલબનાં અસંખ્ય બહાનાંઓ આપી શકે છે. પથારીમાંથી બહાર આવતા હો એ ક્ષણે તમે ન્યુરોપ્લાસ્ટિસિટીની મદદથી તમારા મગજમાં વહેલા ઊઠવાની ન્યુરલ સર્કિટ ઊભી કરો છો અને યાદ રાખો: મગજના જ્ઞાનતંતુઓના માર્ગો એકબીજા સાથે સમયાંતરે એક યોગ્ય અને મજબૂત માર્ગ માટે અથડાય પણ છે, જોડાય પણ છે. બરાબર આ જ ક્ષણે તમે જ્યારે પથારી છોડવા નથી ઇચ્છતા કે પછી તેમાંથી ઊઠીને શ્રેષ્ઠ રીતે તમારી

સવારનો પ્રારંભ કરવા માગો છો – તે તમારા મનોબળને મજબૂત બનાવવાની તક છે. મને ખબર છે, શરૂઆતમાં તે મુશ્કેલ લાગે છે.

સ્પેલબાઇન્ડરના અન્ય એક બ્રેઇન ટેટૂ સાથે કલાકારે વચ્ચે જ કહ્યું, તમામ પરિવર્તન શરૂઆતમાં મુશ્કેલ, મધ્યમાં અસ્તવ્યસ્ત અને અંતમાં સુંદર હોય છે.

હા, ધનિકે કબૂલ્યું અને કહ્યું, આ ચાર ભાગની પેટર્નનું તેના પછીનું પગલું છે કે નવી પ્રથાનો અમલ કરો તેની સાથે જ નિશ્ચિત પુરસ્કાર પણ હોવો જોઈએ. રિવોર્ડ એવો હોવો જોઈએ કે એ તમને એક કિકસ્ટાર્ટ આપે અને તમે ફરીથી તેવું કરવા પ્રેરાવ. તમારી જીત અને પ્રગતિને નિશ્ચિત બનાવવા માટે હંમેશાં રિવોર્ડની શક્તિનો ઉપયોગ કરો. તો, હું ધારું છું કે તમે સમજ્યા છો કે એલાર્મ બંધ થાય તે પહેલાં પથારીમાંથી ઊભા થવા કરતાં મહત્ત્વનું શું છે. હું તમને ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાના શિક્ષણ દરમિયાન એ સમજાવીશ કે સવારના એ પાંચથી છના વિજયી કલાક દરમિયાન તમારે શું કરવાનું છે.

કલાકારે કહ્યું, તમે એ અમને ક્યારેય શીખવવાના છો કે નહીં? તે શીખવા માટે ખૂબ જ ઉત્સુક હતા.

આવતી કાલે સવારના પ્રશિક્ષણ વર્ગનો વિષય છે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા. ધનિકે કહ્યું. હાલ તરત, આપણે ત્રીજા મુદ્દા પર ધ્યાન દઈએ. તમારે પુરસ્કારની ગોઠવણ કરવી જોઈએ. ઇચ્છાશક્તિ પરના જાણીતા સંશોધકો કહે છે કે સારી આદતો કેળવવા માટે તે જરૂરી છે. વહેલા ઊઠવા માટે તમારો પુરસ્કાર જમ્યા પછી ડેઝર્ટમાં એક સરસ ડાર્ક ચૉકલેટ હોઈ શકે. દિવસ દરમિયાન પાછળથી એક સરસ ઝોકું ખાઈ લેવું એ પણ પૃથ્વી પરના મહાન સર્જકોની ગમતી રીત જ ગણાશે. તમારે તમારી જાતને એ રીતે માની લેવી જોઈએ કે તે એક પુસ્તક છે જેને તમે તમારી લાઇબ્રેરી માટે ખરીદવા માગો છો. તમે તમારા માટે સારું શું છે તે નક્કી કરી શકો છો.

ઉદ્યોગકારે કહ્યું, હવે સમજાયું. તેમને હવે ખાતરી થઈ હતી કે આ માહિતી તેમના વ્યવસાય, આરોગ્ય, મનોદશા, હૃદયની લાગણીઓ, તેમજ ચેતનાને વધુ જાગ્રત કરશે, જે એક સુંદર જીવન તરફ દોરી જશે.

સરસ, હવે આપણે છેલ્લી પેટર્ન પર પહોંચ્યા છીએ, કહીને ધનિકે ચોકનો ટુકડો હાથમાં લઈને ડાયાગ્રામમાં લખેલા 'રિપિટેશન' શબ્દ ઉપર મૂક્યો.

તમારા સ્વભાવની હતાશા હટાવવા તથા તૃષ્ણા અને લાલચથી મુક્ત થવા તેમજ જ્યારે તમે નવી આદતો કેળવવા માટે સખત મહેનત કરી રહ્યા હો ત્યારે આવતા અવરોધને રોકવા માટે સ્થાયી પુનરાવર્તન ખૂબ જ મહત્ત્વનું બની રહે છે. અહીં અડગ શબ્દ પ્રયોજવો યોગ્ય છે. 5 એ.એમ. ક્લબના આજીવન સભ્ય બની રહેવા માટેના

તમારા નિર્ધાર સાથે અડગ રહેજો. તમે પોતાને આપેલાં આ વચન પ્રત્યે સંપૂર્ણ સમર્પિત રહેજો, કોઈ બહાનું કાઢતા નહીં. દરેક વખતે જ્યારે તમે આ અભ્યાસ કરશો ત્યારે તમારા વ્યક્તિસ્વાતંત્ર્યનું તમને ભાન થશે. દરેક વખતે જ્યારે તમે વહેલી સવારે જાગશો, ત્યારે તમે તમારા ચારિત્ર્યને શુદ્ધ કરશો, તમારા મનોબળને મજબૂત કરશો અને તમારા આત્માની શક્તિને ઉજાગર કરશો. હું ધારું છું કે, હું તમને કદર કરવાની રીત શીખવવામાં મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યો છું, જે તમને તમારી શ્રેષ્ઠતાના વાસ્તવિક માપદંડ, સૌની હાજરીમાં બાહ્ય રીતે નહીં, પરંતુ એકલતામાં શાંત અને હળવા પ્રકાશમાં થતા અભ્યાસ દરમિયાન પ્રાપ્ત થશે. જ્યારે તમે કોઈની હાજરી ન હોય ત્યારે કંઈક કરો ત્યારે તમે દુનિયામાં અજેય બની જાઓ છો.

ઉદ્યોગકારે કહ્યું, મેં ચૅમ્પિયનશિપ સ્પૉર્ટ્સ બાબતે ઘણું વાંચ્યું છે. તેના કારણે મને મારી કંપનીમાં શ્રેષ્ઠ ટીમો બનાવવામાં મદદ મળી હતી અને જે એક વાત હું શીખી હતી તે એ હતું કે વિજેતા ટીમ મૅચની અંતિમ ક્ષણોમાં જેવું રમી હતી તેવું જ તેઓ તાલીમ દરમિયાન રમતા હતા.

એકદમ બરાબર, ધનિકે સહમતી વ્યક્ત કરી. મૅચની અંતિમ ક્ષણોમાં ખેલાયેલા દાવ ઑટોમેટિક હતા – એ તેમની તાલીમનું સતત અને સતત પ્રયાસનું પ્રરિણામ હતું.

કલાકારે મનોમન વિચાર્યું, સચોટ મુદ્દો.

હું તમને જવા માટે રજા આપું તે પહેલાં હજુ પણ એક અગત્યની બાબત શીખવવાની છે જે સારી આદતો કેળવવા માટે તમને સ્પષ્ટ સમજણ આપશે. તે ૬૬ દિવસની અસાધારણ પ્રક્રિયા છે. એ વિશે હું તમને સમજાવું એ પહેલાં સ્વ-નિયંત્રણ પર મારે હજુ કેટલાક મુદ્દા સ્પષ્ટ કરવા છે.

કલાકારે આનંદ વ્યક્ત કર્યો – વાહ, આજનો અભ્યાસ મારા માટે નોંધપાત્ર બની રહ્યો. તે મને મારી કામ પ્રત્યેની ઢીલાશ દૂર કરવામાં મદદરૂપ બનશે, અને મને ખાતરી છે કે તે મારી કલાને પણ શ્રેષ્ઠ બનાવશે. મને તો મારી શારીરિક સ્વસ્થતા પણ સુધરી રહી હોય તેમ લાગી રહ્યું છે.

સાચી વાત છે. આંખ મિચકારતાં ઉદ્યોગકારે સહમતી આપી.

યાદ રાખવા જેવી વાત એ છે કે મનોબળ થાકે ત્યારે તે નબળું પડે છે. આ સ્થિતિને વૈજ્ઞાનિકો 'ઇગો ડિપ્લેશન' કહે છે. દરેક સવારે જાગો છો ત્યારે તમે મજબૂત સ્વ-નિયંત્રણ ધરાવતા હો છો. આ માટે જ હું તમારી આંતરિક શક્તિઓને જગાવવા માટે એ સમયનું સૂચન કરું છું જ્યારે તમારી ક્ષમતા મજબૂત હોય છે- સવારે ૫ વાગ્યે. જુઓ: તમે દિવસભર તમારાં કામો કરો છો, મિટિંગોમાં જાઓ છો, મેસેજ ચકાસો છો, કામગીરી કરો છો, પરિણામે તમારી સ્વ-નિયંત્રણની ક્ષમતા ઘટતી જાય છે – લાલસા

અને નબળા આવેગોને નિયંત્રણમાં રાખવાની ક્ષમતા પણ ઘટી જાય છે. હકીકત એ છે કે માનવશિસ્તના સ્નાયુઓ જુદા જુદા નિર્ણયો લેવાને કારણે થાકી જાય ત્યારે હતાશા થાય છે અને તે દર્શાવે છે કે અનેક સફળ લોકો પણ ક્યારેક મૂર્ખામી આચરીને પોતાની કારકિર્દી બરબાદ કરી નાખે છે. તેઓ પોતાની આ બાલિશતાનું કારણ પણ એવું જ આપે છે કે તેમને દિવસભર મહત્ત્વના નિર્ણયો લેવા પડતા હોય છે અને એ સ્થિતિમાં જ સાંજ પડી જાય છે અને પછી તેમની પાસે લાલચ સામે લડવાનું મનોબળ રહ્યું હોતું નથી.

ઉદ્‌યોગકારે કહ્યું, અદ્‌ભુત, ઘણી જરૂરી માહિતી મળી.

તો, સ્વ-નિયંત્રણના અવયવ આરામ અને તેની પુન:જાગૃતિ માટેની ચાવી એ છે કે, તેને ક્યારેય અતિશય થાકવા ન દો. તેમ જ્યારે ખૂબ થાકેલા હો છો ત્યારે તમારું મનોબળ પણ ખૂબ જ નબળું પડે છે. આ માટે સજાગતા કેળવવી જરૂરી છે. જ્યારે આપણે ખૂબ થાકેલા હોઈએ છીએ ત્યારે આપણે સૌથી ખરાબ નિર્ણયો અને ખોટી પસંદગી કરતા હોઈએ છીએ. તેને સમય આપો. મારી પાસે તમારા માટે વ્યક્તિગત પુન:જીવનની ખોવાયેલી વિશ્વની શ્રેષ્ઠ કલા જેના દ્વારા વ્યક્તિની કીમતી મિલકત જેવી ઇચ્છાશક્તિને કેવી રીતે રક્ષણ આપી શકાય તે અંગે એક શક્તિશાળી માર્ગદર્શન સત્ર છે, જે આપણે આગળ પર શીખીશું.

મિ. રિલેએ ઉમેર્યું, તમે એ પણ જાણો કે અભ્યાસ અને સંશોધન પણ એ વાતને સમર્થન આપે છે કે બાહ્ય વાતાવરણ શિસ્તમાં વધારો કરે છે. આ કારણે સ્ટિવ જૉબ્સે નેક્સ્ટના કાર્યસ્થળને નાનામાં નાનું અને સફેદ રંગથી રંગાવ્યું હતું. ગૂંચવાડા તમારા સ્વ-નિયંત્રણને ઘટાડે છે અને સાથે જ તમારી જ્ઞાનની ઊર્જાને ઘટાડે છે.

કલાકારે કહ્યું, કદાચ આ કારણે જ મહાન લોકો દરરોજ એક જ યુનિફૉર્મ પહેરતા હશે. તેઓ કદાચ તેમની મૂળભૂત જીવનપદ્ધતિ જાળવી રાખવા ઇચ્છતા હશે. તેઓ સમજતા હોય છે કે આપણે સવારે જાગીએ ત્યારે આપણી પાસે મર્યાદિત મનોબળ અને એકાગ્રતા હોય છે, માટે કપડાં-ભોજન જેવી બાબતોની પસંદગીમાં તેને વેડફવાને બદલે તેઓ પાયાગત બાબતોને શક્ય એટલી એક નિર્ધારિત પદ્ધતિમાં ઢાળી લે છે, જેથી તેઓ તેમની મહત્ત્વની કામગીરીમાં પોતાની મહાન શક્તિઓને કેન્દ્રિત કરી શકે. હવે મને સમજાઈ ગયું છે કે મહાન પ્રતિભાઓ કેવી રીતે મહાન બને છે. જો આખા દિવસનો સૌથી વધુ સમય મેં કલાને અને અન્ય મહત્ત્વની બાબતોને આપ્યો હોત તો તમે જેને ‘અનિર્ણયાત્મકતા’ કહો છો તેનાથી મારે હેરાન થવું પડ્યું ન હોત અને મેં મારો સાંજનો મહત્ત્વનો સમય ખોટી પસંદગીઓ, જેવી કે ટકિલા પીવામાં, જંકફૂડ ખાવામાં અને મૂર્ખ જેવા ટીવી શો જોવામાં વેડફ્યો ન હોત.

ઓકે, ધનિકે કહ્યું, તમે લોકો હવે સ્પષ્ટ રીતે સમજી ચૂક્યા છો કે દરેક પરિવર્તન શરૂઆતમાં મુશ્કેલ હોય છે, મધ્યમાં ગૂંચવણભર્યું અને અંતે સુંદર હોય છે. આ અંતર્દૃષ્ટિ તમારા માટે કાયમી માઇન્ડસેટ બની રહેશે.

ચાલો, હવે સ્પેલબાઇન્ડરના શક્તિશાળી બ્રેઇન ટૅટૂને એક શક્તિશાળી મૉડલમાં ફેરવીએ, જે દરેક નવી આદત કેળવવા માટેના ત્રણ તબક્કાઓનું માર્ગદર્શન આપે છે, જેથી તમારી વહેલી સવારે જાગવા માટેની શક્તિમાં વધારો થશે. તમે હવે જે શીખવા જઈ રહ્યા છો, ખરેખર તેને પ્રેમ કરવા લાગશો. હવે જે કહું છું તે ખૂબ ધ્યાનથી સાંભળો અને ત્યારબાદ આજ સવારનું આ સત્ર પૂરું કરીએ.

કલાકાર અને ઉદ્યોગકાર ધ્યાનથી સાંભળવા સજ્જ થયાં.


ચોક્કસ ધ્યાનથી સાંભળો છો ને? ધનિકે આંગળી ઊંચી કરીને પૂછ્યું.

હા... કલાકારે પણ આગળી ઊંચી કરીને જવાબ આપ્યો.

ખૂબ જ સરસ. ધનિકે ઉત્સાહથી કહ્યું.

સિક્યોરિટી ગાર્ડ પૈકીનો એક જે ત્રણેયને અંદર લાવ્યો હતો તે પરત આવ્યો અને તેની બૅકપેકમાંથી તેણે એક ચાર્ટ કાઢ્યો. તેણે તેની ફ્લેશલાઇટનો પ્રકાશ તેના પર ફેંક્યો જેથી તેના પર છપાયેલું લખાણ બધા જોઈ શકે. તાલીમ માટેનું ફ્રેમવર્ક આ મુજબનું હતું :

આદત કેળવવા માટેની પ્રક્રિયા



મિ. રિલેએ ડાયાગ્રામનો પહેલો તબક્કો સમજાવતાં કહ્યું, નવી આદત કેળવતી વખતે તમે વિચલિત થવાના પ્રારંભિક તબક્કામાંથી પસાર થાવ છો. ત્યાં ટકી રહો અને તમે બીજા તબક્કામાં પ્રવેશ કરશો, જ્યાં મનોબળ આધારિત નવી સ્થિતિ સર્જાશે અને નવી આદતોની સ્થાપનાનો સાચો પ્રારંભ થશે. એ ગૂંચવણભર્યો મધ્યમ તબક્કો છે. અંતે તમે તમારા આ નવા અને તાજા રૂટિનને વળગી રહેશો ત્યારે છેવટે પરિણામ માટેના અંતિમ અને સુંદર તબક્કામાં પ્રવેશશો. લંડન યુનિવર્સિટીના રિસર્ચ ડેટા અનુસાર આ સંપૂર્ણ અભ્યાસમાં લગભગ ૬૬ દિવસનો સમય લાગે છે. સ્પેલબાઇન્ડર તેમના અભ્યાસક્રમમાં આ શક્તિશાળી પ્રથાને 'ધ ૬૬ ડે મિનિમમ' કહે છે. તમારી નવી આદતો કેળવવા માટે ૬૬ દિવસનો અભ્યાસ. માટે થોડા દિવસ, અઠવાડિયા કે બે મહિનામાં તેને છોડી દેશો નહીં. 5 એ.એમ. ક્લબના સભ્યપદ સાથે આ અભ્યાસ આવશ્યક છે, ૬૬ દિવસ સુધી તમે, તમને આપેલા વચનને કોઈ પણ સંજોગોમાં વળગી રહેજો. માત્ર આટલું કરશો તો તમારું બાકીનું જીવન ખૂબ જ ઝડપી સુંદર થવા લાગશે. તમને હૃદયપૂર્વક આ ખાતરી આપું છું.

જુઓ, પરિવર્તન પ્રથમ તબક્કામાં મુશ્કેલ હોય છે. માટે જ સ્પેલબાઇન્ડર તેને 'વિચલિત' થવાનો તબક્કો ગણાવે છે. જો શરૂઆતમાં તે અઘરું ન લાગે તો તે ખરેખર કોઈ પરિવર્તન નહીં લાવી શકે. તે અઘરું હોવું જરૂરી છે, કારણ કે તમે જૂની પદ્ધતિ બદલીને નવી અપનાવી રહ્યા છો અને જૂની વ્યવસ્થાનો નાશ કરી રહ્યા છો. તમારા મગજના ન્યુરોન્સનાં નવાં જોડાણો સર્જી રહ્યા છો, તમારા હૃદય અને મનને નવી રીતે પ્રોગ્રામિંગ કરી રહ્યા છો. અવકાશયાન જ્યારે જમીનથી ઉપર ઊંચકાય છે ત્યારે ૬૦ સેકન્ડ માટે પૃથ્વીની ભ્રમણકક્ષા કરતાં વધુ ઈંધણ વાપરે છે, ખબર છે શા માટે?

જ્યારે તે ઊડવાનું શરૂ કરે છે ત્યારે શક્તિશાળી ગુરુત્વાકર્ષણ બળ ખાળવા તેને વધુ ઈંધણની જરૂર પડે છે, કલાકારે આત્મવિશ્વાસપૂર્વક જવાબ આપ્યો.

એકદમ બરાબર. ધનિકે સમર્થન આપ્યું. પ્રારંભિક તબક્કામાં આવતી મુશ્કેલીઓને જીતીને તીવ્ર વેગ મેળવવા માટે તેને વધુ ઈંધણની જરૂર પડે છે. પરંતુ એક વાર તે ગતિ પકડી લે, પછી આપોઆપ તે ઊડે છે. કોઈ નવી આદત પાડવાનો પહેલો તબક્કો – ખરેખર ભાર મુશ્કેલીભર્યો હોય છે. તમારે તમારી જૂની દૃઢ થઈ ગયેલી આદતો, રૂઢિઓ, કામગીરીની પરમ્પરાગત પ્રથાઓ સામે વિજય મેળવવો પડશે. જ્યાં સુધી તમને તીવ્ર ગતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તમારે તમારા જ ગુરુત્વાકર્ષણ બળની ઉપર ઊઠવું પડશે. શરૂઆતમાં તે ખરેખર ખૂબ જ પડકારજનક છે. હું તમને ખોટું નથી કહેતો પરંતુ તમે બંનેએ રોજ સવારે પાંચ વાગ્યે જાગીને ખૂબ જ સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. હવે જ્યારે તમે પહેલા તબક્કામાં હશો ત્યારે પ્રથમ ૨૨ દિવસ સુધી આકરી લડત આપવી પડશે. આમાં કંઈ ખોટું નથી, જેઓ શ્રેષ્ઠ જીવન અને પોતાની સર્જનાત્મકતા વધારવા ઇચ્છતા હોય તેમણે આ પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે છે.

મોટા ભાગના લોકો વહેલી પરોઢે ઊઠી જવા માટે તૈયાર થાય છે, પણ પહેલા તબક્કાના શરૂઆતના દિવસોમાં મુશ્કેલી અનુભવે ત્યારે તેમને પથારીમાં પડી રહેવાની ઇચ્છા થાય છે. વહેલું ઊઠવું જરૂરી નથી તેવી દલીલો કરવા લાગે છે. તેમને લાગે છે કે આવું રૂટિન તેમના માટે યોગ્ય નથી, આટલી મુશ્કેલી ભોગવીને કંઈ મળવાનું નથી. પણ મારી સલાહ છે: કોઈ પણ ભોગે તેને વળગી રહો, સાતત્ય અને પુનરાવર્તન એ માસ્ટરીની શરૂઆત છે. શરૂઆતમાં જે અઘરું લાગે છે તે પણ એટલું જ મહત્ત્વનું છે. તમારી જાતને એ વાત સતત યાદ અપાવજો કે મુશ્કેલ કામો કરવાં તે ખૂબ જ મહત્ત્વનાં છે, જેને અપનાવીને જ આપણા સમાજના શ્રેષ્ઠ પ્રતિભાવાન લોકોએ સફળતા મેળવી છે. સાથે આ નિયમ પણ યાદ રાખજો: જ્યારે પસંદગી કરવાની આવે ત્યારે તમારા અંતરાત્માને અનુસરજો, તમારા વિકાસને વિકસાવજો અને તમારી આંતરિક શક્તિઓ, આવડત અને તાકાતને કામે લગાડજો. જ્યારે પણ તમને કોઈ પણ પડકારજનક કામ પડતું મૂકવાની ઇચ્છા થાય ત્યારે, વળગી રહેજો. તમે ખૂબ જ ઝડપી બીજા તબક્કામાં પહોંચી જશો અને નકારાત્મક વિચારો, તરંગી વિચારો અને મક્કમ લાગણીઓને સમજીને એવી રીતે સ્વીકારી લેજો કે નવી સફળતા માટે તેનું સમર્પણ જરૂરી છે. પહેલા બાવીસ દિવસ આ નવા રૂટિનની આંશિક પ્રગતિ દેખાશે.

ઉદ્‌યોગકારે ખાતરી કરવા પૂછ્યું, પ્રથમ તબક્કો જૂની આદતોના વિનાશનો છે કારણ કે નવી આદતોની ગોઠવણ કરવાની હોય છે, બરાબર?

હા, ચોક્કસ, કહીને ધનિકે સહમતી આપી અને તમે આ દિશામાં અત્યાર સુધી કંઈ ન કરી શક્યા તેનો મતલબ એવો નથી કે તમે અત્યારે કશું કરી શકો તેમ નથી. ઉત્સાહપૂર્વક માથું હલાવતાં તેમણે કહ્યું- હું એ વાતનું પુનરાવર્તન કરવા માગું છું કે, જો શરૂઆતમાં મુશ્કેલ ન હોય તેવું કોઈ પણ પરિવર્તન કોઈ પણ રીતે મૂલ્યવાન નથી હોતું. સમાજમાંથી આપણે એવું શીખ્યા છીએ કે જેમાં શરૂઆતમાં તકલીફ પડે તે કંઈક અયોગ્ય-ખરાબ થઈ રહ્યું છે અને આપણે જે કરી રહ્યા છીએ તે છોડી દેવું જોઈએ અને ફરીથી આપણે આપણી સુરક્ષિતતાના કોચલામાં આવી જવું જોઈએ. એ સ્થિતિ કદી પ્રગતિ તરફ લઈ જતી નથી, એ શૂન્ય જ રહે છે.

એકદમ સાચું, ઉદ્‌યોગકારે સંમતિ વ્યક્ત કરી. હું જેટલા લોકોને ઓળખું છું તે તમામ, રિપિટેશન કરતા દેખાય છે. બધા નહી પરંતુ મોટાભાગના લોકો સમાન વિચારો, વર્તન અને વ્યવહારનું સતત પુનરાવર્તન કરતા જણાયા છે.

મિ. રિલેએ કહ્યું, સત્ય એ નથી કે તેઓ પોતાની જાતને બદલી શકતા નથી. માત્ર એટલું જ કે તેમણે પોતાની કુદરતી અદ્‌ભુત શક્તિઓને કાર્યરત કરવા માટે ન્યુરોબાયોલૉજી સાથે જ મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, ભાવનાત્મકતા અને

આધ્યાત્મિકતાને સક્રિય રાખવા પ્રત્યે પ્રતિબદ્ધતા ન દાખવી. જ્યારે તમને કોઈ વાત અઘરી છે એવું સમજાય ત્યારે જ તે સહેલી બની જાય છે.

આ પછી ધનિકે સિક્યોરીટી ગાર્ડને તેની ફ્લેશલાઇટનું ફોકસ લર્નિંગ મૉડલના બીજા ભાગ, રૂટિનાઇઝેશન પર ફેંકવા જણાવ્યું અને કહ્યું, આભાર કિરષ્ના.

અહી જુઓ – તમામ પરિવર્તન મધ્યભાગે આવીને ગૂંચવાડાભર્યું બની જાય છે. બીજા તબક્કાને ઇન્સ્ટોલેશન એટલે કહેવામાં આવે છે કે તે દરમિયાન તમે આંતરિક પરિવર્તન જેવી કામગીરી કરી રહ્યા હો છો. તમારાં આંતરિક જૂનાં માળખાંને તોડવાની જરૂરિયાત હોય છે જેનાથી નવાં સ્થાપિત કરી શકાય. આ તબક્કો તમને ગૂંચવણમાં, માનસિક તાણની સ્થિતિમાં અને નિરાશામાં મૂકે છે અને તેને છોડી દેવાની લાગણી તીવ્ર બનશે, એ હદે કે 5 એ.એમ. ક્લબમાં જોડાવાનો તમારો નિર્ણય બદલી નાખવા પ્રેરાશો. ફરીથી પથારીમાં પડીને લાંબી ઊંઘ લેવા માટેની ઇચ્છા પ્રબળ બનશે. તેને ઓળખો, સમજો અને વિશ્વાસ કરો કે એ ક્ષણિક લાગણીથી બચવું તે સારા માટે જ છે. ખરેખર, ખૂબ સારા માટે. ભલે તમે તે જોઈ નથી શકતાં પણ તમે તમારી જીવનભર વહેલા ઊઠવાની આદત ઘડવાની દિશામાં આગળ વધી રહ્યા છો. સંજોગો હવે સરળ બનવા લાગશે. તમે આ પ્રક્રિયાના બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો અને તેમાં તમને ગૂંચવાડા અનુભવાશે જ. એ તમને અસ્તવ્યસ્ત જ લાગવાનું છે. હકીકત એ છે કે તમે સુંદર રીતે વિકાસ પામી રહ્યા છો. તમારા શ્રેષ્ઠ પ્રદર્શનની તમે વધુ નજીક જઈ રહ્યા છો. મનોવિજ્ઞાની કાર્લ જંગે આમ કહ્યું છે તેમ, 'તમામ મૂંઝવણમાં એક ઉકેલની વ્યવસ્થા છુપાયેલી હોય છે.'

આમ, જ્યારે તમે તમારા આ નવા રૂટિન સાથે આવું અમૂલ્ય જોડાણ સાધી રહ્યા હો ત્યારે, નવા ન્યુરલ પાથવેઝ ઘડતી વેળા તમારા દિમાગમાં ઊથલપાથલ સર્જાય છે. તમારા મનોજગતનું સંપૂર્ણ માળખું નવેસરથી ઘડાય છે. તમે પૂર્ણ પ્રમાણિકપણે એક તદ્દન અજાણ્યા ક્ષેત્રમાં હો છો. નવા લીલા ફણગા ફૂટી રહ્યા હોય છે. તમારી અંદર દરિયો ઉછાળા મારે છે. માનવશક્તિનાં નવાં ક્ષેત્રો સર કરી રહ્યા હો છો, માનવજીવનના શ્રેષ્ઠ ઉપયોગ માટે મહાન સૃષ્ટિમાં પ્રવેશ મેળવી રહ્યા હો છો. કોર્ટિસોલ નામનું માણસમાં ભય ઊભો કરતું હોર્મોન કાર્યરત થાય છે અને ઘણી વાર તમે ગભરાઈ પણ જાવ છો. તમારું મગજ વધુ ને વધુ શક્તિઓનો સંગ્રહ કરી રહ્યું હોય છે તેને કારણે આ બધું થતું હોય છે. પરિણામે નવી આદત કેળવવાના બીજા તબક્કામાં વારંવાર તમે થાક અનુભવો છો. પ્રાચીન ઋષિઓ, દીર્ઘદ્રષ્ટાઓ, તત્ત્વચિંતકોએ ગહન રૂપાંતરની આ પ્રક્રિયાને 'ધ ડાર્ક નાઇટ ઑફ સોલ' તરીકે વર્ણવી છે. એક ઇયળ રહસ્યમય રીતે – લગભગ જાદુઈ રીતે – પતંગિયામાં તબદીલ થાય છે. આંતરિક પરિવર્તનની આવી પ્રક્રિયાને રહસ્યવાદીઓએ અનેક નાના મૃત્યુની હારમાળાના પ્રવાસ તરીકે વર્ણવ્યું છે. તમારી અંદરની એ જૂની માન્યતાઓ ફરજિયાત મૃત્યુ પામવી

જોઈએ જેથી નવી જન્મ લઈ શકે. સ્પેલબાઇન્ડર કહે છે તેમ, 'તમારી જાતને ઊંચે લઈ જવા માટે તમારી નબળાઈઓનો તમારે જાતે જ વિનાશ કરવો પડશે.' આ નાટકીય શબ્દો છે હું સ્વીકારું છું, પણ ગુરુજીએ સાચું જ કહ્યું છે. બીજા તબક્કામાં ક્યારેક તમે એવું પણ અનુભવશો કે સઘળું પડી ભાંગ્યું છે. પરંતુ ખરેખર તો બધું એક થઈ રહ્યું હોય છે – અલબત્ત સારી રીતે. જેમ તમે શીખ્યા છો કે માનવ દૃષ્ટિકોણ હંમેશાં વાસ્તવદર્શી નથી હોતો. આ એવું છે કે જાણે તમે ચશ્માં વડે દુનિયાને જોઈ રહ્યા છો. હકીકતે જ્યારે તમે માસ્ટરી આત્મસાત કરવા તરફ ગતિ કરી રહ્યા હોવ છો ત્યારે સલામતી માટે તમારામાં ઊભી થતી ભ્રમણા ખરેખર તો ઘાતક સાબિત થાય છે. લગભગ ૨૨ દિવસ સુધી બીજા તબક્કામાં મક્કમ રહો અને જાણી લો કે તમારા માટે અદ્‌ભુત પુરસ્કાર આવી રહ્યો છે.

કલાકારે કહ્યું, તમે જે કહ્યું તે મને ખૂબ ગમ્યું. હું જીવનભર માટે વહેલા ઊઠવાની પરંપરા નિશ્ચિત કરીને જ રહીશ, ભલે તેના માટે મારે જીવનું જોખમ ઉઠાવવું પડે.

ધનિકે થોડી વાર માટે મૌન સેવ્યું.

હું આવી આંતરિક પરિવર્તનની આ છાયા જેવી પ્રક્રિયામાંથી ઘણી વાર પસાર થયો છું. જ્યારે પણ હું કોઈ નવી આદત કેળવવા કે વધુ સારી આવડત મેળવવા માટે કે પછી પાયાગત માન્યતા કેળવવા માટે પ્રયત્ન કરું છું ત્યારે ત્યારે આ મૃત્યુ-પુનર્જન્મની પ્રક્રિયામાંથી પસાર થાઉં છું અને મારે એ તમને કહેવાની જરૂર છે કે ક્યારેક અંત આવી ગયો હોય તેવું લાગે છે. તમે ઘણી વાર ખૂબ ગભરાઈ જશો, થોડી વાર માટે થાકી જશો, મૂંઝવણમાં મુકાઈ જશો કે હવે તમારા અંતરઆત્માનો એ અવાજ શું કહેશે. ક્યારેક તમે ગાંડા થઈ ગયા હો એવો ભય લાગશે અને આ જ કારણે છે કે બહુ થોડા લોકો આ પ્રક્રિયાને પાર કરે છે અને બહુ થોડા લોકો આને જીતી લઈને પોતાના દંતકથા સમા પ્રદર્શન વડે વૈશ્વિક સંસ્કૃતિ પર પોતાની અમીટ છાપ છોડે છે. એક પરિપૂર્ણ યોદ્ધા માટે આ એક રમત માત્ર છે. તેના માટે અપાર હિંમત, અતિશય ઉત્કૃષ્ઠ મનોબળ અને અસાધારણ ચારિત્ર્યિક શક્તિની જરૂર પડે છે. આ તમામ વસ્તુ તમારામાં છે જ. તેને ઓળખો અને લાગુ કરો. જેમ મેં કહ્યું હતું, સતત અભ્યાસ અને ધીરજથી બધું તદ્દન આસાન બની જશે, અને સમયાંતરે તે આપોઆપ થવા લાગશે.

ઓકે, સાથીઓ, ધનિકે ફૂટબૉલ કોચની અદાથી ઉત્સાહપ્રેરક રીતે તાળી પાડીને કહ્યું, તમે લોકો ખૂબ સુંદર રીતે ગ્રહણ કરી રહ્યા છો. તો ચાલો આપણે તેને વળગી રહીએ, આપણી પ્રગતિને કુંઠિત કરતી જૂની ઘરેડ પ્રથાઓને તોડી પાડવા માટે નવી આદતોને કેળવવાની પ્રક્રિયાને વળગી રહીએ. જે પ્રથમ તબક્કામાં આવે

છે. પછી તમારા મગજમાં નવી સર્કિટ બનાવવાની પ્રક્રિયા ચાલુ રાખો, જે ન્યુરોપ્લાસ્ટિસિટી દ્વારા શક્ય બને છે અને બીજા તબક્કામાં તમારા ભાવનાત્મક પાયામાં વધુ સારા રસ્તા બનાવે છે. આટલું કરો અને તમે ચોક્કસપણે ત્રીજા તબક્કામાં, તમારી ઉન્નતિના 'સમન્વય' તબક્કામાં પહોંચી જશો. યાદ રાખો: તમામ પરિવર્તન શરૂઆતમાં મુશ્કેલ, મધ્યમાં અસ્તવ્યસ્ત અને અંતમાં સુંદર હોય છે.

ધનિકે થોડી વાર માટે મૌન સેવીને પછી વાત ચાલુ રાખી.

અંતિમ તબક્કો એ છે જ્યારે તે એકસાથે આવે છે. 5 એ.એમ. ક્લબના આજીવન સભ્ય બનાવાની તમારી પ્રતિબદ્ધતાના અનુભવો મેળવવાનું શરૂ કરો છો. ૬૬ દિવસના નવા રુટિનને અપનાવવાના સમયગાળાના અંતની તમે તદ્દન નજીક આવી પહોંચ્યા હોવ છો. માટે હવે આ સફળતાનો સમય છે. પ્રારંભિક તબક્કાને તમે ઓળંગી ચૂક્યા છો, ખતરનાક અને ખળભળાટ મચાવતા વચલા તબક્કામાંથી પસાર થઈ મજબૂત બનીને બહાર આવી ચૂક્યા છો અને તમારામાં વધુ કુશળતા તમને શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે, અદમ્ય કુદરત સાથે તમારું વધુ ઐક્ય સધાય છે. તમે હવે તમારા હવે પછીના શ્રેષ્ઠ કક્ષાના અવતાર છો, વધુ મોટા ખેલ રમવા માટે સજ્જ, વિશાળ શક્તિનું ઉદાહરણ બની વધુ લોકોને પ્રભાવિત કરો અને વિશ્વને વધુ ઉપયોગી થાઓ કારણ કે તમે તમારા પ્રારંભિક હિરોઇઝમની માલિકી મેળવી ચૂક્યા છો. તમારો કઠોર પરિશ્રમ, બલિદાન, સહનશક્તિ, ધ્યાનપૂર્વક અભ્યાસને વળગી રહેવું અને તમારી બહાદુરી – આ તમામ સંગઠિત થઈને તમને આ કક્ષાએ લઈ આવે છે, કારણ કે તમે નવી આદત કેળવવા માટે તમારી માનસિક, લાગણીજન્ય અને શારીરિક તેમજ આધ્યાત્મિક કક્ષાને જોડીને કાર્યરત રહ્યા છો અને એ તમારા માટે સામાન્ય બની ચૂક્યું છે.

સામાન્ય? કલાકારને નવાઈ સાથે પૂછ્યું, જીવન એટલું સરળ બની જશે?

ધનિકે અચાનક નીચે પડીને પુશ-અપ્સ કરવા શરૂ કરી દીધા.

હવે તમે આ શું કરી રહ્યા છો? આશ્ચર્ય પામતાં ઉદ્યોગકારે પૂછ્યું. પછી મનોમન વિચાર્યું, મેં ધાર્યા કરતાં પણ આ વધુ ચક્રમ છે. પણ મજાના માણસ છે.

જીવનનો પ્રારંભિક હેતુ પ્રગતિ છે: પોતાની શક્તિઓને વિકસિત કરવા માટે સતત કઠોર પ્રયત્નશીલ રહેવું. હું દરરોજ જે પુશ-અપ્સ કરું છું તે મને તંદુરસ્ત રાખે છે. પોતાને સતત યુવાન, ખુશ અને જીવંત રાખવાનો પણ તે એક શ્રેષ્ઠ માર્ગ છે. કંટાળો માણસની માનવીય ભાવનાનો નાશ કરે છે.

પ્રથમ કક્ષાના રમતવીર માટે, એક પર્વતની ટોચ એ ત્યાર પછીના પર્વતનું પ્રથમ પગથિયું હોય છે. એક નવી આદતને કેળવવી તે બીજી નવી આદત શરૂ કરવા

માટેની શ્રેષ્ઠ તક છે. હું દરરોજ હજાર પુશ-અપ્સ કરું છું. આ સુંદર કસરત શ્રેષ્ઠ છે અને એકદમ સરળ છે જે, મારું શારીરિક સૌંદર્ય જાળવે છે.

પરંતુ દરરોજના એક હજાર પુશ-અપ્સ કરવા એ પણ મારા માટે એક પ્રથા-રૂઢિ છે જે મને સતત કાર્યરત રહેવાની યાદ અપાવે છે. મારા માઇન્ડસેટ, હાર્ટસેટ, હેલ્થસેટ અને સોલસેટને સતત ઊંચો લાવવા તેમજ મારી પ્રગતિને ઊંચે લઈ જવા માટે સતત પ્રેરણા આપે છે. પ્રમાણિકતાપૂર્વક કહું તો મને નિષ્ફળ જવાનો કોઈ ભય લાગતો નથી. તે તો ઊડતાં શીખવાની એક પ્રક્રિયાનો એક ભાગ છે. મને માત્ર એ વાતનો ડર છે કે હું આગળ વધી રહ્યો છું કે નહી.

સમજાયું, ઉદ્યોગકારે કહ્યું.

આ પછી ધનિકે પોતાની પહેલી આંગળી ટિચિંગ મૉડલ પર જ્યાં ‘ધ ઑટોમેટિસિટી પૉઇન્ટ’ લખ્યું હતું ત્યાં મૂકી.

મજાની હકીકત એ છે કે જ્યારે તમે ઑટોમેટિસિટી પૉઇન્ટ પર પહોંચી જાઓ પછી તમારે સવારે પાંચ વાગ્યે જાગવા માટે મનોબળની કોઈ જરૂર રહેતી નથી. તમારી માનવસહજ વ્યવસ્થામાં નવા રાજ્યશાસનની સ્થાપના થઈ ચૂકી હોય છે. મળસ્કે જાગી જવું તે સહજ સ્વભાવ બની ગયો હોય છે અને સરળ પણ. તમારી આવડત અને દૃઢ દિવસના તમારા સમર્પણની સાચી ભેટ આ રહી: વહેલા ઊઠવા માટે સૂતી વખતે તમે જે તમારા મનોબળનો ઉપયોગ કરો છો તે હવે બીજી વિશ્વકક્ષાની આદત કેળવવા માટે મુક્ત થયો છે. તે હવે તમારા માટે વધુ ઉત્પાદક, સમૃદ્ધ, આનંદદાયક અને સફળ બનવા માટે નવી તક છે. દાખલા તરીકે તમામ પ્રોફેશનલ ઍથ્લીટ્સની સફળતાનું આ જ રહસ્ય છે. એવું નથી કે સામાન્ય માણસો કરતાં તેમનામાં વધુ શિસ્ત હોય છે. તેમણે તેમના આવેગોનું નિયંત્રણ કરીને તેમને લાભકારક સ્થિતિમાં ફેરવવા માટે તેઓ વિજય ન મેળવે ત્યાં સુધી દૃઢ દિવસ પ્રયાસરત રહ્યા હતા. ત્યારબાદ તેમણે તેમના મનોબળને અન્ય બાબત પર કેન્દ્રિત કર્યો અને શ્રેષ્ઠતા હાંસલ કરી. વધુ એક અભ્યાસ અને તેમણે વિજય હાંસલ કર્યો. એક પછી બીજી એમ સારી આદતો કેળવવવી તે જ શ્રેષ્ઠ પ્રોફેશનલોની રમત છે. સમય જતાં તેમની આ આદત ઑટોમેટેડ, પદ્ધતિસરની અને તદ્દન સહજ બની જાય છે, એક વખત તેઓ આ પદ્ધતિ સાથે જોડાઈ જાય છે પછી તેમને કોઈ પ્રયત્નોની જરૂર પડતી નથી અને આવા મહામાનવો તેમની જીતની સતત પ્રૅક્ટિસ કરતા રહે છે, તેઓ એ કક્ષાએ પહોંચી ગયા હોય છે કે તે પ્રૅક્ટિસ તેમના અસ્તિત્વનો સહજ ભાગ બની જાય છે.

તેઓ એ કક્ષા પર પહોંચી જાય છે જ્યાં તેમને કાર્યરત કરવા સરળ અને અટકાવવા મુશ્કેલ હોય છે, ખરું ને? કલાકારે પૂછ્યું.

એકદમ સાચું. ધનિકે જવાબ આપ્યો.

કલાકારે ઉત્સાહથી કહ્યું, વ્યક્તિગત રીતે અને એક ચિત્રકાર તરીકે મારા માટે આ મહત્ત્વનું છે. હું આ આખી પ્રક્રિયા સંપૂર્ણ રીતે સમજીશ, ત્રણેય તબક્કા વિશે – વિઘટન, કેળવણી અને અમલીકરણ – લગભગ ૨૨ દિવસ લાગે છે ખરું ને?

ખરું અને લગભગ ૬૬ દિવસે તે ઑટોમૅટેડ બની જાય છે. આ જ ઑટોમેટિસિટી પૉઇન્ટ છે, કારણ કે આદતો કેળવાતાં લગભગ ૯ અઠવાડિયા લાગે છે. અઠવાડિયા પછી સવારે પાંચ વાગ્યે ઊઠવાનું બંધ કરી દેતા નહીં. પ્રોસેસની મધ્યમાં જ્યારે ગૂંચવણભરી સ્થિતિ આવે ત્યારે હારી જતા નહીં. સમગ્ર અભ્યાસ દરમિયાન તમારું સાતત્ય જાળવી રાખજો અને તમામ પડકાર અને પરીક્ષાઓને પાર કરજો. કોઈ પણ અદ્ભુત રચના ધીરજ માગી લે છે અને પ્રતિભાનું ઘડતર સમય માગે છે. તમારા સમર્પણમાં સાચા રહો, જેમ સૂર્ય ઊગે છે અને મોટાભાગના લોકો ઊંઘે છે, ત્યારે તમે તમારા માટે એક કલાક કાઢો, જે તમારા વ્યક્તિત્વને કેળવવા માટે લાંબા સમય સુધીના તમામ બાહ્ય ખ્યાલોને સમજવા માટે તૈયાર કરશે જેના આધારે ચાર આંતરિક સામ્રાજ્યને વિકસાવવા માટે મદદરૂપ થશે. તમારી પૂર્ણ આવડતને ઉપયોગમાં લેવાની એક પણ તકને અવગણશો નહીં. તમારી અદ્ભુત તાકાતને વિસ્તારીને જુઓ, ખુશીઓનો ગુણાકાર કરો અને તમારી અંદર સ્વર્ગાનુભૂતિ કરો, જેને બાહ્ય તત્ત્વો ક્યારેય ઘટાડી શકે નહીં. મિત્રો, આ એ રીત છે કે તમે કેવી રીતે અપરાજિત બની શકો અને તમારી શક્તિઓના સ્વામી કેવી રીતે બની શકો. સાથે જ તમારા અનોખા માર્ગ દ્વારા દુનિયા માટે એક અજાયબી સમાન કેવી રીતે બની શકો.

ઉદ્યોગકારે કહ્યું, વાહ, અદ્ભુત. ખૂબ મદદરૂપ થાય તેવું. બહુ ઓછા લોકોમાં કુશળતા કેળવવાની જરૂરી આદતો હોય છે તે હવે સમજાયું. મોટાભાગના લોકો પોતાને જ આપેલાં વચનને લાંબા સમય સુધી વળગી રહેતા નથી. તેઓ કરી શક્યા હોત પણ તે કરતા નથી.

હા, ધનિકે સહમતી આપી. આ માટે જ અભ્યાસ તથા માહિતી દ્વારા શીખવું અને આગળ વધવું બહુ જ મહત્ત્વનું છે. મોટાભાગના લોકો આ જીવન બદલનારા મૉડલ અને વ્યવહારુ અંતર્દૃષ્ટિને સમજી શકતા નથી જેને હાલ તમારી સમક્ષ રજૂ કર્યું અને તેઓ જાણતા નથી માટે જ તેનો ઉપયોગ પણ કરી શકતા નથી અને ઉપયોગમાં ન લેવાયું હોય તેવા જ્ઞાનનું અવમૂલ્યન થાય છે. આપણે તમામ જીતવા માટે જ સર્જાયા છીએ. તે વિશે દરેકની પરિભાષા અલગ હોય છે. દુ:ખદ રીતે મોટા ભાગના લોકો તત્ત્વજ્ઞાન કે મેથેડોલૉજીની શાળામાં ભણવા જતા નથી જેનું સ્પેલબાઇન્ડરે મને શિક્ષણ આપ્યું છે. તે જ શિક્ષણ અત્યારે હું તમને આપી રહ્યો છું. તમારે માત્ર સ્પેલબાઇન્ડરના આ કાર્ય વિષે વધુ ને વધુ લોકોને મહિતી આપવાની છે. પ્લીઝ, આ રીતે તમે ઉદાસીનતાના અંધકારમાં ડૂબેલા, મધ્યમમાર્ગમાં અટવાયેલા, અને જુદી જુદી અછતથી પીડાતા લોકોને

બાકીની જિંદગી માટે તેમની આતંરિક શક્તિઓ ખીલવવામાં મદદરૂપ બનજો. આપણે દુનિયાને વધુ સારી, સ્વસ્થ, સુરક્ષિત અને વધુ પ્રેમભરી જગ્યા બનાવવાની જરૂર છે.

ચોક્કસ. કલાકાર અને ઉદ્યોગકાર બંનેએ એકબીજાને વચન આપ્યું.

ઉદ્યોગકારના મનમાં પોતાની અત્યાર સુધી વીતેલી અને હાલ આ ક્ષણની જિંદગી વિશે મનોમંથન ચાલતું રહ્યું. તેમને લાગ્યું કે આ બધું શક્તિશાળી અને સુંદર છે. હકીકતે તે એક વ્યક્તિનો સુખદ આનંદ હતો જેણે જીવનના સાચા ખજાનાની કુશળતાપૂર્વક શોધ કરી હતી.

એ ક્ષણે ઉદ્યોગકારને સમજાયું કે તેને કેટલા બધા આશીર્વાદ મળ્યા હતા.

પોતાની કંપની ટેકઓવર કરવાનો પ્રયાસ પોતે જ હલ કરશે કારણ કે જીવન હંમેશ માટે શ્રેષ્ઠ રીતે કામ કરવાની રીતનો માર્ગ બતાવે છે. તેમણે વિચાર્યું, સમયાંતરે જ્યારે પણ એવી પરિસ્થિતિ ઊભી થતી ત્યારે પોતાની અંદર ઉદ્ભવતા કુદરતી ક્રોધ, નિરાશા અને ઉદાસીની લાગણીઓને નિયંત્રિત કરતા હવે પોતે ચોક્કસપણે શીખી લીધું. તે તેમની માનવીય શક્તિ હતી; સાચી અને સાચા અર્થમાં બહાદુર, જરાય નિર્બળ નહી. તે એ સમજી ચૂક્યાં હતાં કે ધન, પ્રસંશા અને કીર્તિથી પણ મહત્ત્વની વસ્તુઓ હોય છે અને ઘણા આર્થિક રીતે સમૃદ્ધ લોકો આ બાબતે ખરેખર દરિદ્ર છે.

મારી આંતરિક ખુશીથી વધુ મૂલ્યવાન કંઈ જ નથી. માનસિક શાંતિથી વધુ મૂલ્યવાન કશું જ નથી. મહિલા ઉદ્યોગકારે વિચાર્યું.

પોતે પ્રેમ મેળવ્યો હતો. હવે તે સંપૂર્ણ સ્વસ્થ હતાં. તેમની પાસે એવી ઘણી વસ્તુઓ હતી જેના માટે તે આભારી હતાં. આ સુંદર દુનિયાનો વૈભવ જોવા માટે બે આંખો હતી અને બધે પહોંચવા માટે બે પગ હતા. દુનિયામાં લાખો લોકો ભૂખ્યા રહે છે જ્યારે તેને તેના ટેબલ પર જ ભોજન મળી જાય છે. વિશાળ છાંયડો આપે તેવી તેના માથા પર છત છે. તેના પુસ્તકાલયમાં અઢળક પુસ્તકો છે, જે તેની સર્જનાત્મકતાને ખીલવે છે, અને ધનિક કહે છે તેમ તેની પાસે હંમેશાં એ તક રહેલી છે જેના દ્વારા તે પોતાની આંતરિક શક્તિઓ પર સ્વામિત્વ મેળવી શકે છે જેનાથી તેને તો ફાયદો થશે જ, સાથે તે સમાજની પણ સેવા કરી શકે છે.

તેમણે પોતાના રોકાણકારો સાથેની દુશ્મનાવટને જતી કરી. તેમણે પોતાના વિરોધીઓ પ્રત્યેના ગુસ્સાને પડતો મૂક્યો અને તેમણે તેમની તમામ નિરાશાઓને પડતી મૂકી દીધી. વધારે પડતી ગંભીરતા દાખવવા માટે જીવન ખરેખર ખૂબ જ નાનું છે અને પોતાના જીવનના અંતે એ મહત્ત્વનું નહી ગણાય કે તે વેન્ચર કૅપિટાલિસ્ટ પાસે તેની એન્ટરપ્રાઇઝની માલિકી હતી, પરંતુ તે એક માણસ તરીકે શું બન્યાં, તેમણે કરેલી

કામગીરી, તેમણે કેટલા લોકોને મદદ કરી, તે જીવન દરમિયાન કેટલું હસ્યાં અને કેવી કેવી રીતે તેમણે જીવન પસાર કર્યું એ બધું મહત્ત્વનું હતું.

ધનિકની વાત સાચી હતી: દરેક વ્યક્તિ જે તે સમયે પોતાની ચેતનાના જે સ્તરે હોય છે તે પોતાની સાચી શક્તિના સ્તર પર જે તેઓ કરી શકે છે તેના આધારિત શ્રેષ્ઠ કાર્ય કરે છે અને જો પોતાના રોકાણકારો સારું જાણતા હોત તો તેમણે સારું જ કર્યું હોત. આ લોકોએ પોતાના માટે દુ:ખ અને પીડા ઊભાં કર્યાં કારણ કે તેમના અંતરમનમાં તેઓ દુ:ખી જ હતા. જે બીજાને પીડા આપે છે તેઓ અજાણતાં તો પોતાને જ નફરત કરે છે. હા, આવા પ્રકારના ઉચ્ચ દૃષ્ટિકોણથી જોવાનું ચલણ આપણી સંસ્કૃતિમાં સામાન્ય નથી. પણ કદાચ તેના કારણે જ આપણી દુનિયા અનેક યુદ્ધોથી ભરચક છે, ખૂબ જ ભયંકર અને ખૂબ જ નફરતથી ભરપૂર. ઉદ્યોગકારે વિચાર્યું, કદાચ કોર્પોરેટ લૂંટારા જ તેના ગુરુ હતા. કારણ કે તેમણે જ તેમને નિરાશાની એ હદ પર પહોંચાડી દીધા, જેથી તેમને ફરજિયાત પોતાને બદલવાની અને ફરીથી ઊભા થતાં શીખવાની જરૂર પડી હતી. ધનિકે જે શિખવાડ્યું હતું તે બધું કદાચ તે જ હોઈ શકે. જેમણે તેમને સૌથી તેજસ્વી કુદરતી ભેટોની સંભવિતતાને પરિપૂર્ણ કરવા અને પોતાના સૌથી શ્રેષ્ઠ નસીબને સમજવા માટે જરૂરી અને મહત્ત્વની તૈયારીઓ કરી હતી. આ રીતે માનવતાને પણ તેનો લાભ પહોંચ્યો હશે અને કદાચ, જ્યારે આપણે બધું જ ગુમાવી દઈશું તેવો ભય અનુભવીએ છીએ ત્યારે જ આપણને આપણી ભવ્ય શક્તિઓનું ભાન થતું હોય છે.

તેમની સામે ઊભેલા આ વિચિત્ર, અણધારી હરકતો કરનાર અને સૌથી પ્રામાણિક ગુરુ મિ. રિલે સ્ટોન, ઉદ્યોગકારના હૃદયને આંદોલિત કરી રહ્યા હતા. સરળ લાગતી અને શરૂઆતમાં અઘરી જણાતી દરરોજ 5 એ.એમ. ક્લબમાં જોડાવા અંગે સમજાવી રહ્યા છે, અને જે વ્યક્તિ તેનો અમલ કરશે તે ખરેખર સર્જનાત્મકતા, સમૃદ્ધિ અને સુખાકારીમાં આમૂલ પરિવર્તન લાવી શકશે. તેમણે સ્પેલબાઇન્ડરની કૉન્ફરન્સમાં, પ્રથમ વિચિત્ર મુલાકાત વેળા આપેલાં તમામ વચન પાળી બતાવ્યાં હતાં. તેમણે પોતાને એક પ્રચંડ વ્યક્તિત્વ સાબિત કર્યા હતા, માત્ર ઉદ્યોગો પૂરતા જ નહીં પરંતુ શાંત વ્યક્તિત્વ તરીકે પણ.

આવી વધુ બાબતોની આપણને જરૂર છે. ઉદ્યોગકારે વિચાર્યું. પુરુષો અને મહિલાઓ આગેવાનો જ છે. લોકો મોટી મોટી વાતો અને હોદ્દાઓના નહીં પરંતુ ચારિત્રિક શક્તિઓ, તેમની નમ્રતા સાથેની આવડત, તેમના હૃદયની કરુણા અને તેઓ જેમને મળે તેમના પ્રત્યે અસાધારણ સમર્પણ દાખવતા લોકોના પ્રભાવમાં આવે છે. સાચા નેતાઓ સ્વાર્થના વ્યસન અને અહંકારનો ઓછો અને જ્ઞાનની નિ:સ્વાર્થ સૂચનાઓનો વધુ અમલ કરે છે.

ઉદ્યોગકારને કવિ માયા એન્જેલોના શબ્દો યાદ આવ્યા: મારી ઇચ્છા એવી છે કે તું જે છે તે જ છે, તું જે છે તે જ બની રહે અને આ મતલબી દુનિયાને તારા કરુણાભર્યાં કાર્યો દ્વારા આશ્ચર્યમાં મૂકી દે.

તે ક્ષણે મધર ટેરેસાની વાત પણ ઉદ્યોગકારના માનસપટલ પર તરી આવી: જો દરેક વ્યક્તિ માત્ર પોતાનું આંગણું જ ચોખ્ખું રાખે તોપણ દુનિયા સ્વચ્છ બની જાય.

અને આમ, આ એક ખાસ વહેલી સવારે, દુનિયાના એ અદ્ભુત સ્મારકમાં તેમણે માત્ર માફી જ ન બક્ષી – પણ પોતાની જાત માટે મક્કમ નિર્ધાર કર્યો. કોઈ પણ વ્યક્તિમાં ક્યારેય ન હોય તેવી ઊંડી સમજશક્તિ, એ પોતાની સમગ્ર દુનિયા બદલવાનો શ્રેષ્ઠ માર્ગ છે, અને તે પોતાની અંદરના શ્રેષ્ઠને બહાર લાવવાની પ્રક્રિયા એ તમામ બાહ્ય સંબંધોને સારા બનાવવાનો સૌથી ઝડપી માર્ગ છે. તેમણે પોતાની જાતને જ વચન આપ્યું કે તે ક્યારેય માત્ર પોતાનો જ લાભ નહી જુએ. તેમણે પોતાને વચન આપ્યું કે જીવનના બાકીના તમામ દિવસ દરરોજ સવારે ૫ વાગ્યે જાગશે, અને તે અન્ય તુચ્છ કાર્યો, બિનમહત્ત્વની ઉત્તેજનાઓ અને બિનજરૂરી ગૂંચવણોને બદલે વિજયી કલાકની પોતાને ભેટ આપશે. તે પોતાની માનસિકતાને સંતુલિત કરવાનું, હૃદયને શુદ્ધ કરવાનું, સ્વાસ્થ્યને મજબૂત બનાવવાનું તેના આત્મશક્તિ વધારવાનું ચાલુ રાખશે.

બુદ્ધિ ભલે ગમે તેટલાં બહાનાં કાઢે કે પોતાની ગમે તેટલી નબળી અને ગભરાયેલી મતિ ભલે તમે તેટલી દલીલો કરે, પણ તે પોતાની જાતને પ્રબળ બનાવશે. કારણ કે તે પોતાની મહાનતાનો અનુભવ કરવા માટે લાયક છે અને કારણ કે તે પોતે એક મહાન પ્રતિભા બનવા ઇચ્છે છે જેની આપણે સૌ રાહ જોઈ રહ્યા છીએ.

ધનિકે આગળ કહ્યું. તમારી નવી આદતોને કાયમી બનાવવા માટે ત્રણ અંતિમ અને અતિવ્યવહારુ યુક્તિઓ. આ તમારા માટે ખૂબ જ મહત્ત્વનો વિષય હોઈ મેં તેના પર ખૂબ સમય ખર્ચ્યો હતો. 5 એ.એમ. ક્લબના રૂટિનને મક્કમ બનાવે તે માટેની ત્રણ યુક્તિઓ અંગે હું તમને ઝડપથી સમજાવીશ અને ત્યારપછી આપણે અહીંથી બહાર જઈશું.

તેમણે એક ફ્લેશલાઇટ બહાર કાઢી અને તેનાં કિરણો છત તરફ ફેંક્યાં. નીચેના બ્રેઇન ટેટૂઓ ઊપસી આવ્યા:

1. ૧. જો કોઈ ટેવને કાયમી બનાવવી હોય તો તેને એકલા ક્યારેય ન કેળવો.
2. ૨. શિક્ષકે સૌથી વધુ શીખવાનું હોય છે.
3. ૩. જ્યારે તમે કશુંક છોડી દેવા ઇચ્છો છો તે જ સમયે તમારે ચોક્કસ આગળ વધવું જોઈએ.

ધનિકે ફરીથી સ્મિત કર્યું. એકદમ સરળ સૂચનાઓ, ખરું ને? ગહન રીતે સરળ કારણ કે – તે સરળ રીતે ગહન છે. પહેલો મુદ્દો તમને એ જણાવે છે કે પ્રથાઓ હંમેશાં સમૂહમાં વધુ અસરકારક બને છે. આ જ કારણે 5 એ.એમ. ક્લબના સભ્ય બનવું જરૂરી છે. હાલ પણ રૂટિનમાં તમે એકલા નથી. આપણે બધાં આ પ્રક્રિયામાં છીએ અને મારી પ્રામાણિક ઇચ્છા છે કે તમે લોકો ઘેર જાવ ત્યારે બને એટલા લોકોને સાથે ક્લબમાં જોડજો. એવા લોકોને જેઓ વહેલા ઊઠી શકે જેથી તેઓ વિશ્વકક્ષાનું અને અસાધારણ જીવન મેળવી શકે. જૂથો હંમેશાં ઉત્કૃષ્ઠ પરિણામો મેળવવા માટે આ બાબત લાંબા સમયથી શ્રેષ્ઠ સાબિત થઈ છે. તો આ કૉન્સેપ્ટનો ભરપૂર લાભ ઉઠાવજો.

બીજો મુદ્દો તમને એ યાદ કરાવશે કે તમે એ વાતો ફિલસૂફી અને મેથેડોલૉજી શીખવજો જે હું તમને શિખવાડી રહ્યો છું. જેમ તમે કોઈકને શિખવાડશો તેમ તમારી એ વિશેની સમજણ વધુ ગહન બનતી જશે. બીજાને શિખવાડવું તે એક રીતે તમે પોતાને જ એક ભેટ આપી રહ્યા હોવ તેવું છે.

મેં આ બાબતને ક્યારેય આવી રીતે જોઈ નથી, ઉદ્યોગકારે સ્વીકાર્યું.

તે સચ્ચાઈ છે. ધનિકે માહિતી આપી અને જે છેલ્લી લાઇન તમે છત પર જોઈ રહ્યા છો તે સૌથી મહત્ત્વની છે. સાતત્ય એ તમામ પ્રકારની માસ્ટરી મેળવવા માટે જરૂરી છે. જે ક્ષણે તમને એવું લાગે કે તમે હવે આગળ વધી નહી શકો ત્યારે જ તમારા મનોબળની નવી કક્ષા પર પહોંચવા માટે અસંખ્ય તકો હોય છે. જ્યારે તમે અનુભવો કે તમે હવે કાર્યરત નહી રહી શકો ત્યારે થોડુંક વધુ કરો. તમારી સ્વયંશિસ્તના સ્નાયુઓ નોંધપાત્ર રીતે વિસ્તૃત થશે અને તમારું આત્મસન્માન વિશાળ રીતે વધશે.

અનેક બાબતો પોતાની શ્રેષ્ઠ ઉત્પાદકતા માટે આવશ્યક હોય છે, જે તમારા ક્ષેત્રની આગેવાની લે છે અને તમે જે રીતે જીવનને રચો છો, જે પ્રશંસા કરો છો તે તમારા માટે છે.

ધનિકે આંખો બંધ કરીને લેખક અને તત્ત્વચિંતક જેરાલ્ડ સાઈક્સનાં વાક્યોનું ઉચ્ચારણ કર્યું, તે આ મુજબ હતું : કોઈ પણ નક્કર સિદ્ધિ માટે આવશ્યક છે નિરંતર પ્રશિક્ષણ અને મોટાભાગના સમાજથી અંતર.

ધનિકે કહ્યું, તમે આશ્ચર્યકારક રીતે તમારી જાતને શ્રેષ્ઠ બનાવવા માટે લાયક છો. તમને સતત ઘેનમાં રાખતી સુંવાળી પથારીમાં પડ્યા રહીને તમારી અંદર સૂતેલી શક્તિઓને દગો ન કરતા. દુનિયાના મહાન પુરુષો અને મહિલાઓ તેઓ એટલે મહાન નથી બન્યાં કે તેઓ મોહક આવરણો હેઠળ રહ્યાં હતાં, પરંતુ એટલે બન્યાં હતાં કારણ કે તેમણે ઉત્કૃષ્ટ મહત્ત્વાકાંક્ષાઓ સેવી હતી અને તે મેળવવા તેઓ પ્રયત્નશીલ રહ્યાં હતાં – મોટાભાગના લોકોએ તેમને પાગલ પણ કહ્યા હતા. સર્વોત્કૃષ્ટ બનવા માટે સમય, પ્રતિબદ્ધતા, બલિદાન અને ધીરજની જરૂર પડે છે અને એક સત્રમાં

કંઈ હીરોઇઝમ આવી જતું નથી. 5 એ.એમ.ની ટેવ પાડો. આ પ્રક્રિયાને નિરંતર સમય સુધી વળગી રહો અને જ્યારે તે છોડી દેવાનું મન થાય ત્યારે ખાસ આગળ વધો. આ પ્રક્રિયા તમને દંતકથારૂપ પ્રસિદ્ધિ અપાવશે અને તમારા ભાવિને વિશ્વભરમાં પ્રભાવક બનાવવા માટે પોતાને પ્રભાવશાળી વ્યક્તિ તરીકેની મહોર મારો.

આ બાદ સ્ટોન રિલે ઊભા થયા. પોતાના બંને શિષ્યોને આલિંગન આપ્યું અને આરસના માર્ગો પરથી પસાર થઈને ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૩

૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાનો 5 એ.એમ. ક્લબ દ્વારા અભ્યાસ

"વહેલી સવારે જ્યારે આળસને કારણે તમે પથારીમાંથી ઊભા

થવા ન ઇચ્છતા હોવ ત્યારે, ચાલો આ વિચારને મનમાં ધરીએ :

'હું માનવતાના કાર્ય માટે જાગી રહ્યો છું' "

– માર્કોસ ઑરેલિયસ, રોમન રાજવી

મારી નસોમાં મારું રોમ વસેલું છે, મારા રક્તમાં તેની શક્તિ વહે છે, અને તેનો અનન્ય પ્રકારનો જાદુ મારી ભાવનાઓને પુનર્જીવિત કરે છે, તેમ શહેરના પ્રાઇવેટ ઍરપૉર્ટ પર જૅટ પહોંચ્યું તે વખતે ધનિકે વિચાર્યું. વિમાનમાં ઇટાલિયન મ્યુઝિક ગ્રૂપ નેગ્રિટાનું મોંગોલિયા ગીત વાગી રહ્યું હતું.

તેમણે સ્વગત કહ્યું, રોમનોનું પ્રખર ગૌરવ, અદ્ભુત ઝનૂન અને વિશાળ હૃદય મને હંમેશાં પ્રેરણા આપતા રહ્યા છે. તે મારા આત્માને ઊંચે લઈ જવામાં ક્યારેય નિષ્ફળ નથી જતું - અને હંમેશાં મારી આંખમાં આંસુ લાવી દે છે. ઉત્કૃષ્ટ ભોજન મારી ક્ષુધાને તૃપ્ત કરે છે અને મારા જીવનનો શ્રેષ્ઠ આનંદ આપે છે. શહેરના ઓપન ઍર મ્યુઝિયમનાં સ્થાપત્યો, જ્યાં વરસાદના સમયમાં ટહેલવાનું મને પસંદ છે તે મારી અંદરના કવિ અને યોદ્ધા બંને સાથે જાણે વાતો કરે છે.

ધનિકે પોતાના જીવનનો ઘણો શ્રેષ્ઠ, છતાં યોગ્ય જીવનથી વંચિત હિસ્સો રોમના ઐતિહાસિક કેન્દ્ર વિઆ વિક્ટોરિયાના એક ઍપાર્ટમેન્ટમાં વિતાવ્યો હતો. વસંતઋતુમાં અહીંના બગીચાની સુગંધમાં મંદિરની બાજુમાં લાંબું વૉકિંગ અને સેલડ વિલા બોર્ધિઝ નામના પાર્કના તળાવની બાજુમાં બેસવું, આ બે તેના જીવનની પ્રિય વસ્તુઓ હતી. સવારે ૫ વાગ્યે જાગી, રોમનો ગીચ ટ્રાફિક તેની ભવ્યતાને છીનવી લે તે પહેલાં પોતાની માઉન્ટેઇન બાઇક લઈ તે નીકળી પડતા અને ટ્રિવી ફુવારાની પાછળ, મોન્ટી સુધી અને કોલોસિયમ થઈ છેવટે પિત્ઝા નાવોના થઈને ચર્ચની અજાયબીને માણવા ત્યાં બેસતા. તે અદ્ભુત સ્ક્વેર તેમને એવી તેજસ્વિતાની યાદ અપાવતું જે ફક્ત વહેલી સવારે જ મળી શકે.

ધનિકને તેમના જીવનનો સૌથી ભવ્ય પ્રેમ રોમમાં મળ્યો હતો. એ મહિલા સાથે ધનિકની મુલાકાત એક અંગ્રેજી બુક સ્ટોરમાં થઈ હતી. તેને પહેલી વાર મળ્યા ત્યારે પોતાની ત્રીસીના અંતમાં હતા, તે કુંવારા હતા. ત્યારે તેમનું વ્યક્તિત્વ એક પ્લેબૉય જેવું, એક એવા પુરુષ જેવું જે અત્યાંનદમાં જ રહે છે. ધનિકને તે હજુય યાદ છે કે

એક પુસ્તક માટે પોતે એ મહિલાની મદદ માંગી હતી. વેનેસાએ અત્યંત નમ્ર રીતે પુસ્તક તેમને આપ્યું અને તે બીજા ગ્રાહકને મદદ કરવા લાગી ગયાં હતાં.

ખૂબ સુંદર ગોઠવણવાળાં પુસ્તકોની એ દુકાનમાં ધનિકે એક વર્ષ કરતાં વધુ સમય સુધી મુલાકાતો લીધી ત્યારે તે આ યુવાન મહિલાને તેમની સાથે રાત્રિભોજન કરવા માટે સંમત કરી શક્યા હતા. આ યુવતીની સુંદરતાએ ધનિકને મોહિત કર્યા હતા. વેનેસાનું પ્રખર બુદ્ધિચાતુર્ય, તેની આકર્ષક અંગત સ્ટાઇલ અને તેનું અદ્ભુત હાસ્ય ભારે મોહક હતું.

ઇટાલીની દક્ષિણે આવેલા પુગ્લિયા પ્રાંતના ભવ્ય અને આકર્ષક દરિયાકિનારે તેમણે લગ્ન કર્યાં હતાં.

કેવો અદ્ભુત દિવસ હતો એ! ધનિકના મન પર યાદો ઊભરી આવી. આખાયે સ્ક્વેરમાં સંગીત પ્રસરી ગયું હતું અને અમે લોકોએ આથમતા પૂર્ણ ચંદ્રની ચાંદનીમાં ડાન્સ કર્યો હતો. શહેરના લોકો ઉત્સાહથી આ પ્રસંગમાં જોડાયા હતા

વેનેસા સાથેના ધનિકના સંબંધ ક્યારેક રોમાંચની સર્વોચ્ચ સીમાને વટાવી જતા, તો ક્યારેક ચિંતાજનક હદે કથળી પણ જતા. જ્યાં અગાધ પ્રેમ હોય ત્યાં આવું સ્વાભાવિક હોય છે.

ખલિલ જિબ્રાને પ્રોફેટમાં લખ્યું હતું, જ્યારે તમને પ્રેમનો સંકેત મળે તો તમે તેને અનુસરજો. જોકે, તેનાં ચઢાણ આકરાં હોય છે. તેની કોમળ દેખાતી પાંદડીઓમાં છુપાયેલી તલવાર તમને ઘાવ આપી શકે છે. તેનો મધુર લાગતો અવાજ તમારાં સ્વપ્નોને ધૂળધાણી કરી શકે છે, જેમ ઉત્તરના પવન બગીચામાં કચરો ઠાલવે છે. આ બધી બાબતો પ્રેમ જ તમારી સાથે કરી શકે છે જેથી તમે તમારા હૃદયનાં રહસ્યોને જાણી શકો. સુખ અને વેદનાની ઊથલપાથલ વચ્ચે ધનિક અને તેમનાં પત્ની દાયકાઓ સાથે રહ્યાં હતાં.

ઘણાં વર્ષ પહેલાં તેમનાં પત્ની મૃત્યુ પામ્યાં હતાં છતાં ધનિકે ફરીથી લગ્ન કર્યાં ન હતાં. તેમણે પોતાનું સમગ્ર ધ્યાન પોતાના વ્યાવસાયિક સામ્રાજ્યમાં અને પરોપકારનાં કાર્યોમાં લગાવી દીધું હતું. તેઓ એકલા જ પોતાના સુંદર જીવનને દિલથી માણી રહ્યા હતા.

ધનિકે પોતાનું પર્સ ખોલ્યું, તેમાંથી વેનેસાની કરચલીઓવાળી તસવીર બહાર કાઢી અને તેની સામે નજર માંડી, તેમને ઉધરસ શરૂ થઈ.

તમે બરાબર છો બૉસ? કોકપિટમાંથી પાઇલટે પૂછ્યું.

તસવીરને જોવામાં તલ્લીન ધનિકે કોઈ જવાબ ન આપ્યો.

થોડા દિવસ પહેલાં જ ઉદ્યોગકાર અને કલાકાર બંને રોમ પહોંચી ગયાં હતાં, અને અદ્‌ભુત સ્થળો જોઈને આશ્ચર્યચકિત થયાં હતાં. વૈભવી અને દુર્લભ એવું અમર શહેર. તે બંને હાથમાં હાથ પરોવી રમણીય શેરીઓના માર્ગો પર ટહેલવાનો આનંદ માણી રહ્યા હતાં.

આજે તેઓ જેની લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા તે દિવસ હતો. આજની સવારે તેઓ ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા શીખ્યા હતા જે ૫ એ.એમ. પદ્ધતિના મૂળમાં લઈ જાય છે. હવે આગળ બંને વિદ્યાર્થીઓને સવારના પાંચથી છ વચ્ચેના એ વિજયી કલાકનું મહત્ત્વ શું છે તેની ટૅક્નિક શીખવવામાં આવવાની હતી, જેથી તેઓ અંતરના આનંદ સાથે પોતાનો દિવસ પસાર કરી શકે.


આજે તેઓ એ ગહન વિગતો જાણશે જેના દ્વારા વિશ્વકક્ષાનું અસ્તિત્વ ઊભું કરવા માટે સવારનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજી શકે. ધનિકની વિનંતી અનુસાર તે બંને સ્પૅનિશ સ્ટેપ્સની સૌથી ઉપરના ભાગમાં ઊભાં હતાં. સવારના બરાબર પાંચ વાગ્યા હતા.

મિત્રો, તમારી સવારના માલિક તમે બનો અને તમારા જીવનને ઊંચે લઈ જાવ, ધનિકે કહ્યું હતું. આજનો દિવસ ખૂબ જ મહત્ત્વનો છે. આજે હું જે તમને શિખવાડીશ તે પૂર્ણ રીતે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા વિશે હશે. આપણે છેવટે અહીં પહોંચ્યા છીએ. આપણે છેવટે તમારા સવારના રૂટિનના મૂલ્યાંકન માટે તૈયાર છીએ, જેનાથી તમે બંને ઉત્કૃષ્ટતા કેળવવા અને અનંત આનંદ મેળવવા માટે તમારા જીવનને દોરી શકશો. તમે જે સાંભળવા જઈ રહ્યા છો તેને ખરેખર પ્રેમ કરશો. તે પછીનું તમારું જીવન સંપૂર્ણ બદલાઈ જશે.

ઉદ્યોગપતિના ડાબા હાથમાં ૨૦/૨૦/૨૦નું ટૅટૂ હતું.

કલાકારે પૂછ્યું તેના જવાબમાં તે ટૅટૂ કામચલાઉ હોવાનું જણાવી ઉદ્યોગપતિએ કહ્યું, આજે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા શીખવાની હોઈ તે તેમણે કરાવ્યું હતું. તેમણે કહ્યું, આ તાલીમના સૌથી મહત્ત્વના ભાગ પૈકી આ એક છે. હું અહીં તમારા લોકોની સાથે ધન્યતા અનુભવું છું. વળી ફરીથી રોમમાં આવવું પણ મારા માટે ખાસ છે. મારી પત્ની વેનેસાના મૃત્યુ પછી મેં અહીં આવવાનું બંધ કર્યું હતું. તેના વગર અહીં આવવું મારા માટે દુઃખદ હતું.

સ્ટોન રિલેએ પોતાના ખિસ્સામાંથી એક વિશબોન બહાર કાઢ્યું અને રહસ્યમય ચિત્રો દોરેલાં પગથિયાં પર મૂક્યું, તે કંઈક આવું દેખાતું હતું, –



ધનિકે બંને મહેમાનોને પોતાની કોઈ એક ઇચ્છા નક્કી કરી વિશબોનને ગુડલક તરીકે વચ્ચેથી બે ભાગમાં વહેંચી દેવા કહ્યું.

ધનિકે કહ્યું, આ સત્રમાં હું આ તમારામાં વધુ ઉત્સાહ પ્રેરવા માટે જ આ લાવ્યો છું એવું નથી, પરંતુ એ પણ સાબિત કરવા માગું છું કે કરોડરજ્જુ વિના વિશબોન પણ કોઈ ફાયદો આપી શકતું નથી.

કલાકારે કહ્યું, શોર્ટ ટાઇમ કમિટમેન્ટ શોર્ટ ટાઇમ પરિણામ જ આપે, એવું અગાઉ અમે શીખ્યા હતા, બરાબર?

અને એ આપણને ખબર ન હોય ત્યારે પણ કાર્યરત હોય છે. ઉદ્યોગકારે ઉમેર્યું.

લગભગ એવું જ એમ કહી ધનિકે ઉમેર્યું, હું જાણું છું કે તમે શ્રેષ્ઠ પ્રદર્શન સાથે, સુંદર અને લાંબું જીવન પસાર કરવાના છો. 5 એ.એમ. ક્લબના સભ્ય તરીકે એ માત્ર તમામ શક્ય આદતોની જેમ એક ટેવ છે - જે તમને તમારી અગત્યની મહત્ત્વાકાંક્ષા પાર પાડવામાં સહાયરૂપ થાય છે. રોજબરોજની કઠોર વાસ્તવિકતાઓને સુંદર જીવનમાં ફેરવવા માટે નાનામાં નાની અને શ્રેષ્ઠ તાલીમ એ મારો એકમાત્ર પ્રયત્ન રહ્યો છે, હા, સપનાં અને ઇચ્છાઓ વિશબોન જેવાં હોય છે, દિવસ ઊગે તે પહેલાં ઊઠી જવું તે તેની કરોડરજ્જુ છે જેના દ્વારા તમે તેને યથાર્થ કરી શકો છો.

દરરોજ ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાના અભ્યાસથી વહેલા ઊઠવાની શક્તિ આવે છે અને તમે આ આશ્ચર્યજનક અને સવારનું ગુણકારી રૂટિન માત્ર થોડી જ ક્ષણો પછી શીખી શકશો.

કલાકારે કહ્યું, આ ખરેખર સમયને અનુલક્ષીને છે.

આપણે તે શરૂ કરીએ તે પહેલાં મને આલિંગન આપો કહીને ધનિકે બંનેને ભેટતાં કહ્યું, મારા વહાલા સાથીઓ, રોમમાં તમારું સ્વાગત છે.

ઓકે, ધનિકે કહ્યું. ચાલો આપણે તે શીખીએ. તમે એટલું સમજો કે દુનિયા સમક્ષ કે અંગત રીતે તમારી સર્જનાત્મકતા, સમૃદ્ધિ અને પ્રદર્શનની શક્તિ વહેલી સવારે પાંચ વાગ્યે જાગવા માત્રથી વધશે કે બદલાશે નહીં. માત્ર વહેલા જાગવાથી કંઈ આ કુશળતા શક્તિશાળી બની જતી નથી. જાગ્યા પછીના એક કલાક સુધી તમે કઈ પ્રવૃત્તિ કરો છે એ જ ધ 5 એ.એમ. ક્લબને તમારું જીવન બદલવા માટે સક્ષમ બનાવે છે. યાદ રાખો:તમારો આ વિજયી એક કલાક તમને જીવનની શ્રેષ્ઠ પૈકીની તકો આપે છે. તમે હવે જાણો છો કે તમે જે રીતે તમારા દિવસનો પ્રારંભ કરો છો તે અનુસાર જ તમારો દિવસ પસાર થાય છે. ઘણા લોકો વહેલા જાગે છે પણ તેમના પહેલાં કલાકને ટીવીમાં સમાચારો જોવામાં, ઑનલાઇન સર્ફિંગ કરવામાં, સોશિયલ મીડિયામાં અને મેસેજીસ ચકાસવામાં વેડફી નાખે છે. મને ખાતરી છે કે તમે લોકો જાણો છો કે આ પ્રવૃત્તિ ત્વરિત આનંદ મેળવવાની જરૂરિયાતમાંથી 'ડોપામાઇન'ની જેમ આવે છે – તેનાથી બચવું અત્યંત આવશ્યક છે અને આ પ્રવૃત્તિને કારણે મોટા ભાગના લોકો એવી બાબતો કરવાથી ચૂકી જવાનું કારણ બને છે જે તેમને આ વિશિષ્ટ સમય દરમિયાન તેમની શ્રેષ્ઠતાને વિકસિત થવા દેવાનો લાભ લેવા દેશે નહીં કે તેમના જીવનના દિવસો સતત શ્રેષ્ઠ બની રહેશે.

અને આપણે જેમ એક એક દિવસને શ્રેષ્ઠ બનાવીએ તેનાથી સમગ્ર જીવન શ્રેષ્ઠ બને છે ખરું ને? કલાકારે 'તે દિવસ જ પાયો રચે છે અને ઇતિહાસ રચનારાઓ જે ચાર વસ્તુઓ પર એકાગ્રતા કેળવે છે' તે શિક્ષણને યાદ કરતાં કહ્યું.

એકદમ સાચું. ધનિકે કહ્યું અને હું ઇચ્છું છું કે દિવસની આ પ્રકારની શરૂઆત દરરોજ તમારા માટે બુદ્ધિપૂર્વક, આરોગ્યકારક રીતે અને શાંતિપૂર્વક કાયમી જળવાઈ રહે, માત્ર જાહેર કે અંગત જીવન માટે જ નહીં પરંતુ ખુદ આ પદ્ધતિને જ રક્ષણ આપવા માટે પણ.

ધનિકે તેનું નકલી ટૅટૂ ભૂંસ્યું તે દરમિયાન પિઝ્ઝા દિ સ્પાંગા સ્ક્વૅરમાંથી એક ઘોડેસવાર ત્યાંથી પસાર થયો. તેના અભિવાદનનો જવાબ આપ્યા બાદ ધનિકે તેના શિષ્યો તરફ ફરીને કહ્યું, –

હમણાં આપણે જેને જોયો તે માણસને જોઈને મને પ્રાચીન રોમના ઓરિગા પ્રકારના ગુલામોની યાદ અપાવે છે, જેમની પસંદગી વિશ્વસનીયતાના આધારે થતી અને તે મહત્ત્વના રોમન નેતાઓને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જતા હતા. ખરેખર તો તેમનું મુખ્ય કાર્ય ડકસ તરીકે ઓળખાતા લશ્કરના જનરલોની પાછળ ઊભા રહેવાનું અને મોમેન્ટો હોમો ગણગણતાં રહેવાનું હતું.

અને આનો અર્થ શું થાય? ઉદ્યોગકારે પૂછ્યું.

મોમેન્ટો હોમો, એ લૅટિન વાક્ય છે. તેનો અર્થ થાય છે, ‘યાદ રાખજે, તું એકમાત્ર પુરુષ છે, ધનિકે જવાબ આપ્યો. ઓરિગા પોતાના નેતામાં ઘમંડની લાગણી વધે નહીં તે માટે અને તેના અહંકારને નિયંત્રણમાં રાખવા માટે આવું કરતા હતા. આ પ્રથા પાછળનો ઉદ્દેશ્ય તે પાક્કું કરવાનો હતો કે ડ્યુક્સ પોતાને યોગ્ય બનાવવાના પોતાના મિશનમાં ગૂંથાયેલા રહે અને જે રાજ્યનું તે શાસન કરતા હોય, તે માટે પોતાની શક્તિઓને તેઓ અન્ય બાબતો માટે વેડફે નહીં જેનાથી તેમનો રાજવંશ પડી ભાંગે.

કલાકાર અને ઉદ્યોગકારે આ અંગેના પોતાના અનુભવો રજૂ કર્યા અને ધનિકની વાત સાથે સહમત થયાં.

ધનિકે તેમની પ્રસંશા કરીને આગળ કહ્યું, તમે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાને અમલી બનાવો ત્યારે એ વાત યાદ રાખજો કે તમે દરરોજ તેમાં સુધારા કરતા રહેજો. તમારી જ્ઞાનપિપાસાને ઉત્તેજિત રાખજો. દિમાગ ઉઘાડું રાખજો, કારણ નિષ્ફળતા જેવું ઝડપી કંઈ જ નથી. એક વાર તમે આ પદ્ધતિ કેવી પરિવર્તનકારી છે તે જાણશો પછી એ માટે લક્ષ્યાંક નક્કી કરવાનું સરળ બનશે.

આ પછી ધનિક આગળ ચાલીને સ્પૅનિશ સ્ટોન્સ પર ઊભા રહ્યા અને પિઝ્ઝા દિ સાંગા ખાતે બેઠલા એક માણસને હાથથી ઇશારો કર્યો. તે યુવક ઊભો થઈ તરત જ ધનિક પાસે આવ્યો અને તેના શર્ટ નીચે પહેરેલા બુલેટ પ્રૂફ જેકેટ પાછળથી એક લેમિનેટેડ કાગળ કાઢ્યો અને ધનિકને આપ્યો.

આ આડ્રિઆનો છે અને મારી સિક્યોરિટી ટીમમાં છે, તે ટીમમાંનો અક શ્રેષ્ઠ સભ્ય છે. તમને લોકોને ટાર્ટૂફો ગમે છે?

એ શું છે? ગૂંચવણમાં મુકાયેલા કલાકારે પૂછ્યું.

બિલાડીનો ટોપ, ધનિકે કહ્યું. તેનો સ્વાદ અદ્ભુત હોય છે. તે રાજવીઓનું ખાણું છે. આડ્રિઆનોએ ધનિકને એક રૂમાલ આપ્યો અને કહ્યું કે તે વિચિત્ર છે પણ અમને પણ તે ખૂબ ભાવે છે. બધાં હસી પડ્યાં.

જુઓ આ અદ્ભુત લર્નિંગ મૉડલને. આપણા માટે સ્પેલબાઇન્ડરે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાનું પુનગઠન કર્યું છે. હવે સવારનું રૂટિન કેવી રીતે ચલાવવું તે અંગે કોઈ જ પ્રશ્ન રહેતો નથી. બહાના માટે કોઈ અવકાશ નથી. તમારા માટે તેમાં બધું જ રાખવામાં આવ્યું છે. માત્ર તેને શરૂ કરો અને તમે તમારા દિવસના માલિક બની જશો. વિલંબ, એ પોતાની જ જાતને નફરત કરવા જેવું છે, તમને ખબર છે?

જો તમે તમારી જાતને ખરેખર પ્રેમ કરતા હશો તો તમારી નબળાઈરૂપી ગુલામી ત્યજી દેવા માટે તમે પોતે બધાં માટે સારા બનવાની ભાવના છોડી દેશો. તમે તમારી નબળાઈઓ તરફ ધ્યાન અપવાને બદલે તમારી શ્રેષ્ઠ આવડતોનો આનંદ લેશો. માત્ર

આ વિશે વિચારો :તમારી પાસે જેટલી વિશિષ્ટ આવડતો છે તેટલી દુનિયામાં કોઈ પાસે નથી. ખરેખર તો ઇતિહાસમાં અદ્દલ તમારા જેવી કોઈ વ્યક્તિ હતી જ નહી અને હશે પણ નહી. હા, તમે ખાસ છો. આ કોઈ વિવાદ વગરની હકીકત છે. માટે તમારી અમાપ શક્તિઓ, તેજસ્વિતા અને શ્વાસ થંભાવી દે તેવી શક્તિઓને ઓળખી લઈ અપનાવો. તમે તમને જે વચન આપો તેને તોડવાની ભાવનાને ઉખાડી ફેંકો. પોતાને જ આપેલા વાયદા નિભાવવામાં નિષ્ફળતા તે એ વાતની સાબિતી છે કે આપણે આપણને જ પ્રેમ નથી કરતા. એવી કોઈ પણ બાબતને અનુસરવી ન જોઈએ કે આપણે જેનાથી આપણા આત્મસન્માન, આપણી અંગત તાકાતને નુકસાન પહોંચે. જો તમે આવી વાતોને અનુસર્યા કરશો તો એક વખત ચોક્કસ એવું માનતા થઈ જશો કે તમે કોઈ પણ બાબત માટે નકામાં છો અને એ મનોવૈજ્ઞાનિક ઘટના જે સ્વયં પરિપૂર્ણ ભવિષ્યવાણી તરીકે પણ ઓળખાય છે તેને યાદ રાખજો જે અગાઉ તમને શિખવાડી હતી. આપણે આપણને ખુદને જે રીતે જોઈએ છીએ તે જ રીતે આપણે વર્તીએ છીએ, આ બાબત એકબીજા સાથે જોડાયેલી છે અને માટે જ આપણા વિચારો આપણું પરિણામ નક્કી કરે છે, જેટલું આપણે આપણી મહત્તા અને શક્તિને ઓછી આંકીશું એટલી જ ઓછી શક્તિઓનો આપણે ઉપયોગ કરી શકીશું.

આ જ રીતે વસ્તુઓ કાર્યરત રહે છે. મારું સૂચન એ છે કે, તમે વસ્તુઓને પડતી મૂકવાની ભાવનાને છોડો, અગાઉ તાજમહાલમાં મેં સમજાવ્યું હતું તેમ તમારા મનોબળને મજબૂત બનાવો અને તમે અસાધારણ નિર્માણશક્તિ અને ડાઘ રહિત સુંદરતાની દુર્લભ અભિવ્યક્તિના સાક્ષી બનશો. તમારી વિશેષતાને નકારીને તમારી અંદરના શ્રેષ્ઠ સાથે જીવીને તમે બીજાની ટીકા કરવાને બદલે દરેકને ખરેખર સન્માન આપો છો. પોતાના કાર્યને પાછું ઠેલવું, વિલંબ કરવો તે એક પ્રકારની પોતાને નફરત કરવા સમાન છે. તમારી સવારને શ્રેષ્ઠ બનાવવાનો સુંદર માર્ગ એવી તમે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાનો અમલ કરવામાં લાગી જાવ.

ધનિકે એક ફ્રેમવર્ક કલાકાર અને ઉદ્યોગકારને બતાવ્યું જે આ પ્રકારનું હતું, -

૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા

ડિકન્સ્ટ્રક્શન (સમયની વહેંચણી)

પોકેટ #૧	શું	શા માટે	લાભ
સવારે ૦૫.૦૦ - સવારે ૦૫.૨૦ **મૂવ**	- સખત કસરત - ભારે પરસેવો - શીખવું - હાયડ્રેટ - ઊંડો શ્વાસ	- કોર્ટિસોલ સ્વચ્છ કરે છે - બીડીએનએફ વહે છે - ડોપામાઇન વધે છે - સેરોટોનાઇન વધે છે - મેટાબોલિઝમ વધે છે	- વધુ ફોકસ ઉપરાંત સર્જનાત્મકતા - ફોકસ ઉપરાંત માનસિક ક્ષમતામાં વધારો - ઊર્જામાં વધારો - તણાવમાં ઘટાડો - લાંબું જીવન

પોકેટ #૨	શું	શા માટે	લાભ
સવારે ૦૫.૨૦ - સવારે ૦૫.૪૦ **રિફ્લેક્ટ**	- જર્નલ - મેડિટેશન - આયોજન - પ્રાર્થના - ચિંતન	- કૃતજ્ઞતા વધે - જાગૃતિ વધે - આનંદમાં વધારો - જ્ઞાનમાં વધારો - સ્વસ્થતામાં વધારો	- વધુ હકારાત્મકતા - રિએક્ટિવિટીમાં ઘટાડો - ઉચ્ચ રચનાત્મકતા - શ્રેષ્ઠ પરફોર્મન્સ - સમૃદ્ધ જીવન

પોકેટ #૩	શું	શા માટે	લાભ
સવારે ૦૫.૪૦ - સવારે ૦૬.૦૦ **ગ્રો**	- ધ્યેયની સમીક્ષા - પુસ્તકવાચન - ઓડિયો બુકનો ઉપયોગ - પોડકાસ્ટ સાંભળવું - ઓનલાઇન અભ્યાસ	- 2X 3X માઇન્ડસેટ - જ્ઞાનમાં વધારો - સૂક્ષ્મ સમજમાં વધારો - આત્મવિશ્વાસમાં વધારો - ભવ્ય પરિવર્તન	- સારી આવક ઉપરાંત પ્રભાવ - કુશળતામાં વધારો - વધુ પ્રભાવ - વ્યક્તિગત વિકાસ - પ્રેરણામાં વધારો

તમે જોઈ શકો છો તેમ આ લર્નિંગ મૉડલમાં વીસ-વીસ મિનિટનાં ત્રણ ખાનાં આપ્યાં છે જેને આપણે અપનાવવાનાં છે અને પછી તેની પ્રૅક્ટિસ કરવાની છે. ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાની પહેલી ૨૦ મિનિટમાં તમારે મૂવમેન્ટ કરવાની છે. સીધી રીતે કહું તો પરસેવો પાડી દે તેવી કસરતો કરવાની છે. આ તમારા દિવસની પહેલી પ્રવૃત્તિ હશે. આ પ્રવૃત્તિ ક્રાંતિકારી બની રહેશે. બીજું ખાનું તમને ૨૦ મિનિટ સુધી મનન કરવા જણાવે છે. આ વિભાગ એવી રીતે ડિઝાઇન કરાયો છે કે તે તમને તમારી માનસિક શક્તિઓને પુનઃખીલવવાની તક આપે. તમારી સ્વ-જાગરણની શક્તિ વધારે. તમારી નિરાશાને દૂર કરે અને તીવ્ર ઉત્તેજના અને અતિશય પ્રવૃત્તિઓના આ યુગમાં તમારી ખુશીઓને વધારીને તમારી આંતરિક શક્તિઓને પુનઃસ્થાપિત કરે અને તમે સ્વયંને સક્ષમ બનાવવાના ૬૦ મિનિટના આ વિજયી કલાક અને વચ્ચે તમે આગળ વધી રહ્યા છો તેવું નિશ્ચિત કરતી ૨૦ મિનિટના કેન્દ્રમાં રહેશો. જેમ કે, તમે કોઈ પુસ્તક વાંચો જે તમારા જ્ઞાનમાં વૃદ્ધિ કરે અને તમને સમજાવે કે શ્રેષ્ઠ લોકો કેવી રીતે સર્જાયા હતા. અથવા, તમે કોઈ લેખ વાંચીને તમારી વ્યાવસાયિક શક્તિ વધારો. કોઈ ઓડિયો સાંભળીને જાણો કે બહાદુર લોકોએ કેવી રીતે અસાધારણ પરિણામો મેળવ્યાં હતાં કે પછી તમે કોઈ એજ્યુકેશનલ વીડિયો જોઈને જાણવા પ્રયાસ કરો કે તમારા સંબંધોને

કઈ રીતે સુધારી શકો છો કે પછી આર્થિક ફાયદા કેવી રીતે મેળવી શકો છો અથવા તમારી આધ્યાત્મિક પ્રગતિ કેવી રીતે સાધી શકો છો.

સ્પેલબાઇન્ડર પાસેથી હું જે શીખ્યો તે પૈકી સૌથી મદદરૂપ બાબત એ હતી કે સવારની શરૂઆત આકરી કસરતોથી કરવી, તે ખૂબ મહત્ત્વનું છે. મને આજે પણ સ્પેલબાઇન્ડરના શબ્દો યાદ છે, 'તમારે દિવસની શરૂઆત આકરી કસરતોથી કરવી જોઈએ. આ ફરજિયાત છે નહીતર ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા કામ નહી કરે અને 5 એ.એમ. ક્લબનું તમારું સભ્યપદ હું પાછું લઈ લઈશ.'

ધનિકે કહ્યું, સવારમાં સૌથી પહેલાં સખત તાલીમ એ સંપૂર્ણ રીતે જીવન બદલતી પ્રક્રિયા છે. જાગ્યાની થોડી જ વારમાં તરત જ કસરત એ તમારા મગજમાં જાણે જાદુ કરે છે. ન્યુરોબાયોલૉજી તમને સંપૂર્ણ જગાડશે એટલું જ નહી પરંતુ તમારા ફોકસ અને તાકાતને પણ વીજળિક તાકાત આપશે, તમારી સ્વયંશિસ્તને વધારશે અને તમારા દિવસમાં એક નવી જ ઊર્જાનો સંચાર કરશે. હવે તમારે બંનેએ એકદમ વ્યવહાર બનવા માટે હું કહીશ કે તે સ્પિનિંગ ક્લાસ, પ્રોફેશનલ બૉક્સરની જેમ દોરડાં કૂદવાં, જમ્પિંગ જેક્સ, બર્પિઝ અથવા ગમે કે ન ગમે ઝડપી દોડવું જોઈએ. ખબર નહી આમાંથી તમારા માટે કયું સારું રહેશે. છેવટે તમારા માટે હકીકત એ છે કે પરસેવો પાડવો જરૂરી છે.

શા માટે? કલાકારે પૂછ્યું.

તેનું કારણ તમે ડાયાગ્રામમાં જોઈને જાણી શકશો. તમે જાણો છો કે કોર્ટિસોલ એ ભય ઊભો કરતું હોર્મોન છે. તે આર્ડિનલ ગ્લૅન્ડમાંના બાહ્ય આવરણથી બને છે અને ત્યારબાદ તે લોહીમાં પ્રવેશે છે. કોર્ટિસોલ એ એક મુખ્ય તત્ત્વ છે જે તમારો ઇતિહાસ બનાવવા માટે તમારી પ્રતિભાને વિકસાવવા માટેની તકો ઊભી કરે છે. વિજ્ઞાનીઓના અભ્યાસે સાબિત કર્યું છે કે સવારે કોર્ટિસોલનું પ્રમાણ સૌથી વધુ હોય છે.

સવારે ૫ વાગ્યાથી ૫.૨૦ સુધી – વીસ મિનિટ કસરત, માત્ર ૨૦ મિનિટ – ચોક્કસ રીતે તમારા કોર્ટિસોલનું પ્રમાણ ઘટાડે છે જે તમને તમારા શ્રેષ્ઠ પ્રદર્શન તરફ દોરી જાય છે. સવાર શરૂ કરવાનો સુંદર માર્ગ, ખરું? વિજ્ઞાન શારીરિક સૌષ્ઠવ અને જ્ઞાનાત્મક શક્તિઓ વચ્ચે જોડાણ હોવાનું દર્શાવે છે. સખત કસરતો દ્વારા પરસેવો પાડવાથી તે BDNF છોડે છે – જે મગજે તારવેલું એક ન્યુરોટ્રોફિક તત્ત્વ છે અને તે દિવસને સારો બનાવવા માટે અવયવને સુપર ચાર્જ કરે છે.

BDNF માનસિક તાણને કારણે નુકસાનગ્રસ્ત બ્રેઇન સેલ્સની સારવાર કરવા સાથે જ ન્યુરલ કનેક્શનોની ઝડપ વધારે છે, જેના કારણે તમે ઝડપથી કામગીરી કરી શકો છો અને સારી રીતે વિચારી શકો છો. વધુ એક 'ગાર્ગન્ટ્યૂન કૉમ્પિટિટીવ એડવાન્ટેજ' અને એ પણ ચોક્કસ અને તે ન્યુરોજેનેસિસને પણ વિસ્તારે

છે, આમ તમે ખરેખર નવા બ્રેઇન સેલ્સ બનાવો છો. શું આટલું તમારા માટે કીમતી નથી?

કલાકારે કહ્યું, વાહ અદ્‌ભુત.

ઉદ્યોગકારે પણ ઉત્સાહથી કહ્યું, મારા વ્યવસાયની ઊંચાઈએ કોઈ પહોંચી નહીં શકે. હું વ્યક્તિગત રીતે અજેય બનીશ કારણ કે આ વિચારોનો હું અમલ કરીશ જે તમે ઉદારતાપૂર્વક અમને શિખવાડી રહ્યા છો.

બિલકુલ સાચું કહી ધનિકે ઉમેર્યું, અને ૨૦/૨૦/૨૦ના પહેલા વિભાગ અનુસાર પહેલી ૨૦ મિનિટ તમે સખત કસરત કરશો તો તમારું શરીર ડોપામાઇન પણ રિલીઝ કરશે, તમે સારી રીતે જાણો છો કે તે ન્યુરોટ્રાન્સમિટરને ચલાવે છે, સાથે જ તે સૉર્ટોનિનને પણ સુધારે છે, એક અદ્‌ભુત કેમિકલ જે તમારી ખુશીઓનું સંચાલન કરે છે. આનો અર્થ છે કે સવારે ૫.૨૦ કલાકે, જ્યારે તમારા હરીફો ઊંઘતા હોય છે, તમે તમારા ક્ષેત્ર માટે પહેલેથી જ સજ્જ હો છો, સુંદર પરિણામો મેળવવા અને શ્રેષ્ઠ દિવસની તૈયારી કરવા માટે.

ઉદ્યોગકારે આ વાતને વધારે વિગતમાં સમજાવવા માટે કરેલી વિનંતી બાદ ધનિકે કહ્યું, અગાઉ મેં જણાવ્યું હતું તેમ, એક જૂની શાળાના સમયની એલાર્મ ક્લોક ખરીદો, હું પણ તેનો જ ઉપયોગ કરતો હતો. આગ્રામાં મેં જણાવ્યું હતું તેમ તમે ક્યારેય ટૅક્નોલૉજીને તમારા બેડરૂમમાં ન લઈ જતા. હું તમને થોડા જ સમયમાં જણાવીશ શા માટે. એલાર્મ ક્લોક ખરીદી લો પછી, તેમાં સાચા સમય કરતાં અર્ધો કલાક આગળ સમય સેટ કરો અને ત્યારબાદ તેમાં વહેલી સવારે ૫.૩૦ વાગ્યાનું એલાર્મ સેટ કરો.

કલાકારે કહ્યું, ખરેખર? આ તો વિચિત્ર લાગે છે.

હું જાણું છું, ધનિકે કહ્યું. પણ તે જાદુઈ રીતે કામ કરે છે. તમે તમારી જાતને છેતરો છો કે તમે અર્ધો કલાક મોડા ઊઠી રહ્યા છો, ખરેખર તમે 5 એ.એમ.ના ટકોરે જાગી રહ્યા હો છો. આ તરકીબ ખરેખર કામ કરે છે. માટે તેને અનુસરો. બીજું, આ બહુ સ્વાભાવિક લાગે છે પણ તેમાં પણ એક તરકીબ છુપાયેલી છે. તમે જેવું એલાર્મ બંધ કરશો અને પથારીમાંથી બહાર આવશો કે તરત જ તમારી નબળાઈઓ તમને ફરીથી પથારીમાં જતા રહેવાની ઇચ્છા જગાવશે. તમારું તર્કસંગત મન તમને પથારીમાં પાછા જવા માટે કારણો અને બહાનાં રજૂ કરે તે પહેલાં તમારે વહેલા ઊઠવાની દૃઢ દિવસની આદતને કેળવી લેવી પડશે, ત્યાર બાદ તે ઑટોમેટિક બની જાય અને મોડા સુધી સૂવા કરતાં વહેલાં ઊઠવાનું આસાન બની જાય. જ્યારે હું પહેલી વાર 5 એ.એમ. ક્લબમાં જોડાયો હતો ત્યારે હું કસરત કરવાનાં કપડાં પહેરીને જ સૂતો હતો.

કલાકારે કહ્યું, તમે મજાક કરી રહ્યા છો? તમે ખરેખર કસરત કરવાનાં કપડાંમાં સૂતા હતા?

હું એવું જ કરતો હતો. મારા શૂઝ પણ હું મારી પથારીની બાજુમાં જ રાખતો હતો. આ આદતમાં સફળ બનવાની આડે આવતાં તમામ બહાનાંઓને જીતવા માટે હું કંઈ પણ કરવા તૈયાર હતો.

સવારનું પહેલું કામ કસરત કરવાનું છે. સખત કસરત વડે તમારી કુદરતી શક્તિને ઉત્તેજિત કરશો જેનાથી તમે પાયામાંથી તદ્દન જુદો જ અનુભવ કરશો. જ્યારે તમે ન્યુરોલૉજીને બુલેટપ્રૂફ બનાવવા અને સાઇકોલૉજીને યુદ્ધ માટે સજ્જ કરવા માટે જાગ્યા હશો ત્યારે જે અનુભવ્યું હશે તેના કરતાં માત્ર ૨૦ મિનિટ પછી ૫.૨૦ વાગ્યે તમારો અનુભવ એકદમ જુદો હશે. યાદ રાખજો, સ્વાભાવિક રીતે જ તમે કસરત કરશો ત્યારે તમારી માનસિકતા પણ સમય જતાં બદલાશે. જો તમને મોડા ઊઠવાની આદત હશે અને દિવસની શરૂઆતમાં અસ્વસ્થતા અનુભવતા હશો તો પણ તમે બદલાઈ જશો. તમામ ન્યુરોન્સ એકબીજાને ઉત્તેજે છે, એકબીજા સાથે જોડાય છે – તે બાબત અહીં તમારા પર લાગુ પડશે. દરેક પગથિયે તમે નવા આત્મવિશ્વાસનો અનુભવ કરશો. તમે કલાકો સુધી ધ્યાન કેન્દ્રિત કરી શકશો, તમારું શ્રેષ્ઠ કાર્ય તમે કરી શકશો. તમે વધુ શાંતિ અને ધીરજનો અનુભવ કરશો. જુઓ, સવારની આ સખત કામગીરી માત્ર નોર્પાઇનફ્રાઇનને, જે બ્લડ વેસલ્સ બનાવે છે તે જ માત્ર સક્ષમ બનાવશે તેવું નથી, પણ તેનાથી તમને વધુ શાંતિનો અનુભવ પણ થશે અને ઘણા રિસર્ચમાં એ સાબિત થયું છે કે કસરત શરીરની લિમ્બિક સિસ્ટમમાં એમિગ્ડાલા બનાવે છે, જે અંગે મેં તમને મોરિશિયસમાં સમજાવ્યું હતું. પરિણામે, કોઈ અઘરો પ્રોજેક્ટ, મુશ્કેલ ક્લાયન્ટ, અણઘડ ડ્રાઇવર કે પછી ચીસો પાડી રહેલાં બાળક સાથે તમારી પ્રતિક્રિયાઓ પહેલાની જેમ ઉશ્કેરાટવાળી નહી પરંતુ વધુ આકર્ષક અને શાંત બની જશે.

ઉદ્યોગકારે આ માહિતી અને જ્ઞાન બદલ ધનિકને ધન્યવાદ આપીને કહ્યું કે તેમના માટે આ જ્ઞાન અમૂલ્ય છે.

ધનિકે પણ આ અંગે આભાર દર્શાવ્યો અને કહ્યું કે તેમના જુદા પડવાનો સમય હવે નજીક આવી રહ્યો છે. તેમણે જણાવ્યું, જોકે, આ સાથે જ તમે પુનર્ઘડતરના પણ સાક્ષી બનશો. સવારમાં પહેલું કામ કસરત કરવાનું કરશો તો તે તમારા મેટોલિઝમને પણ વધારશે પરિણામે ચરબી ઓગાળવાની પ્રક્રિયાને મદદ મળશે. વધુ એક મહત્ત્વપૂર્ણ વિજય, બરાબર ને? હા, અને તમે સૌષ્ઠવ કેળવશો એટલે તમે જીવનભર સ્વસ્થ રહેશો. 'સખત કસરત કરો અને લાંબું જીવો' એ સૂત્ર દ્વારા મેં મારું સામ્રાજ્ય ઊભું કર્યું છે. તમે જાણો છો એ પ્રસિદ્ધ લોકોની સફળતા અને દીર્ઘાયુષ્યની ચાવી છે.

મરશો નહી. કબ્રસ્તાનમાં ડેઝીનાં ફૂલોને લઈ જઈને તમારા જીવનના માલિક ન બની શકો કે તેને બદલી પણ ન શકો.

પ્રાથમિક મુદ્દો એ છે કે હું આ ક્લિપબોર્ડના પ્રથમ ભાગની સામે તમારી સવારનો પ્રોટોકોલ આપવાનો પ્રયાસ કરી રહ્યો છું. શ્રેષ્ઠ સ્વાસ્થ્યની સ્થિતિમાં તમે અગાઉ કરતાં ૧૦૦ ગણું વધારે સારું પરફૉર્મ કરી શકશો. જાગીને પહેલું કામ સખત કસરત એ તમારા માટે જીવન બદલનારું બની રહેશે. તો આ આદત સ્થાપવા માટે જે પણ કરવું પડે તે કરો, જે પણ કરવું પડે તે.

જો આપણે ૨૦ મિનિટ કરતાં વધુ કસરત કરવા ઇચ્છીએ તો? ઉદ્યોગકારે પૂછ્યું.

એકદમ સરસ, ધનિકે કહ્યું. આ રૂટિન એટલે કંઈ પથ્થર પર કોતરેલી મર્યાદાઓ નથી. હું જે કહું છું તે શીખી લો અને તમારું બનાવી લો. પછી તમારી દિનચર્યાને માફક આવે તે રીતે તેમાં ફેરફાર કરી શકો છો. હવે આપણે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાની બાકીની ૨૦ મિનિટ વિશે જાણીશું જે છે, મનન. ૫.૨૦થી ૫.૪૦ એ.એમ.ની આ ૨૦ મિનિટમાં આપણે મનન કરીશું.

જેમ કે હું આપણા જુદા જુદા સૂત્રો દ્વારા સૂચનો કરું છું, સવારને વધુ સારી રીતે મૅનેજ કરવી એ પ્રતિભાશાળી લોકોનું મુખ્ય કૌશલ્ય છે. કૌશલ્યપૂર્વક દિવસની શરૂઆત કરવી એ ખરેખર તો વ્યાવસાયિક કુશળતા અને અંગત આવડત છે અને સવારનું સાચું રૂટિન એ તે ગહન શાંતિનો સમયગાળો છે. ગૂંચવાડા અને સતત કાર્યોથી ભરપૂર દિવસ, પરિવારની જરૂરિયાતો માટે શક્તિઓ ખર્ચાવાનું શરૂ થાય અને તમામ અન્ય જવાબદારીઓની શરૂઆત થાય તે પહેલાં પોતાના માટે થોડું એકાંત અને શાંતિ જરૂરી છે. હાલના સમયમાં મનુષ્ય માટે શાંતિ એક લક્ઝરી બની ચૂકી છે. માટે તમારા આ વિજયી કલાકમાં થોડી સ્થિરતા જાળવી રાખજો. તમે કેવી રીતે જીવો છો અને તમે કેવા બનવાની આશા રાખો છો તેના પર મનન કરો. આવનારા કલાકોમાં તમે કેવા પ્રમાણિક બનવા ઇચ્છો છો તેના મહત્ત્વ પર વિચાર કરો અને તમે કેવી રીતે વર્તવા માગો છો. પ્રસિદ્ધ અને શ્રેષ્ઠ જીવન જીવવા માટે તમારા સુંદર દિવસ દરમિયાન શું બનવું જોઈએ તેનો વિચાર કરો.

ઉદ્યોગકારે કહ્યું, આ વિભાગ મારા માટે સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. તેમણે પહેરેલા બ્રેસલેટ ઉપર ‘આ તમામ વહેલી સવાર એક દિવસ મને આદર્શ વ્યક્તિ બનાવશે’ તેવું વિધાન કોતરેલું હતું.

હું સહમત છું. ધનિકે કહ્યું. તમારા જીવનની શ્રેષ્ઠ પળો અંગે મનન કરવાથી તે સમગ્ર દિવસ દરમિયાન તમારી સાથે રહે છે જેને સ્પેલબાઇન્ડર ‘રેસિડ્યૂઅલ વિઝડમ’ કહે છે. દાખલા તરીકે ઊંડું મહત્ત્વ ધરાવતું હોય તેવા પ્રદર્શન અંગે વિચારવું

એ કુશળતા દર્શાવે છે અથવા બીજા વિભાગ અનુસાર લોકો સાથે સારી રીતે કેમ વર્તવું તે અંગેનું તમારું વચન તમને યાદ અપાવે છે, અથવા તમારી જાગરૂકતામાં એ ગુણોને ફરીથી જોડે છે અને જેવું તમને તમારું આ વચન યાદ આવશે કે ગુણોના એ અવશેષો ડહાપણ સાથે સતત ફોકસમાં રહેશે કે દરેક ક્ષણે એ તમને તમારી પસંદગીઓ અંગે જાગ્રત રાખશે અને માર્ગદર્શન આપશે.

ધનિકે કહ્યું, અનેક રીતે, મનન એ બદલાવ માટેનો મુખ્ય સ્રોત છે, કારણ કે એક વખત તમે સારી રીતો જાણો છો માટે તમે ચોક્કસ એ સારી રીતે કરી શકો છો. વિજયી કલાકના ૨૦ મિનિટના આ ભાગ દરમિયાન, તમારે માત્ર શાંત રહેવાનું છે, મૌન રહીને સ્થિરતામાં પ્રવેશ કરવાનો છે. અશાંતિ, અનિશ્ચિત ઘટનાઓ અને અસ્વસ્થતાના આ સમયમાં આ રીતે તમે તમારી જ જાતને એક શ્રેષ્ઠ ભેટ આપી શકશો.

ઉદ્યોગકારે કહ્યું, મારા અને મારા વ્યવસાય માટે પોતાને આપવા માટે આ એક શ્રેષ્ઠ ભેટ બની રહેશે. મને સમજાઈ રહ્યું છે કે યોજના બનાવવાને બદલે હું મારો સમય નકામી બાબતોમાં વેડફું છું. મહાન પ્રતિભાઓ પોતાના એકાંતનો ભરપૂર લાભ ઉઠાવે છે તે અંગે તમે જણાવ્યું. મેં વાંચ્યું છે કે ઘણા મહાન લોકો કલાકો સુધી એકાંતમાં રહેવાની ટેવ ધરાવે છે અને તેઓ પોતાની સાથે કાગળ અને પેન રાખે છે અને તેમની કલ્પનાઓ તેમાં નોંધે છે.

હા. ધનિકે કહ્યું. કલ્પનાશક્તિને ઉભારવી એ પ્રતિભાશાળીઓ માટે ખૂબ જ મહત્ત્વનો ભાગ છે. અહીં રોમમાં જોવાલાયક ઐતિહાસિક સ્થાપત્યોના વિશાળ આકાર તેને ખાસ બનાવે છે. તેને ઘડનારા રોમનોની દૃષ્ટિ કેવી વિશાળ હશે! કેવી એ અદ્ભુત કુશળતા જે પોતાના વિચારને હકીકતમાં પલટાવતા હતા. અમર એવા આ શહેરમાં પ્રત્યેક સંવેદનાત્મક ઇમારતો મનુષ્યની યોગ્ય રીતે ઉપયોગમાં લેવાયેલી કલ્પનાનું પરિણામ છે. માટે, હા, તમે પણ તમારા ૨૦ મિનિટના એ વિભાગનો કલ્પના, સ્વપ્ન અને વિઝ્યુલાઇઝેશન માટે લાભ લેજો. અવતરણ કદાચ માર્ક ટ્વેઇનનું છે તે અનુસાર, 'હવેથી વીસ વર્ષ તમે જે ન કર્યું તેના કરતાં તમે જે એક વાર કર્યું એ અંગે તમે વધુ નિરાશ થશો. માટે તમારી નૌકાને બાંધતાં દોરડાં છોડી નાખો, સુરક્ષિત બંદર પરથી મધદરિયા તરફ દૂર હંકારી જાઓ. દરિયા પરની હવાને તમારા સઢમાં પરોવો, નવાં ક્ષેત્ર શોધો, સપનાં જુઓ, આગળ વધો.'

તમામ મહાન કલાકારો પોતાના સુંદર ભવિષ્યનાં સ્વપ્નો જુએ છે, જોકે, તેમાં વિશ્વાસ ઓછા લોકો રાખે છે, તેમ કલાકારે સૂર પુરાવ્યો.

સાચું. ધનિકે કહ્યું અને ઉમેર્યું, આ સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની વધુ એક યુક્તિ એ છે કે તમારી કલ્પનાઓને લખી લેવી જેને સ્પેલબાઇન્ડર 'પ્રિ-પરફૉર્મન્સ બ્લૂ પ્રિન્ટ' કહે છે. તમારા બાકીના દિવસ માટેનું આ એક સાદું નિવેદન છે. સંશોધકો

કહે છે કે તમે નક્કી કરેલાં કામો – સ્વપ્નોની લેખિત ખાતરી આપવાની આ પદ્ધતિ તમારા કામ પ્રત્યે તમારી એકાગ્રતા અને સ્વયંશિસ્ત માટે સુંદર રીતે કાર્ય કરે છે. તમારી પાસે આગળના દિવસનો સ્પષ્ટ નકશો જાણે તૈયાર છે, જે તમારો માર્ગ પ્રશસ્ત કરે છે. જીવન અને વ્યવસાયમાં કંઈ બધું વ્યવસ્થિત નથી હોતું તે વાત ચોક્કસ છે. તેમ છતાં એવું પણ નથી કે તે મેળવવા આપણે મહેનત પણ ન કરવી. દુનિયાના મહાન પુરુષો અને મહિલાઓ પરફેક્શનિસ્ટ હતાં. તેઓ મહત્તમ રીતે કામને વળગી રહેનારાં, પોતાના ધ્યેય પ્રત્યે અનહદ લગાવ ધરાવતાં અને પોતાનાં દરેક કાર્યોમાં નોંધપાત્ર પ્રદર્શન કરવાવાળાં હતાં. માટે છેવટે દસ મિનિટ તો તમારી ઇચ્છાઓને લખી લેવા માટે ફાળવો જ.

થોડી વાર બાદ ધનિકની એક સહાયકે આવીને ઇટાલિયન લેધરમાં વીંટાળેલાં જુદાં જુદાં ત્રણ જર્નલ તેને આપ્યાં. ધનિકે એક કલાકારને એક ઉદ્યોગકારને આપ્યાં અને એક તેમણે રાખ્યું.

જ્યારે આપણે આફ્રિકાના જાદુઈ વાઇન યાર્ડ્ઝમાં હોઈશું ત્યારે હું તમને સમજાવીશ કે મારી જીભ હું મારી ડાયરી પર શા માટે ફેરવું છું?

કલાકાર અને આર્ટિસ્ટ બંને સાનંદાશ્ચર્ય પામ્યા અને પૂછ્યું કે આપણે ક્યારે જવાના છીએ?

ધનિકે બંનેના ઉત્સાહને અવગણ્યા.

બંને શિષ્યોએ પોતપોતાનાં જર્નલ ખોલ્યાં અને તેમને પહેલા પાના પર વિગતવાર ફ્રેમવર્ક દેખાયું.

અમારા શિક્ષણ માટે નવો ડાયાગ્રામ? કલાકારે પૂછ્યું.

હા. ધનિકે કહ્યું.

હું આવા મૉડલને પ્રેમ કરું છું જે અમૂલ્ય શિક્ષણ આપે છે અને ગૂંચવણભર્યાં કામોને સરળ બનાવે છે.

ઉદ્યોગકારે સૂર પુરાવતાં કહ્યું, હા, અને એકદમ બંધબેસતાં. સ્પષ્ટતા હંમેશાં કુશળતા અપાવે છે સાચું ને?


સાચું. ધનિકે સહમતી આપી અને કહ્યું અને તમારું સ્વાગત છે દોસ્તો. પરંતુ 5 એ.એમ.નું તત્ત્વજ્ઞાન અને મેથેડોલૉજીનું સરળ વર્ણન થાય તે માટે આ ફ્રેમવર્ક બનાવવા માટે સ્પેલબાઇન્ડરે દાયકા ખર્ચ્યા છે. તે ખૂબ સરળ દેખાય છે કારણ કે તેમના જીવનનો મોટો ભાગ આ કામગીરીમાં પસાર થયો છે. કોઈ પણ કાર્યની ગૂંચવણોમાં સરળતા ઊભી કરવા માટે તેમાં વર્ષોનો અસીમ એકાંતવાસ, એકાગ્રતાની તેમને જરૂર

પડી છે. જેમને તે સરળ લાગે છે તેઓ મુશ્કેલ ગૂંચવાડા અને બિનજરૂરી બાબતો તેમાંથી દૂર કરનારા ગુરુની આવડતને સમજી શકતા નથી. બિનજરૂરી તત્ત્વો હટાવીને તેમાંથી હીરો બનાવવો તે વર્ષોની તપસ્યા અને દાયકાઓનું સમર્પણ માંગી લે છે. એક સાવ સામાન્ય વ્યક્તિને પણ સરળ લાગે તે ઉદાત્ત માસ્ટરીનું ઉદાહરણ છે.

અદ્ભુત ચામડામાં વીંટાળેલાં જર્નલ કંઈક નીચે મુજબ હતાં, જે ત્રણેયે એ જોયાં તે તમારા માટે :

આદતની કેળવણી

તબક્કાવાર સમજૂતી



ધનિકે કહ્યું, મારી સહાયકે જે જર્નલ આપ્યાં તે વિશે હવે સમજીએ. ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાના મનનના સમયગાળા દરમિયાન વધુ એક વિજયી પગલાનું આ લખાણ તમારા માટે ચમત્કારો સર્જશે.

સ્પેલબાઇન્ડરને અહીં રોમમાં મારી સાથે ફરવું ગમે છે. જો આપણું નસીબ સારું હશે તો આપણે તેમને મોડેથી મળી શકીશું. હું જાણું છું દિવસ ઊગતાં તેઓ નદી સુધી રનિંગ કરે છે ત્યારબાદ તેઓ ફિશિંગ કરવા જશે. તેમણે પરોઢે ૫૨૦થી ૫૪૦ 'દૈનિક ડાયરી' લખવાનો નિયમ બનાવ્યો છે. આવું કરો ત્યારે તમે માત્ર લખો તે જ તેની ચાવી છે. વધુ વિચારો નહીં. તમારા કલાકો પહેલાંની પ્રતિબદ્ધતાને ડાઉનલોડ કરો, તમારી

કીમતી મહત્ત્વાકાંક્ષાઓને રેકૉર્ડ કરો અને તેને સાંભળો, તમારી કૃતજ્ઞતાની ભાવનાને વર્તમાનમાં તમારા જીવનમાં જે પણ સારું થઈ રહ્યું હોય તે માટે કાર્યરત કરો. તમારી અંદરની નિરાશાઓ, મૂંઝવણો અને ગુસ્સાની ભાવનાઓને નિવારવા માટે એક પદ્ધતિ રીતે પણ આ જર્નલનો જરૂરથી ઉપયોગ કરજો. જ્યારે તમે દુખ દૂર કરવા, તમારી શક્તિઓને વિકસાવવા, તમારા મહત્ત્વ અને તમારા અજોડ પ્રદર્શન વિશે લખશો ત્યારે તમે ચમત્કારિક રીતે તમારી અંદરની નકારાત્મક લાગણીઓ અને દુર્બળતાને તમારામાંથી હાંકી કાઢશો.

ઉદ્યોગકારે પૂછ્યું, મારા હાર્ટસેટને ફાયરપ્રૂફ અને મજબૂત બનાવવાનો સૌથી ઝડપી માર્ગ બરાબર ને?

સહમતી આપીને ધનિકે જર્નલના પહેલા પાના પર આપેલા લર્નિંગ મૉડલ પર આંગળી મૂકીને આગળ કહ્યું. જ્યારે તમે વિજયી કલાક દરમિયાન ડેઇલી ડાયરીના લખાણ માટે દસ કે તેથી વધુ મિનિટ ફાળવશો ત્યારે તમે જે મેળવશો તે આ રહ્યું – અને તેનું પુનરાવર્તન કરીને તેને વધુ મજબૂત બનાવજો. મારું સૂચન છે કે તમે માત્ર હકારાત્મક બાબતો જ ન લખતા પરંતુ તમારા જીવનના દુખદ અને નકારાત્મક અનુભવો પણ લખજો. કારણ કે મુશ્કેલ લાગણીઓથી છુટકારો મેળવવા માટેનો સૌથી ઝડપી માર્ગ એ છે તેમાં સીધા જ ઊતરી જવા માટે હિંમત અને ડહાપણ હોવાં જોઈએ. તેને સારા કરવા માટે તેને અનુભવો. જીવનના અંધકારને હટાવવા માટે તેના પર તમારું સહમતીનું લખાણ કરો. આ એક સફળ રહસ્ય છે જે હું તમારી સમક્ષ ખોલી રહ્યો છું. કારણ કે જ્યારે ભૂતકાળના ઘા અને નકારાત્મક લાગણીઓને કારણે તમારી અવરોધાયેલી શક્તિઓ પરત મેળવવા પ્રયાસ કરો છો ત્યારે તમારા માઇન્ડસેટ, હાર્ટસેટ, હેલ્થસેટ અને સોલસેટની ક્ષમતા પણ ઊંચે જશે અને જ્યારે તમારા આ ચાર આંતરિક સામ્રાજ્ય આત્મસુધારણા દ્વારા ઊંચા ઊઠશે ત્યારે તમારું સર્વોચ્ચ સ્વત્વ તેના આદેશ માનવા લાગશે. ત્યારબાદ તમે બંને તમારા આ આંતરિક સામ્રાજ્યો પાસેથી ઘણાં મોટાં પરિણામોની આશા રાખી શકશો. હું એ સમજાવવા માગું છું કે તમે જે મુશ્કેલ લાગણીઓ, જેને બદલવા માટે કોઈ સારો માર્ગ તમને ન મળતો હોય અને જેના કારણે તમે તાણ અનુભવતા હો, જે તમારું પ્રદર્શન નબળું કરતી હોય અને ક્યારેક રોગોના ભરડામાં પણ લઈ જતી હોય તેને તમે દબાવી શકશો.

કલાકારે પૂછ્યું, શું તમે એમ કહેવા માગો છો કે, જો હું મારી વ્યથિત કરતી ભાવનાઓને અનુભવું નહી તો તે મોટી બનશે અને મારી અંદર સમાઈ જશે જેને કારણે હું બીમાર થઈશ?

હા, તમે જે કહ્યું એ જ હું તમને સૂચવી રહ્યો છું, મિ. રિલેએ સહમત થઈને આગળ કહ્યું. તે તમામ નકારાત્મક-દુખદ લાગણીઓ તમારી અંદરની શક્તિઓ,

આવડતો અને તમારા શાણપણ પર પડ રચી દે છે અને આ જ પ્રાથમિક કારણ છે કે મોટાભાગના લોકો એ ભૂલી જાય છે કે તેઓ પણ હીરો છે. જ્યારે આપણે જે તે ભાવનાને અનુભવવાનું અવગણીએ છીએ ત્યારે આપણે આપણા મહાન સત્ત્વ પરનો કાબૂ ગુમાવીએ છીએ અને જીવનનાં સત્યોને ભૂલી જઈએ છીએ :આપણે મહાન કાર્યો કરવા સક્ષમ છીએ, અને મહાન વસ્તુઓનું સર્જન કરી શકીએ છીએ, ખુશખુશાલ આરોગ્ય માણી શકીએ છીએ, સાચા પ્રેમને જાણી શકીએ છીએ, જાદુઈ જીવન જીવી શકીએ છીએ અને અનેક લોકોને મદદરૂપ પણ બની શકીએ છીએ. પરંતુ આપણામાંના ઘણા લોકો ખૂબ જ ભય, દુખ, ક્રોધ અને હતાશામાં હોય છે અને તેઓ પોતાની સ્વયં શક્તિને જાગૃત કરી શકતા નથી. આપણી પાસે સામે ઊભેલી તકને ઓળખવાની શક્તિ પણ નથી. આપણી ભીતરનો અંધકાર આપણને તે જોવા દેતો નથી અને આપણી પ્રાથમિક પ્રતિભાને અવરોધે છે. ઇતિહાસના મહાન લોકો પાસે આ શક્તિઓ હતી. આજે મોટાભાગના લોકો તેને ખોઈ બેઠા છે.

ઉદ્‌યોગકારે કહ્યું, જાદુઈ જીવન? તમે વારંવાર આ વિશે બોલો છો પણ તે જરા અજુગતી બાબત લાગે છે.

હા, જાદુઈ જીવન. ધનિકે શાંતિથી પરંતુ મક્કમતાથી જવાબ આપ્યો. જ્યારે આપણે દક્ષિણ આફ્રિકા જઈશું ત્યારે હું તમને એ સમજાવીશ કે આપણે આપણા જાદુને કેવી રીતે જગાવી શકીએ છીએ. એક વાર હું ત્યાંના વાઇનયાર્ડમાં જે શીખવું તે તમે શીખશો, વધુ નાણાં કમાવાની ક્ષમતા કેળવશો, સારું આરોગ્ય, સંપૂર્ણ આનંદ અને આંતરિક ગહન શાંતિ આપોઆપ જ તમને મળવા લાગશે. પણ હું અત્યારે જાદુઈ રીતે જીવવાની રીત અંગે કંઈ નહીં જણાવું. મને તેની પરવાનગી નથી.

તમારા ઘાવને સાજો કરવા માટે તમારે તેનું દુખ અનુભવવાની જરૂર છે. ધનિકે વધુમાં કહ્યું. મેં મારા જીવનમાં ઘણું સહન કર્યું છે. ધંધાકીય હાર, અંગત નુકસાન, શારીરિક નિષ્ફળતાઓ. અત્યારે પણ હું એક દુખદ અનુભવમાંથી પસાર થઈ રહ્યો છું અને તેઓ મૌન બની ગયા.

થોડી વાર પછી ધનિકે કહ્યું. ગુડ ન્યૂઝ, તેમણે પોતાના બંને હાથ ઉપર ઉઠાવીને કહ્યું કે, તેનો મતલબ એ નથી કે ભૂતકાળનાં દુખને હું મારા સુંદર વર્તમાન અને ભવિષ્યમાં પણ સાથે લઈને ચાલું છું. ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાના મનનના વિભાગમાં ડેઇલી ડાયરીની પ્રૅક્ટિસ દ્વારા હું આ તમામ દુખને કાયમ માટે ભૂંસી નાખું છું. હું હંમેશાં ખુશ, આશ્ચર્યથી ભરપૂર, કૃતજ્ઞતા અને શાંતિથી ભરપૂર હોઉં છું તેની પાછળ આ જ મહાન યુક્તિ જવાબદાર છે. સાથે જ તેને કારણે જ મેં ઘણું બધું મેળવ્યું છે. શું તમે જાણો છો, ભૂતકાળમાં જીવતા ઘણા લોકોની ઘણી બધી શક્તિઓ હણાઈ જાય છે? મોટાભાગના લોકો સારું પ્રદર્શન કેમ નથી કરી શકતા તેનું આ સૌથી મોટું ઉદાહરણ

છે. હું જેટલા લોકોને મળ્યો તે પૈકી સ્પેલબાઇન્ડર એ એકમાત્ર એવી વ્યક્તિ છે જેણે નબળાં પ્રદર્શન અને લાગણીઓની ગૂંચવણો વચ્ચે સંબંધ હોવાનું શોધી કાઢ્યું છે. તમે પણ તે વિશે વિચારો. તે સંપૂર્ણ સત્ય છે. માટે, કલ્પના કરો કે તમારી સુવિધાઓ અને તમારા વ્યવસાયની સફળતા માટે દરરોજ સવારે તમારી દૈનિક ડાયરી શું કહે છે.

અને ભૂતકાળના દુખને સાથે લઈને ચાલવું તે ભારે કપરું છે, તેમ કલાકારે કહ્યું. આપણામાંના મોટાભાગના લોકો હારનો સ્વાદ ચાખી ચૂક્યા છે – અને ક્યારેક તો વિનાશ પણ નોતરી ચૂક્યા છે.

ધનિકે પોતાનું શીખવવાનું ચાલુ રાખ્યું. હું પણ તમને સવારના ૫.૨૦થી ૫.૪૦ દરમિયાન થોડી મિનિટ ધ્યાન કરવાનું પણ સૂચન કરું છું. સ્પેલબાઇન્ડરે મને તે શીખવ્યું હતું. તેનાથી મને એકાગ્રતા, આત્મવિશ્વાસ કેળવવામાં અને મારું પરફૉર્મન્સ સુધારવામાં ગહન રીતે મદદ મળી હતી. સાથે જ સોફિસ્ટિકેટેડ બિઝનેસ પોર્ટફોલિયો ચલાવતી વખતે શાંતિ રાખવામાં પણ મદદ મળી હતી. શાંતિથી કાર્યરત રહેનારા હંમેશાં મોટી સફળતા મેળવે છે. ધ્યાન કરવું એ કોઈ મહાન આવડત કેળવવા જેવું અઘરું નથી માટે તે શરૂ કરો અને તેની આદત કેળવો. તે એક દુનિયાનો સામાન્ય શ્રેષ્ઠ માર્ગ છે ફોકસ કેળવવાનો, આંતરિક શાંતિ મેળવવાનો અને તમારી નૈસર્ગિક શક્તિઓને જાળવી રાખવાનો. વિજ્ઞાન ધ્યાનના મહત્ત્વને સમર્થન આપે છે. જો તમે તે છોડી દેવા માંગતા હો તોપણ – વિજ્ઞાન કહે છે તેમ – તે કાર્યરત રહે છે. તાજેતરની શોધોએ એ પુરવાર કર્યું છે કે નિયમિત ધ્યાન કોર્ટિસોલનું પ્રમાણ ઘટાડે છે. આમ તેના કારણે માનસિક તાણ ઘટે છે. સાથે જ તે તમારી સાથેના જોડાણને વધુ તીવ્ર બનાવે છે. તમારી આવડતના મૂલ્યાંકન તેમજ તમારા આંતરિક ઈશ્વરની સાથે તાદાત્મ્ય સાધવા માટે તમારે તમારા માટે વધુ સમય ફાળવવો જોઈએ. ફરીથી તમારામાંના શ્રેષ્ઠ સાથે જોડાવા માટે, એ શ્રેષ્ઠ, જે જાણે છે કે અશક્ય એ માત્ર તેવા લોકો માટેનો શબ્દ છે જેમણે કોશિશ ન કરી હોય. તે જાણે છે કે તમારી અંદર તેજસ્વિતાના ઉદાત્ત સ્રોત ક્યાં આવેલા છે. તમારી અંદરનો એ શ્રેષ્ઠ ભાગ હજુ પણ અન્ય લોકોમાં શ્રેષ્ઠતા જ જુએ છે. હા, દરરોજ સવારે એ ૨૦ મિનિટના શાંતિ અને સ્થિરતાના અભયારણ્યમાં જાઓ અને યાદ રાખો તમે સંપૂર્ણ રીતે તમે બનશો. વહેલી સવારે એકાંતમાં સત્ય બોલે છે અને શ્વાસ થંભાવી દેનારા આ જ્ઞાનને લઈને બાકીના કલાકો જેને આપણે દિવસ કહીએ છીએ તેમાં આગળ વધો.

હવે આપણે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાના ત્રીજા વિભાગને સમજીએ જેથી આજનું સત્ર સમાપ્ત કરી શકીએ. મારે તે પછી ઘણી બધી મિટિંગમાં જવાનું છે અને પછી મારે એડ્રિયાનો અને સ્પેલબાઇન્ડર સાથે રાત્રિભોજન માટે જવાનું છે.

ત્યારબાદ તેમણે ફરીથી બોલવાનું શરૂ કર્યું. હું અહીથી જઉં તે પહેલાં પ્રતિબદ્ધ છું કે 5 એ.એમ. ક્લબ વિશે તમને સંપૂર્ણ શિખવાડી દઉં. તમે વધુ ને વધુ લોકો સુધી સ્પેલબાઇન્ડરનું આ જ્ઞાન પહોંચાડજો. કદાચ હું તે કરવા સક્ષમ ન પણ હોઉં. તેમણે ઉમેર્યું, ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાનો ત્રીજો વિભાગ, તમે દરરોજ પ્રગતિ કરો તે પ્રકારે ઘડાયો છે. તમારી આવકને બેવડી કરવા, બે પ્રાથમિક ક્ષેત્રોમાં તમારાં રોકાણોને ત્રણ ગણાં કરવા અને તમારી અંગત કુશળતા અને વ્યાવસાયિક ક્ષમતા વધારવા માટે 2X3X માઇન્ડ સેટ યાદ રાખો. માટે વહેલી સવારે ૫.૪૦થી ૬.૦૦ એ વિજયી કલાકનો અંતિમ પડાવ છે, જ્યારે તમે તમારા જ્ઞાનની સર્વોચ્ચ સપાટીએ હોવ છો, તમારી વિચક્ષણતા વિસ્તરી રહી હોય છે, ત્યારે તમારી કુનેહને વિસ્તૃત કરો અને તમારા પડકારો વિશે જાણો.

કલાકારે કહ્યું, લિઓનાર્ડો દ વિન્સીએ કહ્યું હતું- કોઈ પણ પાસે નાનું કે મોટું સ્વામિત્વ ત્યાં સુધી નથી આવતું જ્યાં સુધી તે પોતાના પર સ્વામિત્વ ન મેળવી લે.

ધનિકે પોતાની આંખો બંધ કરીને રોમન રાજદ્વારી, સેનેસાના એ ફિલૉસૉફિક શબ્દો વાગોળ્યા દરેક દિવસ એવું કંઈક હસ્તગત કરે છે જેનાથી તમે દરિદ્રતા, મૃત્યુ, અને દુર્ભાગ્ય સામે તાકાત મેળવો છો; અને તમે અનેક વિચારોમાંથી પસાર થાવ ત્યારે તેને તે દિવસે અમલમાં લાવવાનું પસંદ કરો છો.

ધનિકે આંખો ખોલી અને કહ્યું, બાહ્ય નેતાગીરીની શરૂઆત તમારી અંદરથી થાય છે. તેમણે ઉમેર્યું. ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાના ત્રીજા વિભાગ દરમિયાન, તમે તમારા ક્ષેત્ર તેમજ સમાજ માટે વધુ મૂલ્યવાન બનવાનો પ્રયત્ન કરજો. તમે માત્ર ઇચ્છો એટલે જ તમને સફળતા કે પ્રભાવ મળતા નથી. તમે જે છો તેના દ્વારા તમે એક વ્યક્તિ અને એક નિર્માણકર્તા તરીકે તમારા જીવનમાં આકર્ષો છો. આંતરિક વિકાસ વિના ખાનગી ઇચ્છાઓનો અર્થ મોટા બગીચાનાં સપનાં જોવાં પણ ઝાડ એક પણ વાવવું નહી એવો થાય. આપણે આપણી જાતનું મૂલ્ય વધારીને ઉત્તમ સન્માન આકર્ષીએ છીએ. મેં આ વિચાર દ્વારા મારું ભાગ્ય ઘડ્યું છે. જેમ મેં ક્ષમતા સુધારી તેમ, મારી સેવાની ઉચ્ચતમ ગુણવત્તા દ્વારા વધુ લોકોના જીવનમાં સુધારો કરવાની મારી ક્ષમતા વધી હતી. મારા વ્યવસાયનાં ક્ષેત્રોમાં જેમ હું વધુ મૂલ્યવાન બન્યો તેમ જ મારી આવક અને મારી અસરો તે ક્ષેત્રમાં વધી હતી. આજના યુગમાં આ એક ખ્યાલ ખૂબ અજાણ્યો છે :એક પુસ્તક વાંચો. ભૂતકાળનાં મહાન સ્ત્રી-પુરુષોના જીવનનો અભ્યાસ કરો, તમારા વિકાસના તબક્કામાં આવાં મહાન ચરિત્રોની આત્મકથાઓને ચરિતાર્થ કરો. સાઇકોલૉજીના ક્ષેત્રમાં થતી નવી શોધખોળ શીખો. નવી શોધખોળ અને સંચાર, ઉત્પાદકતા અને નેતૃત્વ, સમૃદ્ધિ અને ઇતિહાસ વગેરે પર ગહન વિચારણા કરો. એવી ડૉક્યુમેન્ટરી જુઓ જેમાં તે દર્શાવાયું હોય કે પ્રતિભાઓએ શ્રેષ્ઠ કાર્યો કઈ રીતે કર્યાં – અને તેમની જેમ તમે પણ આગળ વધો. વ્યવસાયવિકાસ, અંગત કુશળતા,

સર્જનાત્મકતા અંગેના ઓડિયો સાંભળો. મારા અને મારા અબજોપતિ મિત્રોનો એક સામાન્ય ગુણ એ છે કે શીખવા માટે અમે હંમેશાં તૈયાર હોઈએ છીએ. અમે આગળ વધીએ છીએ અને અમારી શક્તિઓ અને ઈશ્વર તરફથી મળેલી સુવિધાઓમાં અવિરતપણે વધારો કરીએ છીએ. અમે સતત અમારા વિકાસમાં અને અમારા વ્યાવસાયિક ક્ષેત્રમાં રોકાણ વધારીએ છીએ. આતુરતાની અમારી ક્યારેય પૂરી ન થાય તેવી ભૂખને સંતોષવા માટે અમે વાંચન અને સુધારામાં સતત જોતરાયેલાં રહીએ છીએ. સાથે જ કોઈ કૉન્ફરન્સમાં જવું એ અમારો સહિયારો આનંદ હોય છે. દર ત્રણ મહિને અમે આવી કૉન્ફરન્સમાં ઓછામાં ઓછું એક વાર જઈએ છીએ જેથી સતત પ્રેરણા, આવડત અને સતત કાર્યરત રહેવાની પ્રેરણા મેળવતા રહીએ છીએ. અમે લોકો અર્થવિહીન મનોરંજનમાં અમારો સમય વેડફતા નથી કારણ કે અંતહીન જ્ઞાનઉપાર્જન માટે અમે પહેલેથી રોકાયેલા છીએ.

ધનિકે કહ્યું, જીવન એકદમ ન્યાયપૂર્ણ છે એ તમે જાણો છો. તમે તે જ મેળવશો જે તમે આપ્યું હોય છે. આ પાયાનો અને કુદરતી કાયદો છે. માટે, ઘણું બધું સારું આપો અને સારા બનો.

ઓકે, હવે તમારી પાસે છે- વિશ્વકક્ષાની, વ્યવસાય અને વ્યક્તિગત જીવન માટે, જીવનરૂપી ઇમારતને કંડારવા માટે ઇજનેરી કલાથી સજ્જ, દોષરહિત રીતે પોતાનું મૂલ્યાંકન કરાવતી સુંદર અને નિયમિત સવાર. તેનો ભરપૂર ઉપયોગ કરજો, તેનો દરરોજ, ઓછામાં ઓછું સપ્તાહમાં પાંચ દિવસ અમલ કરજો અને તમારી નિર્માણશક્તિ, સમૃદ્ધિ, આનંદની લાગણી અને શાંતિ ખૂબ જ ઝડપે વધશે જેનો તમે દુનિયા માટે ઉપયોગ કરવા સક્ષમ બનશો.

હવે પછી શું? કલાકારે પૂછ્યું.

ધનિકે વિચિત્ર જવાબ આપ્યો, હવે પછી આપણે મૃત્યુ પામેલાને મળીશું.

પ્રકરણ ૧૪

ઊંઘની આવશ્યકતા અંગે 5 એ.એમ. ક્લબનું આકલન

“આરામ, ભૂખ અને તરસ માટેની મારી લાલસાની કલ્પના પણ તમે નહી કરી શકો. મારું કામ પૂરું થયું ત્યારથી, છ દિવસથી મારું મન વમળોમાં સપડાયું છે, તે આમતેમ ફંગોળાય છે, એક જ જગ્યા ઉપર તે ખૂબ જ ઝડપી અનેક વિચારોના પ્રવાહો વચ્ચે ઝૂલતું રહ્યું હતું.” – **એચ.જી.વેલ્સ**

ધનિક, ઉદ્યોગકાર અને કલાકાર – ત્રણેય વેટિકનની છત પર ઊભાં હતાં. સૂર્ય વધુ ઊંચે ચઢ્યો હતો. ધનિકે અગાઉની જેમ એક હાથ હવામાં લહેરાવ્યો અને હંમેશની જેમ તેમનો એક સહાયક ક્યાંકથી પ્રગટ થયો. ધનિકે પોતાની ડિવાઇસમાં કોઈકને સૂચના આપી અને થોડી જ વારમાં ઇટાલિયન ફિલ્મોમાં જોવા મળતી હોય તેવી ત્રણ મહિલાઓ લાલ કલરના વેસ્પા સ્કૂટર સાથે ત્યાં આવી પહોંચી. તેમણે ટૂ-વ્હિલર્સને પાર્ક કર્યાં.

ચાલો મિત્રો! ધનિકે કહ્યું. હવે આપણો આ સ્કૂટરની સવારી કરવાનો સમય થયો છે.

પણ, તમે કોઈક મૃતની મુલાકાતે જવાનું કહ્યું હતું તેનું શું? ઉદ્યોગકારે પૂછ્યું.

મારો વિશ્વાસ રાખો, સ્કૂટર પર બેસો અને મને અનુસરો. ધનિકે સૂચના આપી.

રોમની રંગીન ગલીઓમાંથી પસાર થતાં તેઓ શહેરની બહારના પ્રાચીન વિસ્તારમાં પહોંચ્યાં. શહેરના છેવાડેથી પસાર થતાં તેમણે એક પ્રાચીન સ્થળ જોયું- ધ પિરામિડ ઑફ સેટિયસ, બિલ્ટ બિટવિન ૧૮ ઍન્ડ ૧૨ બી.સી. એઝ એ ટોમ્બ.

કલાકારે વિચાર્યું, અમર એવા શહેરની વચ્ચે ઇજિપ્શિયન સ્ટાઇલનો પિરામિડ, અકલ્પ્ય.

તેઓ શહેરની સીમાની બહાર આવી ગયાં હતાં. ધનિક હજુ પણ તેમને આગળ જવા માટે દોરી રહ્યા હતા. ઉદ્યોગકારે નોંધ્યું ધનિકના ટી-શર્ટ પર અમેરિકાના સ્થાપકો પૈકી એક બેન્જામિન ફ્રેન્કલિનના શબ્દો છપાયેલા હતા :વ્હેલી સવાર એક સુવર્ણ તક સમાન હોય છે. ધનિકે પહેરેલી હેલ્મેટ પાછળ લખાણ હતું – સૌથી પહેલાં જાગો અને સૌથી છેલ્લે મરો.

તેઓ એક નિર્જન જણાતી શેરીમાં પહોંચ્યા. સ્કૂટર પાર્ક કરીને ધનિકે પોતાના શિષ્યોને ઇશારાથી જ પોતાની પાછળ આવવા જણાવ્યું હતું.

આપણે ક્યાં પહોંચ્યા છીએ? કલાકારે પૂછ્યું.

ધનિકે કહ્યું, આપણે કેટાકોમ્બમાં પહોંચ્યા છીએ. આ એ સ્થળ છે જ્યાં પ્રાચીન રોમનોને મૃત્યુ બાદ દફનાવવામાં આવતા હતા. આ ખુલ્લી જમીનવાળા પૅસેજ છે તે કબ્રસ્તાન છે જેના પર પાંચમી સદીની તારીખો કોતરાયેલી છે.

પણ આપણે અહી શા માટે આવ્યા છીએ? ઉદ્યોગકારે પૂછ્યું.

આ ભોંયરા જેવા સ્થળે તમને લાવવા પાછળનું એક કારણ એ છે કે તમને એક મુદ્દો સમજાવવાનો છે.

ટનલ જેવી આ જગ્યાના બીજા છેડેથી કોઈકનાં તેમના તરફ આવી રહેલાં પગલાં પણ સંભળાઈ રહ્યાં હતાં. કલાકારે ધનિક સામે જોયું, તેઓ કંઈ બોલ્યા નહી, પગલાં નજીક આવી રહ્યાં હતાં.

ગભરાયેલાં લાગતાં ઉદ્યોગકારે કહ્યું, મને કોઈક અકળ લાગણી થઈ રહી છે.

કેટાકોમ્બની જર્જરિત દીવાલમાં લાગેલી મીણબત્તી ધૂંધળો પ્રકાશ આપી રહી હતી. પેલાં પગલાંનો અવાજ નજીક આવી રહ્યો હતો, અને અચાનક જ શાંતિ છવાઈ ગઈ.

અંધારામાં અચાનક એક આકૃતિ પ્રકટ થઈ, તેના હાથમાં મીણબત્તી હતી અને માથા પર ક્રિશ્ચિયન પાદરી પહેરે તેવું હૂડ હતું. કોઈ કંઈ બોલ્યું નહી. એકદમ રહસ્યમય વાતાવરણ વચ્ચે આગંતુકે મીણબત્તીઓ ઊંચે કરી, અને ક્રૉસની સંજ્ઞાનુસાર ફેરવી, માથા પરનું હૂડ ઉતાર્યું.

ચહેરો જાણીતો હતો. એ ચહેરો જેણે પોતાનાં આશ્ચર્યકારક કાર્યો દ્વારા લાખો લોકોને પ્રેરણા આપી હતી, મહાન સ્વપ્નો મૂર્તિમંત કર્યાં હતાં અને મહાન પ્રતિભાઓને દોરવણી આપી હતી.

તે સ્પેલબાઇન્ડર હતા.

હે, ભગવાન! તમે તો મને ડરાવી દીધો હતો. પરસેવો લૂછતાં કલાકારે કહ્યું.

માફ કરજો, સ્ટોને મને અહી નીચે આવવા કહ્યું હતું અને હું આ ભોંયરામાં ભૂલો પડી ગયો હતો. સ્પેલબાઇન્ડરે કહ્યું. આ કેટાકોમ્બ્સ અદ્ભુત જગ્યા છે. જોકે, તે રૂંવાડાં પણ ઊભાં કરાવી દે છે.

હેય બડી, ધનિકે પોતાના સલાહકાર, અને પરમ મિત્રને ભેટી પડતાં કહ્યું. અહી આવવા બદલ આભાર.

ચોક્કસ, પણ તમે જે ઇચ્છતા હતા તે આંતરિક શક્તિઓ વિશે આ બંનેને પહેલાં સમજાવી લેવા દો. તમને ખબર છે કે હું આવું જ, સ્પેલબાઇન્ડરે કહ્યું.

મિ. રિલેએ ઉમદા સર્જનાત્મકતા, સર્વોપરી સર્જનાત્મકતા અને તમારી અંદર રહેલા દુર્લભ પ્રદર્શનના મુખ્ય તત્ત્વ એવી ગાઢ ઊંઘના મહત્ત્વ અંગે મારા વિચારો જણાવવા માટે કહ્યું હતું અને તેમણે મને કહ્યું હતું કે આવી વાતચીત અહીં જ કરવા માંગે છે કારણ કે અહીં આ ગુફામાં લોકો જ માત્ર મૃત્યુની નિદ્રામાં નથી, પરંતુ વિજ્ઞાન પણ હવે સમર્થન આપે છે કે અપૂરતી ઊંઘ પણ વહેલું મૃત્યુ નોતરે છે.

ખરેખર? ઉદ્યોગકારે પૂછ્યું.

ધનિકે કહ્યું, ના, પણ તમે લોકોએ એવું નથી કર્યું.

અમે કર્યું છે. ઉદ્યોગકાર અને કલાકાર બંનેએ કહ્યું.

અને તમને બંનેને અમારા લગ્નમાં આમંત્રણ છે, તે પ્રસંગ નાનકડો હશે, પણ ખાસ હશે. કલાકારે ઉમેર્યું.

તમને બંનેને એ પ્રસંગ મોરિશિયસના મારા બીચ પર ઊજવવા આમંત્રણ છે, હું ખર્ચ ઉઠાવીશ. તમારા બંનેનો જ નહીં તમારા પરિવારો, મિત્રોનો પણ. તમામ ખર્ચ મારા માથે. 5 એ.એમ. ક્લબના મારા નવા સભ્યો માટે એટલું તો હું જરૂર કરી શકીશ. તમે એક વૃદ્ધ પર ભરોસો મૂક્યો છે અને છેક અહીં સુધી આવ્યા છો, તમામ શિક્ષણ એકાગ્રતાથી લીધું છે અને શ્રેષ્ઠ કામ કર્યું છે, તમે બંને મારા હીરો છો.

સ્પેલબાઇન્ડરે કહ્યું, નેતાગીરીની કુશળતા અને વિશાળ ઉત્પાદકતા માટે અને સાંજના છેલ્લા કલાકના નિયંત્રણ માટે તમારા દિવસનો પ્રથમ કલાક શા માટે મહત્ત્વનો હોય છે એ સમજવું જોઈએ. કુશળતા અને તમારી સવારનું નજાકતભર્યું મૅનેજમેન્ટ અને તમે રાત્રે કરેલી કામગીરીમાંથી જ એક ઉચ્ચ કક્ષાની પ્રતિભા જેવી આવડત આવે છે. જો તમે યોગ્ય ઊંઘ નહીં કરી હોય તો સ્ટોને જે તમને શિખવાડી તે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા અસરકારક નહીં રહે.

ઉદ્યોગકારે કહ્યું, હું સહમત છું. હું લગભગ હંમેશાં ઊંઘથી વંચિત રહું છું, ક્યારેક સૂવા માટે સંઘર્ષ કરવો પડે છે, યાદશક્તિ કુંઠિત થઈ જાય છે, અને હું થાક અનુભવું છું.

કલાકારે પણ સહમતી આપતાં કહ્યું, મારી ઊંઘ પણ બગડે છે. હું પણ ખૂબ ઓછું ઊંઘું છુ, પણ જ્યારથી આ તાલીમમાં છું ત્યારથી રાત્રે સરસ ઊંઘ આવે છે.

સ્પેલબાઇન્ડરે કહ્યું, આ સાંભળીને આનંદ થયો, અત્યારે આપણે વૈશ્વિક મંદીના વિકરાળ સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા જે દરેકના જીવનમાં વણાઈ ચૂક્યા છે તે મુશ્કેલીરૂપી આગને ઇંધણ પૂરું પાડે છે. અભ્યાસથી પુરવાર થયું છે કે આપણે જે ટૅક્નોલૉજીનાં સાધનો વિકસાવ્યાં છે તે આપણી અંદરના મેલાટોનિનને ઘટાડે છે. મેલાટોનિન એ કેમિકલ છે જે તમારા શરીરને

ઊંઘની જરૂરિયાત વિશે જણાવે છે. તમે જાણો છો અને એ વાતમાં કોઈ શંકા નથી કે તમારા ગૅજેટ્સ સાથે સતત વ્યસ્ત હો છો તે તમારી સમજશક્તિને પણ ખરાબ અસર કરે છે અને એ વાતમાં પણ કોઈ શંકા નથી. સૂતાં પહેલાં તમે સ્ક્રીનની સામે એટલે કે મોબાઇલ, ટેબ કે ટીવીની સામે વિતાવો છો તેને કારણે તમારી ઊંઘ પર અસર પડે છે. તમારી ડિવાઇસનો પ્રકાશ કેવી રીતે ફોટો રિસેપ્ટર્સ બનાવે છે જેને 'ઇન્ટ્રીસિનેકલી ફોટોસેન્સેટિવ રેટિનલ ગેંગ્લિઅન સેલ્સ' કહે છે, જે મેલાટોનિનના ઉત્પાદનને રોકે છે તમારા સરક્યુલેશનના તાલમેલને નકારાત્મક અસર કરે છે, પરિણામે તમારી ઊંઘને નુકસાન થાય છે.

ઉદ્યોગકારે કહ્યું, હું તેમ કરીશ. સૂતાં પહેલાંના મારા રૂટિનને હું સુધારીશ જેથી હું સવારે પાંચ વાગ્યે જાગી શકું અને ત્યારે એનર્જીથી ભરપૂર હોઉં. હું આમ કરવા માટે વચન આપું છું તેના કારણે ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાને સરળતાથી અમલી બનાવી શકું.

ઓછામાં ઓછા ૬૬ દિવસ – જ્યાં સુધી તે આપોઆપ થવા ન માંડે, કલાકારે પણ વાતમાં સૂર પુરાવ્યો. ત્યારપછી મારા બાકીના સંપૂર્ણ જીવન માટે, આમ, ખરેખર પથારીમાં ઊંઘ્યા કરવા કરતાં સવારે પાંચ વાગ્યે ઊઠવાની આ પદ્ધતિ સરળ બની જાય.

સ્પેલબાઇન્ડરે આગળ કહ્યું, જ્યારે આપણે જરૂરી ઊંઘ નથી લેતા ત્યારે અન્ય ઘણી બાબતો તમારી આવડત અને ઉત્પાદકતા તથા આરોગ્ય પર નકારાત્મક અસરો પહોંચાડે છે.

ઉદ્યોગકાર અને કલાકાર બંનેએ જાણવા અંગે કરેલા સવાલનો જવાબ આપતાં સ્પેલબાઇન્ડરે કહ્યું, જ્યારે તમે ઊંઘો છો – અહીં તમે કેટલું ઊંઘો છો તેનું નહીં પરંતુ કેવું ઊંઘો છો તેનું તાત્પર્ય છે – તમારા ન્યુરોન્સ ૬૦ % જેટલાં સંકોચાઈ જાય છે કારણ કે મગજ દ્વારા કરોડરજ્જુનું પ્રવાહી ધોવાઈ જાય છે. સંશોધન એવું પણ કહે છે કે લસિકાતંત્ર (ટિમ્ફેથેટિક સિસ્ટમ), જે પહેલાં તમારા શરીરમાં જ હોવાનું માનવામાં આવતું હતું, તે પણ ખોપરીમાં હોય છે. આ બધાનો અર્થ એ છે કે આપણે, મનુષ્ય તરીકે, વિકસિત રીતે મગજને સ્વચ્છ રાખવા માટે એક ક્રાંતિકારી અને શક્તિશાળી પ્રક્રિયા બનાવી છે જેથી તે શ્રેષ્ઠ સ્થિતિમાં રહે અને આ સ્વચ્છતાની કામગીરી માત્ર આપણે સૂઈએ તે દરમિયાન જ થાય છે.

એમને HGH વિશે કહો. ધનિકે સ્પેલબાઇન્ડરને સૂચન કર્યું.

ચોક્કસ, સ્પેલબાઇન્ડરે કહ્યું. HGH, હ્યુમન ગ્રોથ હોર્મોન જે મગજની પિચ્યુટરી ગ્લૅન્ડમાં બને છે અને તે શરીરમાં મહત્ત્વના આરોગ્યકારક ટિશ્યૂ બનાવે છે. લાંબા જીવન માટે એક મજબૂત રીતે કાર્યરત મેટાબોલિઝમ. HGHનું પ્રમાણ વધવાની સાથે તે તમારા મૂડ, જ્ઞાન, એનર્જી અને ચરબીને ઘટાડે છે, જ્યારે લેપ્ટીન અને

દરેલિનના નિયમન દ્વારા તમારા ગુસ્સાને પણ ઘટાડે છે. આ રહ્યો મુખ્ય મુદ્દોઃ ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાના પહેલા વિભાગમાં કસરત દ્વારા જ્યારે HGH છૂટું પડે તે ખરેખર મોટો બદલાવ લાવનારી પ્રક્રિયા બની રહે છે. જ્યારે તમે સૂતા હો છો ત્યારે HGHનું ૭૫ ટકા જેટલું ઉત્પાદન થાય છે. આ રહી ખરી ચાવીઃમગજ યોગ્ય રીતે સ્વચ્છ રહે અને સારી રીતે HGHનું ઉત્પાદન થતું રહે તે માટે તમારે તમારી સર્જનાત્મકતા, મનોબળ, ઉત્પાદકતામાં વધારો કરતા રહેવું જોઈએ, તે માટે તમારે પાંચ ૯૦ મિનિટની સ્લિપ સાઇકલ્સની જરૂર પડે છે. વૈજ્ઞાનિક સત્યો આ વાતને અનુમોદન આપે છે. સાડાસાત કલાકની ઊંઘ જરૂરી છે. તમારે એ પણ જાણવું જોઈએ કે સંશોધનો અનુસાર માત્ર ઊંઘનો અભાવ જ મૃત્યુ માટે કારણરૂપ બને છે. વધુ પડતી ઊંઘ, નવ અથવા તેનાથી વધુ કલાકની ઊંઘ પણ આયુષ્ય ઘટાડવામાં કારણભૂત જણાઈ છે.

કલાકારે પૂછ્યું, શું આ વિશે વિગતે સમજી શકાય તે માટે તમારી પાસે કોઈ લર્નિંગ મૉડલ છે, જેનાથી અમને નબળું અને અસ્પષ્ટ તથા માપ અનુસાર વચ્ચેનો તફાવત સ્પષ્ટ થાય?

સ્પેલબાઇન્ડરે કહ્યું, તમે સારું કામ કર્યું છે સ્ટોન, આ લોકોને ૩ સ્ટેપ્સ સક્સેસ ફોર્મ્યુલા સારી રીતે શિખવાડી છે.

ધનિકે 'હા' માં માથું ધુણાવ્યું.

હા, મારી પાસે તમારા માટે ફ્રેમવર્ક છે. સ્પેલબાઇડરે કહ્યું. મેં મારું પોતાનું સાંજનું રૂટિન બનાવ્યું છે, જેના દ્વારા મને વર્ષોથી સારી રીતે ઊંઘવામાં મદદ મળી રહી છે.

ત્યારબાદ સ્પેલબાઇન્ડરે પહેરેલા રોબમાંથી એક ચાર્ટ કાઢ્યો જે આ મુજબ દેખાતો હતોઃ

મહાન વ્યક્તિઓની સૂતાં પહેલાંની પ્રવૃત્તિ

સાંજે ૦૭.૦૦ થી સાંજે ૦૮.૦૦	- દિવસનું છેલ્લું ભોજન - તમામ ડિવાઇસ બંધ - પ્રવૃત્તિઓમાંથી વિશ્રાંતિ
સાંજે ૦૮.૦૦ થી રાત્રે ૦૯.૦૦	- પ્રિય વ્યક્તિઓ સાથે વાતચીત - મેડિટેશનનો વૈકલ્પિક સમય - વાચન - ઓડિયોબુક અથવા પોડકાસ્ટ - મનોરંજનની પ્રવૃત્તિ - સમયાંતરે લેવાતું સોલ્ટ બાથ
રાત્રે ૦૯.૦૦ થી રાત્રે ૧૦.૦૦	- કૂલ, ડાર્ક અને ટેક્નોલોજીનાં કોઈ સાધનો ન હોય તેવા બેડરૂમમાં સૂવાની તૈયારી - પોકેટ ૧ માં જણાવ્યા પ્રમાણેની કસરતની તૈયારી - કદર કરવા માટેની પ્રેક્ટિસ

ઉદ્યોગકારે કહ્યું, મને સમજાતું નથી કે હું તમારો- તમારા બંનેનો આભાર કઈ રીતે માનું!

ધનિકે સીટઅપ કરવા સાથે ગણગણવાનું શરૂ કર્યું, – અદ્ભુત જ્ઞાન અને સુંદર ભાગ્ય જાણે મારા તરફ આવ્યું છે. હું હંમેશાં એક લીડર છું, ભોગ બનનાર નહી. એક સિંહ છું, ઘેટું નહી. હું મારા જીવનને ચાહું છું અને દરરોજ તેને વધુ સુંદર બનાવું છું અને હું જેટલા વધુ લોકોને મદદ કરું છું તેટલી જ મને વધુ ખુશી મળે છે.

કલાકારે પણ બંને તરફ આભારની લાગણી પ્રકટ કરી હતી.

ઉદ્યોગકારે કહ્યું, જો દુનિયા જાણતી હોત અને 5 એ.એમ. કલબની ફિલૉસૉફી અને મેથેડોલૉજીનો અમલ કરતી હોત તો તમામ માનવ સંપૂર્ણ રીતે બદલાઈ જાત અને હું હવે સૂર્યોદય પહેલાં જાગું છે એટલે ઓછી ઊંઘ કરું છું એમ નહી, પરંતુ જૂની કહેવતની જેમ 'વહેલા સૂઈને વહેલા ઊઠવાનું' એક રૂટિન છે.

ક્રાંતિ સર્જવા માટે આપણે તમામ આપણા પૂરતો ભાગ ભજવીએ છીએ, તમામ સંબંધોમાં પણ – આપણામાં જે આવડત હોય તેના દ્વારા આપણે એકબીજાને શૅર

કરીએ છીએ -આપણી સાથે જ તેનો વિકાસ થાય છે.

ઉદ્યોગકારે ઉમેર્યું, મહાત્મા ગાંધીના શબ્દોની જેમ 'તમારે દુનિયાને જેવી જોવી હોય તેવા તમે બનો.' સૂવા જતાં પહેલાં હું તેમના વિશે થોડું વાંચું છું.

સ્પેલબાઇન્ડરે કહ્યું. આદરપૂર્વક કહું તો, મહાત્મા ગાંધીના મૂળ શબ્દોમાં વર્ષોથી હેરાફેરી કરવામાં આવતી રહી છે.

ધનિકે વચ્ચે જ કહ્યું, તેમણે ખરેખર એવું કહ્યું હતું કે, જો આપણે આપણને બદલી શકીએ, તો દુનિયાભરનું વલણ પણ આપણે બદલી શકીએ છીએ. માણસ જ્યારે પોતાનું વલણ બદલે છે તેની સાથે જ દુનિયાનું પણ તેમની સાથેનું વલણ બદલાય છે. બીજા શું કરશે તેની આપણે રાહ જોવાની કોઈ જ જરૂર નથી.

વાહ, સ્ટોન! સ્પેલબાઇન્ડરે કહ્યું, હું તમારા વ્યાપક અર્થઘટનને વખાણું છું અને ચોક્કસ તમે સાચા છો. મારી તમને બંનેને અંગત વિનંતી છે કે આ પદ્ધતિ વિશે શક્ય એટલા વધુ ને વધુ લોકોને શિખવાડજો. કારણ કે જો તમામ વ્યાવસાયિક આગેવાનો, કામદારો, વૈજ્ઞાનિકો, કલાકારો, આર્કિટેક્ટ્સ, રાજકીય આગેવાનો, રમતવીરો, શિક્ષકો, માતાઓ, ફાયરફાઇટર્સ, પિતાઓ, ટેક્સી ડ્રાઇવરો, પુત્રીઓ અને પુત્રો જો અમે લોકોએ તમને જે શિખવાડ્યું તેનો તેઓ પણ અમલ કરે તો આપણી પાસે નવું જ વિશ્વ હશે. જ્યાં દુઃખ, નાખુશી, મિડિયોક્રસી અને નફરત નહી હોય અને સર્જનશીલતા, સુંદરતા, શાંતિપ્રિયતા અને ભરપૂર પ્રેમ હશે.

અને મારે હવે જવું પડશે, રાત્રે ભોજનમાં મળીએ તેમ કહી સ્પેલબાઇન્ડર ચાલવા લાગ્યા.

ચોક્કસ. ધનિકે કહ્યું અને સ્પેલબાઇન્ડર જાણે અંધારામાં ઓગળી ગયા.

ત્યારબાદ બધા તે ગુફા જેવા સ્થળેથી બહાર આવ્યા અને ફરીથી સવારે જ્યાં

મળ્યા હતા તે સ્પૅનિશ પગથિયાં પાસે પહોંચ્યા.

ધનિકે કહ્યું, આપણે સવારે ૫ વાગ્યે જ્યાંથી શરૂ કર્યું હતું તેનું સર્કલ પૂર્ણ થયું છે. આજે તમને લોકોને રજા આપું તે પહેલાં મારી પાસે તમારા બંને માટે એક અદ્ભુત મૉડલ છે. જ્યારે હું ઘણો યુવાન હતો ત્યારે સ્પેલબાઇન્ડરે મને તે શિખવાડ્યું હતું, અને તે મારા માટે અમૂલ્ય સાબિત થયું હતું. મને ખબર છે તે સુંદર રીતે આજના સત્રનું સમાપન કરશે.

આટલું કહીને ધનિકે તાળી પાડી ત્યાં જ ત્યાં આવેલા મુલાકાતીઓ અને બંને શિષ્યોના આશ્ચર્ય વચ્ચે ઘરઘરાટી સાથે એક ડ્રોન આવીને ઊભું રહ્યું. ડ્રોનમાં એક

લાકડાનું ખોખું હતું, તેને ખોલ્યું, તેમાંથી એક કાચથી મઢેલું લર્નિંગ મૉડલ નીકળ્યું. આ રહ્યો એ ડાયાગ્રામ :

અદ્‌ભુત દિવસ

પુનઃરચના

ઝીરો ટેક્નોલોજી ઝોન

સમય	પ્રવૃત્તિ	નોંધ
સવારે ૪.૫૫	- જાગવાનો સમય - અંગત કાળજી	- પ્રિ ફ્લાઇટ - રનવે પિરિયડ - કસરતનાં સાધનો પથારી પાસે જ મૂકો - વધુ એટીપી રિલીઝ થાય અને વધુ એનર્જી આવે તે માટે વધુ ને વધુ હાઇડ્રેટ કરો
સવારે ૫.૦૦ થી સવારે ૫.૨૦	- સખત કસરત - પરસેવો પાડો - વધુ હાઇડ્રેટ થાવ - પાણી પીઓ	- વિભાગ-૧- મૂવ - થાકને બદલે હવે ૫.૨૦ કલાકે શક્તિ અનુભવાશે - કસરતથી ટેલિમોર્સ વધે છે - ન્યુરોબાયોલોજીની શક્તિ વધારે છે
સવારે ૫.૨૦ થી સવારે ૫.૪૦	- ધ્યાન - પ્રાર્થના - જર્નલ લખો - આભારની લાગણી અનુભવો - આગામી કાર્યોની બ્લૂ પ્રિન્ટ બનાવો	- વિભાગ-૨-મનનનો સમય - ધ્યાનથી આયુષ્ય વધે છે - યોજનાઓ બનાવવા માટે ફોક્સ વધારે છે
સવારે ૫.૪૦ થી સવારે ૬.૦૦	- વાંચન - ઓડિયોબુક્સ - પોડકાસ્ટ્સ - પ્રેરણાદાયક વીડિયો	- વિભાગ ૩: વિકાસ - 2X3X માઇન્ડસેટ - આશાઓ અને કલાનો વિકાસ થાય છે - પ્રેરણા અને તમારા ક્ષેત્રમાં અજય બનવા તરફ કદમ
સવારે ૬.૦૦ થી સવારે ૮.૦૦	- પરિવાર સાથે જોડાણ - અંગત કામગીરી - મેસેજ - સોશિયલ મીડિયા - ન્યૂઝને નનૈયો	- સ્વાસ્થ્ય સુધરે - ડિજિટલ ડિમેન્શિયાથી છુટકારો - સવાર સુધરે - આનંદ અને શાંતિમાં વધારો
સવારે ૮.૦૦ થી બપોરે ૧.૦૦	- ૯૦/૯૦/૧ નિયમ - ૬૦/૧૦ પદ્ધતિ	- વિશ્વ કક્ષાનું કાર્યશ્રેષ્ઠ પ્રદર્શનની બેવડી સાઇકલ - TBTF પ્રોટોકોલ - તમારું અંગત મેન્લો પાર્ક
બપોરે ૧.૦૦ થી સાંજે ૫.૦૦	- ઓછા અગત્યના કામ - મિટિંગ - આયોજન - નાશ્તો (વૈકલ્પિક: ૧૬/૮ નો લાભ)	- વહીવટી - ઓછી રચનાત્મક કામગીરી - આયોજન - વધુ પ્રવાહી લેવું
સાંજે ૫.૦૦ થી સાંજે ૬.૦૦	- ટ્રાફિક યુ - 2WW - 2MP - સંકોચન અને બદલાવનો સમય	- શીખતાં શીખતાં રમવાનું ચાલુ રાખો - આંતરિક નવજીવનનો સમય - સૂર્યપ્રકાશ અને તાજી હવાનો આનંદ
સાંજે ૬.૦૦ થી સાંજે ૭.૩૦	- ડિજિટલ ડિવાઇસને ના - પરિવાર સાથે ભોજન - પોતાની કામગીરીનો આનંદ - ગમતાં સાથે કુદરતી વાતાવરણમાં વોકિંગ	- સામાજિક જોડાણો - એડવેન્ચર - સમાજસેવા.
સાંજે ૭.૩૦ થી રાત્રે ૯.૩૦	- વાંચન - જર્નલમાં રાત્રિ પહેલાંની નોંધ - સવારે વહેલા ઊઠવા માટેની પૂર્વ તૈયારી - ટીવી કે કોઈ ટેક્નોલોજી નહીં - સૂતાં પહેલાંનું બીજું ધ્યાન	- સૂવાની તૈયારીઓ - એસ્પોમ સોલ્ટ સાથે હોટ બાથ - ડાર્ક રૂમ - ઠંડું વાતાવરણ.
રાત્રે ૯.૩૦	- શાંત નિદ્રા	- HGH પ્રોડક્શન - મગજ, શરીર અને સ્પિરિટનું પુનઃગઠન.

ઝીરો ટેક્નોલોજી ઝોન

મેં વિચાર્યું છે કે આ વિગતવાર સ્ટેપ બાય સ્ટેપ પ્લાન તમારા દિવસને અદ્ભુત બનાવશે. ચોક્કસ તે બનાવવો શક્ય પણ છે. તમે નોંધ્યું હશે કે સ્પેલબાઇન્ડરની દૃષ્ટિએ સાંજનું સામ્રાજ્ય એ અલગ બાબત છે. સીધી વાત છે જે અમે શીખવ્યું છે તેનો તમે અમલ કેવી રીતે કરો છો તેનો આધાર તમારા પર છે. આ તમારું જીવન છે – તમારી રીતે તેને જીવો. પ્રિ-સ્લિપ અંગેનાં પાસાં અને તેને ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા સાથે કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તે અંગે આજે સવારે મેં તમને સમજાવ્યું છે કે, જેને કોઈ પણ વ્યક્તિ સતત ઉપયોગમાં લઈ શકે છે – કેમ કે મને આ અદ્ભુત ફ્રેમવર્ક સુંદર રીતે મદદરૂપ બન્યું હતું.

કલાકારે પોતાની જર્નલ બંધ કરતાં કહ્યું, અને એક ઉમદા દિવસ એક શ્રેષ્ઠ અઠવાડિયામાં પરિણમે છે. એક શ્રેષ્ઠ સપ્તાહ અર્થાત્ ઉત્તમ મહિના.

અને અદ્ભુત મહિના એક અદ્ભુત ત્રિમાસિક ગાળો રચે છે અને તે અદ્ભુત વર્ષો આમ, તે અવિરત પ્રક્રિયા બની જાય છે, તેમ ધનિકે જર્નલ બંધ કરતાં ઉમેર્યું.

ત્રણેય એકસાથે બોલ્યાં, એક અદ્ભુત જીવન!

ધનિકે આગળ ચલાવ્યું. દિવસે દિવસે, પગલે પગલે એક મહાન હયાતીનું સર્જન થાય છે, હું તમને અહીં સ્પૅનિશ સ્ટેપ્સ પર શા માટે લાવ્યો તે હવે તમને સમજાઈ ગયું છે. વિશાળ સર્જનશક્તિ, તંદુરસ્ત સ્વાસ્થ્ય, અસાધારણ સમૃદ્ધિ, ખુશીઓની લાગણી, અને અમર્યાદ આંતરિક શક્તિઓ એ ખરેખર સ્ટેપ બાય સ્ટેપ જીતી શકાય તેવી એક રમત માત્ર છે. આશ્ચર્યજનક સફળતા મેળવવા માટે જ્યારે દરરોજ, નાના નાના, સાતત્યપૂર્ણ અને દેખીતી રીતે નોંધપાત્ર સુધારા કરવામાં આવે છે. રોજિંદી નાની નાની જીત અને અવિશ્વસનીય અમલીકરણ ખરેખર જીવન માટેનો સૌથી સુરક્ષિત રસ્તો છે કે જે અંગે તમે અંતમાં ગર્વ અનુભવો છો. તમે જાણો છો આ સ્થળ દુનિયાભરમાં મારું સૌથી પ્રિય સ્થળ છે? હું ઇચ્છતો હતો કે તમે માત્ર ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા શીખવા પૂરતા જ અહીં મારી સાથે ન રહો પરંતુ તે વાસ્તવિકતાને મજબૂત કરવા માટે કે, જે નોંધપાત્ર રીતે જીવંત છે તે સફળતા અને આ પગથિયાની જેમ ઊર્ધ્વગમન જેવી એક પ્રક્રિયા છે અને તમે તમારી પૂર્ણ યોગ્યતા સાથે વિશાળ અનુભવોની મુસાફરી શરૂ કરશો કે પગલે પગલે, એક જાદુ અને સૌંદર્ય જેના તમે હવે સાક્ષી છો તે સ્પષ્ટપણે તમારા દિવસોને તમારાં વર્ષોમાં વેગ આપશે જેની તમે ખાતરી કરી શકો છો.

કાચમાં મઢેલા મૉડલને ધ્યાનપૂર્વક જોયા બાદ ઉદ્યોગકારે કહ્યું, આ ૯૦/૯૦/૧ નિયમ શું છે? અને આ ૬૦/૧૦ પદ્ધતિ? અને આ બીજા નોટેશન્સ પણ મને સમજાતા નથી.

અને ફ્રેમવર્કમાં આ 2WW અને 2MP દર્શાવ્યું છે તે શા માટે છે? ઉદ્યોગકારે પૂછ્યું.

તમે જલદીથી એ શીખશો. તમને ખબર છે કે મેં તમારા માટે શ્રેષ્ઠ સાચવી રાખ્યું છે – અને ખૂબ જ મહત્ત્વપૂર્ણ – આપણા સહિયારા શિક્ષણના અંતના સમય માટે. ધનિકે જણાવ્યું હતું.

ત્યારબાદ ધનિકે બંનેને અગાઉ કરતાં વધુ ઉષ્માભર્યું આલિંગન કર્યું અને કહ્યું, હું તમને બંનેને પ્રેમ કરું છું.

અને તે ત્યાંથી પલાયન થઈ ગયા.

પ્રકરણ ૧૫

આજીવન પ્રતિભાશાળી રહેવાની

૧૦ રીત અંગે

5 એ.એમ. ક્લબનું માર્ગદર્શન

"આ કામમાં કેટલી મહેનત કરવી પડી છે એ તમે જાણતા હોવ તો તમે એ કામને જિનિયસ ન કહેત." – **માઇકલેન્જેલો**

સાઓ પાઉલો ખરેખર ખાસ છે, ખરું કે નહીં? નંબર વગરની ઇકોનૉમી ક્લાસની કારને ડ્રાઇવરે લાખો લોકોથી ભરેલા આ શહેરના ગીચ ટ્રાફિકમાં ઊભી રાખી અને પછી ધીમે ધીમે આગળ વધી ત્યારે ધનિકે કહ્યું. મોરિશિયસની જેમ તેઓ કારની આગળની સીટમાં બેઠા હતા.

ત્રણેય સાથીદારો હમણાં જ જેટપોર્ટ પર લૅન્ડ થયાં હતાં અને અત્યારે લૅટિન અમેરિકાના આ આર્થિક પાટનગરના કેન્દ્રમાં આવેલી બૂટિક હોટેલ તરફ જઈ રહ્યાં હતાં.

કલાકારે નોંધ્યું, આ ખૂબ મોટું શહેર છે.

ઉત્સાહિત ઉદ્યોગકારે કહ્યું, અમે તમારા ખૂબ આભારી છીએ કે તમે અમારાં લગ્ન માટે અમને અહીં બ્રાઝિલ લઈ આવ્યા.

થૅન્ક્સ બ્રધર. કલાકારે સૂર પુરાવ્યો.

આ તો ખરેખર ઇચ્છતા હતા કે અમારું લગ્ન તમારા દરિયાકિનારા નજીકના કમ્પાઉન્ડમાં થાય, તેમ ઉદ્યોગકારે કલાકાર તરફ આંગળી ચીંધતાં કહ્યું.

હા, હું ઇચ્છતો હતો, તે જગ્યા ખરેખર સ્વર્ગ જેવી છે, કલાકારે કબૂલ્યું.

અને પ્રમાણિકપણે કહું તો હું પણ ઇચ્છતી હતી, પરંતુ હું મારા પિતાને માન આપવા માંગતી હતી કેમ કે તેઓ બ્રાઝિલિયન હતા, ઉદ્યોગકારે કહ્યું.

કલાકારે આંખ મિચકારી મજાકમાં કહ્યું, અને સુખી પત્ની મતલબ સુખી જીવન.

પછી તેમણે એ. એ. મિલ્નેના 'વિની-ધ-પૂહ' માંથી વાક્યો ટાંક્યાં :જો તું સો વર્ષ જીવવા માંગતો હોય તો હું સો કરતાં એક ઓછું જીવવા ઇચ્છું છું કારણ કે મારે તારા વગર જીવવું ન પડે.

ધનિક કારમાં પાછળ કલાકાર તરફ ઝૂક્યા. કલાકારે જે શબ્દો ગણગણ્યા તેનાથી ધનિકને તેમનાં પત્નીની યાદ આવી હતી. તે હજુ દરરોજ તેને યાદ કરતા

હતા. અદ્ભુત સ્થળોની મુલાકાત પણ તેમના માટે તેને યાદ કરવાથી મોટી લક્ઝરી ન હતી. દુનિયાભરના શ્રેષ્ઠ રેસ્ટોરન્ટ્સનાં ભોજન પણ કંઈ ન હતાં. તેમના દિમાગમાં પત્નીની સાથેની શાંત અને સાદી પળો છવાયેલી રહેતી હતી. પત્ની સાથેના સાદા અને સસ્તા પિત્ઝા જ તેમને વધુ આનંદ આપતા હતા. શાંત વાતાવરણમાં આગની સામે બેસીને પુસ્તકો વાંચવાં, કુદરતી સ્થળ પર ચાલવા જવું, ગ્રોસરી સ્ટોર અને મૂવી જોવા જવું. બેડરૂમમાં હળવા સંગીત સાથે ડાન્સ કરવો. વેનેસાએ તેમને કેવી ધીરજપૂર્વક ઇટાલિયન ભાષા શિખવાડી હતી. તેનો ગુસ્સો, મુક્ત હાસ્ય, અને પોતાના એકમાત્ર બાળક માટે તેમણે કેવું સમર્પણ કર્યું એ ઘટના, આ અને આવી બધી યાદો ધનિકના દૈનિક જીવનનો ભાગ બની ગઈ હતી. જીવનનો શ્રેષ્ઠ ખજાનો સાદગીમાં છે, તેમણે વિચાર્યું. એ રોજબરોજની સામાન્ય ઘટનાઓને આપણે ગણકારતા નથી, તેને ખોઈ બેસીએ ત્યારે જ તેની કિંમત સમજાય છે.

કલાકારે પોતાની એન્ગેજમેન્ટ રિંગ બતાવતાં મિ. રિલેને કહ્યું, હું તેને ખૂબ પ્રેમ કરું છું, તે મારો સૂર્યોદય છે. મારા માટે મારી કલા જ મારું જગત હતી. શું તમે જાણો છો કે મારી આસપાસ કોઈ હોય એવી ક્યારેય મને જરૂરિયાત વર્તાઈ ન હતી. હું ક્યારેય સાચો પ્રેમ કોને કહેવાય તે જાણતો ન હતો અને હવે તેના વગર જીવવાની કલ્પના પણ કરી શકતો નથી.

ઉદ્યોગકારે વિચાર્યું કે તે કેવી સદ્નસીબ છે. સ્પેલબાઇન્ડરના વર્ગોમાં તે જોડાયા બાદ પોતાનો માઇન્ડસેટ, હાર્ટસેટ, હેલ્થસેટ, સોલસેટ તરત જ અનિવાર્યપણે બદલાયો હતો.

તેઓ પોતાના અસ્વસ્થ બાળપણને કારણે પોતાને રૂંધતી જૂની માન્યતાઓનો ત્યાગ કરી રહ્યાં હતાં, અને ભૂતકાળના દુખદ અનુભવોને છોડી રહ્યાં હતાં. સાથે જ પોતાના રોકાણકારો સાથેના અણબનાવોને પણ તેઓ ભૂલી ચૂક્યાં હતાં. ધનિકની વાત સાચી હતી, તેઓને વધુ વિસ્તૃત બાબતો સમજાઈ રહી હતીઃઆપણે બધાં પોતાની જાગૃતિ, પરિપક્વતા, અંગત સુરક્ષા અનુસાર આપણાથી શક્ય તેટલું શ્રેષ્ઠ કરતા હોઈએ છીએ. જે લોકો બીજાને નુકસાન પહોંચાડે છે તેઓ પોતાને જ અંદરથી નુકસાન પહોંચાડે છે. લોકો પોતાની શ્રેષ્ઠ વર્તનની આવડત અને જાણકારી અનુસાર વર્તતા હોય છે. જો તેઓ પોતાને સારી નેતાગીરી, ઉદારતા અને માનવતાને લાગુ કરવાની આવડત ધરાવતા હોત તો તેઓ પહેલેથી તેમાં જોડાઈ ચૂક્યા હોત. આવી જ ગહન, ખાસ કરીને માફ કરવાની અંતદૃષ્ટિનું વાવેતર ધનિકમાં વિશેષ રૂપે હતું. જોકે ત્યારપછીથી સ્પેલબાઇન્ડર અને ધનિક તેમના માટે મુખ્ય બની ગયા હતા અને તમામ બાબતોને રસપૂર્વક ગ્રહણ કરી રહ્યા હતા. પોતાને ભાગ્યશાળી ગણીને ખુલ્લા દિલે તેમણે મન પરોવી દીધું હતું. એક પ્રેરણાદાયક બદલાવ દેખાતો હતો.

રોમની મુલાકાતને ત્રણ સપ્તાહ વીતી ગયાં હતાં. તે સમયે ઉદ્‌યોગકાર દરરોજ સવારે ૫ વાગ્યે ૨૦ મિનિટ માટે ઝડપી દોડ લગાવતાં હતાં અને સાથે કેટલીક વેઇટ પ્રૅક્ટિસ પણ કરતાં હતાં. ત્યારબાદ, ૫.૨૦ કલાકે, તેઓ બીજા વિભાગમાં શાંતિથી મનન કરતાં હતાં, અને તેમની નવી જર્નલમાં પોતે જે માટે આભારની લાગણી અનુભવતા હોય તેવી બાબતો નોંધતાં હતાં. અંતે ૫.૪૦ કલાકે, વ્યાવસાયિક રીતે સફળ લોકોના ઓડિયો સાંભળતાં અથવા તો પ્રોડક્ટિવિટી, ટીમ વર્ક કે પછી નેતાગીરી અંગે વાચન કરતાં. આ ઉપરાંત તેમણે -જે ખરેખર અઘરું હતું છતાં પોતાનું ટૅક્નોલૉજી સાથેનું વળગણ જે તેમના જીવન સાથે વણાઈ ગયું હતું તે છોડી દીધું હતું. સાથે પોતાનાં શ્રેષ્ઠ કામોથી દૂર ભાગવાનું છોડી માત્ર વર્તમાનમાં જ રહેવાનું શરૂ કર્યું હતું. આ સુંદર દિવસો દરમિયાન પોતાની ઑફિસથી દૂર હોવા છતાં વ્યવસાયમાં તેઓ સુંદર પરિણામો મેળવી રહ્યાં હતાં.

ક્ષણિક ભૂતકાળ ભૂલવાની ચમત્કારિક ઘટનાઓ દરમિયાન, ધનિકે તેમને જીવનશૈલીના સ્તરે પરિણામોને મૂલવતાં શીખવ્યું હતું, જેનો તેમણે પહેલાં ક્યારેય અનુભવ કર્યો ન હતો અને પોતે અગાઉ ગુમાવેલી આંતરિક સુખાકારીનો પુનઃદાવો કરી રહ્યા હતા.

ઉદ્‌યોગકાર જે જે વસ્તુઓનો અમલ કરતાં હતાં, તેમાં સારું પરિણામ મેળવી રહ્યાં હતાં. પોતાના જીવનમાં બધી સારી વસ્તુઓ પુનઃઆકાર લઈ રહી હતી. તેઓ ક્યારેય ન હોય તેટલાં સ્વસ્થ હતાં. તેઓએ ક્યારેય કલ્પના પણ કરી ન હતી તેટલાં તેઓ ખુશ હતાં અને પહેલાં કરતાં તેઓ વધુ સર્જનશક્તિ ધરાવતાં થયાં હતાં. આ સમયગાળા દરમિયાન તે કલાકારથી દૂર હતાં – વ્યવસાય ચલાવી રહ્યાં હતાં – તેઓ પોતાની કલ્પના કરતાં પણ વધુ સફળ બની ગયાં હતાં.

આ તમામ 5 એ.એમ. ક્લબને આભારી હતું, જે તેઓ સરસ રીતે સમજ્યાં હતાં. ગણતરીબાજ, માનસિક તાણ અને સતત અવરોધક એવી આ દુનિયામાં તેમણે પોતાની આવડતોની રક્ષા કરવાનું નક્કી કર્યું હતું. પોતાના દિવસની શરૂઆતના પહેલા તબક્કામાં, વિજયી કલાકે પોતાના ચાર આંતરિક સામ્રાજ્ય રચવા માટે સમય નિર્ધારિત કર્યો હતો જેથી તે બાહ્ય આવરણ પણ રચી શકે.

પોતાનામાં ઊભા થયેલા નવા આત્મવિશ્વાસ, આશા અને માફ કરવાની ભાવનાઓને કારણે તેઓ પોતાના રોકાણકારો સાથે હવે વધુ સારી રીતે ચર્ચા કરી શકતાં હતાં. તેઓ ખૂબ ખુશ હતાં કારણ કે, ટૂંક સમયમાં જ પોતાની અગ્નિપરીક્ષા હવે પાછળ રહી જવાની હતી.

અને હવે ટૂંક સમયમાં તેમનાં લગ્ન થવાનાં હતાં. તેમણે હંમેશાં પોતાની સફળતા કોઈક સાથે વહેંચવા ઇચ્છી હતી, હંમેશાં એક પરિવારની ઇચ્છા સેવી હતી.

ઉદ્યોગકારની જેમ જ કલાકાર તેમના પ્રેમનો પ્રતિભાવ આપવા જતા હતા ત્યાં જ બંદૂકની એક ગોળી છૂટવાનો અવાજ સંભળાયો.

કારની વિન્ડશિલ્ડનો કાચ તૂટ્યો અને કરોળિયાનાં જાળાં જેવો દેખાવા લાગ્યો હતો. સ્કી માસ્ક પહેરેલા બે કદાવર માણસો મશીનગન સાથે ધસી આવ્યા અને ડ્રાઇવરને કારનો દરવાજો ખોલવા કહ્યું. તેણે કાર ભગાવવાની કોશિશ કરી ત્યાં જ બીજી ગોળી એ કાચને વીંધતી આવી અને ડ્રાઇવરનો કાન ચીરી નાખ્યો અને લોહીની ધાર વહી.

શાંતિથી મિ. રિલેએ ડ્રાઇવરને કહ્યું, દરવાજો ખોલી નાખ, હું સંભાળી લઈશ. સાથે જ તેમણે પોતાના મોજાની નીચેનું છૂપું લાલ બટન દબાવી દીધું હતું.

દરવાજો ખૂલતાં એક ગનમૅને ભારે અવાજે બૂમ પાડી, બધા બહાર આવી જાવ. અત્યારે જ, નહી તો મોતને ભેટશો.

કારમાંથી બધાં બહાર આવ્યાં કે તરત જ એક ગનમૅને ઉદ્યોગકારને ગળામાંથી પકડી લીધાં. અમે તેને કહ્યું હતું, કંપની છોડી દે, અમે કહ્યું હતું કે તને મારી નાખીશું, અમે તને કહ્યું હતું કે આવું બનશે જ.

અચાનક જ લશ્કરના લોકો વૉરઝોનમાં ઉપયોગ કરે તેવી એક એસયુવી ઘટનાસ્થળે ધસી આવી. ફ્લેક જેકેટ્સ પહેરેલા ચાર માણસો, બે પુરુષો અને બે સ્ત્રીઓ હાથમાં પિસ્તોલ સાથે મોટરસાઇકલ પર આવી પહોંચ્યાં.

ધનિકની પ્રોટેક્શન ટીમ ત્યાં આવી પહોંચી હતી.

શેરીમાં લડાઈ શરૂ થઈ ગઈ હતી, છરીઓ ખેંચાઈ અને વધુ ગોળીઓ પણ છોડાઈ હતી. ધનિકે આવી રહેલા જોખમને પોતાની સૂઝબૂઝથી માપી લીધું હતું. તેઓ હજુ શાંત જણાઈ રહ્યા હતા. તેમણે પોતાના રક્ષકોને સૂચના આપીને કારમાં બેઠેલા અન્ય મુસાફરોને બચાવી લેવા જણાવ્યું.

એક હેલિકૉપ્ટર પણ તત્કાળ ત્યાં આવી પહોંચ્યું હતું. તેના પર મોટા કેસરી રંગથી 5AC લખેલું હતું.

ધનિકની સિક્યોરિટીએ ઝડપથી બન્ને હુમલાખોર બંદૂકધારી માણસોને નકામા કરી દીધા હતા અને ઉદ્યોગકારને સલામતીપૂર્વક એસયુવીમાં મોકલી દીધાં હતાં. પરંતુ કમનસીબે કલાકાર લાપતા હતા.

ઉદ્યોગકારે હથિયારબંધ વાહનના કર્મચારીઓને મોટેથી કહ્યું, મારે તેમને શોધવા પડશે! મારે મારા પતિને શોધવા પડશે!

તેમને પકડી રાખીને એક સુરક્ષા કર્મચારીએ કહ્યું, અહીં જ રહો.

પરંતુ ઉદ્યોગકારે, પોતાના નવા મૉર્નિંગ રૂટિનને કારણે મેળવેલી નવી માનસિક મજબૂતી, શારીરિક ચુસ્તી, ઇમોશનલ અને આધ્યાત્મિક બહાદુરીને ઉપયોગમાં લઈ ચુસ્ત અંગરક્ષકના હાથમાંથી છટકી, દરવાજાને લાત મારી ખોલીને દોટ મૂકી દીધી હતી. સફળ ઍથ્લીટની અદાથી ચપળતાપૂર્વક તેઓ હાઈવે તરફ દોડી ગયાં હતાં, જ્યાં રસ્તો વાહનોથી ભરચક હતો. ઘણા હોર્ન વાગ્યા, બ્રાઝિલિયનોએ પોર્ટુગીઝ ભાષામાં બૂમો પાડી હતી. પરંતુ તેઓ દોડતાં જ રહ્યાં.

તેઓ એક કેફેમાં ગયાં, રેસ્ટોરન્ટમાં ગયાં, ત્યાર પછી સ્ટિકહાઉસ માટે જાણીતી એક શેરીમાં ગયાં, ક્યાંય તેમને કલાકારનો પત્તો ન મળ્યો.

અચાનક ઉદ્યોગકારને તેમની નોટબુક દેખાઈ જેમાં તેઓ સ્પેલબાઇન્ડર અને ધનિક શિખવાડતા તે લખતા હતા. આ એ જ નોટબુક હતી જે કૉન્ફરન્સ વેળા તેમણે તેમના હાથમાં જોઈ હતી. નોટબુક જોઈને કલાકાર સલામત હોવાની લાગણીએ તેમને રાહત પહોંચાડી.

પછી જે બન્યું તે દુખદ હતું. જેવાં તે શેરીમાં ધીમા પડ્યાં કે તેમને લોહી દેખાયું, ખાબોચિયું નહીં પરંતુ ટીપાં.

હે ભગવાન ! નહીં, તેમણે નિસાસો નાખ્યો.

તેમણે ત્યાં પડેલાં લોહીનાં ટીપાંને અનુસરવાનું ચાલુ કર્યું, અને પાર્ક કરાયેલી સંખ્યાબંધ કારને વટાવ્યા બાદ તેમણે જોયું કે કલાકાર ત્યાં હતા, પણ તેમને કબજામાં રાખીને ઊભેલો એક ગનમૅન પણ તેમને દેખાયો.

મહેરબાની કરીને તેમને કંઈ ન કરતા, પ્લીઝ. ઉદ્યોગકારે ગનમૅનને વિનંતી કરી. સાથે તેમની નજીક જવાનું શરૂ કર્યું અને તેમણે જોયું કે તે ગુંડાએ પોતાનું સ્કી માસ્ક ઉતારી નાખ્યું હતું. તે યુવાન દેખાતો હતો અને ખૂબ જ ગભરાયેલો હતો.

એ તરફ આગળ વધતાં ઉદ્યોગકારે બહાદુરીપૂર્વક કહ્યું, જો, હું જાણું છું કે તમે તેને ઈજા પહોંચાડવા માંગતા નથી, મને ખબર છે કે બાકીનું જીવન તમે જેલમાં પસાર કરવા માંગતા નથી. મને તમારી ગન આપો અને જતા રહો. હું કોઈને પણ તમારા વિશે એક શબ્દ પણ નહીં કહું. માત્ર ગન મને આપી દો.

ગનમૅન ગભરાયો. તે દરુજતો હતો. ધીરેથી તેમણે કલાકારના લમણે ધરી રાખેલી ગન હટાવી અને ઉદ્યોગકાર તરફ તાકી.

શાંત રહો, તેમણે આક્રમક છતાં સહાનૂભૂતિપૂર્વક કહ્યું. તેમણે પોતાના મંગેતર અને તેના અપહરણકાર તરફ જવાનું ચાલુ રાખ્યું.

ગુંડાએ બૂમ પાડી, હું તને મારી નાખીશ. ત્યાં જ ઊભી રહે.

ઉદ્યોગકારે શાંતિપૂર્વક તેની આંખો ગનમૅનની આંખોમાં પરોવીને તેની બાજુ ધીમે ધીમે જવાનું ચાલુ રાખ્યું. હવે તેમના ચહેરા પર મધુરું હાસ્ય હતું. નવા શિક્ષણ દરમિયાન તેમણે આ બહાદુરી કેળવી હતી. સાથે જ તેમનો આત્મવિશ્વાસ વધ્યો હતો.

લાંબા સમય સુધી યથાવત્ સ્થિતિમાં રહ્યા પછી પેલો ગુનેગાર નરમ પડ્યો. તેણે આદર સાથે ઉદ્યોગકાર તરફ જોયું અને નાસી છૂટ્યો.

બેબી, આર યુ ઓકે? ઉદ્યોગકાર, કલાકારને વળગી પડ્યાં.

સ્વસ્થતા કેળવતાં કલાકારે કહ્યું, બોર્ન ઓકે બેબી, બોર્ન ઓકે. તેં મારી જિંદગી બચાવી, તને ખબર છે?

તેમણે કહ્યું, મને ખબર છે, પણ એટલે નહી કે આપણાં લગ્ન થવાનાં છે, કે પછી એટલે નહી કે હું તમને પ્રેમ કરું છું.

શું? તો આ બધું શા આ માટે કર્યું? એટલે તેં જે કર્યું તે ખરેખર બહાદુરીભર્યું હતું, એક ગેંગસ્ટર જેવું!

તે મેં કલબને કારણે કર્યું હતું.

તું શાને વિશે વાત કરી રહી છે? કલાકારે પૂછ્યું.

મેં જે કર્યું તે હું એટલા માટે કરી શકી કારણ કે 5 એ.એમ. કલબના સભ્ય તરીકે મેં એ શકિતઓ કેળવી છે. તેને કારણે જ મેં જે કર્યું તે હું કરવા સક્ષમ બની હતી. ત્યાંની તાલીમ ખરેખર કામ આવી. બધું જ જે આપણે મોરિશિયસ, ભારત અને રોમમાં શીખ્યા હતા. મેં તને એટલે નથી બચાવ્યો કે તું નજીકના ભવિષ્યમાં મારો પતિ થવા જઈ રહ્યો છે અને આપણને મહાન બાળકો અને પૌત્રો થશે, એટલે નહી કે આપણે આપણા ઘરે ઢગલા બંધ શ્વાન, બિલાડીઓ અને કેનેરી પક્ષીઓ પાળ્યાં હશે. તેમણે કહ્યું. ના, મેં તને એટલે બચાવ્યો કે તું પણ કલબનો સભ્ય છે અને મિ. રિલેએ કહ્યું હતું કે આપણે બંનેએ એકબીજા સાથે જોડાયેલાં રહેવાનું છે, અને એકબીજાની રક્ષા કરવાની છે.

તું ખરેખર ગંભીર છે? કલાકારે મોટેથી પૂછ્યું, તેમણે જે સાંભળ્યું તેનાથી તેમને સંતોષ થયો ન હતો.

ઑફ કોર્સ નોટ, હું મજાક કરી રહી છું, બેબી, ઉદ્યોગકારે હસીને કહ્યું. હું તને પૂજું છું. તારા માટે મારો જીવ પણ આપી શકું છું. ચાલ, હવે આપણે જઈને મિ. રિલેને શોધીએ, અને ખાતરી કરીએ કે તેઓ સુરક્ષિત છે.

આ નાટકીય અનુભવમાંથી બહાર આવ્યા બાદ બીજા દિવસે તેઓ ચિક હોટલ ખાતે મિ. રિલેના પેન્ટહાઉસ પર ગયા. તેઓ ખુશ જણાતા હતા.

ગઈકાલે તો પરાકાષ્ઠા સર્જાઈ હતી સાથીઓ. તેમણે એવી રીતે કહ્યું કે જાણે તેમણે ફૂલોથી ભરેલા બગીચામાં માત્ર એક ઝડપી દોડનો અનુભવ કર્યો હોય.

તે ઘાતકી હતું, કલાકારે કહ્યું. તમે જે ઘટના અંગે વાત કરો છો – તે આઘાતજનક હતી.

ધનિકે ઉદ્યોગકારનાં વખાણ કરતાં કહ્યું, મિત્ર, કાલે ખરેખર તમે એક હીરોની જેમ વર્ત્યાં હતાં. એક યુવાન સ્ત્રી તરીકે હકીકતે તમે બે પગ પર ઊભેલો જીવતો જાગતો ચમત્કાર છો.

ઉદ્યોગકારે આભાર માન્યો.

મેં તમારું દોડવાનું, દબાણની એ પરિસ્થિતિમાં તમારી એકાગ્રતા જોયાં હતાં અને તમારું અતિમાનવ જેવું પ્રદર્શન જોયું હતું.

કલાકારે કહ્યું હતું, સ્ત્રીઓની આ દેવીએ મારો જીવ બચાવ્યો હતો.

તમે બંને પ્રેમીઓએ 5 એ.એમ. કલબનો સ્વાદ ચાખવાની શરૂઆત કરી છે. ૬૬ દિવસ સુધી તમે એનો અમલ કરશો પછીની કલ્પના કરી જુઓ અને પછી આ વિશ્વકક્ષાના મૉર્નિંગ રૂટિનના છ મહિના પછી. માનો કે તમે તમારી શક્તિઓ અને આવડતને આ જ પ્રમાણે લાગુ કરશો તો દુનિયાને પણ મદદરૂપ બની શકશો. આ તમામ શક્તિઓનો તમારા કરતાં અન્યને ઊંચે લઈ જવા માટે વધુ ઉપયોગ કરશો તો તમે પણ પ્રતિભાઓને ખીલવનારા તરીકે સ્થાપિત થઈ જશો અને ઇતિહાસ રચનારા લોકોની દિશામાં તમારો વિકાસ થશે.

હા, સમજાય છે, તેમ ઉદ્યોગકારે કહ્યું.

ધનિકે કહ્યું, ગઈકાલે તમે જે હીરોઇઝમ બતાવ્યું તે બદલ હું તમને ભેટ આપવા ઇચ્છું છું. મારી પાસે એક એવા સમાચાર છે, જે સાંભળીને તમે તમારા જીવનને વધુ ચાહવા લાગશો.

પ્લીઝ મને કહો. ઉદ્યોગકારે કહ્યું. જોકે, મારે કોઈ વસ્તુની જરૂર નથી, તમે જાણો છો, મેં જે કર્યું તે પ્રેમમાં પડેલી કોઈ પણ વ્યક્તિ કરે, તે એટલી જ સરળ વાત છે.

સારું, તમે તૈયાર છો? ધનિકે પૂછ્યું.

હા, એકદમ તૈયાર.

આજે સવારે મારા માણસોએ પેલા તમારા આક્રમક રોકાણકારોની માલિકીના બધા જ શૅર્સ ખરીદી લીધા છે. મેં તેમને એવી ઑફર આપી કે તેઓ નકારી ન શક્યા અને મારી લીગલ ટીમે તેમની પાસે એવા કરાર પર સહી કરાવી છે કે તેઓ કંપની

આસપાસ ક્યારેય નહી ફરકે, તમારી નજીક પણ આવવાની તેમને પરવાનગી નથી... એટલું જ નહી, તમારા આ થોડા કલાક પછી થનારા પતિની આસપાસ પણ. આવું કહીને ધનિકે આખાયે રૂમમાં પાગલની જેમ ટેપડાન્સ શરૂ કર્યો હતો.

આ જોઈ ઉદ્યોગકારે વિચાર્યું, આટલા વિચિત્ર માણસને હું ક્યારેય મળી નથી. જોકે, તેઓ સાચા અર્થમાં શ્રેષ્ઠ પણ છે, એકદમ જાદુની નજીકનું વ્યક્તિત્વ.

ઉદ્યોગકાર અને કલાકાર બંને એકબીજા સામે જોઈને હસી પડ્યાં. પછી તેઓ પણ તેમની સાથે ડાન્સમાં જોડાઈ ગયાં અને તેમને ભેટી પડ્યાં. ધનિક તેમના માટે સાચા અર્થમાં તેમના ગુરુ, હિંમત આપનારા અને પ્રામાણિક મિત્ર હતા.

પોતાને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢવા બદલ ઉદ્યોગકારે ધનિકનો આભાર માન્યો. આ અદ્ભુત સંજોગ જાદુઈ રીતે સર્જાઈ રહ્યો હતો. બધું જ સારું થઈ રહ્યું હતું. તેમણે સ્વપ્નમાં પણ ન જોયું હોય તે રીતે બધું સુધરી રહ્યું હતું અને હવે તેઓ વિભિન્ન મુશ્કેલીથી મુક્ત હતાં, જેણે તેમના જીવનને સૌથી તીવ્ર ધારની જેમ નિખાર્યું હતું.

એ ક્ષણે તેમને સમજાયું કે દરેક કરુણાંતિકાના બીજા છેડે વિજય હોય છે અને તમામ મુશ્કેલીમાં જીત સુધી પહોંચવાનો બ્રિજ હોય છે, જો કોઈમાં તે જોવાની દૃષ્ટિ હોય તો.

આજનું સત્ર ખૂબ જ ઝડપી રહેશે. ધનિકે કહ્યું. મારા ચીફ ઑફ સ્ટાફ તમારા લગ્નની તૈયારીઓ પર નજર રાખી રહ્યા છે. તમારી ઇચ્છા મુજબ તમને કાસાબ્લાન્કા લીલીઝ આપવામાં આવશે, તમારી પસંદગીનું સંગીત હશે, તમામ બાબતો વિશ્વકક્ષાની રહેશે. હું અને મારી ટીમ આ રીતે જ કામ કરીએ છીએ. ઓહ, તમારા મહેમાનો મારા જેટમાં અહી આવવા નીકળી ચૂક્યા છે. બધા જ અહી હશે, બધા જ આનંદથી ભરપૂર હશે, ખાસ કરીને હું.

ધનિકને કફ અને તેના હાથમાં દુખાવો શરૂ થયાં. પહેલી વાર તેમની આંખોમાં ભયનો ઓછાયો દેખાયો. હું આ રાક્ષસને હરાવીને જ જંપીશ. તેમ તેમણે સ્વગત કહ્યું. તું ખોટી વ્યક્તિ સાથે લડવાની કોશિશ કરી રહ્યો છે.

હવે તમે લોકો 5 એ.એમ. મેથડ વિશે લગભગ જરૂરિયાત મુજબનું બધું જ જાણો છો, હું તમને હવે ટેન ટેક્ટિક્ટ્સ શીખવવા માગું છું જેના દ્વારા તમે તમારા વ્યવસાય અને અંગત જીવનની પહાડ જેવી મુશ્કેલીઓને પણ હરાવી શકશો. દૈનિક હીરોઇઝમના આ દસ તબક્કા છે. ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલા તમને તમારી સવારનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં મદદ કરશે. આ દસ યુક્તિઓ તેને બળ આપશે, જેથી તમારો બાકીનો દિવસ સુંદર રીતે પસાર થશે. આ યુક્તિઓને આદતમાં વણી લો અને તમે અપરાજિત બની જશો

અને તમે સફળતાના ઊર્ધ્વીકરણનો અનુભવ કરશો જયાં દર કલાકે મહત્ત્વનાં તમામ તત્ત્વો પ્રગતિ કરતાં હોય છે.

ધનિકે હંમેશની જેમ હાથ ઊંચો કર્યો અને એક સહાયક મોટી વિશાળ આર્ટ ફ્રેમ જેવી વસ્તુ લઈને આવ્યો. ધનિકે તેને તે અંદર લઈ આવવામાં મદદ કરી. સહાયકના સફેદ ટીશર્ટ પર લખ્યું હતું, – મહાન વ્યક્તિઓ જેવું કામ કરવાનો સમય આવે ત્યાં સુધી દરેક વ્યક્તિ પોતે મહાન હોવાનાં સ્વપ્નો જુએ છે.

મારા તરફથી તમને બંનેને આ ભેટ છે. ધનિકે મહાન શોધક થોમસ એડિસનનું એક સુંદર પેઇન્ટિંગ તેમને આપતાં કહ્યું. એડિસનના ચહેરા પર મૉડર્ન આર્ટ સ્ક્રિપ્ટમાં તેમના જ શબ્દો હતા :શ્રેષ્ઠ મનન માત્ર એકાંતમાં થઈ શકે છે, અને ખરાબ વિચારો અસ્વસ્થ વાતાવરણમાં આવે છે.

ધનિકે કહ્યું, આ કામમાં મેં તમારા માટે બર્લિનમાં રહેતા મારા પ્રિય કલાકારને રોક્યો હતો. તેમણે મારા ઝુરિચ ખાતેના ફ્લૅટ માટે ઘણું બધું આર્ટવર્ક કર્યું હતું. હવે તે ક્યારેક જ ચિત્રકામ કરે છે. મારી ખાસ વિનંતી માની તેમણે આ ચિત્ર બનાવ્યું હતું. જો તમે આને વેચવા જાઓ તો તમારી રિટાયર્ડમેન્ટની આવકનો પ્રશ્ન જ ન રહે, સાચું કહું છું. ચિત્રને બીજી બાજુ ફેરવો. બારી બહાર સાઓ પાઉલોની ભવ્યતા દેખાતી હતી. ઘણી બહુમાળી ઇમારતો પર હેલિપૅડ હતાં. જેના દ્વારા ઉદ્યોગપતિઓ આવન-જાવનમાં બરબાદ થતો સમય બચાવી શકતા હતા. તમે હવે જાણો છો કે મોટાભાગના લોકો જે સમય બગાડે છે, મહાન લોકો તે સમયનો ઉપયોગ કરીને મહાન બને છે.

ચિત્રની પાછળના ભાગમાં આર્ટવર્ક દ્વારા એક ચાર્ટ બનાવાયો હતો :આજીવન જિનિયસની ૧૦ યુક્તિઓ.

ધનિકે બોલવાનું ચાલુ રાખ્યું- ઇતિહાસમાં અન્ય કેટલાક લોકો જેવી અદ્ભુત સર્જનાત્મક સિદ્ધિઓનું ઉદાહરણ પૂરું પાડે છે તેવા થોમસ એડિસને પોતાના જીવન દરમિયાન ૧૦૯૩ લાઇટ બલ્બથી મોશન પિક્ચર સુધી પેટન્ટ્સ નોંધાવી હતી અને ૧૯૦૧માં એક બૅટરી જે પાછળથી ઇલેક્ટ્રિક કારમાં ઉપયોગમાં લેવાઈ હતી તેના તેઓ માત્ર શોધક જ ન હતા, પણ સફળ ઉદ્યોગપતિ પણ હતા.

ધનિકે ઉમેર્યું, તેમનું જીવન અભ્યાસ માટે સંપૂર્ણ રીતે મૂલ્યવાન છે જેને તમારા જર્નલમાં સમાવિષ્ટ કરશો તો તેના અભ્યાસની સાથે તમારી વચ્ચે આત્મીયતા અને પ્રવાહિતા વધશે. એડિસને એક વાર કહ્યું હતું. 'સતત પ્રવૃત્ત રહેવું તેનો મતલબ એ નથી કે તમે કામ કરી રહ્યા છો. સાચા કાર્યનો અર્થ એ છે કે સિદ્ધિઓ મેળવવી અને નવું નિર્માણ કરવું.'

અને તમે જો સફળ રોકાણકારની ઝીણવટભરી વિગતમાં જુઓ. પ્લીઝ તેની આવડત પર ફોકસ કરો. એડિસને નોંધ્યું હતું કે, ‘તમે આખો દિવસ કંઈક કરો છો, કરો છો ને? બધા લોકો કરે છે. જો તમે સવારે સાત વાગ્યે જાગો અને રાત્રે ૧૧ વાગ્યે સૂવો છો, મતલબ તમે ૧૬ કલાકનો ઉપયોગ કર્યો છે. એવું મોટાભાગના લોકો સાથે હોય છે કે તેઓ તેમના પૂરા સમય દરમિયાન કંઈક કરતા હોય છે. માત્ર ફર્ક એટલો છે કે તેઓ જુદાં જુદાં કામો માટે કલાકો ખર્ચે છે અને હું માત્ર એક જ કામ માટે ખર્ચું છું. જો તેઓ સમયની કિંમત સમજીને એક દિશામાં, એક જ કાર્ય માટે કાર્યરત રહે તો ચોક્કસ તેમને સફળતા મળે.’

કલાકારે કહ્યું, વાત ઘણી મુદ્દાની છે. આ વિશે તમે અમને મોરિશિયસમાં સમજાવ્યું હતું, જે આપણને મર્યાદિત માત્રામાં જ્ઞાનાત્મક બેન્ડવિડ્થ સાથે જાગૃત કરે છે અને આપણું બેધ્યાનપણું જે આપણું ધ્યાન ભટકાવ્યા કરે અને કુશળતાપૂર્વક કામ કરવાની આપણી તકને ઘટાડે છે. કારણ કે આપણે આપણી એકાગ્રતા આપણા દરેક બદલાવ દરમિયાન જીવનભર છોડીએ છીએ. જો આપણે ધ્યાન ન રાખીએ તો આપણે ડિજિટલ ડિમેન્શિયા જે તમે રોમમાં બતાવેલા છેલ્લા ડાયાગ્રામમાં દર્શાવ્યો હતો તેના શિકાર બનીએ છીએ. આજે એ જ વાતને હું વિશાળ અર્થમાં સમજી રહ્યો છું. જ્યારે હું મારા ઘરે મારા સ્ટુડિયોમાં પાછો જઈશ ત્યારે, હું ચોક્કસપણે શાંત વાતાવરણ ઊભું કરીશ. કોઈ ડિવાઇસ રાખીશ નહીં. હું ટેક્નોલૉજીથી સાચા અર્થમાં દૂર રહેવાની યોજના બનાવીશ. એટલિસ્ટ થોડા સપ્તાહ સુધી સોશિયલ મીડિયા અને ઇન્ટરનેટ સર્ફિંગ નહીં, જેથી હું મારી એકાગ્રતા પુનઃકેળવી શકું. મારી સમજશક્તિ પ્રમાણે જ્યારે હું સંપૂર્ણ શાંત હોઉં ત્યારે મારે એક વખતમાં એક જ પ્રોજેક્ટ પર ફોકસ કરવું જોઈએ, ઘણા બધા પ્રોજેક્ટ વચ્ચે મારી સર્જનાત્મકતા અને શારીરિક શક્તિઓને વહેંચવી જોઈએ નહીં. જ્યારે મારી પાસે એક બાબત પર સઘન રીતે કામ કરીને મહાન પ્રતિભા તરીકે સ્થાપિત થવાની શક્તિ હોય ત્યારે હું મારી પ્રતિભાને ઘણી બાબતો પર જે ખૂબ સારી હોવા છતાં પણ ફેલાવીશ નહીં.

ઉદ્યોગકારે ઉત્તેજનાપૂર્ણ સ્વરમાં કહ્યું, અને મને એ સમજાયું છે કે જ્યારે હું નવી કોઈ શ્રેષ્ઠ પ્રોડક્ટ કે પછી મારા હવે પછીના દરિયાઈ એડવેન્ચર અંગે વિચારતી હોઉં ત્યારે માત્ર એક જ ખલેલ મને લાખો ડૉલર્સ કે તેથી પણ વધુનું નુકસાન પહોંચાડી શકે છે.

જો તમે બંને તમારી શક્તિઓનો લાભ લેવા ઇચ્છતા હો અને તમારી આંતરિક મહાનતાને પ્રદર્શિત કરતા હો તો તમે બંનેએ જે કહ્યું તે અતિ મહત્ત્વનું છે.

એડિસન પહાડ પર આવેલી પોતાની મેન્લો પાર્ક લૅબોરેટરીમાં પોતાની ટીમ સાથે એક જ શોધકાર્ય માટે કલાકોના કલાકો, ક્યારેક દિવસો સુધી કામ કરતા હતા તે

તેમની પ્રેરણાનું મૂળ સ્રોત હતું. તેઓ ખરેખર અદ્‌ભુત હતા.


આ પછી ધનિકે બંનેને ચિત્રની પાછળનાં ચાર્ટ તરફ નિર્દેશ કર્યો.

હું જાણું છું કે તમે બંને જવા માટે ઉતાવળા છો, જેથી લગ્નપ્રસંગ માટે તૈયાર થઈ શકો. પણ પહેલાં અહી પાછળ શું લખ્યું છે તે વાંચો, જેથી તમે આ ટેન ટેક્ટિક્સની સાથે જોડાઈ શકો. તમારી 5 એ.એમ. ક્લબ અને નૈસર્ગિક શક્તિઓ, કુશળતા અને શક્તિઓને તમે એ પ્રકિરયા સાથે જોડવામાં ગતિ સાધી શકો. તમારા અંગત જીવન અને તમારા કાર્યક્ષેત્રને સુધારવા માટે મળસ્કે ઊઠવું અને ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાનો અમલ કરવો એ મુખ્ય છે. આ દસ માપદંડ સમાન ટેક્ટિક્સ એ તમારી પ્રવૃત્તિનો વિસ્તાર કરનારી છે. જે સુનિશ્ચિત કરશે કે તમે એવાં પરિણામો જુઓ જે નિશ્ચિત રીતે વળતર આપે.

લર્નિંગ મૉડલ કંઈક આવું દેખાતું હતું, -

આજીવન પ્રતિભાશાળી

રહેવાની ૧૦ ટેક્ટિક્સ



આજીવન પ્રતિભા મૉડલની ૧૦ ટેકિટક્સ હેઠળ, ઉદ્યોગસાહસિક અને કલાકારે વ્યૂહરચનાઓની નીચે મુજબની યાદી વાંચી જે ચોક્કસ સમજૂતી સાથે તેનો અર્થ સ્પષ્ટ કરતી હતી.

ઉપાય #૧: ધ ટાઇટ બબલ ઑફ ટોટલ ફોકસ (DBTF)

સમજ :ધ્યાન ભટકી જવાની આદત તે તમારી સર્જનાત્મક ઉત્પાદકતાનું મૃત્યુ છે. તમારું ડિજિટલ દુનિયા અંગેનું આકર્ષણ તમારા જ ભાગ્યને રૂંધે છે – આર્થિક, જ્ઞાન, ઉત્સાહ તેમજ શારીરિક અને આધ્યાત્મિક તમામ રીતે. બહુ થોડા લોકો પાસે હોય છે તેવી આવક અને પ્રભાવ મેળવવા માટે, તમારે તમારા દિવસો એ રીતે પસાર કરવા પડશે જેવી રીતે બહુ થોડા લોકો કરતા હોય છે. તમારી શક્તિઓ પર એક રૂપક તરીકે તમે સંપૂર્ણ ધ્યાન જોડી રાખો, તે મજબૂત રહે છે અને વધે છે. પાંચ પ્રાથમિક અસ્કયામતો જેનો બધી મહાન પ્રતિભાઓ બચાવ કરે છે તે માનસિક એકાગ્રતા, શારીરિક ઊર્જા, વ્યક્તિગત ઇચ્છાશક્તિ, મૂળ પ્રતિભા અને દૈનિક સમય છે. બબલરૂપી તમારા આ સંપૂર્ણ ફોકસમાં એક છિદ્રવાળું પટલ છે જે તેનો ઘેરાવો બનાવે

છે જેથી તમે નક્કી કરી શકો કે કઈ માહિતી, લોકો અને કઈ પ્રવૃત્તિઓની પ્રકૃતિને તમારી ભ્રમણકક્ષામાં દાખલ થવા દેવી. નકારાત્મક અને અશુદ્ધિને તે બહાર દરવાજા પર જ રોકી દે છે. ખૂબ મહત્ત્વપૂર્ણ રીતે આ તમારી એવી એક બુલેટપ્રૂફ ડિફેન્સ સિસ્ટમ છે જે કોઈ પણ ઉત્તેજના જે તમારી મહાનતાને ઉતારી પાડતી હોય તેને નકારી દે છે.

અમલીકરણ:કેન્દ્રિત વ્યૂહરચનાના અગાઉ જણાવ્યા મુજબનો ચુસ્ત બબલ તમારા લક્ષ્ય તેમજ તમારા કુશળતા અને આવડતને ટૂંકા ગાળાના આકર્ષણથી મુક્ત કરે છે અને તમારી પ્રેરણાનો ભંગ કરે તેવા કોઈ પણ નુકસાનકારક પ્રભાવો અને એવો કોઈ પણ પ્રભાવ જે તમારી 'એ-ગેમ'ને બગાડે છે તેને હટાવે છે. દરરોજ સવારે તમે તમારા જ બનાવેલા અદૃશ્ય બબલમાં પ્રવેશો છો જે તદ્દન ખાલી છે, તેમાં તમારા સિવાય અન્ય કોઈના તમને પ્રભાવમાં લઈ લેતા મેસેજ, સ્પામ, ફેક ન્યૂઝ, જાહેરાતો, નકામાં વીડિયો, અર્થવિહીન ચેટિંગ અને સાયબર હૂકિંગનો કોઈ પણ પ્રકાર જે તમારી પાયાગત શક્તિઓને હાનિ પહોંચાડે છે તે તત્ત્વો નથી હોતાં. આ સ્થળ તમારું મેન્લો પાર્ક છે જ્યાં તમે – થોમસ એડિસનની જેમ – દુનિયાની નજરમાંથી છટકી જઈને તમારાં મહાન કાર્યો જે તમારા વ્યાવસાયિક પ્રભુત્વ અને વૈશ્વિક મહત્ત્વને ઊંચે લઈ જાય તેવાં કાર્યો કરી શકશો. અહીં મુખ્ય ચાવી એ છે કે દરરોજ નિશ્ચિત સમય માટે હકારાત્મક વાતાવરણ સાથે એકાંત, જે સર્જનાત્મકતા, શક્તિ, ખુશી અને તમે જે કામ કરી રહ્યા હો તે માનવતાના ભલા માટેનું છે તેવી ભાવના આપશે. તમે જે સ્થળે વસવાટ કરો છો, તમે તેવો જ આકાર મેળવો છો. આ કૉન્સેપ્ટને તમારા વ્યાવસાયિક રૂટિનમાં પણ ઉપયોગમાં લઈ શકો છો, અને તેમ કરવું પણ જોઈએ. માટે તમારો ખાનગી સમય શેતાની વિચારો, નકારાત્મકતા, આત્મખંડનની પ્રવૃત્તિથી મુક્ત રહેશે. તમે ચોક્કસ આ અલંકૃત એવી તમારી પ્રતિભાની પાંચ સિદ્ધિઓ સાથે ફરો જેનાથી તમારું સામાજિક જીવન પણ સુંદર બની જશે અને આમ તમે સંન્યાસી પણ નહીં બની જાવ. અંગત જીવનમાં TBTF મતલબ, તમે પોતે જ રચેલાં અદ્ભુત બ્રહ્માંડમાં જીવી રહ્યા છો. યાદ રાખો, આ બબલ છિદ્રવાળું પટલ ધરાવે છે માટે તમારે તમારી ખાનગી વાસ્તવિકતા, શાંતિ અને તમારી આત્મિક સુંદરતામાં કોને પ્રવેશ આપવો તેની પસંદગી ધ્યાનપૂર્વક કરવી પડશે.

વિશિષ્ટ ઍપ્લિકેશનના આઇડિયામાં ટેલિવિઝન વેચી દેવું, દિવસ દરમિયાન સમાચારો જોવાનું ટાળવું, શૉપિંગ મૉલ્સથી દૂર રહેવું જ્યાંથી તમે જરૂર ન હોય તેવી વસ્તુઓ ખરીદો છો, સામાજિક પ્લૅટફૉર્મ્સ પર એવા લોકોને દૂર કરવા જે તમારી શક્તિઓનો વ્યય કરતા હોય, જ્યારે TBTFમાં હો ત્યારે તમામ 'નોટિફિકેશન્સ' બંધ કરી દેવા અને સતત જાતજાતની ઘોષણાઓ કરતી ઍપ્લિકેશન્સ ડિલિટ કરી દેવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

ઉપાય #૨: ૯૦/૯૦/૧ નિયમ

સમજ :દરરોજ અને પૂર્ણ સાતત્ય સાથે કૃત્રિમ કામથી વિરુદ્ધ સાચું કામ કરવું. એ તમને ગાર્ગન્ટન કૉમ્પિટિટીવ એડવાન્ટેજ જેવી કુશળતા આપશે. વિશિષ્ટ કલાકારોની કક્ષાની ગુણવત્તા દુર્લભ છે અને માર્કેટપ્લેસ હંમેશાં દુર્લભને સૌથી શ્રેષ્ઠ મેહનતાણું આપે છે. સિદ્ધિ મેળવનારા પ્રતિભાશાળીઓ એક સમયે એક જ પાયાની પ્રવૃત્તિ પર પોતાની તમામ શકિત અને એકાગ્રતાને કેન્દ્રિત કરે છે જેથી તેઓ પોતાના જ્ઞાન અને પોતાની કીમતી એનર્જીનું શ્રેષ્ઠ ફળ મેળવી શકે અને તેમના ઉદ્યોગને ટોચ પર પહોંચાડી શકે. આ રીતે કામ કરવા માટે, તમારે તમારા શ્રેષ્ઠ ઉત્પાદક પરિણામો મેળવવા માટે તમારા શ્રેષ્ઠ પ્રોફેશનલ કલાકોનો મહત્તમ ઉપયોગ કરવાની દૈનિક આદત કેળવવી પડશે. જ્યારે તમે તમારું કામ બતાવવા માંગો છો ત્યારે તે ગોસિપ કરવાનો, ઑનલાઇન શૉપિંગ કરવાનો કે મેસેજીસ ચેક કરવાનો સમય નથી હોતો પણ તે સમય એક શ્રેષ્ઠ નિર્માણકર્તાનો સમય હોય છે.

અમલીકરણ :હવે પછીના ૯૦ દિવસ માટે, તમારા કાર્યકાળની પહેલી ૯૦ મિનિટમાં એક જ પ્રવૃત્તિ પર તમારું ધ્યાન કેન્દ્રિત કરો. જ્યારે તે વિશ્વકક્ષાની કામગીરી પૂરી થશે ત્યારે તમે તમારા ક્ષેત્રના માલિક બનશો. આ ૯૦ મિનિટ કોઈ પણ પ્રકારના ઘોંઘાટ અને અવરોધથી મુક્ત હોવી જોઈએ. તમારી ડિવાઇસને એક બૅગમાં મૂકો અને તેના પર લખો મારા ૯૦/૯૦/૧ના સમયગાળા માટે અને તેને બીજા રૂમમાં મૂકી દો. પ્રલોભનોના પ્રવેશને અવરોધવા માટે કરવામાં આવતી સ્પષ્ટ બાઉન્ડ્રી વૉલ ઊભી કરવી તે એક સક્ષમ વ્યૂહ છે.

ઉપાય #૩: ૬૦/૧૦ પદ્ધતિ

સમજ :સંશોધનો એ વાતને અનુમોદન આપે છે કે મહાન પ્રતિભાઓ અસંબદ્ધ રીતે કામ કરતા નથી -પરંતુ સશક્ત અને વધુ સારાં પરિણામો મેળવવાની આશા સાથે સખત અને લાંબા સમય સુધી કાર્યરત રહે છે. તેના બદલે, તેઓ કંપનીના નિયમને સમજીને કાર્ય કરે છે. તેઓ તેમના કામની સાઇકલનું માળખું બનાવે છે જેથી તેઓ ઊંડું ધ્યાન કેન્દ્રિત કરવા અને વાસ્તવિક આરામ અને સંપૂર્ણ પુનઃપ્રાપ્તિના સમયગાળા સાથે શ્રેષ્ઠ કામગીરી કરી શકે. બીજા શબ્દોમાં કહું તો, તેઓ એક સંતુલનમાં કાર્ય કરે છે – અને સુંદર રીતે તેની એક સાઇકલ બનાવે છે અને તેમની ચમત્કાર જેવી તેમની આવડતને રિફ્યૂઅલ કરવા માટે સમય સાથે અદ્ભુત ઉત્પાદન સાથે એક સાઇકલ બનાવે છે જેથી તેમાં ઘટાડો થઈ શકે નહી. છેવટની માહિતીના હથિયાર સાથે સજ્જ મનુષ્ય જ્યારે ફ્રેશ, હળવાશમાં હોય ત્યારે થાકેલો અને માનસિક તાણમાં હોય તેના કરતાં વધારે આશ્ચર્યકારક કાર્યો કરે છે. બુદ્ધિશાળી પ્રોફેશનલ પોતાની મહાન

આવડતને ધબકારાના જેટલા સમય સુધી કીર્તિ વધારવા માટે સમર્પિત હોય છે, મેરેથોનના દોડવીરો કરતાં પણ વધુ ઝડપે તેઓ કામ કરે છે.

અમલીકરણ: તમારા દિવસનું ૯૦/૯૦/૧નું સેગમેન્ટ પૂરું કર્યા પછી, તમારા અને ફોકસના મજબૂત બબલમાં ૬૦ મિનિટ સુધી શાંતિપૂર્વક બેસો. હલનચલન ન કરવા માટે તમારી જાતને તાલીમ આપો. માત્ર એકાગ્રતા કેળવો અને તમારાથી શક્ય તેટલાં ઊંચાં પરિણામ મેળવો. ૬૦ મિનિટની તમારી આ ઉત્પાદકતાની કસરત પૂરી થાય કે તરત વધુ ૧૦ મિનિટ માટે રિફ્યૂલ કરો. આ રિક્વરીમાં તાજી હવામાં ઝડપથી ચાલવાનો સમાવેશ થાય છે. આ સિવાય કોઈ પુસ્તક વાંચવું જે તમારા લીડરશિપના ગુણો વધારે અથવા અંગત શક્તિઓને ખીલવે. આ ઉપરાંત ધ્યાન કરવું, વિઝ્યુલાઇઝેન અથવા હેડફોન પર સંગીત સાંભળવું, જેવી રીતે મેદાનમાં જતાં પહેલાં ઘણા ચૅમ્પિયન ઍથ્લીટ કરે છે. ૧૦ મિનિટના આ પુનર્જીવન બાદ, તમારા ૬૦ મિનિટના વર્ક સેગમેન્ટમાં પરત જાઓ- પ્રેરણા, ઉત્કૃષ્ટતાથી ભરપૂર અને એ બાદ તમારી પછીની ૧૦ મિનિટની સાઇકલનું રિન્યૂઅલ.

ઉપાય #૪: દરરોજના પાંચ ખ્યાલ

સમજ: અભ્યાસ સૂચવે છે કે સૌથી અસરકારક વ્યાવસાયિક આગેવાનો સૌથી અસરકારક નિર્માણના ગાળામાં ત્યારે હોય છે જ્યારે તેઓ કોઈક મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોય છે. તેઓ પોતે બનાવેલા માઇન્ડ સેટમાં સક્રિય રીતે જોડાયેલા રહે છે. પોતાના માટે નુકસાનકારક હોય તેવી નકારાત્મક બાબતો સામે તેઓ રક્ષિત હોય છે. સૌથી મહાન પૈકી એક મહત્ત્વની ચાવી એ છે તમારા મગજને એ રીતે તાલીમ આપો કે તમારું ધ્યાન દિવસભર, દર કલાકે સતત એક ટકો પણ સફળતા માટે કાર્યરત રહે. દરરોજનાં નાનાં નાનાં પરિણામો, જ્યારે સાતત્યપૂર્ણ રીતે મેળવવામાં આવે છે ત્યારે તે જરૂરથી આશ્ચર્યકારક સફળતા તરફ દોરી જાય છે અને ઇરાદાપૂર્વક તમારી મહત્ત્વાકાંક્ષાઓને તમારી અંદર આરોપતા રહેવાથી, ભય અને જોખમોથી આત્મવિશ્વાસને રક્ષણ આપવાથી તમે મહાન પરાક્રમો કરી શકો છો.

અમલીકરણ: તમારા વિજયી કલાકના બીજા વિભાગમાં, દિવસ દરમિયાન તમે જે પાંચ નાનાં લક્ષ્યો પૂર્ણ કરવા માંગતા હો તેની યાદી બનાવો જેનાથી તમને લાગે કે તમારા દિવસનો તમે સારો ઉપયોગ કર્યો છે. જેમ, તમે ઘણું બધું શીખ્યા છો તે પણ એક તાલીમ છે. જેટલું તમે તે વધુ કરશો તેટલી તેની વધુ આદત પડશે, અને તે તમારા અમલીકરણને વધુ મજબૂત બનાવશે. માટે આ પ્રક્રિયા સાથે જોડાયેલા રહો. માત્ર ત્રીસ દિવસ પછી, તમે અમૂલ્ય ૧૫૦ જીત મેળવી હશે, એક વર્ષ પછી આ એક પ્રયુક્તિ માત્ર તમને ૧૮૨૫ ઊંચા મૂલ્યના ટાર્ગેટ જિતાવી ચૂકી હશે, ખાત્રીપૂર્વક આગળના બાર મહિના તમારા અત્યાર સુધીના સૌથી વધુ ઉત્પાદક બાર મહિના રહેશે.

ઉપાય #૫: સેકન્ડ વિન્ડ વર્કઆઉટ (૨ ww)

સમજ :દૈનિક કસરત પાછળનું ન્યુરોસાયન્સ હવે તમે સમજી ચૂક્યા છો. શારીરિક કસરત એકાગ્રતાને વધારે છે. મગજની કામ કરવાની પ્રક્રિયાની ગતિ વધારે છે સાથે જ તેની શીખવાની ક્ષમતા પણ વધે છે, એનર્જી વધારે છે, આશાવાદ વધારે છે, મેલાટેનિનનું ઉત્પાદન વધારીને સારી ઊંઘ માટે મદદરૂપ થાય છે. તમારા ટેલોમિટર્સને વધારવા સાથે હ્યુમન ગ્રોથ હોર્મોન્સને પણ વધારે છે. ટેલોમિટર્સ આપણા ક્રોમોઝોમના છેડાઓને જીર્ણ થતાં અટકાવે છે – તે શૂ લેસના છેડા પર લગાવેલી પ્લાસ્ટિક કૅપ જેવા છે. વધતી ઉંમર આપણા ટેલોમિટર્સને ઘટાડે છે, માટે જ તેને બૉમ્બ ફ્યૂઝ સાથે પણ સરખાવાય છે. અહી અગત્યનો મુદ્દો એ છે કે કસરત આ ઘટાડાને ઓછો કરે છે અને તમને સ્વસ્થ રહેવામાં મદદ કરે છે. માટે તમારે એ નોંધવું જોઈએ કે ધ્યાન, હોલ ફૂડ ડાયેટ, યોગ્ય ઊંઘ અને વચ્ચે વચ્ચે ઉપવાસ (જેને સ્પેલબાઇન્ડર ૧૬/૮ ડિવિડન્ડ કહે છે કારણ કે તમે ૧૬ કલાક દરમિયાન નથી ખાતા અને આઠ કલાકે તમે ઉપવાસ છોડો છો) વગેરે ટેલોમિટર્સની અવદશા રોકવા માટે આધારભૂત છે. અનુભવ આધારિત હકીકતો પ્રમાણે કસરત પારદર્શક હકીકત સાબિત થઈ છે. શા માટે તમે દિવસમાં એક વાર જ વર્કઆઉટ કરો છો? શા માટે તેને વધારીને તેને તમારી જીવનપદ્ધતિ બનાવી નથી લેતા જેથી તમારી આંતરિક શક્તિને વિશાળ બનાવી શકો અને તમારા ઉદ્યોગ-વ્યવસાયના સાથીઓ અંગે જાગૃત બની શકો અને વૃદ્ધત્વને ધીમું પાડીને આશ્ચર્યકારક રીતે ઉત્પાદક જીવન વ્યતીત કરી શકો?

અમલીકરણ :2 WW પ્રૅક્ટિસને અમલમાં મૂકવા માટે, તમારા દિવસના અંતે વધુ એક વર્કઆઉટનું શિડ્યુલ બનાવો જેથી તમારી સાંજ અદ્ભુત બને. મોટાભાગના લોકો દિવસના અંતે જે થાક અનુભવતા હોય છે, તેને તમે હરાવી શકશો. તમારા મનોબળને મજબૂત બનાવી શકશો જેનાથી તમારી માત્ર સાંજ જ નહી સુધરે પણ રાત્રિના સમયમાં ગળ્યું ખાવાની વૃત્તિ પણ નોંધપાત્ર રીતે ઘટશે. આ સમયગાળા દરમિયાન તમે કરી શકો એવી શ્રેષ્ઠ પ્રવૃત્તિ એ છે કે કુદરતી વાતાવરણમાં એક કલાકનું વૉકિંગ. તમે તેના દ્વારા ડિજિટલ ડિવાઇસીઝને કારણે ઊભો થતો વિક્ષેપ પણ રોકી શકશો. ઊંડું વિચારવાની તક મળશે અને તમે મૂલ્યવાન યુક્તિઓ વિચારી શકશો. કુદરતી વાતાવરણ અને સૂર્યપ્રકાશ વચ્ચે વૉકિંગને કારણે તમારા માઇન્ડસેટ, હાર્ટસેટ, હેલ્થસેટ અને સોલસેટ પણ ઊંચા આવશે. નેચરલિસ્ટ જ્હોન મ્યૂઅરે કહ્યું હતું, – કુદરતી વાતાવરણમાં દરેક વૉક માણસને તે ઇચ્છે તેના કરતાં પણ વધુ આપે છે. 2 WWને સાંકળી લેવા માટેની બીજી યુક્તિઓમાં ૬૦ મિનિટની માઉન્ટેન બાઇક રાઇડ, લાંબું સ્વિમિંગ અને યોગ ક્લાસનો સમાવેશ થાય છે. આ રૂટિન જાળવવાથી તમે વધુ કેલરી બાળશો અને તમારું મેટાબોલિઝમ વધશે, શરીરની ચરબી ઘટશે. 2 WW એ ખરેખર ગેમ ચેન્જર છે.

ઉપાય #૬: મસાજના બે પ્રોટોકોલ

સમજ:અભ્યાસ દર્શાવે છે કે મસાજ થેરાપી એ એક એવી પદ્ધતિ છે જે મગજની કામગીરી, મનોસ્થિતિ, તાણ સામે લડવાની ક્ષમતા અને તમારા સામાન્ય સુખાકારીના સંદર્ભમાં નોંધપાત્ર સુધારો કરે છે. મસાજથી ૩૧ ટકા કોર્ટિસોલ (ભય જન્માવતો હોર્મોન) ઘટે છે, ૩૧ ટકા ડોપામાઇન (ઉત્સાહમાં વધારો કરતું ન્યુરોટ્રાન્સમિટર) વધે છે, ૨૮ ટકા સેરોટોનિન (ચિંતા ઘટાડી ખુશી વધારતું ન્યુરોમિકલ) મસલની તાણને ઘટાડે છે, સેલ્સને ઍન્ટિ-ઇન્ફ્લેશન મેસેજ મોકલીને સ્નાયુનો દુખાવો ઘટાડે છે અને તે સેલ્સને મેસેજ મોકલીને મિટોકોન્ડ્રિયા વધારે છે. અહીં તાત્પર્ય એ છે કે ઊંડો – ટિશ્યૂઓ સુધીનો મસાજ અને તેની સામે સાધારણ હળવું શારીરિક કામ. તેને સારી રીતે કાર્યરત કરવા માટે થોડો દુખાવો સહન કરવો પડે છે. આ અદ્ભુત તાલીમ પણ માનસિક તાણ ઘટાડીને ટેલોમિટર્સને પણ ઘટાડે છે. સ્વાસ્થ્ય સુધારે છે અને આયુષ્ય વધારે છે.

અમલીકરણ:૨ WW પ્રૅક્ટિસને અમલમાં મૂકવા માટે, સપ્તાહમાં ૯૦ મિનિટના બે મસાજનું શિડ્યુલ ગોઠવો. કારણ કે જે વસ્તુનું તમે જે શિડ્યુલ ગોઠવો છો તે અમલમાં આવે છે. અસ્પષ્ટ યોજનાઓ, પરફૉર્મન્સ પણ અસ્પષ્ટ જ આપે છે. પણ નાનકડું અમલીકરણ પણ મહાનતમ હેતુઓ કરતાં પણ અસરકારક હોય છે. મહાન પ્રતિભાઓ પોતાની અંતદૃષ્ટિ તરફના સમર્પણ દ્વારા પોતાના અમલીકરણ સુધી ખેંચી જાય છે. તમે કદાચ એવું કહેશો કે તમે ખૂબ જ વ્યસ્ત રહો છો અને સપ્તાહમાં બે વાર મસાજ કરાવવો પોસાય તેમ નથી. હકીકતે તમને આ પ્રોટોકોલના ફાયદા દર્શાવ્યા જેવા કે, માનસિક શાંતિ, જ્ઞાન ઉપાર્જન, આનંદની અનુભૂતિ, આરોગ્ય અને દીર્ઘાયુષ્ય. સચ્ચાઈ એ છે કે તમે આ કરી શકતા નથી કારણ કે આ આદતને કેળવતા નથી. સપ્તાહમાં બે વાર ૯૦ મિનિટના બે મસાજ મોંઘા લાગશે, પણ મૃત્યુ તેનાથી પણ વધારે મોંઘું પડશે.

ઉપાય #૭: ટ્રાફિક યુનિવર્સિટી

સમજ:જે લોકો દરરોજ ૬૦ મિનિટ સુધી પોતાના બદલાવનું આ કામ કરે છે તેઓ અંદાજે તેમના જીવનમાંથી આશરે બારસો દિવસ આ તાલીમમાં વાપરે – તો તે સરેરાશ માનવ આયુષ્ય જીવે. વ્યક્તિ ટ્રાફિકમાં અથવા બસમાં અથવા ટ્રેનમાં ત્રણ વર્ષથી વધુ સમય ગાળે છે અને એક મોટા બદલાવના ઉદય સાથે તે સમયગાળો ફક્ત વધતો જ રહ્યો હોય છે. મોટાભાગના લોકો રેડિયો અને તેની જેવાં માધ્યમોને ચીપકેલા હોય છે અને પોતાને નકારાત્મક ચેપ લગાડતા હોય છે. જે પોતાની નિર્માણશક્તિને નુકસાનકર્તા છે, અને આંતરિક શાંતિને પણ ડહોળે છે. સિઝન ટિકિટો પર ટ્રેનમાં કે બસમાં મુસાફરી કરતી વખતે સૂઈ જાય છે અથવા ભાવશૂન્ય બનીને પોતાના ડિવાઇસ સાથે રમતા હોય છે. તમે અલગ બનો.

અમલીકરણ ટ્રાફિક યુનિવર્સિટીમાં જોડાવું મતલબ તમારી મુસાફરીના સમયનો ફાયદો ઉઠાવવો. ઘરની સામગ્રી ખરીદવા માટે દોડાદોડી કરતા હો તે સમયે પણ – કંઈક નવું શીખો, તમારી વ્યાવસાયિક બહાદુરીને વધારવા અને અંગત જ્ઞાનની વૃદ્ધિ માટે. આ માટે તમને જ મદદ કરવા માટે વિશિષ્ટ વિચારોવાળી ઓડિયો બુક્સ અને વૅલ્યૂએબલ પોડકાસ્ટ્સનો સમાવેશ કરો. હકીકત એ છે કે, કોઈ ઓડિયો બુક અથવા ઑનલાઇન કોર્સમાંથી મળેલો કોઈ મહાન આઇડિયા તમને લાખો કરોડોની આવક કરાવી શકે છે. અથવા તો તમારી આવડત, નિર્માણશક્તિ, કાર્યશક્તિ, આધ્યાત્મિકતાનો ગુણાકાર કરી તેમાં વિશાળ પ્રમાણમાં વધારો કરી શકે છે. શિક્ષણ માટે કરવામાં આવેલા રોકાણની સરખાણીમાં આવે તેવું કોઈ રોકાણ આજના યુગમાં ક્યાંય ઉપલબ્ધ નથી.

ઉપાય #૮ ડ્રીમ ટીમ ટૅકનિક

સમજ :પ્રોફેશનલ ઍથ્લીટ્સ તેમના બેસ્ટ ઇન વર્લ્ડ (BIW) સુધી પહોંચવા માટે આખી ટીમનું માળખું તૈયાર કરે છે. આ રીતે તેઓ તેમની કુશળતા અને શક્તિના વિકાસ માટેની પાંચ આંતરિક શક્તિઓની સ્વતંત્રતાને મુક્ત કરે છે જેથી તેની રમત વધુ પ્રભાવશાળી બને છે. માઇકલ જોર્ડન પાસે તેમના કોઈ અંગત ડૉક્ટર ન હતા અને મુહમ્મદ અલી પાસે તેમના ખાનગી ટ્રેનર ન હતા. શ્રેષ્ઠ પ્રદર્શનકારો આવડતોને 'આઉટસોર્સ' કરે છે અને પોતાના ક્ષેત્ર સિવાયની કુશળતા મેળવવાની તમામ પ્રવૃત્તિને ઑટોમેટિક બનાવે છે. આ માટે તેઓ પૂર્ણ એકાગ્રતા કેળવે છે અને ખૂબ સમય પણ ફાળવે છે.

અમલીકરણ :સોંપાયેલાં કાર્યો માત્ર તમારા કલાકોનો નબળો ઉપયોગ નથી, પણ તે તમારી ખુશીને ઘટાડે પણ છે. આદર્શ રીતે તમારા જીવનનું પુનઃઘડતર કરો જેથી તમે એ જ કામ કરો જેમાં તમે શ્રેષ્ઠ હો – એવાં કામો જેને તમે પ્રેમ કરતા હો. આ પ્રકારની ગોઠવણથી તમે માત્ર તમારા પ્રદર્શનને સુધારી રહ્યા છો કારણ કે તમે કેટલીક બાબતોને પ્રાધાન્ય આપી રહ્યા છો એટલું જ નહી, પરંતુ નોંધપાત્ર રીતે તમે તમારી અંગત સ્વતંત્રતા અને શાંતિ પણ માણી શકશો. કારણ કે તમારી ડ્રીમ ટીમમાં એવા લોકો છે જે પોતાના ક્ષેત્રમાં કુશળ છે, જેનાથી પ્રસિદ્ધિ તરફનું તમારું પ્રયાણ વધુ ઝડપી બનશે કારણ કે તમારી પાસે શ્રેષ્ઠ લોકો છે. ખાસ પ્રકારના તમારી ડ્રીમ ટીમના સભ્યોમાં ફિટનેસ ટ્રેનર જે તમારી સાથે નિયમિત રીતે કામ કરી શકે, ન્યૂટ્રિશનિસ્ટ, મસાજ થેરાપિસ્ટ, કોઈ ફાઇનાન્શિયલ કોચ હોઈ શકે જે તમારા ભાગ્યને મજબૂત કરી શકે. એક રિલેશનશિપ એડવાઇઝર જે તમારા જીવનની મહત્ત્વની વ્યક્તિઓ સાથે તમારું જોડાણ જાળવી રાખે. આધ્યાત્મિક સલાહકાર જે તમને જીવનના નિયમો શિખવાડે અને તમને જમીન સાથે જોડી રાખે, તમારામાં અભિમાન ન આવવા દે.

ઉપાય #૯: સાપ્તાહિક ડિઝાઇન સિસ્ટમ (WDS)

સમજ :તમે હવે જાણો છો કે જે કાર્યનું શિડ્યુલ બનાવવામાં આવે છે તે ચોક્કસ થાય જ છે. સાત દિવસ અગાઉના ઝીણવટભર્યા ગેમ પ્લાન વિના જ અઠવાડિયાની ડિઝાઇન તૈયાર કરવી એ કલાઇમ્બિંગ સ્ટ્રેટેજી વિના જ માઉન્ટ બ્લેન્ક ચઢવાની કોશિશ કરવી અથવા તો કમ્પાસ વગર જ ગાઢ જંગલમાં પગપાળા ફરવા જવા જેવું છે. હા, અનપેક્ષિત ચમત્કારો માટેના સ્વયંસ્ફૂર્તિ અને અવકાશ અપવાદ રૂપે મહત્ત્વપૂર્ણ છે. હા, તેનો અર્થ એ નથી કે, જે તમારી એનર્જીને વધારે, તમારી પસંદગીઓને ગોઠવે અને સંતુલન બનાવે તે માટે તમારે તમારી અંગત જવાબદારી ન દર્શાવવી અને માનવીય પરિપક્વતા ન દર્શાવીને વિચારશીલ અને સ્પષ્ટ સાપ્તાહિક સ્ક્રિપ્ટ ન બનાવવી.

અમલીકરણ :દર રવિવારે વહેલી સવારે સફળ અઠવાડિયાની બ્લૂપ્રિન્ટ તૈયાર કરવા માટે ૩૦ મિનિટ ફાળવો. શરૂઆત છેલ્લા સાત દિવસના જીવન વિશે લખવાથી કરો. ત્યારબાદ તમે જે શીખ્યા હો તેને નોંધો અને તેને આવતા સપ્તાહે વધુ સારા બનાવવા માટે શું કરશો તે લખો. પછી, એક કોરા મોટા કાગળ પર દરેક દિવસના સવારના ૫થી રાત્રે ૧૧ સુધીના સમય માટેની તમારી પ્રતિબદ્ધતાઓ નોંધો. ચાવી એ છે કે તમારી બિઝનેસ મિટિંગ્સ અને વર્ક પ્રોજેક્ટ્સ સિવાય અન્ય વસ્તુઓ પણ લખો. તમારા વિજયી કલાક, ૯૦/૯૦/૧ સત્ર, ૬૦/૧૦ સાઇકલ્સ અને સેકન્ડ વિન્ડ વર્કઆઉટ્સ, સાથે જ તમારા પ્રિય લોકો માટેનો સમય, નકામી વસ્તુઓને રોકવા માટેના અવરોધોનો સ્પષ્ટ સમયગાળો નોંધો. સાપ્તાહિક ધોરણે આ કરશો તો તમારું તમારા દિવસો પ્રત્યેનું ફોકસ અસાધારણ રીતે વધશે, અને ગતિ આવશે, તમારી નિર્માણશક્તિ વધશે અને તમારા જીવનનું સંતુલન નોંધપાત્ર રીતે વધશે.

ઉપાય #૧૦: ૬૦ મિનિટના શિષ્ય

સમજ :જેટલું તમે વધુ જાણશો, તેટલું જ સારું તમે કરશો. મહાન પ્રતિભાઓમાં પોતાના વિકાસ માટે અનહદ ઉત્સુકતા અને જ્ઞાનની અમર્યાદ ભૂખ હોય છે અને શિક્ષણ એ વિક્ષેપ સામે રસીકરણ જેવું કામ કરે છે. જગતને મહાન ભેટ આપનારા લોકો આજીવન વિદ્યાર્થી હોય છે. દુનિયાના એવા બહુ પ્રખર લોકો પૈકીના એક બનો જેમણે દાવો કરીને પોતાનું હીરોઇઝમ મેળવ્યું હતું. તેમની આવડતને આત્મસાત કરો, તેમના બુદ્ધિચાતુર્યને ઉપયોગમાં લો અને વિશ્વકક્ષાના શિષ્ય બનો.

અમલીકરણ :દિવસ દરમિયાન છેવટે ૬૦ મિનિટ માટે પણ કંઈક શીખો. આગળ વધવા માટે કંઈક શીખવા માટે ગમે તે કરો. દરરોજનું શિક્ષણ તમારી વિચક્ષણતા વધારશે, તમારા ડહાપણને ઊંડાણ આપશે, તમારી અંદર ધગધગતી આગ ઊભી કરશે જે તમારી ભવ્યતાને ઊંચે લઈ જવા 'આગમાં ઘી'નું કામ કરશે. તમે અસરકારક વિચારક અને સંપૂર્ણ સુપરસ્ટાર બનશો. તમારી ૬૦ મિનિટની તાલીમનાં ખાસ તત્ત્વોમાં- તમે જે મેળવી

શકો તે કોઈ પણ સારું પુસ્તક તમારા હાથમાં હોવું, તમારી જર્નલમાં તમે કરેલી નોંધોની સમીક્ષા કરવી, ઑનલાઇન પ્રોગ્રામ વડે કામ કરવું, પોતાના મેન્ટર સાથે ચર્ચા કરવી અને કુશળતાનું નિર્માણ કરવાનું શિખવાડતા વીડિયો જોવા વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. તમને મળેલી કુદરતી ભેટ જેવી આવડતો અને ઉચ્ચતમ શક્તિઓને તમે જેવી કાર્યરત કરો છો, કે તરત જ તમે મોટા માણસ બની જાવ છો, એટલું જ નહી પરંતુ લોકો માટે અનિવાર્ય બની જાવ છો. તમારી સંસ્થા અને માર્કેટ પ્લેસ માટે તમે જે કંઈ કરશો તેમાં તમે એટલા ઉત્કૃષ્ટ હશો કે તેઓ તમારા વગર કંઈ પણ કરવા અસમર્થ બની જશે. તમારા કાર્યક્ષેત્રમાં તમે અપવાદરૂપ અમૂલ્ય વ્યક્તિ તરીકે ઊભરી આવશો અને તમે તમારી ટીમના સભ્યો, ગ્રાહકો, સમુદાયોને તમારી શક્તિઓનો લાભ આપવા સમર્થ બનશો અને પરિણામે ઉદાર પુરસ્કાર રૂપે તમને નાણાં, મહત્ત્વ અને ચૈતસિક આનંદ પરત મળશે જે એક ઉમદા માણસ, વિશ્વકક્ષાની કામગીરી અને મહાન હેતુઓ સાધનારને જ મળે છે.

મારી પાસે તમારા સન્માન માટે વધુ બે ભેટ છે, તે તમને આપું પછી આપણે તમારા લગ્નની વિધિ માટે જઈશું! ધનિકે કહ્યું. તે એક કવિતા છે જે મેં વેનેસા માટે કંઠસ્થ કરી હતી.

એ બીજી વસ્તુ શું છે? કલાકારે પૂછ્યું.

અંતવસ્ત્રો. તેમણે કહ્યું હતું.

ધનિકે તે પછી ઊભા થઈને બાળકની જેમ આંખો પર હાથ ઢાંકીને સ્પેન્સર માઈકલની જૂની કવિતા ગાઈ સંભળાવી.

વિશ્વમાં માનવીય સ્પર્શનું જ મહત્ત્વ છે,

સ્પર્શ તારા અને મારા હાથનો,

હતાશ હૃદય માટે એ જ સહારો છે,

માથે છત, બ્રેડ અને વાઇન કરતાં પણ.

રાત પૂરી થશે અને છત જતી રહેશે,

અને બ્રેડ એક જ દિવસ ચાલશે.

પણ સ્પર્શ અને અવાજનો ધ્વનિ,

હૃદય પર હંમેશાં અંકિત રહેશે.

કલાકારે કહ્યું, વાહ અદ્ભુત. તે એક વિચક્ષણ વ્યકિતત્વ હતા. તેમણે ઉદ્યોગકારને કહ્યું, મેં પણ તમારા માટે એક કવિતા લખી છે.

વાંચી સંભળાવો, પ્લીઝ. ઉદ્યોગકારે વિનંતી કરી.

ઓકે, તેનું નામ છે, 'આપણે ક્યારેય અલવિદા નહી કહીએ'. કહીને કલાકારે નીચેની કવિતા સંભળાવી.

આપણે ક્યારેય અલવિદા નહી કહીએ

એક તક સર્જાઈ અને પ્રથમ દૃષ્ટિએ જ,

તારી સુંદરતાએ મને મોહિત કર્યો

અને તારી તાકાતે મને શાંતિ આપી.

જીવનની અણધારી તકો,

સમજદારીથી આવીને

આપણને આપણી ભૂમિકા ભજવવા,

જોખમ ઉઠાવવા કહે છે.

માત્ર એ જ જીતશે, જે હિંમત બતાવશે,

માત્ર એમને જ મુક્તિ મળશે,

જે વિરોધનો સામનો કરવા તૈયાર છે.

માત્ર એ જ પુનરુત્થાનનો અનુભવ કરશે,

જે શક્તિનો પુનઃસંચાર કરવા સજ્જ હશે.

સાચો પ્રેમ મેં જાણ્યો ન હતો.

બેવડા મેઘધનુષની કલ્પના નહોતી.

સૂર્યોદય વેળા હાથમાં હાથ પરોવીને એ રોમૅન્ટિક વૉક.

કલ્પના ન હતી કે પ્રથમ ચુંબન દોરી લાવશે અહીં સુધી.

જો તું ડગીશ તો હું ટેકો આપીશ.

જો લાગે ભય તો હું તને પકડી રાખીશ.

જો કોઈ શંકા જાગશે, તો હું તારી પડખે રહીશ.

તારી સફળતાના આનંદમાં, હું ઉઠાવીશ જામ મારો.

અને તું છોડી જવા માગીશ, તો હું તને રોકી લઈશ.

હું સતત કરું છું વિચારો તારા.

તને અનુભવું છું મારા ઊંડાણમાં.

ખબર નથી ક્યાંથી આવી આ લાયકાત તને મેળવવાની.

પરંતુ હવે તો બસ સ્વપ્ન તારી સાથે ઉંમર વિતાવવાનું.

આપણે ક્યારેય અલવિદા નહી કહીએ.

ઉદ્યોગકારને કવિતા સ્પર્શી ગઈ હતી. બંને ભાવવિભોર બની ગયાં હતાં. ત્યાં જ કોઈકના મોટેથી રડવાનો અવાજ સંભળાયો હતો.

બંને શિષ્યોએ ગુરુને રૂમાલ આપ્યો જેથી તેઓ પોતાનાં આંસુ લૂછી શકે.

પ્રકરણ ૧૬

5 એ.એમ. ક્લબ ઉચ્ચ કાર્યક્ષમતાની બેવડી પદ્ધતિ અપનાવે છે

"સ્વતંત્રતા, પુસ્તકો, ફૂલ અને ચંદ્રની સાથે કોણ ખુશ ન હોય?"

– ઓસ્કાર વાઈલ્ડ

સાઉથ આફ્રિકાના ફ્રાન્સચોક ખાતે ભાડેથી રાખેલા વાઇન એસ્ટેટના કોટેજની વિશાળ છત પર ધનિક એકલા બેઠા હતા. જેમણે તેમની ડેઇલી ડાયરી હમણાં જ લખી હતી. મિસ્ટર રિલેને સાઓ પાઉલોમાં ઉદ્યોગકાર અને કલાકારના લગ્ન વખતના અદ્ભુત સુખ, અસામાન્ય ઉત્સાહ અને આશ્ચર્યજનક સુંદરતા યાદ આવ્યા હતા. ખરા અર્થમાં તેઓ એકબીજા માટે જ સર્જાયાં હતાં.

ધનિકે વિચાર્યું, કુદરત અદ્ભુત અને આશ્ચર્યકારક રીતે કામ કરે છે અને જો કોઈ જોડાણ એવું હશે જે તેના અંતિમ સુધી રહેશે તો તે આ જ હશે.


સવારના ૫ વાગ્યાની થોડી વાર પહેલાં તેઓ કલાકાર અને ઉદ્યોગકારને માઉન્ટન બાઇક રાઇડ પર લઈ ગયા હતા. ડેનિલ હ્યુગો સ્ટ્રીટ થઈને તેઓ બંને તરફ ફેન્સિંગ કરાયેલા એક રફ રોડ પર આવી પહોંચ્યાં હતાં. ધનિકે મેન્ટરિંગ સેશન્સ માટે આ જગ્યાની પસંદગી કરી હતી. ધનિકે જે પાઠ રજૂ કર્યો હતો તેમાંથી ત્રણ રસ્તાઓને એકસાથે સંતુલિત કરવાના મહત્ત્વ પર તેઓ કેન્દ્રિત હતા. તે સક્રિય કુશળ સિદ્ધિઓ માટે ઊંડા આત્મનિર્માણ સાથે વિશિષ્ટ વ્યક્તિગત પ્રદર્શન પણ હતું. ધનિકે વાઇલ્ડરનેસ રિકવરીના સમયમાં ઉચ્ચતમ સ્તરની સફળતા પ્રાપ્ત કરી રહેલી દુનિયામાં વૈકલ્પિક સમયની કિંમત સમજાવી હતી. કાર્ય અને જીવનની સમૃદ્ધિ વચ્ચે મજબૂત સદ્ભાવનાને સુનિશ્ચિત કરવા માટે એક સપ્રમાણતા જરૂરી છે અને તેમના શિષ્યો તેમની પ્રતિભાની સંપત્તિ દ્વારા લાંબી રમત રમ્યા હતા તેની ખાતરી કરાવવા તેમણે, સમાજમાં વ્યાપક પ્રયાસ વિના જ થતાં મોટાં ઉત્પાદનો વિશે પણ સમજાવ્યું હતું. આનંદની અનુભૂતિની આધારભૂત ભાવના અને આંતરિક શાંતિને સ્થાયી બનાવવી એનો રનિંગ વ્હીલ પર રમી રહેલા હેમસ્ટર વચ્ચે કોઈ તફાવત નથી. તે એવું વિચારે છે કે પોતે આગળ વધી રહ્યું છે, પણ હકીકતે તે પિંજરામાં જ હોય છે.

થોડી વાર માટે ત્રણેયે મોટર સાઇકલિંગ કર્યા બાદ સ્ટોન રિલેએ બંનેને વધુ એક લર્નિંગ મૉડલ આપ્યું. તે કંઈક આવું દેખાતું હતું.

એલિટ પરફોર્મરની

ટ્વીન સાઇકલ્સ

પ્રતિભાશાળીની પાંચ શક્તિઓનું સુરક્ષા ચક્ર



ધનિકે શિખવાડ્યું હતું કે મૂલ્યાંકન વિના મૂલ્યવાન ઉત્કૃષ્ટ સર્જનાત્મક ઉત્પાદન નોંધપાત્ર ઘટાડા તરફ દોરી જાય છે. તેમના આ કહેવાનો અર્થ હતો :તમારા ક્ષેત્રમાં પ્રસિદ્ધ બનવાની પ્રક્રિયા એ સંપૂર્ણ ટકી રહેવાની પ્રક્રિયા છે. સાથે જ એ પણ પાક્કું કરવાનું છે કે તમે વિશ્વકક્ષાની પ્રસિદ્ધિ પર માત્ર એક મહિનો કે ફક્ત એક જ વર્ષ ટકી રહો તે નથી. વ્યાપારના કપ્તાનો, કલાના માસ્ટરો, વિજ્ઞાનના સ્વપ્નદ્રષ્ટાઓ, માનવતાના હીરો અને ઍથ્લેટિક્સની મહાન વિભૂતિઓ પોતાની એ-ગેમને જીવનભર માટે જાળવી રાખે છે.

પોતાની મહેનતનું લાંબું આયુષ્ય એ પ્રસિદ્ધિ માટેની ચાવી છે, એ વાત પર ધનિકે વજન આપ્યું. તેમણે કહ્યું. મહાન આદર્શ બનવા માટેની આ મુખ્ય ચાવી છે. તમારે ખરેખર એ શીખવું જરૂરી છે કે તીવ્રતાથી અને તેજસ્વિતાપૂર્ણ રીતે કામ કરવું અને આરામ તેમજ પોતાની સ્ફૂર્તિ પાછી મેળવવા માટેની રિકવરી વચ્ચે સમતુલન કેવી રીતે જાળવવું, જેનાથી તમે લાંબી કારકિર્દી માટે ચુસ્ત અને મજબૂત રહી શકો. આમ કરવાથી તમે તમારી કુદરતી શક્તિઓને જાળવી શકશો અને ફરી વાર ખેલવા સુધી

તેને રક્ષણ પણ આપી શકશો. તમામ મહાન પ્રતિભાઓ આ બાબતને જાણે છે અને નોંધપાત્ર રીતે એક મહત્ત્વના સિદ્ધાંત તરીકે અમલમાં મૂકે છે.

ધનિકે એ સમજાવ્યું કે પ્રતિભાશાળી મહિલા કે પુરુષને કઈ વસ્તુ દુનિયામાં અપવાદરૂપ બનાવે છે. અસાધારણ ઘટનાના અમલીકરણના એક ભાગને સુપર કમ્પેન્સેશન તરીકે ઓળખવામાં આવે છે. જેવી રીતે તમે ખૂબ જ દબાણ આપો છો ત્યારે સ્નાયુઓ ફાટે છે અને તેની રિકવરી માટે તમે રોકાવ છો ત્યારે તે વિકાસ પામે છે. તમારી પ્રતિભાશાળી પાંચ મિલકતો પણ આ જ રીતે તમે જ્યારે તેને દબાણ આપો અને ત્યાર પછી રિકવરી માટે સમય આપો છો ત્યારે રિજનરેશનના સમયમાં તે ઉદ્ભવ પામે છે. મિ. રિલેએ ફ્રેમવર્કમાં ધ્યાન દોર્યું અને કહ્યું, જુઓ મિત્રો, લાંબા સમય માટેની ભવ્ય સફળતા માટે ખૂબ ઓછી જાણીતી ચાવી, એક સાધારણ શબ્દમાં ઓસિલેશન. આ વિશે મેં સાઓ પાઉલોમાં ઉલ્લેખ કર્યો હતો, પણ હવે તમે બંને તેના ઊંડાણમાં જવા માટે તૈયાર છો.

અમે ચોક્કસ તૈયાર છીએ. ઉદ્યોગકારે કહ્યું.

ધનિકે શરૂ કર્યું, વૈજ્ઞાનિકોએ જ્યારે મહાન રશિયન વેઇટ લિફ્ટરોનો અભ્યાસ કર્યો ત્યારે તેમને જાણવા મળ્યું હતું કે તેમના અજેયપણા પાછળનું કારણ તેમના કામ અને આરામ વચ્ચેનો ગુણોત્તર હતો.

'તેનો અર્થ શો છે? કલાકારે પૂછ્યું.

તમારો વિકાસ ત્યારે થાય છે જ્યારે તમે આરામ કરી રહ્યા હો છો. ધનિકે જવાબ આપ્યો. કોઈ તાર્કિક કારણ નથી લાગતું, ખરું ને? તેમણે આગળ કહ્યું. હકીકતે, આ ઉત્પાદક નિયમ સૌથી કેન્દ્રમાં છે. જોકે, તે વિરોધાભાસી સત્યો રજૂ કરે છે. જ્યારે હું મારું વૈશ્વિક સામ્રાજ્ય રચી રહ્યો હતો ત્યારે સ્પેલબાઇન્ડરે મને આ નિયમ સમજાવ્યો હતો. મુખ્ય વિચારધારાઓ એવું કહે છે કે વધુ મેળવવા માટે આપણે વધુ કલાકો કામ કરવું પડે છે. પરંતુ વિશ્વાસપાત્ર અભ્યાસોએ સાબિત કર્યું છે કે સખત પરિશ્રમથી મોટું પરિણામ મળે એ થિયરી ખામીયુક્ત છે. તે ટકાઉ નથી. તે ખોટી થકાવટ તરફ દોરી જાય છે. તે પ્રેરણા ગુમાવવા તરફ દોરી જાય છે અને તમારા ક્ષેત્રની આગેવાની લેવા માટે તમારામાં જે જુસ્સો હોય છે તેને ઘટાડે છે. જૂની શાળાની કામ કરવાની એ રીત માનવસ્રોતોનું વિસર્જન ઘટાડે છે. જો તેને બુદ્ધિપૂર્વક લાગુ કરવામાં આવે તો તે તમને માર્કેટપ્લેસના માસ્ટર બનાવી શકે છે.

તમે જે કહી રહ્યા છો તે મને ૬૦/૧૦ મેથડની યાદ અપાવે છે. કલાકારે કહ્યું. તે સૌ પ્રથમ સ્પેલબાઇન્ડરની કૉન્ફરન્સમાં હતા, તેના કરતા 5 એ.એમ. ક્લબના પ્રશિક્ષણને કારણે વધુ ફોકસ્ડ, ઉત્સાહી અને એનર્જેટિક જણાતા હતા.

ખરું, અને તમે સાચા છો અને આજે હું જે તમને શિખવાડવાનો છું તે તેના કરતાં પણ વધુ છે. તમારી નિર્માણશક્તિને વધારવા માટે તમારે કામ અને આરામ બંને માટે સમયનું સંતુલન કરવું જરૂરી છે જે અંગે આજે તમે શીખવાના છો. પ્રોફેશનલ ઍથ્લીટ્સ જેને 'પિરીઓડિઝમ' કહે છે તે પદ્ધતિ દ્વારા ઓછું કામ કરીને વધુ પરિણામ તેઓ કેવી રીતે મેળવે છે તે શીખશો. તે પછી, તમે બંને ઉપરછલ્લી સમજણ કરતાં ઉપર ઊંચાઈ પર આવશો, જેના દ્વારા તમને સમજાશે કે સુંદર જીવન જીવવા સાથે જ તમારા ક્ષેત્રમાં વિજયી બનવા માટે તમારે શું કરવું પડશે.

ધનિકે ફ્રેમવર્કમાંના 'ધ ફાઇવ એસેટ ઑફ જિનિયસ' મુદ્દા તરફ ધ્યાન દોર્યું. તમે જાણો છો કે તમે જ્યારે સવારે જાગો છો ત્યારે તમારી સર્જનાત્મક શક્તિ સંપૂર્ણ જાગ્રત હોય છે. દરેક વહેલી સવારે તમે તમારી પાંચ કુદરતી શક્તિઓ સાથે જાગો છો. જો તેનું વ્યવસ્થિત સંચાલન કરશો તો તે તમને બહાનારૂપી અવરોધો તેમજ ભૂતકાળમાં તમને આડી આવેલી મર્યાદાઓને પાર ઊતરવામાં તમારી મદદ કરશે અને તમે જે બનવા માટે સર્જાયા છો તે બનવા મદદરૂપ થશે. તમને એક અદ્‌ભુત કાર્ય કરનાર, મહાન નેતૃત્વ આપનારા અને જીવનમાં મળતી અપાર કૃપા તરફ સંપૂર્ણ સમર્પિત વ્યક્તિ તરીકે સ્થાપિત કરશે.

મિ. રિલેએ ઉમેર્યું, તમે જાણો છો કે પ્રતિભાઓની આ પાંચ શક્તિઓ કઈ છે. તે છે, માનસિક એકાગ્રતા, શારીરિક શક્તિ, અંગત મનોબળ, તમારી મૂળ આવડત અને તમારો રોજિંદો છે. મેં એટલે તેનું પુનરાવર્તન કર્યું કારણ કે તમને એ યાદ રહી જાય. આ પાંચેય શક્તિઓ વહેલી સવારે તેમની સૌથી વધુ અસરકારક સ્થિતિમાં હોય છે અને આ માટે જ તમારે દિવસનો સારી રીતે પ્રારંભ કરવો જોઈએ અને તે સમયે તમારાં સૌથી વધુ મહત્ત્વનાં કાર્યો કરવાં જોઈએ, નહીં કે તમારી ટૅક્નોલૉજી સાથે સમય બગાડવો કે ટીવીમાં સમાચારો જોવામાં કે મોડે સુધી સૂવામાં વ્યતીત કરવો જોઈએ.

ધનિકે ઉમેર્યું, અને આજના દિવસનો સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે, શ્રેષ્ઠ પરફૉર્મન્સ એ સીધી દિશામાં થતું કાર્ય નથી. કુશળ સિદ્‌ધિઓ એ હૃદયના ધબકારા જેવી છે, તે સંગીતની રિધમ જેવી છે. જો તમે એક મહાન વ્યક્તિ બનવા માંગતા હો – દાયકાઓથી તમે તમારી જાતને એ વિચારને સમર્પિત કરો છો કે તમે વૃદ્ધાવસ્થામાં સારું જીવન વિતાવી શકશો -તો તમારે તમારી શ્રેષ્ઠ આવડતોના ક્રમ બદલતા રહેવાની તાકીદની જરૂરિયાત છે. શ્રેષ્ઠ અને વ્યાપક પરિણામો આપતો એ સમયગાળો, અર્થપૂર્ણ વસૂલાતનો સમય અને ગાઢ પુનઃશક્તિસંચાર કરતો ક્રમ છે. પ્લીઝ, આનો અભ્યાસ કરો, તેમ કહીને ધનિકે ફ્રેમવર્ક પર આંગળી મૂકી.

હવે મને સ્પષ્ટ થયું, કલાકારે કહ્યું, HEC એટલે હાઈ એક્સેલન્સ સાઇકલ અને DRC ડીપ રિફ્યૂલિંગ સાઇકલ, બરાબર ને?

ખરું, ધનિકે કહ્યું. તેમના ટીશર્ટ પર લખ્યું હતું. હા, હું એક રિલેશનશિપમાં છું – મારી જ સાથે.

ધનિકે આગળ ચલાવ્યું અને તમારું મુખ્ય કાર્ય જો તમે વિજયી બનવા માંગતા હો – પ્રોફેશનલી અને અંગત રીતે – તો તે છે ઓસિલેટ (ઝૂલવું). તમારા ઉત્સાહજનક માનસિકતાનો સમયગાળો, માલિકીભાવ જેવા અત્યાગ્રહવાળી તમારી એકાગ્રતા અને ઉચ્ચ કક્ષાનું મહત્ત્વનું કાર્ય, જે સમયાંતરે રિફ્યૂઅલ થતું હોય, આરામ અને આનંદની લાગણીને ફરીથી જીવિત કરવાનો સમયગાળો. આ બધું ખરેખર તમારા હૃદયના ધબકારા જેવું છે.

ધનિકે કહ્યું, વિકાસ ત્યારે ઉદ્‌ભવે છે જ્યારે તમે આરામમાં હો છો. આ વાત પરસ્પર વિરોધી લાગે છે, ખરું ને? આપણે આપણી જાતને એ માનવા પ્રેરી છે કે જ્યારે આપણે કોઈ કામ નથી કરતા હોતા, સર્જન નથી કરતા હોતા, ત્યારે આપણે સમય વેડફી રહ્યા છીએ. જો આપણે કંઈ કરતા ન હોઈએ તો આપણે અપરાધભાવ અનુભવતા હોઈએ છીએ. પણ આ જુઓ. ધનિકે નાયલોનનું એક કવર ખોલીને તેમાંથી સોનાના બે મેડલ કાઢીને બંનેના ગળામાં પહેરાવ્યા. મેડલ પર શબ્દો હતા :

ધ લેજેન્ડરી પરફોર્મન્સ ઇક્વેશન :

દબાવ X રિફ્યૂલિંગ = વિકાસ + ધૈર્ય

ટેનિસના મહાન ખેલાડી જિન કિંગે કહ્યું હતું કે દબાણ એ ખરેખર એક વિશેષાધિકાર જેવું છે. ધનિકે પોતાના શિષ્યોને યાદ કરાવ્યું- જોયું! માનસિક તાણ અને દબાણ ખરાબ નથી.

તે ખરેખર ખરાબ નથી? ઉદ્યોગકારે પૂછ્યું.

ના, તમારી ક્ષમતાને વધારવા માટે તે ખરેખર તો ખૂબ જ જરૂરી છે. ધનિકે કહ્યું.

તમારે તમારી કુશળતાઓને ધક્કો મારવો જોઈએ, દબાણ કરવું જોઈએ. ધનિકે ઉમેર્યું. જો તમે ઇચ્છતા ન હો તોપણ. તમારા કમ્ફર્ટ ઝોનને ઓળંગી જાવ. માત્ર તે રીતે તે વિકસિત થશે. હંમેશાં યાદ રાખો :જે સમયે તમે કશું કરી નહી શકો તેવું અનુભવો તે જ સમયે કશુંક શ્રેષ્ઠ કરી શકો છો અને આનું કારણ તમે પણ જાણો છો, કારણ કે જ્યારે તમે કોઈક મહત્ત્વના કાર્ય માટે તમારા મનોબળને ઊંચે ઉઠાવો છો ત્યારે તમારી સ્વયંશિસ્ત પણ તમને તમામ રીતે મદદરૂપ થાય છે. મહત્ત્વનો મુદ્દો અહી હું એ સમજાવવા માગું છું તે એ છે કે, દબાણ અને તાણ એ એવા આશીર્વાદ છે તેનો પ્રથમ કક્ષાના ખેલાડીઓ ઉપયોગ કરે છે. જ્યારે આપણે આપણા સુરક્ષા સર્કલમાં રહીએ છીએ ત્યારે આપણી નૈસર્ગિક શક્તિઓ વિકાસ નથી પામતી. ના, તમારી શક્તિઓને

ભૂતકાળની સામાન્ય સ્થિતિ કરતાં વિકસિત કરવા માટે પડકાર આપો. આપણી સામાન્ય મર્યાદાઓથી ઉપર લઈ જઈએ ત્યારે જ આપણા સ્નાયુઓ વિસ્તૃત થાય છે અને તે પછી તેને રિફ્યૂલ અને રિક્વરી માટે સમય આપવો જોઈએ.

ધનિકે વાઇનયાર્ડ તરફ જોયું પછી ઉમેર્યું, મારા ચેરિટી ડિનરના પ્રસંગ વેળા એક પ્રોફેશનલ ઍથ્લીટ સાથે થયેલો સુંદર સંવાદ મને યાદ આવે છે, તમે જાણો છો તેમણે શું કહ્યું હતું?

શું? કલાકારે પૂછ્યું.

ધનિકે કહ્યું, મારી તાલીમને હું આરામ કરવાની અનુમતિ આપું છું. આ બાબત કોઈ પણ વસ્તુઓને જોવાનો ગહન માર્ગ છે. સતત કામ અને કોઈ અવકાશ નહીં- એ સ્થિતિ સમય જતાં તમારી મહાન કુશળતાનો ખજાનો ખાલી કરી નાખે છે.

જો તમે તમારા એબ્ડોમિનલ મસલ્સને મજબૂત કરવા માંગતા હો તો તમારે અગાઉની તેની મર્યાદા કરતાં વધારે તેની કસરત કરવી પડશે. જો તમે દરરોજ ૧૦૦ સીટ-અપ કરતા હો તો, ૨૦૦ સીટઅપને તમારો ક્વોટા બનાવો, ૩૦૦ સુધી પહોંચો. આનાથી ખરેખર તમારા સ્નાયુઓ ફાટી જાય છે. કસરતના નિષ્ણાતો તેને 'માઇક્રો-ટીઅરિંગ' કહે છે. આમ, તમે સતત અટક્યા વિના કસરત કરી ન શકો, નહીં. આરામ આપવો જ પડશે.

કલાકારે સમર્થનમાં કહ્યું, અને આરામનો આ સમય તમારી રિક્વરી સાઇકલ હશે જ્યારે ખરેખર વિકાસ થશે.

એકદમ સાચું, વિકાસ, આરામના સમયગાળામાં થાય છે, કામના સમયે નહીં. યાદ કરો, મોરિશિયસના મારા બીચ પર મેં તમને કહ્યું હતું કે, મારો ઉછેર માલિબુના એક ખેતરમાં થયો હતો. ત્યાં ખેતર પર હું જે મહત્ત્વની વાત શીખ્યો હતો એ હતી, શ્રેષ્ઠ પરફૉર્મન્સનાં બે ચક્રો. કોઈ પણ ખેડૂતને પૂછો અને એ તમને આવી રહેલી ઋતુ વિશે સમજાવશે. પહેલાં, જમીનને ખેડવામાં આવે છે, બીજનું વાવેતર થાય છે અને મુખ્ય કાર્ય પૂરું થાય છે. લાગે છે જાણે કંઈ જ નથી થઈ રહ્યું. જાણે સમયની બરબાદી, અને પછી પાક ઊગે છે જેને લણી લેવામાં આવે છે, જે આ પ્રક્રિયાનો શ્રેષ્ઠ ભાગ છે. પાનખર વેળા જે પરિણામ મળે છે તે દેખાઈ આવે તેવું અને અંતિમ પરિણામ હોય છે.

ધનિકે થોડી વધુ કૉફી પોતાના કપમાં ભરી, કૉફીના જાર પર શબ્દો હતા- મોટાં સ્વપ્નો જુઓ, નાનકડી શરૂઆત કરો અને તે અત્યારે જ કરો.

મનુષ્યની જીવંતતા વિશે ત્રણેય વચ્ચે થોડી ચર્ચા થયા બાદ ધનિકે કહ્યું, ઘણી વાર હું ખૂબ થાકી ગયો હોઉં તેવા સમયે સ્પેલબાઇન્ડરે મારી જિંદગી બચાવી હતી અને તમને જે આ શિક્ષણ આપી રહ્યો છું તેમણે પણ મને અદ્ભુત મદદ કરી હતી.

ઊંડો શ્વાસ લઈને ધનિકે આગળ ચલાવ્યું. મારી પ્રતિભાશાળી શક્તિઓ સમયની સાથે સાથે ધોવાઈ હતી. મારી સર્જનાત્મકતા અસ્થિર હતી – મારી અસરકારકતાની જેમ જ. એ વખતે મને સમજાયું હતું કે મારી કંપની મને વિચારવા માટે નાણાં ચૂકવે છે. નવાં ઉત્પાદનો અને નવીનતાઓ માટે દૃષ્ટિકોણ અને વિચારણા કરવા, જે વિશ્વભરના ગ્રાહકોને ભારે મૂલ્ય પ્રદાન કરતા હોય, તેનું મને વળતર મળે છે. પરંતુ ત્યારે તે વાત મને સમજાઈ ન હતી. તે સમજવામાં સ્પેલબાઇન્ડરે મને મદદ કરી હતી. તેમણે મને શ્રેષ્ઠ પરફૉર્મન્સના બે ચક્ર વિશે સમજાવ્યું હતું અને મને તેનો તાકીદે અને કાયમ માટે અમલ કરવા આગ્રહ કર્યો હતો. પણ દોસ્તો ત્યારે હું તેમની સાથે આ બાબતે ઝઘડી પડ્યો હતો! આરામ કરવો અને અટકવું તે મારા સ્વભાવની વિરુદ્ધ હતું. હવે હું મારી શક્તિઓને અસરકારક કરવા માટે જરૂરી આરામ લઉં છું.

ઉદ્યોગકારે કહ્યું, જો હું કાર્યરત ન હોઉં તો હું અપરાધભાવ અનુભવું છું, જાણે હું કંઈક ખોટું કરી રહી હોઉં.

સ્વ-સંભાળ એ સ્વ-પ્રેમ માટે જરૂરી છે, ધનિકે કહ્યું. વિશ્વકક્ષાના પરફૉર્મન્સ માટે સંતુલન ખૂબ જ જરૂરી છે. દિવસ-રાત કામ કરવાથી હું વધુ કાર્યક્ષમ નહી બનું પરંતુ તે મને ઊલટાનો થકાવી દેશે અને મને તરંગી બનાવશે. માટે હવે હું આરામ માટે પણ સમય ફાળવું છું. મારી સુવિધા માટે, માઉન્ટેન બાઇક રાઇડિંગ માટે, પુસ્તકો વાંચવા માટે, ઉત્તમ વાઇન માણવા માટે, મને ગમતી પ્રવૃત્તિઓ માટે સમય ફાળવું છું. આશ્ચર્યજનક રીતે, આ પદ્ધતિ અમલમાં મૂક્યા પછી, મારી સર્જનાત્મક શક્તિ, નિર્માણશક્તિ અદ્ભુત રીતે વધી હતી અને પરિણામો આકાશને આંબતાં મળવા લાગ્યાં હતાં. એકદમ ગહન વાત :હું ઓછું કામ કરું છું, આનંદ વધુ માણું છું અને આ રીતે વધુ કાર્યો કરું છું.

મિ. રિલેએ પોતાની બૅકપેકમાંથી એક સફેદ વસ્તુ બહાર કાઢી તેમાં એક બોટમાં બેઠેલા આલ્બર્ટ આઇન્સ્ટાઇનનું દૃશ્ય હતું, જે આવું કંઈક હતું, -



ધનિકે પોતાનું વક્તવ્ય આગળ ધપાવ્યું. મિત્રો, આનંદ મેળવવો તે તમારા ક્ષેત્રમાં આગળ વધવા, જીવનને ઊંચે લઈ જવા અને જગતને પ્રેરણા આપવા માટે મહત્ત્વનું છે, દુનિયાના તમામ મહાન લોકોમાં એક સામ્ય હતું, તમે જાણો છો?

અમને કહો, પ્લીઝ. ઉદ્યોગકારે પૂછ્યું.

ધનિકે પોતાની છાતી પર હાથ મૂક્યા અને સ્વગત ગણગણવાનું શરૂ કર્યું.

આ દિવસ અમૂલ્ય છે. દુનિયાનાં તમામ નાણાં તેને ફરી પાછો નહી લાવી શકે અને તેને હું કબજામાં લઉં છું, તેની સુગંધ માણું છું અને તેનું સન્માન કરું છું.

આજના દિવસે, હું મારા મનમાં મહાન સ્વપ્નો ભરી દઉં છું જેથી ગૌણ શંકાઓ માટે તેમાં જગ્યા ન રહે. હું મારી 'ન થઈ શકે' તેવી ભાવનાને બદલીને ત્યાં 'થઈ શકે' તેવો આત્મવિશ્વાસ ભરું છું અને મને યાદ છે કે મારો મહાન વિકાસ મારી ક્ષમતાની ધાર પર છે.

આજના દિવસે, હું મને યાદ કરાવીશ કે જ્યાં સુધી મારું લક્ષ્ય, મારી ઘેલછા ન બની જાય ત્યાં સુધી મારી શક્તિઓને અપાર કીર્તિ નહી મળે અને મારી સેવાની ભૂખ મારા આત્માની અસલામતીને પાર કરી જાય ત્યાં સુધી, હું આ કીમતી કલાકોને કોઈને મદદરૂપ બનવાની મહાન તક ચૂકી જઈશ.

> આ દિવસે, હું મારી નકલી ખાનદાનીથી દૂર રહેવા માટે મારામાં ફરીથી ભક્તિ જગાવીશ, પ્રમાણિક-નમ્ર રહીશ – બંને પગને ધરતી સાથે જોડી રાખીશ. સમાજ તેમજ ખરાબ તત્ત્વો મારા પર પથ્થરો ફેંકશે તો તેમના આ ખરાબ વર્તન સામે હું દયા અને પ્રેમથી જવાબ આપીશ – પછી ભલે તેઓ તેને લાયક ન હોય. ટીકાકારો મારી હાંસી ઉડાવશે – જેમ નાનપણથી જ મારી સાથે થઈ રહ્યું છે – તો તેમણે ફેંકેલા પથ્થરો હું લઈ લઈશ અને તેમાંથી મહાન સ્મારકો રચીશ અને જો કોઈ મને વિચિત્ર કહેશે, જેમ તેઓ કાયમ કહે છે, તો હું મારા હૃદયના ડહાપણમાં ડૂબી જઈશ જે મિસફિટ, વિચિત્ર અને તરંગી લાગે છે પણ આપણા વિશ્વને બદલી શકે છે. અલગ બનવું એ ખરેખર અદ્ભુત છે, તરંગી બનવું એ તેનો પાયો છે.

થોડી વાર અટક્યા પછી ધનિકે કહ્યું, આ શબ્દો ખરેખર સર્જનાત્મક છે. તમે જાણો છો. અસંકલિત હીરોઇઝમના શબ્દો બોલો, આશાવાદનો ઉપદેશ આપતા શબ્દો બોલો, શક્તિભર્યાં વાક્યો અને નેતાગીરીના શબ્દસમૂહ અને નિરંકુશ પ્રેમ વિશે બોલો. દરરોજ સવારે હું મારા શબ્દોને બારીકાઈથી મૅનેજ કરું છું.

ધનિકે છોડવાં તરફ જોયું અને કહ્યું, તમામ મહા-વિભૂતિઓએ ખીલવાનો આનંદ લીધો છે. તેઓ સમજતા હતા કે રિક્વરીનો સમય, એ ખરો આનંદ છે. તે તમામ લોકો પાસે તેમની નવરાશના સમય માટે એવી પ્રવૃત્તિઓ હતી કે તેઓ ફરીથી પોતાને રિચાર્જ કરી લેતા હતા. આઇન્સ્ટાઇનને નાવ કે જહાજમાં ફરવું ગમતું હતું, એરિસ્ટોટલ અને ચાર્લ્સ ડિકન્સ દરરોજ ચાલવા જતા હતા, હોલિવુડ સુપરસ્ટાર મેરિલ સ્ટ્રિપને ગૂંથણકામનો શોખ હતો, સ્ટિવ વોઝનૈક પોલો રમતા હતા, બિલ ગેટ્સ બ્રિજની રમતમાં માસ્ટર હતા અને સરગેઇ બ્રીન ઊંચાઈએ દોરડા પર સંતુલન કરવાના શોખીન હતા. કામ સિવાયનો સમય એ સમયનો બગાડ નથી, તે ખરેખર જરૂરી છે, તે અનેકવિધ યુક્તિઓની વિકસવા માટે જગ્યા આપે છે જે તમને ભાગ્યવાન બનાવે છે. માટે વધુ પરિણામ માટે ઓછું કામ કરો. પ્રતિભાશાળી કાર્યો માટેનાં બે ચકરો એ આ છે.

કલાકારે કહ્યું, હું ૬૦/૧૦ મેથડનું મહત્ત્વ સમજ્યો છું. હું ધારું છું કે તેનો અર્થ એ છે કે આપણે દર અઠવાડિયે થોડા દિવસનો બ્રેક લેવો જોઈએ.

તમારી પાંચ નૈસર્ગિક શક્તિઓને રક્ષણ આપવા માટે તે જરૂરી છે. ધનિકે કહ્યું. ઉચ્ચ કક્ષાના રમતવીરો પાસે પોતાના ક્ષેત્રને પ્રાધાન્ય આપી તેનો લાભ ઉઠાવવાની બાબત સમજવાની શક્તિ હોય છે માટે જ તેઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે. સ્પષ્ટ રીતે કહું તો, ઓછામાં ઓછા બે પૂરા દિવસ માટે બ્રેક લો. કોઈ ટૅક્નોલૉજી નહી. સ્પેલબાઇન્ડર તેને 'ઝીરો ડિવાઇસ ડેઝ' કહે છે. પૂર્ણ રિક્વરી અને દરેક ક્વાર્ટરમાં વધુ સમય ફાળવો. દાયકાઓથી જૂન, જુલાઈ અને ઑગસ્ટમાં હું વૅકેશન માણું છું. હું દરિયામાં જાઉં છું, ઊંઘું છું, વાંચું છું, તરું છું, મિત્રો સાથે મજા કરું છું, મારી પુત્રી સાથે મજા કરું છું અને જીવનના શ્રેષ્ઠ અનુભવો મેળવું છું. તમે લોકો કદાચ આટલો વધુ સમય ન આપી શકો. પણ હું એટલું કહીશ કે મારા આ વૅકેશનના ગાળા દરમિયાન હું

મારા શ્રેષ્ઠ વિચારો, યોજનાઓ અને અંતર્દૃષ્ટિ કેળવું છું. હું પરત આવું છું ત્યારે વધુ પ્રેરણાથી ભરપૂર, જીવંત અને ઝનૂનભર્યો હોઉં છું.

મિ. રિલેએ કહ્યું, સ્વર્ગ કોઈ ગૂઢ કે આધ્યાત્મિક જગ્યા નથી કે તેને મેળવવાની તમે ઇચ્છા ન રાખી શકો. તે એવો વિસ્તાર નથી જ્યાં માત્ર સાધુ-સંતોને જ પ્રવેશ મળી શકે. મેં શોધી કાઢ્યું છે – મિત્રો મેં જે રંગીન અને મધુર જીવન પસાર કર્યું છે – તે પૃથ્વી પરના સ્વર્ગ પ્રકારનું જ છે. તેને કોઈ પણ રચી શકે છે.

હું ખરેખર મારા જીવનને એક આશીર્વાદ માનું છું, હું લગભગ જાદુમાં જીવું છું. ધનિકે કહ્યું.

જાદુ? કલાકારે પૂછ્યું.

હા જાદુ, ધનિકે સહમતી આપતાં કહ્યું અને ઉમેર્યું, જીવંતતા ન અનુભવાય તેવી સફળતા એ સફળતા નહી પરંતુ સૌથી મોટી હાર છે.

ધનિકે આગળ કહ્યું, જ્યારે હું હંમેશાં મારી કંપનીઓના વિકાસ અને મારાં વ્યાપારી હિતોના વિસ્તરણ વિશે જુસ્સો જાળવી રાખું છું – મોટેભાગે હું કેટલો દૂર જઈ શકું છું અને પરોપકારનાં કામોને વધુ સક્ષમ બનાવવા ત્યારે હું આશ્ચર્યજનક રીતે જીવનના જાદુને માણવા માટે એટલો જ સમર્પિત હોઉં છું.

હું મારા કામને ખૂબ જ પ્રેમ કરું છું અને હું મારાં ઘર, મારી વસ્તુઓ અને જે જીત્યો છું તે ચીજોમાં ખૂબ જ આનંદ કરું છું. પણ મારે આમાંથી એકેયની જરૂર નથી. વિશ્વકક્ષાના વેપારી તરીકેની મારી એક પ્રતિષ્ઠા છે. પણ હું તેનાથી ઓળખાતો નથી. હું આમાંના એકેય સાથે 'એટેચ્ડ' નથી. જેમ જેમ હું મોટો થતો ગયો તેમ તેમ હું દુનિયાદારીનો આનંદ મેળવતો રહ્યો છું, પણ મારે મારી આંતરિક ખુશી અને શાંતિ માટે તેની કોઈ જરૂર નથી. હું આવ્યો જ એટલા માટે છું કે બધા જ મોટા ખેલ જોઈ શકું, એક રમતની જેમ.

ધનિકે વધુમાં કહ્યું, મારી વસ્તુઓનો હું માલિક છું પણ તે મારી માલિક નથી અને આ દુનિયામાં ખેલમાં હું પણ ભાગીદાર છું, એટલે હું પણ તેની જંગલિયતને પૂજું છું, અંજાઈ જઈને નહી પરંતુ શાબ્દિક-સ્વાભાવિક રીતે – જેમ કે આ ફ્રેન્સચોકની અલૌકિક એવી ખીણમાં કુદરતી આશ્ચર્યોને હું માણું છું એ મારી પ્રતિભાનાં 'બે ચક્રો'ના મૉડલનો એક ભાગ જ છે. જીવનને પૂરી રીતે માણવા માટે હું સમય બનાવું છું.

ધનિકે કહ્યું, હે ભગવાન, જીવન કેટલું સુંદર છે. તેની સુંદરતા અને આશ્ચર્યોને માણવાની એક પણ તક ચૂકશો નહી. તે તમારા માટે પણ છે – ભલે તમે ગમે તેવી માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હો. જુઓ, આપણે, ઉધાર મેળવેલા સમયમાં જીવી રહ્યા છીએ અને જીવન પવનના સુસવાટાની જેમ પસાર થઈ જાય છે. તમે તેને

સમજો તે પહેલાં તો તમે વૃદ્ધ થઈ જશો, કદાચ તમારાં પૌત્ર-પૌત્રી સાથે રમી રહ્યા હશો.

મિ. રિલેએ કહ્યું, યુટોપિયા, શાંગ્રિ-લા, નિર્વાણ અને ધરતી પરનું સ્વર્ગ એ માત્ર શબ્દો છે, ફરવા જવા માટેનાં સ્થળો નથી. તમારી આંતરિક શક્તિઓ અને કુદરતે તમને આપેલી કુશળતાઓને જ્યારે તમે અંદરથી જગાડશો ત્યારે તમે જીવનના જાદુને માણવાનું શરૂ કરશો, અને ત્યારે પણ જ્યારે તમે નાનકડી એવી પણ દૈવી કૃપા બદલ આભારી થવાનું ચૂકશો નહી ત્યારે. જ્યારે તમે આ પ્રકારના જાદુગર બનવાનું શરૂ કરશો ત્યારે ચમત્કારો માટેનું તમે ખુદ એક આકર્ષણ બની જશો.


ધનિક ગૂઢ વાતો કરી રહ્યા છે અને વિષયાંતર કરી રહ્યા છે, ઉદ્યોગકારે મનોમન વિચાર્યું.

ધનિકે કહ્યું, પૃથ્વી પરનું સ્વર્ગ, મારું જીવન સુંદરતાનું એક સ્થિર ઝરણું છે. તમે જાણો છો? અને મેં એ જાણ્યું છે કે તેને ઢગલાબંધ નાણાં સાથે ઓછી લેવાદેવા છે. તેનું તાત્પર્ય સંતોષ સાથે છે, નાની નાની વસ્તુઓ-ઘટનાઓ સાથે છે. દાખલા તરીકે ગઈ સાંજે, મને મારા ઉત્સાહે જે રીતે પ્રેરણા આપી હતી. લાંબા સમય સુધી કુદરતી વાતાવરણમાં રહેવાની સાથે તેને નિસબત છે, આ વાઇનયાર્ડ જેવા. અથવા તો જંગલમાં વૉકિંગ, પર્વતો પર ચઢાણ, દરિયાની પાસે રહેવું, ઉજ્જડ રણમાં ભટકવું જેવી પ્રવૃત્તિઓ સાથે છે. તે કોઈ માટેના આદરયુક્ત ભયમાં છે, જે આશ્ચર્ય અને વૈભવ દરેક મનુષ્યમાં હોય છે જેમ કે તમે આર્ટ ગૅલેરીમાં જાવ છો અને પ્રતિભાશાળી કલાકારોને આડકતરી રીતે પોતાનો માઇન્ડસેટ, હાર્ટસેટ, હેલ્થસેટ અને સોલસેટ વિકસાવવા દો છો. તેને તાજું ભોજન ખાવા સાથે પણ નિસબત છે, જે લોકો સાથે તમે ખુશ થતા હો તેના હાથે સાદગીપૂર્ણ રીતે બનાવ્યું હોય તેવું. જાદુઈ દુનિયામાં પ્રવેશવા માટે તમારે તમારા ભૂતકાળને છોડવો પડશે, વર્તમાનને વળગવું પડશે અને જ્યારે તમે બાળક હતા ત્યારે તમારામાં જે નિર્દોષપણું, કલ્પનાશક્તિ અને ઉત્સાહ હતા તે ફરીથી જાગૃત કરવા પડશે. પુખ્ત લોકો એ બગડેલાં બાળકો છે. પૃથ્વી પરનું સ્વર્ગ કુદરતી રીતે તમારા હૃદયમાં જ છે. તમારામાં જો તેને ફરીથી ખોલવાની હિંમત અને આવડત હોય તો. જ્યારે તમે બાળક હતા ત્યારે આ કરતા હતા.

કલાકારે જણાવ્યું, પિકાસોએ એક વાર કહ્યું હતું- રફાએલની જેમ દોરતાં મને ચાર વર્ષ લાગ્યાં હતાં, પણ એક બાળકની જેમ ચિત્ર દોરતાં જિંદગી વીતી ગઈ. વધુ નિર્દોષતા તરફ પાછા ફરવાથી જીવનમાં જાદુ ઉમેરાય છે તે વાત સાથે હું સંમત છું.

ધનિક અટક્યા, તેમણે 'ચેનિન બ્લાન્ક' લખેલા એક બોર્ડ પાસે નીચે બેસીને જમીન પર એક લર્નિંગ મૉડલ દોર્યું, એ કંઈક આવું દેખાતું હતું, -

આનંદનું જીપીએસ



ધનિકે કહ્યું, હમણાંથી હું સ્વર્ગસમી મધુર હવા માણી રહ્યો છું. તમારી પાસે તે ન હોય તો તમે માત્ર તેનાં વખાણ કરી શકશો. જેમ હું કહી રહ્યો છું તેમ આ જીવનનો વિકાસ છે. તમારી સામે જ છે. કોઈ પણ તેને મેળવી શકે છે. આપણે બધા જાદુગર જેવા બની શકીએ છીએ. પણ હું જે કહી કહ્યો છું તે ઉચ્ચ કક્ષાની વાસ્તવિકતા અનુભવવા – ખરેખર તે મેળવવા માટે – તમારે દુનિયાથી અળગા થવું પડશે. સમાજના નિયમો અનુસાર તમે જીવો અને કશુંક વેચી પણ શકો, પરંતુ તેમ છતાં વારંવાર નિરાશ થાવ એવું બને. આમ, તમે ખરેખર તેને મેળવતા જ નથી. કારણ કે મોટાભાગના લોકો જે રમત જીવે છે તે એક ભ્રમણા છે – જાણે ચાલી રહેલું સ્વપ્ન – ઘણા લોકો તેમના શ્રેષ્ઠ દિવસોની સુંદર સવારને વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં ડોનેટ કરે છે જેમ કે તેઓ સ્વાર્થ વગર જ નાણાં મૂકે છે. તેમના માટે નફા કરતા લોકો, લોકપ્રિયતા કરતા અખંડિતતાને ગણે છે. કુટુંબમાં વ્યસ્ત સિદ્ધિઓ કરતા પ્રેમને મહત્ત્વ આપે છે અને વર્તમાનના મૂળભૂત ચમત્કારોને પ્રેમ કરે છે.

ધનિકે આગળ કહ્યું, આ જાદુમાં તમે તમારા આનંદરૂપી GPS દ્વારા પ્રવેશો છો. સતત વધી રહેલા આનંદની અનૂભૂતિને જાણવા માટે, વિશ્વાસ જે તમને ખુશી આપે છે. તમારું હૃદય જાણે છે કે તમારે ક્યાં રહેવું જોઈએ. તે તમારા મગજ કરતાં ઘણું વધુ

શાણપણ ધરાવે છે. પ્રેરણા, બુદ્ધિ કરતાં વધુ જાણે છે અને અંતઃપ્રેરણા કારણ કરતાં વધુ ચાલાક છે, તે ચોક્કસ છે. આપણી આસપાસના વાતાવરણે શીખવ્યું છે તે આપણી બુદ્ધિશક્તિ છે, તે મર્યાદિત છે. તે તર્ક અને ભૂતકાળના અનુભવો પર આધારિત છે. તમારો સાર્વભૌમ આત્મા વધુ જાણે છે. તે સંભવિતતા પર ચાલે છે, વ્યવહારુપણાથી નહીં. તે સ્વપ્નદ્રષ્ટા છે, તે અખૂટ છે.

ઉદ્યોગકારે કહ્યું, આ મુદ્દો પૂરેપૂરો સમજાતો નથી.

તમારા આનંદને અનુસરો. મિ. રિલેએ કહ્યું. તેવા લોકોની આસપાસ જ રહો જે તમારો ઉત્સાહ વધારે. એવાં કામો જ કરો જે તમારો આનંદ વધારે. એવાં સ્થળો પર જ જાવ જ્યાં તમને સૌથી વધુ જીવંતતાની અનુભૂતિ થાય. જુઓ હું જાણું છું કે આ પદ્ધતિ અનુસાર જીવવું મુશ્કેલ છે. માટે આગળ વધવા માટે ફ્રેમવર્કને એક આદર્શ બનાવો અને જે પણ મેં શીખવ્યું તે તમામને આદર્શ ગણો. આ એક પ્રક્રિયા છે – પ્રસંગ નહીં. તેમાં સમય લાગશે. પરંતુ આ મૉડલ વિશે જાગૃતિ કેળવવાથી શરૂઆત થશે અને તમે તમારા આનંદને GPS તરીકે પરવાનગી આપશો.

જીવનના સાર તરીકે આ જાદુ રહે છે. હું તેને ખૂબ પ્રેમ કરું છું. તે મારામાં અદ્ભુત શાંતિ ભરે છે એવી શાંતિ મેં દુનિયાની કોઈ પણ ભૌતિક વસ્તુમાં ક્યારેય માણી નથી અને સફળ અને આત્મપૂર્ણ બનવા વચ્ચેના સંતુલનનું આ મહત્ત્વ છે. ધનિકે પુનરાવર્તન કર્યું. તમારું હૃદય તમારા મગજ કરતાં વધુ શાણપણ ધરાવે છે. તે જાણે છે કે તમારે ક્યાં હોવું જોઈએ, તેને અનુસરો, તેનો વિશ્વાસ કરો, અને તમે જાદુને શોધી કાઢશો.

હંમેશની માફક ધનિકે પોતાનો હાથ ઊંચો કર્યો અને વાઇનાર્ડમાંથી એક સહાયકે આવીને એક ચાંદીનો પાવડો તેમને આપ્યો.

ધનિકે તે પાવડા વડે ખોદવાનું ચાલુ કર્યું. થોડી જ વારમાં તે કોઈક ધાતુ સાથે અથડાયું હોય તેવો અવાજ થયો. જમીનમાંથી એક બૉક્સ નીકળ્યું.

કલાકાર અને ઉદ્યોગકારના આશ્ચર્ય વચ્ચે તે બૉક્સ ખોલવામાં આવ્યું. તેની અંદર ૧૧ મૅજિક ચાર્મ હતા, દરેક સાથે એક પત્ર જોડવામાં આવ્યો હતો.

ધનિકે પોતાની સાથે જ વાત કરવાનું શરૂ કર્યું. હું બધી વસ્તુઓનો એક ભાગ છું. બ્રહ્માંડની અપૂર્વ શક્તિ મારી અંદર છે. મેં જે સક્રિય શ્રદ્ધા, સકારાત્મકતા, આશાવાદ અને હેતુપૂર્વકની ધારણા સાથે મેળવવા ઇચ્છ્યું, તે મારી તરફ આવવા નીકળી ચૂક્યું છે, અને જે મેં ઇચ્છ્યું એ મારી પાસે ન આવે તો તેનાથી પણ સારું મારા તરફ આવતા માર્ગ પર નીકળી ચૂક્યું છે. મને ખબર છે આ માન્યતા સાચી પડવાની છે, દુનિયાની તમામ જાદુઈ શક્તિ ધરાવતી પ્રતિભાઓ પણ તે જાણે છે.

કલાકાર અને ઉદ્યોગકાર હજુ આશ્ચર્યમાં હતાં, આ બધું શું છે? કલાકારે પૂછ્યું.

હું મારા પોતાના એક યોગદાનનો ઉપયોગ કરી રહ્યો છું. ધનિકે કહ્યું અને ઉમેર્યું, તમે ત્યાં સુધી જાદુ ન કરી શકો જ્યાં સુધી તમે જાદુગરો જેવી તેજસ્વી કલાનો ઉપયોગ કરવાનું શીખી ન લો.

બૉક્સને જમીનમાંથી બહાર કાઢવામાં આવ્યા બાદ ધનિકે કહ્યું. આ ૧૧ મૅજિક ચાર્મ્સ તમને યાદ અપાવશે જે દાયકાઓથી મારા આર્થિક ભાગ્યને ચમકાવવા અને સુંદર જીવન માણવા માટે ઉપયોગ કરી રહ્યો છું. જેમ મેં કહ્યું હતું કે મારા દિવસોએ મને એક સુંદર અને સ્થિર ઝરણું બક્ષ્યું છે, કદી ન અટકે તેવાં આશ્ચર્યો આપ્યાં છે. પૃથ્વી પરનું સ્વર્ગ આપ્યું છે, અને હું ઇચ્છું છું કે તમે બંને પણ એ જ રીતે જીવો. અદ્ભુત વાત એ છે કે કોઈ પણ વ્યક્તિ આવું કરી શકે છે. પણ બહુ ઓછા લોકો તે માટેની કળા જાણે છે અને સાથે જોડવામાં આવેલો દરેક પત્ર, જે મેં તમને શિખવાડી એ બાબતોને યાદ અપાવશે. તે એક પ્રકારની યાદી છે.

પહેલો ચાર્મ, એક અરીસો હતો, તેના પર લખ્યું હતું :

ધનિકનું સૂત્ર #૧

દુનિયા સામે જાદુ કરવા માટે તમારી અંદર જાદુ જગાવો.

અરીસામાં જુઓ. તમારો તમારી સાથેનો સંબંધ, તમારા દુનિયા સાથેના સંબંધ અંગેનું ભવિષ્ય વર્ણવે છે. યાદ રાખો, શાંતિ અને એકાંત એ તમારી મૂળ ઇચ્છા છે – અને આ શાંતિમાં જ સ્વ-જાગૃતિ વિકસે છે. ફ્રેન્ચ ગણિતજ્ઞ બ્લેઝ પાસ્કલે લખ્યું હતું – માણસની મુશ્કેલીઓનું મૂળ તેના એકલા શાંતિપૂર્વક બેસવાની વૃત્તિનો અભાવ છે. તમારી જટિલ જરૂરિયાતોને મુક્ત કરો અને સ્થિરતામાં તમારી જાતને ઝબોળો, જે માત્ર વહેલી સવાર જ પ્રદાન કરી શકે છે, જેના દ્વારા તમે ફરીથી તમારી જાતને ઓળખી શકશો. કારણ કે એકાંતથી પલાયન એ ખરેખર તો તમારી આઝાદી-મુક્તિ છે.

દરરોજ જાદુઈ જીવન જીવવા માટે, સ્થિરતા વધારો, જેથી તમારું જીવન સમૃદ્ધ બનશે. માટે તમારી અંદર રહેતી પ્રતિભાને સાંભળવાનું શરૂ કરો. તમારી આરામની પળોમાં તમે કોણ છો તે જાણવા મળશે. તમારામાંના શ્રેષ્ઠને તમે નવેસરથી ચકાસશો, સર્જનાત્મકતાથી ભરપૂર, સામર્થ્ય, અજેયતા અને બિનશરતી પ્રેમ તેમાં જોવા મળશે. શાંતિના આ અભયારણ્યમાં તમે વધુ એક, હાલના સમયમાં જે અલભ્ય છે તે મેળવવા સક્ષમ બનશો :તમારા જેવા બનવા માટે સમય કાઢશો અને જેટલું વધુ કરશો તેટલું વધુ તમે જાણી શકશો કે જીવન કેવી રીતે કામ કરે છે. તમારી માન્યતાઓ, જે મોટેભાગે સામાજિક બંધનો હોય છે તે અને સાચી હકીકતો વચ્ચેનો ફરક સમજવા લાગશો. સાથે

જ તમારી પ્રેરણાનો વિશ્વાસપાત્ર અવાજ અને ભયની ઘોષણાઓ વચ્ચેનો ફરક પણ તમે જાણશો. એકાંતમાં તમે વિક્ષેપ ઊભી કરનારી પ્રેરણા પણ મેળવશો જે તમારા ક્ષેત્રમાં પરિવર્તન લાવશે. હું જાણું છું કે તમને આ વિચિત્ર લાગશે પણ તમારી અંદરની આ શાંતિ છે, તમે ખરેખર વૈકલ્પિક વાસ્તવિકતાની યાત્રા પર જાઓ છો, તેમાં સ્વપ્નદ્રષ્ટાઓ- જેવા કે નિકોલા ટેસ્લા, આલ્બર્ટ આઇન્સ્ટાઇન, ગ્રેસ હોપર, થોમસ એડિસન, જ્હોન ડી.રોકફેલર, મેરી ક્યૂરી, એન્ડ્રુ કાર્નેગી, કેથરિન ગ્રેહામ, સેમ વોલ્ટન, રોસાલિન્ડ ફ્રેન્કલિન અને સ્ટિવ જૉબ્સ સહિતના અનેક મહાનુભાવોએ ઘણો બધો સમય વિતાવ્યો હતો. તમે એવું શા માટે વિચારો છો કે મહાન વૈજ્ઞાનિકો, શોધકો, ઉદ્યોગપતિઓ અને કલાકારોએ એકાંત મેળવવા શા માટે પ્રયત્નો કર્યા હતા? મેં તમને કહ્યું હતું કે લાંબા ગાળાનું શાંત મનન એ તંદુરસ્ત મનનાં રહસ્યોમાંનું એક છે. છેવટે, તમે એક માત્ર વ્યકિત છો જે તમારું આખું જીવન તમારી સાથે રહેશે. શા માટે તમારી સાથેના તમારા સંબંધોને મજબૂત નથી બનાવતા, પૂર્ણ રીતે તમને પોતાને ઓળખીને તમારા આ સૌથી ઉમદા પ્રકાર સાથે જીવનભરનું લવ અફેર કેમ નથી કરતા?

~

બીજો મૅજિક ચાર્મ ફૂલનો એક પ્રકાર હતો. તેની સાથેનો પત્ર ધનિકે તેમના શિષ્યોને વાંચવા માટે આપ્યો :

ધનિકનું સૂત્ર #૨

ભૌતિક વસ્તુઓથી ઉપર ઊઠીને ચમત્કારિક અનુભવો એકત્રિત કરોઃ

દુનિયાએ તમને બોજ આપ્યા છે, તમને સખત બનાવી દીધા છે. એક બાળક તરીકે તમારી પ્રેરણાએ તમને સ્નોફ્લેકની ચમત્કારિક જગ્યા શોધતાં શિખવાડ્યું હતું, કરોળિયાનાં જાળાંમાં ભાગ્ય શોધતાં અને પાનખરની રંગીન સવારે ખરી રહેલા પાનને ઝીલતાં શિખવાડ્યું હતું. પ્રયત્નો, વસ્તુઓ મેળવવા માટે નહી પણ તેની શોધખોળ કરવા માટે હતા. એવા લેન્સને સ્વિચ કરવા માટે જેના દ્વારા તમે જીવન જુઓ છો, તે સામાન્ય લાગે છે જે કોઈને અસાધારણ લાગે છે તે બાબત ચમત્કારો સર્જવાની તમારી ક્ષમતાને વધારે છે અને તમારી યુવાનીમાં તમે જે જાણતા હતા તે, ખોવાયેલી શુદ્ધતા સાથે તમે ફરી જોડાવ તે પહેલાં સમાજ તમને એ મૂલ્યવાન આનંદ કરતાં વસ્તુઓ અને નાણાં વધુ મહત્ત્વનાં હોવાની તાલીમ આપે છે. ખૂબ હસો, નિયમિત નાચો, અને સતત રમતો રમો. પ્લીઝ.

ભવિષ્ય રહસ્યમય રીતે સારી બાબતોનાં વચનો સાચવે છે. રાતોરાત ગમે તે થઈ શકે છે. રહસ્યવાદી ફ્લોરેન્સ સ્કોવેલ શિને કહ્યું હતું- આશ્ચર્યો અને ચમત્કારો પ્રત્યે વધુ જાગ્રત રહો એવી રીતે કે તે તમારા દિવસનો કબજો લઈ લેઃકોમળ હવા વચ્ચે

બગીચામાં ખિસકોલીઓ એકબીજા પાછળ દોડે છે, આ સંગીત તમને લાગણીશીલ બનાવી દે તેટલું સરસ છે અને તમે રાજવી રીતે રહેવાનું શરૂ કરશો અને તમારી શક્તિઓને અસીમ ઊંચાઈએ લઈ જઈને તમારી દરેક સવારને જાદુઈ બનાવી શકશો. મોટી વાર્ષિક આવક કે મોટા નફા માટે કે તમારા શ્રેષ્ઠત્વને અને તમારા જીવનની ગુણવત્તાનું ક્યારેય બલિદાન ન આપશો. સૈકાઓથી અદ્ભુત જીવનની વ્યાખ્યા નક્કી કરતાં તત્ત્વો યથાવત રહ્યાં છે:તમે આગળ વધી રહ્યા છો અને તમારા સંભાવ્યનું મૂલ્યાંકન કરી રહ્યા છો તેવી ભાવના, તમારા શ્રેષ્ઠ નિર્માણને બહાર લાવે, જે માનવતા માટે પણ મહત્ત્વની હોય તેના માટે સક્રિય કામગીરી, સકારાત્મક લોકો સાથે મજબૂત જોડાણ જે તમારી આનંદની લાગણીને ઉપર ઉઠાવે અને તમારી ભાવનાની જાળવણી કરે જ્યારે તમારી પાસે આભારવશ હૃદય સાથે તમારા દિવસમાં આગળ વધી શકે તે માટેનો સમય હોય છે.

હા, રોમમાં મેં મારી જર્નલ લીક કરી દીધી હતી. આ એ પ્રથા છે જે હું સક્રિયપણે મને મળેલા બધા સારા આશીર્વાદની પ્રશંસા કરીને હું મારી જીવંતતાને સક્રિયપણે વધારું છું. વધુ સ્પષ્ટપણે તમામ બાબતોનું મૂલ્ય કરું છું, જેટલું મારા જીવનમાં વધુ આવે તેટલું જ તેનું મૂલ્ય વધે છે.

તો, ભૌતિક વસ્તુઓના ગ્રાહક બનવા કરતાં સુંદર વસ્તુઓના સંગ્રાહક બનો. તમારા જીવનને સામાન્ય બનાવો અને જે તમારા બરાબર નાકની નીચે રહે છે તે મહત્ત્વપૂર્ણ આનંદ તરફ પરત જાવ. જેવું તમે આ કરશો કે તમે તમારી અંદરની આગને અવરોધતાં તત્ત્વો અને પરિશ્રમની ઇચ્છાને દબાવી દેતાં પરિબળો જેમાં મોટાભાગના લોકો ફસાયેલા છે તેને જીતી શકશો અને તમે જેવા આગળ વધશો કે તમે જાણશો કે તમારું જીવન કેટલું સુંદર અને અદ્ભુત છે.

અને પ્લીઝ, ખાસ યાદ રાખજો કે તમારો ભૂતકાળ જેણે તમને અત્યારે છો તે બનાવ્યા છે – તે એવો સારો સાથીદાર નથી જેની સાથે તમે વધુ સમય વિતાવી શકો અથવા એ એવો દોસ્ત નથી જેને તમારા દાગરહિત ભવિષ્યમાં લઈ જાવ. તમારા ભૂતકાળની નિરાશાઓ, દુખ અને ઘાવોને સાથે લઈને જાદુમાં પ્રવેશવું અશક્ય છે. હવે એ તમે સારી રીતે જાણો છો. હળવાશની ભાવના અને જૂનાં દુખો એકબીજાની સાથે નજર મિલાવીને ઊભાં રહી શકે નહી. માટે, તમારી જાતને સ્થિર અને અમર્યાદિત તાલીમ આપો કે તે આ ક્ષણે તમારી જાતને પૂર્ણપણે બહાર લાવે. હા, તે કામ અને ધીરજ માગે છે. આ ખૂબ જ તંદુરસ્ત અને સુંદર જીવન માટે એક 'મૂવ' છે. તમારી પાસે આ જ સમય છે અને તે દુનિયાભરનાં નાણાંથી પણ ન ખરીદી શકાય તેવું રાજ્ય છે. એક દિવસ તમે તેને જોશો.

~

ધનિકનું સૂત્ર #૩

ડરથી નિષ્ફળતા વધે છે :

નિષ્ફળતા વગરનું જીવન અશક્ય છે અને જો તમે એટલી હદે સાવચેતીથી જીવો તો એ જીવન જ નથી – તો હકીકતમાં તમે મૂળભૂત રીતે હાર્યા છો, તેમ જે.કે. રોલિંગે કહ્યું હતું.

તમારી અંદરની શક્તિશાળી ગોલિઆથ રૂપી મહત્ત્વાકાંક્ષાઓ અને કલ્પનાની વિશાળ રાક્ષસી શક્તિઓના લોકો શું વિચારશે? જો હું નિષ્ફળ ગયો તો? અને હું નવું અજમાવીશ તો લોકો મને મૂર્ખ ગણશે. તેવા બીમાર વિચારો દ્વારા અપહરણ ન થવું જોઈએ.

તમે તમારી જાતને નિષ્ફળ જવાના ભયથી પેરેલાઇઝ થવા દો અથવા તો બહાર જઈને દુનિયાને આશ્ચર્યચકિત કરી દો. પણ તમે તે બંને ન કરી શકો.

જીવનની હકીકત એ છે કે તમારી પાસે ઉત્કૃષ્ટ ભાગ્ય છે જે તમે ધ્યાન આપો તે માટે વિનંતી કરી રહ્યું છે. તમારી આવડતને દોષ દેવાનું બંધ કરો. તમારી ભવ્યતાને વિકૃત કરવાનું અને તમારા તેજને નકારવાનું છોડો અને પોતાની જાતને એવું લેબલ ન લગાવો કે કંઈક યોગ્ય રીતે બન્યું નહીં કારણ કે તમે જ નિષ્ફળતાને ઇચ્છતા હતા. આપણે બધા જાણીએ છીએ કે નિષ્ફળતાની અંદર જ એક વિશિષ્ટ તક છુપાયેલી હોય છે જે વધુ મોટી સફળતા અપાવે છે.

અને તમારા જીવનમાં વારંવાર હા કહેવાની શરૂઆત કરો. નમ્રતાથી જિવાતા જીવનને તોડી નાખતા પસ્તાવાના લશ્કરને હરાવવાની તાકાત ધરાવતું હથિયાર એટલે જ હિંમત છે.

~

તેના પછીનું મૅજિક ચાર્મ હતું એક આંગળી જેવડું પેઇન્ટ બ્રશ. તમે તમારા જીવનના એક શક્તિશાળી ઘડવૈયા છો તેવી તમારી કલ્પનાને આ બળવત્તર બનાવશે. તમારી મહત્ત્વાકાંક્ષાઓ માટે એક મજબૂત કલાકારની ગરજ સારશે. શ્રેષ્ઠ, સમૃદ્ધ, ફિટ અને આશાવાદી લોકો ખૂબ ભાગ્યશાળી હોય છે તે વાત એક જૂઠાણું છે. તમે આ મુદ્દાને સમજી શકો તે માટે મેં ખૂબ સમય ખર્ચ્યો છે. આવા લોકોએ પોતાનાં નાણાં, મજબૂતી, શ્રેષ્ઠતા અને સમાજ પર પોતાનો પ્રભાવ સ્થાપવા માટે તેમને તેમના ગ્રહોએ મદદ કરી છે તે વાત ખોટી છે. આ જુઓ. કહીને ધનિકે તે પછીનો પત્ર તેમને આપ્યો.

ધનિકનું સૂત્ર #૪

તમારી પ્રાથમિક અને આંતરિક શક્તિઓનો યોગ્ય ઉપયોગ, તમારું ખાનગી સ્વર્ગ રચે છે.

ઘણા લોકો પોતાના શ્રેષ્ઠ કલાકોમાં સંતોષની ભાવનાનો સામનો કરે છે. આના વડે, હું માનું છું કે તેઓ કહે છે કે તેઓ ખુશ છે, પણ હકીકતમાં તેઓ દુખી હોય છે. તેઓએ પોતાના તર્ક વડે, તેમનાં સપનાંઓને છેતર્યાં હોય છે. તેમની માનવીય શક્તિઓને અવગણી હોય છે અને પોતાની પાસે જે હોય તેમાં સંતોષ માની પોતાનો સમાજ પરનો પ્રભાવ, ઘટાડ્યો હોય છે. હા, તમારી પાસે છે તેનો ઉત્સાહપૂર્વક આભાર માનો. આવા લોકો પોતાનો જ વિકાસ માર્ગ અવરોધે છે અને પોતાની નૈસર્ગિક શક્તિઓને સંપૂર્ણ રીતે અવગણે છે અને પરિણામ સ્વરૂપે તેમને જન્મ સમયે જ મળેલી અનહદ શક્તિઓ અને સાર્વભૌમત્વની આશા ગુમાવે છે.

તમારા જીવનના જાદુમાં પ્રવેશવા માટે, તમારે ચાર સર્જનાત્મક સાધનો વિશે જાગ્રત બનવું પડશે જે તમારી તમામ ઇચ્છાઓને તમારાં દેખીતાં પરિણામોમાં ફેરવશે. આ ચાર સ્રોત તમને તમારા વૈચારિક જગતમાં તમારા શબ્દો, તમારા વિચારો અને તમારાં કાર્યોને ચમત્કારોનો સાક્ષાત્કાર કરાવશે. તમારા દિમાગને એવી તાલીમ આપો કે તે તમારી ખુશી અને કુશળતાની વૃદ્ધિ વિશે જ વિચાર કરે. નિયમિત રીતે શાંત વાતાવરણમાં બેસો અને, સકારાત્મક સ્વીકાર અને તમારી પાસે જે પણ છે તે અંગે ઉદાત્ત પ્રેમ અને કૃતજ્ઞતાનો અનુભવ કરો. માત્ર પ્રગતિકારક, વિશાળતા અને ઉત્સાહભર્યા શબ્દો જ બોલો, જેમ તમે મને હંમેશાં જુઓ છો અને તમારી અંદર હયાત ‘હીરો’ની સાથે તમને બળપૂર્વક જોડી રાખે તેવી જ પ્રવૃત્તિઓ કરો.

એવા લોકોનો અભ્યાસ કરો જે પોતાની આંતરિક શક્તિનો નહીવત્ ઉપયોગ કરતો હોય, તમને સ્પષ્ટ સમજાશે કે તે મુશ્કેલભરી સ્થિતિમાં શા માટે છે. તેઓ પોતાનામાં ખૂટતું હોય તેના પર વધારે ફોકસ કરે છે, નહી કે પોતાની આવડતો પર. દુનિયાના સંભાવ્યનું તેઓ વારંવાર ‘મુશ્કેલીઓ’ વિશે વાતો કરીને અપમાન કરે છે; પોતાના સંજોગોને ‘ભયંકર’નું લેબલ લગાવે છે; અને બીજાની વિશાળ સફળતા, આર્થિક સમૃદ્ધિ, ભરપૂરતા અને તેમની બીજા માટેની મદદને તેઓ પોતાના માટે અસંભવ તરીકે વર્ગીકૃત કરે છે અને તે એ સમજી શકતા નથી કે આ શબ્દો તેમની પોતાની શક્તિઓ અને શક્યતાઓને કુંઠિત કરે છે. શબ્દો ખરેખર ‘મલ્ટિપ્લાયર’ છે અને આવા અટવાઈ ગયેલા પરફૉર્મર્સ, જ્યારે તેઓ સૌથી મોટાં પરિણામોની આશા સેવતા હોય ત્યારે સૌથી ઓછું કામ કરે છે અને તેઓ જે માનવતા વિરુદ્ધ ગુનો આચરે છે તેને કોઈ જોતું નથી તેવી માન્યતામાં રાચે છે. જોકે, તેમની અંદરના મહાન જાદુગરો – તેમનું અજાગ્રત મન અને આત્મા – તે બધું જુએ છે અને તેમની પોતાની આવડતની તેમની ચોરીના સાક્ષી બને છે.

~

તે પછીનો મૅજિક ચાર્મ હતો એક નજર. એક પ્રકારની આંખ જેનો કેટલીક સંસ્કૃતિના લોકો, લોકોની બૂરી નજર અને ભૂતપ્રેતની માન્યતાઓથી બચવા માટે ઉપયોગ કરે છે. જે તમે તમારી મુસાફરી દરમિયાન તેને જોયું જ હશે.

જુઓ મિત્રો, હું કોઈ ભૂતપ્રેત કે બૂરી નજરમાં માનતો નથી. ધનિકે પોતાના શિષ્યોને કહ્યું. કદાચ થોડાક, પણ મોટેભાગે, મારા જીવનમાં, જેમ વધુ હું જાણતો થયો છું તેમ તમામ લોકો આઘાતના જુદા જુદા પ્રકારોમાંથી પસાર થાય છે. જે લોકો સહન કરે છે તે સહન કરવું પડે તેવી ઘટનાને આમંત્રણ આપે છે અને જે લોકો હંમેશાં ગૂંચવણમાં હોય છે તેઓ પોતાના માટે વધુ ગૂંચવાડો ઊભો કરતા હોય છે. તે પોતાને ઈજા પહોંચાડતા હોય છે અને જો તેમની સાથે કંઈ થાય તો ગભરાઈ જવાની એ સ્થિતિ તેમણે ઊભી કરેલી હોય છે અને જાણે તેમણે પોતાની સારપ અને મૂળ શક્તિઓ સાથેના કરારો રદ કરી દીધા હોય છે. તેમને ભયાનક કહેવા એ ઉપરછલ્લો ન્યાય છે. તાકીદની સરખામણીએ તે વધુ ઊંડું છે. આપણે અત્યાર પૂરતું તેમને વિશે આવું કહી દીધું.

ચાલો હવે તમારી વાત કરીએ. તમારી પોતાની મહત્તમ નિર્માણશક્તિ, શ્રેષ્ઠ પ્રદર્શન, અમર્યાદિત ખુશી અને માનસિક શાંતિ, તે 'ખરાબ માણસો'ને ટાળવા માટે ખૂબ જ જરૂરી છે. તેવા લોકો જે ભૂતકાળના ઘાવોને સાથે લઈને ફરે છે તેમનામાં એટલી જાગૃતિ નથી કે તેઓ તમારા પર પ્રોજેક્ટ કરી શકે. એક વાર બાર્બાડોઝ ખાતે હું વ્યાવસાયિક મુલાકાતે ગયો હતો, ત્યાં એક ટૅક્સી ડ્રાઇવરે મને આ ડહાપણનું સૂત્ર ધરાવતો ટુકડો આપ્યો હતો, જેણે મને ખૂબ જ સારી મદદ કરી હતી. એ ટુકડા પર લખ્યું હતું – ખરાબ લોકોને ટાળો.

નજર સાથેના પત્રમાં લખ્યું હતું, -

ધનિકનું સૂત્ર #૫

ખરાબ લોકોને ટાળો.

તમારાં સંપર્કો સાથેની શક્તિઓનો અંદાજ ક્યારેય ઓછો ન આંકો. 'ભાવનાત્મક સંસર્ગ' તરીકે ઓળખાતી આ ઘટના સાથે જ મગજના મિરર ન્યુરોન્સ સક્રિય થવાથી, આપણે જેમની સાથે દિવસ વિતાવીએ છીએ તેને આદર્શ બનાવીએ છીએ. તમારા જીવનને અસાધારણ રીતે ઉત્તમ, સાહસિક, તંદુરસ્ત, સકારાત્મક, નૈતિક અને અંતઃકરણપૂર્વકથી લોકોને પ્રેમ કરવાવાળું બનાવો અને સમય જતાં તમે ઉચ્ચતમ લક્ષણનું દૃષ્ટાંત બનશો. જો સંપૂર્ણ ફોકસના તમારા ટાઇટ બબલમાં વિચારોને ચોરનારા, શક્તિઓ ચોરનારા અને ઉત્સાહના લૂંટારાઓને પ્રવેશવા દેશો તો ચોક્કસ તમે તેના જેવા જ બની જશો.

મુશ્કેલીઓ ઊભી કરનારાઓને ટાળો એ જ મહત્ત્વની ચાવી છે. જે લોકો એવા નિરાશાજનક વાતાવરણમાં ઊછર્યા હોય જ્યાં સતત મુશ્કેલીઓ આવતી હોય તેઓ જાગ્રત કે અજાગ્રત રીતે જ મુશ્કેલીઓનું પુનસર્જન કરે છે. આવી સ્થિતિ તેમને પારિવારિક અને સ્વાભાવિક લાગે છે એ તેમનામાં સુરક્ષિત અને ઘર જેવી લાગણી જન્માવે છે. ડ્રામા ક્વીન્સ અને નૅગેટિવ કિંગ્સથી દૂર રહો. જો તેમ નહી કરો તો અત્યારે કે પછી તેઓ તમારામાં રહેલી સારપનું વિસર્જન કરી નાખશે અને તમારા જીવનનો નાશ કરશે. તેઓ માત્ર આવું જ કરે છે.

તમામ લોકો સાથે શાંતિપૂર્વક જોડાવ. એક પણ દુશ્મન એ આપણા માટે ઘણા દુશ્મનો જેવો છે. જીવનને પ્રભાવશાળી રીતે જીવો, જ્યારે સંઘર્ષ આવે ત્યારે ઊંચા વિકલ્પો વિશે વાતો કરો. કોઈ તમારી સાથે ખોટું કરે તો તેને સજા આપવાનું અયોગ્ય કાર્ય તેના કર્મને કરવા દો અને તમારા વિશ્વકક્ષાના જીવનને જ તમારું ધ્યેય રહેવા દો.

~

ધનિકનું સૂત્ર #૬

નાણાં એ ઉદારતાનું ફળ છે, અછતનું નહી.

દુનિયાની ઠોકી બેસાડાયેલી ફિલૉસૉફી દ્વારા ગેરમાર્ગે દોરાઈ જતા નહી. ગરીબી એ આંતરિક અવસ્થાનું પરિણામ છે, નહિ કે બાહ્ય પરિસ્થિતિનું. અલગ વિચારવું એ એવું છે કે જીવનને જાદુઈ બનાવવા માટેની તમારી ક્ષમતાઓની સોંપણી કરવી, જેના દ્વારા તમે અનેક વસ્તુઓ મેળવવાની ફરિયાદ કરો છો.

નાણાં એ ચલણ છે અને તે ઇલેક્ટ્રિસિટીની ઝડપે વહેવાં જોઈએ. હા, રોકડ એ કરંટ છે. તેનું સર્ક્યુલેટ થવું જરૂરી છે. સંગ્રહખોરી તેને તમારા વ્યવસાય અને અંગત જીવનમાં તેના વહેણને અટકાવે છે. જીવનના સફળ જાદુગરો આ જાણે છે. માટે વધુ મેળવવા માટે વધુ આપો. રેસ્ટોરન્ટ્સમાં વેઇટરોને, હોટલોમાં હાઉસકીપરોને અને ટૅક્સીના ડ્રાઇવરોને મોટી ટિપ આપો. દાન કરો. વળતરની અપેક્ષા વિના જ તમારા પરિવાર અને મિત્રો માટે સુંદર બાબતો કરો. વિપુલતા સુનામી સ્વરૂપે તમારી તરફ આવશે.

આપણામાંના ઘણા લોકો શા માટે હંમેશાં અછતમાં જીવે છે તેનું તમને આશ્ચર્ય હશે. આ સ્થિતિ આપણી નાણાકીય તંગીથી ઉદ્‌ભવે છે. આપણા અજાગ્રત મનમાં અગાઉથી આ અંગે અજાણપણે આપણે જ પ્રોગ્રામિંગ કર્યું હોય છે. આપણા વાલી, શાળાઓ અને આપણા બાળપણમાં આપણા પરના શક્તિશાળી પ્રભાવોને કારણે અજાણે આપણે આવું પ્રોગ્રામિંગ કરીએ છીએ. તેમનાં સામાન્ય નિવેદનો, જે તેમને પણ તેમના બાળપણમાં જૂઠાણા સ્વરૂપે મળ્યાં હોય છે, જેમ કે 'જે છે તેમાં ખુશ રહો' અથવા 'ધનવાન લોકો

અપ્રમાણિક હોય છે' અથવા 'પૈસા કાંઈ ઝાડ પર નથી ઊગતા' વગેરે વગેરે જવાબદાર હોય છે. આપણા કુમળા માનસમાં આ વાક્યો અભાવનાં બીજ વાવે છે, તે ઉંમરમાં માનસ પર તેની છાપ પડે છે.

ચાર પ્રકારની તાલીમે મને મારા આર્થિક સામ્રાજ્ય માટે મદદ કરી હતી, અને માટે હું તમને તેની ભેટ આપું છું- તે છે સકારાત્મક અપેક્ષા, સક્રિય શ્રદ્ધા, સતત વધી રહેલી કૃતજ્ઞતા અને એક્સ્ટ્રિમ વૅલ્યૂ ડિલિવરી. સકારાત્મક અપેક્ષાઓ વડે મારું તાત્પર્ય એ છે કે હું હંમેશાં એવું માઇન્ડસેટ રાખું છું કે મારી પાસે નિયમિત રીતે નાણાં આવે છે અને તે પણ સૌથી અણધાર્યા માર્ગો પરથી. સક્રિય શ્રદ્ધા એ છે કે એવી રીતે વર્તવું કે તે જોઈને એવું લાગે કે જીવન તમારા માટે વિપુલતાથી ભરપૂર અને ઉદાર છે. કુદરત એવી ચેષ્ટાની કદર કરે છે જ્યારે તમે તમારા મિત્રોને મોંઘી રેસ્ટોરન્ટમાં લઈ જાવ છો કે તેનું બિલ ચૂકવવાની તમારી ક્ષમતા ન હોય. અથવા જ્યારે તમારી સર્જનાત્મકતા વિકસાવવા માટે તમે કોઈ સાધન ખરીદી રહ્યા હો જેની ચુકવણી માટે તમારા વૉલેટમાં પૈસા ન હોય. હું કોઈ રીતે એવું કહેવા માંગતો નથી કે તમે દેવાના ડુંગરમાં ડૂબી જાવ. જરા પણ નહીં. વધુ પડતો ફાયદો ઉઠાવવો એ આજના જમાનામાં વિનાશક તાકાત છે. કુદરતને માત્ર દર્શાવો કે સમૃદ્ધિ તમારી તરફ આવી રહી છે અને એવી રીતે વર્તો કે તે તમારી પાસે અઢળક છે. સતત વધી રહેલી કૃતજ્ઞતા- આ બાબતે આપણી આ યાત્રા દરમિયાન ઘણીબધી ચર્ચા થઈ છે. કોઈ પણ અને કંઈ પણ માટે તમારા હૃદયને ખુલ્લું રાખો. જ્યારે બિલ ચૂકવો ત્યારે પણ ઉત્સાહ દર્શાવો, આશીર્વાદ વહાવો. કરિયાણાની દુકાન પરના કેશિયરને અને ખેડૂતને તેના ખેતીકામ માટે શુભેચ્છા આપો. તમારા ટૅક્સી ડ્રાઇવરને, સંગીતકારોને જેનું ગીત તમારા જીવનનો મુખ્ય ટ્રેક બની ગયું છે તેને શુભેચ્છા આપો. તમારા પગને આશીર્વાદ આપો જે તમને આટલા વર્ષોથી ઉઠાવી રહ્યા છે. સુંદરતાની તમને સાક્ષી બનાવતી તમારી આંખોને, તમારા હૃદયને જે તમને જીવંતતાની લાગણી કરાવે છે અને એક્સ્ટ્રિમ ડિલિવરી વૅલ્યૂ એટલે બીજાને આપવું – ટીમના સાથીઓ, ગ્રાહકો, કુટુંબના સભ્યો અને અજાણ્યા – વધુ લાભ આપો જેની તેમણે તમારી પાસેથી કલ્પના પણ ન કરી હોય. કારણ કે આપણે એ જ લણી શકીએ જે આપણે વાવીએ છીએ.

સમૃદ્ધિની જાગૃતિને વિકસિત અને ધારદાર બનાવશો તો તમારી અંગત સમૃદ્ધિ અને તમારી આવકમાં પરિમાણ લાભ ઉમેરાશે. માટે પ્લીઝ આ પાસું યોગ્ય બનાવો. આપણી સંસ્કૃતિમાં ઘણું દુખ એટલે છે કે આપણામાંથી ઘણા લોકો પાસે પૂરતાં નાણાં નથી. એવું થવાનું જ હતું માટે આ જરૂરી છે.

~

હવે પછી શું? કલાકારે આતુરતાપૂર્વક પૂછ્યું.

ધનિકે બૉક્સમાંથી દોડવાના શૂનું એક મિનિએચર કાઢ્યું, જેના પર લખ્યું હતું – કસરત એ ખરેખર એક મૅજિક ચાર્મ છે. મેં જે પત્ર તમારા માટે લખ્યો છે તે વાંચો અને તમે પણ તે માની જશો.

પત્રમાં લખ્યું હતું :

ધનિકનું સૂત્ર #૭

સર્વોત્તમ તંદુરસ્તી તમારામાં જાદુ પ્રસરાવવાની શક્તિ વધારે છે.

સવારમાં પહેલું કામ કસરત કરવાનું કરો. તે તમારી તંદુરસ્તી વધારશે અને તે તમારો પ્રાથમિક વિજય પણ હશે. આ એકમાત્ર પ્રવૃત્તિથી દિવસ દરમિયાન આશ્ચર્યો સર્જવા માટે તમારી જ્ઞાન, એનર્જી, માનસિકતા અને તમારી ભાવના કાર્યરત થઈ જશે.

જ્યારે તમે સતત દરરોજ વર્કઆઉટ કરવાનું શરૂ કરો તે પછી તમે જે દિવસે તે ચૂકી જાવ ત્યારે તમે કેવી નબળાઈ અનુભવો છો તે જાણીને તમને આશ્ચર્ય થશે. આ ટેવ પાડ્યા પહેલા તમે કેવું અનુભવતા હતા તે સમજાશે. તમે આ વિશે જાગ્રત ન હતા કારણ કે નબળી અનુભૂતિ એ તમારો સ્વભાવ હતો.

સારું આરોગ્ય એ ખરેખર સાચી સમૃદ્ધિ છે. જે લોકો આરોગ્ય ગુમાવે છે તેઓ તેને પાછું મેળવવા માટે આખી જિંદગી કોશિશ કરે છે. અસાધારણ જોશ એ પણ એક સમૃદ્ધિ વધારવાની પદ્ધતિ છે. જ્યારે તમે શ્રેષ્ઠ આરોગ્ય મેળવો છો ત્યારે ન્યૂટ્રિશનને કુશળતાની કક્ષાએ ઊજવો છો. યોગ્ય ઊંઘ લો છો અને આયુષ્ય ઘટતું અટકાવો છો. તમે નોંધશો કે તમારા સાર્વભૌમ સાથે ઐક્ય સાધવા માટે તમારામાં વિશાળ ક્ષમતા ઊભી થઈ છે. જેથી તમે વધુ પ્રતિભાસંપન્ન બનશો, તમારા વિશ્વમાં વધુ કરુણા અને ભવ્યતા ઉમેરી શકશો અને તેના કારણે તમે આર્થિક સંપન્ન પણ બનશો. સૌથી મહત્ત્વનું એ કે તમે સમાજમાં વધુ મોટો ફાળો આપનાર તરીકે સ્થાપિત થશો અને કોઈકને મદદ કરવાથી વધુ મોહક કશું જ નથી.

~

આઠમું પ્રતીક હતું, એક નાનકડો પર્વતારોહક.

NSI: (નેવર સ્ટોપ ઇમ્પ્રુવિંગ) તમારી સવારની ગુણવત્તા અને જીવનની આવડતની સુધારણાને ક્યારેય રોકતા નહી, તેમ ધનિકે કહ્યું અને ઉમેર્યું, ઉચ્ચ કક્ષાનો રમતવીર સતત પ્રગતિ કરતો રહે તે જ તેનું રહસ્ય છે. જ્યારે તમે ટોચ પર પહોંચો છો ત્યારે બીજી ટોચ તમને આમંત્રણ આપતી દેખાય છે. ખાસ કરીને, તમારા માટે મિત્રો.

તેમણે તેની સાથેનો પત્ર શિષ્યોને આપ્યો જેમાં લખ્યું હતું -

ધનિકનું સૂત્ર #૮.

તમારા જીવનધોરણને સંપૂર્ણ વૈશ્વિક-કક્ષા તરફ વધારવાનું ચાલુ રાખો.

સુખની આશા સેવવાની પદ્ધતિ, એ માનવ જ્યાં પર્યાવરણ અને જીવનનો બદલાવ સ્વીકારે છે તે માનસિક સંજોગોનું વર્ણન છે. તમે વર્ષોથી જે પગારવધારો ઇચ્છતા હતા તે મેળવ્યો, અને તેનો દિવસભર આનંદ માણ્યો હતો અને પછી તમારી આ નવી આવક તમારા માટે નવું સામાન્ય બની જશે. તમે જે આનંદ અનુભવ્યો હતો તે ગાયબ થઈ જશે. અથવા તો તમે રેલવે ટ્રેકની બાજુના ઘોંઘટિયા ઘરમાં રહેવા જશો અને થોડા સમય પછી તમને ટ્રેનોનો અવાજ સંભળાતો બંધ થઈ જશે. અથવા તો તમે તમારી ડ્રીમ કાર ખરીદો ત્યારે તે આનંદ થશે એ થોડા વખત પછી તમારા માટે સામાન્ય બની જશે. આ તમામ સુખોપવાદ અપનાવવાનાં ઉદાહરણો છે અને આપણા બધા માટે અસાધારણ ઘટના પરથી આપણી અંદર પડદો ઊંચકાય છે.

વ્યક્તિગત ધોરણોને વધારવા અને તમારા જીવનની ગુણવત્તા વધારવા માટે માનવનું એક રોગપ્રતિકારક અસ્તિત્વ. વર્ષનું દરેક ક્વાર્ટર અગાઉ કરતાં સારું બનાવો અને દરેક વર્ષ અગાઉના વર્ષ કરતાં સુંદર બનાવો. મહાન પ્રતિભાઓ આ રીતે પોતાના જીવનનું સંચાલન કરે છે.

આ પ્રકારના એક તત્વજ્ઞાને મને સારી એવી મદદ કરી હતી:વિશ્વકક્ષાનું જીવન જીવો. પોતાને અદ્ભુત અને ચમત્કારિક માનવા માટે જીવન ખરેખર ટૂંકું છે અને જો તમે તમારી સારી સેવા કરશો તો તમારા અન્યો સાથેના સંબંધો, તમારાં કામ, નાણાં અને દુનિયા સાથેના સંબંધો ઊંચા ઊઠશે, કારણ કે તમારા તમામ વસ્તુઓ સાથેના બહારના સંબંધો કોઈ મદદ નથી કરી શકતા પણ તમારા તમારી સાથેના આંતરિક સંબંધો તે કરી શકે છે. તે આવી રીતે જ કામ કરે છે.

તમે જે ખરીદી શકો તેવાં શ્રેષ્ઠ પુસ્તકોમાં નાણાં રોકો અને તમને તેનો અગણિત ફાયદો મળશે. ઉચ્ચ બુદ્ધિશક્તિ આપે તેવું ભોજન લો, તમને પોસાય તેવી લક્ઝરિયસ હોટલમાં પોસાય તેવું શ્રેષ્ઠ સલાડ લો. તમારા શહેરની શ્રેષ્ઠ હોટલમાં જઈને કૉફી પીવો. આડાઅવળા ભટકવા કરતાં, તમારા વિસ્તારમાં કોઈ પ્રોફેશનલ સ્પૉટર્સ ટીમ હોય તો તેની એક મૅચ જોવા બેસો. તમારાથી શક્ય તેટલી શ્રેષ્ઠ કાર વસાવો. દરરોજ આનંદદાયક સંગીત સાંભળો. અગાઉ મેં તમને શિખવાડ્યું હતું તેમ આર્ટ ગૅલરીઓની મુલાકાત લો, જેથી મહાન કલાકારોની કલા તમારા આત્મા પર ચિત્રિત થાય અને યાદ રાખો – હંમેશાં ફૂલોની આસપાસ રહો – મહાન સ્વપ્નદ્રષ્ટાઓ જ્યાં જાય તેવા વૈકલ્પિક વિશ્વમાં લઈ જવા તે તમને મદદરૂપ થશે. મહાન સંતો, સાધુઓ, ચિકિત્સકો પોતાની સાથે ફૂલો શા માટે રાખે છે? તમે આશ્ચર્યચકિત થશો તે જોઈને કે આ બધી શક્તિઓ તમારી ઇચ્છાઓ પૂરી કરવા માટે કેવી રીતે કામ કરે છે.

~

નવમું મૅજિક ચાર્મ એક હૃદય હતું અને તેની સાથેના પત્રમાં આમ લખ્યું હતું :

ધનિકનું સૂત્ર #૯

ઊંડો પ્રેમ અજેય આનંદ આપે છે.

જ્યારે પણ તક મળે ત્યારે લોકો તરફ પ્રેમ દર્શાવો. વિલિયમ પેનના એક સૂત્રે મને જીવનભર માર્ગદર્શન આપ્યું છે :હું જીવન જીવવા માંગું છું, પણ એક વાર. જો, તેથી હું કોઈ પણ પ્રકારની દયા દર્શાવી શકું અથવા કોઈ પણ પ્રકારની સારી વસ્તુ કોઈ પણ માટે કરી શકું, તો મને અત્યારે જ કરવા દો, હું તેને અવગણું કે નકારું નહી, કારણ કે હું અહીંથી ફરી વાર પસાર થવાનો નથી.

લોકોને તમે તેમના માટે ગર્વ કરો છો તે, તેમને કેટલો પ્રેમ કરો છો તે કહો જ્યારે તમે અને તેઓ બંને જીવિત છો. મને એક માણસ મળ્યો હતો, તેમણે મને કહ્યું કે તે કોઈ જીવંત માણસને જુએ ત્યારે તેને અનહદ આનંદ થાય છે. શા માટે? મેં પૂછ્યું તો તેમણે જવાબ આપ્યો હતો. કારણ કે હું ઘણા મૃત લોકોને મળ્યો છું માટે જીવિત વ્યક્તિને મળીને મને આનંદ થાય છે.

આપણે ક્યારે અંત પામીશું તે કોઈ જાણતું નથી. તો પછી સૌથી મહત્વની એવી ઊંડો પ્રેમ કરવાની માનવીય ક્ષમતાને કેમ ન જાળવી રાખીએ? લોકોને પોતાના માટે સારું અનુભવાય તેવું કરવું તે આપણી માનવીય ફરજ છે અને બીજાના મોં પર હાસ્ય રેલાવવું. કોઈને હસાવવા માટે નજીવો પ્રયત્ન કાફી છે તે જાણીને તમને કદાચ આંચકો લાગી શકે. જે તમામની તમે કદર કરતા હો તેમને જૂની ઢબના પ્રેમપત્રો લખો. જેમણે તમને મદદ કરી હોય તેમને આભારપત્રો મોકલો અને જેને જરૂર હોય તેમને પ્રશંસાત્મક મેસેજ મોકલો. ખરાબ થવાના ડરને અવગણીને પોતાને અમર્યાદ બનાવ્યા બાદ તમે ખરેખર કેવું અનુભવો છો તે વ્યક્ત કરો અને એક રસપ્રદ વ્યક્તિ તરીકે તમારે તે આવે ત્યારે જોડાવું પડે તેના કરતાં હંમેશાં અન્યમાં વધુ રસ લો. દરેક વ્યક્તિ જેને તમે મળો છો તેમાં કંઈક શીખવાનું હોય છે, કહેવા માટે એક વાર્તા હોય છે, અને તેમનાં હૃદયમાં સપનાં હોય છે જેને તમારી મદદની જરૂર હોય છે.

આપણા વણબોલાયેલા સારા શબ્દોથી આપણી સારપને, ઉષ્માભરી ભાવનાઓ જે આપણે વ્યક્ત નથી કરી શકતા, અને સારાં કાર્યો જે આપણે નથી કરતા તેને કારણે આપણા શ્રેષ્ઠત્વને જાણે હાથકડી લાગી જાય છે.

~

દસમું મૅજિક ચાર્મ એક પરીની આકૃતિ હતું. તેની સાથેના પત્રમાં નીચે મુજબ લખ્યું હતું :

ધનિકનું સૂત્ર-૧૦.

ધરતી પરનું સ્વર્ગ એક અવસ્થા છે, સ્થળ નહી.

દરરોજ નિયમિત રીતે તમારી અંદર જુઓ અને આશ્ચર્યોમાં ગરકાવ થઈ જાવ. આશ્ચર્ય એ એક મજબૂત સ્રોત છે- ખુશી મેળવવાનો. તમારી સતત વધતી રહેતી પ્રતિભાને ખીલવવાની એ એક મહત્ત્વની પ્રકિરયા છે. દુનિયાનાં તમામ મહાન સ્ત્રી-પુરુષો ચિંતન દ્વારા જાદુઈ રીતે પોતાનો દિવસ કેવી રીતે મોહક બનાવવો એ શીખે છે.

જીવન દરમિયાનના મારા અનુભવો દ્વારા મને સમજાયું છે કે અમર તત્ત્વચિંતકો, રહસ્યવાદીઓ અને દુનિયાના તારણહારો જેને ‘પૃથ્વી પરનું સ્વર્ગ’ કહે છે, એ કંઈ યાત્રાએ જવાનું સ્થળ નથી પરંતુ એક અવસ્થા છે. તમે તેને તમારી આદતમાં વણી શકો છો. મારો વિશ્વાસ રાખો જ્યારે તમે તમારા માઇન્ડસેટને ઉછેરશો, તમારા હાર્ટસેટને શુદ્ધ કરશો, તમારા હેલ્થસેટને કાર્યરત કરશો અને તમારા સોલસેટને ઊંચે લઈ જશો કે તરત જ એ સમજશો – જેના દ્વારા તમારા જીવનના અનુભવોમાં ક્રાંતિ આવશે. પણ જો તમે ગહન રીતે મહત્ત્વનું એવું આ કામ નહીં કરો તો તમે તે ક્યારેય જાણી નહીં શકો અને તમને મારા આ શબ્દો તરંગી અને આડાઅવળા લાગશે. એક સમજદાર પરંતુ ઉન્મત્ત વ્યક્તિને આ દુનિયા પાગલ ગણે છે, તમે જાણો છો?

તમારી અંગત આવડત વધારવા માટે જેટલો વધુ સમય સમર્પિત કરશો એટલી તમારી, તમારા પ્રત્યેની પ્રેમની લાગણી વધશે અને અનહદ સફળતા અને અંગત આનંદ પોતાને ચાહવા પર આધારિત હોય છે. શંકાઓ, અસુરક્ષિતતા અને ભયને જે તમારી સાથે જોડી રાખે તે છે, તમારી આંતરિક નબળાઈ. તમારા બાળપણમાં તમને લોકોએ જે કંઈ કહ્યું હતું, તેને લઈને તમારું અર્ધજાગ્રત મન તમારી બહાદુરી ઘટાડે છે, તમારી ઊંચાઈઓને ઘટાડે છે, તમારી મહાનતાને સાંકળે બાંધે છે.

તમને શિખવાડવામાં આવી હતી અને જેને તમે સાચી માનતા હતા તે માન્યતાઓને જ્યારે તમે છોડી દો છો, જ્યારે તમે તમારી ભાવનાત્મક ઈજાઓ જે તમારા પ્રેમની નજીક હોય છે તેને છોડી દો છો – અને હું રોમાન્સ કરતાં ઉપરની વાત કરી રહ્યો છું – ત્યારે તમે આ તદ્દન નવી વાસ્તવિકતાની ભાવનાને વિકસિત કરી શકશો, જેની હું વાત કરી રહ્યો છું તે પહેલેથી જ ત્યાં છે. પણ, કારણ કે જે ગંદા દૂષિત ફિલ્ટર વડે તમે અત્યાર સુધી દુનિયાને જોઈ રહ્યા હતા તેને કારણે તમે તેને અવરોધી દીધી હતી.

કશું ખોટું નથી. કોઈ પણ વસ્તુ વ્યર્થ નથી. બધું જેવું હતું તેવું જ ખુલ્લું થઈ રહ્યું છે. તમને સમજાઈ જશે કે જે બન્યું હતું તે ખરેખર નહીવત્ હતું અને એક અકસ્માત હતો. તમામ વસ્તુ-ઘટના તમારા વિકાસ માટે બને છે અને બધું તમારા માટે સારું હતું.

~

જો તમે ખરેખર જીવનના જાદુનો આનંદ માણવા માંગતા હો તો આના વિશે વારંવાર મનન કરજો. તેમ કહીને ધનિકે એક કૉફિનનું મિનિએચર તેમના શિષ્યોને આપ્યું. તેની સાથેના પત્રમાં લખ્યું હતું :

ધનિકનું સૂત્ર #૧૧

આવતી કાલ એ બોનસ છે, હક્ક નહી.

તમારા હીરોઇઝમને ક્યારેય પડતું ન મૂકતા, કે તમારી શાંતિપ્રિયતાને ક્યારેય મોળી ન થવા દેતા. એક જ કલાકમાં તમારું જીવન અલગ બની શકે છે. હું આશાવાદનો સાચો અને આશાવાદી વહેપારી છું. સાથે જ હું વાસ્તવવાદી પણ છું. અકસ્માત, બીમારી, ખોટ અને મૃત્યુ દરરોજ બને છે. માનવસ્વભાવ છે કે તે એવું વિચારે છે કે તે તેમની સાથે ક્યારે પણ નહી થાય. શાણા તત્ત્વચિંતકો આપણને આપણી હયાતીની ક્ષણભંગુરતા વિશે શિખવાડે છે.

આ અંતદૃષ્ટિ વડે સજ્જ બનો, અને આ નૈતિકતા સાથે જોડાવ. સમજો કે તમારા દિવસો ગણતરીના છે અને દરરોજ સુંદર સવારે તમે તમારા અંતની નજીક સરકો છો.

તમારી કુશળતા અને નૈસર્ગિક શક્તિઓને પ્રદર્શિત કરવાનું છોડશો નહી અને આ મુસાફરીનો તમે આનંદ લો તે બાબતે ચોક્કસ રહેજો. તમારી ભવ્યતા તરફ આગળ વધો અને સુંદર સમય વ્યતીત કરો. એ કેટલું દુખદ છે કે લોકો સુંદર અને જાદુઈ જીવન જીવવાનું ત્યાં સુધી મોકૂફ રાખે છે જ્યાં સુધી તેઓ વૃદ્ધ ન બની જાય, અને પછી તેને માણવાલાયક પણ નથી રહેતા.

જીવન ખરેખર એક ઉત્કૃષ્ઠ યાત્રા છે. હા, આપણે તમામ કસોટીઓ અને હૃદયભગ્નતાના અનુભવોમાંથી પસાર થઈએ છીએ. પરંતુ તે તમામ મોટેભાગે સારા માટે હોય છે. દરેક હીરોની સ્ટોરીમાં એક વિલન અને થોડીક ટ્રૅજેડી અવશ્ય હોય છે, પછી જ છેવટનો વિજય હોય છે જેના કારણે તે જોવા અને સાંભળવાલાયક બને છે.

અને, માટે, તમારા આ ટૂંકા જીવનને તમારા ફોકસની મોખરે રાખો. જ્યાં સુધી વધુ સમય ન મળે ત્યાં સુધી અથવા તો બીજું પ્રમોશન ન મળે ત્યાં સુધી અથવા તો તમારી બૅન્કમાં બીજાં નાણાં ન આવે ત્યાં સુધી આનંદ લેવાનું છોડશો નહી. આ બધાં

બહાનાં છે, તમે લાયક નથી તેવી જન્મગત ભાવનાઓ માત્ર છે. તેને ઓળખો અને તમારા ઓર્બિટમાંથી ધકેલી દો જેથી તમે તમારા ક્ષેત્રમાં ઊંચે ચઢી શકો.

આવતી કાલ એક વાયદો છે, હકીકત નહી. દરેક સવાર અને દિવસ જે તમને મળ્યા છે તેનો ભરપૂર આનંદ માણો. બિન્ધાસ્ત નિર્ણયો કરો પણ તેને સામાન્ય બુદ્ધિથી ચકાસો પણ ખરા. તમે હંમેશાં જીવવાના હો તેવું વર્તો અને તેના દ્વારા જાણે આવતી કાલ છે જ નહી તેનું સંતુલન કરો. માટે જ્યારે અંત નજીક આવે ત્યારે તમે અનુભવશો કે તમે જાણો છો કે તમે એક પ્રતિભાની ક્ષમતા માટેના અદ્ભુત પ્રમાણ તરીકે જીવન જીવી રહ્યા છો જે દરેક મનુષ્ય તેમની અંદર વસે છે.

~

ત્યારબાદ ધનિકે હંમેશની જેમ બંને શિષ્યોને ચુંબન કર્યું અને કહ્યું- તમે બંને જાણો છો કે હું તમને પ્રેમ કરું છું, હું ખરેખર તમને યાદ કરીશ.

અને ત્યારબાદ તેઓ વાઇનયાર્ડમાં અદૃશ્ય થઈ ગયા.

પ્રકરણ ૧૭

5 એ.એમ. ક્લબના સભ્યો તેમના જીવનના હીરો બને છે

"એક હીરોની જેમ જીવો, આપણી પરંપરાઓ એવું શીખવે છે. તમારા જીવનરૂપી નાટકના મુખ્ય પાત્ર બનો, નહી તો જિંદગી શા કામની?" – **જે. એમ. કોએટ્ઝી**

સાઉથ આફ્રિકાના કેપટાઉન નજીક વી.એન્ડ એ. વૉટરફ્રન્ટ પરથી હૅલિકૉપ્ટર ઊડી રહ્યું હતું. આ એ સ્થળ હતું જ્યાં પ્રવાસીઓની ભરમાર હોય છે. તેઓ કૅપ વ્હીલનો આનંદ લે છે, યોટ રેસર્સ હિંમતથી ભરપૂર, 'એડ્રેનાલિન'ને ઉત્તેજિત દરિયાઇ સ્પર્ધાઓ માટે અહીંથી તેમનો પુરવઠો એકઠો કરે છે. માછીમારી માટે ખાનગી બોટ બુક કરાવી શકાય છે અને સુંદર મજાની સવારે અહી કૉફી પણ મળે છે.

થનગનતી શ્યામવર્ણી સહાયકે ધનિક, ઉદ્યોગકાર અને કલાકારે જોખમો સામે સ્વૈચ્છિક જવાબદારી લેતા હસ્તાક્ષર કર્યા કે નહી તેની ખાતરી કરી અને પછી પોતાના આ ત્રણેય વી.આઈ.પી. ક્લાયન્ટ્સ અંગેની તમામ નોંધ ટપકાવી હતી.

તમે જાણો છો રોબન ટાપુ – એક ઉજ્જડ છે, ખાસ મોટો પણ નહી, અને શાર્કથી ઘેરાયેલો છે. દૂરથી જ અપશુકનિયાળ દેખાતા એવા આ ટાપુ પર નેલ્સન મન્ડેલાને એક સાંકડી જેલમાં ૨૭ વર્ષ રખાયા હતા. આ સમય દરમિયાન તેમને ગાળો અને યાતનાઓ આપવામાં આવી હતી અને તેમણે આ ખરાબ વર્તનની સામે સારું વર્તન દાખવ્યું હતું. તેમની અટકાયત કરનારાઓ માટે પણ સારું વર્તન કર્યું હતું અને એવી લોકશાહીની આશા સેવવાની તેમને જવાબદારી આપી હતી, જ્યાં બધા લોકો સમાન બને. મહાત્મા ગાંધી વિશે બોલતાં એક વાર આઇન્સ્ટાઇને કહ્યું હતું, આવનારી પેઢી ભાગ્યે જ માનશે કે લોહી-માંસનો આવો એક માણસ ધરતી પર અવતર્યો હતો. આવું જ આપણે નેલ્સન મન્ડેલા વિશે પણ કહી શકીએ છીએ.

ધનિકે કહ્યું, આજે આપણા આ સાથનો અંતિમ દિવસ છે. સલામતી પગલાંની ચકાસણી પૂરી થયા બાદ ધનિક, કલાકાર અને ઉદ્યોગકારને એક એક મકાનમાં દોરી જવાયા હતા. એક ગંભીર દેખાતી વ્યક્તિએ તેમને પાતળા રેઇનકોટ, ખાખી ટ્રાઉઝર્સ અને બોટિંગ શૂઝ પહેરાવ્યા હતા અને તેમને હેલિપૅડ પર લઈ જવાયા હતા. મિલિટરી ગ્રીન કલરનું એક હૅલિકૉપ્ટર પોતાના રોટર્સ ધણધણાવતું ત્યાં ઊભું હતું. પાઇલટ કન્ટ્રોલ પર ડાયલ્સ સેટ કરી રહ્યો હતો.

હૅલિકૉપ્ટરમાં ગોઠવાયા બાદ ધનિકે પાઇલટને કહ્યું, ગુડ મૉર્નિંગ. પાઇલટનો ચહેરો તેના હેલ્મેટ પાછળ ઢંકાયેલો હતો. તેમણે કંઈ જવાબ ન આપ્યો.

ધનિકે વિચાર્યું, તે ફ્રેન્ડલી નથી લાગતો.

હેલિકૉપ્ટર ધીમેથી ઊંચકાયું અને પછી તરત જ ગતિ પકડી.

આપણી મુસાફરીમાં પાંચ મિનિટ લાગશે, હવા અને દરિયાનાં મોજાં આજે વધુ તોફાની છે તેમ પાઇલટે કહ્યું.

ત્રણેય ચૂપ હતાં. રોબન આઇલૅન્ડને તાકી રહ્યા હતાં અને તે નજીક આવતાં જ ધાર્યા કરતાં વધુ ઉજ્જડ અને ડરામણો દેખાતો હતો.

હેલિકૉપ્ટરે લૅન્ડ કર્યું ત્યાં જ વરસાદ શરૂ થયો. આકાશમાં બેવડું મેઘધનુષ્ય દેખાયું, જેવું મોરિશિયસમાં દેખાયું હતું.

વાહ, આ ઉત્તમ છે, તેમ ઉદ્યોગકારે વિચાર્યું.

ધનિકે કહ્યું, આપણે ખરેખર રોમાંચક સ્થળે પ્રવેશ્યા છીએ.

પાઇલટે હેલિકૉપ્ટર બંધ કરવાનું શરૂ કર્યું ત્યારે ત્રણેય નીચે ઊતરીને આસપાસનું દૃશ્ય જોઈ રહ્યાં ત્યાં જ ક્યાંકથી દ્ભજીછ લખેલી એક ટ્રક તેમની તરફ ધસી આવી.

ટ્રકના ડ્રાઇવરે બૂમ પાડીને કહ્યું – તમારે અહીં નહીં આવવું જોઈએ.

તેમણે કહ્યું, વાતાવરણને કારણે રોબન આઇલૅન્ડ બંધ કરાયો છે, ફેરી બંધ કરાઈ છે, બંદર વિસ્તારમાં કોઈ જહાજને આવવાની પરવાનગી નથી, અને કોઈ હેલિકૉપ્ટરને અહીં લૅન્ડ કરવાની મંજૂરી નથી, તમને આની ખબર હોવી જોઈએ, તમારે અહીં ન હોવું જોઈએ. અધિકારીએ પૂછ્યું. તમે લોકો કોણ છો?

અધિકારી થોડો આશ્ચર્યમાં હતો. કદાચ તેમણે વિચાર્યું હતું કે આ લોકો હુમલો કરવા આવ્યા હતા અને આ મુલાકાતીઓનો ઇરાદો ગુનાઈત હતો.

અહીં બધું જ સરસ છે. પાઇલટે પૂરા આત્મવિશ્વાસ સાથે કહ્યું. તેમણે હેલિકૉપ્ટરમાંથી ઊતરીને ટ્રક તરફ ચાલવાનું શરૂ કર્યું. તેની ચાલ પરથી લાગતું હતું કે તે યુવાન ન હતો. તેમણે હેલ્મેટ પહેરી રાખ્યું હતું.

પાઇલટે કહ્યું, આ લોકો માટે આ દિવસ ખાસ છે. આ લોકો ઘણે દૂરથી નેલ્સન મંડેલાને જેલમાં કેવી રીતે રખાયા હતા તે જોવા માટે આવ્યા છે. તેઓ તે ચૂનાના પથ્થરોની ખાણ જોવા આવ્યા છે જ્યાં મંડેલાને દાયકાઓ સુધી પથ્થરો ખસેડવાની મજૂરી કરાવાઈ હતી. ચૂનાના પથ્થરો પરથી પરાવર્તિત થતાં સૂર્યકિરણોને કારણે તેમણે હંમેશ માટે પોતાની આઇસાઇટ ગુમાવી હતી. તેઓ એ કોર્ટયાર્ડ જોવા આવ્યાં છે જ્યાં રાજદ્વારીઓ રમતા હતા અને પોતાના ટેનિસ બૉલને જેલની ચોક્કસ કોટડીઓ તરફ મોકલી રાજકીય કેદીઓને સંદેશા મોકલાવતા હતા. તેઓ એ જગ્યા જોવા આવ્યા છે જ્યાં નેલ્સન મંડેલા દરરોજ કલાકોની મહેનતથી લખતા તે તેમની આત્મકથા લૉંગ વૉક

ટૂ ધ ફ્રીડમની હસ્તપ્રત છુપાવવા માટે જ્યાં દાટી રાખી હતી. તેમને નેલ્સન મંડેલાએ ૧૮ વર્ષ સુધી જે ભોગવ્યું તેનો અનુભવ – ભલે થોડો – પણ કરવાની જરૂર છે. નેલ્સન મંડેલાને આટલાં વર્ષો સુધી જેલ અને પારાવાર યાતના આપ્યા બાદ પણ તેઓ જ્યારે મુક્ત થયા ત્યારે તેમણે એ તમામને માફી આપવાનું પસંદ કર્યું હતું. આ લોકોને થોડું તે શીખવાની જરૂરિયાત છે.

પાઇલટ બોલતા બોલતા ટ્રક પાસે આવીને અટક્યો. મેં સાંભળ્યું છે કે આ લોકો પણ તેમની અંગત જિંદગીમાં અને વ્યાવસાયિક જીવનમાં પોતાને હીરો બનાવવા માંગે છે. તેઓ ઇચ્છે છે કે તેઓ પણ પોતાના નિર્માણમાં ઉચ્ચ કક્ષાએ પહોંચે. પોતાની કુશળતાને આદર્શ તરીકે સ્થાપિત કરે અને માનવતાને ઊંચે ઉઠાવવા માટે તેઓ પથદર્શક બને. આપણી દુનિયાને આવા હીરોની ક્યારેય જરૂર ન હતી જેટલી આજે છે અને જ્યારે હું હંમેશાં શીખવું છું, શા માટે આપણે રાહ જોવી જોઈએ જ્યારે આપણામાં હીરો જેવું તમામ છે? અને સ્ટોન, તું આ વાતમાં સહમત નથી? કહીને તે તેમની તરફ ફર્યા. જ્યારે ધનિકનું મોં તેમને જોઈને ખુલ્લું રહી ગયું હતું.

ત્યારબાદ પાઇલટે હળવેથી પોતાનું હેલ્મેટ ઊંચું કર્યું, સનગ્લાસ કાઢ્યા અને હેલ્મેટ ઉતાર્યું હતું.

ધનિક, કલાકાર અને ઉદ્યોગકાર તેને જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા.

તે સ્પેલબાઇન્ડર હતા.

ધનિક જેને 'જાદુ' કહે છે તેમ 5 એ.એમ. ક્લબના સભ્યોને કોઈ અદૃશ્ય હાથ મદદ કરી રહ્યા હોય તેમ લાગતું હતું, કારણ કે ટ્રક લઈને દોડી આવેલો અને તેમને રોકી રહેલો ગાર્ડ સ્પેલબાઇન્ડરનો અનુયાયી હતો અને તમે નહી માનો, ગાર્ડે મંજૂરી આપ્યા બાદ હાઉસકીપિંગ અધિકારીએ પણ આ ખરાબ હવામાન વચ્ચે પણ ટૂરિસ્ટ બસ ચાલુ કરી હતી અને મુલાકાતીઓ માટે તમામ જેલ પણ ખોલી નાખી હતી અને ગાઇડની પણ વ્યવસ્થા કરી દીધી હતી. માત્ર ધનિક, કલાકાર, ઉદ્યોગકાર અને સ્પેલબાઇન્ડર માટે. દરેકના જીવનમાં, ખાસ કરીને ખૂબ હાડમારીભર્યું જીવન જીવતા લોકોમાં, શક્યતાઓનો દરવાજો ચમત્કારિક રીતે એક ઝટકામાં ખૂલી શકે તેમ હોય છે. અનુભવો જણાવે છે કે દરેક વસ્તુ જે આપણે અનુભવીએ છીએ તે એક શક્તિશાળી- અને હા, મોટે ભાગે તાર્કિક રીતે -શક્તિનું આયોજન હોય છે જે આપણી મહાન શક્તિઓને બહાર કાઢવા માટે હોય છે. જીવનની આ મુસાફરીમાં આપણે જે સહન કરીએ છીએ, તે ખરેખર તો આપણી સાચી શક્તિઓની ઓળખ દર્શાવવા માટે હોય છે, જે આપણને આપણા સાર્વભૌમ અને આપણી અંદરના હીરો સાથે જોડે છે. જે આપણા બધાની અંદર હોય છે.

ટૂરગાઇડ પોતે પણ રાજકીય કેદી રહી ચૂક્યા હતા.

તમે નેલ્સન મન્ડેલાને ઓળખો છો? સ્પેલબાઇન્ડરે તેને પૂછ્યું.

હા, અહીં રોબન આઇલૅન્ડમાં મેં તેમની સાથે આઠ વર્ષ વિતાવ્યાં હતાં.

માણસ તરીકે તેઓ કેવા હતા? કલાકારે પૂછ્યું.

ઓહ, તેઓ એક નમ્ર સેવક હતા. ગાઇડે જવાબ આપ્યો.

અને નેલ્સન મન્ડેલા એક નેતા તરીકે કેવા હતા?

જબરદસ્ત. ભવ્ય. જે સ્થિતિમાંથી તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે પોતાને સંભાળ્યા હતા તે પ્રેરણાદાયી હતું. તેઓ તેમના કોઈ રાજકીય અનુયાયીને અહીં આ જ કોર્ટ યાર્ડમાં મળતા હતા. કહીને તેમણે તે સ્થળ તરફ આંગળી ચીંધી. તેઓ પૂછતા, તમે શીખી રહ્યા છો? તેઓ હંમેશાં કહેતા. ઈચ વન, ટીચ વન. આ રીતે તેઓ તેમના સહયોગીઓ સાથે દરરોજના શિક્ષણ દ્વારા પોતાની નેતાગીરીની શક્તિઓ વિકસાવવાનું મહત્ત્વ સમજાવતા હતા. મિ. મન્ડેલા જાણતા હતા કે શિક્ષણ એ સ્વતંત્રતા સુધી લઈ જતો હાઈ-વે છે.

તેમને ખૂબ ખરાબ રીતે રાખવામાં આવ્યા હતા. ચૂનાના પથ્થરોની ખાણમાં તેમની પાસેથી કમરતોડ મજૂરી કરાવાતી હતી. તમામ પ્રકારનાં અપમાન અને તમામ પ્રકારની અવદશા. થોડાં વર્ષો પછી તેમને અહીં લવાયા હતા અને કબર ખોદવાનો આદેશ કરાયો હતો – અને પછી તેમાં સૂઈ જવાનો. ટૂર ગાઇડે ઉમેર્યું.

ધનિકે કહ્યું, તેમને લાગ્યું હશે કે આ તેમનો અંત છે.

કદાચ, ગાઇડે કહ્યું. તેના બદલે બધા સુરક્ષા ગાર્ડોએ તેમના પર પેશાબ કર્યો હતો.

ચારેય નીચું જોઈ ગયાં. ધનિકે વિચાર્યું આપણા બધાનો એક રોબન ટાપુ હોય છે જે આપણને કેદમાં રાખે છે.

આપણે આપણા જીવનમાં પરીક્ષાઓ અને અન્યાયોમાંથી પસાર થઈએ છીએ. અહીં જે કંઈ થયું હતું તેવું તો કોઈકે જ ભોગવ્યું હશે. મેં વાંચ્યું છે કે નેલ્સન મન્ડેલાએ કહ્યું હતું કે તેમને તેમના જીવનનો સૌથી મોટો રંજ એ બાબતનો હતો કે તેમને તેમના સૌથી મોટા પુત્ર, જેનું એક કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું તેની અંતિમક્રિયામાં જવા માટે પણ પરવાનગી અપાઈ ન હતી. ધનિકે કહ્યું. હું માનું છું કે આપણને બધાને આપણા પોતાના પસ્તાવા હોય છે, અને કોઈ પણ અગ્નિપરીક્ષા અને કરુણાંતિકામાંથી પસાર થયા વિના તેમાંથી બહાર આવી શકતું નથી.

ત્યાં, તે નેલ્સન મન્ડેલાનો ઓરડો છે, ચાલો ત્યાં જઈએ, ગાઇડે કહ્યું.

નેલ્સન મન્ડેલાને જ્યાં રખાતા હતા તે કોટડી ખૂબ જ નાની હતી. પથારી પણ ન હતી. એક નાનું ટેબલ હતું. અહી ઘૂંટણિયે બેસીને તેમણે તેમની આત્મકથા લખી હશે કારણ કે તેમને કોઈ ખુરશી પણ અપાઈ ન હતી. કૉંક્રિટની ફર્શ પર એક માત્ર ધાબળો તેમને અપાયો હતો.

સાઉથ આફ્રિકાની કારમા શિયાળાની ઠંડીમાં, પહેલા વર્ષે તેમને અહી લાંબું પેન્ટ પહેરવાની પણ મંજૂરી અપાઈ ન હતી. તેમને પાતળો શર્ટ અને નકામા જેવા શોટર્સ અપાયા હતા. જ્યારે તેઓ શાવર લેતા ત્યારે ગાડર્ઝ તેમને નગ્ન સ્નાન કરતા જોતા. તેમને અપમાનિત કરવાનો અને માનસિક રીતે તોડી નાખવાનો પ્રયત્ન હતો એ. તેમને જમવાનું પણ પ્રાણીઓને પણ રોગિષ્ઠ કરે તેવું અપાતું હતું. તેમનાં બાળકો અને પત્નીના પત્રો આવતા, તેમને મોટેભાગે અપાતા નહી અથવા તો તેમાં મોટાપાયે કાપકૂપ કરવામાં આવતી હતી. આ બધું મિ.મન્ડેલાની ભાવનાઓને કચડી નાખવા માટે કરવામાં આવતું હતું, તેમ ગાઇડે સમજાવ્યું.

મને લાગે છે કે, ચારે તરફથી તોફાની દરિયાથી ઘેરાયેલા આ નિર્જન ટાપુ પર આ જૂતાંનાં ખોખાં જેવી કોટડીમાં તેમણે જે સહન કર્યું તેથી તેમણે તેમનો વિકાસ કર્યો. તેમને વધારે ખુલ્લા મનના કર્યા હતા. જેલ તેમના માટે તેમની સખત કસોટી બની રહી હતી. તેમની સાથેના દુર્વ્યવહારો તેમની મુક્તિ બન્યા હતા. તેમની કુદરતી શક્તિઓ, ઉચ્ચ માનવીય ગુણો, અને તેમનાં હીરોઇઝમને તેમણે વિકસાવ્યા હતા. સ્વાર્થ, બેપરવાઈ અને જ્યારે માણસ માનવતા પણ ભૂલી ગયો છે તેવા આ સમયમાં તેમણે તેમની આત્મિક શક્તિને વિકસાવી હતી – એક માણસ જેણે આપણને બતાવ્યું કે નેતાગીરી, ધૈર્ય અને પ્રેમ કેવા હોય છે અને આમ કરીને તેઓ આપણા માટે માફી આપવાના વિશાળ પ્રતીક બન્યા હતા, તેમ સ્પેલબાઇન્ડરે કહ્યું.

હા, ખરેખર તેવું જ. ગાર્ડે જવાબ આપ્યો અને ઉમેર્યું મિ. મન્ડેલાને છેવટે રોબન આઇલૅન્ડ પરથી મુક્ત કરાયા હતા. તેમને અહીંથી ખસેડીને હવે જે ડાર્કન્સ્ટિ કરેક્શનલ સેન્ટર તરીકે ઓળખાય છે ત્યાં લઈ જવાયા હતા, જે પાર્લ અને ફ્રેન્સચોકની વચ્ચે આવેલું છે. દક્ષિણ આફ્રિકાના પ્રમુખ તરીકે તેઓ નિશ્ચિત હતા, તેથી તે પદ ધારણ કરવા માટે અને ત્યાર સુધી મુખ્યત્વે વિભાજિત રાષ્ટ્રને એકમુક્ત દોરવણી આપવા માટે તૈયાર થઈ રહ્યા હતા. તેમના કારાવાસના અંતિમ દિવસોમાં તેમને વૉર્ડનનું ઘર ફાળવવામાં આવ્યું હતું અને જ્યારે તેમને મુક્ત કરાયા ત્યારે તેઓ આ ઘરમાંથી બહાર નીકળ્યા હતા. એક લાંબા અંતર સુધીના રક્ષક ગાર્ડ ધરાવતા પેવર અને અંતમાં સફેદ દરવાજો ધરાવતા માર્ગ પર. તેમને જેલના એક કર્મચારીએ તેમની મુક્તિના આ માર્ગ પર વાહનમાં લઈ જવા અંગે પૂછ્યું તો તેમણે ચાલવાની ઇચ્છા દર્શાવી હતી અને આમ, આ પરિવર્તનકારી નેતા અને ઇતિહાસસર્જક એક એવો વારસો

છોડી ગયા જે ઘણી પેઢીઓને તે જેઓ લાંબા સમયથી જેની રાહ જોઈ રહ્યા હતા અને મુક્તિ તરફ પગલાં ભરતાં અચકાય છે તેને પ્રેરણા આપશે.

સિવિલ વૉર દરમિયાન જ મિ. મન્ડેલાને દેશ સોંપવામાં આવ્યો હતો. જોકે, તેઓ તેમ છતાં, વિનાશક નહી પણ જોડનાર તરીકે સાબિત થયા હતા. ટ્રાયલ દરમિયાન તેમણે આપેલું તેમનું એ અદ્ભુત ભાષણ આજે પણ મને યાદ છે:'મારા જીવન દરમિયાન મેં મારી જાતને આફ્રિકન લોકો માટે સમર્પિત કરી હતી. શ્વેત લોકોના વર્ચસ્વ સામે હું લડ્યો હતો. મેં એક આદર્શ લોકશાહી અને મુક્ત સમાજનું સ્વપ્ન જોયું છે જેમાં તમામ લોકો સંવાદિતા અને સમાન અધિકારો ભોગવે. તે એક આદર્શ છે અથવા જે માટે હું જીવવાની આશા રાખું છું અને અનુભવું છું તે છે. પણ...જો તે જરૂરી હોય તો તે એક આદર્શ છે જેના માટે હું મરી જવા તૈયાર છું.'

મિ.મન્ડેલા સાચા અર્થમાં મહામાનવ હતા. ગાઇડે કહ્યું. તેઓ છૂટ્યા પછી, જે વકીલે તેમના મૃત્યુદંડની માગણી કરી હતી તેમને તેમણે રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું હતું. તમે માનશો? અને અહીના રોબન આઇલૅન્ડ જેલના એક જેલરને તેમણે પોતાના સાઉથ આફ્રિકાના પ્રમુખપદ ગ્રહણ સમારંભમાં આમંત્રણ આપ્યું હતું.

ખરેખર? ઉદ્યોગકારે પૂછ્યું.

હા, આ હકીકત છે. ગાઇડે કહ્યું. તેઓ સાચા નેતા હતા, સાચી ઉદારતાવાળું વ્યક્તિત્વ.

સ્પેલબાઇન્ડરે કહ્યું, નેલ્સન મન્ડેલાએ લખ્યું હતું, 'હું જ્યારે સ્વતંત્રતા માટેના દરવાજામાંથી બહાર નીકળ્યો ત્યારે હું જાણતો હતો કે, જો હું મારી બધી કડવાશ અને નફરતને પાછળ છોડી નહી જઉં તો હું જેલમાં જ રહીશ.'

ગાઇડે ઉમેર્યું, તેમણે એમ પણ કહ્યું હતું કે, 'મુક્ત થવું એટલે પોતાની સાંકળો તોડવી એ જ નથી, પણ એવી રીતે જીવવું કે અન્યની સ્વતંત્રતા અને સન્માન વધે.' અને તેમણે એ પણ કહ્યું હતું કે 'કોઈના રંગ, ધર્મ, કે ભૂતકાળને કારણે તેને નફરત કરવાનું કોઈ જન્મથી શીખીને નથી આવતું.' નફરત પણ શીખવી પડે છે, અને જો કોઈ નફરત કરતાં શીખી શકે તો તેને પ્રેમ કરતાં પણ શિખવાડી શકાય. પ્રેમ તેના મન કરતાં મનુષ્ય માટે વધુ કુદરતી રીતે આવે છે.

ધનિકે કહ્યું- મેં વાંચ્યું છે કે તેઓ સવારે પાંચ વાગ્યે જાગતા હતા અને તે જ સ્થળે ૪૫ મિનિટ સુધી દોડતા હતા, ત્યારબાદ ૨૦૦ સીટ-અપ્સ અને પછી સો પુશઅપ્સ આંગળીઓ પર કરતા હતા અને આ કારણ છે કે હું હંમેશાં પુશ અપ્સ કરતો રહું છું.

ગાઇડે વધુમાં કહ્યું, મિ. મન્ડેલા આ જેલમાં એક ગુસ્સાવાળા, વિરોધી અને આક્રમક ઉગ્રવાદી તરીકે આવ્યા હતા. જેને આપણે અત્યારે એક આદર્શ તરીકે

પૂજ્યભાવે જોઈએ છીએ તે ગુણો તેમનામાં અહીં વિકસ્યા હતા. આર્કબિશપ ડેસમન્ડ ટુટુએ આપણને શિખવાડ્યું હતું, 'સહનશીલતા કાં તો આપણને ઉશ્કેરે છે અથવા તો મહાન બનાવે છે.' મદિબા – જે તેમનું કુળનું નામ હતું – તે પછીથી પસંદ કર્યું હતું.

દુનિયાનાં આવાં તમામ સ્ત્રી-પુરુષોને શુભેચ્છાઓ જેમનામાં એક વાત સમાન છે, સ્પેલબાઇન્ડરે કહ્યું- અતિશય સહનશક્તિ અને દરેકે તેને મહાનતામાં પરિવર્તિત કરી હતી કારણ કે તેમણે પોતાના સંજોગોનો ઉપયોગ જાતને સંભાળી લેવામાં, શુદ્ધીકરણમાં અને પોતાને ઊંચે ઉઠાવવા માટે કર્યો.

આ પછી સ્પેલબાઇન્ડરે તેમના જેકેટમાંથી એક લર્નિંગ મૉડલ કાઢ્યું, છેલ્લું, જે બંને શિષ્યો શીખવા જઈ રહ્યા હતા. તેનું નામ હીરોઇક હ્યુમન સર્કલ હતું. તે આવું દેખાતું હતું, -

હીરોઇક હ્યુમન સર્કલ



સ્પેલબાઇન્ડરે કહ્યું, આ એ સદ્ગુણો છે જેને, દુનિયા બદલવા માગતા અને હીરો બનવા માટે આપણે તમામે કેળવવા જોઈએ.

નેતૃત્વ લેવું એ આપણા તમામના હાથની વાત છે. આપણે તમામ, ભલે આપણે ગમે ત્યાં રહેતા હોઈએ, ગમે તે કરતા હોઈએ, ભૂતકાળમાં આપણી સાથે ગમે તે થયું હોય અને આપણે ગમે તે અનુભવોમાંથી પસાર થયા હોઈએ, આપણે ટીકાઓને ભૂલી જવી જોઈએ, નફરતની સાંકળોને તોડી નાખવી જોઈએ અને આપણને ઉદાસીનતા અને ગુલામીમાં જકડી રાખતી દીવાલોને તોડી નાખવી જોઈએ. આપણે તમામ લોકોએ સવારે ૫ વાગ્યે જાગવું જોઈએ – હા, સવારે પાંચ વાગ્યે – અને આપણામાંની મહાન પ્રતિભાને ખીલવવા માટે, આપણી કુશળતાઓને વિકસાવવા માટે, આપણા ચારિત્ર્યને ઉદ્દાત બનાવવા અને આપણી ભાવનાઓને ઊંચે લઈ જવા માટે આપણાથી બનતું બધું કરવું જોઈએ.

સ્પેલબાઇન્ડરે વધુમાં કહ્યું- આપણે આપણી અંગત જેલમાંથી છૂટવું જોઈએ, જે આપણી ભવ્યતાને કેદ કરે છે અને આપણી ખાનદાનીને ગુલામીમાં જકડે છે. પ્લીઝ, યાદ રાખજો કે કુદરતી શક્તિઓની અવગણના એ શ્રાપ અને દુખનું કારણ બને છે.

સ્પેલબાઇન્ડર અટક્યા અને ઉદ્યોગકાર અને કલાકારને કહ્યું, હવે તમારો વારો.

હીરોઇક હ્યુમન સર્કલ ફ્રેમવર્કને એક નાનકડા ટેબલ પર મૂકવામાં આવ્યું હતું. તેને ટેબલની બરાબર મધ્યમાં ગોઠવીને સ્પેલબાઇન્ડરે ધનિક, ગાઇડ અને બંને શિષ્યોને ટેબલની ફરતે એકબીજાના હાથ પકડીને ઊભા રહેવા સૂચના આપી હતી.

હા, ભલે આપણે ગમે તેટલો સંઘર્ષ વેઠવો પડે કે ગમે તેટલા વિરોધ સહન કરવા પડે. ગમે તેટલી વાર આપણું અપમાન, હુમલા થાય. આપણે ટકી રહેવું પડશે. સતત ટકી રહેવું પડશે. આપણે મજબૂત રહેવું પડશે. આપણે આપણા તેજસ્વી સ્વભાવ સાથે રહેવું પડશે. આપણા સાર્વભૌમને વિસ્તારવું પડશે. આખી દુનિયા આપણી વિરુદ્ધ છે એવું લાગે તોપણ. આ જ ખરેખર આપણને માનવ બનાવે છે. જો પ્રકાશ અંધકારની આરપાર ન નીકળે તોપણ, તમારી સ્વતંત્રતા માટે ચાલવાનું ચાલુ રાખો. આપણા માટે જે શ્રેષ્ઠ છે તેને આદર્શ બનાવો. આપણામાંના મોટાભાગના માટે કૃપા-ક્ષમાનો દાખલો બેસાડો. આપણા બધા માટે સાચો પ્રેમ દર્શાવો.

આ ક્ષણ તમારી છે. સ્પેલબાઇન્ડરે કહ્યું.

આ ક્ષણ એટલે? કલાકારે નવાઈથી પૂછ્યું.

યાત્રાધામો પર જવા માટેની. સ્પેલબાઇન્ડરે કહ્યું.

ક્યા સ્થળે, ક્યાં યાત્રાધામો? ઉદ્યોગકારે પૂછ્યું.

સ્પેલબાઇન્ડરે કહ્યું, એવા સ્થળે જેને વારસો કહે છે. ઘણા બધા લોકો અહીં યાત્રાળુઓ છે, તેમની કીમતી સવારના ક્ષણિક સમય માટે, તેઓ માને છે કે એ શરીર

જે કામ માટે વિકસાવ્યું છે તે એ છે કે તેઓ જ્યારે મૃત્યુ પામશે ત્યારે છોડી જવાના છે. ટૂંકા મધ્યાંતર માટે, જ્યારે તેઓ વિચલિત થાય છે ત્યારે તેઓ પોતાની નિર્માણશક્તિ પર, તેમની સભ્યતાના સ્તર પર, તેમના પ્રભાવની ઊંડાઈ પર મનન કરે છે. નાના કાર્યકાળ માટે, વ્યસ્તતાનો ખળભળાટ તેમને નિચોવી નાખે તે પહેલાં તેઓ એ ચિંતન કરવા રોકાય છે કે તેઓ કેવું સરસ અને બીજાને મદદરૂપ જીવન તેઓ જીવ્યા હતા. તેઓ આ ક્ષેત્રના માત્ર મુલાકાતીઓ છે.

મિ. રિલેએ પોતાના હાથ ઊંચા કર્યા અને ગણગણતા હોય તેમ કહ્યું- હું મારા જીવનને ચાહું છું. હું વધુ સારું નેતૃત્વ આપીશ, હું વધુ સારું યોગદાન આપીશ અને હું મારી જાતને વધુ પ્રેરણાદાયી મનુષ્ય બનાવીશ.

સ્પેલબાઇન્ડરે પુનઃ શરૂ કર્યું, માનવતાના પ્રતિષ્ઠિત મહાનુભાવો, આ વારસાના નાગરિકો અને આજીવન રહેવાસીઓ હતા, આ તેમનું વતન હતું અને તેમણે તેમને છેવટે પ્રસિદ્ધિ આપી હતી. આ શક્તિશાળી મિશને તેમની જિંદગીનું નિર્માણ કર્યું હતું, જે તેમને તેમના કરતાં મોટું અસ્તિત્વ આપતું હતું. જ્યારે તેઓ મૃત્યુ પામ્યા અને આપણું જગત છોડી ગયા ત્યારે તે તેમને મળ્યું તેના કરતાં શ્રેષ્ઠ છોડી ગયા હતા.

ધનિકે કહ્યું, આપણે બધા એક્સ્પાયરી ડેટ સાથે આવ્યા છીએ, કોઈને ખબર નથી કે આપણે કેટલું જીવીશું.

સાચું. ઉદ્યોગકારે સહમતી આપી.

સ્પેલબાઇન્ડરે જાહેર કર્યું, આજે, અને આ ક્ષણ ઉત્કૃષ્ટ, સર્જનાત્મક, પ્રામાણિક નિર્માણકાર, યોગ્ય અને ઘણાને સેવા આપવા માટે તમારી પ્રતિબદ્ધતાને પાત્ર છે, અને જરૂરી છે. તમારી કુશળતાને મોકૂફ ન રાખો. તમારી પ્રાથમિક શક્તિઓનો પ્રતિકાર કરવાનું હવેથી બંધ. ભય, અસ્વીકારનો ડર, શંકા અને નિરાશારૂપી પડછાયાઓને તમારાથી દૂર કરો. આ તમારો સમય છે અને હવે તમારો દિવસ છે :છલાંગ લગાવવાનો, તમારા મૂળ માર્ગ પર, મહાન લોકો ચાલ્યા છે તે માર્ગ પર ચાલવાનો સમય છે અને સાચા ગુરુઓ, ઉચ્ચ ગુણવાનો, અને આધારભૂત હીરોના વિશ્વમાં પ્રવેશવાનો આ સમય છે.

બીજા લોકોને તમારી જીવનપદ્ધતિ દ્વારા દોરવણી આપો. દોરવણી આપવી એટલે તમારા મુશ્કેલ સમયની આગમાંથી પસાર થઈને ઉદારતા સુધી પહોંચવું. આગેવાની લેવી એટલે તમારા જીવનના મુશ્કેલ તબક્કામાં કોઈ પણ પ્રકારની મધ્યસ્થીને નકારવી. એ છે જે તમારા સન્માનની ઉજ્જવળ ઉજવણીમાં છે જે તમારો જન્મસિદ્ધ અધિકાર છે. નેતાગીરી એ છે કે તમારા ભયને વિજયમાં અને તમામ દુ:ખોને હીરોઇઝમમાં ફેરવે છે અને સૌથી વધુ મહત્ત્વનું- દોરવણી આપવી એ એ છે કે આપણા આ નાનકડા વિશ્વ માટે

એક મહાન તાકાત બનવું. આજે, તમે આ મહાન પદ્ધતિને તમારી મનોશક્તિ વિકસિત કરવા માટે સ્વીકારશો જેના દ્વારા તમે તમારા બાકીના જીવનને જીવશો.

ધનિકે કહ્યું – અથવા, આવતી કાલથી શરૂ કરશો.

સવારે ૫ વાગ્યાથી શરૂઆત. બધાએ એકસાથે કહ્યું. તમારી સવારના માલિક બનો, તમારા જીવનને ઊંચે લઈ જાવ.

ઉપસંહાર

પાંચ વર્ષ પછી

રોબન આઇલૅન્ડના સત્ર પછી થોડા દિવસ બાદ, ધનિક અવસાન પામ્યા હતા.

રોમના હિસ્ટોરિક સેન્ટરસ્થિત તેમના નાનકડા ઍપાર્ટમેન્ટમાં તેઓ શાંતિથી ચિરનિદ્રામાં પોઢી ગયા હતા. તે સમયે તેમની પુત્રી અને સ્પેલબાઇન્ડર તેમની પાસે જ હતાં.

ધનિક, એક સારવાર ન થઈ શકે તેવા રોગથી ગ્રસ્ત હતા જેના વિશે તેમણે કોઈને કહ્યું ન હતું, સિવાય કે સ્પેલબાઇન્ડર. કારણ કે તેઓ તેમના ખાસ મિત્ર હતા.

તમે એ જાણીને ખુશ થશો કે, તેમના છેલ્લા દિવસો દરમિયાન તેમણે તેમની તમામ સંપત્તિ, વ્યવસાય દાનમાં આપી દીધાં હતાં.

મિ. રિલેએ તેમનું મોરિશિયસનું દરિયાકાંઠાનું કમ્પાઉન્ડ ઉદ્યોગકાર અને કલાકારને આપી દીધું હતું કારણે કે તેઓ જાણતા હતા કે તે તેમને કેટલું પસંદ હતું.

ઉદ્યોગકાર અને કલાકારનું તે પછી શું થયું તે મને કહેવા દો, તમે તે જાણવા આતુર હશો.

ઉદ્યોગકાર એક અસાધારણ સંપત્તિવાન મહિલા બન્યાં હતાં. તેમણે સ્થાપેલી કંપની એક આદર્શ એન્ટરપ્રાઇઝ બની ચૂકી હતી. તેમણે પોતાના ભૂતકાળની દુખદ ઘટનાઓને ભુલાવી દીધી હતી જેણે તેમને વર્ષો સુધી ડરાવ્યાં હતાં અને તેઓ હવે જીવનને સંપૂર્ણ પ્રેમ કરતાં હતાં. કલાકાર પતિ સાથેનો સમય શ્રેષ્ઠ પસાર થઈ રહ્યો હતો. તેઓ હજુ સખત પરિશ્રમ કરતા હતા, પણ તેમના રજાના દિવસોનો પણ સંપૂર્ણ આનંદ લેતા હતા. તેમણે પોતાની ચોથી મેરેથોન પૂર્ણ કરી હતી. તેમણે ગાર્ડનિંગનો શોખ વિકસાવ્યો હતો. સાથે જ દર મંગળવારે રાત્રે ઘરવિહોણા લોકો માટેના એક શેલ્ટરમાં સેવા આપવી શરૂ કરી હતી. તેમને હવે દુન્વયી શક્તિઓ, કીર્તિ અને ભાગ્યની કોઈ ચિંતા ન હતી. જોકે, હવે આ તમામ વસ્તુઓ તેમની પાસે હતી.

તમને જાણીને આશ્ચર્ય થશે કે કલાકાર તેમના ક્ષેત્રના સૌથી સફળ કલાકાર બન્યા હતા. કામમાં ઢીલાશ સેવવાની તેમની આદત સંપૂર્ણ રીતે છૂટી ગઈ હતી અને તેઓ તેમની કળાના નિષ્ણાત અને શ્રેષ્ઠ પતિનું બિરુદ પામ્યા હતા. તેઓ તેમની પત્ની સાથે બે મેરેથોન દોડ્યા હતા અને હવે તેઓ વેગન બની ગયા હતા. તેઓ હવે બુધવારે રાત્રે યોડલિંગના વર્ગોમાં જવા લાગ્યા હતા.

આ યુગલને એક હેન્ડસમ અને એકદમ બુદ્ધિશાળી બાળક છે, જેનું નામ તેમણે સ્ટોન રાખ્યું છે.

ઉદ્યોગકાર અને કલાકાર હજુ પણ 5 એ.એમ. ક્લબના સભ્યો છે. સૂર્યોદય પહેલાં જ તેઓ ૨૦/૨૦/૨૦ મેથડને અનુસરે છે. મિ. રિલેએ શિખવાડેલી તમામ તાલીમનો તેઓ દરરોજ અભ્યાસ કરે છે. સાથે તેમણે તેમના ગુરુને આ પદ્ધતિ વધુ ને વધુ લોકોને શિખવાડવા માટે જે વચન આપ્યું હતું તે નિભાવી રહ્યા છે.

અને સ્પેલબાઇન્ડર! તે હજુ જીવંત છે. ઘણી રીતે, તે વધુ ને વધુ મજબૂત બની રહ્યા છે. તેઓ ટોકિયો આસપાસ રહે છે પણ મોટાભાગનું જીવન દુનિયાભરના સ્ટેજ પર, સ્ટેડિયમોમાં, ઍરોપ્લેનમાં, હોટલોની રૂમમાં વિતાવે છે.

તેમને હજુ પણ ફિશિંગ ગમે છે.

હીરો જેવા સાહસમાં હવે આગળ શું કરશો?

આ પુસ્તકના સમાપન સાથે 5 એ.એમ. કલબમાં તમારા પોતાના પ્રવાસની શરૂઆત છે. વહેલી પરોઢે ઊઠવાની ટેવને આજીવન જાળવી રાખવા તેમજ તમારા વહેલી પરોઢના રૂટિનમાં ૨૦/૨૦/૨૦ ફોર્મ્યુલાનો અમલ કરીને વૈશ્વિક કક્ષાનાં પરિણામ મેળવી શકો તે માટે રોબિન શર્માએ તમારા માટે પદ્ધતિ અને સુવિધા વિકસાવી છે, જે અહીં સંપૂર્ણ નિશુલ્ક ઉપલબ્ધ છે:

5 એ.એમ. આદત કેળવવા સહાય

એક નોંધપાત્ર ઍપ, જેની મદદથી તમે આગામી ૬૬ દિવસની તમારી પ્રગતિ ઉપર દેખરેખ રાખી શકો જેથી વહેલી સવારે ઊઠવાની પ્રક્રિયા આદત બની જાય. તમે અત્યાર સુધી જે કંઈ શીખ્યા છો તેને પદ્ધતિસરના માળખામાં સામેલ કરવા માટેની સંપૂર્ણ વર્કશીટ ઉપલબ્ધ થશે, સંગીતની યાદી ઉપલબ્ધ થશે જેથી તમારો આત્મવિશ્વાસ જાગે તેમજ સહાય માટેની એક એવી વ્યવસ્થા તમને ઉપલબ્ધ થશે જે તમને 5 એ.એમ. કલબના અન્ય સભ્યોની સાથે જોડી આપે.

5 એ.એમ. કલબનો પડકાર

તમને બે મહિનાની તાલીમ સામગ્રીના વીડિયો ઉપલબ્ધ થશે, જેમાં રોબિન શર્મા તરફથી પ્રોત્સાહન અને પ્રેરણાત્મક વાતો તમને પ્રતિબદ્ધ રહેવા માટે ઉત્સાહ અને બળ પ્રદાન કરશે. પરિણામે વહેલી સવારે ઊઠનાર અન્ય લોકોની જેમ વિજયની તમારી સંભાવનાઓ પણ વિસ્તારશે.

5 એ.એમ. કલબ માટે મેડિટેશન પદ્ધતિ

તમારી સવાર શાંતિ, એકાગ્રતા અને હકારાત્મક રીતે શરૂ થાય તેમાં મદદરૂપ થવા રોબિન શર્માએ કાળજીપૂર્વક અને ઝીણવટપૂર્વક મેડિટેશન માટેની માર્ગદર્શિકા તૈયાર કરી છે, જેનો દરરોજ સવારે ઉપયોગ કરીને તમે તમારા માઇન્ડસેટને વિસ્તારી શકો, તમારા હાર્ટસેટને શુદ્ધ કરી શકો, તમારા હેલ્થસેટને મજબૂત કરી શકો તેમજ તમારા સોલસેટને ઉન્નત સ્તરે લઈ જઈ શકો.

રહસ્યમય છેલ્લું પ્રકરણ

એક દિવસ વહેલી પરોઢની ઊર્જાથી પ્રભાવિત થઈને લેખકે આ પુસ્તકનું એક વૈકલ્પિક (તથા અત્યંત અણધાર્યું) છેલ્લું પ્રકરણ લખ્યું છે. તે રસપ્રદ, આકર્ષક તેમજ અત્યંત નાટ્યાત્મક છે.

આ તમામ સુંદર અને મૂલ્યવાન સ્રોત નિશુલ્ક મેળવવા લૉગઓન કરો:

robinsharma.com/The5AMClub

રોબિન શર્માનાં તમામ બેસ્ટ સેલર પુસ્તકો વાંચીને તમારા પોતાના વિકાસને બળ આપો

શું તમે ક્યારેય એ બાબતની નોંધી છે કે તમે જે લોકોને મળ્યા હોવ તેમાંથી સૌથી વિચારશીલ, ઉમદા, સફળ તથા ઉદાર લોકોમાં કઈ બાબત સૌથી સમાન હોય છે? એ બાબત એ છે કે તેઓ ખૂબ વાંચતા હોય છે.

તમે શિખર ઉપર હોવ કે પછી કારકિર્દીની શરૂઆત કરી રહ્યા હોવ, પણ વાચન જ એવી શ્રેષ્ઠ બાબત છે જે વ્યક્તિને ઉમદા બનાવે છે.

તેથી જ અહી લેખકના તમામ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પુસ્તકોની સંપૂર્ણ યાદી આપવામાં આવી છે જેની મદદથી તમે ઉત્પાદકતા (સર્જનાત્મકતા) વધારી શકો, કુશળતા લાવી શકો તેમજ સુંદર જીવન જીવી શકો અને એ રીતે ઇતિહાસમાં તમારું પોતાનું પ્રદાન આપી શકો.

[ ] The 5 AM Club

[ ] The Monk Who Sold His Ferrari

[ ] The Greatness Guide

[ ] The Greatness Guide, Book 2

[ ] The Leader Who Had No Title

[ ] Who Will Cry When You Die?

[ ] Leadership Wisdom from The Monk Who Sold His Ferrari

[ ] Family Wisdom from The Monk Who Sold His Ferrari

[ ] Discover Your Destiny with The Monk Who Sold His Ferrari

[ ] The Secret Letters of The Monk Who Sold His Ferrari

[ ] The Mastery Manual

[ ] The Little Black Book for Stunning Success

[ ] The Saint, the Surfer, and the CEO

લેખક વિશે

રોબિન શર્મા વૈશ્વિક સન્માન પ્રાપ્ત માનવતાવાદી છે અને એક એવા બિન-નફાકારક ઔદ્યોગિક સાહસના સ્થાપક છે જે જરૂરિયાતમંદ બાળકોને વધુ સારું જીવન જીવવામાં મદદરૂપ થાય છે.

વિશ્વના ટોચના નેતૃત્વ નિષ્ણાત તરીકે વ્યાપક રીતે સ્વિકૃતિ પામનાર અને નવો રસ્તો કંડારનાર આ વિશિષ્ટ વ્યક્તિના ક્લાયન્ટમાં અનેક ફોર્ચ્યુન-૧૦૦ કંપનીઓ, સુપ્રસિદ્ધ અબજોપતિઓ, વ્યવસાયી સ્પોર્ટ્સ સુપરસ્ટારો, સંગીતના ટોચના નિષ્ણાતો તેમજ કેટલાય રાજવી પરિવારના સભ્યોનો સમાવેશ થાય છે.

નાસા, માઇક્રોસોફ્ટ, નાઇકી, જીઇ, ફેડેક્સ, એચપી, સ્ટારબક્સ, ઓરેકલ, યેલ યુનિવર્સિટી, આઇબીએમ વૉટસન તથા યંગ પ્રેસિડન્ટ્સ ઓર્ગેનાઇઝેશન જેવી વિશ્વની પ્રતિષ્ઠિત સંસ્થાઓ તેમજ સંગઠનોએ પોતાના કર્મચારીઓની ક્ષમતામાં અસાધારણ વધારો કરવા માટે રોબિન શર્માની મદદ લીધેલી છે.

વિશ્વમાં હાલ મુખ્ય વક્તાઓ તરીકે જે લોકોની ખૂબ માંગ છે તેમાં તેમનો સમાવેશ થાય છે. તમારી આગામી કૉન્ફરન્સમાં તેમને નિમંત્રણ આપવા તેઓ ઉપલબ્ધ હશે કે નહીં તેની તપાસ કરવા robinsharma.com/speaking વેબસાઇટની મુલાકાત લો.

લેખકનાં નંબર ૧ બેસ્ટસેલર પુસ્તકો જેવા કે, ધ મૉન્ક હુ સોલ્ડ હીઝ ફેરારી, ધ ગ્રેટનેસ ગાઇડ તથા ધ લીડર હુ હેડ નો ટાઇટલ – ની ૯૨ કરતાં વધુ ભાષામાં લાખો નકલો વેચાઈ છે, જેને કારણે તેમની ગણના વર્તમાન સમયમાં સૌથી વધુ વંચાતા હયાત લેખકોમાં થાય છે.

Table of Contents